॥ श्री त्रिभु[illegible] वजयांछ[illegible]

(पूर्व भाग)

ग्रन्थांक १६.

॥ ॐ ॥

॥ श्रीत्रिभुवनविजयी खड्ग ॥

(पूर्वधारारूप पूर्वार्ध.)

रचनार

परमात्मा श्रीमन्नृसिंहाचार्यजी.

સ્રગ્ધરા વૃત્ત.

આ સંસારાબ્ધિમધ્યે, અગણિત ભયથી, મુક્ત જેણે થવું છે,
પંચક્લેશપ્રદાતા, અજિત ષડરિના, ત્રાસથી છૂટવું છે;
દુઃખોના રાશિ ટાળી, નિરતિશય સુખે, સર્વદા રાજવું છે,
તેવા સંસ્કારી વીરે, **ત્રિભુવનવિજયી** ખડ્ગ આ ધારવું છે.

प्रसिद्ध करनार

वीरक्षेत्रादि विविधस्थलनिवासी

श्रेयःसाधकअधिकारिवर्ग.

अमदावाद

युनियन प्रिंटिंग प्रेस कंपनी लिमिटेडमां
मुद्रांकित कर्यो.

संवत् १९५२.   नृ० ४३   इ०स० १८९६.

मूल्य रु. १-८-०

॥ ॐश्री ॥

॥ अथ प्रसिद्धिकर्तृकृतमङ्गलम् ॥

पुरंदरादिभिः सेव्यं सत्संसेव्यगुणाकरम् ।
समस्तानन्दकन्दं श्रीनृसिंहं समुपास्महे ॥१॥
भगवन्! भववाराशिं दुस्तरं निस्तितीर्षताम् ।
भवच्चरणनौकैव साधनं नेतरत्क्षितौ ॥२॥
स [illegible]रूपोऽपि नोरूपोऽपि निराश्रयः ।
धत्से लीलातनूः काले स्वजनोद्धृतिकाम्यया ॥३॥
लोके त्वं त्वयि लोका इति वेदगिरस्ततो भवान् हि वयम् ।
अयमेव नो विभेदस्त्वं सर्वज्ञो वयं प्रकृत्याऽज्ञाः ॥४॥
संसारवार्धौ बहवोऽत्र जन्तवो भवंति नश्यंति च बुद्बुदा इव ।
स एव रत्नं स्पृहणीयजन्मवान् योऽनारतं त्वत्पदपद्मरागवान् ॥५॥
नो माता न पिता न चापि सुहृदो नो बंधुवर्गो जनं
काले यत्र दयानिधेऽतिविषमे त्रातुं क्षमाः स्युः प्रभो! ।
तस्मिन्नेव भवान् भवार्त्तिशमनः काले स्वकीयाञ्जनां-
स्त्वद्भक्तिप्रवणान् नृसिंह! सहसा संतारयत्यार्तितः ॥६॥
नेत्रे त्वामवलोकतां श्रुतियुगेनाकर्ण्यतां ते कथा
वाणी त्वद्गुणगानकर्मणि सदा संयुज्यतां नः प्रभो! ।
त्वत्पादांबुजचिंतनं प्रकुरुतां चेतोऽस्मदीयं सदा
किं ब्रूमोऽधिकमस्तु सर्वकरणव्यापार एव त्वयि ॥७॥
कायः क्लेशकरः स्वबंधुनिचयो बंधप्रदा वागुरा
नेत्राद्यक्षगणो विमार्गगतिदो विक्षेपवन्मानसम् ।
तेषामत्र भवे भवेन्नरहरे! ये त्वां न भक्त्याश्रिता-
स्त्वद्दासास्तु समग्रवस्तुषु सदा पश्यन्ति सौख्यं परम् ॥८॥

અર્થઃ—ઇંદ્રાદિ દેવોએ સેવવાયોગ્ય, સત્પુરુષોએ સેવવા

લાયક એવા, ગુણોના આશ્રય તથા સર્વ આનંદના મૂલ એવા **શ્રી નૃસિંહભગવાન્**ને અમે ઉપાસીએ છીએ. (૧)

હે **ભગવન્** ! આ દુસ્તર સંસારરૂપ સમુદ્રને તરવા ઇચ્છતા જીવોને આપના ચરણરૂપી નૌકા જ આ ભૂમિઉપર સાધનરૂપ છે, અન્ય સાધન નથી. (૨)

આપ સચ્ચિદાનન્દરૂપ છો, રૂપરહિત તથા અન્યના આશ્રયરહિત છો, તથાપિ સ્વજનના ઉદ્ધારની ઇચ્છાથી લીલાવિગ્રહોને યોગ્ય સમયે ધારણ કરો છો (૩)

લોકમાં તમે છો, અને લોકો તમારામાં છે, એવી વેદવાણી છે માટે આપ તે જ અમે છીએ; પરંતુ આપમાં તથા અમારામાં માત્ર ભેદ આટલો જ છે તે એ કે, આપ સર્વજ્ઞ છો અને અમે સ્વભાવથી જ અજ્ઞ છીએ. (૪)

આ સંસારસમુદ્રમાં પરપોટાની પેઠે અનેક જીવો જન્મે છે અને મરે છે, પરંતુ જે નિરંતર આપના ચરણમાં પ્રીતિવાળો છે તે પુરુષ જ રત્નરૂપ છે, તથા ચહાવાયોગ્ય જન્મવાળો છે. (૫)

હે **નૃસિંહ** ! જે અતિવિષમ સમયે, અર્થાત્ મરણસમયે માતાપિતા, મિત્ર તથા કુટુંબિવર્ગ જીવની રક્ષા કરવાને સમર્થ નથી તે સમયે સંસારદુ:ખને હરનાર આપ આપની ભક્તિમાં તત્પર જીવોને સત્વર દુ:ખથી તારી લો છો. (૬)

અમારાં નેત્ર આપનાં દર્શન કરો, અમારા કર્ણ આપની કથાનું શ્રવણ કરો, અમારી વાણી આપના ગુણગાનરૂપ કર્મમાં સદા જોડાઓ, અમારૂં ચિત્ત આપનાં ચરણકમલનું ચિંતન કરો. હે પ્રભો ! અધિક શું કહીએ ? અમારાં સર્વ કરણોનો વ્યાપાર જ આપને વિષે હોજો. (૭)

હે વિભો નૃસિંહભગવન્ ! જે પુરુષોએ ભક્તિવડે આપનો આશ્રય કર્યો નથી તેઓને આ સંસારમાં શરીર ક્લેશકારક ભાસે છે, પોતાનાં કુટુંબિઓ બંધન આપનારી રજ્જુસરખાં ભાસે છે, નેત્રઆદિ ઇંદ્રિયગણ આડે માર્ગે દોરનાર ભાસે છે, અને મન વિક્ષેપવાળું ભાસે છે. અને જેઓ આપના દાસ છે તેઓ તો સર્વ પદાર્થમાં પરમ સુખને અનુભવે છે. (૮)

श्रेयःसाधकअधिकारिवर्ग.

॥ प्रसिद्धिकर्तृकृत सूचना ॥

સત્શાસ્ત્રસ્વરૂપ આ **શ્રીત્રિભુવનવિજયીખડ્ગ**નામક પુણ્ય સદ્‌ગ્રંથનો પ્રાદુર્ભાવ, એ શ્રેયઃસાધકોપ્રતિ તથા અન્ય સત્સંસ્કારી સત્પ્રજાપ્રતિ **શ્રીઇષ્ટ**ના મહાનુગ્રહને સૂચવે છેઃ અન્યથા પાપસંસ્કારપ્રધાન જીવોનો જેમાં વિશેષે કરીને સદ્‌ભાવ હોય છે એવા આ કલિના સમયમાં આવા હિતતમ ગ્રંથનો આવિર્ભાવ સંભવે જ શી રીતે?

શ્રીપંચવરદવૃત્તાન્ત, **શ્રીસન્મિત્રનું મિત્રપ્રતિ પત્ર**, આદિ શ્રેયસ્કર સદ્‌ગ્રંથોની પેઠે આ પુણ્યતમ સદ્‌ગ્રંથનાં પણ **શ્રીમહાકાલ**માં અવકાશાનુસાર થોડાં થોડાં પૃષ્ઠો આપવામાં આવતાં હતાં; અને તેથી કરીને પૂર્વોક્ત ગ્રંથોની પૃથક્ પુસ્તકરૂપે પ્રસિદ્ધિ કરવામાં જે હેતુઓ પૂર્વે દર્શાવાયા છે તે જ હેતુઓ આ સદ્‌ગ્રંથની પૃથક્ પુસ્તકરૂપે પ્રસિદ્ધિમાં પણ હોવાથી તેમની પુનરુક્તિ અત્ર અનાવશ્યક ગણી છે.

વ્યવહાર અને પરમાર્થમાં સર્વ પ્રકારની ઉન્નતિનો હેતુ મતિની વિશુદ્ધિ એ જ છે, એ અબાધિત સિદ્ધાન્તનો સ્વીકાર કરતાં, મતિની શુદ્ધિ સધાવનાર ગ્રંથો જ સત્શાસ્ત્રરૂપ હોવાથી સર્વોત્તમ ગ્રંથો છે, એ સહજ સિદ્ધ થાય છે; અને એ પ્રકારે **શ્રીત્રિભુવનવિજયીખડ્ગ** મતિના વિકારમાત્રનું નિર્મૂલન કરવાની અસંખ્ય સદ્યુક્તિઓથી તથા મતિને પ્રબુદ્ધ કરનારી અસંખ્ય સદ્વિચારની અને સદ્‌બોધની શ્રેણીઓથી આદ્યંત પરિપૂર્ણ હોવાથી, પ્રાચીન, અર્વાચીન તથા ભવિષ્યત્ સર્વ પ્રથમ પંક્તિના ગ્રંથોમાં પ્રધાન પદે સ્થિત છે.

એમ છતાં જેમ આ સમગ્ર આશ્ચર્યકારક દૃશ્ય પ્રપંચ દૃષ્ટિસંમુખ વિદ્યમાન છતાં અસંસ્કૃત મતિવાળાને તથા યોગ્ય વિવેકવિચારને ન પ્રાપ્ત થયેલાને અખિલ જગત્‌ના અધિપતિ **શ્રીપરમેશ્વર**ના મહિમાનું ભાન થતું નથી તેમ આ **શ્રીત્રિભુવનવિજયીખડ્ગ**નાં અત્યંત આશ્ચર્યકારક સુબોધપૂર્ણ આખ્યાનો દૃષ્ટિસંમુખ થવા છતાં પણ **શ્રીત્રિભુવનવિજયીખડ્ગ**ના અનંત અપાર મહિમાનું ભાન અસંસ્કૃત મતિવાળા તથા અયોગ્ય દૃષ્ટિવાળા તમસાવિષ્ટ મનુષ્યોને ન થાય તો તેમાં આશ્ચર્ય પામવાસરખું કશું જ નથી.

સત્શાસ્ત્રરૂપ આ ગ્રંથમાં વર્ણવેલા ખડ્ગને ધારણ કરનાર પુરુષ જેમ ઊર્ધ્વ, અધઃ અને મધ્યસ્થિત લોકોનો લીલામાત્રથી વિજય કરવા સમર્થ હોય છે તેમ આ **શ્રીત્રિભુવનવિજયીખડ્ગ**માં પ્રતિપા-

હિત સદ્બોધરૂપ દૈવી ખડ્ગને હૃદયમાં ધારણ કરનાર પુરુષ ત્રિભુવનનો વિજય કરવા સમર્થ થાય છે.

જેમ "ત્રિભુવનવિજયીખડ્ગ" નામક દિવ્ય શસ્ત્રને ધારણ કરનાર પુરુષની દૃષ્ટિમર્યાદામાં રહેલા શૂર પુરુષો પણ હતવીર્ય થઈ તે ખડ્ગધારી પુરુષને શરણ થાયછે તેમ આ **શ્રીત્રિભુવનવિજયી-ખડ્ગ**રૂપ સત્શાસ્ત્રના શ્રેયસ્કર સિદ્ધાન્તોને અંતરમાં ધારણ કરનાર પુરુષની દૃષ્ટિમર્યાદામાં પ્રાપ્ત થયેલા કામક્રોધમોહાદિ દુર્જય યોદ્ધાઓ પણ હતવીર્ય થઇ અધીન થાયછે.

ઉક્ત ખડ્ગધારી પુરુષને જેમ ઇન્દ્રાદિ દેવો પણ અભ્યુત્થાનથી સંમાન આપી પોતાના અર્ધ આસને બેસાડે છે તેમ આ **શ્રીત્રિભુવનવિજયીખડ્ગ**ધારી પુરુષને પણ **શ્રીબ્રહ્મા**દિ ઇશકોટિ તથા ઇન્દ્રાદિ દેવકોટિ પોતાના આત્મારૂપ ગણી અભેદભાવે યજે છે.

જેમ આ દૈવી ખડ્ગને ધારણ કરનાર પુરુષ ઐહિકામુષ્મિક સર્વે પ્રકારના અભ્યુદયને પ્રાપ્ત રહેછે તેમ આ **શ્રીત્રિભુવનવિજયી ખડ્ગ**ને પણ હૃદયમાં ધારણ કરનાર પુરુષ દૃષ્ટ અદૃષ્ટ સર્વ પ્રકારના અભ્યુદયને પ્રાપ્ત રહે છે.

જેમ **શ્રીમ**હેશ્વરના પ્રસાદરૂપ દૈવી ખડ્ગને ધારણ કરનાર સિદ્ધપદાધિકારી પુરુષ આકાશગમન કરવા સમર્થ થાય છે, લોકલોકાંતરમાં તથા ત્રિલોકીનાં સર્વ દુર્ગમ સ્થાનોમાં પ્રવેશવાને શક્તિમાન્ થાય છે, જરા અવસ્થા તથા વ્યાધિથી મુક્ત રહે છે, વિલક્ષણ તેજબલ અને આનંદને અનુભવે છે અને ભયમાત્રથી મૂકાય છે તેમ **શ્રીમ**-હેશ્વરસ્વરૂપ **શ્રીસદ્ગુરુ**પરમાત્મા **શ્રીમન્નૃસિંહાચાર્યજી**ના પ્રસાદરૂપ, આ દૈવીસંપત્તિ અર્પનાર **શ્રીત્રિભુવનવિજયી ખડ્ગ**ને હૃદયમાં ધારણ કરનાર દ્રષ્ટાપદાધિકારી પુરુષવર અણિમાદિ સિદ્ધિઓની પ્રાપ્તિદ્વારા ત્રિલોકીમાં વિચરવા સમર્થ થાય છે, અજરામરત્વને પ્રાપ્ત રહેછે, વિલક્ષણ તેજબલથી યુક્ત પોતાને અનુભવેછે અને ક્લેશમાત્રના ઉચ્છેદપૂર્વક સમગ્ર ભયથી મુક્ત થઈ નિરતિશય અખંડાનંદાનુભવ કરે છે.

ત્રિગુણરૂપ અથવા અવિદ્યા વા વાસના, કામ અને કર્મરૂપ ત્રિભુવનના જયદ્વારા માયાસત્તારૂપ સમુદ્રનું અતિક્રમણ કરાવનાર હોવાથી સેતુરૂપ આ સદ્ગ્રંથ વિશેષતઃ સ્વધર્મના તથા વ્યવહારપરમાર્થના સ્વરૂપને સ્પષ્ટ કરી સમજાવે છે, જ્ઞાતવ્ય વસ્તુનું તથા પ્રાપ્તવ્ય અને પરમપ્રાપ્તવ્યનું તથા કર્તવ્યનું યોગ્ય પ્રકારે ભાન કરાવે છે, દૃઢનિશ્ચયપૂર્વક ધર્મરૂપ પ્રવૃત્તિમાં જોડે છે, તથા અધર્મરૂપ દુષ્ટ પ્રવૃત્તિ છોડવે

છે. સૂક્ષ્મમાં કહીએ તો સર્વ પ્રકારે હિતકર હોવાથી આ ગ્રંથ સર્વ સુજ્ઞ મનુષ્યોએ અભ્યાસ કરવાયોગ્ય છે.

ઘણા મનુષ્યો ક્લેશથી, અજ્ઞાનથી કે મંદમતિ ત્યાગના વેશવાળા અવિવેકીઓના સંસર્ગથી આ સંસારી સ્થિતિના ત્યાગને સેવવા ઇચ્છે છે. અને તે અઘટિત કૃત્ય કરીને મિથ્યા ત્યાગના વેશ ધરીને અને ગૃહીત્યાગી ઉભયની યોગ્ય સ્થિતિથી ભ્રષ્ટ થઇને પોતે દુઃખ ભોગવે છે અને પોતાના સંબંધીઓને તેમ જ અન્ય સજ્જનોને અનાચારથી દુઃખ આપે છે. તેવા અજ્ઞાન મનુષ્યોને પણ અભ્યાસથી આ ગ્રંથ યોગ્ય શિક્ષણ આપેછે. અવશ્ય ત્યાગના વેશની કલ્યાણમાં અપેક્ષા છે એમ નથી, તથા અધિકારવિના ત્યાગ અનર્થ આપે છે તેમ જ અનધિકારીએ વ્યવહાર ત્યજવો યોગ્ય નથી, હિતની ઇચ્છાવાળાએ આગ્રહથી શુદ્ધ વ્યવહારસિદ્ધિઅર્થે નિર્દોષ પ્રવૃત્તિ કરવી અને તેની યોગ્ય પ્રકારે સિદ્ધિ અનુભવ્યાપછી અવશ્ય ભાસે તો અધિકાર પ્રાપ્ત થયે એકાંતદેશ સેવવો ઇત્યાદિ જાણવાયોગ્ય સર્વ હિતકર વાર્તાને હસ્તામલકવત્ સ્પષ્ટ પ્રત્યક્ષ કરનાર આ ગ્રંથ છે તેથી સર્વ પ્રકારથી કલ્યાણની ઇચ્છાવાળાએ અવશ્ય સેવવાયોગ્ય છે.

શ્રેયઃસાધકો તથા અન્ય સદ્વિવેકી સુપ્રજા આ સર્વાભીષ્ટપ્રદ સદ્ગ્રંથના સુખસાધક સિદ્ધાન્તોને હૃદયમાં ધારણ કરી અભ્યુદયના પરાવધિને પ્રાપ્ત થઈ રહો, એ આ હૃદયમાં પ્રકટતી શુભેચ્છાને શ્રી ઈશ યોગ્યકાલે પૂર્ણ કરો.

કરુણાના મહોદધિ, **મહેશ્વર શ્રીસદ્ગુરુ પરમાત્મા શ્રીમન્નૃસિંહાચાર્યજી** આ સદ્ગ્રંથની '**ઉત્તર ધારા**' પ્રસિદ્ધિમાં મૂકવારૂપ સુયોગ અમને સત્વર અર્પવા કૃપા કરો એ જ અંતમાં તે ઇષ્ટશ્રીપ્રતિ અભ્યર્થના છે.

વીરક્ષેત્ર (વડોદરા)
સંવત્ ૧૯૫૨ શ્રાવણ
કૃષ્ણપક્ષ ૧૧ ગુરુવાસર.

श्रेयःसाधकअधिकारिवर्ग.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠાંક.	પંક્તિ.	અશુદ્ધિ.	શુદ્ધિ.
૨	૮	પ્રામણે	પ્રમાણે
૩	૩૦	નિાવઘ્ન	નિર્વિઘ્ન
૭	૧૭	મારો	મારા
૧૦	૩૪	રાખે	રાખો
૧૯	૨૦	વિસજન	વિસર્જન
૫૦	૧૦	હોવ થી	હોવાથી
૬૦	૨૨	અંતમાં	અંતર્માં
૬૧	૩૦	વણુ	વર્ણુ
૮૦	૩૨	મરતક	મસ્તક
૮૭	૧૩	તે બંને વખતે રાત્રિનો જ સમય હતો.	તે બંને વખતે તેનું રૂપ લક્ષમાં રાખવાયોગ્ય મારો સમય ન હતો. કારણુ કે એકવાર તો રાત્ર જ હતી, અને બીજીવાર દિવસ હતો. તથાપિ તે સમયે તેની વાર્તા સાંભળવા છતાં પણ મારૂં લક્ષ પ્રધાનપણે શ્રીગુરુના આગમનપ્રતિ રહેતું હતું.
૯૦	૯	રહેલાની	રહેવાની
૧૦૫	૩૪	વર્તવવાં	વર્તાવવાં
૧૧૬	૨૮	થવ ન	થવાના
૧૨૨	૧	વ્યતી	વ્યતીત
૧૩૦	૧૫	મડાંયું	માંડયું
૧૩૨	૩૪	યવધિ	વ્યાધિ
૧૪૬	૨૩	દ્વતની	દ્વૈતની
૧૫૬	૧૮	આધિકતા	અધિકતા
૧૬૨	૨૦	શોરઠા	સોરઠા
૧૭૦	૧૬	ભેગ	ભોગ
૧૮૧	૧૦	સંભળ્યો	સાંભળ્યો
૧૮૧	૧૫	હદયમાં	હૃદયમાં
૧૮૫	૩૩	શત્રપ્રતિ	શત્રુપ્રતિ
૨૩૧	૨૦	તપાપિ	તથાપિ
૨૩૧	૨૪	કરવે	કરવો
૨૩૪	૨૭	ગણીઅ	ગણીએ
૨૩૬	૩૦	રાજા ।	રાજાના
૨૪૫	૧૭	સમશ્રષ્ઠ	સમશ્રેષ્ઠ
૨૮૪	૨૬	વિષયે ના	વિષયોના
૨૮૬	૧	મનય છે	મનાય છે
૨૯૫	૧૭	દીઘ	દીર્ઘ

॥ ॐ ॥

॥ तत् सत् ।

॥ श्रीसद्गुरवे परमात्मने नमः ॥

॥ श्रीत्रिभुवनविजयी खड्ग ॥

॥ पूर्वार्ध ॥

॥ मङ्गलम् ॥

સૃષ્ટિ, સ્થિતિ, તથા પ્રલયના હેતુરૂપ **શ્રીસર્વેશ્વરને** તથા આ વિશ્વવ્યવહારનિર્વાહક તેમની સમગ્ર વિભૂતિને ગ્રંથારંભે પ્રેમપૂર્વક નમસ્કાર કરીએ છીએ. સર્વ પુરુષાર્થની સિદ્ધિઅર્થે સ્થપાતા આ સ્વરૂપથી અદ્વિતીય એવા **ત્રિભુવનવિજયી ખડ્ગ** નામક ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ થવાઅર્થે, સર્વ ગ્રંથારંભકાલે જેમના અનુગ્રહની અપેક્ષા હોય છે એવા વિઘ્નમાત્રના ઈશ્વરરૂપ **શ્રીવિઘ્નરાજનું** તથા **શ્રીવાગીશ્વરીનું** સવિનય પુનઃ પુનઃ સ્મરણ કરીએ છીએ.

શ્રીવીરવિજયચંદ્ર માર્ગમાં ચાલતાં આજુબાજુ જંગલમાં કોઇ પણ મનુષ્ય નથી એવું જોઇને, એક ગંભીર છાયાવાળા મોટા વટવૃક્ષતળે વિશ્રાંતિ લેવા બેશીને આ પ્રકારે ઊંચા શબ્દથી બોલવા લાગ્યો.

સોરઠા.

ધિક્ ધિક્ ધિક્ તે રાજ્ય, (જ્યાં) રાંકસમું વસવું પડે,
ધાર્યું થાય ન કાજ, પ્રતિબંધો જ્યાં ત્યાં નડે.
વીર પુરુષ તો તેહ, જે આવ્યું ઊર તે કરે,
આદિ સમર્પે દેહ, પછી કાલથી પણ નવ ડરે.
જો જૂઠો સંસાર,–જાણ્યો, તો ત્યજવો ભલો,
ન તો, ન પામી હાર, ગણિ સાચો વ્યવહાર લો.
શું ભોગવવા ભોગ, રોગશત્રુભય આપતા,
માટે સજવો યોગ, જે અરિઆમય કાપતા.

કાં તો કરી કો યત્ન, ત્રિભુવન વશ વર્તાવવું,
ના તો આ તનુરત્ન, કરી તપ ઉગ્ર, પતાવવું.
ન મળે ઇચ્છ્યો અર્થ, તો શું પુરુષપણું રહ્યું,
જગમાં તપિ તપિ વ્યર્થ, દુઃખદ શકટ સ્કંધે વહ્યું.
થાવું ન ઘટે નિરાશ, ઘટમાં પ્રાણ રહ્યા લગી,
કાં તો ત્યજવી આશ, કાં મેળવવું નવ ડગી.

આપ્રામણે બોલતાં વળી અટકીને નિઃશ્વાસ નાંખે છે, અને ફરી બોલે છે.

દોહરો.

રે મન! આ સંસારમાં, દુઃખથી તું ન ડરીશ,
છે આશા ત્રિભુવન ફરી, ધાર્યું તે જ કરીશ.

આ વચનો બોલી રહે છે એટલામાં તે વૃક્ષના પાછળથી કોઈ વૃદ્ધ તપસ્વી પુરુષ નિકળીને તેના સંમુખ આવી જુએ છે. તેને જોઇને આશ્ચર્ય પામતો આ **વીરવિજયચંદ્ર** તે પુરુષને ઉભો થઈ નમસ્કાર કરે છે, તથા પોતાના મસ્તકનું વસ્ત્ર પાથરી તેમને બેસવા પ્રાર્થના કરે છે. તે પુરુષ નીચે જ બેશીને વસ્ત્ર પાછું આપી આ પ્રમાણે બોલે છેઃ—

હે પ્રવાસિન્! તમે કોણ છો? શા દુઃખમાં છો? અને ક્યાં જાઓ છો? આ મન કે જે આ સંસારમાં જીવમાત્રને ચકે ચઢાવનાર તથા નીચે પાડી દુઃખ આપનાર ધૂર્ત છે તેને તમે વશ વર્તો છો કે એ તમારે વશ વર્તે છે? તમારા શબ્દો જે મેં શ્રવણ કર્યા છે તે પ્રતિ લક્ષ કરતાં કંઇક સંદેહ રહે છે, માટે તમે તમારા વૃત્તાંતને પોતાને મુખે સંક્ષેપમાં કહો.

વીરવિજયચંદ્ર લગાર હસીને કહે છે, આ પ્રશ્નોનાં ઉત્તર આપવાથી જો કાંઈ ફલ ન થાય એમ હોય તો તો મૌન જ ભલું છે. કારણ કે દુઃખના ટાળનારઆગળ જ દુઃખ કહેવું સાર્થક ગણાય છે.

તપસ્વી કહે છે, આ લોકમાં દુઃખનો ટાળનાર કોણ છે તેને આપણે જ્યાં લગી ન જાણીએ ત્યાં લગી કોઈ પણ યોગ્યતાવાળા પુરુષને આપણું દુઃખ કહેવામાં ચિંતા નથી, પણ લાભ છે. આપણું દુઃખ ટાળી ન શકે તો તે દુઃખ ટળવાના ઉપાયને જણાવે, અથવા તો દુઃખના સમયમાં સદ્બોધ કે સદ્વાર્તાદ્વારા ધૈર્યને આપે. માટે યોગ્ય પુરુષ જાણીને દુઃખવાર્તા કરવામાં સંકોચને પામવું ઘટિત નથી.

વીરવિજયચંદ્ર કહે છે, આપસરખા એકાંતસેવન કરનાર મહા-

ત્માને પારકું દુઃખ શ્રવણ કરવાની ભાગ્યે જ ઇચ્છા થાય છે. એમ છતાં આપને થઈ છે તો હું સૂક્ષ્મમાં કહું છું.

હું વીરવિજયચંદ્ર રાજાનો પુત્ર વીરવિજયચંદ્ર છું. જ્યાં ત્યાં મારૂં ધાર્યું ન થવાથી હું દુઃખી છું. આ શરીરને તથા અંતઃકરણને અથવા એ બેમાંથી એકને પણ વિકારી કરનાર રોગ તથા શત્રુના સદા અભાવને હું ઇચ્છું છું. આ સંસારના સમગ્ર ભોગો દુઃખ આપનાર છે, એવું સર્વત્ર શ્રવણ કરૂં છું, તથાપિ વિવિધ વિષયભોગની તૃષ્ણાવાળો છું. ઈપ્સિત ભોગો ઇચ્છાનુસાર મળે, તથા તે ભોગોને નિર્વિઘ્ન ભોગવી શકું એવું સામર્થ્ય મેળવવા ઇચ્છુ છું, એમ છતાં તે મળવા અસંભવ નિશ્ચય થશે તો તે તે ભોગવાસનાના ત્યાગની ઇચ્છાને પણ અંતર્માં રાખુંછું. આ સઘળું છતાં હું હજી કુંવારો છું. લગ્નની માગણી છતાં વરવા ઇચ્છા થતી નથી, તોપણ સ્ત્રીરહિત રહેવાથી પીડિત છું. એક કન્યાનું મુખ જે સ્વપ્નાવસ્થામાં મેં જોયું છે, તે આકૃતિની શોધમાં પણ રહુ છું. તે આકૃતિ ન જ મળે તો સંસારદશાની આશા છોડવાના નિશ્ચયવાળો છું. રાજ્યનો અધિકારી હું જ છું, એટલે ધનાદિ પદાર્થની ઇચ્છાવાળો નથી, તોપણ આ લોકના સંપૂર્ણ રાજ્યની તથા ત્રિભુવનના રાજ્યની તૃષ્ણાવાળો છું. એમ છતાં તે ન જ મળી શકે એમ હશે તો તૃષ્ણાના ક્ષયની પણ ઇચ્છા ધારૂં છું.

ઉત્તમોત્તમ વસ્ત્રાલંકાર, વાહન, તથા સેવકોને સમીપ રાખવા શક્તિવાળો છું, તથાપિ તે અંતર્બહિર્ આવી પ્રાપ્ત થતા સંતાપને હરનાર ન હોવાથી તેમના વિના જ નિકળ્યો છું. બીજાનો સંગ લગાર સુખ આપનાર હોય છે, તોપણ પ્રમાણ કાઢતાં દુઃખ વધારે આપનાર થાય છે, અને દુઃખ આપવા છતાં આપણું ધારેલું ઇષ્ટ કરી આપવા અસમર્થ હોય છે, તેથી બીજા પ્રિયના સંગની ઇચ્છાવાળો છતાં અન્ય અપ્રિયનો અથવા સામાન્યનો સંગ રાખતો નથી.

પિતાની અત્યંત પ્રીતિનો પાત્ર પાટવી પુત્ર છું, અને તેમની ઇચ્છાઉપરાંત તથાપિ આજ્ઞા માગીને નિકળ્યો છું. ક્યારે પાછા ફરવું તેનો સમયબાંધ્યો નથી, પણ ધારણા પાર પડવે પાછા વળવા નિશ્ચય છે.

આપ્રમાણે સર્વ પ્રકટતી ઇચ્છાને નિવઘ્ન પૂર્ણ કરવાની શક્તિને તથા સ્વપ્નમાં પ્રિયરૂપે પ્રતીત થયેલી આકૃતિવાળી કન્યાને શોધી પ્રાપ્ત કરવા પ્રયાસ કરૂંછું. એ મારો વૃત્તાંત છે. હવે આપને જે યોગ્ય જણાય તે મને આપો અથવા કહો.

તપસ્વી કહે છે, હે ભાઇ! તમારી કામના મોટી છે. આ જગ-

તમાં કોઈ પણ શક્તિ કે પદાર્થ ન મળે એમ તો 'નથી જ. પણ ઘણે કષ્ટે તથા કાલે સાધ્ય થાય એવી તમારી ઇચ્છા છે.

સર્વ શક્તિ પ્રાપ્ત કરી આપવા તો **પરમેશ્વરની** ઉપાસના જ સમર્થ હોવાથી તે કરવી ઘટે છે. પણ તે ઉપાસના સ્ત્રીમાં આસક્ત ચિત્તવાળા તમે કેમ કરી શકશો ? કારણ કે ઈશ્વરોપાસના દૃઢ કરવામાં તથા **પરમેશ્વરને** જ પ્રિયરૂપે સાધવામાં અન્ય વિષયપ્રતિની આસક્તિ ચિત્તને વ્યગ્ર કરે છે, જેથી **પરમેશ્વરને** પ્રસન્ન કરવાની ઇચ્છાવાળાએ પ્રથમ તો વિષયકામનાથી વિરક્ત થવું ઘટે છે. આમ છે માટે કાં તો પ્રથમ **પરમેશ્વરને** પ્રાપ્ત કરવાનો જ કેવલ યત્ન કરો, અથવા તો પ્રથમ કેવલ સ્ત્રીની જ પ્રાપ્તિમાટે ઉદ્યોગ કરો. વિષય તથા **પરમેશ્વર** એ બેની સરખી પ્રીતિ તમને બંનેથી ભ્રષ્ટ રાખશે.

આ મારાં વચનથી કદાચિત્ તમને એવી શંકા થશે કે સ્ત્રીપુત્રાદિમાં આસક્ત ગૃહસ્થપુરુષમાત્ર, શું **પરમેશ્વરને** પામવા યોગ્ય નથી ? તો આ મારા કહેવાનું છેક એવું તાત્પર્ય નથી કે કોઈ પણ વ્યવહારસેવન કરનાર પુરુષ **પરમેશ્વરને** પામવાયોગ્ય નથી. પણ મારા બોલવાનું તાત્પર્ય તમે એટલું જ જાણજો કે પ્રધાન પ્રીતિનો વિષય **પરમેશ્વરને** માનનાર જ ઉપાસક થઈ શકે છે, અને તે વ્યવહારને ગૌણપણે સિદ્ધ કરે છે. એમ છતાં પણ તે ગૌણ વિષયાસક્તિવાળા પુરુષો પણ ઘણે કાલે ઉપાસ્યની સિદ્ધિને પામે છે, અને કેવલ ઈશ્વરમાં આસક્ત પુરુષો ઉપાસ્યની સિદ્ધિને વેળાસર પ્રાપ્ત કરે છે. તેમાં તમે તો ઉપાસ્યની સિદ્ધિને સત્વર પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા છો, ને વળી દ્વિધા ચિત્તવાળા છો, એટલે એ કાર્ય સત્વર કેમ સધાશે ?

તમે કામનાના બલને હજી જોયું કે અનુભવ્યું નથી. તમે તો હજી કામનાના દાસત્વને સ્વીકારી ફરો છો, તેથી એ કામના તમને પોતાનો ચમત્કાર જેવો છે તેવો દેખાડતી નથી. જો આ એમાંથી સ્ત્રીવિષયક કામનો ત્યાગ કરવાનો આદર કરી **પરમેશ્વરપ્રાપ્તિમાં** પ્રયત્ન આરંભો તો પછી તમને એ કામનાના છન્નબલનો અનુભવ થશે. હે **રાજપુત્ર**! આ જગત્માં વિષયકામના પ્રાણિઓને મહા સંતાપ આપનાર પિશાચીતુલ્ય છે. તેમાં પણ સ્ત્રીધનાદિની કામના તો અસંખ્ય કષ્ટને આપનાર છતાં પણ પ્રસંગે કેવલ અનિષ્ટ કરનાર થાય છે. તે સર્વ વિષયકામનાકરતાં ઐશ્વર્યની કામના ઓછી દુ:ખદ છે. ઐશ્વર્યની કામના પણ ઇષ્ટોપાસનામાં તો વિઘ્ન આણનાર જ છે, તથાપિ કામવાસનાની પ્રબલ સત્તાવાળા પુરુષો કેવલ નિષ્કામ અર્થાત્ સમગ્ર ઐહિકપારલૌકિકવિષયસુખની અસ્પૃહાવાળા થઈ ઇષ્ટોપાસનામાં પ્રવૃત્ત

થતા નથી, તેથી તેમને તે કામનાસહ ઉપાસના કરવી અનુચિત નથી. આમ છે માટે હવે જેમ યોગ્ય જણાય તેમ વિચારી સ્ત્રીકામનાના ત્યાગપૂર્વક ઇષ્ટોપાસના કરવા, અથવા સ્ત્રીની શોધમાં, યત્ન કરો. કેવલ મારી ઇચ્છા પૂછતા હો તો, દુઃખ આપનાર કામનાને જ કેવલ વશ રહેશો નહિ. પૂર્વે તમારા સરખાં વયસમૃદ્ધિવાળો **ભદ્ર**સેન નામનો રાજકુમાર વિષયકામનાના વશવર્તીપણાથી ઘણા ક્લેશને પામ્યો છે, તેનું સ્વલ્પમાં દૃષ્ટાંત કહું છું તે લક્ષમાં રાખી યથ.રુચિ વિચરજો.

વીરવિજયચંદ્ર કહે છે, હે મહાપુરુષ ! આપ અરણ્યમાં વાસ પૂરી રહો છો, ને જનમાત્રનો સંગ કરતા હો એમ જણાતું નથી, તેમ છતાં આ રાજપુત્રની વાર્તા ક્યાંથી જાણી ? વળી આપ આ ક્ષણે આ સ્થલે ક્યાંથી આવ્યા ? મારી દૃષ્ટિએ કોઈ પણ મનુષ્ય ન પડ્યું ત્યારે મેં ઉંચા સ્વરથી હૃદય લગાર ખાલી કર્યું; તે મારા શબ્દોને તમે ક્યાંથી સાંભળ્યા ? નિરંતર ક્યાં રહો છો ? શો ઉદ્યોગ રાત્રદિવસ કરો છો ? અને આ સંસારમાં આટલું આયુષ્ ભોગવીને મેળવવાયોગ્ય શી વસ્તુ મેળવી છે ? આ આદિ આપના સંબંધમાં જાણવાયોગ્ય વાર્તાને આપ કૃપા કરી મને કહો. એથી પણ મને ઘણી શાંતિ થવાનો સંભવ ભાસે છે. આપનો વૃત્તાંત કહ્યા પછી સંક્ષેપમાં એ **ભદ્ર**સેન નામના રાજપુત્રનું પણ ચરિત સંભળાવવા કૃપા કરશો.

તપસ્વી કહે છે, હે રાજપુત્ર ! આ પ્રાચીન કાલથી સિદ્ધપુરુષના નિવાસનું સ્થાન છે. આ વટવૃક્ષ પણ ઘણા કાલનું હોય એમ ભાસે છે. આ વટવૃક્ષના **થ**ડપાછળના ભાગમાં ઘણા કાલથી રચાએલી ગુપ્ત ગુહા છે. એ ગુહા કોઈ પણ તપસ્વીવિના જ્યારથી થઈ છે ત્યારથી ખાલી રહી નથી. મારા પૂર્વે એમાં ઘણા પુરુષો થઈ ગયા છે. એ ગુહામાં તમારો શબ્દ આવ્યો ત્યારે મેં ગુહાના મુખઆગળ આવી તમારા શબ્દો સાંભળ્યા. પશ્ચાત્ બહાર નિકળીને, તમે બોલતા બંધ થયા ત્યારે તમારા સમીપ આવ્યો છું.

હું રાત્રદિવસમાં નિયમાનુસાર ઇષ્ટાનુસંધાન કરતો આ ગુહામાં જ રહું છું. મારા **શ્રીસદ્**ગુરુ ઘણા આયુષ્‌ને ભોગવીને સ્વેચ્છાથી સિદ્ધલોકમાં હાલ સ્થિતિ કરી રહ્યા છે. મને આ ગુહામાં રહેતાં સાઠ વર્ષનો શુમાર થયો છે. પ્રથમાવસ્થા એટલે લગભગ પચીશ વર્ષના વયથી મારો અત્ર પ્રવેશ છે. દેહનિર્વાહક ધર્મ જેવા કે મલમૂત્રનો ત્યાગ તથા આહારાદિકનું ગ્રહણ, એ આદિ ખાસ નિમિત્તે હું ઉત્થાનાવસ્થાને

ભોગવું છું. વળી હે રાજપુત્ર ! મારા સમજવાપ્રમાણે હવે મારે નવીન કાંઈ કરવાનું રહ્યું નથી, તેથી 'આ કરવું' અને 'આ ન કરવું' એવો આગ્રહ કોઇ પણ કાર્યપ્રસંગમાં ઉઠતો નથી. કોઈ વેળા સહજ સ્વભાવથી હું ગુહાથી બહાર નિકળું છું, ત્યારે થોડો સમય બહાર પણ બેશી રહું છું. આ વન છતાં પણ કોઈ સુંદર ઉપવનથી પણ અતિ રમણીય છે. નંદનવનથી આ વન સુંદર હશે કે સમાન હશે એવો પ્રસંગે જોનારને સંશય થાય છે. ઘણી વાર ચંદ્રના રમણીય પ્રકાશવાળી રાત્રિમાં દેવદેવાંગનાઓ કે દેવકન્યાઓ તથા ગાંધર્વી કન્યાઓ અને અપ્સરાઓ આદિ વિશ્વને શોભાવનારસરખી સ્ત્રિયો આ વનમાં રમવા ફરવા ઉતરે છે. આ વનની શોભા પ્રવાસી મહાત્માઓ અધિક વર્ણન કરે છે. આ માર્ગ લગાર વિકટ ગણાય છે તેથી સાધારણ લોકોને એકલા જવાઆવવાનો આ માર્ગે ક્વચિત્ જ સંભવ હોય છે. બે ચાર અથવા વધારે મનુષ્યનો સમુદાય આ માર્ગે માત્ર દિવસે જાય આવે છે. મહાત્મા વિરક્ત પુરુષો તથા ઉપાધિરહિત નિર્ભય પુરુષો ઘણા જાઆવ કરે છે. અને આખા માર્ગમાં આ સ્થલ ઘણું શોભિતું હોવાથી ચિત્તને પ્રસન્ન કરનાર છે તેથી, તેમ જ જલાશયની સમીપતાવાળું છે તેથી ઘણાં મનુષ્યો આ છાયામાં વિશ્રાંતિ લે છે. કોઈ કોઈ વેલા ચોર લોકો મૂલ્યવંત પદાર્થો તથા પુષ્કલ ધન ચોરી લાવે છે, અને આ સ્થલે ભાગ વહેંચવા બેસે છે. પશ્ચાત્ આ સિદ્ધ પુરુષના સ્થાનમાહાત્મ્યથી તેમને સહજ વિરોધ થઇ પરસ્પર ભારે ક્લેશ થાય છે; અને તેથી પછી તેમના ચિત્તમાં ભારે ઉદ્વેગ થાય છે, ત્યારે તેઓ તે ધનાદિ પદાર્થો આ સ્થલે જ પડ્યા મૂકી વિકલ કે ઉન્મત્ત થયેલા મનુષ્યની પેઠે અવ્યવસ્થ ચિત્તવાળા થઇને વિવિધ દિશાઓપ્રતિ નાસી જાય છે. એ ધનાદિને પશ્ચાત્ આ ગુહામાં રહેનાર મહાત્મા કોઈ રંક, દરિદ્ર, દુઃખથી પીડાતા પવિત્ર બ્રાહ્મણને આ સ્થલે આવી ચઢેલો જાણી અર્પણ કરી દે છે. એવા ઘણા પ્રસંગ મારે પણ આવ્યા છે. આ પ્રકારનો પરોપકાર પણ ઉપાધિ કરનાર પ્રસંગે થાય છે. જ્યારે તે ધનાદિનો ધણી તે બ્રાહ્મણને પોતાના પદાર્થયુક્ત જુએ, જાણે અને પકડે, ત્યારે પુનઃ તે આ સ્થલે આવી અપરાધથી મુક્ત થાય છે. તથાપિ તે ધન અર્ધો અર્ધ ધણી તથા બ્રાહ્મણને આ સ્થલનિવાસી મહાત્મા અપાવે છે. જેથી મહાત્માના વચનમાં વિશ્વાસવાળા તે ધનવાન્ તથા દરિદ્રી બંને પ્રસન્ન થઈ જાયછે.

હે રાજપુત્ર ! આ પ્રકારે અન્ય પુરુષો પણ આ સ્થલે બેશીને પોતપોતાના દુઃખસુખની વાર્તા કરે છે, અને તે સમયે જો હું દેહ-

નિર્વાહક ધર્મમાં જાગ્રત્ હોઉં તો તેમની વાર્તાને શ્રવણ કરૂં છું. મને અંતર્થી સહજ સ્વભાવે યોગ્ય જણાય તો હું તેમને મળી વાર્તા કરૂં છું, નહિ તો મૌન જ રહું છું. આ પ્રકારે અનેક પ્રસંગોથી અનેક વાર્તા મારા શ્રવણમાં આવે છે, તેમાંથી જે સારરૂપ, બોધક દૃષ્ટાંત હોય છે તેને તો પ્રસંગે અન્યઆગળ કહું છું, અને અન્યનું તો વિસ્મરણ કરૂં છું. આમ છે માટે હે સદ્વિચારવાળા! આ ભદ્રસેનઆદિ અનેક પ્રાણિઓના સંબંધની કથા ક્યાંથી મારા જાણવામાં આવીછે, એવો સંશય આણવાનું પ્રયોજન નથી. એ ભદ્રસેન પણ તમારી પેઠે જ આ સ્થલે આવ્યો હતો. ત્યાર પૂર્વે થયેલો વૃત્તાંત તેણે કહેલો અને પાછો આપ્તકામ થવાની શ્રેણીએ ચઢેલો ત્યારે પણ આવેલો, તેથી તેનું સંપૂર્ણ વ્યવહારચરિત તથા પરમાર્થપ્રતિ પ્રવેશપર્યંતનું સઘળું વર્ણન જાણવામાં આવ્યું હતું, તે હવે સંક્ષેપમાં કહું છું,

બુદ્ધિમંત પુરુષોએ વ્યવહારમાં અનુભવેલા, જાણવાયોગ્ય, પરસ્પરના અથવા અનેક પૂર્વ પુરુષોના વૃત્તાંતને શ્રવણ કરવામાં પણ ઘણો લાભ છે, અને મહાત્મા પુરુષોના સુખદ અનુભવને શ્રવણ કરવો એ તો અનુપમ લાભને આપનાર છે.

એક દિવસ મધ્યરાત્રિના સમયે મારો શ્રીગુરુએ મને આજ્ઞા કરી કે આ ક્ષણે તું જાગ્રત્ બેસજે. હું બહાર ફરીને આવું છું. મને એ વખતે આ ગુહામાં ગુરુસમીપ આવ્યે માત્ર બે જ વર્ષનો શુમાર થયો હતો, તેથી મારાં ધૈર્ય તથા હિંમત કેવલ દૃઢ ન હતાં. આ દિવસપર્યંત કોઇ એક રાત્રિ પણ હું એકલો વનમાં રહ્યો ન હતો. ગુહાથી બહાર પણ હું રાત્રે નિકળ્યો ન હતો. આમ છતાં પણ શ્રીગુરુની આજ્ઞાથી હું તે મધ્યરાત્રિના સમયે સાવધાન થઇને બેશી રહ્યો. શ્રીગુરુને બહાર નિકળ્યે ચાર ઘટિકાનો શુમાર થઇ ગયો ત્યારે હું ગુહાથી બહાર નિકળ્યો. આસપાસ જોતાં શ્રીગુરુ તો દૃષ્ટિએ પડ્યા નહિ, પણ આ પૂર્વના રમણીય મંડપસરખા સ્થાનમાં જાણે દશવિશ ચંદ્રનાં બિંબ હોય એવું જણાવા લાગ્યું. જેવો ગોળ ચંદ્ર શુક્લ વર્ણનો હોય છે, ને વર્ષાઋતુમાં તેને ફરતું જરા ઝાંખા વર્ણનું કુંડાળું હોય છે, તેમ આ શુક્લ વર્ણના આસપાસ ગોળ પ્રભાથી બંધાએલા વર્તુલાકાર પદાર્થને ચંદ્રના સમાન જાણીને ભ્રાંતિમાં પડ્યો. પણ પછી તો આ બિંબને ફરતાં જોયાં ત્યારે તો તેમના નીચે સુંદર શોભતાં વસ્ત્ર પહેરેલાં શરીરો છે એવો મને ભાસ થયો, તેથી આ તે કોઇ દેવ, દાનવ કે ભૂત, પ્રેત, પિશાચ હશે એવી શંકા થઈ. તેથી ધૈર્ય ધરીને ખરો નિશ્ચય કરવાને હું એમના તરફ ગયો, અને

જેમ જેમ હું સમીપ જતો ગયો તેમ તેમ તે દૂર દેખાતાં, પછી આકાશમાં ઉંચે ગતિ કરતાં, દિશામાં દૃષ્ટિની મર્યાદાથી બહાર જતાં રહ્યાં. ત્યારે મેં તે કોઈ સ્ત્રિયો હતી એવો નિશ્ચય કરયો. પછી હું પાછો વળીને સ્થાનમાં આવ્યો. થોડી વારમાં **શ્રીગુરુ** પાછા આવ્યા, ત્યારે મેં સર્વ વ્યતીત વાર્તા કહીને પૂછ્યું કે એ શું હતુ? ત્યારે **શ્રી ગુરુએ** કહ્યું 'એ તો દેવકન્યાઓ હતી. તેનાં મુખ તારા દીઠામાં આવ્યાં છે. તે ચંદ્રસરખાં તને ભાસ્યાં છે. પછી મારે સ્ત્રિયોના સંબંધમાં એ અવસ્થામાં રહી વાર્તા કરવી ઉચિત નથી એમ જાણીને હું મૌન બેશી રહ્યો. ત્યાર પછી આ વટવૃક્ષની શાખાઉપર ગરુડ પક્ષીનું જોડું શબ્દ કરતું સંભળાયું. તેમની પરસ્પરની વાર્તા સાંભળીને મારા ગુરુએ મને આ પ્રકારે કહ્યું.

હે સાધક! આ પક્ષીની વાર્તાને તું શ્રવણ કરે છે, પણ સમજી શકતો નથી. એ પક્ષી પરસ્પર એવી વાર્તા કરે છે કે 'આ સ્થલે કાલ રાત્રે એક પુરુષ આવશે. તે ભાગ્યવાન્ છતાં હાલ દુઃખમાં છે ને હવે અહિંથી જો ઉત્તર દિશામાં જશે તો તે પોતાનું ધાર્યું કરી શકશે' જો! આ પ્રકારની ભૂતભાવિવાર્તાને આ પક્ષિઓ જાણે છે, પણ આ સર્વ મનુષ્ય જાણતાં નથી. આટલું બોલીને **શ્રીગુરુ** મૌન રહ્યા. મારે ગુરુનાં વચનમાં વિશ્વાસ રાખવો જોઇએ, તથા ગુરુની ઇચ્છાઉપરાંત અધિક પ્રશ્ન ન કરવાની નીતિ સાવધાનપણે પાળવી જોઇએ, તેથી તથા આપણને જે જણાવવું યોગ્ય હશે, તે **શ્રીગુરુ** પોતાની પ્રસન્નતાથી જણાવશે, એવું ધારીને હું પણ મૌન રહ્યો. તથાપિ આ પક્ષિઓને જ્ઞાન હશે કે નહિ, એ વાર્તાનો મને મોટો સંદેહ રહ્યો. કદાચિત્ ગુરુએ મારી પરીક્ષામાટે આ મિથ્યા વાર્તા પણ કહી હોય. કારણ કે જે સાધક, ગુરુએ કહેલા નિશ્ચયને પોતાના અભિમાનથી અથવા યોગ્યાયોગ્ય નિશ્ચય કરવાનિમિત્ત પોતે કરેલા તર્કથી અયોગ્ય ગણીને ગુરુનાં વચનમાં અવિશ્વાસ કરે અથવા મિથ્યા માને, તે સાધકને ગુરુ યોગ્ય અધિકાર આવ્યા વિના અનુગ્રહ કરતા નથી એમ મેં સાંભળ્યું છે. આ પ્રકારના મારા દોષને જાણવા કદાચિત્ એમણે આ એક વાર્તા અસંભવસરખી કહી હોય, તો ઈશ્વર જાણે. પણ હશે, એ વિષે મારે આ ક્ષણે અધિક વિચાર કરવાથી કશો લાભ નથી. ગુરુનાં વચનને યોગ્ય કે અયોગ્ય કેવલ વિચારવડે હું નિશ્ચય કરી શકવાનો નથી. કારણ કે આ વાર્તા તો અનુભવથી જ નિશ્ચય કરી શકાય એવી છે.

આપ્રમાણે વિચાર કરતાં સમય થવાથી હું મારી કરવાયોગ્ય ક્રિ-

યાને કરવા લાગ્યો. એ રાત્રિનો ભાગ તથા દિવસ વ્યતીત થઈ ગયાં અને બીજી રાત્ર આવી ત્યારે મને આગલી રાત્રની આ વાર્તા સાંભરી આવી. એક પ્રહર રાત્રનો શુમાર થયા પછી શ્રીગુરુ વનમાં ઇચ્છાપ્રમાણે ફરવા-નિમિત્તે, મને સાવધાનપણે ગુહાસમીપ બેસવા આજ્ઞા કરીને ચાલતા થયા. શ્રીગુરુને ગયે બે મુહૂર્ત શુમારે થઈ ગયાં, એટલામાં મારે કાને કોઈ એકદમ ગભરાટથી રુદન કરતું હોય એવો શબ્દ આવ્યો. આગલી રાત્રિનો પ્રસંગ સ્મરણમાં હોવાથી આ કોણ રુદન કરે છે એ જોવાના વિચારથી હું તત્કાલ ગુહાથી બહાર આવ્યો. જોયું તો આ જલાશય-સમીપ એક યુવાવસ્થાવાળો, મારા કરતાં પણ પાંચ વર્ષે નાના વયનો પણ તેજસ્વીસરખો દેખાતો પુરુષ દૃષ્ટિએ પડયો. મને સમીપ આવેલો જોઈ તે ભયને પ્રાપ્ત થયેલો તો ન જણાયો, પણ તત્કાલ હસવાસરખું મુખ કરીને મોટા ધૈર્યથી બોલ્યો, અલ્યા ભાઈ! આ લગભગ મધ્યરાત્રિના સમયે આ વનમાં તમે ક્યાંથી આવ્યા છો ? કોણ છો ? અને શા નિમિત્ત આ ભયંકર વન સેવો છો ? મેં કહ્યું, ગુરુસેવા કરી ગુરુપ્રસાદ પ્રાપ્ત કરી કશું પામવું બાકી ન રહે એવું પદ પામવાને આ ભયંકર વન સેવું છું. ગુરુની ગુહામાંથી રુદનસરખો શબ્દ સાંભળી જોવાને અત્ર આવ્યો છું. પણ હે ભાઇ! તમે આ વિકટ વનમાં એકલા રાત્રિના સમયે શે અર્થે આવ્યા છો ? ભાગ્યવાન્ દેખાતા છતાં દુર્ભાગ્યવાનની સ્થિતિને કેમ ભોગવો છો ? ત્યાગીસરખા દેખાઓ છો, પણ હજી તમારા કલેશનો ત્યાગ તમે કરયો ભાસતો નથી. ત્યારે શું તમે રાગથી કે દ્વૂષથી ત્યાગીસરખા થયા છો? રાગદ્વૂષવિના ત્યાગનો સંભવ ઓછો હોગ છે. જ્યારે કોઈ પદાર્થવિષયક રાગ આપણા અંતર્માં પ્રબલપણે પ્રકટે છે, ત્યારે તે એક પદાર્થવિષયક રાગ અન્ય પદાર્થનો ત્યાગ કરાવે છે, અથવા જે જે પદાર્થવિષયક દ્વૂષ જ્યારે પ્રબલપણે પ્રકટે છે, ત્યારે તત્ તત્ પદાર્થવિષયક દ્વૂષ તે તે પદાર્થનો ત્યાગ કરાવે છે. આમ છે માટે તમારો ત્યાગ રાગથી કે દ્વૂષથી છે તે કહો. આ મારાં વચનો સાંભળીને તે બોલ્યો, દુઃખનું ખરું સ્વરૂપ તો દુઃખીનું અંતર્ જ જાણે છે. કોઇને કહ્યાથી કે તેણે જોયાથી જેવું હોય તેવું સમજાતું નથી. દુઃખ મટવાના ઉપાય ન જાણનારને દુઃખ કહ્યા પછી પણ શું ? મારો ત્યાગ રાગથી છે, પણ તે રાગ પરિપૂર્ણ થવો ઈશ્વરને સ્વાધીન હોય એમ ભાસે છે. રાગનો ત્યાગ થયા વિના કલેશનો ત્યાગ થતો નથી, એ જાણુંછું પણ આ રાગનો ત્યાગ હાલ તત્કાલ થવાને સંભવ નથી. જે પદાર્થમાં દૃઢસુખબુદ્ધિથી ચિત્તનું જોડાવું થાય છે, તે પદાર્થ મળ્યા વિના તથા તેમાં પાછી દુઃખબુદ્ધિ દૃઢ થયા વિના ચિત્ત તેનાથી પાછું

હદતુ નથી. હે સાધો ! મોટા મોટા વૈભવી પદાર્થોવાળાને ભાગ્યવાન્ ગણતા હો તો તે હું ખોટું જાણું છું. કારણ કે અનેક સેવકો, રૂપ-ગુણવંતી સુંદર સ્ત્રિયો, રૂપગુણવાળા વિદ્વાન્ પુત્રો, ચક્રવર્તીસરખું નિષ્કંટક રાજ્ય તથા રુડે પ્રકારે ખરચતાં ન ખુટે એવી રાજ્યલક્ષ્મી છતાં પણ ઘણા રાજાઓ માનસાગ્નિથી વિવિધ નિમિત્તે રાત્રદિવસ અંતર્માં પ્રજળ્યા જ કરે છે. કોઈ કાલે પણ પૂર્ણતાને ન પામે એવી વિલક્ષણ આશાતૃષ્ણાઓ તેમને ભાગ્યહીનસરખા કરી મૂકે છે. તેથી ખરું જોતાં તેઓ હીનભાગ્ય છતાં પણ, યોગ્ય પદાર્થવિચારવિનાના મૂર્ખ લોકો તેમને મોટા ભાગ્યવંત સમજે છે. એવો ભાગ્યવાન્ છતાં પણ હું આ ક્ષણે ભાગ્યહીનની સ્થિતિને ભોગવતો બીજાને ભાસું છું. ખરો ભાગ્યવાન્ તો હું તેને જ ગણું છું કે જેને કોઈ પણ નિમિત્તથી માનસ અગ્નિ અંતર્માં દાહ કરતો નથી, તથા બાહ્ય પદાર્થો જેના માનસ અગ્નિને પ્રજ્વલિત કરતા નથી.

આ મારો માનસ અગ્નિ મને બાળે છે. એક રાજકન્યા જેનું ચિત્ર માત્ર મેં જોયું છે તે એ માનસ અગ્નિને વારંવાર પ્રદીપ્ત કરે છે. તે કન્યાનું ખરું રૂપ કે ગુણ મને પ્રત્યક્ષ નથી; તોપણ કોઈ અં-તર્માં રહેલું પ્રબલ કારણ મને તેનાપ્રતિ દોરવ્યા કરે છે. એ ચિત્રકારે આળખેલી કન્યાનું ગામ કે નામ જાણવામાં નથી. જાતિકુલ પણ જ્ઞાત નથી, છતાં તેને પ્રાપ્ત કરવારૂપ આ આશાપાશ મને દીન કરીને ભ્રમાવે છે. વિચાર કરવાથી ખરુંખોટું કે લાભહાનિને સમજું છું, પણ આ મન તે મારા નિશ્ચયને નાશ કરીને ઉપરનું ઉપર જ પોતાનું ધાર્યું કરવા મચ્યું રહે છે. લગભગ અઢાર માસ થયાં વન તથા વસતિમાં ભટકું છું, પણ કોઈ પ્રકારે ધાર્યું થવાનું ચિહ્ન જણાતુ નથી. અઢાર માસમાં ભોગવેલાં સંકટ વર્ણન કરતાં હૃદય કંપે, તથા સાંભળતાં શ્રોતાનું પણ ચિત્ત દ્રવે એવાં છે. મારો નિશ્ચય છે કે ધારણા પાર પડતા-પર્યંત એ દુઃખવાર્તા કોઈઆગળ પણ કહેવી નથી. આ સંસારમાં જીવમાત્રને પદાર્થપ્રતિ થતો મોહ જેટલો દુઃખદ છે, એટલું દુઃખદ બીજું કોઈ નથી, એ મને સમજાયું છે, પણ તે હાલ છૂટવો નથી. આપ્રમાણે મારી કથા છે. હવે એથી વધારે હાલ કહેવાનું કાંઈ નથી. માટે જે ઘટે તે કહીને તમે પોતાને કામે લાગો, અને હું પણ મારે માર્ગે ચાલતો થાઉં. કામનાને વશ પડેલો હું રાત્રદિવસ સુખદુઃખાદિ કાંઈ જ જોતો નથી. માત્ર વલ્યા કરૂં છું.

આપ્રમાણે તેનાં વચનો શ્રવણ કરીને દયાથી મારૂં હૃદય ભીનું થયું, અને તેથી મેં તેને આ પ્રમાણે કહ્યું. હે ભાઈ! તમે ધૈર્ય રાખો

તમારૂં ધાર્યું થવાનો પરમેશ્વરની સત્તાથી હવે સમય આવવાનો સંભવ છે. ગુરુએ મને આજ્ઞા કરી નથી, તેમ જ ગુરુપાસે મેં આજ્ઞા માગી નથી તોપણ આ તમારી સ્થિતિ જાણીને તમને ધૈર્ય આપનાર તમારા લાભનું વચન કહ્યા વગર મારૂં હૃદય શાંત થતુ નથી. ગઈ કાલે મધ્યરાત્રિના સમયે મને શ્રીગુરુએ કહ્યું કે 'જો! આ ઉપર પક્ષિનું જોડું પરસ્પર વાર્તા કરે છે. તું તે સમજતો નથી. એ પક્ષી એવી વાર્તા કરે છે કે કાલે રાત્રે આ વૃક્ષતળે કોઈ દુઃખી પુરુષ આવનાર છે. તે જો અહિંથી ઉત્તર દિશામાં ચાલ્યો જશે તો તેનો ધારયો મનસુબો પાર પડશે.' એ વાર્તા મેં જાણી ત્યારથી નિશ્ચય થયો કે તે પુરુષ તમે જ છો. હવે તમારી ઇચ્છામાં આવે તેમ કરો. આ સાંભળી તેણ મોટા હર્ષથી મને કહ્યું કે એ તમારા ગુરુનું મને દર્શન કરાવવાની કૃપા કરો. મેં કહ્યું, એ વાર્તા મારે હાથ નથી. તેમ છતાં વળી હાલ તે સ્થાનઉપર નથી. ક્યારે પાછા પધારશે એ નિશ્ચય નથી. ત્યારે તેણે કહ્યું કે મારે એટલું પૂછવાનું છે કે એ ગામનું તથા સ્ત્રીનું નામ શું છે, તેમ જ તે કુંવારી છે કે તેનું લગ્ન થયું છે? કારણ કે લગ્ન થયું હોય તો મારો શ્રમ નિષ્ફલ જવાનો સંભવ છે. પારકા ધનદારાદિ પદાર્થને પ્રપંચવડે પ્રાપ્ત કરવાસમાન અન્ય પાતક હું જાણતો નથી. મેં કહ્યું, ગુરુશ્રી તો એવી વાર્તાનું ઉત્તર આપશે નહિ. અને 'ધાર્યું પાર પડશે' એટલે એમ જ સમજવાનું કે તમારી ઇચ્છાપ્રમાણે જ થશે. આટલું સાંભળીને તરત તે ઉઠયો. કાર્ય થશે ત્યારે પાછો અહિં આવીશ, એમ બોલી મને નમસ્કાર કરી ઉત્તર દિશામાં ચાલતો થયો, અને હું ગુહામાં આવીને બેઠો. થોડી વાર પછી ગુરુ પધાર્યા. મેં નમન કરી હાથ જોડી બનેલી સઘળી વાર્તા કહી. તે સાંભળી લગાર મૌન રહી મંદમંદ હસતાં બોલ્યા, હજી તારૂં હૃદય ક્ષુદ્રબલવાળું છે. વાર્તાને હૃદયમાં ગુપ્ત કરી રાખવાનું અથવા તેનું વિસ્મરણ કરવાનું સામર્થ્ય તારામાં નથી. આજ્ઞા લીધાવિના વાર્તા કરવા સંકોચ થયો નહિ તેથી ગુપ્ત રાખવાયોગ્ય વાર્તા તારા પ્રતિ કરતાં સંકોચને પામવું પડશે. આ સાંભળી મેં નમન કરી દીનપણે કહ્યું, હે ભગવન્, જો આ કાર્યમાં અપરાધ થયો હોય તો ક્ષમા કરશો. હવે પછી આપની કૃપાથી સાવધાન રહીશ. ગુરુ બોલ્યા, ગભરાઈશ નહિ. આ અપરાધ થયો નથી. તારી પાસે કહેવરાવવાઅર્થે જ તને એ વાર્તા કહી હતી. પણ એવે પ્રસંગે પૂછી લેવું ઘટે કે આ વાર્તા ગુપ્ત રાખવા યોગ્ય છે કે કેમ? જા પ્રસન્ન ચિત્તથી તું તારા કર્તવ્ય કર્મને કર. પછી નમન કરી હું મારે કામે લાગ્યો.

આ પ્રસંગ આવી ગયા પછી શુમારે ત્રણ વર્ષ વ્યતીત થયાં ત્યારે એક દિવસ લગભગ મધ્યરાત્રિના સમયે ગુહામાં બેઠાં મારે કાને ઘોડાના ખોંખારા તથા મનુષ્યનો કલબલાટ સંભળાવા લાગ્યો તથા એકબીજાને બોલાવતા તથા બોલતા ઘણા મનુષ્યો હોય એવું ભાસ્યું. જાણે જમીનમાં લાકડાના મોટા ખીંટા ઠોકતા હોય એવા ધબાધબ અવાજ સંભળાવા લાગ્યા. આ સઘળી ગડબડાટ જાણીને હું ગુહાથી બહાર નિકળ્યો. આ સમયે પણ **શ્રીગુરુ** તો બહાર જ વિચરતા હતા. બહાર આવીને જોયું તો સમીપના મેદાનમાં જાણે કોઈ મોટા રાજાની સ્વારીનો પડાવ આવી પડયો હોય એવું જણાયું. મોટા મોટા સુંદર શોભિતા ને ઝળકારા મારતા જરીના ડેરાઓ ઉભા કરવા માંડયા હતા. એક બાજુએ ઘોડાઓની હાર બાંધી હતી, અને તેનાં માણસો પોતાને બેસવાઉઠવાની જગા ઠીક કરતા જણાયા. એક બાજુએ રથો છૂટેલા જણાયા. વિવિધ વાહનો તથા આ સઘળો ઠાઠ જોતાં આ કોઈ રાજાનો મુકામ આવ્યો છે એવું અનુમાન તો નક્કી થયું. પણ મારે તેનું કાંઈ પ્રયોજન ન હોવાથી જરા વાર ચંદ્રના પ્રકાશવાળી રાત્રિથી શોભતા વનને તથા આકાશને જોતો હું ઉભો, અને પછી પાછો ગુહામાં જઇને બેઠો; તથા મારૂં પોતાનું કાર્ય કરવા લાગ્યો.

આ રાત્રિની સમાપ્તિએ પણ **શ્રીગુરુ** તો આસનઉપર પધાર્યા ન હતા, અને બીજે દિવસે પણ પધારયા ન હતા. સૂર્યોદય થતાં જે વેલા હું બ્રાહ્મ મુહૂર્તની ક્રિયાને સમાપ્ત કરી ઉઠયો તે વેલા 'મહારાજ! મહા યોગીરાજ! આપને સવિનય પ્રવાસીના દંડવત્ પ્રણામ છે,' એવા શબ્દ સંભળાયા. આ શબ્દથી મને એવું અનુમાન થયું કે તે રાત્રિએ આવી ગયેલો પુરુષ આ હોવો ઘટે છે. પછી તત્કાલ હું ગુહાનું દ્વાર જે વડની મૂલિઓના મધ્યમાં ગુપ્તસરખું હતું, તેમાંથી બહાર નિકળ્યો. મને જોઇને તેણે પ્રેમપૂર્વક પ્રણામ કરયા, અને કહ્યું કે આપની કૃપાથી મારી ધારણા પાર પડી છે.

આ સાંભળી મેં તેને કહ્યું કે ભલે હવે ઇષ્ટ સુખ એથી પ્રાપ્ત થાય તો કરી સુખી રહો. મારે તમારી વ્યતીત વાર્તા શ્રવણ કરવાનું મુખ્ય પ્રયોજન તો કાંઈ નથી, તોપણ આ સંસારમાં તુચ્છ વિષયસુખ પ્રાપ્ત કરવામાં પણ પ્રાણિઓને કેટલું કષ્ટ ભોગવવું પડે છે, એ જાણવાઅર્થે તમારી સઘળી કથા સૂક્ષ્મમાં સાંભળવા આ ક્ષણે વૃત્તિ થાય છે. માટે જો હવે તમને ચિંતા ન હોય તો પ્રસન્નતાથી તે સર્વ વૃત્તાંતને મારા પ્રતિ આ ક્ષણે કથન કરો. કારણ કે **શ્રીગુરુ** પધાર્યા પછી મને સાંભળવા અવકાશ મળશે નહિ. આ વચન સાં-

ભળી તેણે પ્રીતિવડે બેશીને આપ્રમાણેની પોતાની સઘળી કથા મારા પ્રતિ કહી.

તે બોલ્યો, હે ભગવન્! હું કુતૂહલપુરના મહાપદ્મસેન રાજાનો ભદ્રસેન નામનો પુત્ર છું. લગભગ મારા વિશ વર્ષના વયે હું વિદ્યાભ્યાસ કાર્યપૂરતો કરી રહ્યો. મને સામાન્ય વ્યવહારનીતિ તથા રાજ્યનીતિ પ્રથમ શિખવી હતી, તથા પાછળથી ધર્મના સિદ્ધાન્તો પણ રુડે પ્રકારે સમજાવી શિખવ્યા હતા. ત્યાર પછી ચાતુરી પ્રાપ્ત થાય એવા વિવિધ રસાલંકારયુક્ત સાહિત્યના મિશ્રણવાળા ગ્રંથો શિખવ્યા, અને અંતે વિવિધ વિદ્યાકલાદિના ગ્રંથો શિખવ્યા. આમ થવાથી સામાન્ય રીતે મારો અન્ય ગ્રંથોમાં પણ પ્રવેશ થયો તેથી પ્રસ્તાવિક ઘણા ગ્રંથો મારા જોવામાં આવ્યા. તેમાં સામુદ્રિકાદિ પણ સમજવામાં આવ્યું હતું. આ પ્રમાણે અભ્યાસમાં મારી કુશલતા જાણ્યા પછી રાજ્યકાર્યમાં મારો પ્રવેશ થાય, અર્થાત્ રાજ્યવ્યવહારસંબંધી અનુભવથી મને પૂરતું જ્ઞાન પોતાની હયાતીમાં થાય તો ઘણું સારું એવો મારા પિતાનો વિચાર થયો. મારું લગ્ન બાલવયમાં મારા પિતાએ કર્યું ન હતું, કારણ કે વિદ્યા સંપાદન કરવામાં મોટું વિઘ્ન આવે. જ્યારે મારા પિતાને મારા વિષે સારો સંતોષ થયો કે હવે આ પુત્ર ઊપયોગપૂરતું સર્વ શિખ્યો છે, ત્યારે તે મારા લગ્નસંબંધી વિચાર કરવા લાગ્યા. મારા પિતાએ લગ્નનો હવે વિચાર રાખ્યો છે, એ જાણવાથી દેશદેશથી કન્યાનાં ચિત્ર આવવા લાગ્યાં. પણ મારી પ્રસન્નતા લેવા તે સર્વ રાખી મૂકતા. એ અવસરમાં કોઈ દૂર દેશનો ચિત્રકાર અમારા નગરમાં આવ્યો. તેની પાસે ઘણા રાજપુત્ર તથા રાજકન્યાનાં ચિત્રો હતાં. તે મારી પાસે આવી ચિત્ર દેખાડવાની ઇચ્છા રાખતો હતો પણ તે પહેલાં અચાનક તેનો કાલ થયો. દૈવયોગે તેનો ત્યાં કોઈ વારસ નહિ હોવાથી તેનો સઘળો સામાન રાજદ્વારમાં આવ્યો. એ માલમાં સુંદર છબીઓ છે એમ મારા જાણવામાં આવવાથી મેં તે સર્વ ચિત્ર જોવાને મંગાવ્યાં. એ ચિત્રના સંગ્રહમાંથી એક કન્યાનું ચિત્ર મારા ચિત્તને આકર્ષણ કરતું નિકળ્યું. તે ચિત્ર નીચે 'કન્યા' એટલા અક્ષર લખેલા પણ કોણ જાતિની કે ક્યાંની કન્યા છે, કેટલા વયની છે આદિ કાંઈ લખેલું નહિ અને ચિત્રકારનું મૃત્યુ થવાથી તે વાર્તાનો ખુલાસો કરે એવું અન્ય કોઇ ન હતું. આ ચિત્ર મેં મારી પાસે રાખ્યું, અને અન્ય ચિત્રો પાછાં આપ્યાં. તે રાજ્યની ચોકસીમાં રહ્યાં. આ થયા પછી પ્રથમ જે જે ચિત્રો આવેલાં તથા આવતાં તે સર્વ કન્યાઓનાં ચિત્ર મને

જોવા પિતાએ મોકલ્યાં. તે સર્વકરતાં આ કન્યા મને અતિ ઊત્તમ ભાસવાથી મેં સર્વને ના પાડી. આ મારા કૃત્યથી મારાં માતાપિતાને ઘણો ખેદ થવા લાગ્યો, અને તેથી વડા પ્રધાનદ્વારા પિતાએ મારી ઇચ્છા જાણવા માગી. ત્યારે મેં પેલું પસંદ કરેલું ચિત્ર આપી જણાવ્યું કે આ કન્યા મળે તો ઇચ્છાપ્રમાણે વિવાહ કરવા યત્ન કરો. માતાપિતાએ ચિત્ર જોઇને કન્યાને યોગ્ય ગણી, તથા તેના સ્થાનવિષે તજવીજ કરી. પણ તે જાણવામાં ન આવવાથી નિરૂપાય થયાં. વિશ્વાસુ ચિત્રકારને બોલાવી પરદેશ મોકલ્યા. પરદેશથી પણ ઘણા ચિત્રકારોને બોલાવ્યા, તથા આ ચિત્ર જેનું છે તે કન્યાની શોધ લાવવા આજ્ઞા કરી. પણ તે સર્વ ઉપયોગમાં ન આવી. લગભગ બાર માસ એ તજવીજ ચાલતાં જ્યારે કાંઈ પણ સમજાયું નહિ ત્યારે મેં જાતે દેશવિદેશ જોવાનિમિત્તે, તીર્થ ફરી આવવાનિમિત્તે, વિવિધ રાજ્ય તથા પ્રજાની રીતભાત જોઈ જાણી આવવાને મિશે તથા એ સંધિમાં આ ચિત્રવાળી અથવા કોઈ અન્ય યોગ્ય કન્યાની યોગ્યતા જણાઈ આવે તો તેને પ્રાપ્ત કરવા નિશ્ચય કરવા આદિ નિમિત્તને આગળ કરી વડા પ્રધાનદ્વારા પ્રવાસે નિકળવાની આજ્ઞા માગી. માતાપિતાએ પોતાના મનમાં ઘણા વિચાર કર્યા. પણ અંતે પ્રધાનની સલાહથી તથા મારા હિતનો વિચાર કરીને એક પોતાના વિશ્વાસપાત્ર મુખ્ય રાજસેવકને મારા સાથે રાખીને રાજપુત્રને ઘટે એવાં સેવક માણસો તથા વાહનોસહિત પ્રવાસે નિકળવા આજ્ઞા આપી નિયમપ્રમાણે સઘળી તૈયારી થયેથી હું તૈયાર થઇ માતાપિતાને પ્રણામ કરી આજ્ઞા માગી સર્વસાથે નગર છોડી બહાર નિકળ્યો.

પ્રથમ પ્રયાણ પૂર્વ દિશાનું થયું. આશરે ત્રણ માસ આપ્રમાણે સર્વસાથે ફરતાં થઈ ગયા. બીજા રાજ્યની મર્યાદામાં તે તે રાજાઓતરફથી મળતા માનને સ્વીકારતા અમે સુખપૂર્વક માર્ગને કાપતા. માર્ગમાં આવતાં રાજ્યોમાં રાજકન્યાની તજવીજ કરતા. ચિત્રકારોને બોલાવી ચિત્રો જોતા. પણ આ ચિત્ર કે એના સમાન પ્રિય લાગે એવું બીજું ચિત્ર જણાયું નહિ. આગળ જતાં અમે એક રાજ્યની મર્યાદામાં પેઠા. મારી સાથે સઘળા માણસો ઘોડેસ્વાર જ હતા. સામાન લાદેલી સાંઢણીઓ તો આગળ મુકામે મુકામ ચાલતી, તેથી મારી સાથે છડા સ્વારો હથિયારબંધ રહેતા. આપ્રમાણે ચાલતાં માર્ગમાં બાર કોસનું ઝાડીવાળું વન આવ્યું. તેમાંથી અમે ચાલતા હતા એટલામાં દૂરથી લશ્કરી સ્વારની ટુકડીઓ દોડતી આવતી જણાઈ. તેમણે તો સમીપ આવતાં જ અમારાઉપર અણધાર્યો ધસારો કરયો. હાથમાં રાખેલા

મોટા ભાલાઓ ઉગામી મારવા માંડ્યા. એ માણસો ઘણા અને અમે થોડા હોવાથી અમારામાં નાસભાગ થઈ. હું કે જે લગભગ પાછળના ભાગમાં હતો તેણે વિચાર કરયો કે આ સ્થાન મરણનું છે. માટે અહિંથી બચવાનો ઉપાય શોધવો જોઈએ. આ કાંઈ ધર્મયુદ્ધ કે સામયિક યુદ્ધ નથી, તેથી આ સમયે નાશી છૂટવામાં પુંઠ દેખાડી ગણાશે નહિ, તેમ જ અધર્મરૂપતા પ્રાપ્ત થશે નહિ. આ તો આગંતુક ભય છે, માટે એમાંથી તો યુક્તિથી બચવું જોઇએ. પછી હું તો બાજુ પકડી ઝાડીમાં પેઠો, અને ઘોડો જોસભેર ચલાવી લીધો. મારાં માણસોએ પછી શું કર્યું અને તેમનું અંતે શું થયું એ મારા જાણવામાં રહ્યું નહિ. પણ પાછળથી એ ધસારો શાથી થયો હતો એનું કારણ મને આગળ જતાં અન્ય લોકોને તે દેશની તત્કાલની સ્થિતિ પૂછતાં અનુમાનથી સમજાયું હતું. તે એ કે રાજ્યમાં ગ્રાસીઆઓએ વિરોધી થઈ જુલમ ગુજારવા માંડેલો. તેઓ ઘોડેસ્વાર થઈ ગામો લુંટતા તથા માર્ગમાં પ્રવાસીને લુંટતા. આ કારણથી રાજાનું સૈન્ય તેવા લોકોને વશ કરવા છૂટેલું. દૈવયોગથી અમે એ લશ્કરને મળ્યા. તેમણે અમને ગ્રાસીઆ લુંટારૂ જાણીને મારવા માંડ્યા હતા.

આ પ્રકારે સર્વથી છૂટો પડેલો હું એકલો હથિઆરબંધ પણ ઘોડેસ્વાર તેથી આ તોફાની રાજ્યની હદમાંથી સહીસલામત બીજા રાજ્યની હદમાં થોડા દિવસમાં પ્રવેશ કરી ગયો. મારા પાસે અંગઉપર ચઢેલા અલંકાર, મારાં પહેરેલાં વસ્ત્ર, તથા માર્ગમાં પ્રસંગે મારી પાસે જ યાચના કરનાર ભિક્ષુકને આપવામાટે રાખેલી થોડી રકમ હતી, અને મેં કિમતી ગણેલું પેલું કન્યાનું ચિત્ર હતું. આટલાસહિત ઘોડો તથા મારાં શસ્ત્ર હતાં. માર્ગ કાપતાં ખરચી તો ખાધામાં ખુટી. આટલાદિવસ જ્યાં ત્યાં મારી રાજપુત્રમાં ગણના થતી તે હવે માત્ર જ્યાં ત્યાં ઘોડેસ્વારમાં થવા લાગી. પણ વિચારતાં પેલી સ્થિતિકરતાં આ સ્થિતિમાં મને સુખ જણાવા લાગ્યું, અને બાય ઓછું લાગ્યું. આ પ્રકારે સ્વતંત્રતાથી વિચરવાનો મારે આ પ્રથમ પ્રસંગ હોવાથી મને કાંઇક ફરવા તથા ફરીને જોવાજાણવાની છૂટ વધારે મળી. આમ ચાલતાં રોકડ ખરચમાં છૂટી રકમ વવરાઈ જવાથી મારે એક ઘણી મોટી નહિ તેમ ઘણી નાની પણ નહિ એવી મધ્યમ પ્રકારની વસતિવાળું પણ શોભાવૈભવવાળું હોવાથી નગરમાં ગણાતા ગ્રામમાં હાથની મુદ્રિકા વેચી ધન લેવાનો પ્રસંગ આવ્યો. વ્યાપારીએ મુદ્રિકા કિમતી જાણીને મારી ચોરમાં ગણના કરી, અને કહ્યું કે આ માલ તો મારો છે. તમે ક્યાંથી લાવ્યા? જો મરજી હોય

તો મૂકીને જાઓ, નહિ તો ન્યાયકર્ત્તાપાસે પકડાવું છું. મેં જાણ્યું, આ માર્ગમાં ઉપાધિ આવ્યો ધાર્યા કામમાં વિઘ્ન આવ્યું. કદાચિત્ ન્યાયકર્તા અન્યાયી માણુસ હશે તો ઉલટું ભારે નુકસાન ખમવું પ-ડશે. રાજધાનીનું નગર તો અહિંથી ઘણું દૂર છે, માટે વધારવામાં માલ નથી. પણ ઘટતી યુક્તિ કરી જોઉં. એમ વિચારી કહ્યું, ભાઇ! તું સાહુકાર છે ને હું ચોર છું એમ તું જાણીશ નહિ. હું ક્ષત્રિય છું. આ દાગીનો મારો છે. તેમ છતાં તું વધારે કરીશ તો તારો જીવ ખો-ઇશ. હું ડરનાર માણુસ નથી એમ જાણજે. મારે વાટખરચી નથી માટે આ મૂકવા આવ્યો છું. તારે ગમે તો થોડાં નાણ્યાં આપ, નહિ તો ના કહે અને મુદ્રિકા પાછી આપ. નહિ તો હું આ દેશના રા-જાપાસે જઈ તારાં ઘરબાર લુંટાવીશ, ને ખરાબ કરીશ. આ સાંભળી વણિક ડર્યો અને મને કિંમતકરતાં ઘણાં થોડાં નાણાં આપ્યાં. પણ સમય જાણી તે લઈ હું ત્યાંથી ચાલતો થયો. વળી માર્ગે ચાલતાં અનેક ક્ષુદ્ર કષ્ટોને અનુભવતાં મેં ત્રણ માસ કાઢ્યા. પછી એક સ્થલે પાંથશાલામાં મેં રાત્રે ઉતારો કરચો. ત્યાં મારી સાથે બીજા ઉતરેલા પ્રવાસીઓમાંના કેટલાક ઠગ માણસો છે એમ પાછળથી થોડી વાર જતાં મને ભાસ્યું. આ ઠગ માણસોથી પ્રાણસંકટ આવવાના ભયથી મેં આખી રાત્ર જાગરણ કર્યું. તે ઠગ માણસોએ મારા અંગઉપર દાગીનાઓ જોયાથી તેમનું મન લલચાયું. પણ મારા જાગવાથી તથા બીજા લોકો સમીપ હોવાંથી તેમનો કાંઈ લાગ ફાવ્યો નહિ. પ્રાતઃ-કાલે મારા ચાલવાઅગાઊ તેઓ ઉઠીને આગળ ચાલી મારો માર્ગ રોકી બેઠા. માણસો વધીને પચાશ થયેલાં. હથિયાર પણ રાખેલાં. જે-વો હું સ્વાર થઈ માર્ગે પડું છું તેવા જ તેમણે મને દૂરથી જોઈ ધીરે ધીરે આગળ ચાલવા માંડ્યું. હું ચેત્યો ને ત્યાંથી પાછો વળી બીજે માર્ગે ચાલ્યો. પણ તેમનામાં ફાટફુટ થવાથી બીજા તેમના શત્રુઓએ રાજ્યસત્તાના અધિકારીને પોતાના પક્ષમાં લઈ સઘળું જાહેર કર્યું. તેથી તે રાજ્યાધિકારીના સ્વારોએ મારા પાછળ ધસી આવીને મને રોકયો, અને પાછો વાળી સત્તાધીશપાસે લેઈ ગયા. હું પણ સમયને માન આપી મારા ક્ષાત્ર સ્વભાવને દાબી રાખી વગર આનાકાનીએ ત્યાં ગયો. તે અધિકારી મને હાથ ધરી પોતાના એકાં-તમાં લઈ ગયો અને કહ્યું, તમે કોઈ સારા માણુસ જણાઓ છો, પણ તમારા ઉપર ઘણા મોટા આરોપ મૂકવામાં આવ્યા છે તેથી મારે તમને કેદ રાખવા પડશે. માટે જો તમારે અહિંથી છૂટવાનો વિચાર હોય તો તમારા પાસેના દાગીના ધન આદિ મને આપો તો

હું તમને સહીસલામત અમારા રાજ્યની હદપાર પહોંચાડી દેઉં. મે વિચાર કરચો કે આ જગત્‌માં ધન જ મોટી આપત્તિનું કારણ છે. આ ધન હોવાથી તથા ન હોવાથી પણ દુઃખ છે. મોટા પુરુષોનો નિયમ છે કે ભયદુઃખને ઉત્પન્ન કરનાર પદાર્થનો ત્યાગ કરવાથી ભય તથા દુઃખરહિત રહેવાય છે, તો હવે મારે એ વાર્તનો પણ અનુભવ કરવાનો છે. દુષ્ટના હાથમાંથી આ સમયે છૂટવું જ ઠીક છે. આ આદિ વિચાર કરીને મેં તે સર્વ વાતની હા પાડી, અને મારા તમામ અલંકારો ઉતારી નીચે મૂક્યા. મારૂં હૃદય ભરાયું. નેત્રમાં જલ આવ્યાં. મારૂં રાજ્ય સાંભર્યું તથા સ્ત્રીની આશામાટે આ સર્વ દુઃખને સહન કરવા સલાહ આપનાર મનનો તિરસ્કાર થયો. મેં મને પોતાને તથા મારાં શૌર્ય, બલ તથા આ સમયના દુર્બલપણાને આણનાર ધૈર્યને ધિક્કાર ધિક્કાર કહ્યો. મને જુસો આવવા લાગ્યો. રૂંવાડાં ઉભાં થાયાં. તરવારપર દૃષ્ટિ ગઇ. નેત્રમાં રક્ત ચઢી આવ્યું અને મેં આપ્રમાણે વિચાર કરચો કે મરણ કાંઈ બે વાર નથી. રાજબીજને લજાવવાકરતાં મરણ સારું. આગળ ગમે તે થાઓ પણ આ ચોર સત્તાધીશને તો હણવો જ જોઇએ. એવો વિચાર કરીને મેં કહ્યું, ભાઇ! આ મૂલ્યવંત અલંકારો હવે પછી ફરી મારે જોવાના નથી. માટે જો તમે કહો તો એક વાર પહેરીને લગાર મારો મોહ પૂરો કરી લઉં. તેણે હસીને હા પાડી કહ્યું, ભલે એક વાર પેહેરી લો, પણ હવે એનો મોહ કામનો નથી. કારણ કે જીવતાં આપી છૂટવા સંકોચ પડશે તો મરીને અહિં મૂકી જવું પડશે. માટે ગમે તેમ કરો. આ સાંભળી મેં તે આભૂષણ પાછાં ધીરે ધીરે જેમનાં તેમ પહેર્યાં. સત્તાધીશ અને હું બે જણ અંદર હતા. એ સ્થલ પણ છેક અંતઃપુરજેવું હતું. મેં કહ્યું, આ દાગીના આપને કયી પેટીમાં મૂકવા છે? તે ઉઘાડો તો ફરી મારી નજરે ન પડે એમ તેમાં કાઢી કાઢીને નાંખતો જાઉં. તેણે પાસેનો એક મોટો પટારો ઉઘાડ્યો. એની લાલસા ને ભુંડું કૃત્ય જોઇ ક્રોધથી મેં કટાર કમરેથી તરત કાઢચો ને એક ઘાથી એનું શિર છેદી નાંખ્યું. કટાર તથા મારાં નેત્રને જોતાં ગભરાટથી તે બોલી પણ શક્યો નહિ. તેનું ધડ તથા માથું પેટીમાં નાંખી બંધ કરી તરત હું બહાર નિકળ્યો. ઘોડે બેશી બીજે માર્ગે વેગથી ચાલતો થયો. શસ્ત્ર વાવરવાનો તથા મનુષ્યનું રક્ત જોવાનો મારે આ પ્રથમ જ પ્રસંગ આવેલો હોવાથી મારૂં હૃદય ફડકવા લાગ્યું. હાથપગ કાંપવા લાગ્યા. પણ ઘણા વેગથી ઘોડો ફેંકતો જેમ જેમ આગળ ચાલવા લાગ્યો તેમ તેમ મારૂં હૃદય વજ્રપણું

ધારણુ કરતુ ગયું. મૃત્યુને પણુ તૃણુસમાન લેખવા લાગ્યો. હજાર મનુષ્ય આ ક્ષણે સંમુખ આવે તો મારૂં, એવું ધૈર્યબલ જણાવા લાગ્યું. પ્રથમ સ્વારોને તથા પછી પેલા ઠગોને જોઈ માર્ગ છોડી નાશી છૂટવા ધારેલા વિચારને તથા તે કૃત્યને ધિક્કારવા લાગ્યો. આપ્રમાણે માર્ગ કાપતાં આગળ ચાલી આવ્યો. પછી તે મરનારનું શું થયું ને મારી કેવી ખોળ થઈ એ મારા જાણવામાં આવ્યું નહિ.

આગળ એક માસનો પંથ કાપ્યા પછી એક વેલા અજવાળી રાત્રિ હોવાથી અને ઉતરવાલાયક સ્થાન નહિ મળી આવવાથી હું રાત્રમાં માર્ગ કાપતો હતો. ઘોડો પણ થાકેલો ન હતો. ચાલતાં દૂરથી એક વૃક્ષતળે કેટલાએક પુરુષને બેઠેલા જોયા. તેઓ મને આવતો જોઇને માર્ગઉપર આવી ઉભા. મેં પણ ભય સમીપ જાણી રક્તની લાલસાવાળી મારી તરવાર મ્યાનમાંથી ખેંચીને કહ્યું, હે ભલા માણસો ! માર્ગ આપો અન તમે મૃત્યુના મુખમાં જતા પોતાનું રક્ષણ કરો. તે બધા એકદમ 'મારો મારો' કરીને ત્રુટી પડ્યા. મેં મારો તથા ઘોડાનો બચાવ કરતા વાંકૂરતી ચારપાંચ માણસોને તરવારથી જખમી કર્યા, અને પછી મને પૂર્ણ બલનો આવેશ થયો. મારો બચાવ કરતાં કોઈના હાથ કાપ્યા, કોઇના મસ્તકમાં અને કોઇનાશરીરોમાં ઘા વાગ્યા. તેમને ભય થયું બાકીના નાસવા માંડ્યા. આ અરસામાં એક સ્ત્રીને મેં દોડતી દીઠી. તે મારા ઘોડાતરફ દોડતી આવી ને કોમલ સ્વરથી બોલી કે મારૂં રક્ષણુ કરો, રક્ષણ કરો. મેં કહ્યું, હે સ્ત્રિ ! તું નિર્ભય થા. પછી દુષ્ટો નાશી ગયા. મેં તે સમયે બીજો ઉપાય ન હોવાથી સ્ત્રીને ઘોડાઉપર મારા આગળ બેસાડી લીધી, અને ત્યાંથી અશ્વને વેગથી છોડ્યો. એક પ્રહરની વાટ કાપતાં નગર આવ્યું. તે સ્ત્રીને પૂછતાં જણાયું કે એને તે જ નગરમાંથી આગલીરાત્રે આ દુષ્ટો પકડી ગયા હતા. રાજાપાસે કાંઈ હક લેવાનો હોવાથી રાજાના કંઈ પણ સંબંધમાં આવે એવી સ્ત્રીને પકડી જતા તેને બાણુ પકડ્યું કહેતા. પ્રસંગે હક લેઈ તે બાણુ પાછું આપતા, ને પ્રસંગે પાછું ન આપતાં ઇચ્છાનુસાર રાખતા. આ સ્ત્રીએ મને હું કોઈ શૂરવીર રાજવંશી છું એમ જાણ્યો. આ સ્ત્રીસરખી કદે જણાતી પણ ક્ષત્રિય કન્યા હતી એવું મને પછી જણાયું. શુમારે બે પ્રહર રાત્ર ગઈ હતી તોપણ નગરમાં ઘણા લોકો જાગતા હતા અને બાણુ પકડી ગયા છે અને હવે પછી તેઓ કોણુ જાણે શું કરશે એવી ભયની વાર્તા કરતા હતાં મેં પેલી સ્ત્રીને પૂછ્યું કે તારે ક્યાં જવું છે? તેણે કહ્યું, મનેરાજદ્વારે મૂકો. હું હજી કન્યા છું. મારી ઉમર પંદર વર્ષની છે. હજી હું અંતર્પટમાં

રહેતી નથી; અને હું રાજકુલની કન્યા છું માટે મને રાજદ્વારઆગળ મૂકો. લગામ મારા હાથમાં આપો. હું જાણીતે માર્ગે ઘોડાને ચલવી લઉં. આ સાંભળી હું આશ્ચર્ય પામ્યો. રૂપ તથા વાણી મનને હરણ કરે એવાં હતાં, પણ અન્ય સ્થલે હરાઈ ગયેલા મનવાળો હું એટલો બધો મોહવશ થવા પામ્યો ન હતો. લગામ તેને આપતાં તેણે સારા બેસનાર પુરુષની પેઠે ઘોડો ખેડયો. રાજદ્વારસમીપ આવ્યાં. રાજા-સહિત પ્રધાન તથા બીજા પણ રાજ્યના સ્તંભસરખા પુરુષોની એક સભા બેશીને કાંઇક વિચાર કરતી હતી. એ કન્યાએ દરવાનને કહ્યું કે જાઓ મહારાજને વરધી આપો કે કાલે પકડી ગયેલું બાણ છોડા-વીને કોઈ માર્ગે જતો વીર પુરુષ કન્યાને સોંપવા આવ્યો છે. દરવાન હર્ષથી દોડયો. વરધી સાંભળતાં હર્ષથી પ્રધાન તથા બીજા પુરુષો સામા આવ્યા. કન્યાને પ્રથમ ઉતારી. તે રાજાપાસે દોડી ગઈ. દુષ્ટોએ ઉ-તારી લીધેલા અલંકારવાળી તે નેત્રમાં જલ લાવી બોલી, આ પુરુષે મને પ્રાણદાન આપ્યું છે. મને જોઈ રાજાએ ઘણા પ્રેમથી ઉઠી આ-લિંગન આપ્યું, અને પોતાની ગાદીઉપર પાસે બેસાડયો. સુખસમાચાર તથા હકીકત પૂછી. મેં થયેલી વાર્તા જણાવી. લોકોમાં આ વાર્તા ફેલી તેથી સઉને આનંદ થયો. એ કન્યાનાં માતાપિતા જે અન્ન ત્યજી બેઠેલાં તે આ જાણી પ્રસન્ન થયાં રાજાએ મને પરોણાગત કરવા તજવીજથી પોતાની પાસે મુકામ કરાવી રાખ્યો. ઘોડો ઘોડારમાં બં-ધાવ્યો, અને સભા વિસર્જન થઈ. મને જમાડી સુવાના સ્થલે સુવાડ્યો. આ રાત્રે માત્ર મને ઘણે દિવસે સુખથી નિદ્રા આવી. પ્રાતઃકાલે રા-જાએ મને મારી હકીકત પૂછી. મેં તે સંબંધી કહેવા ના પાડી. પેલી કન્યાએ પોતાનાં માબાપને જણાવ્યું કે મને પ્રાણદાન આપનાર તથા ભયથી છોડાવનાર આ પુરુષજોડે મારૂં લગ્ન કરો. એ પણ કોઈ રાજ-વંશી છે. અને ગમે તે હોય તોપણ હું તો એને મારા મનથી વરી ચુકી છું. માટે એને જવા દેશો નહિ. આ વાર્તા રાજાને કાને આવી, અને તેણે મને કહ્યું કે એ મારી જ પુત્રી છે એમ જાણુજો; અને તમે મારી ઇચ્છા પૂર્ણ કરો, નહિ તો એ કન્યા પ્રાણ છોડશે તેનો દોષ તમને નડશે. આ સાંભળી હું મનમાં કચવાયો અને આ પ્રકારે વિચારમાં પડયો.

ઓહો! આ સંસારપ્રવાહ વિચિત્ર સ્વભાવવાળો છે. મેં એક સુખની લાલસાથી ઘણા કષ્ટને ભોગવ્યું છે, તથાપિ તે સુખ મળશે એવી આશા હજી બંધાઇ નથી; અને હવે પછી મારી આશા ક્યારે પાર પડશે એનો નિશ્ચય પણ થતો નથી. આ સંસારમાં કયા મનુષ્યને

કયું સુખદુઃખ ક્યારે અને કયા નિમિત્તથી મળશે એની ખાતરી કરી શકાતી નથી. જે પદાર્થને મેળવવાની આતુર ઇચ્છાથી માણસો તેની પાછળ દોડે છે તે પદાર્થ દૂર દૂર જતો દેખાય છે, અને જે પદાર્થ મેળવવાને ન ઇચ્છતા હોય તે આગળ આગળ આવીને વિના પરિશ્રમે ઉભો રહે છે. કોઈ પણ માણસ દુઃખની ઇચ્છા કરતું નથી તો પણ સર્વને તે આવી મળે છે, અને સઉ સુખને ઇચ્છે છે પણ આ વ્યવહારને ખેડતો કોઈ પણ માણસ આ લોકમાં મળતાં સુખોથી તૃપ્ત થઈ સુખને ન ઇચ્છતો એવો જણાતો નથી. ખરું જોતાં આ જીવો ખરા સુખને કે સુખદ પદાર્થને કે તેની પ્રાપ્તિના ખરા ઉપાયને જાણતા નથી, તેથી જ સઉ દુઃખમાં પીલાય છે. એ જ પ્રમાણે સર્વ પ્રકારનાં દુઃખનાં કારણને તથા તેની નિવૃત્તિના ખરા ઉપાયને પણ જીવો રુડે પ્રકારે જાણતા નથી.

ખરું જોતાં આ જીવો રાત્રદિવસ ક્રિયા કરે છે તથાપિ કયી ક્રિયાનું કયું ફલ ક્યારે મળશે તથા ક્યારે ટળશે તે જાણતા નથી. તેમ જ કયું ફલ કેવા પ્રકારની તથા કેટલી ક્રિયા કરવાથી ક્યારે મળશે તથા કયા કારણથી ક્યારે અળપાશે અને તે સુખદ કે દુઃખદ નિવડશે એ આદિ જાણવાયોગ્ય વાર્તાને પણ જાણતા નથી. આ હું પોતાની શી શી ગતિ થનાર છે, જન્મથી મરણપર્યંતમાં કયે સમયે કયા પદાર્થને શા શા નિમિત્તથી મેળવીશ તથા મેળવેલાને ક્યાં અને કેમ ખોઈશ તે જાણતો નથી. મને ક્યારે અને શાથી સુખદુઃખ મળશે તેને પણ સમજતો નથી. તોપણ 'આ મને ગમે, અને આ ન ગમે, આ હું મેળવીશ અને આ મારે જોઈતું નથી, આ સારું અને આ નઠારૂં, આથી મને સુખ થશે અને આથી મને દુઃખ થશે,' એ આદિ અનેક પ્રકારના મિથ્યા સંકલ્પ તથા નિશ્ચયોને ભ્રમિત મનુષ્યોની પેઠે કરૂં છું. અદ્યાપિપર્યંત હું મને માનેલાં સુખમાંનું એક પણ મેળવી ભોગવી સંતોષને પામ્યો નથી. હવે પછી શું થાય છે તે ઈશ્વરને અધીન છે. આ કન્યા રૂપગુણવાળી છે. રાજકુલની છે. મનને અપ્રિય જણાતી નથી તોપણ એનાથી સર્વ પ્રકારે શ્રેષ્ઠ ગણવાયોગ્ય કન્યાઓનો પણ મેં અનાદર કર્યો છે તો આને પ્રસન્નતાથી સ્વીકારૂં, એ કેમ ઘટે ? ન જ ઘટે. તોપણ એની પ્રતિજ્ઞાનો ભંગ થવાથી એ પ્રાણ આપશે તો હત્યાદોષ બેસશે. એ કહે છે કે જ્યારથી મેં મારો જમણો હાથ એમને આપ્યો, અને તે ધરીને એમણે મને ઘોડાઉપર બેસાડી ત્યારથી જ મારા મનમાં એમના વિષે પતિભાવના પ્રકટ થવા માંડી છે, ને તે હવે તો પૂર્ણ થઈ

ગઈ છે, એટલે મટનાર નથી. આ વિચાર એને બંધાવા માંડયો હશે તે સમયમાં મને પણ એટલું સ્ફુરેલું કે આ સ્ત્રી હશે કે કન્યા ? મેં મારા વિચારને વધાર્યો નહિ, અને એણે વધાર્યો. હવે આ રાજાને શું કહેવું, એ ભારે સંકટસરખું આવ્યું છે.

આપ્રમાણે વિચાર ચાલતાં, પછી મેં પ્રથમ ઇષ્ટસ્મરણ કરીને તે રાજાને આ પ્રકારનું ઉત્તર વાળ્યું. મેં ચિત્રથી પ્રિય ગણેલી સ્ત્રીની શોધમાટે જ મેં ઘર છોડયું છે. જ્યાં પર્યંત તેની આશાથી હું છૂટું નહિ ત્યાં પર્યંત હું લગ્ન કરી શકતો નથી. ઘણી કુલીન રૂપવંતી રાજકન્યાઓની માગણીનો અનાદર કરીને મારી ધારણા પૂર્ણ કરવાને હું પ્રવાસ સેવું છું. ઘર છોડતાં મારો સંકલ્પ છે કે પાંચ વર્ષ આ સ્ત્રીની ખોળ કરવી. તે ન જ મળે તો પછી ઈશ્વરે ધાર્યું હોય તે સ્વીકારવું. તેમાં હજી એક વર્ષ પણ પૂર્ણ થયું નથી, તો આ-જથી જ મારે લગ્ન કરવું એ અસંભવિત છે. માટે આ આશા આપે ન રાખતાં એ કુલવતી કન્યાના મનનું સમાધાન કરવું. આ સાંભળી રાજાએ તેને આ ખબર કરી. તેનાં તેણે ઉત્તર આપ્યાં. એમ પ-રસ્પર કેટલીક ભાંજગડ ચાલ્યા પછી અંતે નિરુપાય થઇને મારે આ પ્રમાણે કબૂલ કરવું પડયું. તે કન્યાએ કહ્યું કે એ પોતાનું ખાંડું મને આપી સુખથી સ્ત્રીની શોધનો સંકલ્પ પૂર્ણ કરે. આજથી એ-મને શુમારે ચાર વર્ષથી વધારે કંઈક માસપર્યંત શોધ કરવી બાકી છે તો હું આજથી પાંચ વર્ષપર્યંત એમના આપેલા ખડ્ગની સેવા કરીશ; અને પાંચ વર્ષ પૂરાં થતાં મને નહિ મળે તો એ ખડ્ગથી હું મારૂં ધાર્યું કરીશ. આ વિના બીજો મારી પાસે ઉપાયનથી. સ-ર્વના આગ્રહથી આ વાર્તા મેં કબૂલ કરી. પણ વધારામાં મેં તેને એ જણાવ્યું કે પાંચ વર્ષ પૂરાં થયા પૂર્વે મારે પાછા ફરી આવવાનું છે, પણ આ ક્ષણભંગુર દેહનો ભરોંસો નથી. તો દૈવગતિથી ન અવાય તો એણે પ્રાણત્યાગ ન કરતાં તપ કરીને આયુષ્ ગાળવું. જેથી એને આત્મહત્યા અને મને સ્ત્રીહત્યાદોષ લાગે નહિ. આ વાર્તા તેણે કબૂલ કરી. મારૂં ગામઠામ સઘળું ત્યાં પ્રસિદ્ધ થયું. તેથી ત્યાંથી સ્વા-રજોડે મારાં માતાપિતાને કુશલ પત્ર મોકલવાનો બંદોબસ્ત કર્યો, અને પછી એ કન્યાને મારે હાથે ધરી એક ખડ્ગ તથા મારો એક કંઠનો અલંકાર આપ્યો. તેણે તે પૂજામાં રાખ્યાં. પછી મેં ત્યાંથી ચાલવા ધાર્યું. એ રાજાએ માણસો આપવા અતિ આગ્રહ કર્યો, પણ મેં ના કહીને ત્યાંથી પ્રયાણ કર્યું. થોડા દિવસ તો મારૂં મન ક્ષણમાં પાછળ જાય, ને ક્ષણમાં આગળ જાય. પણ પછી નિશ્ચય બલવાન્

હોવાથી પાછળનો વેગ છોડી આગળ જ ચાલ્યું. મારો ઘોડો, શસ્ત્ર અને હું આગળ માર્ગ કાપતાં ચાલ્યાં. સાધારણ કષ્ટના પ્રસંગોને અનુભવતો હું રાત્રદિવસ અનુકૂલતાપ્રમાણે પ્રવાસ કરતો એક દિવસ ઉતરવાની સારી જગા ન હોવાથી તળાવના તટઉપર એક ઝાડનીચે રાત્ર ગાળવાના વિચારથી મુકામ નાંખી રહ્યો. એક પ્રહર રાત્ર ગયા પછી મારા વિના ત્યાં આજુબાજુ કોઇ પણ મનુષ્ય બોલાવ્યું બોલ દે એવું ન હતું.

આ જગતમાં મનુષ્યોને પોતાનું જ ગાફલપણું અથવા અસાવધપણું અનેક પ્રકારથી હાનિ તથા પ્રાણાંતપર્યંતનાં વિવિધ દુઃખને આપનાર છે. દેશ, કાલ તથા પ્રસંગને અનુસરીને ઘટિત સાવધાનતા રાખવાથી ઘણું કરીને ઓછું સહન કરવા વારો આવે છે. આ આદિ વિચારોને જાણનારો છતાં તથા પ્રવાસમાં આવી પડતાં આગંતુક સંકટોના અનુભવવાળો છતાં પણ દૈવયોગથી મધ્યરાત્રિ વ્યતીત થયા પછી લગાર નિદ્રાને સ્વાધીન થયો. જેમ જલને શૈવાલ અને સૂર્યચંદ્રને અભ્ર ઢાંકી દેછે તેમ આ શરીરમાં રહેલા અભિમાનીને નિદ્રા ઢાંકી દેછે. એથી નિદ્રાવશ પડેલો હું મારૂં સઘળું ભાન ભૂલીને સુતો હતો. એટલામાં કોઈ દુષ્ટ પુરુષો જે રાત્રિના આરંભથી ઘણું કરીને મારી પાછળ પડ્યા હશે તેમણે ધીરે રહીને મારા ઉપર હુમલો કરયો. તેમાંનો એક માણસ એકદમ મારી છાતીઉપર અને એક માણસ મારા પગઉપર ચઢી બેઠો. એ બંનેના હાથમાં તરવાર હતી. બીજા બે જણ મારી બે બાજુએ નગ્ન તરવારે ઉભા હતા. મારી આંખ તરતર જ ઊઘડતાં મેં આપ્રમાણે જોયું. ભયભીત થયો, પણ આપત્તિમાં ધૈર્ય રાખી બચવાના ઉપાયને શોધવાનું નીતિના નિયમમાં વાંચેલું તે સ્મરણમાં હોવાથી હું ગભરાટ વિના જ બોલ્યો, ભાઈઓ! મને દુઃખીઆને તમે મારવા આવ્યા છો એથી હું અપ્રસન્ન નથી. પણ લગાર મારી સઘળી વાત સાંભળીને મારજો. હું મારી મેળે મરી શકતો ન હતો. તથી કોણ જાણે પરમેશ્વરે જ તમને મોકલ્યા. વળી તમે મને ઝટ મારશો તો તમને મારી પાસે છે એટલું જ મળશે, પણ બીજી જગાએથી જે તમને મારા તરફથી મળવાનો સંભવ હશે તે તમે પામવાના નથી, માટે ધીરજ રાખજો. મારા તરફથી તમને એટલું મળશે કે ફરીથી તમારે ભુખ રહેશે નહિ. હું મરણને આદરીને ઘર છોડનારથી તમે ડરશો નહિ મારે જો જીવવાની આશા હોત તો મારી સાથે ઘણાં માણસો રાખી શકત. તમને હમણાં મારા અંગઉપરના દાગીના હું ઉતારી આપીશ ત્યારે

તમારી ખાતરી થશે કે આ માણસ એકલું ફરે એવું નથી. તમે મારા હાથ મોકળા કરો તો હું આ કંઠમાંની જણસ તો પ્રથમથી જ તમને કાઢી આપું. આ સાંભળીને દૈવગતિથી તેમને મતિ સૂઝી અને મારા હાથ મોકળા કર્યા. મેં મારા કંઠમાં રહેલી માળા કાઢીને એકના હાથમાં આપી કહ્યું, જુઓ ભાઇ! આ ઘણી કિમતી છે. જો મને બેસવા દો તો હું હાથના બાજુઓ તમને છોડી આપું. આ બધા અલંકાર તમે કોઈ પહેરશો ને તે હું જોઇશ ને તેથી મને શાંતિ થાય, પછી તમારે મને મારવો હોય તો ભલે મારજો. બીજું વળી મેળવવાની તમારે આશા હોય તો મને ઉતાવળથી મારશો નહિ. પછી તે બેને દૈવે ભૂલાવ્યા, તે મારા ઉપરથી ઉઠ્યા અને મને બેઠો થવા દીધો. મેં હાથની પોંચીઓ તથા કંકણ છોડીને એમના હાથમાં આપ્યાં. તે એકબીજાના હાથમાંથી સઉ મળી જોવા લાગ્યા. એટલામાં હું ઉઠીને ઉભો થયો. તત્ક્ષણ લગાર પાછો ખસ્યો. કોશમાંથી તીક્ષ્ણ ધારવાળી તથા અજવાળી રાત્રિમાં ઝળી જાય એવી ઉજળી તરવાર ખેંચી કિંચિત્ પણ વિચાર કર્યા વગર તથા લગાર પણ સંકોચ પામ્યાવિના ધસીને વાપરી તે પ્રથમ ઘાથી જ એક મૃત્યુને પામી પડ્યો અને બીજો મૃત્યુતુલ્ય થઈ પડ્યો. બે જણા ગભરાયા તે નાસવા લાગ્યા. તેમની પાછળ દોડીને તે બંનેને એક પછી એક એમ વારા ફરતી ઘાયલ કરી પાડ્યા. મારા અલંકારો તથા તેમનાં શસ્ત્રો લાવી એકઠાં કર્યાં. પછી તે ઘાયલ થયેલાને દુઃખની થતી વેદનાથી મુક્ત કરવાને તેમને મૃત્યુને સ્વાધીન કર્યા. પછી સાવધાનપણે તરવાર ધરીને હું ભયંકરસરખો પ્રતીત થતો, રક્તથી ખરડાયેલો, અશ્વની પાસે આવી ઉભો. મારા અલંકારો મેં જેમના તેમ પાછા અંગઉપર ધારણ કરી લીધા. એટલામાં ત્રણ ઘોડેસ્વારોને મારા તરફ આવતા જોયા, તેથી હું પણ સાવધાન થઈ ઘોડો છોડી સ્વાર થયો. સ્વારોએ થોડે દૂરથી હું કોણ છું એમ પૂછ્યું. મેં જવાબ વાળ્યો કે હું ક્ષત્રિય છું, પ્રવાસી છું, આ સ્થલે આવેલા ચોરોને હમણાં જ મારીને ભયથી મૂકાયો છું. તમે કોણ છો તે દૂર રહીને મને જણાવજો. આ ચાર ચોરોનાં અંગોવાળાં મરેલાં શરીર મધ્યે પડ્યાં છે, તેથી સમીપ આવતાં અશ્વ ચમકશે. તે સ્વારોએ કહ્યું, અમે રાત્રિએ નગરની આસપાસ ચોકી કરનાર સ્વારોમાંના સ્વાર છીએ. તમે ભય પામશો નહિ. આ ચોરોને માર્યા છે તેથી તમારે અમારા રાજાપાસે આવવું પડશે. કારણ કે શૂરવીર પુરુષને જાણીને અમારો રાજા તેનો સત્કાર કર્યા વિના જવા દેતો નથી. અમને પણ રાજાની આજ્ઞા છે માટે તમે સવાર-

સુધી અહિં જ રોકાઈ રહેજો. પછી તેમાંનો એક મારી પાસે રહ્યો. બીજા ફરતા રહ્યા. એમ કરતાં પ્રાતઃકાલ થતાં તેમાંના એક જણે રાજાને વરધી પહોંચાડી. રાજાએ મને તેડાવ્યો. મને જોયા પછી તેણે ઘણા માનથી સામા આવીને મને આલિંગન લીધું, તથા પોતાના અર્ધ આસને બેસાડી કુશલ પૂછ્યું. મેં મારી ઘટતી વાર્તા તથા રાત્રની સઘળી બનેલી હકીકત કહી. તે સાંભળી તે રાજા પ્રસન્ન થયો. મારો રક્તથી ખરડાએલો પોષાક ઉતરાવીને મને બીજાં સુંદર વસ્ત્ર આપ્યાં તથા મારી ખાનપાનાદિથી રુડે પ્રકારે પરોણાગત કરી. તે રાજા મધ્યમ અવસ્થાનો હતો, પણ ઘણો કુશલ હતો. તેણે મારા સંબંધમાં વિચાર કરીને એવો નિશ્ચય કરચો કે આ કોઇ રાજપુત્ર છે અને કાંઈ દુઃખથી પ્રવાસે નિકળ્યો છે. તેથી તેણે મને એકાંતમાં લઇ જઇને આ પોતાનું અનુમાન કહી સંભળાવ્યું અને પૂછ્યું કે તમે ખરેખરું તમારૂં દુઃખ હોય તે કહો. તમને ઘટતી મદદ કરીશ. મેં કહ્યું, પ્રવાસની ઇચ્છાથી જ નિકળ્યો છું, પણ તેમાં પ્રધાન કારણ આ કન્યાની ખોળ કરી મેળવવી એ છે. આમ બોલી મેં ચિત્ર દેખાડ્યું. તેણે ચિત્ર જોઇ કહ્યું, આ કન્યાનો દેશ આદિ તમે જાણો છો ? મેં ના કહ્યું. પછી તે નિરુપાય થયો. તેણે રૂપગુણવતી અનુપમસરખી અન્ય રાજકન્યા મેળવી આપવા કહ્યું, પણ મેં તેને ના પાડી. અંતમાં મેં તેને આપ્રમાણે મારી ઇચ્છા જણાવતાં કહ્યું, હે રાજન્! જો તમે મદદ આપવાની ઇચ્છા રાખતા હો તો એટલી જ આપો કે આ સઘળા મારા અંગઊપરના કિમતી અલંકારો લો, અને એનું ઘટતું ધન મને આપો, એટલે હું તે ધન સત્પાત્રોને દાનમાં આપી સુખી થાઊં. આમ કરવાનું કારણ તેણે પૂછ્યું ત્યારે મેં આપ્રમાણે કહ્યું: ‘આ લોકમાં પ્રવાસીને પ્રાણસંકટ આપનાર આ ધન છે, એ મારો સિદ્ધ અનુભવ છે. ગૃહવાસીને પણ રાત્રદિવસ ભય આપનાર તથા પ્રસંગવશાત્ પ્રાણસંકટ આણનાર એ ધન છે. ધન જેની પાસે નથી, પણ જેને ધનની આશા છે એવા ધનાસક્ત મનુષ્ય પ્રાણિને એ ધન પોતામાં અસક્ત થયેલો હોવાથી ગૃહ ત્યજાવે છે, વન વન રઝળાવે છે, ચોરી ઠગાઇ કે હિંસા આદિ નીચ કર્મો કરાવે છે તથા અંતમાં આશામાં ને આશામાં એને પ્રાણસંકટ આપી નાશ કરે છે. આપ્રમાણે જેમ પ્રવાસી તથા ગૃહીને દુઃખ દે છે તેમ ગૃહિઓમાં શ્રેષ્ઠ રાજાઓને પણ એ જ ધન નિરંતર ભયદુઃખ આપે છે, તથા અંતમાં નાશ પણ કરે છે. આ પ્રકારે જોતાં મહા અનર્થનું મૂલ આ ધન છે તોપણ વ્યવહારમાં એના વિના અસંખ્ય કષ્ટ પડે છે. ક્ષણે

ક્ષણે અન્નવસ્ત્ર તથા બીજા જોઇતા પદાર્થો પ્રાપ્ત કરવામાં એ ધનનો ખપ પડે છે. જેથી સંસારી અવસ્થામાં તો એ ધન વિના એક દિવસ પણ કાઢવો કઠિન પડે છે. પણ નિરંતર એકાકી પ્રવાસ કરનારને તથા વિરક્તાવસ્થામાં રહેનારને એનાથી ઘણું કષ્ટ પડે છે. જેથી હવે મારે વિરક્તની પેઠે થોડો પ્રવાસ કરી તે અવસ્થામાં પડતાં કષ્ટનો અનુભવ કરવો છે. માટે મારી ઇચ્છાપ્રમાણે કરવામાં બને તો મને સહાય થાઓ. આ પ્રકારનાં મારાં વચનોને શ્રવણ કરીને કિંચિત્ કાલ વિચાર કરી તે પછી આ પ્રકારનાં પ્રિય વચનો મારા પ્રતિ બોલ્યો.

હે શૂરવીર રાજપુત્ર ! આ તમારાં વચનો શ્રવણ કરીને હું પ્રસન્ન થયો છું. કારણ કે 'ધનનું દાન શુદ્ધબુદ્ધિથી સત્પાત્રોને આપવું, એ જ ધનનું ઉત્તમ પ્રકારનું રક્ષણ છે' એવો આપણા પૂર્વજોનો દૃઢ નિશ્ચય તમે આ ક્ષણે મને તમારામાં આરૂઢ કરેલો જણાવ્યો છે. આ તમારી ઉત્કૃષ્ટ ધારણાને પાર પાડવા હું સર્વાંશે અનુકૂલ છું. તોપણ એ સંબંધમાં મારે કેટલાક વચનો તમને કહેવાનાં છે, તે તમે પ્રીતિથી શ્રવણ કરો.

આપણે ક્ષત્રિયજાતિએ પોતાનો નિર્વાહ ભિક્ષા માગીને કરવો ઘટતો નથી. દીન મુખ કરીને ગૃહીઓનાં દ્વારમાં અન્નજલની આશાથી જઇને 'હું ક્ષુધાતુર છું, મને અન્ન કે ભોજન આપો,' આ પ્રકારનાં વચનો આપણે ક્ષત્રિયોએ વદવાં અત્યંત અયોગ્ય છે. ક્ષત્રિયે તો પોતાના પ્રજાના રક્ષણાદિ સ્વધર્મના પાલનદ્વારા પ્રાપ્ત કરેલા વિહિત આહારને જ સેવવો ઉત્તમ કહ્યો છે. આપણે ક્ષત્રિયપુરુષે સ્ત્રિયાદિ વિષયોની લાલસાને વશ થઇને એ વિષયની વાસનાને જ બલવાન્ કરતાં વસતિમાં કે વનમાં વિચર્યા કરવું એ અધર્મરૂપ છે. તેમ જ આપણા સ્વધર્માચરણથી રહિત રહીને દિવસ વ્યતીત કરવા એ પણ અનિષ્ટ આપનાર છે.

હે ધર્માત્મન્ ! આ સંસારમાં ક્ષત્રિયપુત્રને—તેમાં વળી રાજકુલમાં જ ઉત્પન્ન થયેલા રાજપુત્રને—આ પ્રકારનો સ્ત્રીવિષયનો મોહ નિંદ્ય ગણ્યો છે. કારણ કે સ્ત્રીનો મોહ મહા અનર્થ કરનાર છે. કોઈ પણ રાજપુત્ર રૂપવતી સ્ત્રીમાં મોહ ધરનાર હોય તો તે પોતાની પ્રજામાં પણ પ્રસંગે વિવેકથી વર્તી શકતો નથી. માટે રાજપુત્રોએ તો સ્ત્રીવિષયમાં સંતોષ માનીને કોઈ રૂપગુણવતી શ્રેષ્ઠ રાજકુલની કન્યાસાથે પોતાના વડિલની આજ્ઞાનુસાર અથવા સ્વેચ્છાનુસાર લગ્ન કરવું ઘટે છે; કોઈ રાજપુત્રે સ્ત્રીની શોધમાટે ગ્રામેગ્રામ ભટકવું ઉ-

ચિત નથી. વળી આ જગત્‌માં પ્રાણીપદાર્થ અચલ નથી. જેથી વિનાશી વિષયોઅર્થે આપણા અમૂલ્ય આયુષ્‌નો વ્યય કરવો ઘટતો નથી. તમે વિચાર કરો કે આપ્રમાણે પાંચ વર્ષ કષ્ટ કરીને તમે એ સ્ત્રીને પ્રાપ્ત કરશો, અને દૈવગતિથી કદાચિત્ તેનું આયુષ્ અલ્પકાલ રહ્યું તો પછી આવડે કષ્ટે પ્રાપ્ત કરેલ તે સ્ત્રીના વિનાશથી તમને કેટલો ખેદ થવો સંભવે છે; અને એ પ્રકારના વિષયસંબંધી ક્લેશોમાં ગ્રસ્ત થયેલો ક્ષિતિપતિ પોતાની પ્રજાના રક્ષણાર્થે શો ઉદ્યોગ કરનાર છે? કાંઈ જ નહિ. અને સ્વાર્થપરાયણ તે રાજા ખાનપાનમાં તથા અન્ય વિવિધ વિષયમાં નિમગ્ન રહેવાથી દુર્બલહૃદયવાળો થઇને પોતાના રાજ્યને પણ ખોઈ બેસે છે.

હે મોટા હૃદયવાળા! આ વિષયો કે જે અનુભવ કર્યા પછી દુઃખના જ આપનાર જણાયછે, તેને માટે તમે આવા બુદ્ધિમાન્ છતાં આટલો બધો ઉદ્યોગ આરંભ્યો છે, એ આશ્ચર્યસરખું છે. જે પદાર્થની ઇચ્છા છે, તે ક્યાં છે, કયા માર્ગથી તથા કેવા અને કેટલા પ્રયત્નથી તે પ્રાપ્ત થવાનો સંભવ છે, એમાંનું કાંઈ પણ નિશ્ચયપૂવક ન જાણનાર તમે તેના પાછળ યત્ન કરતા આવ્યા છો અને હજી આગળ જવા ઇચ્છો છો એ નવાઇજેવું છે.

આ આયુષ્‌નું એક ક્ષણ જે અનેક પ્રકારના મૂલ્યવાન્ પદાર્થથી મળતું નથી, તેને તમે વિના પ્રયોજન ગાળો છો. માતાપિતાનાં અંતઃકરણને શાંતિ તથા સુખ આપવાનો તમારો ધર્મ છતાં તમે તેમને આ પ્રથમાવસ્થાથી જ સંતાપ તથા દુઃખના આપનાર થઈ રહ્યા છો, એ મારા સરખાને પણ ઘણું અણઘટતું જણાય છે.

આ સમયમાં તો તમારે વિવિધ વિદ્યાકલાના જ્ઞાનને સંપાદન કરીને પોતાના બલની વૃદ્ધિના ઉપાયોને સાધવા જોઈએ. વળી સેનાને સાવધાન રાખવી તથા વ્યૂહરચનાથી શત્રુઓનો પરાજય કરવાની યુક્તિઓને સાધવી એ તમારૂં મુખ્ય કરવા યોગ્ય કામ છે. તેમ જ આપણાં યુદ્ધકલાકૌશલ્યથી શત્રુઓનાં અંતઃકરણને કંપાવવાનો તથા તેમને આપણા ત્રાસથી હીનવીર્ય કરવાનાં કાર્યમાં ચિત્ત નાંખવાનો આ તમારો પ્રથમાવસ્થાનો યોગ્ય કાલ છે. તે કરવાયોગ્ય કાર્યને આ અવસ્થામાં ન કરતાં આ ન કરવાયોગ્ય કાર્યમાં તમારો પ્રવેશ જોઇને મને હૃદયમાં ઉદ્વેગ ભાસેછે.

હે સાવધાન પુરુષ! તમે જાણોછો કે ક્ષત્રિયના કુલમાં જન્મેલા પુરુષનાં મસ્તક પ્રજાના રક્ષણાર્થે જ ધડઉપર સંધાયા છે. તેમને રણમાં જવું તથા રાત્રદિવસ પોતાની પ્રજાને નિરુપદ્રવ રાખવાઅર્થે

ગૃહ છોડીને વિચરવું પડેછે. તો આવા ક્ષત્રિયપુત્રે સ્ત્રી,પુત્ર,ગૃહ,ધનાદિ પદાર્થમાં મોહ પામી રહેવું એ કેમ જ ઉચિત ગણાય ? આ લોકમાં સર્વને પ્રસિદ્ધ જ છે કે જે પુરુષ વિષયોમાં જ આસક્ત રહેનારા છે, તે પોતાના ધર્મથી ભ્રષ્ટ થાયછે એટલું જ નહિ પણ તેમને હાથે કોઈ પ્રકારનું પણ દૈવી પરાક્રમ થવું સંભવતુ નથી. આ કારણુથી જ ક્ષત્રિયપુરુષો પોતાના ધર્મના પાલનાર્થે આ સ્ત્રિયાદિ વિષયોમાં અધિક મોહ ધરી બંધાઈ રહેતા નથી.

હે રાજપુત્ર ! આ આદિ અનેક પ્રકારના વિચારને વશ થતાં પ્રથમ તમને જોઇને તથા તમારા પરાક્રમને જાણીને જેવો મને સંતોષ થયો હતો તેવો આ તમારા પ્રવાસના નિમિત્તને તથા તમારી આ સમયની અંતઃકરણની સ્થિતિને જાણીને મને અસંતોષ થાય છે. આમ છતાં પણ તમારી ઇચ્છાનુકૂલ તમને મારી શક્તિપ્રમાણે આશ્રય આપવામાં હું મને પોતાને ભાગ્યશાલી સમજું છું. તમે જે આ અલંકારો મને આપી ધન લેવા ધારોછો તે અલંકારો તમારા સમીપ રાખો અને તમારી ઇચ્છાપ્રમાણે આ મારા ખાનગી ભંડારમાંથી ધન માગો એટલું આ ક્ષણે મગાવી આપુંછું તેનો ઇચ્છાનુસાર ઉપયોગ કરો. હું આશા રાખુંછું કે આ પ્રસંગે મારાથી તમને ન ઘટતાં કઠોર વચનો કહેવાયાં છે, તે મારો અધિકાર ન છતાં મેં તમને સંભળાવ્યાં છે તેની મને ક્ષમા આપજો. તમે મારા દ્વારઉપર આજે યોગ્ય અતિથિ આવ્યા છો તેને આ પ્રકારનાં અપ્રિય વચનો સંભળાવવાનો મારો ધર્મ ન છતાં પણ મેં સંભળાવ્યાં છે એ મારો ન ક્ષમા અપાય એવો મોટો અપરાધ છે, પણ તમે કે જે ક્ષમા આપનાર ઉદાર ક્ષત્રિય છો તે આપશો એમાં મને સંદેહ નથી.

આ પ્રમાણે અનેક પ્રકારનાં યથાર્થ, પ્રિય તથા હિતકર વચનો તેણે મને સંભળાવ્યાં તથા ક્ષમા માગી. આ પ્રકારનો તે રાજાનો વિવેક જોઇને મારૂં હૃદય ભીની ગયું. હું થોડીવાર ગ્લાનિ પામેલા ચિત્ત તથા મુખથી નીચે જોઇ રહ્યો. પણ પછી ધૈર્યથી તે રાજાને સંતોષ પમાડવાઅર્થે આ પ્રકારનાં વચનો સરલપણે હું બોલ્યો.

મેં કહ્યું, હે ભૂપતિ ! તમારાં વચનો મને દુઃખ નહિ પણ સુખ આપનાર છે. અને તે સુખદ વચનો કહેવાથી તમે અપરાધ કર્યો નથી, પણ મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. હું અતિથિનું આપે આ પ્રકારના સુબોધનું દાન આપવાથી યોગ્ય સંમાન થઈ ચુક્યું છે, જેથી આપને અસંતોષ માનવાનું કાંઈ કારણ નથી. આ આપનાં વચનોથી જો મને દુઃખ લાગે તો હું મને પોતાને મોટો મૂર્ખ

સમજાું છું. ક્ષત્રિયકુલમાં પ્રકટેલા અને મારાથી વડિલ આપ મને સ્વધર્મનો બોધ આપવામાં યોગ્ય અધિકારવાળા છો. હું કે જે અસાવધ થઇને અનુચિત માર્ગમાં વર્ત્યો જાઉંછું તેને સાવધાન કરનારાં આપનાં આ વચનો જેમ મરણના મુખમાં જનાર મહારોગીને કુશલ વૈદ્ય દયાવડે મહામાત્રા આપીને બચાવે છે તેમ મને અધર્મમાં જતાં રક્ષણ કરનાર મહામાત્રારૂપ છે. તેથી આપનાં વચનોથી મને ખેદ ન થતાં હર્ષ થયો છે. હે નરેશ ! આ લોકમાં કડવાં જણાતાં પણ ગુણથી પ્રિય તથા હિતકર વચનો કહેનાર ઘણા થોડા છે. આપે મને જે જે વચનો કહ્યાં છે તે મારા હૃદયમાં મેં અલંકારોકરતાં પણ મૂલ્યવાન્ ગણીને ધારણ કર્યાં છે. અને તે કોઈ પ્રકારની આપત્તિમાં કાઢી મૂકાશે નહિ. આ અલંકારો તો મને ભયના આપવાર નિવડ્યા છે પણ એ શબ્દરૂપ અલંકારો તો મને યાવજ્જીવન અભયના આપનાર જ નિવડશે એમાં સંદેહ નથી. હે રાજન્! કોઇ પણ આ સમયમાં મને ન કરે એવો ઉપકાર આપે કર્યો છે, અને એનો બદલો કાલાંતરે પણ યોગ્ય પ્રકારે વાળી શકીશ, એમ મને ભાસતું નથી.

હે સ્વધર્માચરણી નરાધિપતિ ! આ સંસારના અસ્થિર સ્વરૂપને અનુભવથી યથાવત નહિ જાણનારો તથા વિષય માત્રને ભોગદ્વારા દુઃખરૂપ છે એમ નિશ્ચયપૂર્વક ન સમજનારો હું આ વિષયના પાશમાં પડ્યો છું. એથી મને આ મારી પ્રવૃત્તિ અત્યંત પ્રતિકૂલ ભાસતી નથી. તોપણ મારા અનુભવના પ્રમાણમાં મને દૃઢ નિશ્ચય થતો જાય છે કે આ સંસારમાં વિષયમગ્ન જીવોને સુખની પ્રતીતિના અંશકરતાં દુઃખની પ્રતીતિના અંશ અધિક હશે.

હે શાંતાત્મન્ ! આ લોકોપ્રતિ દૃષ્ટિ કરતાં મને સ્પષ્ટ ભાસે છે કે આ વિષયની આસક્તિથી છૂટવું એ જીવોને માટે અત્યંત કઠિન કાર્ય છે. હું સરખા અનનુભવવાળા તો સુખબુદ્ધિથી આ પાશમાં પડ્યા વિષયોપ્રતિ તણાયા કરે છે, પરંતુ જેમને આ સંસારના તથા વિવિધ વિષયના દુઃખદ સ્વરૂપનું ભાન યથાવત્ થયું હોય છે તથા અંતરથી જગતના ત્રાસના ઉદ્ગારો ઉદ્ભવી ઉદ્ભવીને મુખદ્વારા નિરંતર વહ્યાં કરે છે એવાને પણ આ વિષયમોહપાશથી મુક્ત થઈ નીકળવું અત્યંત કઠિનવત્ ભાસે છે એ આશ્ચર્ય છે.

આમ હોવામાં મારી અલ્પમતિ તો એવો નિશ્ચય કરે છે કે આ અંતઃકરણરૂપ સંસ્કારસમૂહનો જય કરવામાં જીવોનું સામર્થ્ય નથી. એક કાર્યને અયોગ્ય સમજનાર પુરુષ પણ કાલે કરીને તેવા કાર્યના કર્તા થતા જણાયા છે. અંતરમાંથી આવતા ક્રિયાનાં કરાવનાર કાર-

ણના વેગને રોકવામાં સમર્થ એવા શૂરવીરનો આ જગત્માં ટોટો છે એમાં સંદેહ નથી. અંતર્માં સ્ફુરતી ઇચ્છા તથા બહાર થતી ક્રિયાને પોતાને અધીન વર્તાવનાર એવા પુરુષો જગત્માં હોવા સંભવે છે, પણ ઘણા થોડા. આ મન જે જીવને પોતાના વેગમાં જ તાણ્યાં કરે છે તેને તે વેગથી ભ્રષ્ટ કરીને આ જીવ પોતાના અનુકૂલ માર્ગમાં સ્થાપે એવું સામર્થ્ય મેળવવું એ જ આ જગત્માં જન્મ ધર્યાનું સાર્થક હોય એમ મને ભાસે છે. આ હું વૃત્તિઓના અંતર્થી ઉઠેલા વેગને જાણું છું, અને તેના યોગ્યાયોગ્યપણાને પણ સમજું છું, તથાપિ તે સંપૂર્ણ ઉઠતા વેગને મૂલથી રોકી શકતો નથી. ઘણે પ્રસંગે રોકી પણ શકું છું અને કોઈ કોઇ વેલા તો હું એને રોકવા કેવલ અસમર્થ જણાયો છું. આપસરખા પ્રાપ્તવિવેક પુરુષદ્વારા શ્રવણ કરવા છતાં પણ એક વાર આગ્રહપૂર્વક કરેલા નિશ્ચયથી પાછા હઠાતું નથી, એ મારો દોષ હું સમજું છું. જે કાર્યનિમિત્તે આ મારૂં પ્રયાણ છે તે કેવલ સ્ત્રીની શોધ એ જ નથી પણ બીજા અનેક પ્રકારના અનુભવઅર્થે છે. એ સઘળું છતાં પણ પ્રધાન હેતુ સ્ત્રીની શોધ કરવી એ તો છે જ.

આ આગ્રહ દોષરૂપ છે એમ સમજાય છે તો પણ હવે એકાએક તે છૂટી શકવા સંભવ નથી. એમાં આ ક્ષાત્ર સ્વભાવ અથવા રાજહઠ કે બાલહઠ કારણ ભલે ઠરતું હોય તેમાં મને વિરોધ નથી. વિશેષ વિચારથી એમ પણ જણાય છે કે જ્યારે આ સંસારમાં કોઈ સ્થિતિમાં પણ જીવને સુખ નથી હોતું તો પછી આ સ્થિતિ પણ સજવાથી શું અધિક છે? આમ છતાં પણ સ્વધર્માચરણની વિરોધી પ્રવૃત્તિવાળી સ્થિતિ ઇષ્ટ નથી. એથી, આપનું કહેવું અધિક માન્ય છે.

એ સ્ત્રીનું સ્થાન કે દિશા જ્ઞાત નથી તો પણ મેં નિશ્ચય કરેલા કાલપર્યંત ગમે તે દિશામાં ભ્રમણ કરવું અને તે કાલ પૂર્ણ થાય તે જ ક્ષણે પુનઃ ગૃહપ્રતિ વળવું એમ છે. માટે એ આગ્રહ છોડવા વિષે નિરુપાયથી હું ના કહુંછું. આપ અલંકારો લીધા વિના દ્રવ્ય આપો તે મારે ઉપયોગનું નથી. પ્રવાસમાં એકલા વિચરવાના પ્રસંગે ભિક્ષાન્ન વિના બીજો નિર્વાહનો માર્ગ મને જણાતો નથી. અને જણાય છે તો તે ભય ઉપજાવનાર તથા વારંવાર ઈપ્સિત કાર્યમાં વિઘ્ન આણનાર છે, માટે તે પ્રિય નથી. હવે જે આપને યોગ્ય જણાય તે કહો. આ મારાં વચનો ઉદ્ધતપણાનાં, અવિચારનાં, અને દુઃખદ છે, તો પણ આપ કે જે મારૂં હિત ઇચ્છનાર છો તે તેને નિર્દોષ જાણીને મને ક્ષમા આપશો.

આ આદિ પરસ્પર વાર્તા થયા પછી તેમણે મને કહ્યું કે જો તમને અનુકૂલ લાગે તો એ સ્ત્રીનું ચિત્ર મને આપો; હું દિશાઓ-પ્રતિ કુશલ સેવકોને મોકલીને રાજદ્વારોમાં તજવીજ કરાવું અને ત્યાં પર્યંત તમે આ સ્થલે રહો. આ તેમનાં વચન મેં ન સ્વીકારતાં વિવેકથી જણાવ્યું કે મારા પિતાએ એ પ્રકારે કરી જોયુંછે. માટે હવે એમ કરવું નથી. મારે પોતે જ વિચરીને દૈવગતિનું સ્વરૂપ જોવું છે. મારે છેવટ માગવાનું એ જ છે કે જો અલંકારો લઈ ધનને આપવા ઇચ્છા હોય તો આ અલંકારો આપના સ્વાધીન રાખો. હું પુનઃ વળતાં આવીશ ત્યારે ઘટિત વ્યવસ્થા કરીશ અને ઈશ્વરેચ્છાથી ન અવાય તો એનો સદ્વ્યય આપ કરજો. અને મારો નિશ્ચય પૂર્ણ કરવાપર્યંત હવે મને રોકવાસંબંધે આપ શ્રમ લેશો નહિ. તેમ જ અલંકારો રાખ્યા વિના બીજે પ્રકારે ધન પણ મને આપવાનો આગ્રહ કરશો નહિ.

આ આદિ મારાં વચનોને શ્રવણ કરીને એ સંબંધમાં તત્કાલ તો તે કાંઇ બોલ્યા નહિ. પણ મને ત્રણ દિવસ આગ્રહ કરીને ત્યાં રોકયો તથા રુડે પ્રકારે મારી પરોણાગત કરી. પછી જ્યારે મારી વૃત્તિ નિકળવા સંબંધમાં આતુરતાવાળી દીઠી ત્યારે તેમણે મને એકાંતમાં બોલાવી બેસાડીને પોતાના ખાનગી ભંડારમાંથી એક પાત્ર લાવીને મારી પાસે મૂક્યું, અને બોલ્યા, હે રાજપુત્ર ! આ પાત્ર મારી ઇચ્છા છે કે તમે પ્રવાસમાં તમારી પાસે રાખજો. એનું પ્રાણની પેઠે યત્નથી રક્ષણ કરજો. અને જ્યારે તમે પાછા વળી અત્ર આવો ત્યારે એ મને પાછું આપજો. તમારી ઇચ્છા એમ જ છે તો હું તમને ધન આપતો નથી. જો તમને વિઘ્નરૂપ જણાતા હોય તો તમારા અલંકારો સુખ-પૂર્વક અત્ર મૂકી જાઓ અને પાછા વળતાં તમે સંભાળીને લઈ જજો.

આ પ્રકારનાં તે રાજાનાં વચન શ્રવણ કરીને તથા પેલા પાત્ર-પ્રતિ જોઇને મને મોટું આશ્ચર્ય લાગ્યું. અધિક આશ્ચર્ય જણાવાનું કારણ તો એ જ કે દૃષ્ટિએ જોતાં તે પાત્ર મૃત્તિકાના પાત્રસમાન દેખાતું હતું. મેં મારા મનમાં વિચાર કર્યો કે આ ભલો અને ઉદાર રાજા છતાં આ તુચ્છસરખું મૃત્તિકાપાત્ર આપેછે, છતાં તે સંભા-ળીને વળતાં પાછું લાવી આપવા કહેછે એનું કારણ શું હશે ? આવાં પાત્ર તો રંક લોકો ભોજન કરવાના કામમાં રાખે છે. મારી દીન-પણે વિરક્તની પેઠે વિચરવાની તથા ભયરહિત રહેવાની ઇચ્છા જા-ણીને આ મૃત્તિકાનું પાત્ર મને આપવા ધાર્યું છે. પરંતુ એ લેવાથી મને એનો નાશ થવાનું કિંવા ચોરાઈ જવાનું ભય જ રહેવાનું. જેથી

એ પાત્ર લેવાકરતાં એવું મૃત્તિકાનું પાત્ર જ્યાં જઇશું ત્યાં કુલાલને ઘરથી મળશે તે લેવું વધારે સુગમ પડશે. કારણ કે તેના ચોરાવા તથા ભાગવાવિષેનું ભય મને રહેશે નહિ.

આ આદિ વિચારને કર્યા પછી મેં કહ્યું, આ પાત્ર આપ આપો છો તો એ લેવા મને અનાદર નથી. પરંતુ એ પાછું લાવી સોંપવાપર્યંત મારા મનમાં ભય આપનાર થશે. માટે જો આપને અધિક ઉપયોગી હોય તો એને અત્ર જ રાખો, અને મને તો જ્યાં ભોજન મળશે ત્યાં એવું ભોજનપાત્ર પણ આપની દયાથી મળશે. માટે એ મારા ન લેવાથી આપ ઓછું આણશો નહિ, અને આ અલંકારો આપ કૃપા કરી રાખવા સ્વીકારો છો તો હું મૂકું છું. પણ એનો દૈવગતિથી નાશ થાય અર્થાત્ ચોરીએ જાય અથવા અગ્નિથી રૂપાંતર થાય તો આપ સંકોચ માનશો નહિ. કારણ કે પરિણામમાં પ્રત્યેક દેખવામાં આવતો પદાર્થ પોતાના કારણમાં લય પામ્યાવિના રહેનાર નથી. આમ બોલીને મેં સઘળા અલંકાર ઉતારીને તેમના સમીપ મૂકયા.

આ મારાં વચનોને શ્રવણ કરીને મંદ મંદ હસતાં તે રાજા બોલ્યા, હે ક્ષત્રિયકુલદીપક ! આ કુલાલો નિપજાવે છે તેવું લૌકિક મૃત્તિકાપાત્ર નથી. પણ એ દૈવી પાત્ર છે. એ ઉપાસ્ય દેવતાના પ્રસાદરૂપ છે. એવું પાત્ર કષ્ટવડે પણ સામાન્ય મનુષ્યને મળવું કઠિન છે હે શૂરવીર ! એ પાત્ર તમારા ધર્મનું તથા તમારા શરીરનું રક્ષણ કરનાર થશે. માટે તમે એનો અનાદર કરો મા. આ પાત્ર જગતના પાલક વિષ્ણુના સમાન ધર્મવાળું છે. જે જે સમયે તમારે અન્નજલની ઇચ્છા થાય તે તે સમયે તમને એ અમૃતસમાન પકવાન્ન તથા જલ આપશે. જ્યારે જ્યારે ઇચ્છા કરશો ત્યારે એક મનુષ્યના આહારજેટલું પકવાન્ન એમાં આવીને પ્રાપ્ત થશે અને તે જ પ્રમાણે જલ પણ પ્રાપ્ત થશે. આ પાત્રનું રક્ષણ કરવાથી તમારે ગૃહે ગૃહે ભિક્ષાન્ન માગવા જવાની અગત્ય પડશે નહિ આ પાત્ર જોવામાત્રથી મોહ ઉપજાવનાર નથી, તેથી એ ચોરાઇ જવાનું ભય આપનાર થશે નહિ. એનો ગુણ જાણ્યા પછી એ મોહ ઉપજાવે એમ છે માટે એનો ગુણ કોઇ પણ મનુષ્યના જોવાજાણવામાં ન આવે એમ કરજો. એકાંતમાં આપણી ઇચ્છા આવે ત્યાં અન્નજલ પ્રકટ કરી લેજો. હે રાજપુત્ર ! જેમ આ લોકમાં ગુણવાળા પ્રાણિપદાર્થને રૂપહીન જોઇને કોઇ ગ્રહણ કરતા નથી તેમ આ ગુણવાળું પાત્ર રૂપવડે હીન હોવાથી મોહક નથી. તેથી એ તમને સદા સુખી તથા નિર્ભય રાખશે.

આ પ્રકારનાં વચનો શ્રવણ કરીને હું મનમાં ઘણો પ્રસન્ન થયો તથા મને પોતાને હું મૂર્ખ પણ સમજ્યો, કારણ કે હું ગુણના જ્ઞાનવિના કેવલ સ્ત્રીનું રૂપમાત્ર જોઇને તેના પ્રતિ મોહવડે તણાયો જતો હતો. આ પાત્ર જોતાં વિદ્વાનોનું 'જેવું રૂપ તેવા ગુણ હોય છે,' એવું વચન વ્યર્થ સમજાયું. અહો ! આ સંસારમાં કેવા કેવા પદાર્થો તથા તેના કેવા કેવા સમર્થ ભોક્તાઓ વિદ્યમાન છે ! પણ કૂપદર્દુરની પેઠે પોતાના ગૃહમાં જ આયુષ્યને વ્યતીત કરનાર મનુષ્યો તેને શું જાણી શકે ? હું પણ આ સ્થલે ન આવ્યો હોત તો આ પાત્ર મારા જોવા જાણવામાં ક્યાંથી આવત ? આજથી મારા ભાગ્યનો એક પ્રકારનો ઉદય થયો છે એમ હું માનું તો તે મિથ્યા ગણાશે નહિ. આ આદિ વિચારોથી હર્ષિત થયેલો હું તે પુરુષપ્રતિ આ પ્રકારે બોલ્યો.

હે નરાધિપતિ ! આ પાત્ર આપવાથી આપનો જે ઉપકાર થાય છે તેનો બદલો વળશે નહિ. આ ક્ષણે આ પાત્ર આપનાર ઉપાસ્ય દેવતારૂપ આપને નમસ્કારવિના અન્ય કાંઈ અર્પવા હું સમર્થ નથી. હવે મને પ્રસન્ન થઇને વિદાય કરો. આ વચન સાંભળીને તેણે એક રુપાના પાત્રમાં મારા અલંકારો મૂકી વ્યવસ્થાથી બાંધીને તે ઉપર મારા હાથનું નિશાન કરાવીને યોગ્ય સ્થલે મૂક્યા. પેલા પાત્રસાથે તે પાત્રઉપર ઢાંકવાનો એક રૂમાલતથા તેસહિત તે પાત્ર મૂકવાની એક સાદા વસ્ત્રની ઝોળી મને આપી. પછી તે રાત્ર ત્યાં રાખીને બીજા દિવસના બ્રાહ્મમુહૂર્તે મને પોતાના રથમાં બેસાડીને પોતે સાથે બે કોશપર્યંત વિદાય કરવા આવ્યા. જ્યારે પાછા વળવાનો મેં તેમને અતિ આગ્રહ કર્યો ત્યારે તેમણે રથ રાખીને મને નીચે ઉતારચો તથા તે પણ ઉતરચા. મેં મારો અશ્વ એમને સ્વાધીન કર્યો હતો, કારણ કે મારે પગપાળા જ ચાલવાનો વિચાર હતો. તેમણે વાહનમાટે મને ઘણું સમજાવ્યો, પણ મારો આગ્રહ વિલક્ષણ જોઇને પછી તે એ સંબંધમાં મૌન જ રહ્યા હતા. મને આ સ્થલે રથથી ઉતારીને આલિંગન દીધું તથા નેત્રમાંથી પ્રેમાશ્રુ પાડતાં કહ્યું હે વીર ! વળતાં આ માર્ગે આવજો. ધારેલા સમયથી વધારે કાલ પ્રવાસ કરશો નહિ. ઇચ્છેલા તુચ્છ વિષયની પ્રાપ્તિઅપ્રાપ્તિથી હર્ષશોકને પ્રાપ્ત થશો નહિ. કોઇનો પણ વિશ્વાસ કરશો નહિ. દુર્જનને ઓળખી તેના સંગથી વેગળા રહેજો. મહામોહક પદાર્થ દેખાડી પોતાને વશ વર્તાવી હણુનાર અવિશ્વાસપાત્ર ઠગના પાશમાં બંધાશો નહિ. ધૈર્યથી ડગશો નહિ. આપત્તિથી વિકલ થઈ શરીર કે સંસારપ્રતિ દ્વેષ ધરશો નહિ.

રાજમાર્ગ ત્યજીને વિકટ માર્ગે વિચરશો નહિ. આપણો ગુહ્ય વૃત્તાન્ત અર્થ સિદ્ધ થયાપૂર્વે પ્રયોજન વિના પ્રકટ કરશો નહિ. ભાવિમાં આવનાર સુખદુ:ખને અવિકલપણે સહન કરજો. આપત્તિને સંપત્તિરૂપ માનીને અર્થ ન સરતાં પણ પાછા આ સ્થલે આવી મળજો. ઈશ્વર જે આ વિશ્વનાં ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના હેતુરૂપ છે, તેમને હૃદયમાંથી વિસારશો નહિ. આ આદિ બોધવચન કહીને તે મૌન રહ્યા. મેં તેમને સવિનય નમન કર્યું; તથા તેમની શિક્ષાને નિરંતર સ્મરણ રાખવા તથા દેહ છે તો પુન: અવશ્ય મળવા વચન આપ્યું. પછી અમે જૂદા પડ્યા. તે પોતાના રથમાં બેશીને જેમ કોઇ દેવ વિમાનમાં આરૂઢ થઇ સ્વસ્થાને ગમન કરે તેમ પોતાના સ્થાનપ્રતિ વળ્યા; અને હું પણ જેમ કોઈ અષ્ટ સિદ્ધિઓના ઐશ્વર્યવાળા મહા યોગી અતીતસરખા પ્રતીત થતા હસ્તમાં કર્પર લઇને ઇચ્છાનુસાર પ્રાપ્તવાટે વિચરે તેમ મસ્તસરખો થઇને નિર્ભયપણે પેલી ઝોળી સ્કંધે ભેરવીને કર્પરસમ પેલું પાત્ર હાથમાં લઇને અતીતસરખા વેષવડે વૃત્તિઅનુકૂલ માર્ગે ચાલતો થયો.

આગળ ચાલતાં મને અંત:કરણમાં એક ક્ષણે આનંદનો અને અન્ય ક્ષણે ખેદનો ભાસ થતો જણાયો. ત્યાં સઘળા પ્રકારના ભયથી હું રહિત થયોછું અને આ અન્નપાત્ર મળવાથી સર્વ મનુષ્યની સ્પૃહાવિનાનો હું થયો છું એવું ભાન થતાં તો મને આનંદ ભાસતો; અને જ્યારે જ્યારે મને મારી મૂલ સ્થિતિનું સ્મરણ થતું ત્યારે આ મારી અતીતસરખી છતાં અયથાર્થ અતીતાવસ્થાનું ભાન થતાં મને અંતર્માં ખેદ ભાસતો. આપ્રમાણે આનંદને તથા શોકને અનુભવતો હું આગળ ચાલતાં આ પ્રકારના વિચારને કરવા લાગ્યો.

'અરેરે ! આ સંસારમાં મોહ એ જ મનુષ્યનો મોટો શત્રુ છે. એ મોહરૂપ શત્રુને વશ પડેલાને અંતમાં કુશલતાનો સંભવ શો ? આ મોહનો પ્રાદુર્ભાવ જેના અંતર્માં થાય છે, તેને પ્રથમ તો એ મોહ પોતાના સ્વધર્મનું ભાન ભુલાવી નાંખે છે, અને કરવાયોગ્ય ક્રિયાથી વારંવાર ભ્રષ્ટ કરીને ન કરવાયોગ્ય ક્રિયાઓને કરાવેછે. અનેક કષ્ટ આપીને તે મોહ પોતાને વશ વર્તનારને મહા અનર્થને પ્રાપ્ત કરે છે. એ મોહ સર્વ મનુષ્યનાં અંત:કરણમાં ચોરની પેઠે ગુપ્ત થઈને રહેછે, તે જ્યારે જ્યારે વિષયપદાર્થનો તથા વૃત્તિનો અંતર્બહિર્ સંબંધ થાય છે ત્યારે ત્યારે તત્કાલ પ્રકટ થાય છે. અંતર્માં વૃત્તિ વિષયનું સ્મરણચિંતન કરે છે ત્યારે તથા બહિર્ વૃત્તિને ઇન્દ્રિયદ્વારા વિષયનો સંસર્ગ થાય છે ત્યારે આ મોહ પ્રકટ થયા વિના રહેતો નથી,

એ મને તો અનુભવસિદ્ધ ભાસે છે અને અન્ય ઇંદ્રિયમનાદિના જયવાળા પુરુષને કદાચિત્ ન પ્રતીત થાય તો તે વિષે મારે કાંઈ કહેવાસરખું નથી. આ મોહ સ્ત્રીધનાદિ સમગ્ર વિષયપદાર્થના સંબંધથી વિસ્તરે છે. એ વિષયમાત્રનું વિસ્મરણ થઈ જાય તો જ આ મોહ નિર્મૂલ થવો સંભવે છે, પણ મારા સરખાને સર્વ વિષયના વિસ્મરણનું સામર્થ્ય આ ક્ષણે હોય એમ ભાસતું નથી. જે મનુષ્યને આ વિષયપદાર્થમાંના કોઈએક પદાર્થમાં પણ જો મોહ પ્રકટે છે તો તેને સુખ કે સ્થિરતા ભાસતી નથી, તો જેને અનેક પદાર્થમાં મોહ થાય છે તેને તો સુખ કે સ્થિરતા ક્યાંથી જ હોય ? પદાર્થના સંબંધથી તેમાં સુખબુદ્ધિ પ્રકટીને મોહ થાય છે. મોહ થવાથી તે પદાર્થ મેળવવાની કામના થાય છે. કામનાનો કે પ્રયત્નનો ભંગ થવાના સમયોમાં ક્રોધ પ્રકટે છે. કામનામાં બંધાઈ યત્ન કરવાનો આરંભ થતાં જ આશા દૃઢ થતી જાય છે. આશાપ્રમાણે ફલનો સંભવ ન ભાસતાં આશાભંગના પ્રસંગ આવે છે. નિરાશા થવાથી શોક પ્રકટે છે. શોકથી અંતર્બહિર્ શિથિલતા જણાય છે. અંગોની શિથિલતાથી અવયવોનો વ્યાપાર યથાવત્ થતો નથી. તેથી જઠરાગ્નિનું સામર્થ્ય ઘટી જાય છે. તેથી અન્નપચનાદિમાં વિઘ્ન આવે છે. તેથી ધાતુઆદિમાં વિકાર થાય છે. તે વિકારો પ્રબલ થવાથી શરીર ક્ષીણ થાય છે, તેથી અંતઃકરણ પણ હીનસત્વ થાય છે. અને એમ થતાં ક્રમે કરીને પદાર્થમાત્રમાં દ્વેષ થઇને મરણને સ્વાધીન થવાયછે. અહોહો ! આ સમગ્ર અનર્થની પરંપરાને પ્રાપ્ત કરનાર મોહનો મહિમા કેવો છે! આ હું કે જે વિચારવડે સર્વ અનિષ્ટ આપનાર મોહને જાણું છું તે પણ જ્યારે આ દુષ્ટ મોહથી બચી શકતો નથી તો એને અનર્થના મૂલરૂપ ન જાણનાર મંદમતિ મનુષ્યો તો એનાથી કેમ જ બચી શકે ? રે રે ! મને ધિક્કાર છે ! હું અવિવેકવડે આ મોહને વશ થયો છું. અનેક કષ્ટ વેઠયાછતાં પણ હજી હું એનાથી છૂટી શકતો નથી. આગળ મારે ઈશ્વર જાણે કેવા પ્રકારનાં કષ્ટ ભોગવવાનાં છે. અરે ! જે પદાર્થમાં મોહથી બંધાઇને હું આજ તણાયો જાઊંછું તે પદાર્થને મેં જોયો પણ નથી. જોઇ શકીશ કે નહિ તેનો નિશ્ચય નથી, તોપણ વહ્યો જાઊંછું તો તે પદાર્થને પામ્યા પછી તો હું તેના મોહથી કેમ જ છૂટી શકીશ ? પણ ખરે એવો નિયમ સમજાય છે કે જે વસ્તુ મળેલી હોય છે તેની સ્પૃહા ઓછી થાય છે. અને ન મળેલા પદાર્થની નિરંતર ઇચ્છા રહે છે. એ નિયમથી કદાચિત્ પાછળથી આ મારો મોહ છૂટી જાય તો સુખી પણ થવાય'. આ આદિ વિચાર

કરતાં આગળ ચાલતાં હું એક અરણ્યને માર્ગે ચઢી ગયો. જેમ જેમ આગળ ચાલ્યો તેમ તેમ ગાઢા વનમાં મારો પ્રવેશ થતો ગયો. પ્રથમ તો મેં જાણ્યું કે આવો વિકટ માર્ગ બે ચાર કોશનો હશે પણ આગળ જતાં તો ઝાડીવાળો માર્ગ આવ્યો. મનુષ્યની આવજાવ જણાઈ નહિ. મારે વસતિની ઝાઝી અગત્ય ન હોવાથી હું ચાલ્યો ગયો. ભયથી હું પાછો હઠું એમ નથી એવો જુસ્સો મનમાં હોવાથી નિર્ભય સરખો ચાલતો હતો. રાત્ર પડતાં નિયમપ્રમાણે વૃક્ષની શાખાએ બેશી રાત્રિ કાઢતો હતો. દિવસના પ્રથમ તથા છેલ્લા પ્રહરમાં હું અન્નજલ એકાંતમાં બેશીને લેતો હતો. આ વનમાં રાત્રિ પડી ત્યારે એક મોટા વૃક્ષની શાખાઉપર ચઢીને બેઠો. અનેક પ્રકારના વિચાર કરતાં રાત્રિ વ્યતીત કરી. બીજાં વૃક્ષોઉપર જ્યાં વિકટ સ્થલ હોય ત્યાં તો રાત્રિ આખી નિદ્રારહિત રહેવું પડતું. પણ આ વૃક્ષ તો મોટું તથા એની શાખાઓ પણ મોટા વિસ્તારવાળી હતી તેથી જાણે શય્યાઉપર સૂતા હોઇએ તેની પેઠે નિવૃત્તિથી નિદ્રા લેવાસરખું ભાસ્યું. શાખાની શાખાઓ એવા નિયમમાં પ્રકટેલી કે જાણે પર્યંકસરખું થઇ રહ્યું હતું. આ વૃક્ષસરખી અન્ય કોઇ પણ વૃક્ષઉપર મને અનુકૂલતા જણાઈ ન હતી. આખી રાત્રિ એ વૃક્ષઉપર ગાળ્યા પછી પ્રાતઃકાલમાં ઉઠીને હું પાછો માર્ગે પડચો. એ બીજા દિવસનો માર્ગ મને ઘણો વિકટ ભાસવા લાગ્યો. ભયંકર પ્રાણિઓના શબ્દ કાને પડવા લાગ્યા. ઘણે અંતરેથી વિચિત્ર પ્રકારનાં જંગલી પ્રાણિઓને એક દિશાથી બીજી દિશામાં પળતાં હું જોવા લાગ્યો. આ સમયે મારા મનમાં મને શસ્ત્રોનું સ્મરણ થયું. હથિયારવિનાનો હું સમીપ આવેલાં જંગલી પ્રાણીને શી રીતે અટકાવીશ કે હણીશ ? શસ્ત્રવિના મારૂં પોતાનું રક્ષણ પણ હું શાવડે કરીશ, એ સંબંધી વિચાર કરવા લાગ્યો. અંતર્માં ભય જણાવા લાગ્યું. ચાલતાં ભયયુક્ત નેત્રથી આસપાસ ને આગળ પાછળ જોતો ત્વરાથી ચાલવા લાગ્યો. રોજકરતાં એ દિવસમાં મેં વધારે પંથ કાપ્યો. ભયમાં ને ભયમાં સાયંકાલપર્યંત ચાલ્યો. પણ સર્વશકિતમાન્ જગત્પાલક ઈશ્વરની સત્તાથી મારા સમીપ ભયનું કારણ આવ્યું નહિ. સાયંકાલ થતાં એક વૃક્ષઉપર રાત્રિ ગાળી. પુનઃ પ્રભાતમાં ચાલવા લાગ્યો. સમય થતાં અન્નજલ લીધાં. પાછો માર્ગે પડચો. ચાલતાં મને એક ભયંકર સર્પ આડો ઉતરચો. આ અપશકુન થયા એવું મનમાં ભાસ્યું. આગળ ચાલતાં વામાંગ ફરકવા લાગ્યું, ત્યારે મનમાં ભયના આગમનની શંકા પ્રબલપણે થવા લાગી. ઈશ્વરને જે ગમે તે ખરું એવો નિશ્ચય કરતાં હું આગળ

ચાલતો. પણ અનિષ્ટની શંકાના પ્રવેશથી મારા ચરણ વેગથી માર્ગ કાપતા જણાતા ન હતા. આ પ્રકારે અંતરમાં ભયની શંકા માત્ર થવાથી જ્યારે મારા શરીરની તથા મનની શક્તિ હણાતી જાણી ત્યારે મને મનમાં આ પ્રકારના વિચારનો પ્રવાહ ચાલતો જણાયો.

'અરેરે! મનુષ્યજાતિમાં શ્રેષ્ઠ એવા બ્રાહ્મણના કુલથી ઉતરતા ક્ષત્રિયના કુલમાં જન્મ ધરીને આ પ્રકારે કારણવિના ભયભીત થવાય છે, એ મારાં કુલ, બલ તથા પરાક્રમને મોટું લાંછન લગાડનાર છે. ક્ષત્રિયપુરુષે તો કાલના સંમુખ પણ નિર્ભય થઇને ઉભા રહેવું જોઇએ. જે ક્ષત્રિયે કાળી રાત્રે જનપ્રદેશ તથા નિર્જન પ્રદેશમાં ભ્રમી ભ્રમીને આપણા બાહુબલથી સર્વ સુપ્રજાને અભય આપવું જોઇએ તે ક્ષત્રિય હું આજ આ પ્રકારે ભય પામું છું! ધિક્કાર છે મને! અહો! જે વીર પુરુષે વિનાકારણ ભય પ્રવર્તાવનાર દુષ્ટ મનુષ્યાદિ પ્રાણિઓને પોતાના શસ્ત્રના પ્રભાવથી સરલ કરી નાંખવા ઘટેછે તે વીર પુરુષની પંક્તિમાં પ્રવેશનાર હું આજે અકારણ ભય ઉપજાવનાર દુષ્ટના ભયથી શિથિલ થાઉં છું! કેવું આશ્ચર્ય છે? હું જાણું છું કે આ સંસારમાં જન્મ ધારણ કરનાર સર્વને મરણ એક દિવસ છે. તે મરણથી ભય પામી ભાગનાર સામાન્ય મનુષ્યને કોઈ પ્રકારે પણ મરણ છોડતું નથી; તો પછી ભય ધરવાથી શું ફલ છે? કાંઈ જ નહિ. આ હું કે જેણે મરણને આદરીને ગૃહવૈભવનો ત્યાગ કરીને પ્રવાસ સ્વીકાર્યો છે તેને પણ જ્યારે ભય છોડતુ નથી તો અન્યની શી વાર્તા'?

આ આદિ વિચારથી સાવધાન થતો હું થોડે આગળ નિકળી ગયો, એટલામાં મને કઠોર પણ ન સમજી શકાય એવા શબ્દો મોટેથી બોલતાં કોઈ મારા તરફ આવેછે એમ જણાયું. તે શબ્દ એક વ્યક્તિનો નહિ પણ ઘણાનો ઘોંઘાટ ભરેલો હતો. દિવસનો છેલ્લો પ્રહર ઉતરવાનો સમય થવા આવ્યો હતો, તેથી દિનરાત્રિના સંધિના સમયપૂર્વે જેમ સૂર્ય નીચા ઉતરતા જણાય છે તેમ સૂર્ય નીચા ઉતરતા પશ્ચિમ દિશામાં જણાતા હતા. આજુબાજુ વૃક્ષની ભારે ભીડ હતી, તેથી વૃક્ષના પાછળ કંઇક અંતરે થતો અવાજ કોનો છે એ હું પારખી શકતો ન હતો. વેગ કરીને હું આગળ વધીને કોઇ વૃક્ષઉપર વિશ્રામ કરવાના વિચારથી આગળ ચાલતો હતો તેટલામાં વૃક્ષની પાછળથી નિકળીને કેટલાએક જંગલી મનુષ્યોનું ટોળું મારા સંમુખ આવતું મને જણાયું. જેમ જેમ તે મનુષ્યો સમીપ આવતાં ગયાં તેમ તેમ તેમનાં ભય આપનાર વિકરાલસરખાં મુખ મને સ્પષ્ટ જણાયાં. તેમનાં નેત્ર જાણે મારા ઉપરના ક્રોધથી રક્ત થયાં હોય એમ

મને ભાસ્યું. તેઓ, ધસારો કરતું શત્રુનું સૈન્ય આવીને આપણને ઘેરે છે તેમ મારા ઉપર ધસારો કરતાં આવ્યાં અને મને ઘેરી લીધો. બબ્બે જણે બે બાજુથી મારા હાથ બલવડે પકડી લીધા, અને બીજાં મારી આસપાસ વીંટળાઇ રહ્યાં. તેમના હાથમાં પ્રાણઘાતક જંગલી હથિયારો પણ હતાં. તે મનુષ્યોને સ્પષ્ટ જોયાં ત્યારે મને જણાયું કે તે સર્વ સ્ત્રિઓ હતી. યુવાવસ્થાવાળી અને ઉન્મત્ત હતી. તેમનાં શરીર કદાવર અને બલવાળાં હતાં. મુખ કુરૂપ હતાં. વર્ણ કાળો હતો. રીંછની પેઠે શરીરઉપર વાળ હતા. તે વાળ રીંછના વાળસરખા મોટા ન હતા. ટુંકા પણ બરછટ હતા. મેં વિચાર કરચો કે હથિયાર વિનાનો હું આ ક્ષણે એમને બલથી વશ કરવા સમર્થ નથી. તેથી આ સ્થલેથી તો કલ કરીને છૂટવું છે. તેમની ભાષા પણ કંઇક વિલક્ષણ હતી, તોપણ જે માર્ગને હું કાપતો આવ્યો હતો તે સ્થાનોની ભાષાને કાંઇક મળતી હતી. એ સ્ત્રિયોના ટોળામાં એક સ્ત્રી સર્વની ઉપરિ હોય એમ જણાતી. બીજી સર્વ જાણે દાસી હોય અને તે જાણે રાણી હોય એમ તેમના વર્તનથી જણાતું. મારો હાથ પકડીને મને કયાં લેઇ જાઓછો, મને શામાટે પકડો છો, એમ હું બોલતો; તે સાંભળીને તે સ્ત્રિયો પરસ્પરપ્રતિ જોઇને હસતી હતી. મેં પણ વિચાર કરચો કે જોઈએ, એ મને કયાં લેઈ જાય છે અને શું કરે છે ? આ ક્ષણે જો મારા પાસે શસ્ત્ર હોત તો હું એમને પરાક્રમ દેખાડત. કંઇકનાં ધડમસ્તક જૂદાં કરત, પણ નિરુપાય છું. પરિણામે જો પ્રાણસંકટમાં નાંખશે તો પછી એમનાં જ હથિયારથી એમનો વધ કરીશ. આપ્રમાણે મનમાં વિચાર કરતો હું તેમની સાથે સાથે ચાલ્યો. ઘણે દૂર ગયા પછી એક મોટા વૃક્ષનીચે આવીને તે સઉએ એકસામટો હર્ષનો પોકાર કરચો, અને એક મૃત્તિકાના ઉંચા આસનઉપર પેલી રાણીસરખી જણાતી સ્ત્રી બેઠી. તેના સમીપમાં એક બીજો ઓટલો હતો તેના ઉપર મને બેસાડચો, અને મારા હાથ ઝાલેલી સ્ત્રિયો ઉભી રહી. તરત જ એક વૃદ્ધ ડોસી બીજી પાંચ સાત તેવી જ સ્ત્રિયોસહિત પૃથ્વીમાં ખોદેલી એક ગુહામાંથી નિકળી આવી. તે ગુહાનું દ્વાર આ ઝાડસમીપ જ હતું. પેલી સર્વ સ્ત્રિયો મને નિહાળીને જોવા લાગી. એકબીજાસામું જોઇને રાજી થતાં જણાયાં. પછી પેલી યુવાન સ્ત્રિયોમાંથી કેટલીક આજુબાજુ દોડીને ફુલ વીણી લાવી. પેલી ડોસીએ તે ફુલમાંથી થોડાં મારા ઉપર અને થોડાં પેલી ઓટલાઉપર બેઠેલી સર્વોપરિ સ્ત્રીઉપર નાંખ્યાં. આ સઘળો ધાટ જોવાથી મને મનમાં એમ થયું કે આ સ્ત્રીજોડે મારૂં લગ્ન કરવાનો આસમા-

રંભ થાય છે એમાં કાંઈ સંદેહ નથી. પછી પેલી ડોસીએ પ્રથમ તે આનો હાથ પકડયો. પછી મારો હાથ પકડયો અને તે સ્ત્રી જેને એ લોકે કન્યારૂપે મને આપવા ધારી હતી તેનો હાથ મારા હાથમાં આપવા માંડયો. આ ક્ષણે મેં મારો હાથ પાછો ખેંચી લેઈ કહ્યું કે તમે શું કરો છો ? મારે લગ્ન કરવામાં બંધન છે. આ મારૂં બોલવું તેઓ સમજ્યાં કે નહિ તે તો ઈશ્વર જાણે, પણ મેં હાથ ખેંચી લીધો તેથી હું પરણવા ખુશી નથી એમ તેમને સમજાયું. તેથી તે સર્વનાં મન નારાજ થતાં જણાયાં. પેલી કન્યાએ પણ મારા પ્રતિ ક્રોધવાળી દૃષ્ટિથી ભ્રકુટિ ચઢાવીને જોયું. મને સમજાવવાસરખું બોલીને તે વૃદ્ધ ડોસીએ મારો હાથ પાછો પકડવા માંડયો. મેં હાથ ન આપતાં 'નહિ નહિ' એમ બોલીને નકાર સૂચવ્યો. ત્યારે તે બધાંને મારા ઉપર ક્રોધ આવ્યો. એકદમ રાક્ષસીજેવી પેલી સ્ત્રિયોએ મને ત્યાંથી ઉંચકીને પેલી ડોસી નિકળી હતી તેની પાસે બીજું ગુહાનું મુખ હતુ તેમાં મને મૂકી દીધો. દૈવયોગે તે મુખ ઘણું ઊંડું ન હોવાથી ઉપરથી નાંખવા છતાં પણ મને કંઈ વાગ્યું નહિ. આપ્રમાણે મને અંદર નાંખીને તે દ્વારઉપર એક મોટી શિલા તે સર્વ સ્ત્રિયોએ મળીને ગોઠવી દીધી. હું ઘણો ગભરાઈ ગયો. સાવધાન થઇને આસપાસ જોતો લગાર આગળ ગયો તો તે ગુહા મોટી છે એમ જણાયું. આગળ જતાં મને માંહે પ્રકાશ મળે એવાં, પથરની મોટી શિલાઓ ગોઠવેલી બાજુએ હેરીયાં રાખેલાં જણાયાં, તેથી મારા મનમાં લગાર સંતોષ થયો. હું છેક સાંજના સમયે પકડાએલો તેથી આ સમયે લગભગ સંધ્યાકાલનો સમય થયેલો, તેથી ક્રમે કરીને થોડી વારમાં દિવસનો પ્રકાશ મટયો. ચંદ્રનો પ્રકાશ થવાથી સહજ પ્રકાશજેવું અંદર સ્થલે સ્થલે જ્યાં હેરીયાં રાખેલાં ત્યાં ત્યાં જણાતું. આ ગુહા મોટી હોવા છતાં પણ રાત્રિ પડી હોવાથી હું તો એક હેરીયાની જગાએ બેઠો, અને મનમાં આ પ્રકારના વિચાર કરવા લાગ્યો.

અહો ! વિશ્વવ્યવસ્થાપક ઈશ્વરની અકલ કલા છે. આ મારા સરખા અલ્પજ્ઞ જીવો મિથ્યાભિમાનથી પોતાને સામર્થ્યવાળા સમજે છે. કયી ક્ષણે શું થનાર છે એ વાર્તાને ન જાણનાર મારા સરખા મંદમતિ મનુષ્યો આગળ આગળથી અનેક પ્રકારની આશાઓ બાંધીને મસ્ત ફરે છે. પણ કાલબલ જેને અધીન વર્તે છે એવા ઈશ્વર તે તે જીવોને સમયઉપર દીન કરી મૂકે છે, આશામાત્રના વિષયથી ભ્રષ્ટ રાખેછે, અને ન ઇચ્છેલી અનેક આપત્તિઓ લાવીને આગળ મૂકેછે. આપત્તિઓને દૃઢપણે સહન કરવામાં તથા આપત્તિઓને ટાળ-

વામાં અસમર્થ હું સરખા તે જીવો રાત્રિદિવસ દગ્ધ થયા કરે છે. આમ છતાં પણ મિથ્યા પ્રાપ્ત મદને કે પોતાના કર્તૃત્વાભિમાનને ત્યજતા નથી. અરે ! આશ્ચર્ય છે! અનેક આપત્તિઓને સહન કરવા છતાં પણ હું મારા દુરાગ્રહને છોડતો નથી. મારી વિષયલાલસા મને દુઃખ આપેછે તથાપિ તેને હું ત્યજી શકતો નથી. હવે આ સ્થલથી હું ક્યારે અને કેવે પ્રકારે છૂટીશ તેનો કશો નિશ્ચય નથી. મારાં માતાપિતા મારી વાટ જોતાં હશે. પેલી અનાથસરખી સ્ત્રી તથા તેનાં માતાપિતાદિ નિકટ સંબંધીઓ પણ મારી મુદત પૂરી થતાપર્યંત વાટ જોતાં રહેશે. તે સર્વને સમાચાર જણાવવાને પણ આજ મારામાં સામર્થ્ય નથી. આ પાત્ર જો મળ્યું ન હોત તો મારે આ સ્થલમાં જીવ્યાની આશા પણ છોડવી પડત. આ સંસારમાં સર્વ સુખની ઇચ્છા રાખેછે અને દુઃખથી બચવાના ઉપાયને સાધેછે તથાપિ દુઃખ એ એવી વસ્તુ છે કે તે જીવદશામાં પ્રાપ્ત થયાવિના રહે જ નહિ. મેં ઓછી મતિવાળાએ દુઃખના ભયથી અલંકાર, અશ્વ તથા શસ્ત્ર જેને કોઈપણ રાજપુત્ર પ્રાણ જતાપર્યંત પણ ત્યજવા ન ઇચ્છે તેને જીવતાં ત્યજી દીધાં. તેમ છતાં પણ મને દુઃખ આવ્યાવિના રહ્યું નથી ! આ મનુષ્યો જેમ જેમ દુઃખને આવવાનાં દ્વાર શોધી શોધીને બંધ કરેછે તેમ તેમ તે દુઃખ નવાં નવાં દ્વાર કરીને આવી મળેછે ! જે વસ્તુનું ભય ધરીને મનુષ્ય ભાગેછે તે વસ્તુ મનુષ્યની આગળ આવીને ઉભી રહે છે, અને જે પદાર્થની આશા બાંધીને મનુષ્યો તેની પાછળ પડે છે તે પદાર્થો દૂર દૂર જતા જણાયછે. આ નિયમ ઘણે સ્થલે સાચો પડતો જણાય છે. આ સમયે મારા પાસે અશ્વ અને શસ્ત્ર હોત તો આ આપત્તિમાં હું આવી પડત નહિ. અરેરે ! આ સમય તો મને જીવતાપર્યંત સ્મરણમાં રહેવાસરખો આવ્યો છે. હું રાજબીજ છતાં જંગલી સ્ત્રિયોને હાથે કેદી થયો છું ! અહો દૈવની શી વિચિત્ર ગતિ છે ! હું સર્વોત્તમ રૂપવતી સ્ત્રીની અભિલાષાથી ઘણી રૂપવંતી સ્ત્રિયોનો અનાદર કરીને બહાર નિકળ્યો તો આ કુરૂપ અને જંગલી સ્ત્રીનો પતિ થવાનો અવસર આવ્યો છે ! જીવો જે પોતાના ભાવિને જાણતા નથી તેમણે તો યથાપ્રાપ્તમાં સંતોષ માનવો ઉચિત છે. અપ્રાપ્ત અર્થમાટે ઉદ્યોગ કરવો ખરો, પણ અમુક પદાર્થ જ મળે તો અમુક કરવું એવો દુરાગ્રહ કરવો ઘટતો નથી. નીતિ એવી છે કે બુદ્ધિમાન્ પુરુષે નીચનો આશ્રય કરવો નહિ. પણ ઘણે પ્રસંગે આપત્તિના સમયે નીચ ગણાતો આશ્રય પણ શ્રેષ્ઠ થઈ નિવડેછે. રઘુકુલદીપક શ્રીરામચંદ્રજીને આપત્સમયમાં રીંછ અને વાનરોનો આશ્રય

પણ સુખદ નિવડયો હતો. વળી યદુકુલભૂષણ શ્રીકૃષ્ણને આપત્સમયમાં ગોપનો આશ્રય અનુકૂલ નિવડયો હતો. એ આદિ અનેક પ્રસંગ છે કે જેમાં નીચા આશ્રયથી પણ સુખસંભવ થયો છે. આમ છતાં પણ સ્વપુરુષાર્થવિનાના દુર્બલ જીવોએ તો સર્વથા નીચ આશ્રય કરવો શ્રેષ્ઠ ગણાય નહિ. આ સમય મારે પણ નીચનો આશ્રય કરવાનો આવ્યો છે. કદાચિત્ મને આ સ્થલથી સુગમપણે છૂટવાનો યોગ નહિ આવે તો અંતમાં મારે અઘટિત છતાં પણ આ લગ્નનો સ્વીકાર કરવો પડશે. પણ એ સ્ત્રીને મારા રાજનગરમાં લઈ જવાથી મારૂં સર્વ મંડલમાં હાસ્ય થશે, મારી મૂર્ખતા સ્પષ્ટ જણાશે, અને જન્મપર્યંત ક્લેશને ભોગવવો પડશે. પણ અરે ! જે સ્ત્રીને દાસીના સ્થાનમાં પણ રાખવી ઘટે નહિ તેને અંતઃપુરમાં કેમ જ રખાય ? પ્રાણ જતાં પણ વિવાહ તો ન જ કરવો. હવે તો આ સ્થલથી છૂટવામાટે અન્ય જીવોનો આશ્રય નકામો છે. તેમ જ સ્વપરાક્રમનો પણ કેવલ ભરોંસો રાખવો ઉચિત નથી. જેથી સર્વશક્તિમાન્ ઈશ્વરનું સાહાય્ય મળે તે અર્થે ઉદ્યોગ કરૂં.

પરમેશ્વરનું સાહાય્ય મેળવવાઅર્થે પણ હું આ સમયે અન્ય કાંઈ કરવા સમર્થ નથી. માત્ર સ્તુતિ કરીને જ ઈશ્વરનું સાહાય્ય મેળવવાને અધિકારી છું. આ જગત્માં પરમેશ્વરનો અનુગ્રહ મેળવવાને ઘણા મનુષ્યો વિવિધ યત્ન કરેછે, પણ મને તો આ ક્ષણે પરમેશ્વરના ગુણાનુવાદ ગાવા, તથા હરેક પ્રકારના વિચારવડે પણ આ વૃત્તિને પરમેશ્વરસ્વરૂપથી જોડવી અર્થાત્ હરેક નિમિત્તે તેમનું સ્મરણચિંતન કરવું એ જ માત્ર અનુકૂલ ભાસે છે. હે મહાત્મન્ ! આ આદિ વિચારને કરતો હું પશ્ચાત્ તે કારાગૃહરૂપ સ્થાનમાં આ પ્રકારના વિચારદ્વારા ઈશ્વરથી વૃત્તિનું અનુસંધાન કરવા લાગ્યો. ‘ હે વિશ્વના આધાર ! હે પ્રાણીપદાર્થમાત્રની ગતિઆગતિના કારણરૂપ ઈશ્વર ! આ કારાગૃહમાં રહ્યો રહ્યો હું આપને પુનઃ પુનઃ નમસ્કાર કરૂંછું. પ્રાણિપદાર્થમાત્રની ગતિ આપસત્તાથી થાય છે તો આ મારી આ સ્થલમાં ગતિ થઇ છે તે પણ આપની જ સત્તાથી થઈ છે એમાં સંદેહ નથી. હે વિભો ! આપ કે જે સ્વતંત્ર છો, સર્વજ્ઞ છો, અને વાસ્તવ કારણવિના કાંઇ પણ કરતા નથી તેથી અકર્ત્તારૂપ છો તે આપને હું અમુક કાર્યના કર્તા છો એમ કેમ જ કહી શકું ? હે સર્વેશ્વર ! આ પ્રપંચમાં પ્રવર્તતી સર્વ ક્રિયા પોતપોતાનાં ઉપાદાન તથા નિમિત્ત કારણવડે થાય છે, તેમ છતાં પણ તે કારણમાત્રના સ્વરૂપને યથાવત્ ન જાણનાર મારા સરખા મંદમતિ જીવો તે સર્વ ક્રિયાના

કર્તાપણાનો આપને વિષે આરોપ કરે છે. હે **શ્રીપતિ!** આપ જ સર્વરૂપ છતાં પણ આપના સામાન્યવિશેષ સ્વરૂપથી આપને વિષે વિશ્વરૂપાધિના જોનારા અમે આપને સર્વના પતિ ષડ્ભગસંપન્ન તથા વિશ્વપિતાઆદિ શબ્દોથી ઓળખીએ છીએ. હે **સર્વાતીત!** આપનું સ્વરૂપ અર્થાત્ આપ જ સર્વત્ર છતાં આપમાં અમે આદિ ઉપાધિની ભિન્ન સ્વરૂપે પ્રતીતિ કરનાર અસમ્યક્દર્શી અમારા સરખા આપથી ભિન્ન પોતાનું અસ્તિત્વ માનીને તે અમો આદિ સંપૂર્ણ ઉપાધિથી આપને અતીત ગણીને આપને સર્વાતીતાદિ સંજ્ઞાથી ઓળખીએઓ-ળખાવીએ છીએ. આ સઘળું છતાં હું કે જે આપના તથા આ આપના વિશ્વવિભવના સ્વરૂપને જેમ છે તેમ જાણતો નથી તો પણ અનેક પ્રકારથી આપના સ્વરૂપનું ભાન કરવાથી મારૂં આ પ્રપંચમાં કલ્યાણ સમજું છું તે આપને વિધિથી વા અવિધિથી સ્મરૂં છું તે સ્મરણવડે આપની પરમમંગલપ્રદ સત્તાદ્વારા મારૂં નિરંતર કલ્યાણ થાઓ. હે **પરમેશ્વર!** આપની સત્તાથી આ વિશ્વપ્રપંચરૂપ કારાગૃહમાં મારો પ્રવેશ થયો છે તેની મને આટલી ચિંતા થતી ન હતી. આ શરીરરૂપ કારાગૃહમાં રહ્યા છતાં હું ભયને પામતો ન હતો. પરંતુ આ અરણ્યની ગુહામાં મારો પ્રવેશ મને મહા ભય આપનાર ભાસેછે. આ સંસારમાં જન્મ ધરીને અજ્ઞાનરૂપ અંધકારમાં તો હું પતન થયેલો હતો, પણ આ ગુહામાં પ્રવેશ થવાથી જાણે વિલક્ષણ અંધ-કારના ઉંડા દ્રહમાં પ્રવેશ્યો હોઉં એમ પ્રતીત થાય છે, અને એથી મને દુઃખ પણ અધિક ભાસેછે. આ વિશ્વ શું છે, કયા સ્વતંત્ર કે પ-રતંત્ર કારણથી આ કાર્ય પ્રવાહ ચાલે છે એ હું જાણતો નથી. આ જન્મમૃત્યુરૂપ સંસારપ્રવાહનો કોઈ કાલે અથવા કોઈ દિશામાં અંત હશે કે નહિ, અને અંત હશે તો તે અંતમાં શું છે એ હું અદ્યાપિ સમજતો નથી. આ શરીરમાં શા નિમિત્તે અને કયી પ્રબલ સત્તાના બલે આ 'હું છું' એમ માનનાર જીવાત્માનો પ્રવેશ થયો છે તેનો વિચાર કરતાં પણ કરકંકણવત્ મને અનુભવ થતો નથી. આ શરીરનું કયા કયા મુખ્ય અથવા ગૌણ પદાર્થોવડે તથા કયા કયા ચોકસ નિયમોવડે બંધારણ થયું છે તે હું જાણતો નથી. તેમ જ કયા કયા નિર્વાહક હેતુઓવડે આ શરીરની નિર્વિઘ્ન સ્થિતિ રહે છે તે પણ યોગ્ય પ્રકારે લક્ષમાં આવતું નથી. આ શરીર કયાં વિરોધી કારણોના બલથી ક્ષયના પરિણામઉપર જતુ અંતે નહિવત્ થાય છે તે પણ મને જણાતું નથી. આમ છતાં પણ એ શરીરરૂપ કારાગૃહથી છૂ-ટવાની મને ઇચ્છા થતી નથી. આ કારાગૃહરૂપ સ્થાનમાં મને જેટલાં

ને જેવાં ભયત્રાસ થાય છે તેટલાં અને તેવાં ભયત્રાસ અન્ય કોઈ પ્રકારથી થયાં જાણ્યાં નથી. મારી પ્રવાસની મુદત પૂરી થવા આવશે અને ધારેલો હેતુ મનમાં જ રહેશે. હે વિશ્વત્રાતા ! આપવિના અમો અલ્પજ્ઞ જીવોને ખરા માર્ગમાં દોરી સુખમય સ્થાનમાં લઈ જનાર અન્ય કોઈપિણ નાવિક પ્રતીત થતો નથી. આ સંસારમાં અલ્પજ્ઞ જીવોનો સંગ તો આંધળાના વળાવાજેવો છે. એ જીવો જે પોતાના સુખના ઉપાયને ન જાણનાર હોવાથી દુ:ખગ્રસ્ત રહે છે તે મારાસ-રખા અન્યને શું સુખપ્રાપ્ત કરે ? હે અંતર્યામિન્ ! વિશ્વાત્મન્ ! આ અંતર્માં રહેલું મન જે ઇચ્છાઓના તાત્કાલિક કોશરૂપ છે તે અં-તર્માં રહ્યું રહ્યું નાના પ્રકારની ઇચ્છાઓરૂપ જ્વાલાઓવડે અગ્નિની પેઠે દગ્ધ કરે છે. આ માનસ અગ્નિને કેવે પ્રકારે શાંત કરવો એ જણાતું નથી. ઇચ્છાઓનો અંત નથી, તેમ જ વિવિધ ઇચ્છાઓના સ્ફુરવામાં કોઇ નિયમ પણ હસ્તગત થતો નથી. આપ કે જે સર્વનાં અંતર્માં નિવાસ કરનારા તથા સર્વના સર્વ વ્યવહારના પ્રકાશક છો તે કાં તો આ અંતર્થી ઉઠતી ઇચ્છાઓને નિવૃત્ત કરો, કાં તો સફલ થનાર ઇચ્છાઓનો જ ઉદય કરો. પણ વિનાકારણ ત્રાસ આ-પનારી તથા અંતમાં ફલને ન આપનારી એવી જે ઇચ્છાઓ હોય તેને તો કારણમાં જ દગ્ધ બીજની પેઠે બાળી નાંખો. આપ સર્વ શ-ક્તિમાન્ છતાં પણ જ્યારે અમને રંક જીવોને દુ:ખમુક્ત ન કરો તો અન્ય અલ્પજ્ઞ અલ્પશક્તિવાળા જીવો શું દુ:ખમુક્ત કરનાર છે? હે સર્વ પ્રપંચથી પર પરમાત્મન્ ! આપ જેમ નિર્લેપ છો તેમ અમને પણ નિર્લેપ કરો. જે કારણોથી અથવા કાર્યકારણભાવરહિત સ્વસ-ત્તાથી આપ આ વિશ્વરૂપાધિવાળા છતાં અસંગ છો તે કારણ કે તે સત્તાનો અમારામાં પ્રાદુર્ભાવ કરો કે જેથી અમે પણ આ વિવિધ ઉપાધિના સંબંધવાળા છતાં પણ આપની પેઠે અસંગ રહી સુખરૂપ રહીએ. હે સુખોદધિ ! આપ કે જે સુખના અપાર સમુદ્રરૂપ છો તેમાંથી આ દુ:ખરૂપ વિશ્વકણિકા ક્યાંથી અને કયા નિમિત્ત કે ઉ-પાદાનકારણથી પ્રકટતી પ્રતીત થાય છે એ સમજી શકાતું નથી. આ દુ:ખ કે જે કોઇને પણ પ્રિય ગણાતું નથી, તે સર્વની પાછળ કયા કારણથી આવી લાગ્યું છે અને તેનો કયા ઉપાયથી નિ:શેષ અંત આવે એ, મારા સરખા વિષયાસક્ત મનુષ્યને તો વિચાર કરતાં પણ લક્ષમાં આવતું નથી. આ સંસારરૂપ વૃક્ષ જેનાં મૂલનો કે શાખાનો અંત ભાસતો નથી તેનો કયા વજ્રરૂપ કુઠારવડે કોણે ક્યારે નાશ કરવો તે સમજાતું નથી; તેમ જ આ મારૂં પ્રાપ્ત બંધન પણ હવે

ક્યારે એને કેવે પ્રકારે છેદાશે એ પણ મારાથી કળી શકાતું નથી. આપ જ મને આ બંધનથી મુક્ત કરવાને સમર્થ છો. હું કે જે હજી વિવિધ આશાનો ભરેલો છું તે આ કારાગૃહમાં શાંતિથી રહી શકવા સમર્થ નથી. હે દીનવત્સલ! હું ક્ષત્રિયજાતિમાં ઉત્પન્ન થયો છું તે કોઇના સમીપ પણ દીનત્વ દેખાડવા યોગ્ય નથી, તથાપિ આપ કે જેમના સમીપ પ્રાણિમાત્રે દીનત્વ દાખવ્યા વિના છૂટકો નથી તેમના સમીપ દીનત્વ દેખાડવામાં હું ભય સમજતો નથી. આ જનસમૂહમાં વિવેકી પુરુષોનો એવો નિયમ છે કે જેનાથી આપણા દુઃખનો અંત આવે એમ હોય તેના સંમુખ જ દીન મુખ કરી દુઃખને પ્રકટ કરવું, ઇતર સંમુખ કરવું નહિ, એ નિયમનું પણ મારાથી ઉલ્લંઘન થયું હોય એમ હું ધારતો નથી. કારણ કે આપ જ સર્વ દુઃખના સંહારક છો. હે વિશ્વવ્યવસ્થાપક! આપ જ સમગ્ર પ્રાણિ-પદાર્થની તથા તેમની પ્રવૃત્તિનિવૃત્તિના નિયમમાત્રની વ્યવસ્થા કરનાર છો, જેથી આપવિના હવે મને યોગ્ય પ્રવૃત્તિમાં જોડવાની અન્ય કોણ વ્યવસ્થા કરી શકનાર છે કે તેના પ્રતિ હું મારા ઉદ્‌ગાર કાઢી હૃદય શાંત કરૂં. હે કર્મફલપ્રદાતા! આપ જ વિહિતઅવિહિત સમગ્ર કર્મના ફલને યથાકાલે યથાનિયમે પ્રવૃત્ત થવા પ્રવર્તાવનાર છો તો આ મારાં કર્મફલરૂપ પ્રાપ્તબંધનને ત્રોડનાર કોઈ મારા અન્ય કર્મને આપ જ પ્રેરો કે તેથી હું સત્વર મુક્ત થાઉં; અને કદાચિત્ તેવું કોઇ કર્મ તત્કાલ વિદ્યમાન ન હોય તો આ આપના અભિમુખ થયેલી આ ક્ષણની વૃત્તિના સદ્વ્યાપારના ફલને પ્રવર્તાવીને મને મુક્ત કરો. આતુર આશાવાનૂને શક્યાશક્યનું ભાન હોતુ નથી, તેથી ગમે તેવી યાચનાથી પણ તે દોષવાન્ ગણાતો નથી. તેમ છતાં પણ આપ તો સર્વ કરવા સમર્થ છો જેથી આપના પ્રતિ આ પ્રકારની આશા બાંધવી એ અનુચિત નથી જ. આ સંસાર એક પક્ષથી જોતાં અંધના મેળાજેવો છે. જેમ અંધ પ્રાણી બીજા અંધ પ્રાણિને પોતાનો દોરનાર ગણીને ચાલે અને તે અન્ય અંધ પણ ખલતાથી પોતે દેખનો તથા પ્રથમ અંધનો દોરનાર છે એમ જણવી પોતે તે અન્ય અંધને દોરીને અંતે પોતે તથા તે બંને ખાડામાં પડે છે તેમ આ જગત્માં સવ સ્થલે હોય એમ ભાસે છે. ઘણા જીવો મારી આશા રાખે છે કે એ મારા દુઃખને ટાળશે, અને હું બીજાની રાખું છું. રંકથી તે રાજાપર્યંત સર્વ એકબીજાની આશામાં ને આશામાં દિવસો કાઢતા જણાય છે. આ સર્વ પ્રાણિઓ પોતાથી કોઇ શ્રેષ્ઠ છે એમ માને છે, અને તે શ્રેષ્ઠ પદની આશા રાખે છે, જેથી આશાના પાશમાંથી

પ્રાણિઓને છૂટવું કઠિન છે. આશા બાંધવા છતાં પણ પેલા અંધની પેઠે અંતે આશારહિત જ થવાનો સમય આવે છે. આમ છે માટે હે વિશ્વેશ્વર! આપ જ એક વસ્તુતઃ સર્વની આશાનું સ્થાન છો. આપ સર્વજ્ઞવિના સર્વની આશા કોણ પૂર્ણ કરવા સમર્થ છે? કોઈ જ નહિ. અમે જીવો આ દીનત્વથી છૂટીએ એવો માર્ગ આપ વિના અમને કોણ કાઢી આપે? આ અમને દીનત્વ શાથી પ્રાપ્ત થાય છે એનો જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે સ્પષ્ટ જણાય છે કે આ વિષયસુખની લાલસા એ જ દીનત્વ તથા દુઃખની આપનારી છે. વિષયસુખથી અતિરિક્ત પુરુષોને દીનતા તથા દુઃખ સ્પર્શ પણ કરી શકે એમ નથી. હે દીનવત્સલ! આપ મારી દીનતા તથા દુઃખને દૂર કરીને મને મુક્ત કરો. આપના સ્વરૂપને યથાવત્ ન જાણનાર હું આ મોહજાલમાં સપડાયો છું. આપને વસ્તુતઃ અનુભવનાર આ પ્રપંચને અનુભવતા નથી, એવાં સિદ્ધ વચનો સાંભળવામાં છે, પણ તેની યથાર્થતા મારા અનુભવમાં આણવાને તો આપ જ સમર્થ છો. આ સંસાર અજ્ઞ મનુષ્યોને અંધારા કૂપજેવો છે, અને આપને ન જાણનાર સર્વ અધમ મનુષ્યો નેત્રહીન અંધ પ્રાણીસમ છે એમાં સંદેહ નથી. આપપ્રતિનો શુદ્ધ પ્રેમ જ આ મનુષ્યોને ખરાં નેત્ર આપનાર છે, અને તે સાચાં નેત્ર જ આપને પ્રત્યક્ષ અર્થાત્ જેમ છો તેમ અનુભવવા સમર્થ કરે છે. હે દેવાધિદેવ? આપને જે જે વિધિથી જાણવા ઘટે છે તથા જે વિધિથી આપની સ્તુતિ કરવી ઘટે છે તે વિધિને હું જાણતો નથી, માટે મારા અવિવેકમાત્રને આપ ક્ષમા કરજો.'

હે મહાત્મન્! આ આદિ અનેક સ્તુતિવચનોને રાત્રિના આરંભમાં તથા અંતમાં અને દિવસના આરંભમાં તથા અંતમાં બોલતો, અને કષ્ટમાં ને કષ્ટમાં રાત્રિદિવસને વ્યતીત કરતો. પણ ત્યાંથી છૂટવાના દ્વારને જાણી શક્યો નહિ. ઘણા દિવસો વ્યતીત થયા ત્યારે વળી એક દિવસે મને ભારે ઉદ્વેગ થયો. નેત્રમાં જલની ધારાઓ વહેવા લાગી. મને જીવવાનો તિરસ્કાર ઉપજ્યો. કોઇ પ્રકારે પણ મરણને સ્વીકારવા ઇચ્છા કરવા લાગ્યો. અને આ પ્રકારના વિચારને વશ થયો. અરે! ધિક્કાર છે મને તથા મારા ક્ષાત્ર સ્વભાવને કે હું સ્ત્રિયોને હાથે પકડાઇને કેદી થયો છું! હું મંદમતિ તે દિવસે મરણથી ભય પામીને એમને શરણ થયો ને આજે મરણને ઇચ્છું છું તો તે જ સમયે જો મરણનું ભય ન ધરીને તે સ્ત્રિયોના હાથનાં હથિયારને બલથી લઈ લઇને તે વડે તેમને હણીને ચાલતો થયો હોત અથવા તો તેમને હાથે હણાઈ ગયો હોત તોપણ આજપર્યંત મારે આ કારાગૃહનું કષ્ટ જે જીવતાં

નરકના કુંડનો અનુભવ આપે છે તે ભોગવવું પડત નહિ. 'એક મરણીયો હજારને મારે છે' એ કહેવત ખરી થાત, અને તે સ્ત્રિયો ભય પામી ભાગી જાત. પણ અરે! મેં તે સમયે સ્ત્રીહત્યાનો પ્રસંગ આવવાના ભયથી કાંઈ જ કર્યું નહિ. હવે પશ્ચાત્તાપ કરવાથી શું ફલ છે? આ શિલાદ્વાર પણ ઉઘડે એમ નથી. હવે કયા ઉપાયથી હું બહાર નિકળું? મારી પ્રવાસની મર્યાદાનો કાલ અત્ર જ વ્યતીત થઈ જશે તો પછી હું અહિંથી છૂટીને પણ મારા અથવા કોઈના મનોરથ શું પૂર્ણ કરનાર છું? અહા! આ વિશ્વપ્રપંચ ચલાવનારી સત્તા પણ કોઈ વિલક્ષણ છે! આશામાં ને આશામાં રાખીને જીવોને દગ્ધ કરે છે! જીવોને જેટલી આશાઓ ઉપજે છે એટલી પૂર્ણ થવી એ તો સંભવતું જ નથી, ત્યારે એ પણ શું કરે? હશે હવે તો મારે સઘળા વિચાર છોડીને મરણને આદરીને છૂટવાનો ઉપાય કરવો. ન છૂટાય ને પ્રાણ જાય તો પણ આ કષ્ટથી તો છૂટયા જ ગણાશે. આ પ્રકારના વિચાર કરતો હું તે ગુહામાં આમ તેમ ફરવા લાગ્યો. માર્ગ શોધ્યો પણ જડયો નહિ. એટલામાં દૈવગતિથી પેલી સ્ત્રિયોમાંની કેટલીએક તે જાળીએ આવીને મને જોવા લાગી, તથા લગાર પ્રસન્ન મનથી મારા તરફ દૃષ્ટિ સ્થાપીને પરસ્પર કહેવા લાગી. એ કહેવાની મતલબ મને એવી સમજાતી હતી કે આ પુરુષ હવે હારીને શિથિલ થયો છે તે પરણવા કબૂલ થશે, અને આપણી મરજીપ્રમાણે કબૂલ કરશે. માટે હવે આપણે એને બહાર કાઢીએ. આપ્રમાણે વિચાર કરીને તે સ્ત્રિયો તત્ક્ષણ જતી રહી. આમ થવાથી મને એ થોડી ક્ષણમાં પણ પ્રથમ છૂટવાની આશાથી હર્ષ અને પછી બંધન કાયમ રહેવાની શંકાથી શોક પ્રતીત થયો. પુનઃ ધૈર્ય રાખીને ઈશ્વરમાં ચિત્ત જોડીને સ્તુતિવચનો બોલતો બેઠો. થોડી વાર સ્તુતિવચનોને બોલ્યો એટલામાં એકદમ ગુહાના દ્વારઉપરની શિલા ઉપડી, અને મોટો પ્રકાશ અંદર આવ્યો. હું તત્ક્ષણ ઉઠીને તે દ્વારસમીપ ગયો. તે સ્ત્રિયોમાંની બે સ્ત્રિયોએ મારા બે હાથ ઝાલીને મને બહાર આણ્યો. પ્રથમની પેઠે જ તે ઉન્મત્તસરખી સદૃઢ શરીરવાળી સ્ત્રિયો મને વીંટળાઈ વળી. હું પણ શસ્ત્રવિના નિરાધારસરખો નિર્બલપણે દીનવત્ ઉભો રહ્યો. પુનઃ પૂર્વવત્ પેલી કન્યા તથા વૃદ્ધ ડોશી સમીપ આવ્યાં અને બેસવાના સ્થાનમાં બેઠાં. મને પણ નિયમિત સ્થાનમાં બેસાડવાને સ્ત્રિયોએ હાથ ઝાલી દોરવા માંડયો. હું પણ અપ્રસન્નતા દેખાડતાં આનાકાની કરતાં તે સ્ત્રિયોના બલથી તણાતો તે આસનપ્રતિ ગયો. હું અનાદર કરૂં છું અને તે સ્ત્રિઓ મને બલથી બેસાડવા યત્ન કરેછે

એટલામાં એક દિશાથી મોટો શોરબકોર સંભળાવા લાગ્યો. જે વેલા મને પકડી લાવ્યા હતા, તે વેલાજેવી હર્ષની ગર્જના થતી હતી તેવી ગર્જના સમીપ આવતી સંભળાવા લાગી. સઉનું ચિત્ત તે પ્રતિ વળ્યું. મારો હાથ ધરનારી સ્ત્રિયોનું ચિત્ત પણ તેતરફ વળ્યું, તેથી તેમના હાથનું બલ પણ ચિત્તના વલણસાથે બીજી તરફ વળ્યું. ક્રમે કરી તેમના હાથ શિથિલ અર્થાત્ દુર્બલ થયા અને મેં ધીરેથી મારા હાથ તેમના હાથમાંથી સરકાવી લીધા. પેલી ગર્જના થતી સમીપ આવી. વૃક્ષની ઘટામાંથી ગર્જના કરતું સ્ત્રિયોનું યૂથ બહાર માર્ગમાં આવ્યું. દૃષ્ટિએ પડતાં તત્કાલ મારી રક્ષામાં રહેલી સઘળી સ્ત્રિયો તે તરફ આનંદની ગર્જના કરતી દોડી, અને હું છૂટો ઉભો રહ્યો. મેં દૃષ્ટિ કરી તો મને જણાયું કે કોઈએ પ્રવાસી પુરુષોને તેઓ મારી પેઠે પકડી લાવતાં હતાં. તેમને જોઇને તથા સર્વનો મારા પ્રતિ અલક્ષ જાણીને હું મારૂં પાત્ર સંભાળીને એક બાજુથી માર્ગે પડયો. ત્વરાથી ચાલતાં પાછળ જોતાં ભયવાળા હૃદયથી મરણનો આદર કરીને ઇષ્ટનું સ્મરણ કરતો માર્ગ કાપવા લાગ્યો. આગળ ચાલતાં દૃષ્ટિએ ન પડું એવી વૃક્ષની ઘટામાં પ્રવેશી ગયો. તેમની મારી પરસ્પરની દૃષ્ટિ પરસ્પરઉપર પડવાનો અસંભવ જાણીને પછી તો હું મૃગની પેઠે ફાળ ભરતો નાસવા લાગ્યો. આશરે એક પ્રહાર દોડયા પછી પાછળ જોતાં ભયનું ચિહ્ન જણાયું નહિ ત્યારે મને લગાર શાંતિ પ્રતીત થઈ, તથા એમ સમજાયું કે હવે તે લોકો મારી પાછળ ભાગ્યે જ આવશે. આમ છતાં પણ ભયના અનુભવવાળો હું ભૂલમાં ન રહેતાં આગળ વેગથી પળવા માંડયો. રાત્રિના સંધિપર્યંત પળ્યો. પછી એક સારા મોટા નિષ્કટંક વૃક્ષઉપર ચઢીને વિશ્રામ લેતો બેઠો; અને ઇશ્વરસ્મરણ કરવા લાગ્યો. સ્મરણ કરતાં ચિત્ત ચલાયમાન થઈ વિચાર ચાલવા લાગ્યા.

'અહોહો! આ સંસારખેલ આશ્ચર્ય પમાડે એવો છે! ઈશ્વરની કલા અપાર તથા ન કળી શકાય એવી છે. એકને બંધનથી છોડવેછે, અને એકને બંધનમાં નાંખેછે. એકને લગ્નમાં જોડેછે અને એકનો ગૃહસ્થાશ્રમ તોડે છે. એકને જન્મ આપેછે અને એકને મરણ આપે છે. એકને મરણની શય્યાથી ઉગારી લેછે અને એકને મરણની શય્યામાં સુવાડેછે. એકને રોગ આપેછે અને એકનો રોગ હરી તેને નીરોગ કરેછે. એકનો વિવાહ તોડે છે અને એકનો વિવાહ કરેછે. એકને ધનવાન્ કરેછે અને એકને નિર્ધન કરેછે. એકને પુત્રવાન્ કરેછે અને એકને અપુત્રવાન્ કરેછે. એકને રાગી કરેછે અને એકને વિરાગી કે ત્યાગી કરેછે.

એકને અરણ્યસેવન કરાવે છે અને એકને મહાલયમાં સ્થાપેછે. આ-હાહા ! ! તારી કલા અવર્ણનીય છે. આ પ્રકારની વિચિત્ર સ્વભાવવાળી કલાને ધારણ કરી રાખવાથી હે વિશ્વપિતા ! તમને શો લાભ અને શી હાનિ છે એ જાણ્યું જતું નથી. હું મંદમતિ મને પોતાને પડતાં સંકટોના ત્રાસથી ત્રાસીને કહું છું કે હે જગદાધાર ! આપ આ વિ-શ્વમાં સર્વ પ્રાણિને મનવાંછિત ફલ આપીને તૃપ્ત રાખો તો આપને શી હાનિ છે ? હે સર્વેશ્વર ! આપના ભંડારમાં કયા પદાર્થનો તોટો છે કે આ પ્રકારે કરકસરથી દિવસ કાઢોછો ? જેમ કોઈ કૃપણ ધન-વાન્ પિતા, પોતાની પુત્રપુત્રીરૂપ પ્રજાને શક્તિમાન્ છતાં પણ ઈપ્સિત પદાર્થ ન આણી આપીને તેમનાં મન દુઃખવે છે તેમ આપ પણ આપની આ પ્રજાને અસંતોષમાં રાખોછો. હે સર્વજ્ઞ ! જેમ તે કૃપણ પિતા આ લોકમાં નિંદાને પાત્ર ઠરેછે, તેમ મારા સરખા મંદમતિ આપ નિર્દોષને પણ આવા નિમિત્તથી નિંદાપાત્ર ઠેરવેછે ને સદોષ ગણે છે. આપ્રમાણે સદોષ ગણાવાથી આપ સમર્થને હાનિ નથી ત-થાપિ તેમ કરવાથી લાભ પણ દૃષ્ટિએ આવતો નથી; માટે હે દયાના સમુદ્ર દીનનાથ ! હવે તો આપ ઉદારવૃત્તિથી સર્વને ઇચ્છેલું આપો. હે ત્રાત: ! આમ છતાં પણ આપ કે જે કોઇનું અહિત કરતા નથી તે શા હેતુથી આ પ્રકારની પ્રવૃત્તિ સહન કરો છો એ સંબંધમાં જ્યારે હું વિચાર કરૂંછું ત્યારે મને એ જ જણાય છે કે આપની કલાવડે જે થતું હશે તે યોગ્ય જ થતું હશે. હું આપને યોગ્યા-યોગ્ય પ્રવૃત્તિ શિખવવા સમર્થ નથી.'

હે સાધો ! આ આદિ અનેક તર્કવિતર્કને કરતાં મેં ક્ષણે ભય, ક્ષણે હર્ષ, ક્ષણે શોક એમ વિવિધ વિકારનો અનુભવ કરતાં રાત્રિ વ્યતીત કરી. પ્રાતઃકાલના સંધિએ પ્રથમ ઇષ્ટસ્મરણ કરી પેલા પા-ત્રમાંથી અન્નજલ મેળવી લેઈ પરવારીને પછી વૃક્ષથી ઉતરીને ત્વરાથી ચાલવા માંડ્યું. જેમ જેમ આગળ ચાલવા લાગ્યો તેમ તેમ મનમાં નિર્ભયપણું જણાવા લાગ્યું. આસપાસ જોતાં પૃથ્વી પણ રમણીય જણાવા લાગી. ચિત્તની પ્રસન્નતા રહે એવા પક્ષિઓના મધુર સ્વર કર્ણને સ્પર્શ કરતા ભાસવા લાગ્યા. જ્યારે એક સરખા વેગથી ત્રણ પ્રહર હું ચાલ્યો ત્યારે મને મનુષ્યોને તથા વાહનોને નિરંતર વહેવાનો રાજમાર્ગ જણાવા લાગ્યો. તે માર્ગે ચઢતાં મનુષ્યોની આવજા થતી જણાઈ. કૂવા, વાવ, તથા વિસામા દૃષ્ટિએ પડવા લાગ્યા. ઘણે દિવસે મને સરલ મનુષ્યનાં દર્શન થવાથી તથા ગ્રામ જોવાના સંધિનું ભાન થવાથી મારા મનમાં ઘણી પ્રસન્નતા જણાઈ. હું મનુષ્યોને જોઇને

તેમાંના કોઇ વિવેકીને દિવસ, માસ, તથા સંવત્સર પૂછવા લાગ્યો, અને આ ગુહામાં મેં કેટલા દિવસ કાઢ્યા તેનો બરાબર હિસાબ કરવા લાગ્યો. એમ કરતાં ચાલતાં સંધ્યાકાલના સમયે એક ગ્રામસમીપ આવી પહોંચ્યો. પ્રસન્નતાથી એક પાંથશાલામાં મુકામ કરી નિવૃત્તિએ નિદ્રા લેવાને એક એકાંતસ્થલમાં સુતો. ભયની નિવૃત્તિથી તથા શ્રમથી તેમ જ ઘણા દિવસથી યોગ્ય પ્રકારે ન લેવાયેલી હોવાથી સત્વર શાંત નિદ્રા આવી. રાત્રિ ક્યાં નિકળી ગઈ તે જણાયું પણ નહિ અને ઉઠતાં પ્રાતઃકાલ દૃષ્ટિએ પડ્યો.

નિત્ય પ્રાતઃકાલમાં કરવાયોગ્ય ઇષ્ટસ્મરણાદિ કાર્ય કરીને પછી ત્યાંથી આગળ ચાલવા નિકળ્યો. રાત્ર પડે ત્યાં વાસ કરૂં અને દિવસે ચાલું. એમ કરતાં માર્ગમાં ઘણા દિવસ વ્યતીત થયા. સ્થલે સ્થલે સ્ત્રિયોના તથા પુરુષોના પ્રતિ લક્ષ કરતો મારી ધારણા પાર પાડવાની આશામાં ને આશામાં હું ભ્રમણ કરતો ચાલ્યો. મારી સઘળી ક્રિયાઓ આ ક્ષણપર્યંત ઇષ્ટ ફલને આપનારી ન નિવડી એ જાણીને મને ઘણો ખેદ મનમાં પ્રતીત થતો. પણ નાના પ્રકારના વિચારને કરીને હું મનને પુનઃ પુનઃ સમાધાનમાં સ્થાપતો. મારી અજ્ઞાનતાને હું સમજીને મને પોતાને ઘણી વાર ધિક્કારતો.

"આ સંસારમાં મોહક પદાર્થના અસ્તિત્વથી જ જીવની મોહમાં પ્રવૃત્તિ થાય છે, અને તેથી જ આ સર્વ જીવો દુઃખને પ્રાપ્ત પ્રતીત થાય છે," એવા વિચારથી પ્રસંગે પ્રસંગે હું આ સમગ્ર મોહક પદાર્થનો તિરસ્કાર કરતો, તથા મનને સદા નિર્મોહ રાખવા યત્ન કરતો. પરંતુ આ મન કે જે મોહમાં જ ગર્ક થઇ રહ્યું હતું તે નાના પ્રકારના તર્કવિતર્ક કરીને પાછું મોહક પદાર્થમાં જ સુખનું ભાન કરતું હતું. જ્યારે જ્યારે હું આ શરીરપ્રતિ લક્ષ કરતો ત્યારે ત્યારે મને અધિક ક્લેશનું ભાન થતું. હું વિચાર કરતો કે "અરેરે ! ! આ શરીરની સ્થિતિપર્યંત જ આ સર્વ ભોગનો ઉપયોગ છે. આ શરીર પ્રત્યેક ક્ષણે ક્ષીણતાને પ્રાપ્ત થતુ જાય છે. આયુષ્ પોતાની મેળે પોતાના ક્ષયના ક્રમમાં વહ્યા જ કરે છે, તેને હું અલ્પજ્ઞ જાણતો નથી. આમ છતાં પણ જાણે ચિરકાલ આ શરીર રહેશે અને હું ભોગ મેળવીને સદા ભોગવીશ એવું ભાન વૃથા કરૂંછું. પાણીના પરપોટાજેવું અને કરમાઈ જવાના ક્રમઉપર જતા ખીલેલા ફુલજેવું આ શરીર કાંઈ ભોગની વાટ જોતું પોતાના ક્ષયને અટકાવી શકનાર નથી. તેમ જ રોગના ઘરરૂપ આ શરીર ભોગની પ્રાપ્તિના સમયે રોગરહિત રહી ભોગ ભોગવવા અવશ્ય સમર્થ થશે એવો પણ નિશ્ચય કરી શ-

કાતો નથી. વળી સંસારમાં ઘણે સ્થલે અનુભવાય છે કે ભોગપ્રાપ્ત ઘણા રોગી હોયછે અને ભોગરહિત દરિદ્રી ઘણા નીરોગીસરખા હોયછે. આમ છતાં પણ ભોગી થવાની ઇચ્છા મારાથી તજાતી નથી. આ મારી પ્રથમાવસ્થા છે; એમાં ધાર્યા અર્થ સિદ્ધ કરવાના પ્રયત્નને આરંભવા ઉચિત છે. તે ન કરતાં હું રાત્રદિવસ એક તુચ્છ વિષયની આશામાં ને આશામાં ભ્રમુંછું, એ અત્યંત ખોટું છે. આ પ્રકારે જાણતાં છતાં પણ હું અત્રથી પાછો ફરવાનો નિશ્ચય કરતો નથી. અહો ! આ મારી મતિ કેવી જડ થઈ ગઈ છે !" આ આદિ અનેક પ્રકારના વિચારને કરતો હું દિઙ્મૂઢસરખો કોઇ કોઇ સ્થલે ઉભો રહેતો. શરીરને શક્તિહીન થયેલું અનુભવી વળી કોઈ સ્થલે બેસતો. એટલામાં વળી મારા ઉત્સાહરહિત થયેલા અંતઃકરણમાં અચાનક વેગ પ્રાપ્ત થતો, અને હું આ પ્રકારના વિચારમાં પ્રવેશ કરતો. "અરેરે !! આ મારા દુર્બલ અંતઃકરણને ધિક્કાર હજો. આ શરીરની આસક્તિ તથા ભોગમાં પ્રીતિનો હું તિરસ્કાર કરૂંછું, પણ મનથી તેનો ખરો તિરસ્કાર ઉપજ્યો નથી. મારી આ અવસ્થા પણ વિરાગને અનુકૂલ નથી. મારી આ કાયરતા કંઈ વિરાગનું સ્વરૂપ નથી. હું ક્ષત્રિયપુરુષ છતાં ધૈર્યબલનો નાશ કરનાર આ વિચારોને વશ થાઉંછું એ અત્યંત અનુચિત છે. આ જગત્‌માં એવો કયો પદાર્થ છે કે જે આદર કરનાર ધીર પુરુષ પ્રાપ્ત કરી શકતો નથી. હું મિથ્યા મરણના ભયથી શિથિલ થાઉંછું. પણ વસ્તુવિચાર કરતાં આ વિશ્વમાં મરણ એવો કોઈ પદાર્થ જ નથી. મરણ એ તો માત્ર આ પદાર્થોને પ્રાપ્ત થતી વિવિધ અવસ્થાઓમાંની એક અવસ્થા છે. એ મરણાવસ્થા પદાર્થમાત્રને સ્વભાવથી જ આવી પ્રાપ્ત થાયછે. એ મરણના ભયથી વ્યાકુલ થતો તથા નિરંતર મરણ આવશે, મરણ આવશે એવો વિચાર કરતો પુરુષ ક્રમે કરીને નિર્વીર્ય થાયછે, તથા ક્ષય થતા આયુષ્યમાં કોઈ પણ ઉત્તમ પુરુષપ્રયત્નને સાધી શકતો નથી. પ્રાપ્ત સુખને સુખરૂપે ભોગવી શકતો નથી. આનંદ તથા ઉત્સાહથી ભ્રષ્ટ થતો ક્ષીણબલ થાય છે. ભોગ તથા મોક્ષનાં સાધનોમાં પણ તે મરણના ભયમાં ગ્રસ્ત થયેલ પુરુષ નિઃશંકપણે પ્રવેશ કરી પારને પામી શકતો નથી. ઘણે કાલે સિદ્ધ થનાર કાર્યોના આરંભમાં પ્રવેશ કરતો નથી. એવો પ્રમાદાદિ દોષોને વધારનારો તે ભયભીત પુરુષ સજ્જનોની કે પરમેશ્વરની પ્રીતિ સંપાદન કરી શકતો નથી તથા પ્રાપ્ત અર્થધર્માદિરૂપ બલને પણ ખોઈ નાંખે છે, એટલું જ નહિ પણ એ પ્રકારે અનેક પ્રકારની દોષની પરંપરાને પ્રાપ્ત થતો તે પુરુષ આ લોકપરલોકનાં સુ-

ખથી તથા અલૌકિક સુખથી ભ્રષ્ટ થાયછે. આમ છે માટે મારે હવે એ પ્રકારના વિચારને વશ થવું ઉચિત નથી. હું કે જે મરણને પણ તૃણની પેઠે લેખનાર ક્ષત્રિય છું તેણે તો સદા નિર્ભયપણે ધારેલાં કાર્યને પાર પાડવામાં જ મચવું ઘટે છે. આ માર્ગમાં મસ્તકે હાથ દઇને બેશી રહેવાથી તથા કેવલ મનના પરિશ્રમરૂપ વિચારમાત્રને કરવાથી મારો એકે અર્થ સધાવો સંભવતો નથી." એવો વિચાર કરીને વળી આગળ ચાલવા લાગ્યો. આગ્રહથી આગળ માર્ગ કાપતો એક દિવસ એક નગરસમીપ પાંથશાલામાં રાત્રે રહ્યો. ત્યાં મનુષ્યોની ભારે ભીડ હતી તેથી જોઇએ તેવું એકાંત સ્થલ મળ્યું નહિ. તોપણ એક ખુણામાં મેં આસન કર્યું. શ્રમિત હોવથી મેં તે સ્થલે પાત્રમાં અન્નજલ ઉપજાવી ગ્રહણ કર્યાં. કોઈ ખલ પુરુષ સમીપમાં હશે તેણે મારા પ્રતિ લક્ષ રાખીને જોયું તથા જાણ્યું કે આ પાત્રમાં અન્નજલ નહિ છતાં એણે શી રીતે ઉપજાવી લીધાં ? ગમે તેમ હોય પણ એ પાત્રમાં કાંઈ પણ મહત્વ છે. આ પ્રકારની વૃત્તિથી તે દુષ્ટ પુરુષે મારા નિદ્રાવશ થયાપછી તે મારૂં જીવનના આધારરૂપ પાત્ર લઈ લીધું. અને તે રાત્રમાં જ ઉઠીને કોઈ એક માર્ગે ચાલતો થયો. પ્રાતઃકાલ થવા પૂર્વે જ્યારે હું જાગ્રત્ થયો ત્યારે તત્ક્ષણ મને જણાયું કે મારૂં *પ્રાણપ્રિય પાત્ર હરાયું છે.* જેમ મહાધનનો કે પ્રિય સ્ત્રીપુત્રાદિપદાર્થનો નાશ થાય ને મહા શોક પ્રવર્તે છે તેમ મારા અંતકરણમાં એકદમ શોક પ્રસરી ગયો. મેં આસપાસ સઘળે ફરીને જોયું, પણ જે દુષ્ટ મનુષ્ય મારા સમીપમાં હતો તે જણાયો નહિ. મેં તેની આસપાસ શોધ કરી પણ હું નિષ્ફલ થયો. આ મારૂં દુઃખ હું કોઇઆગળ કહી શક્યો નહિ. મારૂં હૃદય અગ્નિ વિના પણ અંતર્માં દગ્ધ થતુ ભાસ્યું. મારા ચરણ સામર્થ્ય છતાં પણ જાણે ભાગી ગયા હોય એમ ભાસ્યું. નેત્રમાંથી ડબડબ અશ્રુના બિંદુઓ ખરવા લાગ્યા, અને ચિત્તભ્રમવાળા મનુષ્યસરખો થઇને હું પાંથશાલાથી થોડે અંતરે એક વૃક્ષતલે જઇને બેઠો. થોડો કાલ શૂન્યરૂપ થઇને બેશી રહ્યા પછી આ પ્રકારના વિચાર મને સ્ફુર્યા.

"અહોહો ! ! મનુષ્ય જેમ જેમ દુઃખથી ત્રાસ પામેછે તેમ તેમ દુઃખ તેની પાછળ લાગેછે એમ જણાયછે. અનેક દુઃખમાં ગ્રસ્ત થએલો છતાં હું એક આ પાત્રના બલથી મને મહા સુખી માનતો હતો, તે પાત્ર પણ મારી પાસેથી ગયું, હવે શું કરવું ! લોક કહેછે કે અતિ ઋણીને ઋણ શું અને અતિ દુઃખીને દુઃખ શું' એવું મારે આજ થયું છે. હવે મારે ઈશ્વર વિના કોઇનો પણ આ-

ધાર રહ્યો નથી. અરેરે! મેં વાહન, શસ્ત્ર, સુવસ્ત્ર તથા અલંકાર એ સર્વ છોડયું તોપણ મને ભયની નિવૃત્તિ થઈ નહિ. હવે પાછાં વળતાં એ રાજાને હું શું ઉત્તર આપીશ. એ રાજા ભલો છે. મને વિશ્વાસપાત્ર જાણેછે, તથાપિ આ પાત્રના સંબંધમાં મારૂં વચન સત્ય માનશે નહિ. એ મોઢે નહિ કહે તોપણ પોતાના મનમાં સમજશે કે આ પાત્ર ઓળવવાનો એણે ઉપાય કર્યો છે. હવે પછી એવા પદાર્થના સંબંધમાં મારો ભરોંસો કરશે નહિ. હશે જે સર્વાધિપતિ ઈશ્વરને યોગ્ય જણાયું તે ખરુ. આથી પણ હવે મારે નિરાશ થવું ઘટતું નથી. આ સંસારમાં ઘણા બાલકોને જન્મ આપીને તત્કાલ માતા મરણ પામેછે તથાપિ તે બાલકો ઉછરેછે તો હું કે જેને વાણી છે, હાથ પગ છે, શરીરમાં સામર્થ્ય છે, તેણે માત્ર પોતાનું ઉદર ભરીને જીવવું એ કાંઈ કઠિન વાર્તા નથી. આજે હું સેવાધર્મને સ્વીકારૂં તોપણ સમર્થ છું. ભિક્ષા માગું તો સ્વધર્મ નથી છતાં મેળવી શકું એમ છે. તો મારે આ પાત્રમાત્રના જવાથી દીનસરખા થવું સંભવતું નથી. મને પ્રવાસમાં પાત્રવિના અડચણ તો ઘણી પડશે. પણ હવે જેનો ઉપાય નથી તેનો શોક વૃથા છે. મરણ પામેલાં પ્રિય સંબંધીઓ પુનઃ પ્રાપ્ત થતાં નથી; તેના સંબંધમાં જેમ વિવેકવિચારથી મન વાળવું પડેછે તેમ આ પાત્રસંબંધમાં પણ મન વાળ્યા વિના છૂટકો નથી. બીજાના હાથમાં ગયું છે તે કદાચિત્ પણ પાછું મળવાનો સંભવ છે, માટે મારે હવે છેક શિથિલ થવું ઉપયોગનું નથી.” આ પ્રકારે વિચાર કરી સાવધાન થઇને હું માર્ગે પડયો. આ સમીપની વસ્તીમાં પ્રવેશ કરીને ઘટતી તપાસ કરતો બહાર નિકળ્યો. દૈવગતિથી મને એક દેવમંદિરમાં પ્રસાદ મળ્યો. મેં પણ સમયનો વિચાર કરીને તે ગ્રહણ કર્યો અને પછી વિરક્તની પેઠે વસ્તી ત્યજીને ચાલતો થયો. માર્ગે ચાલતાં ક્ષણે ક્ષણે મને પાત્રનું સ્મરણ થતું તથા અંતર્માં ચણચણાટ થતો પણ વળી તેનું વિસ્મરણ કરતો. દૈવયોગથી હું રાજમાર્ગ છોડીને વિચારમાં ને વિચારમાં વનની વાટે ચઢી ગયો. જ્યારે વધારે આગળ ચાલ્યો અને સાયંકાલનો સમય થવા આવ્યો ત્યારે મને ગ્રામનું સ્મરણ થયું. આસપાસ ઘણે અંતરે દૃષ્ટિ નાંખી પણ ગ્રામ જણાયું નહિ. આગળ ચાલ્યું પણ ગ્રામ ન જણાયાથી દુઃખ ધરવા લાગ્યો કે અરે! હું રાત્રે શું ખાઈશ? કૂવામાંથી જલ કાઢવાની દોરી પણ મારી પાસે નથી. સૂર્ય અસ્ત થયા. વૃક્ષઉપર પક્ષિઓ પોતપોતાનાં રાત્રિ ગાળવાનાં સ્થાનોમાં સાવધાનપણે પ્રવેશી બેસવા લાગ્યા. ચંદ્રનો ઝાંખો

પ્રકાશ છવાવા લાગ્યો. વનવાગળાં આદિ રાત્રે ચરનારાં પક્ષિઓ પોતાના આહારમાટે આગળપાછળ વિચરવા લાગ્યાં. સૂર્યના તાપથી તપેલી પૃથ્વી ઉષ્ણુતા તજીને ધીરે ધીરે શીતલ થવા લાગી. દિશાઓમાંથી મંદમંદ શીતલ વાયુ વાવા લાગ્યો, અને શ્રમિત થયેલા મારા ચરણો મંદ ગતિ કરવા લાગ્યા. આહારની ચિંતામાં મન આકુલવ્યાકુલ થવા લાગ્યું. રાત્ર ગાળવાના સ્થાનસંબંધી વિચાર કરવા લાગ્યો. દિશાઓ શૂન્યસરખી ભાસવા લાગી. આમ છતાં પણ માર્ગ કાપ્યા વિના છૂટકો નથી એમ સમજીને બલાત્કારથી પગનો વેગ વધારી ચંદ્રના જામતા પ્રકાશમાં ચાલવા લાગ્યો.

હે મહાત્મન્ ! આપ્રમાણે ચાલતાં ચાલતાં જ્યારે મધ્ય રાત્રનો સમય થવા આવ્યો ત્યારે હું છેક શ્રમિત થયો. પગ અટક્યા. એક વૃક્ષ અનુકૂલ પડતું આવ્યુ તેના ઉપર ચઢીને એક શાખાઉપર બેઠો. નાના પ્રકારના વિચારને વશ થયો. ક્ષુધાતૃષા પણ પીડવા લાગ્યાં. ઈશ્વરની સ્તુતિ કરતો મારા દુર્ભાગ્યને નિંદતો શાખાપર બેઠો બેઠો આસપાસ કાંઈ ફલની આશાથી પત્રના યૂથમાં હાથ નાંખી તપાસવા લાગ્યો. સમીપમાં કાંઇ હાથ ન ચઢવાથી લગાર આગળ વધવા લાગ્યો. કંઠ સુકાતો પ્રતીત થવાથી અને ફલ ન જડવાથી પત્ર ચાવવા લાગ્યો. પણ કર્મફલપ્રદાતાને હું દુર્ભાગીની દયા પ્રાપ્ત થઈ. બે ચાર પત્ર મુખમાં મૂકી ચાવતો આગળ હાથ નાંખુંછું તો પાંચ ફલ જેમાં લાગેલાં હતાં એવી એક લુમ મારા હાથમાં આવી. તે લેઇને અધિક લોભનો ત્યાગ કરીને પાછો મૂલ સ્થલે આવીને વનવાસીની પેઠે તે ફલને ખાવા લાગ્યો. એ ફલથી મારી ક્ષુધા તથા તૃષા ઘણે અંશે શાંત થઈ ગઈ. પછી પરમેશ્વરનું સ્મરણચિંતન કરતાં આસનને શાખાના આશ્રયથી દૃઢાવી નિદ્રાવશ થયો. ક્ષણે ક્ષણે પક્ષિઓના ખડખડાટથી જાગતાં જેમ તેમ કરી રાત્ર વ્યતીત કરી. પ્રાતઃકાલના સંધિએ ત્યાંથી ઉતરીને મેં આગળ ચાલવા માંડ્યું. જલનું સ્થલ શોધતો આહારની પણ ઇચ્છાવાળો હું માર્ગ કાપતો ચાલ્યો. ચાલતાં મધ્યાહ્ન થયા પણ જલ જણાયું નહિ. મનમાં અકળાયો. ઇષ્ટનું સ્મરણ કરતો ચાલ્યો. સમીપમાં ગ્રામ આવશે એવી આશા બાંધવાજેવું કોઈ ચિહ્ન જણાયું નહિ. પછી પક્ષિઓને જતાં આવતાં જોઈ તે તરફ જલની આશાથી વઢ્યો. લગભગ એક પ્રહર ચાલ્યો ત્યારે મને જલની પ્રતીતિ થઇ. સમીપ જઈ જોયું તો શુદ્ધ જલનો પ્રવાહ એક નાના ડુંગરાની ખોમાંથી નિકળતો જણાયો. ત્યાં મેં મલશુદ્ધિ તથા દંતધાવનાદિ સઘળા શરીરની શુદ્ધિમાટેના સ્નાનપર્યંતના

વ્યવહાર સાધી લીધા. મારી પાસે જલ ભરી લેવાને પાત્ર પણ ન હતું. તેમ જ આહાર કરવાનું પાસે નહિ હોવાથી તૃપ્ત થઇને ત્યાંથી જ જલપાન કરી લેવાનું પણ બને એમ ન હતું. આસપાસ ફલપુ-લાદિની શોધ કરી, પણ તેમાં નિષ્ફલ થયો.

વિશ્વવ્યવસ્થાપક ઈશ્વરનું સ્મરણ કરતો ત્યાંથી આગળ માર્ગને અતિક્રમણ કરતો ચાલ્યો. અંતર્માં ક્ષુધારૂપે જઠરાગ્નિ દગ્ધ કરવા લાગ્યો. માનસાગ્નિ પણ નાના સ્ફુરણજન્ય સંતાપદ્વારા દગ્ધ કરતો પ્રતીત થતો હતો, અને તે જ પ્રમાણે ક્રમે કરીને વસુધાને તપ્ત કરી રહેલા સૂર્યે પણ પોતાનાં કિરણદ્વારા મારા પ્રતિ અગ્નિ વર્ષાવ્યો હતો. આ પ્રકારના ત્રિવિધ અગ્નિથી પ્રજળેલો હું આગળ ચાલ્યો. ત્યાં દિવસનું ઉત્તરાર્ધ જેમ જેમ પોતાના અંતઉપર આવતું ગયું તેમ તેમ તે બહારનો તાપ તો ન્યૂન થતો ગયો, પણ અંતર્નો અગ્નિ તો ક્રમે કરી બલવાન્ થતો ચાલ્યો. ક્ષુધાની પીડાથી શરી-રમાં શિથિલતા જણાવા લાગી. ચરણ ચાલતાં અચકાવા લાગ્યાં. તોપણ જીવવાની આશાવાળો હું કઠિન મન કરીને તણાતો ચાલ્યો. દૈવગતિથી મને આગળ ચાલતાં સારાં ફલવાળાં વૃક્ષો જણાયાં. વિવિધ રસનાં ફલોને મેં વૃક્ષઉપરથી ત્રોડીને તૃપ્ત થતાપર્યન્ત ખાધાં અને લગાર વિશ્રાન્તિ લેઇને પછી પાછો વેગવડે ચાલવા લાગ્યો. માર્ગમાં આ પ્રકારના વિચાર અંતર્માં સ્ફુર્યા.

"અહો ! આ અદૃષ્ટની ગતિ વિલક્ષણ છે. જ્યાં ત્યાં ઇષ્ટઅનિષ્ટ ફલને અણચિન્તવ્યાં આણી એ ભોગવાવે છે. આ જીવો પોતે સ્વતંત્ર નથી એમ જાણેછે પણ જે અદૃષ્ટને અધીન તેઓ વર્તે છે તે અ-દૃષ્ટના સ્વરૂપને જાણતા નથી. એ અદૃષ્ટ જ આ જીવોને જન્મથી આરંભીને મરણપર્યંતની તથા મરણથી આરંભીને પુનઃ જન્મપર્યંતની સમગ્ર સ્થિતિમાં જોડે છે. આ હું કે જે અરણ્યમાં ભટકતો થયો છું તે પણ એ વિલક્ષણ બલવાળા અદૃષ્ટની સત્તાથી જ થયો છું. મને જે જે કષ્ટના કે સુખના પ્રસંગ આવે છે તેને પણ એ અદૃષ્ટ જ આણનાર છે. હવે પછી પણ મારી મરણપર્યન્તના કાલમાં થનાર સર્વ સ્થિતિ એ અદૃષ્ટને અનુકૂલ જ થનાર છે. અદૃષ્ટની ગતિમાં ફેરફાર કરનાર કોઈ બલવતી સત્તા હશે, પણ તેને આ ક્ષણપર્યન્ત હું જાણતો નથી. દુઃખને તથા દુઃખનાં કારણોને જાણનાર વિચારવંત મનુષ્યો દુઃખની ઇચ્છા નહિ છતાં પણ દુઃખની મર્યાદામાં પ્રવેશે છે, તથા સુખની ઇચ્છાવાળા સુખને તથા સુખનાં કારણને જાણનાર પ્રાપ્તવિવેક પુરુષ પણ પ્રસંગે સુખથી ભ્રષ્ટ થાય છે એ વિલક્ષણ કાર્ય

કરનાર પણ આ બલવતી અદૃષ્ટરૂપ સત્તા જ છે.

અરેરે ! આવી અકલ અદૃષ્ટ સત્તાને અધીન વર્તતો હું ઈપ્સિતાર્થને ક્યારે પામીશ તેનો નિશ્ચય કરી શકતો નથી. બુદ્ધિમંત પુરુષોનો એવો નિયમ છે કે 'ઘણું કરીને કોઈ તેવાં કાર્યનો આરંભ કરવો નહિ અને આરંભ કરવો તો પછી તેના અંતપર્યન્ત પાછા હઠવું નહિ.' આમ છે માટે હવે ધૈર્ય મૂકવામાં કાંઈ ફલ નથી. આ સંસારમાં વિલક્ષણ ધૈર્યબલવાળા પુરુષો જ ત્રિલોકીમાં પોતાનાં યશકીર્તિને સ્થાપનાર થાય છે. આ શરીરમાં સઘળા પ્રકારનાં સામર્થ્યનો નિર્વાહક હેતુ એ ધૈર્યબલ જ છે. રણમાં જય પામનાર, વ્યાપારમાં લાભ મેળવનાર અને તપમાં ઇષ્ટ પ્રસન્ન કરનાર પુરુષો પોતાનું ધાર્યું પોતાના ધૈર્યબલથી જ કરી શકે છે. આ જગત્‌માં સામાન્ય ધૈર્યબલ વિનાના મનુષ્યો પોતાના ક્ષુદ્ર વ્યવહારને પણ રુડે પ્રકારે સાધી શકતા નથી તો અન્ય મોટા વ્યવહાર ધૈર્યબલ વિના સધાય એ આશા જ ક્યાંથી ? ધૈર્યથી જ પુરુષો ધર્મનું, સ્ત્રીપુત્રાદિ પ્રાણિઓનું, તથા ગૃહક્ષેત્રધનાદિ પદાર્થોનું રક્ષણ કરે છે. જેથી વિશ્વમાં આ ધૈર્ય જ મોટી સિદ્ધિરૂપ છે. મારામાં જેવું જોઇએ એવું ધૈર્ય નથી, તોપણ મારે ધૈર્ય ધારણ કરવાનો આ સમય આવ્યો છે, તેથી હવે સાવધાનપણે રહી ધૈર્યને સેવતાં અર્થને સાધવો ઘટે છે. આપત્તિ તો શરીરની સાથે જ સ્રજાયેલી છે, એટલે તેનો કેવલ અભાવ તો કોઈ પણ વ્યવહારસંયુક્ત વ્યક્તિમાં હોવો સંભવતો નથી. જેથી મારે આ વિવિધ પ્રકારની આવતી આપત્તિથી ભય પામવાનું કાંઇ કારણ નથી. શરીરમાં ભય જ પોતાના પ્રાદુર્ભાવથી શિથિલતા આણે છે,– ક્રમે કરીને અવયવ માત્રને સત્ત્વહીન પ્રતીત કરાવે છે. ઘણા બુદ્ધિમંત મનુષ્યો પણ ભયને પ્રાપ્ત થવાથી બુદ્ધિહીનસરખા થાય છે; જેથી બુદ્ધિબલાદિના ક્ષયને કરનાર ભયથી મારે સાવધાન રહેવું ઘટે છે."

આ આદિ અનેક પ્રકારના વિચારને વશ થયેલો હું માર્ગમાં વહ્યો જતો હતો. ક્રમે કરીને સૂર્યાસ્ત થયો. રાત્રિનો આરંભ થયો. ચંદ્રના પ્રકાશવાળી શુક્લપક્ષની રાત્રિ રળિયામણી જણાવા લાગી, પણ અશ્વ તથા શસ્ત્રવિનાના મને તે અતિ રમણીય ન ભાસવા લાગી. પેલું ભોજનપાત્ર ચોરાયું તેનું પણ સ્મરણ થવા લાગ્યું. તે પાત્ર આપનાર રાજાનું તથા તેનાં વચનોનું સ્મરણ થવા લાગ્યું. તેથી પૂર્વના વૃત્તાન્તોનું સ્મરણ થતાં પેલી સ્ત્રીનું પણ સ્મરણ થયું, અને તેથી પૂર્વ પૂર્વ વાર્તા સાંભરતાં માતાપિતા, મારો દેશ તથા મારાં દિવ્ય ભવન મને સ્મરણમાં આવ્યાં. તે સર્વના સંબંધમાં થોડો

થોડો વિચાર કરતાં તથા મારી આ અરણ્યમાં વર્તમાન સ્થિતિપ્રતિ લક્ષ કરતાં મને અંતઃકરણમાં શોકનો આવિર્ભાવ થતો ભાસ્યો. જેમ જેમ શોકની સત્તા જામતી ગઈ તેમ તેમ મને અંતઃકરણમાં વિલક્ષણ ફેરફાર થતો જણાયો. દિશાઓ શૂન્યસરખી ભાસવા લાગી. અણુછતું હૃદય દ્રવી ગયું. નેત્રમાં જલનાં ઝરણ આવ્યાં. ચાલવાની શક્તિ ઘટી ગઈ. મારા પોતાના કૃત્યથી મારી આ સ્થિતિ થઈ છે એવું ભાન થઈ આવ્યું અને તેથી મેં મને ઘણું ધિક્કાર્યો. રાત્રિ તો પ્રમાદરહિત-પણે વ્યતીત થતી હોવાથી ક્રમવડે વ્યતીત થતી ચાલી. આવાં અનેક પ્રકારનાં સ્મરણથી શોકવડે છવાયેલા હૃદયવાળો હું રાત્રિના બીજા પ્રહરનાં ચિહ્નને અનુભવવા લાગ્યો. માર્ગ કાપતાં અટકવાનો વિચાર કરૂંછું એટલામાં થોડે અંતરે વ્યાઘ્રનો ભયંકર શબ્દ મારે કાને પડ્યો. એકાએક મારા શરીરમાં ચમકાટ થયો. મનમાં જુસ્સો આવ્યો, પણ હથિયાર વિનાના હાથવાળો હું નાસવાનો વિચાર કરવા લાગ્યો. શબ્દની દિશાનું અનુમાન કરીને બીજી દિશામાં દોડવા માંડ્યું. શ્રમિત થયેલાં ચરણ જોઇએ તેવું દોડી શકતાં નહતાં. ભયથી પણ જડપણું આ-વવાનો સંભવ હોવાથી દોડતાં પગ અચકાતા હતા. એ સઘળું છતાં પણ મરણથી બચવાની આશાથી હું વેગથી દોડ્યો. શ્વાસ ભરાયેલો છતાં પણ આશરે બે ઘટિકાપર્યન્ત હું દોડ્યો. દૈવયોગે માર્ગમાં મોટું વૃક્ષ પણ આવ્યું નહિ કે તે ઉપર ચઢીને બેસું. આટલુ દોડ્યો એ-ટલામાં ફરીને પશુનો શબ્દ સંભળાયો નહિ, તેથી ક્રમે કરી ચિત્તમાં શાન્તિ જણાવા લાગી. દોડતાં અનેક વાર ઇષ્ટનું સ્મરણ કરતો તથા વિશ્રાન્તિ લેવાનું સ્થલ જોતો, પણ કાંઇ જણાયું નહિ. પરિણામે આગળ ચાલવાની હામ છેક ભાગી પડી ત્યારે હું ગભરાયો, પણ એ-ટલામાં આ આપણે જેના તળે બેઠા છીએ તે મોટું વૃક્ષ જણાયું. મનમાં લગાર હર્ષ થયો. સમીપ આવતાં આ જલાશય જેના ઉપર આપનું મને પ્રથમ દર્શન થયું હતું તે મારી દૃષ્ટિએ પડ્યો. આનંદ માનીને તે જલાશયસમીપ હું બેઠો. શ્વાસ ભરાયેલો તેથી તથા શ્રમથી વ્યાકુલ થયેલો હોવાથી તથા ભયશોકથી વિચારશૂન્ય થયેલો હોવાથી હૃદયને ખાલી કરવાનિમિત્તે હું મોટે સ્વરે રુદન કરવા લાગ્યો. એ રુદનને સાંભળીને આપ ત્યાં સમીપમાં પધાર્યા અને આપનું કલ્યાણ કરનાર દર્શન થવાથી તત્કાલ મેં રુદન બંધ કર્યું.

આપે એ સમયે મારા પ્રતિ કૃપા કરીને આપના શ્રીગુરુના સંબંધવાળા પક્ષિઓની મારા હિતની વાર્તા મને કહી સંભળાવી, તે સાંભળીને હું આ મહાક્લેશવાળી અવસ્થામાં સુખી થયો હતો. મારા

દુર્ભાગ્યથી તે સમયે આપના પરમપૂજ્ય **શ્રીસદ્ગુરુ**નાં દર્શન મને થયાં ન હતાં. દર્શનની આશા છતાં આપે મને અસંભવ જણાવ્યો તેથી હું આગળ ચાલી સત્વર સુખ મેળવવા તત્કાલ આપને નમન કરી વહેતો થયો. આ આપનું સ્થાન મને નિર્ભયપણે નિવાસ કરવાયોગ્ય હતું, તથા હું શ્રમિત પણ હતો, છતાં મારા પુણ્યસંસ્કારના અનુદયથી મને તે ક્ષણે પ્રહર બે પ્રહર પણ આ પુણ્યભૂમિમાં રહેવાનું ભાન થયું નહિ. આપનાં અભય આપનાર વરવચનને શ્રવણ કરી આ સ્થલથી ઉત્તર્ દિશામાં હું ચાલતો થયો. થોડું ચાલ્યા પછી મને ભાન આવ્યું કે હવે મારે કોઈ સ્થલે પણ વિરામ લેવાની અગત્ય છે. એટલામાં એક ઉત્તમ સ્થલ મારી દૃષ્ટિએ પડ્યું. એ સ્થલ તે એક નાનીસરખી પાંથશાલાજેવું જણાયું. મેં સમીપ જતાં જાણ્યું કે આ ઉજડ હશે પણ જ્યારે તે મઢીનાં દ્વાર શોધી જોયાં ત્યારે તેને અંદરથી કોઇએ બંધ કર્યાં હોય એવું ભાસ્યું. મેં વિચાર કરચો કે આપણા સુખમાટે બીજાને કષ્ટ આપવું એ કાંઈ ઉચિત નથી. જો હું વધારે ગડબડાટ કરીશ તો આ મઢીનાં દ્વાર બંધ કરી ભિત્તરમાં નિર્ભયપણે સુતેલું મનુષ્ય જાગશે અને તેને ભય કે સંતાપ થશે. માટે મારે તો આ ઓટલાઉપર જ રાત્રિનો અવશિષ્ટ રહેલો પ્રહર વ્યતીત કરવો.''

આ પ્રમાણે વિચાર કરીને હું ઓટલાની એક બાજુએ સુતો. સમીપમાં મનુષ્યની વસતિ છે એ જાણુવાથી મારા મનમાં ઘણો સંતોષ થયો. સુતો પણ તત્ક્ષણ નિદ્રા ન આવવાથી મારા મનમાં આ પ્રકારના વિચાર ચાલતા જણાયા, "અહો! આ સંસારમાં જીવોને સુખની આશા જ સંપૂર્ણ દુ:ખને આણનાર કારણરૂપ છે. જો સુખમાત્રની આશાનો પરિત્યાગ થાય તો પછી આ નાના પ્રકારનાં દુ:ખને કોણ આણે ? કોઈ જ નહિ. પણ સર્વ પ્રકારે સુખની આશાથી રહિત થવું એ અત્યંત કઠિન કામ છે. આ જગત્માં ઘણા ત્યાગીઓસરખા થઇને ફરે છે, પણ તે ખરા ત્યાગી નથી. કારણ કે ખરો ત્યાગ તો આશામાત્રના ત્યાગથી સિદ્ધ થયો ગણાય છે. ઉપરથી ધારણ કરેલો ત્યાગીનો વેષમાત્ર જ સુખનો સાધક હોત તો સઉ કોઈ તેમ કરત પણ તેમ નથી. અંતર્માં રહેલો દૃઢ વૈરાગ્ય જ ત્યાગરૂપ હોવાથી સુખનો સાધક છે અને તેથી તે સર્વ સુખેચ્છકે સેવવા યોગ્ય છે. ઘણાં મનુષ્યો તો પોતાના અંતર્થી પોતે ઠગાય છે. પોતાના અંત:કરણનું સ્પષ્ટ સ્વરૂપ જેઓ જાણતાં નથી તેઓ ઘણે કાલે પણ ધાર્યું સુખ સંપાદન કરી શકતાં નથી. કોઇ મનુષ્ય તો પોતે દોષરૂપ છતાં પોતાને નિર્દોષ માની ભૂલે છે. કોઈ તો પોતાને મિથ્યા કૃતકૃત્ય

માની આશાના પાશમાં પિલાતા વિવિધ વિહિતઅવિહિત ક્રિયાઓ આગ્રહથી કર્યાં જાય છે. આ પ્રકારે અનેક મનુષ્યો અનેક પ્રકારના ભ્રાન્ત નિશ્ચયથી પોતાને મિથ્યા જ દુઃખમાં ઉતારી લેછે. આ હું કે જે અનેક ક્લેશનાં કારણોથી ગુંચાયેલો છું તે હું મને પોતાને વૃથા મોટો બુદ્ધિમાન્ સમજું છું. મને વિવિધ પ્રકારની સુખ મેળવવાની આશા છે તોપણ હું મારા મનથી મને નિસ્પૃહી માનું છું. હું અંતર્માં ભયને પામું છું, પણ બહારથી ભયરહિત છું એવું માનું છું, તથા અન્યને તેવું ડોળ દેખાડું છું. મારા મનના સ્વરૂપને, તેમાં રહેલ સંસ્કારને તથા ભૂતભાવિમાં થનાર તે મનની સ્થિતિને હું સ્પષ્ટ જાણતો નથી, તોપણ હું મને મોટો જ્ઞાતા સમજું છું. આ પ્રત્યેક ક્રિયા કોણ કયી સત્તાથી તથા કયા નિમિત્તે કરે છે તે અસ્પષ્ટ છતાં હું મને પોતાને તે સર્વ ક્રિયાનો કર્તા માનું છું. હું આ શરીરદ્વારા સુખભોગ અનુભવવાની આશા રાખું છું પણ આ શરીરના અવધિના સમયને તથા ભોગની નિવૃત્તિના સમયને હુ આ ક્ષણપર્યન્ત યથાર્થ જાણતો નથી. અહો! આ મારા સરખા અનેક જીવો પોતાની અજ્ઞાનતાને ન જાણીને મોહવશ થયા પોતાની મોટાઇને માનીને અનેક પ્રકારના ક્લેશને અનુભવતા હશે. આ સઘળો ન કળી શકાય એવી માયાનો મહિમા છે એમ પૂર્વ કાલથી કહેવાતુ આવ્યું છે તેમ આ ક્ષણે મારે પણ સ્વીકારવું ઘટે છે'. આપ્રમાણે વિચાર કરતાં એકદમ આ પ્રકારનાં વચનો મારા મુખમાંથી ઉંચે સ્વરે નિકળ્યાં.

સાખી.

રેરે આ સંસારમાં, સઘળે તિમિર જણાય;
ત્રોડી તિમિર રહે સુખે, તો પુરુષત્વ ગણાય.
પરવશ પડીને ફુલવું, ધિક્ ધિક્ ધિક્ એ ગર્વ,
દીનપણે વહી દુઃખથી, છૂટવું એ જ સુપર્વ.
છે જગમાં સાચા ઘણા, સુખના જાણનહાર;
પણ તે નજરે ના પડ્યા. દુર્બલ મુજ સંસ્કાર.
હું સરખા અજ્ઞાનીએ, સ્મરવા સદાય ઈશ;
જેથી તે કરુણા કરી, જ્ઞાન દિયે બક્ષિસ.
દીનતણા પોકારને, દાતા શુણી હરખાય;
કૃપણદરિદ્રી ગૃહવિષે, દીન મુખે જ છુપાય.
હે જગદીશ! દયાનિધે! દાતા સાચા આપ;
જ્યારે સારે પ્રકટ થઈ, હરજો સઉ સંતાપ.

આ પ્રકારનાં વચનો મોટેથી બોલું છું એટલામાં તે મઢીનાં

દ્વાર ઉઘડ્યાં, અને પાદુકાના ખડકારા સંભળાયા. કોઈ પુરુષ પાદુકા પહેરીને બહાર આવ્યા અને મને પૂછ્યું કે અરે પ્રવાસી તું કોણ છે?

હું તત્કાલ ઉઠીને ઉભો થયો. સવિનય મેં તેમને નમન કર્યું અને આ પ્રમાણે બોલ્યો:—હે ભગવન્! દીનત્વને પામેલો હું આશાપાશમાં બંધાયેલો પ્રવાસી છું. દિશાઓમાં ભ્રમણ કરતો આજે આપનાં દુ:ખહર ચરણમાં આવી પડ્યોછું. હે સર્વાતીતસરખા પ્રતીત થતા છતાં સર્વ ઐશ્વર્યસંપન્ન! આપ અભયના દાતાછો તો મને અનાથજેવા થયેલાને આ ક્ષણે અભય વરદાન આપો અને મારા મનોરથ પૂર્ણ કરો.' આ પ્રકારનાં મારાં વચન શ્રવણ કરીને તે મહાત્મા ગંભીર વાણીવડે આ પ્રકારનાં પ્રિય વચન મને કહેવા લાગ્યા.

'હે પ્રવાસિન્! આ સંસારમાં સમગ્ર જીવ દીનતાને પામેલાછે તથા આશાના પાશમાં બંધાયેલા છે. જીવને જીવદશામાં સ્થાપનાર તથા દીનત્વને આપનાર આ વિવિધ પ્રકારની આશાઓ જ છે. એક પ્રકારની બંધાયેલી આશા પણ આ અભિમાનીને રાત્રિદિવસ દુ:ખ આપેછે તો અનેક આશાઓને વશ વર્ત્તનાર જીવને તે આશાઓ અધિક દુ:ખ આપે એમાં શું આશ્ચર્ય છે? આ પ્રકારે આશાને વશ વર્ત્તનાર રાજાથી તે રંકપર્યન્તના સર્વ પ્રાણી સુખનાં સાધનોથી યુક્ત છતાં પણ દુ:ખને જ ભોગવેછે. હે ભાઇ! બલવાન્ મનુષ્ય આશાવડે દુર્બલ થાયછે, ધનવાન્ નિર્ધન થાયછે, નીરોગી રોગી થાયછે, અને એ જ પ્રમાણે સુખી-આશાવાન્-દુ:ખી થાયછે. આ જગત્માં ઘણા જીવો તો ખરા કારણ વિના જ આશામાં બંધાઇને દુ:ખ વ્હોરી લે છે. પોતાના તથા પોતાની વિદ્યમાન પ્રજાના સુખભોગનાં સાધનોની પ્રાપ્તિ છતાં પણ અધિક આશાથી દુ:ખ ભોગવેછે. અપ્રાપ્તની ઇચ્છાથી પ્રાપ્ત સાધનોવડે પણ સુખાનુભવ કરતા નથી. આ જીવો અલ્પજ્ઞ હોવાથી સુખભોગના સાધનરૂપ વિષયોની પ્રાપ્તિ કરાવનાર કારણોને જાણતા નથી, તેથી તે જીવોને તે તે સુખભોગ પ્રાપ્ત થવાનો અદૃષ્ટ કારણથી અસંભવ હોય તોપણ અજ્ઞાનતાથી મિથ્યા આશા ધારી વ્યર્થ યત્ન કરેછે. વળી તે વિષયપ્રાપ્તિના અસંભવને ઉપજાવનાર વિરોધી અદૃષ્ટને પ્રતિબંધ કરનાર પ્રતિબંધક હેતુનું પણ તે જીવોને અભાન હોયછે તેથી તે અનેક વાર નિષ્ફલ યત્ન કરેછે. આ સઘળો વિચિત્ર સ્વભાવવાળી માયાનો પ્રભાવ છે એમ ન જાણનાર જીવો મોહવશ થાયછે અને ભયદુ:ખને ભોગવેછે.

હે સુજ્ઞ! આ સમગ્ર વિષયલાલસાવાળા પ્રાણી અભયને પ્રાપ્ત રહે એ ન સંભવે એવી વાર્તા છે. કારણ કે વિષયાસક્તિ અને અ-

ભય એ બંને પરસ્પરનાં વિરોધી છે. જ્યાં વિષયાસક્તિ હોય ત્યાં અભય સદા હોતું નથી, કેમકે વિષયમાત્ર ભયથી યુક્ત છે. આમ છે માટે હે ભાઈ! જો વિષયાસક્તિમાં નિમગ્ન હોય અને તેથી મુક્ત થયા વિના સદાકાલમાટે અભયને ઇચ્છતો હોય તો એ પૂર્ણ ન થઈ શકે એવો મનોરથ છે.'

આટલું બોલીને મૌન રહેલા તે મહાપુરુષને મેં નીચે પ્રમાણે કહ્યું. 'હે ભગવન્! આપ સર્વજ્ઞ છો તો મારા અંતઃકરણના સ્વરૂપને રુડી રીતે જાણોછો. હું વિષયમાં બંધાયેલોછું. તત્કાલ વિષયના અભાવવાળો છતાં વિષયની અસ્પૃહારૂપ દૃઢ વૈરાગ્યવાળો નથી. તેમ જ વિષયસ્પૃહાના ત્યાગની ઇચ્છાને મારા અંતર્માં આ ક્ષણપર્યન્ત મેં યોગ્ય પ્રકારે ઉદય થયેલી અનુભવી નથી. જેથી આપના કહેવા પ્રમાણે સદાકાલમાટે અભય પ્રાપ્ત કરવાને હું અધિકારી નથી. આ ક્ષણે તો મારો ઈપ્સિતાર્થ જે આ મારા પ્રયાણનો પ્રધાન હેતુ છે તે યથાકાલે પ્રાપ્ત થવામાં જે વિઘ્નભય હોય તે વિઘ્નભયની નિવૃત્તિ થાય અને સત્વર મારી ઇચ્છા પૂર્ણ થાય એ જ હું માગુંછું.' આટલાં મારાં વચન સાંભળીને તે બોલ્યા 'હે ભાઇ! શાન્ત થા. આ પ્રકારનાં તારાં વિસ્તૃત વચન શ્રવણ કરવા અવકાશ નથી. માટે અધિક બોલવાથી નિવૃત્ત રહે. અલ્પ કાલમાં તારી ધારણા પાર પડશે. તું યથાશક્તિ ધારેલી દિશામાં પ્રયાણ કરતો જા.' આટલાં વચન બોલીને તત્ક્ષણ તેમણે પુનઃ મઢીમાં પ્રવેશ કરચો અને દ્વાર બંધ કર્યાં. હું મનમાં પ્રસન્ન થયો. હૃદયમાં ધૈર્ય આવ્યું જણાયું. અંગમાં શક્તિ પ્રતીત થઇ. પછી નિશ્ચિન્ત થઇને સુતો. નિદ્રા સારી આવી. એક પ્રહર દિવસ ચઢી ગયો. મારા શરીરઉપર સૂર્યનાં કિરણ પ્રસરેલાં હોવાથી મને તાપનું ભાન થયું, અને તત્કાલ હું જાગ્યો. મઢીનાં દ્વાર જેમનાં તેમ ઢાંકેલાં જોયાં. હું પણ ત્યાંથી ઉઠીને ચાલતો થયો. મેં ચાલવાના સમયે તે મહાત્માને બોલાવવા વિચાર કરચો નહિ. કારણ કે પ્રસંગે એમના મુખમાંથી કેવાં વચન નિકળે અને તેનું શું ફલ થાય એ આગળથી કળી શકાય નહિ. મેં જેમ જેમ આગળ ચાલવા માંડયું તેમ તેમ મને સહજ સ્વભાવથી જ સુખનું ભાન થતું ગયું. હવે હું મારો વૃત્તાન્ત સ્વલ્પમાં કહેતો જાઉંછું. કારણ કે આપને આ મારૂં વિસ્તૃત વર્ણન વિનાકારણ અને નિષ્ફલ શ્રમ આપનાર છે. આ વિવેકવિચાર મને તે મઢીવાળા મહાત્માનું વચન સ્મરણમાં આવવાથી આવ્યો છે. પછી ત્યાંથી હું આગળ ચાલ્યો. ત્યાં માર્ગમાં સુગમતાથી મને અન્નજલ મળતું તથા રાત્રે વિશ્રામસ્થલ પણ મળતુ, તેથી સુ-

ખરૂપતાથી માર્ગ કાપતો ચાલ્યો. કોઈ કોઈ સમયે મને પૂર્વપ્રસંગનું તથા સંબંધીઓનું સ્મરણ થતું ત્યારે દુઃખનું ભાન થતું પણ સુવિચારથી હું તે દુઃખનું વિસ્મરણ કરી આગળ ચાલતો. એમ ઘણા દિવસ વ્યતીત થયા ત્યારે એક પાંથશાલામાં રાત્રે હું જઇને સુતો. સૂર્યોદય થયાપૂર્વે હું જાગ્રત્ થવાના સંધિઉપર હઇશ તે સમયે આ પ્રકારનું સ્વપ્ન થયું. જાણે કોઈ દિવ્ય દેહવાળો પુરુષ મારી પાસે આવીને બોલ્યો કે 'હે રાજપુત્ર ! તું જાગ. હવે તારા ભાગ્યોદયનો સમય આવ્યો છે. તારા દુઃખના દિવસો પૂરા થયા છે.' આટલા શબ્દ સાંભળતાં જ હું જાગી ઉઠયો. આસપાસ જોયું તો સુતેલા પ્રવાસીઓ વિના અન્ય કોઈ જણાયું નહિ. સૂર્યનાં કિરણ નિકળતાં અજવાળું થયું. મેં આસપાસ દૃષ્ટિ કરી જોયું તો એક પ્રવાસી સુતેલો છે અને તેની પાસે મારૂં પેલું ખોવાયેલું પાત્ર પડયું છે. તત્કાલ હું હર્ષથી ઉઠયો અને સમીપ જઈ જોયું તો તે પાત્ર મારૂં જ હતું. તે મેં હાથમાં લીધું. સુતેલા પ્રવાસીનું મુખ જોતાં પણ મેં તેને ઓળખ્યો કે મારી પાસેથી લઈ જનાર તે જ હતો. હું સમીપ ઉભો છું એટલામાં તે જાગ્યો અને મારા સંમુખ તેણે જોયું. હાથમાં પાત્રસહિત તેણે મને જોયો અને તે ભયભીત થઈ ઉઠયો. મારા ચરણમાં મસ્તક મૂકી નેત્રમાં જલ લાવી હાથ જોડી બોલ્યો, 'હું તમારો અપરાધી ચોર છું, હવે મને મારો કે ઉગારો.' મને દયા આવી તેથી કહ્યું જા, આજ તને ક્ષમા આપુંછું. હવે પછી કોઈ દિવસ આવું કર્મ કરીશ નહિ. એટલું બોલી પાત્ર લઇને પ્રસન્ન થતો, ભાગ્યની સ્તુતિ કરતો તથા અંતમાં ઈષ્ટનું સ્મરણ કરતો માર્ગે ચાલતો થયો. માર્ગે ચાલતાં આ પ્રકારના વિચાર આવવા લાગ્યા કે "અહોહો ! કાલબલને કે ભાવિને ન જાણનાર જીવો શા આધારે સંતોષથી દિવસો કાઢે ? માનસાગ્નિ રાત્રદિવસ બાળે અને તેથી જીવો સંતપ્ત થઈ ગમે તેમ વર્તે અને કલેશને અનુભવે એમાં તેમનો શો દોષ ? દૈવની ગતિ વિલક્ષણ છે. ફલમાત્રની પ્રવર્તક સત્તા પોતાના નિયમમાં કેવી સાવધાન છે તેને આ અલ્પજ્ઞ જીવો શું જાણે ? અનિષ્ટ ફલથી ત્રાસેલા પ્રાણિઓ પોતાના પાપરૂપ અદૃષ્ટને ન જાણીને ઈશ્વરને દોષ આપે એમાં પણ તેમનો શો દોષ છે ? અત્યંત અંધકારવાળી ગુહાસમ આ વિશ્વમાં પ્રવેશીને જીવો અકળાય એમાં શી નવાઇ ? કંઈ જ નહિ. લોકમાં કહેવાય છે કે 'પુરુષનું પ્રારબ્ધ પાંદડાંતળે ઢંકાયુ છે. તે પાંદડું ખસે તો નિમેષમાં ઉઘડે.' એ વાત પણ સાચીજેવી છે. હું દુઃખમાં સુતેલો અને સુખમાં જાગ્યો, એ જગદીશ્વરની વિચિત્ર કલાને પામર જીવ

શું કળી શકે? જ્યારે દુઃખ આવેછે ત્યારે એમ ભાસે છે કે જાણે આ દુઃખ ઘણે કાલે પણ ટળનાર નથી. પણ જ્યારે સુખ આવનાર થાય છે ત્યારે જણાતું પણ નથી કે એ દુઃખ કેવે પ્રકારે અને ક્યાં જતું રહ્યું. આ પ્રકારે દુઃખસુખને અનુભવ કરનાર જાણે છે. આ જીવને જીવદશામાં ભાસતાં સુખદુઃખ સ્થિર નથી. હું પ્રથમની સ્થિતિમાં મને રાજ્યાભિષેકસંસ્કાર નથી થયો તો પણ રાજા જાણતો હતો. પ્રવાસમાં નિકળ્યા પછી પણ મને હું રાજા જ ગણતો હતો. પણ જ્યારથી આ પાત્ર ખોવાયું હતું ત્યારથી હું મને રંક ભિક્ષુકસમ ગણતો. હવે આજથી પાછો હું રાજા ને રાજા જ થયો છું. મારા ભાગ્યોદયનું સુચિહ્ન આ પાત્ર પાછું મળ્યું એ જ છે. આ લોકમાં જેની આશા મૂકી હોય તે પદાર્થ પુનઃ પ્રાપ્ત થાય છે તો દિવસબલ ફર્યાનું અર્થાત્ ભાગ્યોદયનું ચિહ્ન ગણાય છે.” આ આદિ વિચાર કરતો અન્નજલની ચિન્તાથી રહિત થયેલો હું ઇચ્છાનુકૂલ સમયે અન્નજલને ગ્રહણ કરતો માર્ગ કાપતો ચાલ્યો. ઘણા દિવસ વ્યતીત થયા. ગ્રામ, નગરો, પુરીઓ આવે ત્યાં ઘટિત તપાસ કરૂં, પણ મારી આશાનો વિષય પ્રાપ્ત થવાનાં કંઈ ચિહ્ન ભાસ્યાં નહિ. ત્યારે મને મનમાં નાના પ્રકારના વિચાર આવી કંઇ ક્લેશનું ભાન થયું. તે દિવસે વિચારના અંતમાં એવો નિશ્ચય થયો કે હવે થોડા કાલમાં મારે અવશ્ય પાછા વળવું જોઇએ, કારણ કે ધારેલો કાલ પૂરો થવા આવશે. આ નિશ્ચય કરીને આગળ ચાલતાં મને શુભ શકુન થવા લાગ્યા. ત્યારે વળી મનમાં આગળ ચાલવા ઉત્સાહ જણાયો. આખો દિવસ વ્યતીત થતાં ચોથા પ્રહરના અંતના સમયમાં થોડે અંતરે મોટું શોભિતું નગર જણાવા લાગ્યું. જેમ જેમ સમીપ જવા લાગ્યો તેમ તેમ ઉંચાં, જાણે અભ્રને સંબંધ કરી રહ્યાં હોય એવાં દિવ્ય ભવનો જણાવા લાગ્યાં. સમીપ જતાં નગરનો કોટ તથા કોટમાં ગાળે ગાળે બાંધેલાં શત્રુનો પરાભવ કરવાને સૈન્ય રાખવાનાં યોગ્ય સ્થલો જણાયાં. જેમ જેમ સમીપ ગયો તેમ તેમ રમણીય સ્થલો દૃષ્ટિએ પડવા લાગ્યાં. ઉભય પાસે ઉત્તમ વૃક્ષોની પંક્તિઓથી શોભતા માર્ગ મનને આનંદનું ભાન કરાવે એવા હતા. વિશાલ અને વિવિધ પ્રકારથી શોભાવેલાં ઉપવનો આજુબાજુ પ્રતીત થતાં. નગરમાં જતાં આવતાં મનુષ્યોનાં વર્ણ તથા મુખની શોભા ઉંચા પ્રકારનાં હતાં. સહજ સ્નેહ કરવા વૃત્તિ થાય એવા તેમના રુચિકર હાવભાવ હતા. ઘણે કાલે આવી રમણીય ભૂમિ તથા સુંદરતાવાળી પ્રજા જોઇને મોટો હર્ષ હૃદયમાં પ્રતીત થયો. શ્રમથી શિથિલ થયેલા ગાત્રવાળો હું કોઈ નિવૃત્તિવાળા વિશ્રામસ્થલને ઇચ્છતો હતો,

અને ઇંદ્રિયોદ્વારા વિષયસાથે સંબંધ કરી વિષયાનંદને અનુભવનારી વૃત્તિ નગરમાં પ્રવેશવાનો ભાવ ઉપજાવતી હતી. આગળ ચાલતાં વૈભવી સ્ત્રીપુરુષોને, પગે ચાલતાં તથા વાહનોમાં બેશી જતાં આવતાં જોયાં, ત્યારે મને મારા એ સમયના વેષનો તિરસ્કાર થતો અંતર્માં ભાસ્યો. મારી પૂર્વ અવસ્થા, ઉત્તમ વસ્ત્ર, વાહન, અલંકારો તથા સેવકોનું સ્મરણ થઈ આવ્યું. મને મનમાં મારો વેષ જોઇને ગ્લાનિ થવા લાગી, તેથી તત્કાલ તે રાજમાર્ગનો ત્યાગ કરી અન્ય માર્ગે વળ્યો. એ માર્ગે મનુષ્યની આવજાવ ક્વચિત્ જણાતી. આગળ જતાં એક સુંદર વાટિકા દૃષ્ટિએ પડી. તેના સમીપમાં વૃક્ષની ઘટાવાળું એક સુંદર સ્થલ જણાયું. એ સ્થલ મનુષ્યને ખાસ જવાઆવવાના માર્ગમાં ન હોવાથી મને વિશ્રામ કરવાયોગ્ય જણાયું, તેથી ત્યાં જઇને તે વૃક્ષતળે હું શ્રમમુક્ત થવા બેઠો. ત્યાં બેઠા પછી મને મનમાં આ પ્રકારના વિચાર થતા જણાયા. 'અહોહો ! આ પ્રાણિઓને વિલક્ષણ વિલક્ષણ સ્થિતિઓમાં સ્થાપનાર આ ભાગ્યશબ્દથી ઓળખાતી સત્તા પણ આશ્ચર્યરૂપ છે! રાજાને રંક અને રંકને રાજા ક્ષણમાં કરી મૂકવા એ જ સત્તા બલવતી છે. જેમ આ વિશ્વપ્રપંચના કારણરૂપ પ્રકૃતિને આ પ્રાકૃત જીવો જોઇ શકતા નથી પણ તેનાં કાર્યને જોવાથી તેને જાણે છે, તેમ એ ભાગ્યરૂપ સત્તાને પણ કોઈ જોતું નથી પણ એના કાર્યને જોવાથી સર્વ એને જાણેછે; અને જેમ કોઈ તત્ત્વવિત્ પુરુષ તત્ત્વદૃષ્ટિથી પ્રકૃતિને જોઈ જાણી શકેછે, તેમ આ ભાગ્યસત્તાને પણ કોઈ વિલક્ષણ સામર્થ્યવાળા પુરુષો યથાવત્ જોઈ જાણી શકતા હશે. આ હું પણ એ ભાગ્યસત્તાને અધીન વર્તતો આજે આ ક્ષણે અનેક સુખદુઃખને અનુભવતો અત્ર આવ્યોછું એમ માનવાને કોઈ વિરોધ નથી. કારણ કે આપણા લોકમાં જીવોને વિવિધ ક્રિયામાં જોડનાર તથા વિવિધ ફલપ્રાપ્તિ કરાવનાર કોઈ અદૃષ્ટ હેતુને ભાગ્ય શબ્દથી ઓળખાવાયછે.

હું સુખની સ્થિતિ છોડીને અત્ર આવ્યો છું, અને આ ક્ષણપર્યંત હું ઇષ્ટ સુખને પ્રાપ્ત કરી શક્યો નથી અને ક્યારે તે ઈપ્સિતાર્થને પામીશ એ વિષે યથાર્થ નિશ્ચય કરી શકતો નથી તેથી આ મને પ્રવાસમાં કાઢનાર હેતુરૂપ તે ભાગ્ય સુભાગ્યરૂપ છે કે દુર્ભાગ્યરૂપ છે તે હજી હું જાણી શક્યો નથી. ખરું જોતાં મેં સુખદુઃખ બંનેને ભોગવ્યાં છે, તોપણ પ્રધાનપણે તો પ્રવાસમાં દુઃખ જ અનુભવ્યુંછે.

દુઃખનો સમય જેને આવે તેને તે પ્રિય ન હોવાથી તે દુઃખના સમયનો તત્કાલ અવધિ આવે તો ઠીક એવી તે દુઃખીની ઇચ્છા હોવી ઘટેછે તેમ મને પણ થાયછે, તથાપિ દુઃખનાં કારણનો અંત

આવ્યા વિના દુ:ખનો અંત આવતો નથી, જેથી હવે મારે આકળા થવાનું પ્રયોજન નથી. વિપત્તિમાં પડેલા મનુષ્યે ધૈર્ય જ સેવ્ય છે એ હું જાણું છું. જેથી ધૈર્યનો ત્યાગ થવો મને ઘટતો નથી.

આ પ્રકારના અનેક વિચારને કરતો હું સ્વસ્થ થઇને ઇષ્ટસ્મરણ કરતો સુતો, પણ નિદ્રા આવે નહિ. કામના પ્રબલ વેગવડે સંતપ્ત હૃદયવાળાને સ્વસ્થ નિદ્રા આવવી સંભવતી નથી એ જાણનાર મને ત્યાં નિદ્રા ન આવવાથી કાંઈ વિકલતા થઇ નહિ.

સુતાં સુતાં નિદ્રા ન આવવાથી વિવિધ તરંગને ઉપજાવતા મનને હું લક્ષથી જોતો હતો એટલામાં એક પુરુષને મેં મારા પ્રતિ આવતો જોયો. હું સ્પૃહારહિત થઇને સુઈ રહ્યો, તોપણ તે પુરુષ મારા સમીપ આવીને ઉભો અને મને પૂછવા લાગ્યો કે તમે કોણ છો અને ક્યાંથી આવ્યા છો ? મેં ઉત્તર વાળ્યું કે હું પ્રવાસી છું, અને દક્ષિણદિશાથી હાલમાં આવું છું. મેં તેને આવકાર દેઈ બેસવાનું ન કહ્યું તેમ છતાં પણ તે મારા સમીપ બેઠો. બેઠા પછી તેણે મારો વિશેષ વૃત્તાન્ત જાણવાનિમિત્તે મને પૂછ્યું કે તમે કયા કુલમાં જન્મ્યા છો અને શા નિમિત્તે વિદેશ સેવો છો ? મેં ઉત્તર વાળ્યું કે ખાસ પ્રયોજન વિના પોતાના કુલને તથા પ્રવાસના નિમિત્તને કોઇના સમીપ પ્રકટ ન કરવું, એ મારો નિયમ છે. તે પુરુષ બોલ્યો, કોઈ પણ પ્રકારની ઇચ્છાવાળાએ પોતાની ઇચ્છા સર્વ સ્થલે ગુપ્ત રાખવી એ યોગ્ય નથી. આપણી ઇચ્છા પ્રકટ થવાથી જ કોઇ દ્વારથી તે પૂર્ણ થાય છે, અને અંતર્માં ને અંતર્માં રહેલી તે ઇચ્છા નિરંતર માનસાગ્નિને પ્રજ્વલિત કરતી પુરુષના સત્ત્વબલને દગ્ધ કરે છે. માટે બુદ્ધિમાન્ પુરુષે ઇચ્છા પ્રકટ કરવામાં મોટો વિરોધ નથી. આમ છતાં પણ કેટલીએક ઇચ્છા આપણને કે અન્યને પ્રકટ થવાથી હાનિ કરનાર નિવડે છે તેવી ઇચ્છાને પ્રસંગવિના પ્રકટ ન કરવાનો નિયમ શ્રેષ્ઠ છે. હે ભાઇ ! વિવેકી પુરુષો જાણે છે કે આ જગત્માં મેળવવાના પદાર્થો વિદ્યા, કલા, સ્ત્રી, ધન તથા કીર્તિ છે. એ વિના સઘળા મનાતા લૌકિક પદાર્થનો ઘણું કરીને એમાં સમાવેશ થઈ જાય છે. અને એ વિના મેળવવાયોગ્ય ગણે તો મોક્ષ છે. પરંતુ તે પણ સદ્વિદ્યાદ્વારા પ્રાપ્ત થાય છે. જેથી તેનો પણ વિદ્યામાં સમાવેશ થાય છે. હવે જો તમને અડચણ ન જણાય તો તમારી પ્રવાસ કરાવનારી ઇચ્છાને પ્રકટ કરો. મેં એ પુરુષને બુદ્ધિમાન્ તથા સરલ જાણીને કહ્યું, હે સજ્જન ! તમારે મારે આજ પ્રથમ સમાગમ છે તેથી આપણા પરસ્પરના નિર્દોષ પ્રેમનો ઉદય હજી થયો નથી. માટે

અંતર્ ખોલીને ઇચ્છા જણાવવા સંકોચ પ્રતીત થાય છે. અને કુલ કહ્યાથી પણ શું ? અજાણ્યાઆગળ ખરાખોટાનું પ્રમાણ રહેતું નથી. અસત્ય બોલનાર પોતાનું ઉચ્ચ કુલ કહે તોપણ સામાને તેના સત્યાસત્ય કથનનો નિશ્ચય કરવો કઠિન થઈ રહે છે. વળી અત્યંત નિકટ સંબંધ બાંધવાના સમયે જ કુલને જાણવાની અગત્ય રહે છે. તેવું હાલ કંઈ કારણ પ્રતીત થતું નથી, તેથી કુલ કહેવા પણ મન સંકુચિત રહે છે. આ તમારા પ્રશ્નનાં ઉત્તર યોગ્ય પ્રકારે હું આપતો નથી તોપણ સહજ સ્વભાવથી એ જ પ્રશ્ન કરવાને અંતર્થી વૃત્તિનો ઉદય થતો મને ભાસે છે. પરંતુ સ્પષ્ટ કરી પૂછાતું નથી. જો અડચણ ન હોય તો કહો.

તે પુરુષ બોલ્યો, હે ભાઇ ! હું ક્ષત્રિયના કુલમાં પ્રકટ્યો છું. મને આ રાજ્યતરફથી સારી સત્તા મળેલી છે. અન્નવસ્ત્રની કાળજી કરવાસરખું નથી. રાજ્યસેવા હું યથાઘટિત કરૂંછું. મને એક વ્યસન છે તેથી હું નગરના આસપાસ નિત્ય ભ્રમું છું. તે વ્યસન એ છે કે પ્રવાસી પુરુષોને મળવું તથા દેશવિદેશની વાર્તા સાંભળવી. અનેક પ્રવાસીઓના મુખથી વિવિધ કથન શ્રવણ કરવાથી હું ઘણો પ્રસન્ન થાઉંછું. વળી ઘણા પ્રવાસીઓ ગૃહના ક્લેશથી નિકળી આવે છે તેમને યથાઘટિત સમાધાન આપી, થોડો કાલ અત્ર રાખી, પછી તેમને હરેક પ્રકારે શાંત કરી પાછા તેમના કુટુંબમાં મેળવુંછું. ઘણા પ્રવાસીઓ સ્ત્રી, ધન, વિદ્યા આદિની પ્રાપ્તિઅર્થે ભ્રમણ કરતા આવે છે તેમને યથાશક્તિ સાહાય્ય આપી વિદાય કરૂં છું કોઈ કોઈ પ્રવાસી પુરુષ વિરાગવાળા ચિત્તના આવે છે, તેમનાથી વિરાગના હેતુઓને શ્રવણ કરીને હું આ સંસારના મોહથી મુક્ત રહેવા યત્ન રાખુંછું. કેટલાએકની સુખદુઃખની વાર્તાને શ્રવણ કરીને હું ગર્વરહિત રહું છું. આ આદિ અનેક પ્રકારના લાભ આ પ્રવાસીઓને મળવાના વ્યસનથી હું મેળવું છું. આજે તમને પ્રવાસીસરખા જાણીને હું તમારી પાસે આવ્યોછું, અને તમારા પ્રવાસના નિમિત્તને તથા તમારી સઘળી વ્યતીત વાર્તાને જાણવાની ઇચ્છા રાખુંછું. જો યોગ્ય લાગે તો તમે મને કહો. એટલું તો મને તમારી સ્થિતિ જોતાં સમજાયું છે કે તમે વિરાગના ચિહ્નવાળા છો પણ ખરા વિરાગવાળા નથી. તમે કાંઇ કાંઇ પણ આશામાં બંધાયલા પ્રવાસ કરોછો. તમે કોઈ પણ ઉંચા કુલના અને ભાગ્યશાળી છો. વિદ્યાકલાના સંસ્કારવાળા છો. શૌર્યાદિ સદ્ગુણના ભંડારરૂપ છો, તોપણ કોઈ પ્રકારના સંતાપથી તપ્ત રહો છો, તેથી તેજસ્વી છતાં પણ નિસ્તેજ થતા જાઓ છો.

તમે કાર્ય સાધવાની આશાથી દીનસરખા ભાસોછો પણ માંહેથી સ્વાભિમાનવાળા અને સગર્વ છો. હે ભાઈ ! આ આદિ અનેક પ્રકારનાં તમારા વિષે મેં અનુમાન કર્યાં છે, તેમાં તમારા આગળ કહેલામાંથી જો કોઇ અનુમાન તમને અયોગ્ય ભાસતાં હોય તો મને તે અયોગ્ય કથનમાટે ક્ષમા આપજો, અને મારા ઉપર રોષ આણુશો નહિ. હું તો સજ્જન પુરુષોનો દાસ છું. હું મને પોતાને બહુબુદ્ધિમાન્ સમજતો નથી તો પણ મારા રાજસસ્વભાવથી હું મારી મતિને જ્યાં ત્યાં માર્ગ આપુંછું, અને નિર્ભયપણે નિશ્ચય કરૂંછું. આ મારૂં કહેવાયોગ્ય કહ્યું. હવે જો તમને અનુકૂલ ભાસે તો તમારી ખરી કથા કહીને મને પ્રસન્ન કરો.

આ પ્રકારનાં તે પુરુષનાં વચન સાંભળીને તત્કાલ હું આસનથી ઉઠ્યો અને તેમને પ્રેમથી ભેટ્યો તથા તેમના હાથ ઝાલીને મારા સમીપ બેસાડી બેઠો, અને આ પ્રમાણે બોલ્યો. હે સુપાત્ર ! મેં તમને પ્રથમથી જેવા છો તેવા જાણ્યા નહિ તેથી થયેલા અવિવેકની ક્ષમા આપજો. આ જગત્માં અનેક પ્રકારના મનુષ્યો હોવાથી સર્વસાથે અંતર્ ખોલીને વાર્તા કરવાને મન માનતુ નથી. સ્નેહ કરવાયોગ્ય પુરુષોનો જ્યાં ત્યાં સુકાલ હોતો નથી. મલિન સ્વભાવનાં મનુષ્ય ઉપરથી દેખાતાં ભલાં અને અંતર્થી ઘણાં છલ રમનાર હોય છે. જેમાં તેમનું કે કોઇનું હિત થતું નથી, એવા પ્રયોગોમાં પણ તે સજ્જનોનાં કાર્યને હાનિ કરતાં સંકોચને પામતાં નથી. આ વિશ્વમાં એવા પ્રાણિઓ ઘણા હોવાથી, અને સજ્જનોને ઓળખાવનાર કોઈ પ્રસિદ્ધ ચિહ્ન તેમનાં શરીરઉપર ન હોવાથી હરેક મનુષ્ય મળે તેનાથી નિઃશંકપણે વ્યવહાર કરી શકાતો નથી. તમે કે જે સજ્જન છો તેમના જેવાં પણ શિખીને આચરણો કરનાર દુર્જનો ઘણાં ભોળાં મનુષ્યોને ઠગે છે, જેથી બોલવા માત્રથી કે તાત્કાલિક આચરણ દેખવામાત્રથી જ મનુષ્યની પરીક્ષા કરી શકાતી નથી. આ સઘળું છતાં પણ તમે સજ્જન જ છો એવું મને અંતઃકરણમાં ભાસે છે તેથી હું મારો જણાવવાયોગ્ય વૃત્તાન્ત જણાવુંછું. એમ કહીને મેં ઘટિત વાર્તા કહી સંભળાવી, તેમાં અમુક દેશના અમુક રાજાનો હું પાટવી પુત્ર છું અને દેશદેશની રીતભાત જોવાનિમિત્તે તથા યોગ્ય કન્યા મળે તો વિવાહ કરવા નિમિત્તે આ મારો પ્રવાસ છે, એ તથા માર્ગમાં વ્યતીત થયેલી સઘળી વાર્તા કહી. માત્ર પાત્રસંબંધી તથા સ્ત્રીના ચિત્રસંબંધી વાર્તા મેં તે પુરુષને કહી નહિ. મારી સઘળી વાર્તા શ્રવણ કરીને તે પુરુષ ક્ષણવાર સ્તબ્ધ થઈ રહ્યો. પછી બોલ્યો, હે રાજ

પુત્ર ! તમે મારે ઘેર ચાલો. તમે આ સ્થલે નિવાસ કરવાયોગ્ય નથી. હું રંક છું તથાપિ તમને પરોણા તેડવાયોગ્ય છું, એમ બોલી ઉઠયો, અને મારો હાથ ઝાલી મને ઉઠાડયો. મેં ઘણી આનાકાની કરી પણ તેના સાચા પ્રેમનો એવો આગ્રહ થયો કે મારાથી ના ભણી શકાયું નહિ. મારૂં પાત્ર મેં હાથમાં લીધું ત્યારે તે પુરુષે તે પાત્ર મૃત્તિકાનું જાણીને તેનો ત્યાગ કરવાનું મને ઘણું કહ્યું, પણ મેં તેને આગ્રહ જણાવી કહ્યું કે એ પાત્ર મને પ્રાણથી પ્રિય છે, અને એનો મારા ઉપર ઘણો ઉપકાર છે; માટે હું એને ત્યજીને તમારે ત્યાં આવી શકીશ નહિ. ત્યારે તેણે તે પાત્રસહિત મને સાથે લીધો, અને નગરમાં પ્રવેશ કરયો. નગરની શોભા તથા સ્ત્રીપુરુષોની સુંદરતા જોઇને મને ચિત્તમાં અધિક પ્રસન્નતા ભાસી. નગરમાં માર્ગ કાપતાં તે પુરુષના ગૃહસમીપ આવ્યા. જ્યારે મેં પ્રથમ આ પુરુષને જોયો ત્યારથી તે એના ઘરસમીપ આવતાપ ્રત મેં જેવા પ્રકારનું એના ગૃહવિષે અનુમાન કરેલું તે સઘળું તેનું ઘર જોતાં ખોટું પડ્યું. એ પુરુષના દ્વારઉપર શોભિતા શસ્ત્રધારી ઉભા તથા દ્વારપાલ બેઠા હતા. અમને જોઇને સઘળાએ પોતપોતાનાં સ્થાને ઉભા રહી સવિનય નમન કર્યું. તે સ્વીકારી ગૃહમાં પ્રવેશતાં તે ગૃહ મધ્યમ પ્રકારના રાજાના ગૃહજેવું જણાયું. નાના પ્રકારના મોહક પદાર્થોથી તેને શોભાવ્યું હતું. આ ગૃહ જોયાપછી એ પુરુષમાટે મેં પ્રથમ બાંધેલા વિચાર છોડીને તેથી ઊંચા પ્રકારના વિચાર બાંધ્યા. તે પુરુષે મને તે વિશાલ ભવનના એક સ્વતંત્ર ભાગમાં તેડી જઈ કહ્યું, તમે કોઈ પ્રકારની પણ શંકા રાખ્યાવિના આ સ્થલમાં બેસો, સુઓ અને ઇચ્છાનુકૂલ વર્તો. એક સેવકને બોલાવી મને સોંપ્યો, અને તેને આજ્ઞા આપી કે આમની આજ્ઞામાં રહી એમને સઘળી અનુકૂલતા કરી આપવી. મને કહ્યું કે આ સેવકપાસે સર્વ પ્રકારની સેવા લેવી. એટલું કહી તે પોતાના વિભાગમાં વસ્ત્ર મૂકવા ગયા. તે સેવકે સઘળી ગોઠવણ કરીને પછી સ્નાનના સમયે મને સુગંધયુક્ત તૈલાદિના મર્દનપૂર્વક રુચતા ઉષ્ણોદકથી સ્નાન કરાવ્યું. પછી મને રાજાને શોભે એવાં સુંદર વસ્ત્ર તેના ધણીની આજ્ઞાથી પહેરવાને આણી આપ્યાં. મેં અદૃષ્ટને અધીન થઈ સંકોચવિના તે પહેર્યાં, અને પછી હું મારા ઉતારામાં જઇને ઇષ્ટસ્મરણ કરતો બેઠો. પશ્ચાત્ તે પુરુષ ઉત્તમપ્રકારના અલંકારો મને ધારણ કરાવવાનિમિત્ત લઈને મારા સમીપ આવ્યા, અને મને ધારણ કરવા કહ્યું. મેં ઘણી ના કહી, પરંતુ તેણે કહ્યું, અમારા દેશમાં ગૃહાગત પુરુષનું આ પ્રકારે આતિથ્ય કરવાનો ચાલ છે. તમારે જ્યારે

પ્રયાણની ઇચ્છા થાય ત્યારે એ સઘળા પદાર્થ પાછા આપજો, અને દૈવયોગથી તે સમયપર્યંતમાં એમાંથી કોઈ પદાર્થ ખોવાય તો તેની કાંઇ ચિંતા નથી. અતિ આગ્રહથી તે અલંકારો મેં પહેર્યા. આ સમયે મને મારી પૂર્વસ્થિતિ સાંભરી અને હૃદય ભીનું થયું. ત્યાર પછી રાજાઓની રીતપ્રમાણે વિધિથી ઉત્તમ ષડ્રસયુક્ત પદાર્થોનું ભોજન કર્યું અને પછી રુડી રીતે હું નિદ્રાવશ થયો. નિદ્રામાંથી જાગ્યા પછી મુખ ધોઇને સાવધાન થયો. મેં સ્નાન કર્યા પૂર્વે મારાં વસ્ત્રમાં પેલું પાત્ર તથા ચિત્ર સંભાળથી બાંધીને મૂકયાં હતાં, તે કોઈ ન જાણે એમ તપાસી જોયાં.

ત્યાર પછી જલપાન કરીને હું પર્યંકઉપર બેઠો. મને ઉઠેલો જાણીને તે ગૃહસ્થે મારે માટે સુંદર રાજવંશી પોશાક બહાર ફરવા જતી વખત પહેરવાજેવો મોકલ્યો, અને તે લાવનારસાથે કહાવ્યું કે 'આપને અર્થે અશ્વ તૈયાર છે; તથા સાથે આવનાર અત્રના ભોમિયા સ્વાર પણ તૈયાર છે. માટે આ વસ્ત્ર ધારણ કરીને અશ્વારૂઢ થઇને આ નગરનાં જોવાલાયક સ્થલો જોવાને આપ ઇચ્છાનુકૂલપણે પધારો.'

તે મનુષ્યનાં આ વચનો સાંભળીને પ્રીતિવડે મેં તે વસ્ત્ર ધારણ કર્યાં, અને શસ્ત્રો પણ સાથે મોકલ્યાં હતાં તે યથાયોગ્ય સ્થલે ધારણ કરી લીધાં. મને તૈયાર થયેલો જાણીને પછી તે ગૃહસ્થ મારા સમીપ આવ્યા. મને વસ્ત્ર શસ્ત્ર ધારણ કરેલો જોઇને તે ઘણા પ્રસન્ન થયા, અને હવે તેમની પૂર્ણ ખાતરી થઇ કે આ પણ કોઈ શૂરવીર ક્ષત્રિય રાજકુમાર છે, એમાં કિંચિત્ પણ સંદેહ કરવાસરખું નથી. વસ્ત્ર તથા શસ્ત્રથી શોભતો મને જોઇને તેમણે કહ્યું, હે રાજકુમાર! તમે પ્રસન્ન રહેજો. પરમેશ્વર કરશે તો તમારી સર્વ કામના આ નગરમાં પૂર્ણ થશે. તમારૂં મોહક સ્વરૂપ જોઇને મને આ સમયે અધિક આનંદ થયો છે. મેં અત્રના સારા જાણિતા ક્ષત્રિયસ્વારોને તમારી સાથે આવવા તૈયાર રાખ્યા છે, તે તમને યોગ્ય સ્થલોએ નિર્વિઘ્ન ફેરવી લાવશે. આ વચનો સાંભળીને મેં મારી પ્રસન્નતા જણાવી અને કાંઈ પણ બોલ્યા વિના હું તેમને જવાનો ભાવ સૂચવી પેલા મનુષ્યને આગળ કરી જ્યાં અશ્વ તૈયાર હતો ત્યાં આવ્યો. અશ્વારૂઢ થયો કે તરત મારી આગળ તથા પાછળ બબ્બે સ્વાર થયા. તે ગૃહપતિના દ્વારપાલોએ મને ઘણા માનપૂર્વક નમન કર્યું, તે સ્વીકારી ઇષ્ટસ્મરણ કરીને હું નગરની શોભા અર્થાત્ માર્ગની, ગૃહોની તથા મનુષ્યોની શોભા જોતો જોતો આગળ

ચાલવા લાગ્યો. નગરના લોકો પણ મારા વેષ તથા મુખથી મને પરદેશી જાણીને મારા સંમુખ જોતા તથા ઘણા તો મને સવિનય નમન કરતા. આપ્રમાણે ચાલતાં માર્ગમાં ડિંડિમફેરવનારનો પોકાર સાંભળીને તેમાં શું કહે છે એમને સમજ ન પડવાથી મેં મારી સાથેના ક્ષત્રિયસ્વારને પૂછ્યું કે આ શેનો પોકાર છે? ત્યારે તેણે કહ્યું કે એ રાજકુંવરીની આજ્ઞાનો પોકાર છે. એવો પોકાર ઘણા દિવસથી આ નગરમાં પ્રતિદિવસ પડે છે. તેની મતલબ એવી છે કે કોઈ પણ બ્રાહ્મણ અથવા ક્ષત્રિય પ્રવાસીએ આ નગરમાં કે નગરબહાર આવી ઉતર્યાપછી રાજકુંવરીના સ્થાનમાં સંભળાવ્યાવિના જવું નહિ. મેં પૂછ્યું કે એ ઢંઢેરો પીટવાનું કારણ શું? તેણે કહ્યું કે રાજકુંવરીનું વય થઈ ગયું છે, છતાં હજી યોગ્ય પતિની શોધમાં ને શોધમાં લગ્ન કર્યું નથી. એમણે પોતાના મનથી કોઈ વર નિશ્ચય કરયો છે એમ કહેવાય છે પણ તે હાલ ક્યાં છે એ જાણવામાં નથી. તેની શોધ થાય છે પણ તે હજી હાથ ચઢતો નથી. તેથી પ્રવાસી ક્ષત્રિયની શોધ રાખે છે; અને પ્રવાસી બ્રાહ્મણને દાન આપે છે માટે તેમની પ્રતિદિવસ શોધ રાખે છે. આ તે સ્વારનાં વચન સાંભળીને પછી હું કાંઈ બોલ્યો નહિ, પણ મનમાં મને વિચાર આવવા લાગ્યા, કે અહા! ઈશ્વરની શી લીલા છે! આજ દિનપર્યંત હું એમ સમજતો હતો કે મારા સરખું આગ્રહવાળું કોઈ નહિ હોય, પણ જગત્માં સ્વાભિમાનવાળાં તથા પોતાના નિશ્ચયપ્રમાણે જ વર્તનારાં આવાં ઘણાં હશે. અરે! મેં ચિત્ર મૂક્યું છે ત્યાં જ રહ્યું. મારી સાથે લેવાનું વિસ્મરણ થયું. હશે, એ સ્થલેથી જવાનું ભય નથી, એટલે ઠીક છે.' આ પ્રકારના વિચાર કરતો હું અશ્વને આગળ ચલાવતો આસપાસ જોતો, પણ આ વાર્તા સાંભળવાથી મારા મનનું અનવસ્થાન હોવાથી હું જાણે કાંઈ જ જોતો નથી એવું ક્ષણે ક્ષણે ભાસતું. એ રાજકુંવરી કેવી હશે, અને એનો ધારેલો પુરુષ કોણ હશે? તે પુરુષને જોઇને આ રાજકન્યાએ તેને પતિ કરવા નિશ્ચય કરયો હશે કે મારી પેઠે માત્ર ચિત્રથી જ નિશ્ચય કર્યો હશે? આ આદિ ઉઠતી મારા મનની શંકાનું પૂર્ણ સમાધાન હવે કોણ કરે? આ પ્રકારના અનેક વિચારમાં ને વિચારમાં ચાલતાં નગરથી બહાર નિકળવાનું મોટું દ્વાર આવ્યું. ત્યાંથી બહાર નીકળતાં મને સારા શકુન થવા લાગ્યા. મારૂં દક્ષિણ અંગ સ્ફુરવા લાગ્યું. સૌભાગ્યવન્તી સ્ત્રિયો જલ ભરી સંમુખ આવી. કટિલંકે પુત્રવાળી સૌભાગ્યવન્તી સ્ત્રિયો જમણી બાજુએથી જવા લાગી. એવા ને એવા ઉત્તરોત્તર

સારા શકુન જોઇને મારા મનમાં હર્ષ થવા લાગ્યો. આગળ ચાલતાં જોવાયોગ્ય સ્થલો આવવાથી સ્વારોએ મને કહ્યું અને હું ઉતરીને તે તે રમણીય સ્થલ જોવા લાગ્યો. એક સ્થલ જોઈ રહું કે બીજું, એમ ઉત્તરોત્તર સ્થલો જોતો ચાલ્યો. વળી અન્ય જોવાયોગ્ય સ્થલ અંતરે હોય ત્યારે હું પાછો અશ્વારૂઢ થતો અને તે સ્થલ આવે ત્યારે ઉતરતો. આપ્રમાણે જોતાં આગળ ચાલતાં, મધ્યે સર્વથી અધિક શોભાવાળું એક સ્થાન દૃષ્ટિએ પડ્યું. તે જોઇને મેં પૂછ્યું કે આ સ્થલમાં કોનો નિવાસ છે? સ્વારે કહ્યું, એ સ્થાન રાજકુંવરીના નિવાસનું છે. મેં પૂછ્યું, એ સ્થાનમાં પ્રવેશી પુરુષો જોઈ શકેછે કે નહિ? સ્વારે કહ્યું, એ સ્થાનમાં બે મર્યાદા રાખી છે. ત્યાં બહારના ભાગમાં સાર્વજનિકજેવું છે, તેથી ત્યાં સર્વને પ્રવેશવાની આજ્ઞા છે, અને બીજો અંતરનો વિભાગ કરચો છે, ત્યાં કોઈ પુરુષનો પ્રવેશ થાય એમ નથી. તે મર્યાદાની બહાર પુરુષોની ચોકી છે, અને અંતરની મર્યાદાઆગળ સ્ત્રિયોની ચોકી છે. મને બહારની મર્યાદાનું સ્થાન જોવાની વૃત્તિ થઈ અને તેથી મેં તેને કહ્યું કે જ્યાં પર્યંત જઈ શકાય એવું હોય ત્યાં પર્યંત તમે આગળ ચાલો અને એ સ્થલ મારી દૃષ્ટિએ નાંખો. આ વચન સાંભળીને પ્રથમ તેમાંનો એક સ્વાર જઈને રક્ષપાલની આજ્ઞા મેળવી આવ્યો, અને પછી અમારો તેમાં પ્રવેશ થયો. ઘણા મોહક પદાર્થોવડે અને શોભિતા લતામંડપોવડે એ સ્થાનને અત્યંત શોભાવ્યું હતું. એ વિશાલ સ્થલમાં ફરતાં ફરતાં એક અધિક શોભિતા પદાર્થોથી શણગારેલું, જાણે કોઈ ઇષ્ટદેવનું મંદિર હોય એવું સ્થાન દૃષ્ટિએ પડ્યું, અને ત્યાં સાવધાન શસ્ત્રધારીઓને આસપાસ ફરતા જોયા. એ જોઇને મેં સ્વારને પુછ્યું કે આ સ્થાનમાં શું છે? તેને તેનું જાણપણું ન હોવાથી પેલા શસ્ત્રધારી રક્ષકને જઇને પૂછી આવ્યો અને પછી મને કહ્યું કે એમાં કોઈ પુરુષનું ચિત્ર મૂક્યું છે, અને તેને માટે એમ કહેવાય છે કે જેનું તે ચિત્ર છે તે પુરુષને પતિ કરવા રાજકુંવરીએ નિશ્ચય કરચો છે, અને તેથી કોઈ પણ પ્રવાસી ક્ષત્રિય પુરુષ આવેછે તેને રાજકુંવરીની આજ્ઞા લેઈને આ દ્વારપાલ જોવા દેછે. આ સાંભળીને મેં કહ્યું કે હું ક્ષત્રિય પ્રવાસી છું. મેં આ નગરમાં પ્રવેશ કરચો છે. માર્ગમાં આપણે ડિંડિમ સાંભળ્યું છે. અને મારે આ નગર છોડીને સત્વર જવાનું છે તો પછી આ યોગ પુનઃ આવવો કઠિન છે, માટે તમે એ રક્ષકને કહો અને એ ચિત્ર જોવાની આજ્ઞા મંગાવો. આ મારાં વચન સાંભળીને તે સ્વારે સર્વ વૃત્તાન્ત તે રક્ષકને કહ્યો. રક્ષકે જઇને મુખ્ય સ્રીરક્ષ-

કને કહ્યું. તેણે ક્રમથી જઇને રાજકુંવરીને કહ્યું, અને ત્યાંથી આજ્ઞા મેળવીને પાછા આવી તે દ્વારપાલે દ્વાર ઉઘાડી મને તે મંદિરમાં પ્રવેશવા સવિનય કહ્યું. મેં પણ અંતરમાં અત્યંત પ્રસન્નતાને અનુભવતાં તે મંદિરમાં પ્રવેશ કરચો. અંદરની શોભા અવર્ણનીય હતી. દેવમંદિરસમ શોભા કરીને દેવના સ્થાનાંતે ચિત્ર મૂકેલું જણાયું. લગાર સમીપ જઇને જોતાં તો મને એમ ભાસ્યું કે આ ચિત્ર તો મારૂં જ છે. જે સમયે મારા પિતાએ કન્યાની શોધમાટે ચિત્રકારોને મારાં ચિત્રો કરાવીને દેશ દેશપ્રતિ મોકલ્યા હતા તે સમયના ચિત્રમાંનું આ ચિત્ર છે એમાં કાંઈ સંદેહ નથી એમ મને જણાયું. આ ચિત્ર મારૂં જ છે એવો નિશ્ચય થતાં જ મારૂં હૃદય હર્ષથી જાણે ફુલતુ હોય એવું ભાસ્યું. મારા અંગમાં જાણે વિજળીના ચમકારા જેવો એકદમ ચમકારો થઈ ગયો. અવર્ણનીય પ્રસન્નતા જણાવા લાગી, અને જેમ ઘણા કાલથી તપ કરનાર તપસ્વીને નિરાશાના સમયમાં પોતાના ઉપાસ્યનો સાક્ષાત્કાર થાય અને તેથી તેને જેવો હર્ષ થાય તેવો હર્ષ આ ક્ષણે મને થયો. હું ભાગ્યની, ઈશ્વરની તથા મારા પ્રયત્નની એકે કાલે સ્તુતિ કરતો હોઉં એવો મને પોતાને પોતામાં ભાસ થયો. યથાર્થ દૃષ્ટિ નાંખીને મેં પુનઃ પુનઃ નિશ્ચય કરચો કે નિઃસંશય આ ચિત્ર મારૂં છે. પછી તત્કાલ હું મારા મનને નિયમમાં રાખીને બહાર નિકળ્યો, અને સ્વારસહિત અશ્વારૂઢ થઇને મારા ઉતારાઉપર આવ્યો.

ઉતારાપ્રતિ જતાં માર્ગમાં તથા ઉતારાના સ્થલમાં ગયા પછી જે જે વિચારોના પ્રવાહ વૃત્તિમાં વહ્યા હતા તે તે સર્વનું સ્વરૂપ આજ મને યથાવત્ કહેવા યોગ્ય સ્મરણ નથી. કારણ કે તે પ્રવાહ એટલી ત્વરાથી ચાલેલા અને તેમાં એક વિચારમાં અનેક વિચાર એવા પ્રકારથી સંકલિત થઈ વહ્યા હતા કે તેને પૃથક્ કરી, તે વિચાર થઇ રહ્યા હતા તે જ ક્ષણે જો કોઇને કહેવા હોત તો તે પણ કહેવા કઠિન થઇ પડત તો આજે કહેવામાં કઠિનતા હોય એમાં શું આશ્ચર્ય ?

ઉતારાપર આવીને મેં પુનઃ પ્રથમનાં વસ્ત્રો ધારણ કર્યાં, અને પેલાં વસ્ત્રો ઉતારી મૂક્યાં. પશ્ચાત્ સ્વસ્થ થઈ મેં મારૂં મૂકેલું પાત્ર તથા ચિત્રનું પોટલું જોયું, અને નિરાંતથી પર્યંકઉપર બેઠો. આ સમયે પણ મારૂં અંતઃકરણ વ્યાપારની શિથિલતાવાળું ન હતું. મારા બહાર જઈ આવ્યાના સમાચાર જાણીને તે ગૃહપતિ ગૃહસ્થ મારા સમીપ આવ્યા. મેં અભ્યુત્થાનવડે તેમને સંમાન આપીને બેસાડ્યા. બેઠા

પછી તેમણે તે નગરનાં જોવાલાયક સ્થલોસંબંધી મારા વિચાર પૂછ્યા. તથા એથી ઉત્તમમધ્યમકનિષ્ઠ વૈભવ કયાં કયાં જોયા છે એ પણ પૂછ્યું. મને નિરુપાયથી એમના પ્રશ્નના ઉત્તરમાં બોલવાની જરૂર પડી, પણ તે મને રુચિકર થઈ પડયું નહિ. કારણ કે હું મારા વિચારમાં જ વારંવાર પ્રવેશવા ઇચ્છતો હતો. આમ છતાં પણ મેં એ સ્થલોની સ્તુતિ કરી સ્વલ્પમાં કહ્યું કે મેં માર્ગમાં ઘણાં રાજ્યો જોયાં, પણ આ સ્થલ સર્વ પ્રકારથી તે સર્વકરતાં શ્રેષ્ઠ છે એમ કહેવામાં મને કિંચિત્ પણ સંકોચ પ્રતીત થતો નથી. તે પુરુષે આડીઅવળી ઘણી વાર્તા કરી, તે હું શ્રવણ કરતો હતો, છતાં જેમ કોઈ સુષુપ્તિમાં પ્રવેશવાના સંધિમાં સાંભળતાં છતાં સાંભળતો નથી અને પ્રસંગે ઉત્તર આપવાના સમયમાં ઉત્તર આપી શકતો નથી તેમ હું પણ ક્ષણમાં મારા વિચારમાં લીન થઈ જતો, તેથી તેને યોગ્ય સમયે ઉત્તર આપવામાં અસાવધ થતો હતો. આ પ્રકારની મારી સ્થિતિ થોડી વાર જોયા પછી તે વિચક્ષણ બુદ્ધિવાળા પુરુષે મને કહ્યું કે તમે મારી સાથે વાર્તા કરતાં છતાં કોઈ અન્ય વિચારમાં નિમગ્ન થઈ જાઓ છો અને તેથી મારા બોલવામાં તમારી વૃત્તિ ઉત્તમ પ્રકારે પ્રવેશતી જણાતી નથી, તો એવું શું વિચારનું પ્રયોજન છે તે જો અડચણ નહિ હોય તો કહો. અને સાક્ષાત્ કહેવામાં કાંઈ પ્રતિબંધ હશે અને તમારા વિચારો અગત્યના હશે તો હાલ મને તેમ સૂચવો તો હું તમને તમારા વિચારમાં વિઘ્ન ન કરતાં અન્ય કાર્યમાં પ્રવેશ કરૂં. આ પ્રકારનાં તેનાં વચન સાંભળીને સાવધાન થઈ હું બોલ્યો કે ના એમ કરવાની કાંઇ અગત્ય નથી. હું અકારણ વિચારમાં પડી જાઊંછું, અને તેથી આપની સાથે અસાવધપણાથી વર્તાયું કે બોલાયું હશે તો ક્ષમા કરશો. એ વિચારો નિર્જીવસરખા છે એટલે પ્રકટ કરવા વૃત્તિ થતી નથી. હવે આપને જે કાંઈ કહેવાનું હોય તે કહો. તેણે કહ્યું કે આજે તમે જે જે જોઈ આવ્યા તેમાં જે જે સ્થલમાં તમારી વૃત્તિ અધિક પ્રસન્ન થઈ હોય તે તે સ્થલસંબંધી મને તમારા વિચારો જણાવો. આ સાંભળીને મેં જોયેલા અન્ય ભાગોનું સારુ વર્ણન કર્યું. પછી રાજકુંવરીના સ્થાનનું વર્ણન કરવા જતાં કિંચિત્ સંકોચાયો, અને તે સ્થલ ઘણું રમણીય છે એમ કહી સમાધાન કરયું. પણ તેને કંઇક એ સંબંધમાં ભાન થવાથી મને પૂછ્યું કે ત્યાં રાજકુંવરીએ એક પોતાના મનથી સ્વીકારેલા પતિનું મંદિર કરયું છે છે તે તમે જોયું કે નહિ? મેં ઠાવકાઇથી કહ્યું કે હા તે પણ જોયું ખરું. ત્યારે તેણે પૂછ્યું કે એમાં જે પુરુષનું ચિત્ર છે તે જોયું? મેં

લગાર મનમાં સંકોચાતાં કહ્યું કે હા તે પણ જોયું. તેણે પૂછયું કે તમે આટલાં સ્થલોમાં વિચરતા આવ્યા છો તો તેમાં કોઈ સ્થલે એ ચિત્રસમ પુરુષ જોયો હોય એવું સ્મરણ આવે છે ? આ સાંભળીને ઉત્તર ન આપતાં હું સ્વલ્પ કાલ વિચારમાં પડી મૌન રહ્યો; પણ પછી ઉત્તર આપ્યું કે એવો કોઈ બીજો પુરુષ તો મારા જોવામાં આવ્યો હોય એમ સ્મરણમાં આવતુ નથી. તેણે કહ્યું, ભલે એમ હોય તો કાંઇ ચિંતા નથી. આટલું બોલવા પછી એ સંબંધમાં એમનું તથા મારૂં કાંઈ બોલવું થયું નહિ. થોડી વાર આડીઅવળી વાતો કરયા પછી અમે વાળુ કરવાને ઉઠયા, અને ત્યાર પછી પોતપોતાના શયનગૃહમાં ગયા. શયનગૃહમાં જ્યારે હું સેવકના સુવા ગયા પછી સુતો ત્યારે પ્રથમ જે હર્ષ ઉભરાયો હતો તે સહજ સ્વભાવથી ગૌણ પડતો ગયો, અને તેથી અંતઃકરણમાં નિયમિતપણું પાછું આવ્યું જણાયું. પશ્ચાત્ સુતાં સુતાં મનમાં આ પ્રકારના વિચાર ચાલ્યા.

'ખરે આ રાજકુંવરીના મંદિરમાં ચિત્ર છે એ તો મારૂં જ છે; પણ આ મારી પાસે જે ચિત્ર છે અને જેને અર્થે મારો આ પ્રવાસ છે તે ચિત્ર એ રાજકુંવરીનું જ છે કે વળી અન્યનું એનો નિર્ણય થઈ શકતો નથી. કદાચિત્ એ ચિત્ર એનું નહિ હોય તો હજી મારા પ્રવાસનો અવધિ આવ્યો હોય એમ નથી. અને આ રાજકુંવરી જો એ ચિત્રથી અન્ય હોય તો આ સ્થલ પણ મને વિઘ્નરૂપ થઈ પડવાનો સંભવ છે. કારણ કે એણે ચિત્રથી જ મારા વિષે પતિબુદ્ધિ સ્થાપી છે અને ઘણા કાલથી મને સાક્ષાત્ પતિપત્નીસંબંધ થયા વિના પણ પતિભાવથી ચિત્રદ્વારા ભજે છે, અને મને પામવાનિમિત્તે એણે ઘણું કષ્ટ કરયું હોય એમ ભાસે છે. મારી શોધ પણ કરાયલી સમજાય છે. આથી જો કદાચિત્ એ ચિત્રવાળો પુરુષ હું જ છું એમ એને તથા એનાં માતાપિતાને નિશ્ચય થાય તો મને અહિંથી લગ્ન કર્યા વિના જવાની અનુકૂલતા આવવાનો સંભવ જણાતો નથી. અને મારી પાસેના ચિત્રવાળી એ ન ઠરે તો મારે આગળ પ્રયાણ કરયા વિના ચાલે એમ નથી. અહો ! આ મન એ પણ કોઇ અચિંત્યશક્તિવાળો પદાર્થ છે. લોકમાં 'મનોમન સાક્ષી' કહેવાયછે તે આથી ખરું ઠરે છે. ક્યાં હું અને ક્યાં આ સ્થલ ! ખરે મને આ સ્થલે ખેંચી લાવનાર આ રાજકુંવરીના મનનો દૃઢ સંકલ્પ જ હોવો જોઇએ. આ પુરુષનું અને મારૂં મળવું તથા આ પ્રકારનો સુયોગ આવવો એમાં ખરું જોતાં તો મારા તથા એ રાજકુંવરીના અને આ પુરુષના એમ ત્રણેના સંસ્કાર કારણરૂપ હોવા ઘટે છે, પણ પ્રબલ સંસ્કાર એ રાજકુંવરીના જ ઘટેછે, કારણ

કે એ દૃઢ નિશ્ચયથી બેઠી છે. સુજ્ઞોનું કહેવું પણ એમ થાય છે કે પ્રાણિઓને તેમનો દૃઢ નિશ્ચય તદનુકૂલ ફલનો પ્રવર્તક થાય છે. હવે આ પુરુષને મારે એમ કહેવું કે એ ચિત્ર મારૂં જ છે, એ તો મને ઘટિત જણાતું નથી. તેમ જ તે ચિત્રને જોયા વિના એ પણ મને અને ચિત્રને સરખાવીને શી રીતે જાણી શકે કે એ પુરુષ હું જ છું. કદાચિત્ હું અને એ કાંઇ પણ હવે પછી ન બોલીએ અને હું એમની આજ્ઞા માગી માર્ગે પડું તો પછી એ કુંવરીને પણ શી રીતે જાણવામાં આવશે કે મારો મનથી સેવેલો પતિ આવી ગયોછે. મને પણ આટલું જાણ્યા પછી હવે અહિંથી એમ ને એમ જવું યોગ્ય જણાશે નહિ. કદાચિત્ હું અસાવધપણે પ્રમાદથી યોગ્ય વ્યવસ્થા કર્યા વિના ચાલી નિકળીશ તો પછી મને આગળ જઇને ઘણો પશ્ચાત્તાપ થવાનો સંભવ રહેશે. માટે એક તો એ જ નિશ્ચય કે ચોકસ નિર્ણય થયા પછી જ આગળ ચાલવાનો વિચાર કરવો. એક પક્ષથી વિચારતાં એમ પણ લાગે છે કે આ પુરુષ અત્યંત બુદ્ધિમાન્ અને ચોકસી કરવાના સ્વભાવવાળો છે, તેથી આ સંબંધમાં સઘળી વાર્તાનો જાણનાર પણ હશે. એતું એક વાક્ય મને સંશય આણનાર ભાસ્યું હતું. તે એ કે જ્યારે હું શસ્ત્ર તથા વસ્ત્રને ધારણ કરી આજે બહાર નિકળવાને તૈ-યાર થયો હતો તે ક્ષણે એણે મને જોઇને એવા ભાવનું વચન કહ્યું હતું કે તમારી સઘળી કામના ઇશ્વર કરશે તો અત્ર જ પૂરી પડશે. એમનું વાક્ય ઊંડા અર્થને સૂચવનાર ભાસે છે. વળી આ રાત્રે પણ જ્યારે મેં ઉત્તર આપ્યું કે બીજો તો કોઈ પુરુષ એવો જોવામાં આવ્યો હોય એમ સ્મરણ નથી ત્યારે એમણે કહ્યું કે ભલે એમ હશે ત્યારે તો કંઈ ચિંતા નથી. આ એમના વચનથી પણ મને ભ્રાંતિ થાય છે કે કદાચિત્ એ પુરુષે મને જોયો હશે, અને પ્રથમથી ચિત્ર જોયેલું તેથી તે પુરુષ હું જ છું એવું એને ભાન થયું હોય અને તેથી જ આવાં માર્મિક વચનો એ બોલ્યા હોય. જો આમ હશે ત્યારે તો કાલે જ આ વાર્તાનું નિરાકરણ થશે. અહો! જો મારી ધારેલી એ અને એનો ધારેલો હું એમ જ ઠરશે તો પછી એને તથા મને આનંદની હેલી થશે અને તે આનંદ કેવો તે કઇ કોઇ પૂછે તો મારાથી કે એનાથી બ્રહ્માનંદની પેઠે વાણીવડે વર્ણી શકા-વાનો નથી. આ સ્થલ જ મારા પ્રવાસનો અવધિ આણનાર હશે તો મારા ધારવાપ્રમાણે સમયસર મારાથી પાછા ગૃહપ્રતિ જઇ શકાશે અને તેથી મારા નામઉપર જ વિશ્વાસ ધરીને બેઠેલી અને મને જ વરેલી પેલી ક્ષત્રિયની પુત્રીના પણ મનોરથ પૂર્ણ થશે.

આ આદિ અનેક વિચાર કરતાં મને નિદ્રા આવી નહિ ત્યારે પુનઃ મેં મનને સમાધાનમાં સ્થાપવા આ પ્રકારે વિચાર ચલાવ્યો. 'અરેરે! હું કેવો અસાવધ છું! આ સંસારના સ્વરૂપનો મે ઉત્તમ પ્રકારે વિચાર ઘણી વાર કરચો છે. મેં ઘણાં કષ્ટ આજપર્યંત વેઠચાં છે, અને હજી પણ વેઠવાનો સંભવ છે. આ સંસાર દુઃખના મૂલરૂપ છે. તેથી જ્યાં પર્યંત સંસારી થઇને મારે ભ્રમવું છે, ત્યાં પર્યંત દુઃખની નિવૃત્તિની આશા ખોટી છે. આ જગત્‌માં પદાર્થમાત્ર મળવાથી જ પ્રસન્ન થવું એમ નથી કારણ કે સમગ્ર પદાર્થ ભયમાં હોવાથી કાલાંતરે પણ ભયને જ આપનાર છે. ભોગ અને ભોક્તાનો સંબંધ નિત્ય નથી, કારણ કે તે ઉભય પરિણામી હોવાથી વિકારી છે. આ શરીરો પણ સદા આધિવ્યાધિઆદિ વિરોધી કારણોથી ક્ષીણ થનાર છે અને તેથી આગળ સુખની આશાઓ બાંધી બેસવું એ કાંઇ સુજ્ઞનું કામ નથી. મારા અનુભવપ્રમાણે મને ભાસ્યું છે કે અવશ્યપ્રાપ્ત થનાર પદાર્થ કોઇથી મિથ્યા થતો નથી અને અવશ્ય ન પ્રાપ્ત થનાર પદાર્થ કોઇથી મેળવી અપાતો નથી. કદાચિત સર્વશક્તિમાન્‌થી એમ થઇ શકે, પણ તેમને તેમ કરવાના પ્રયોજનના સંભવપર્યંત તો તેમ થતુ નથી, અને તેમને કરવાનો સંભવ એ કંઈ સઉને સહજ પ્રાપ્ત થતો નથી. જેથી આ ક્ષણે હવે મારે વિશેષ વિકલ થવાની અગત્ય નથી. અવશ્યભાવી હશે તે થશે, એમ ધારી નિદ્રાવશ થવું જ યોગ્ય છે. આ આદિ વિચાર કરીને પછી હું ઇષ્ટનું સ્મરણ કરતો, મનને પરમેશ્વરના વ્યાપક નિરુપાધિ સ્વરૂપમાં જોડતો ક્રમેકરીને નિદ્રાવસ્થાને પામ્યો. તત્કાલ તો નિદ્રા આવી. પણ અંતઃકરણમાં વિલક્ષણ ફેરફાર થયેલો હોવાથી સ્વપ્નમાં પ્રવેશ થઇને જાગી ઉઠચો. વળી વિચારમાં ચઢચો, વળી સમાધાન પામીને નિદ્રાવશ થયો. એપ્રમાણે વારંવાર જાગ્રત્, સ્વપ્ન તથા સુષુપ્તિને ભોગવતાં રાત્રિ વ્યતીત થવા આવી. બ્રાહ્મમુહૂર્તનો સંધિ થવા આવ્યો એટલામાં મેં જ્યાં ત્યાં વાદ્યંત્રના નાદ થતા સાંભળ્યા, અને ત્યાર પછી સહજ વારમાં લોકોની જાવઆવ માર્ગમાં થવા લાગી. મારા સમજવામાં એમ હતું કે આ નગરમાં નિત્ય આ પ્રકારના વાદિત્રના નાદ થતા હશે, પણ પાછળથી જણાયું કે રોજ થતા તે તો નિયમિત થતા પણ આજે તો કાંઈ ઉત્સવનિમિત્તના વિશેષ થયા હતા. આ તે સમયે મારા જાણવામાં આવવાનું કારણ એજ હતુ કે માર્ગમાં લોકો પરસ્પરને પૂછતા કે ભાઈ! આજે આટલાં બધાં વાજાં વાગવાનું શું કારણ છે? આજનો દિવસ કોઈ જાણીતા ઉત્સવનો તો નથી. આપ્રમાણે એક બીજાને પૂછતા

પણ ખરું કારણ ત્યાં પર્યંત કોઇના મુખમાંથી નિકળ્યું સાંભળવામાં આવ્યું નહિ.

હું પણ નિદ્રા ન આવવાથી વાતાયનમાં બેઠો બેઠો જનાર-આવનારની વાર્તા સાંભળતો હતો. આસપાસના ગૃહવાસીઓ પણ જાગ્રત્ થઇને માર્ગમાં જતાઆવતાને તે વાદિત્ર વાગવાનું પ્રયોજન પૂછતા હતા. એટલામાં ઠેઠ જઇને સમાચાર લાવેલા મનુષ્યો સ્થલે સ્થલે પૂછનારને આપ્રમાણે ઉત્તર વાળતા જતા હતા કે ભાઈ! આ-પણાં રાજકુંવરીને આજે મધ્યરાત્રિપછી દેવે પ્રસન્ન થઇને કહ્યું કે 'હે પુત્રિ! તારો પતિ આ નગરમાં આવીને રહ્યો છે તે કાલે તને મળશે. આ વાર્તા કુંવરીએ જાણીને પોતાનાં માતાપિતાને જણાવી અને તેથી તે સમયથી રાજમંદિરોમાં સ્થલે સ્થલે ઉત્સવનો આરંભ થયો છે. દેવે આ વાર્તા પ્રત્યક્ષ થઇને કહી કે ગુપ્ત રહીને આકાશ-વાણીથી કહી કે સ્વપ્નમાં દર્શન દઇને કહી એ વાર્તા હજી યથાર્થ જાણવામાં આવી નથી'. આ વાર્તા પરસ્પર ચાલે છે એટલામાં સ્થલે સ્થલે હલકારાઓ પોકાર પાડતા નિકળ્યા હશે તે ત્યાં પણ પોકાર કરતા આવ્યા કે કોઇને ઘેર પરદેશી પ્રવાસીનો ઉતારો હોય તેણે રાજદ્વારમાં જઇને તત્કાલ સમાચાર કહી આવવા અને રાજાની આજ્ઞા વિના કોઇએ તે પ્રવાસીને જવા દેવા નહિ. આ સઘળું જાણીને મારા મનમાં આનંદનો અખંડ પ્રવાહ ચાલવા લાગ્યો. એટલામાં મને પોતાના ગૃહમાં રાખનાર પુરુષ મારા સમીપ આવ્યા અને કહ્યું કે રાજાની આજ્ઞા થઇછે, માટે હું રાજદ્વારમાં સમાચાર આપવા જાઉં છું. માટે સત્ય બોલજો કે કાલે રાજકુંવરીના મંદિરમાં જે ચિત્ર જોઈ આવ્યા તે તમારૂં છે કે કોઇનું? મને ભાસે છે કે તે ચિત્રવાળા પુરુષ તમે જ છો. એ ચિત્ર અત્ર લાવનાર ચિત્રકાર પુરુષ એ ચિત્ર જેનું છે તેનું નામસ્થાનઆદિ લખાવી ગયા છે તે જો આ તમે કહેલાં નામસ્થાનસાથે મળતું આવશે તો પછી ચિત્ર મેળવવાનો વિચાર થશે.

આ પ્રકારનાં તે ગૃહપતિનાં વચન શ્રવણ કરીને હું બોલ્યો કે આપ જ્યારે સત્ય જ પૂછો છો તો તે ચિત્ર મારૂં જ છે એમ કાલે જોવાથી મને નિશ્ચય થયો છે. પછી તો સર્વજ્ઞ ઈશ્વર જાણે એ ખરું. આ મારાં વચન સાંભળીને હર્ષથી વેગવડે તે ગૃહપતિ રાજદ્વારપ્રતિ જવા ત્યાંથી ચાલતા થયા, અને મને તૈલાદિકના મર્દનપૂર્વક સ્નાન કરાવવાને સેવકને આજ્ઞા આપતા ગયા.

પાછળથી મારા જાણવામાં આવ્યું હતું કે નગરમાં ઘણા પ્ર-

વાસી પૃથક્ પૃથક્ સ્થલે ઉતરેલા હતા, અને આ પોકારથી તેમાંના ઘણાને મારા સરખી આશા બંધાઈ હતી, અને તેથી તેમાંના કોઈ કોઇ પ્રવાસી તથા કોઇ આતિથ્ય કરનારા ગૃહપતિઓ પોતાને ત્યાં ઉતરેલા પ્રવાસીના સમાચાર કહેવાને ગયા હતા. અને તેવા સમાચાર આપવા જનારની ભીડ પણ રાજદ્વારમાં થઈ હતી. એટલામાં આ પુરુષ જેને ત્યાં હું ઉતર્યો હતો તેણે જઇને રાજાને મારૂં નામસ્થાન આદિ કહી સંભળાવ્યું અને તે જ પ્રમાણે રાજાને ત્યાં પણ ઉતારી રાખેલું મળ્યું. આ સમાચાર સાંભળતાં જ રાજાને મોટો હર્ષ થયો. પ્રવાસીઆદિ આવેલા તેમને પોતપોતાને માર્ગે જવાની આજ્ઞા આપી. રાજદ્વારમાં સઘળે એ વાર્તા પ્રસરી ગઇ કે અમુક સરદાર કુંવરીના નિશ્ચય કરેલા પતિને શોધી લાવ્યા છે, અને તેમને પોતાના ગૃહમાં રાખ્યા છે. લોકોમાં પણ જેમણે મને આગલે દિવસે ફરવા જતાં જોયેલો તેઓ પરસ્પર વાર્તા કરતા કે કાલે અશ્વારૂઢ થઇને અશ્વવારોસાથે નગરમાં ફરતો હતો એ પુરુષ જ ભાગ્યવાન્ નિવડ્યોછે. રાજાએ આ સરદારને આજ્ઞા કરી કે તમારે ત્યાં પ્રથમ તો તમે જાઓ; પશ્ચાત્ અમે આપણા પ્રધાનાદિ પાંચ સુજ્ઞ પુરુષને તમારે ત્યાં મોકલીએ છીએ. અને તેઓ ખાતરી કરશે કે ચિત્રવાળો પુરુષ આ જ છે, પછી ઘટતી સઘળી વ્યવસ્થા કરીશું. પછી એ સરદાર પુરુષે ગૃહપ્રતિ આવીને મને સર્વ વાર્તા કહી. મેં તેમના આવવાપૂર્વે સ્નાન કરેલું જ હતું તેથી પછી મને ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરવાને લાવી આપ્યા. આગલા દિવસકરતાં પણ આ વસ્ત્ર અધિક શોભાવાળાં હતાં. મેં યથાઘટિત તે વસ્ત્રાલંકાર ધારણ કરી લીધાં. તે ગૃહપતિએ પોતાના શોભિતા સ્થાનમાં, પ્રધાનાદિ આવે તેમને શોભા આપવાઅર્થે સઘળી ગોઠવણ કરી રાખી. 'તેઓને આવકાર આપી બેસાડ્યા પછી જ્યારે હું બોલાવવા આવું ત્યારે આપ પધારજો, ત્યાં પર્યંત આ સ્થલમાં જ સુખપૂર્વક બેસજો,' એમ કહીને તે ગયા. પછી નિશ્ચય કરેલો સમય થતાં જ પ્રધાનાદિ પાંચ પુરુષો આવ્યા, અને તેમને સંમાનપૂર્વક બેસાડીને તે ગૃહપતિ મારા સમીપ આવ્યા. મને જેમ કોઇ પોતાના રાજાને સરદાર કે પ્રધાન માનથી વર્તે તેમ વર્તતા મારી આગળ મને પુંઠ ન દેખાડતાં ચાલ્યા અને હું પણ ચાલ્યો. સમીપ જતાં પ્રધાનાદિ આવેલા પુરુષોએ મને અભ્યુત્થાનવડે સંમાન આપ્યું. મારે માટે રચી રાખેલા શોભિતા ઉચ્ચાસનપર મને બેસાડ્યો. મારા બેઠા પછી તત્ક્ષણ મેં તેમને બેસવાનો ભાવ સૂચવ્યો; તેથી તેઓ સર્વ પોતપોતાની યોગ્યતાપ્રમાણે નિયમિત સ્થલે બેઠા. પછી પ્રધાનાદિએ

મને તથા મેં તેમને કુશલ પૂછ્યું. તેમણે મને જોતાંજ પૂર્વે જોયેલા મારા ચિત્રથી અનુમાન કરેલું, તો પણ તે ચિત્રના તથા આ સમયના વયમાં અંતર હોવાથી મુખમાં પણ કિંચિત્ વિલક્ષણતા પ્રતીત થવાનો સંભવ હતો. આ કારણથી પ્રધાને પોતાની સાથે આણેલા નિપુણ ચિત્રકારના સંમુખ જોયું. તે ચિત્રકારે પોતાની પાસેથી ચિત્ર કાઢીને મારા સંમુખ જોઈ નિશ્ચય કરી લીધો. એ સમયમાં મને અપમાન-સરખું થયાનું ભાન ન થાય તે માટે પ્રધાને મારા રાજ્યસંબંધી તથા પ્રવાસસંબંધી કાંઈક વાર્તા પૂછી, અને મેં તેનાં ઘટિત ઉત્તર આપ્યાં. પછી તે ચિત્રકારે 'હા મળેછે' એવો ભાવ સૂચવતાં ચિત્ર જેમનું તેમ વસ્ત્રમાં ઢાંકી પ્રધાનના સમીપ મૂક્યું. પ્રધાને તે ચિત્રને તે સુંદર વસ્ત્રસહિત ઉઘાડીને મારા સમીપ મૂક્યું અને કહ્યું કે આ આપનું માનવંતું ચિત્ર ઘણા કાલઉપર આ સ્થલને પવિત્ર કરતું આવ્યું હતું અને હવે તો આપનું સર્વને પાવન કરવાનિમિત્ત સાક્ષાત્ પધા-રવું થયું છે. એથી અમારા શ્રીમન્મહારાજના મનમાં, સમગ્ર રા-જકુલમાં, તથા સકલ નગરનિવાસીઓમાં પ્રસન્નતા પ્રસરી છે, અને આજનો દિવસ આ નગરમાં ધન્ય મનાયો છે. આપને સ્વતંત્રપણે વિરાજવાઅર્થે અત્ર ઉતારાની અનુકૂલતા કરવામાં આવી છે, માટે આપની આજ્ઞા થાય ત્યારે આપને તે નિવાસસ્થાનમાં પધરાવવાને વાહનાદિની વ્યવસ્થા કરાય. મેં ઉત્તર આપ્યું કે આ સ્થલ પણ આપના મહારાજના વિભવરૂપ જ છે તો પછી અન્ય સ્થલની તત્કાલ વ્યવસ્થા કરવાનું શું પ્રયોજન છે? આ સ્થલમાં મારી અનુકૂલતા રુડે પ્રકારે જળવાય છે. અને હું પ્રવાસથી એકાકી આવુંછું, અને હજી પ્રવાસની ઊર્મિવાળો છું, તેથી મને પણ આ સ્થલ અધિક અનુકૂલ ભાસ્યું છે; માટે સાક્ષાત્ આજ્ઞા કરવાસરખું નથી. આ પ્રકારે વિવિધ વાક્યોથી મારે તથા પ્રધાનાદિને પરસ્પર બોલવું થયુંઅને અંતમાં તેમનો અધિક આગ્રહ થવાથી મેં જણાવ્યું કે તમારા મહારા-જશ્રીને એમ જ યોગ્ય જણાશે તો પછી તેમની ઇચ્છાનુકૂલ કરવામાં મને કાંઇ વિરોધ નથી. માટે સમયનો નિર્ણય કરીને પછી સૂચવવા-ઉપર રાખો. આ નિશ્ચય થયા પછી તે પ્રધાનાદિ ઉઠવા લાગ્યા. તેમને ગૃહપતિએ વિધિપૂર્વક વિદાય કર્યા. તે પ્રધાનાદિના ગયા પછી હું મારા નિવાસમાં ગયો, અને વસ્ત્રાલંકાર ઉતારવાના વિચારમાં હતો એટલામાં પાછળથી ગૃહપતિએ ત્યાં પ્રવેશ કર્યો. મેં ગૌરવવડે તેમને બેસાડયા. આ સમયે તેમણે મને કહ્યું કે હવે આપે અભ્યુત્થાનવડે મને શોભાવવાની અગત્ય નથી. મેં કહ્યું, આપણો સંબંધ પ્રથમથી

વિલક્ષણ છે, એટલે હવે પછી થનાર સંબંધથી તે ટળે કે વિસ્મરણ કરાય એમ નથી. માટે હવે પછી આપે એવિષે મનમાં ઓછું આણવું નહિ. આપ્રમાણે કહી તેમને બેસાડયા. પછી મેં પ્રથમ મનમાં વિચાર કરીને તેમને આપ્રમાણે કહ્યું, 'પ્રિય સજ્જન! મેં તમને એક મારી ખાસ વાર્તા કહી નથી, પણ હવે તે તમને કહ્યા વિના છૂટકો નથી, માટે કહુંછું, તે લક્ષમાં લઇને તેની ઘટતી વ્યવસ્થા કરો. તે વાર્તા એ છે કે મારા પિતાએ અનેક કન્યાનાં આવેલાં માગાંમાંથી એક સ્વીકારવાને મને કહ્યું. પણ તે સમયમાં અમારા નગરમાં આવેલા કોઇ ચિત્રકારપાસેથી અનેક ચિત્રો મારી પાસે જોવા માટે મંગાવ્યાં હતાં. તેમાં એક સુકન્યાનું ચિત્ર મને અનુકૂલ ભાસ્યું અને તે કન્યા જ પ્રાપ્ત થાય તો ઠીક એવો મારો નિશ્ચય થયો. દૈવયોગથી તે ચિત્રકારનો કાલ થયેલો તેથી તે સુકન્યા કોણ છે અને કયા દેશની છે તે મારા જાણવામાં આવ્યું નહિ. ત્યાર પછી મેં મારા પિતાને તે મારો વિચાર નિવેદન કર્યો કે આ કન્યા પ્રાપ્ત થાય તો અધિક યોગ્ય છે. એ વિચાર તેમને પણ ચિત્ર જોવાથી યોગ્ય જણાયો અને તેમણે શોધ કરાવી. પરંતુ એ ચિત્રવાળી કન્યાના સંબંધમાં કોઈ શોધ લાવ્યું નહિ. થોડો કાલ વાટ જોઇને પછી હું મારો નિશ્ચય પાર પાડવાને આ પ્રવાસે પિતાની આજ્ઞા લેઇને નિકળ્યોછું. એ કન્યાની શોધ મેં આવતાં માર્ગમાં કરી, પણ તેની ભાળ જડી નથી. મારા નિશ્ચયપ્રમાણે તે કન્યાની શોધમાં સમય ગાળીને પછી જો ન જડે તો તે ચિત્ર કલ્પિત હશે એવું અનુમાન બાંધીને પાછા વળવાનો વિચાર છે. માર્ગમાં એક ધર્મસંકટ આવ્યું હતું અને તે લગ્ન થયું છે એ વાર્તા તો મેં આપને પ્રથમ કહેલી છે. પુનઃ આ ધર્મસંકટ આવ્યું છે તો હવે શું કરવું? જો આ કન્યાનું જ તે ચિત્ર હશે તો તો કાંઇ ચિંતા નથી; પરંતુ તે ચિત્રવાળી જ જો આ કન્યા નહિ હશે તો મારે આગળ પ્રયાણની અગત્ય પડશે. મારો પ્રયાણમાટેનો ધારેલો સમય હવે લગભગ પૂરો થવા આવ્યો છે, તો તે અવશેષ કાલમાં હું વિચરીને પુનઃ અત્ર આવીશ. આ સંબંધમાં આ તમારા રાજાને તથા રાજકન્યાને સમાચાર જણાવીને તેમની વૃત્તિ શી છે તે પ્રથમ જોવી જોઇએ. આ રાજકુંવરીએ મારા નિમિત્ત જે કષ્ટ વેઠ્યું છે અને મારા પ્રતિ જે નિર્દોષ પ્રેમથી ભક્તિ રાખીછે તે જોઈ જાણીને હું ઘણો પ્રસન્ન થયોછું, અને એને કોઈ પ્રકારે પણ ઈશ્વરેચ્છાથી સંબંધ થવાનો યોગ હશે તો અસંતોષ આપવાને હું ઇચ્છતો નથી. માટે એમને સંતોષ ઉપજે અને આ મારો વૃત્તાંત

પણ એમના જાણવામાં આવે એવો શ્રમ આપે સત્વર લેવો ઘટે છે, અને ત્યાર પછી આ લગ્નવ્યવહારસંબંધનો આચાર કરવો, એ મને ઉચિત જણાય છે. આ મારી વાર્તા સાંભળીને તે ગૃહપતિ બોલ્યા કે તે સુકન્યાનું ચિત્ર આપની પાસે છે? મેં કહ્યું, હા છે. પણ તે ચિત્ર માત્ર રાજારાણીને તથા એ રાજકન્યાને જ જોવામાં આવે એમ થાય તો જ મને અનુકૂલ છે. અને જો તે કન્યા આ જ છે એમ નિશ્ચય થાય તો પછી આપે અથવા અન્ય યોગ્ય મનુષ્યે જોવામાં વિરોધ નથી. આ સાંભળી તે બોલ્યા કે જો મારો વિશ્વાસ પડે તો મને સુંદર વસ્ત્રમાં મૂકીને આપો. કારણ કે સઘળી વાર્તાના અંતમાં રાજાને તે ચિત્ર દેખાડવા મારી વૃત્તિ છે. આ તે ગૃહપતિની માગણી મેં સ્વીકારી અને એમણે આણી આપેલા એક સુંદર વસ્ત્રમાં તે ન જુએ એ પ્રકારે પેલું ચિત્ર બાંધી આપ્યું. એ ચિત્ર લઇને તે ત્યાં ગયા. ત્યાંથી પાછા આવીને તેમણે મને કહેલું તે ઉપરથી કહું છું કે તેમણે રાજાને સઘળો મારો વ્યતીત વૃત્તાંત કહી સંભળાવ્યો. પછી પેલું વસ્ત્રસહિત ચિત્ર તેમના સમીપ મૂક્યું. વાર્તા સાંભળીને તો રાજા ઘણો ખેદ પામતા હોય એવું જણાતું હતું, પણ જ્યારે તેમણે તે વસ્ત્રમાંથી ચિત્ર છોડીને જોયું કે તત્કાલ અત્યંત હર્ષસાથે પોતાના ઇષ્ટનું સ્મરણ કરી બોલ્યા કે અહો! આ ચિત્ર તો મારી પુત્રીનું જ છે. આહાહા! ઈશ્વરનો શો સંકેત છે કે એકબીજાનાં મનને કેવાં એકબીજામાં જોડે છે! આ મારી પુત્રીએ જેમ એમને માટે એક નિષ્ઠાથી કષ્ટ સહ્યું છે તેમ એમણે પણ સહ્યુંછે. આમ બોલી હર્ષથી ઉભરાતા હૃદયવડે તે રાજા તે ચિત્ર લેઇને અંતઃપુરમાં ગયા, અને પોતાની સ્ત્રીને સઘળી વાર્તા જણાવીને પેલું ચિત્ર દેખાડ્યું. એ સાંભળીને તથા પોતાની પુત્રીનું જ તે ચિત્ર જાણીને તે અત્યંત પ્રસન્ન થયાં, અને તત્ક્ષણ તે ચિત્ર લેઇને પોતાની પુત્રીપાસે ગયાં, અનેસર્વ વાર્તા કહી સંભળાવીને તે ચિત્ર દેખાડ્યું. એ સર્વ જાણીને તે કુંવરીને જે આનંદ થયો તે અવર્ણનીય હતો. પછી રાજાએ તે ચિત્ર પાછું આપ્યું તે લઇને તે પુરુષ પુનઃ મારા સમીપ આવ્યા અને મને સોંપ્યું. મેં પૂછ્યું કે તમે આ ચિત્ર જોયું? એ રાજકન્યા તમારા જોવામાં છે? તેમણે ઉત્તર આપ્યું કે રાજકન્યા તો બાલપણમાં મારા જોવામાં છે. હાલ પાંચસાતેક વર્ષ થયાં જોવામાં નથી; અને આ ચિત્ર તો આપની આજ્ઞા વિના જોવાનો અધિકાર નથી. પણ રાજારાણીઆદિએ આ ચિત્ર જોયું અને એ પોતાની પુત્રીનું ચિત્ર છે એમ જ્યારે તેમણે જાણ્યું ત્યારે તે ઘણાં પ્રસન્ન થયાં. આ આદિ સર્વ રાજદ્વારમાં થયેલ

વાર્તાને જણાવી. એથી હું ઘણો પ્રસન્ન થયો. અને તે ચિત્ર મેં તે ગૃહપતિને જોવા આપ્યું. ચિત્ર જોતાં જ તેમણે કહ્યું કે આ ચિત્ર રાજકન્યાનું જ છે, અને એ ચિત્રની બીજી પ્રતિ પણ અત્ર છે.

આ પ્રકારે જ્યારે નિઃસંદેહપણે તેમના દ્વારા મારા જાણવામાં આવ્યું કે જેને માટે મેં સર્વ સુખનો ત્યાગ કરયો છે તે સ્ત્રિયે પણ મારે માટે સર્વ સુખનો ત્યાગ કરયો છે ત્યારે મને ખરી લાગણી થઈ અને હૃદય ઉભરાતાં મારા નેત્રમાં પાણી આવ્યું. તે લુછીને સાવધાન થયો, અને પછી મેં તે ગૃહપતિને કહ્યું અહો ! કોઈ દિવસ પણ ન વળી શકે એવો આ તમારો ઉપકાર થયો છે.

આ પ્રકારે વાર્તા કરીએ છીએ એટલામાં રાજદ્વારથી મંત્રીદ્વારા ઉત્તમોત્તમ વસ્ત્ર તથા સુંદર અલંકારો મોકલાવાયાં, અને સમાચાર મળ્યા કે રાજદ્વારમાં સર્વને આપનાં દર્શનની ઇચ્છા છે, તેમ જ શ્રીમન્મહારાજને પણ આપને મળવાની ઉત્કટ ઇચ્છા છે. માટે આપના અનુકૂલ સમયે હવે નિવાસમાં આપને પધરાવવાની આજ્ઞા આપો. અને આજનો શુભ દિવસ છે માટે રાજદ્વારમાં પણ આપના મુખાવલોકનાર્થે આપને પધરાવવાની સઘળી વ્યવસ્થા થઇ ચુકી છે. આપના નિવાસસ્થાનમાં પણ સર્વ પ્રકારની અનુકૂલતા કરાવવામાં આવી છે. આ પ્રકારનાં મંત્રીનાં વચન શ્રવણ કરીને મેં ઉત્તર આપ્યું કે હું વ્યવહારના યથાર્થ અનુભવવાળો નથી. માટે હવે તો મારી ઇચ્છા જોવાનું પ્રયોજન નથી. યોગ્ય સમયાદિનો વિચાર કરીને જે જે સમયે જે જે કરવાયોગ્ય હોય તે કરવાની મને સૂચના આપવી. આ મારૂં ઉત્તર સાંભળીને મંત્રી પ્રસન્ન થઇ ગયા અને પછી સઘળા પ્રકારથી ઉત્સવનો રાજદ્વારમાં આરંભ થયો. થોડો સમય વ્યતીત થતાં સેનાસહિત વાહન તથા નાના વાદિત્ર લેઇને પ્રધાનાદિ મને મારે માટે નિર્ણય કરેલા નિવાસસ્થાનમાં તેડી જવાને આવ્યા. મેં તત્કાલ વસ્ત્રાલંકાર ધારણ કરી લીધાં, તથા બહિર્ગમનસમયે જે જે શસ્ત્ર ક્ષત્રિય રાજાના અંગઉપર રહેવાં ઘટે છે તે પણ ધારણ કરી લીધાં. ઉત્તમ પ્રકારે શોભાવેલા હસ્તીઉપર મને બેસાડીને યોગ્ય પ્રકારની સ્વારીની રચના રચીને પછી નિયત સ્થલે જવાઅર્થે ચાલવા લાગ્યા. માર્ગમાં મને જણાયું કે આખા નગરમાં મોટો ઉત્સવ આરંભાયો હતો. સ્થલે સ્થલે તોરણ બંધાતાં હતાં, તથા ધ્વજ આરોપાતા હતા. હસ્તીઉપર અને અન્ય વાહનોમાં તથા સેવકોનાં મસ્તકઉપરનાં પાત્રોમાં શર્કરા ભરીને સ્થલે સ્થલે રંક તથા શ્રીમાન્ આદિ સકલ પ્રજામાં રાજસેવકો વહેંચતા હતા. મારે જવાના માર્ગની ઉભય બાજુએ મનુષ્યની ભારે ઠઠ જોવા મળી હતી,

અને શોભિતાં ગૃહોનાં વાતાયનમાંથી કુલવંતી સૌભાગ્યવંતી યુવતીઓ પ્રેમવડે જેમ ભગિની ભ્રાતૃને કે માતા પુત્રને વધાવે તેમ વધાવતી હતી. બાલકથી તે વૃદ્ધપર્યંતની સર્વ પ્રજા આનંદમાં ભાગ લેતી હોય એમ ભાસતું હતું. સઉનાં મુખઉપર પ્રસન્નતા પ્રતીત થતી હતી. બ્રાહ્મણ પ્રજા પ્રેમવડે આશીર્વચન આપવા ઉત્સાહવાળી જણાતી હતી. ક્ષત્રિય વૈશ્યાદિ વિધિવત્ નમન કરતા હતા. હું પણ બ્રાહ્મણોને સવિનય નમન કરતો તથા અન્યનાં નમનને પ્રસન્ન વદનથી સ્વીકારતો હતો. આ સમયે મારા ચિત્તની પ્રસન્નતાનું સ્વરૂપ અવર્ણનીય હતું. ક્રમે કરી માર્ગ કાપતાં શોભાયુક્ત ભવન જે મારે માટે શોભાવ્યું હતું ત્યાં આવી પહોંચ્યા. મને વિધિથી પ્રધાનાદિ પુરુષોએ સંમાનવડે એ ભવનમાં પ્રવેશ કરાવ્યો, અને ત્યાં રચી રાખેલા દિવ્યસરખા આસનઉપર મને બેસાડ્યો. કિંચિત્ કાલપછી સર્વને નિયમપ્રમાણે પ્રધાને વિદાય કરીને પછી તે મંદિરના સર્વ ભાગમાં મને ફેરવીને સઘળી અનુકૂલતા દેખાડી. આ સ્થલમાં કરેલી શોભા અને એ કાર્ય કરવાને મળેલો તેમને અલ્પ સમય એ બેનો વિચાર કરતાં મને સાનંદાશ્ચર્ય ભાસ્યું. આ વૈભવી મંદિરમાં મને મૂકીને તથા સેવકોને મને ઓળખાવીને પ્રધાન આજ્ઞા માગી ગયા, અને હું પણ વિચાર કરતો સુંદર પર્યંકઉપર બેઠો. આ સમયે મારા સમીપ પેલા ગૃહપતિ વિના અન્ય કોઈ ન હતું.

મેં ઘણો કાલ માર્ગમાં જે કષ્ટ વેઠ્યું હતું, તે સર્વ આ એક ક્ષણના આનંદમાં લીન થઈ ગયું હતું, અર્થાત્ તે ક્ષણના આનંદમાં મને તેનું સ્મરણ પણ થતું ન હતું. પરંતુ હે યોગીશ્વર ! આપનું તથા આપના શ્રીગુરુ જેમનું દર્શન લેવાને હજી હું ભાગ્યવાન્ નિવડ્યો નથી તેમનું મને સ્મરણ થયું હતું. આ મારૂં મન તો સમુદ્રના પ્રવાહમાં ઉછળતી તુંબિકાનીપેઠે વિવિધ તરંગમાં ઉછળતું હતું. લગાર પણ સ્થિરતાને પ્રાપ્ત થતું પ્રતીત થતું ન હતું. અને એ જ પ્રમાણે નગરમાં જ્યાં ત્યાં ચંચલતા જ પ્રસરી રહી હતી. આ સંસાર મિથ્યા છે, વિષયપદાર્થમાત્ર દુઃખરૂપ છે, ભોગ તથા ભોક્તાનો સંબંધ નિત્ય નથી, આ આદિ જે વિચારો કંઈક દુઃખના સમયમાં અને સત્સંસ્કારના પ્રાદુર્ભાવથી ઉદયને પામવા સંભવે છે તે તો તે સમયમાં ગુપ્ત જ થઈ ગયા હતા. અને તે ક્ષણે તો આ જગત્, હું અને મને પ્રાપ્ત થયેલ તથા થનાર પદાર્થો જાણે સુખરૂપ હોય અને સદા ટકનાર હોય એવા ભાવથી આનંદ સ્ફુરતો હતો. એ આનંદને અનુભવતાં તથા તે રાજકન્યાની અંતર્ની સ્થિતિસંબંધી અનુમાન કરતાં હું ભોજનનો સમય થવાથી પેલા ગૃહપતિને સાથે લેઇને જમ્યો. આ ભોજનના સમયે મને પેલું

પાત્ર સ્મરણમાં આવ્યું, અને તેથી મેં એ ગૃહપતિને કહ્યું કે હવે હું એક પ્રકારના બંધનમાં આવ્યો છું. માટે આપ કૃપા કરીને એક સેવકને સાથે રાખીને પેલું મારૂં પાત્ર તથા વસ્ત્ર મને લાવી આપવાને કૃપા કરો. આ તુચ્છ કાર્યમાં આપને શ્રમ આપવો ઉચિત નથી, પણ એ પાત્રનું મારા પ્રાણથી પણ અધિક મૂલ્ય હું સમજું છું. માટે આપને સાક્ષાત્ શ્રમ આપું છું. આ સાંભળીને તત્કાલ તે પરોપકારી પુરુષ ગયા, અને તે લાવીને મને આપ્યું. મેં તેમને ઘણા સજ્જન જાણીને તે પાત્રનું માહાત્મ્ય કહી સંભળાવ્યું, ત્યારે તે ઘણું આશ્ચર્ય પામ્યા. પછી તેમની ઇચ્છા જાણીને મેં તે પાત્રથી અન્નજલ ઉપજાવી દેખાડયું ત્યારે તેમણે મને પ્રણામ કરયો, અને મારી એ શક્તિને દૈવી સંપત્તિ ગણીને મારી ઘણી સ્તુતિ કરવા માંડી. ત્યારે મેં તેમને સ્પષ્ટ કહ્યું કે એ માનને પાત્ર હું નથી. પણ અમુક રાજા જેમના સંબંધમાં મેં આપને સઘળું પ્રથમ કહ્યું છે તેમણે મારા ઉપર આપની પેઠે દયાભાવથી ઉપકાર કરીને મને એ પાત્ર આપ્યું છે, અને મારે વળતાં પાછું આ પાત્ર તેમને સોંપવાનો સંકલ્પ છે માટે એ પાત્રની મેં આટલી કાળજી રાખી છે. આ સવ જાણીને તે પુરુષ ઘણું પ્રસન્ન થયા, અને પોતાને ગર્વ ન હતો તો પણ એ પાત્ર આપનાર રાજાની ઉદારતા સાંભળીને પોતે પોતાની દુર્બલતા મને જણાવી, અને એવી કાંઇ સેવા મારી એમનાથી થઇ નહિ તે નિમિત્તે ઘણો અસંતોષ દેખાડયો. મેં પછી તેમની મોટાઈનાં વખાણ કર્યાં, તથા તે પાત્ર આપનારકરતાં પણ તેમની વડાઈ વર્ણી દેખાડી તેથી તે ઘણું પ્રસન્ન થયા. આ આદિ વાર્તાથી અમે આનંદાનુભવ કરતા હતા એટલામાં મને રાજગૃહમાં પ્રવેશ કરાવવામાટે સ્વારીની વ્યવસ્થા કરીને પ્રધાન મારા સમીપ આવ્યા અને મેં પણ ત્યાં જવાને સઘળી તૈયારી કરી, અને સમય થતાં ગજારૂઢ થયો. પછી જયજયકાર થતાં સ્વારી ચાલતી થઇ. આ સમયની સઘળા પ્રકારની શોભા તથા મારા મનનો હર્ષ અવર્ણનીય હતાં. સ્વારી જોવાને નગરનિવાસીઓની બંને બાજુએ ભારે ભીડ થઈ હતી. મારે કર્ણે પડતા કોઇ કોઇ શબ્દથી સમજાતું હતું કે સ્વારીસાથે મારા રૂપની પણ સર્વ સ્તુતિ કરતાં હતાં. વાદ્યંત્રના નાદથી આખું નગર ગાજી રહ્યું હતુ. માર્ગમાં સ્ત્રીપુરુષો બાલકોસહિત સ્વારી જોવાને દોડતાં પણ જણાતાં હતાં. ઉભેલા લોકો પણ એકબીજાઉપર પડાપડી કરીને ઉંચા થઇ થઇને જોવાને યત્ન કરતા હતા. હસ્તીઉપર મારી બેઠક એવા પ્રકારની ઉંચી હતી કે સર્વને ઘણું કરીને મારૂં

મુખ જોવાને કષ્ટ પડે એમ ન હતું. ક્રમે કરીને ફરતાં ફરતાં રાજ-દ્વારસમીપ આવ્યા, એટલે વિવિધ પ્રકારથી મને સંમાન અપાયું, અને પછી રાજદ્વારસમીપ જ્યાં તે શ્રીમહારાજ મને લેવાને સંમુખ આવી ઉભા હતા ત્યાં હસ્તી અટકાવી મને ઉતારચો. જેવો હું ઉતરચો કે તત્કાલ તે રાજા આવીને મારા હસ્ત ગ્રહીને મને હૃદય-સાથે લેઈ ભેટચા, અને પછી પ્રેમાશ્રુવડે ભીનેલાં નેત્રથી મારૂં મુખ જોયું અને મને કુશલ પૂછ્યું. પછી મારો હસ્ત ઝાલીને મને બેસાડવાને સજ્જ કરેલા રાજગૃહપ્રતિ તેડી ચાલ્યા. રાજમહાલયના વાતાયનમાંથી પટાંતરે રહીને રાજકુલની સ્ત્રિયો મને જોતી હતી, એમ મને તે સમયે તે પ્રતિ જોતાં ભાસ્યું હતું. અત્યંત શોભાવાળા રાજગૃહને જોઇને હું ઘણો પ્રસન્ન થયો. ત્યાંથી આગળ ચાલતાં મને બેસાડવાને શોભાવેલું ગૃહ આવ્યું તેમાં પ્રવેશ કરચો, અને મારે માટે રચી રાખેલા દિવ્યસરખા આસનઉપર મને બેસાડી રાજા પોતાને આસને બેઠા. પછી પ્રધાનાદિ સર્વ મંડલ સવિનય નમીને બેઠું. મોટો સભામંડપ, તેમાં કરેલી શોભા તથા શૂરવીર ક્ષત્રિયોના તથા અન્ય પ્રમુખ રાજસેવકોના મંડલથી શોભતી સભા જોઇને મને ઘણો આનંદ થયો. રાજાઆદિ સર્વ એક પણ શબ્દ બોલ્યા વિના મારા સંમુખ જોયા કરતા હતા. પછી મારી બુદ્ધિઆદિની પરીક્ષાનિમિત્તે તે રાજાએ મારા પ્રવાસસંબંધમાં મને કેટલાએક પ્રશ્નો પૂછ્યા. મેં તેનાં યથાઘટિત ઉત્તર આપ્યાં, અને પ્રસંગ મળવાથી ક્ષત્રિય રાજાએ એક વાર પણ દીર્ઘ પ્રવાસ કરવાની અગત્ય છે તે સંબંધમાં લગાર વિસ્તારથી કહી સંભળાવ્યું. તે સાંભળીને તે રાજાઆદિ સર્વને ઘણો સંતોષ થયો હોય એવો ભાવ તેમણે સૂચવ્યો. ત્યાર પછી રાજાએ મને કોઇ પ્રકારે સંકોચ ન વેઠતાં જે જે પદાર્થ જોઇએ તે મંગાવી લેવા વિષે વિવેકથી કહ્યું. મને કોઇ પ્રકારે હવે સંકોચનું કારણ નથી એવું મેં ઉત્તર આપ્યું. પશ્ચાત્ એમણે મારે માટે કરાવેલી શોધસંબંધમાં મારા પિતાસમીપ મોકલેલાં મનુષ્યનો વૃત્તાન્ત કહી સંભળાવ્યો, તથા મારા પિતાના તરફથી એમના પત્રનું અપાયલું ઉત્તર મને એમણે મંગાવીને દેખાડયું. તેમાં હાલ હું પ્રવાસે નિકળેલો છું અને પ્રવાસથી આવ્યા પછી ઘટિત ઉત્તર આપવાવિષે લખ્યું હતું. આ પછી મારા પિતાએ તથા એમણે મારી ઘણી શોધ કરાવેલી તે તથા મારા સમાચાર ન મળવાથી એમને થયેલો ખેદ વર્ણ્યો, અને દૈવયોગથી આ સુયોગ આવવાથી થયેલા હર્ષની સ્તુતિ વર્ણી. પછી કહ્યું કે તમારા પિતા ઘણે દૂર છે તેથી તેમને અત્ર

તેડાવવા અને પછી લગ્ન કરવું એમ ધારીએ તો તેમને ઘણું કષ્ટ છતાં દિવસો વધારે જાય એમ છે. માટે આપણા ક્ષત્રિયના નિયમપ્રમાણે કોઇ પ્રકારે વિરોધ ગણાતો નથી એમ જાણીને લગ્નનો શુભ દિવસ કાલનો જ નિર્ણિત રાખ્યો છે. આ સાંભળીને હું પ્રસન્ન થયો અને મેં મારી ઘટિત પ્રકારે અનુમતિ આપી. પછી જેમ સ્વારીસહ આવ્યા હતા તેમ પાછા મારે ઉતારે મને મૂકી ગયા. આ ક્ષણથી જ પછી લગ્નસંબંધી સઘળા આચાર થવા માંડ્યા. મારા પક્ષથી સઘળા કરવાયોગ્ય આચારને કરવાની વ્યવસ્થા જે પુરુષે મને પોતાને ઘેર રાખ્યો હતો તે ગૃહપતિએ પોતાને શિર રાખ્યું હતું. તેમાં પુરુષોવડે જે જે આચાર કરવાયોગ્ય હતા તે તો તેમણે તથા તેમનાં સગાં અને સ્નેહીઓએ કરવા રાખ્યા અને જે જે આચાર સ્ત્રિયોવડે કરવાયોગ્ય હતા તે તે, તે ગૃહપતિના ઘરનાંએ તથા તેમનાં અન્ય સગાં તથા મિત્રના સ્ત્રીવર્ગે કરવા સ્વીકાર્‌યા. આ પ્રમાણે ઉભય પક્ષથી કરવાયોગ્ય આચારનો આરંભ થવાથી સઘળો લગ્નના આરંભનો ભાસ થયો, અને તેથી પ્રતિક્ષણે મને લગ્નનો સમય સમીપ આવવાના ભાનથી અધિક અધિક આનંદ પ્રતીત થવા લાગ્યો. હવે સ્વલ્પમાં કહું છું કે પછી બીજે દિવસે વિધિવત્ લગ્ન, શુભ લગ્નના નિશ્ચય કરેલા સમયે થયાં અને તે જ દિવસે વરકન્યાને વિદાય કરવાનું શુભ મુહૂર્ત હોવાથી રાત્રે મોટા સમારંભથી અમને વિદાય કર્‌યાં. ઉતારાના ગૃહમાં તે દિવસની શોભા પણ અવર્ણનીય હતી. જે સમયે હસ્તમેલાપ થયો તે સમયે મને મારા પ્રવાસની સાર્થકતાનું ભાન થયું હતું. અને તે ક્ષણે જ આપનું તથા આ સ્થલનું પણ ભાન મને થયું હતું. આ ઉતારામાં અમને વિદાય કરીને સર્વ ગયા પછી તે રાજપુત્રીની સેવામાં રહેનાર દાસીઓ તથા મારી સેવામાં રહેનાર સેવકો વિના અન્ય કોઇ રહ્યું નહિ. ત્યાર પછી નિવૃત્તિએ બેશીને અમે પરસ્પરને માટે પરસ્પરે ભોગવેલા સુખદુઃખની વાર્તા તથા એકબીજાને એકબીજાના ચિત્રની પ્રાપ્તિથી તે આજપર્યંતના એકબીજાના સંબંધમાં અંતરમાં સ્ફુરેલા પ્રેમભાવની વાર્તા એકબીજાએ વારાફરતી કહેવા માંડી. એ વાર્તામાં ને વાર્તામાં પછી રાત્રદિવસ વ્યતીત થવા લાગ્યાં. એ સર્વ વાર્તા તથા એ આનંદ આપના સમીપ નિષ્પ્રયોજન જાણી વર્ણવતો નથી. એ પ્રકારે અવર્ણનીય આનંદમાં નિમગ્ન કેટલાએક દીવસ વ્યતીત કર્‌યા પછી મેં શ્વશુરપાસે સઘળી મારી કથામાંથી અગત્યપૂરતી જણાવીને ત્યાંથી નિકળવાની આજ્ઞા માગી. તે તેમણે સ્વીકારી અને અમને માર્ગમાં ઉપયોગ પડે એવી

સઘળી વ્યવસ્થા તે ક્ષણુથી તેમણે કરવા માંડી. થોડા દિવસમાં સઘળી તૈયારી થઈ રહ્યા પછી આ સાથે છે તે ગજ, અશ્વ, રથ, પાળા અને દાસદાસી આદિ મને સ્વાધીન કરીને તથા અન્ય મૂલ્યવંત પદાર્થો અર્પણુ કરીને વિદાય કરવાનો શુભ દિવસ જોવડાવી નિશ્ચય કરચો. તે દિવસે સભા ભરીને પેલા ગૃહપતિને મારે હાથે ઉત્તમ વસ્ત્રાલંકારાદિ બક્ષિસ અપાવ્યાં, અને તેમની ઘણી સ્તુતિ સભામાં મેં તથા મારા શ્વશુરે કરી. ત્યાર પછી શુભ સમયમાં અમને વિદાય કર્યાં. એ વિદાય કરવાના સમયનો દેખાવ સર્વના હૃદયને અત્યંત શોકરૂપ પ્રતીત થતો હતો. સર્વ સ્વજનોનાં મુખ શોકગ્રસ્ત તથા નેત્ર સજલ જોઇને મને પણુ નેત્રમાં જલ આવી ગયાં હતાં. ત્યાંથી પરસ્પરને નમન કરી, મળીને તથા અન્યના નમનને સ્વીકારી અમે માર્ગે ચાલતાં થયાં. જે માર્ગે હું ગયો હતો તે માર્ગે હું પાછો આવ્યો, પણુ જતાની સ્થિતિ અને આવતાની સ્થિતિ અંતઃકરણુની વિલક્ષણુ સ્થિતિથી વિલક્ષણુ પ્રતીત થતી હતી. જતાં તો મારે સ્વતંત્ર જવાનું હતું, અને આવતાં તો નિયમિત સ્થલોએ મુકામ કરતા આવવાનું હતું. કારણ કે માર્ગમાં મનુષ્ય તથા પશુઆદિને જોઇતા પદાર્થની અડચણુ ન પડે એ અર્થે આગળથી રાત્રે નિવાસ કરવાનાં સ્થલોનો નિયમ કરચો હતો, અને તે તે સ્થલના અધિપતિઓને રાજ્યસત્તાથી લખાયું હતું કે અમુક દિવસે અમુક સ્થલે અમારો નિવાસ છે માટે ત્યાં જોઈતા અમુક અમુક પદાર્થની યોજના રાખવી. આ કારણુથી કોઈ સ્થલે જવાઆવવાના માર્ગનો ભેદ પણુ થતો હતો. જતાનું કષ્ટ અને આવતાનો આનંદ પ્રતિમારૂપે હૃદયમાં પ્રતીત થતો હતો. આપ્રમાણે સ્થલે સ્થલે મુકામ કરતાં અમે માર્ગ કાપતાં ચાલ્યાં. જ્યારે મને એમ ભાન થયું કે હવે આપનું સ્થલ એક મુકામને અંતરે છે ત્યારે મેં સર્વને આજ્ઞા આપી કે આપણે એક રાત્રનો મુકામ નિર્જન પ્રદેશમાં આવનાર છે. માટે આવતા મુકામથી તમારે એક રાત્રદિવસનાં સાહિત્યની યોજના સાથે કરી રાખવી. તેપ્રમાણે ગયા મુકામથી કરી હતી, અને આવતાં છેવટની વસતિમાંથી પણુ ઘટતાં સાધનો રાખી લીધાં છે. આજે આપના આશીર્વાદથી નિર્વિઘ્ન મારી ધારણુા પાર પાડીને આ સ્થલે આવ્યો છું. આપને મેં મારો નિશ્ચય જણુાવ્યો હતો કે મારી ધારણુા પાર પડતાસુધી મારે મારી સંપૂર્ણુ દુઃખની વાર્તા કોઈઆગળ પણુ કહેવી નથી, તે આજે ધારણુા પાર પડવાથી આપને કહી છે. મારા આખા પ્રવાસમાં બેત્રણુ સ્થલે મારે મારી કથા કહેવાનો પ્રસંગ આવ્યો છે, પણુ તે અપૂર્ણુ; અને આ-

પના સમીપથી નિશ્ચય જણાવી છૂટ્યા પછી મારી કથા પેલા ગૃહપતિને જ કહેવાનો પ્રસંગ આવ્યો હતો, પણ તેમાં મેં શેષ રાખીને જ તેમને કહી હતી. મારી ધારણા પાર પડવાનું નક્કી થયા પછી તેને, આ સ્ત્રીને તથા આપને મારો સઘળો વ્યતીત વૃત્તાન્ત કહ્યો છે. હવે આપ કૃપા કરીને મને કંઈ એવી આજ્ઞા કરો કે જેથી હું આપના ઉપકારને કોઈ અંશથી પણ વાળવા સમર્થ થાઉં.

હે વીરવિજયચંદ્ર ! આ પ્રકારનાં તેનાં વચન સાંભળીને હું મંદમંદ હસીને બોલ્યો, હે ભાઈ ! અમે વિશ્વવ્યવસ્થાપક, સર્વજ્ઞ, સર્વશક્તિમાન્ ઈશ્વરપ્રતિ પણ કોઈ પ્રકારની આશાથી વચન વદતા નથી તો તમે કે જે મર્યાદાવાળા સામર્થ્યના છો તેમની પાસે શું આશા ધારી આજ્ઞા કરવી ? ન ઘટતી છતાં પણ આ તમારો વ્યતીત વૃત્તાન્ત શ્રવણ કરવાની આગ્રહવિનાની ઇચ્છા મેં તમને પ્રતીત કરાવી, અને તેથી તમે તમારી વાર્તા મને કહી સંભળાવી એ જ પૂર્ણ છે. તમે શ્રીગુરુનાં દર્શનની આશા રાખી વ્યર્થ કાલ વ્યતીત કરશો નહિ, કારણ કે તેમનું દર્શન તમને થશે નહિ. જ્યારે જ્યારે આ પ્રકારના ઉપાધિનો સંભવ આવે છે ત્યારે પોતે આગળથી જ બહિર્ પધારે છે, અને તે ઉપાધિ ટળે છે, ત્યારે પુનઃ સ્થાનઉપર આવે છે. માટે તમારે મારા નિમિત્તે પણ હવે વધારે વાર આ સ્થલે રોકાવાની અગત્ય નથી. કારણ કે તમારે લીધે શ્રીગુરુ અત્ર પધારશે નહિ, અને તેથી મારા ઉપર આ દોષનો ભાર રહેશે. માટે જો અનુકૂલ ભાસે તો આ સ્થાનને તથા આ શ્રીગુરુની પરમપવિત્ર ગુહાને નમસ્કાર કરીને હવે સત્વર આ સ્થલથી મુકામ ઉપાડવા ધારજો. હવે મારે પણ નિયમિત વ્યવહારમાં જોડાવાનું છે એમ બોલી હું ઉઠ્યો. તેણે મારા ચરણ ધરી મને નમન કર્યું. ત્યારે મેં 'હાં હાં' કહીને વારતાં તેના મસ્તકઉપર હાથ મૂક્યો અને તત્કાલ ગુહામાં ઉતરી ગયો. ત્યારપછી તે ક્યારે પોતાનો મુકામ ઉપાડી ગયા એ મને લક્ષમાં નથી.

હે રાજપુત્ર ! હે શૂરવીર ! આ પ્રકારનું તે પદ્મસેન રાજાના પુત્ર ભદ્રસેનને પોતાની ક્ષુદ્ર ધારણા પાર પાડતાં કષ્ટ પડ્યું હતું. મેં તમને કહેવાને આરંભેલો તે ભદ્રસેનનો પૂર્વ વૃત્તાન્ત આ સ્થલે પૂર્ણ થયો. હવે મારી પ્રથમ તમારી આગળ કરેલી પ્રતિજ્ઞાપ્રમાણે તે ભદ્રસેનનો પરમાર્થપ્રતિ પ્રવેશપર્યંતનો જે ઉત્તર વૃત્તાન્ત છે તે સંક્ષેપમાં કહી જાઉં છું, પછી તમારી ઇચ્છાપ્રમાણે પ્રયાણ કરજો.

ઉપર કહ્યાપ્રમાણે મારા ગુહામાં પ્રવેશપછી તે ભદ્રસેન પો-

તાનાં મનુષ્યાદિ સહિત આ સ્થલને છોડી ગયો છે એ વાર્તા પુનઃ પ્રભાતમાં ગુહાથી બહાર નિકળ્યો ત્યારે મેં સ્થલ ખાલી જોવાથી જાણી હતી. ત્યાર પછી ઘણાં વર્ષ વ્યતીત થયાં ત્યારે એક દિવસ હું આ વૃક્ષતલે આકાશમાં રહેલી સૃષ્ટિને જોતો પ્રતીત થતો તત્ત્વમાં નિમગ્ન વૃત્તિવડે બેઠો હતો. કેટલોક સમય બેઠા પછી જ્યારે વૃત્તિને જાગ્રત્ કરી હું ગુહામાં પ્રવેશવાની ઇચ્છાથી ઉઠતોહતો એવામાં મેં અવધૂતસરખા વેષવાળા કોઈ પુરુષને મારા પ્રતિ આવતો જોયો. તેને જોઇને હું ક્ષણવાર ઉભો રહ્યો. જેમ જેમ તે સમીપ આવતો ગયો તેમ તેમ તે પુરુષ કોઈ દિવસ મારા જોવામાં આવેલો છે એવું ભાન મને થતું ગયું. વચમાં ઘણાં વર્ષ વ્યતીત થવાથી તથા સ્થિતિ વિલક્ષણ હોવાથી આ પુરુષ તે પેલો ભદ્રસેન જ છે એવું ભાન મને તત્ક્ષણ થયું નહિ. તે ભાન ન થવામાં એ પણ એક હેતુ હતો કે મેં એ ભદ્રસેનને બે વાર જોયો હતો તે બંને વખતે રાત્રિનો સમય જ હતો. આ કારણથી દિવસે આવેલા વિલક્ષણ અવધૂતવેષવાળા આ પુરુષને ભદ્રસેનરૂપે હું ઓળખી શક્યો નહિ. છેક સમીપ આવતાં પણ તે મારા સંમુખ જોઈ ઉભો રહ્યો પણ તેણે મને નમસ્કાર કર્યા નહિ તથા કાંઈ બોલ્યો પણ નહિ. સ્થાણુની પેઠે ઉભેલા અને મારા નેત્ર-સામાં નેત્રને અચલ સ્થાપી ઉભા રહેલા તે પુરુષના આગમનના પ્રયોજનને જાણવાની વૃત્તિનો, સાક્ષાત્ પ્રયોજન વિના પણ મારા અંતઃકરણમાં ઉદય થયો. આથી મંદમંદ હસીને મેં તે પુરુષપ્રતિ આ પ્રકારનાં વચનો કહ્યાં.

હે અવધૂતવેષવાળા મહાપુરુષ! આપ કયી દિશાના અજ્ઞાનતમસ્‌ને નિવૃત્ત કરતા આ સ્થલે પધાર્યા છો, અને હવે કયી દિશામાં પાપીઓના પાપપુંજને દગ્ધ કરવાઅર્થે પધારવા ઇચ્છો છો? હે તેજઃપુંજરૂપ મહાત્મન્! આ આપનો દિવ્યસરખો દેહ તે આ લોકનો છે કે કોઇ અન્ય લોકનો છે? આ સમુદ્ર જેમ પોતાની ગર્જનાથી પોતાના વિષે રહેલી સમૃદ્ધિનું અનુમાન બુદ્ધિમાનને કરાવે છે તેમ આપનું મૌન પણ આપના અલૌકિક અગાધ ઐશ્વર્યનું અનુમાન કરાવે છે. તોપણ જેમ વસ્તુના અંતર્ સામર્થ્યને ન જાણનાર મંદમતિ ઉપરથી પ્રતીત થતા દોષને જાણીને તે વસ્તુને ત્યજે છે તેમ આપ કે જે ઉપરથી કોઇ પ્રકારના સર્વોપયોગી ગુણનું ભાન કરાવતા નથી તેમને મંદમતિ મનુષ્યો સેવતાં નહિ હોય. આટલું બોલીને વળી હું ક્ષણવાર તેમના સંમુખ જોઈ રહ્યો, પણ સુમેરુના શિખરની પેઠે અચલ અંગઉપાંગવાળા તે પુરુષે કાંઈ પણ ચેષ્ટા કરી નહિ. ત્યારે

મેં તેમની આરૂઢ સ્થિતિનું અનુમાન કરીને તેમનો હસ્ત ઝાલ્યો તથા તેમને ત્યાંથી આગળ ચલાવ્યા. આગળ ચાલતાં મેં તેમને વારંવાર સાવધાન થવાના ઉપાયને રચ્યા. ઉચ્ચ શબ્દવડે હું બોલ્યો ત્યારે જેમ નિદ્રામાંથી જાગ્રત્ થયેલ પુરુષ સમીપવર્તીના સંમુખ જુએ છે તેમ તેમણે મારા સંમુખ પુનઃ જોયું, ત્યારે મેં તેમની વૃત્તિને તત્કાલ તે સ્થિતિમાં કાયમ રહેવા પ્રેરી, અને તેમનો હસ્ત ઝાલી હું આ વૃક્ષના મૂલસમીપ તેમને બેસાડી બેઠો અને વળી આ પ્રકારનાં વચન બોલ્યો.

હે શરીરી છતાં પણ સર્વાતીત નરેશ! આપ સાવધાન રહીને આ વચનોને શ્રવણ કરો, અને યથાસ્થિત ઉત્તર આપો. આપ કે જે આપ્તકામ છો તેને આ વિશ્વમાં કોઈ પણ ક્રિયાનું પ્રયોજન નથી, અને તેથી પ્રવૃત્તિમાત્રથી રહિત રહો એમાં કાંઈ આશ્ચર્ય નથી; છતાં આ શરીરની સ્થિતિપર્યંત પ્રવૃત્તિના હેતુનું અનુમાન થાય છે. આપ કે જેને આગ્રહવડે પાલન કરવાયોગ્ય કોઈ વ્રત કે તપ નથી તથા સાગ્રહ સદા સમનિર્વહન કરવાયોગ્ય કોઇ સ્થિતિ નથી તે, આ મૌન કે જે અન્ય ઇચ્છાવાનૂને ત્રાસજનક છે તેને આગ્રહથી શા નિમિત્તે સેવો છો એ જણાતું નથી. આ શરીર ગમનઆગમનરૂપ ક્રિયાને કરતું પ્રતીત થાયછે તથા આ નેત્ર નિમેષોન્મેષરહિત પ્રતીત થતાં છતાં વિશ્વાભિમાનીના સ્થાનરૂપ વર્તતાં હોય એમ ભાસે છે તો પછી વાણીના સાગ્રહ નિરોધમાં શું પ્રયોજન છે તે સમજાતું નથી. આ પ્રતીત થતું આપનું સ્થૂલ કે જે પરાર્થસિદ્ધિમાટે જ શ્રમણાદિ ક્રિયાવાળું છે તેને કેવલ ઉપયોગરહિત પ્રતીત કરાવવામાં આપનો શો ઉદ્દેશ છે તે પણ સર્વને જાણ્યો જવો કઠિન છે. આટલું બોલીને પ્રથમ બોલેલાં પ્રશ્નરૂપ વાક્યો પણ મેં પુનઃ તેમને કહી સંભળાવ્યાં. આ સઘળું બોલતાં છતાં તેમને જાગ્રત્ થવા યોગ્ય યત્નને હું હસ્તથી પણ કરતો હતો, જેથી તેમણે મારાં આ વચનો સાંભળ્યાં હોય એમ પ્રતીત કરાવતાં મારા સંમુખ જોયું. મેં પુનઃ કહ્યું કે આ વિશ્વમાં બ્રહ્માનંદરૂપ અખંડ સુખની અભિવ્યક્તિ જેમ બ્રહ્મસાક્ષાત્કારથી તથા વૃત્તિના બ્રહ્માકારપરિણામથી હોય છે તેમ આ શરીરીઓને પરસ્પરના શબ્દબ્રહ્મના શ્રવણસાક્ષાત્કારથી જ સુખાનુભવનો સંભવ હોય છે, માટે હવે નિશંકપણે વૃત્તિને વેગ આપો. નિર્હેતુક આભાસમાત્ર અવશિષ્ટ અહંભાવનાવડે થતી સમયાનુસાર વાણીની પ્રવૃત્તિ કોઈ પ્રકારે પણ બંધનના કારણરૂપ હોતી નથી. વાસ્તવ સુખને પ્રતિબંધ કરનાર પ્રવૃત્તિ જ માત્ર સદા હેયરૂપ છે.

આ આદિ મારાં વચનોને શ્રવણ કરીને પછી મંદમંદ હસતાં મુખની પ્રસન્નતાદ્વારા અંતરાનંદનું ભાન કરાવતા અતિ ગંભીર ધ્વનિવડે તે મહાપુરુષ આપ્રમાણે બોલ્યા.

હે વનવાસિન્! દીર્ઘકાલ વનને સેવવા છતાં હજી શું પ્રાપ્તવ્ય અવશેષ છે કે અન્યને બોલાવવાની ઇચ્છા પ્રકટે છે? આ દૃશ્ય પ્રપંચમાં હજુ કયા પદાર્થમાં નિત્યબુદ્ધિ છે અને શામાં સુખાભિલાષા બંધાયલી છે કે જેથી વૃત્તિ બહિર્મુખતા સેવે છે? આજપર્યંત એવો કયો બાહ્ય સંગ સુખની અભિવ્યક્તિના હેતુરૂપ પ્રતીત થયો છે કે જેથી વૃત્તિ અદ્યાપિ સંગની સ્પૃહાવાળી છે? આ શરીરીને પ્રાપ્ત શરીરમાં એવા કયા પદાર્થની કે તત્ત્વની ન્યૂનતા છે કે જેની પૂર્ણતાનિમિત્તે અન્ય શરીરીઓના ઉદ્ગાર શ્રવણ કરવામાં આસક્તિ ઉઠે છે? આપે કયા એવા સંસ્કારનો અભિભવ કર્યો નથી કે જે યથાર્થ ઉપરતિમાં નિરંતર વિઘ્ન કરનારરૂપે વિદ્યમાન છે? હે યતિ! જે જલ નિરંતર પાન કરવા છતાં તૃષિતની તૃષાને નિવૃત્ત કરતું નથી, પણ ઉલટું અધિક તૃષાનું જનક થઇને દાહ જ પ્રકટાવેછે તે જલનું પાન ક્યાં લગી અને શા હેતુવડે કરવું તથા કયા બુદ્ધિમાને કરવું એ વિચાર કરો. ક્ષુધાનિવૃત્તિઅર્થે અનેક વાર ગ્રહણ કરેલા ભક્ષ્ય ભોજ્ય લેહ્ય ચોષ્ય પેય તથા ચર્વ્ય આહારરૂપ પદાર્થ જો નિત્યતૃપ્તિના આપનારા થતા નથી પણ ઉત્તરોત્તર ક્ષુધાને જ ઉપજાવનાર થાય છે તથા આધિવ્યાધિના પ્રવર્ત્તક થાય છે તો તેને પુનઃ પુનઃ ગ્રહણ કરવામાં વૃત્તિને વેગ કોણ શા નિમિત્તે આપે? કારણ કે જે જેની નિવૃત્તિનો ઉપાય નથી તેને સેવ્યા પછી શું? જે માર્ગ નિત્યનિવૃત્તિવાળા ગંતવ્ય સ્થાનપ્રતિ સંધાએલો નથી, છતાં જે ચક્રાકાર સ્થિત હુવો અંતવાન્ પ્રતીત થતો નથી તે માર્ગને નિત્યનિવૃત્તિનો માર્ગ ન જાણ્યા છતાં નિત્યનિવૃત્તિના સ્થાનપ્રતિ પ્રવેશવાની અભિલાષાવાળો કયો પથિક પુરુષ સેવે? અને તેમાં જ ગમનાગમનરૂપ આવૃત્તિને પામ્યા કરે? વાયુનું વારંવાર ગ્રહણ તથા ત્યાગ કરનારી લોકપ્રસિદ્ધ ચર્મની રચેલી ભસ્ત્રારૂપ આ શ્વાસપ્રશ્વાસરૂપ વ્યાપારવાળી ભસ્ત્રા કે જે એક કાલે એ ક્રિયા કરતાં કરતાં નિરુપયોગી થનાર છે તેનો વિશ્વાસ રાખીને કયો સદ્વિવેકી પુરુષ તેના વડે કરી લેવાયોગ્ય કાર્યને પ્રમાદાદિ દોષવશ રહી સત્વર ન કરી લે? જે તિલોનું યોગ્ય પ્રકારે પીડન કરીને તૈલ કાઢી લેવામાં આવ્યું હોય તે તિલોના નિઃસત્ત્વ શેષનું કયો વિચારવાન્ પુરુષ સદાકાલ નિરર્થક પીડન કર્યા કરે? ગુહામાં સ્થિત પુરુષને સૂર્યના દર્શનની ઇચ્છા થાય અને તે એમ જાણે

કે આ ગુહાનો પરિત્યાગ કરી બહાર નિકળવાથી જ આકાશમાં રહેલા સૂર્યનું દર્શન થાય એમ છે તેમ છતાં એ સૂર્યના સાક્ષાત્કારનિમિત્ત ગુહાની અંતરની ભૂમિનાં તલોનું જ ખનન કરતો કયો પુરુષ ભૂમિતલમાં જ ઉંડો ઉતરતો જાય ? ક્ષીરસાગરમાં સ્થિત શેષશાયીસ્વરૂપનાં દર્શનની લાલસાવાળો કયો પુરુષ તે ઈશની સમુદ્રમાં સ્થિતિ છે એમ જાણ્યા છતાં પણ હિમાદ્રિ, વિંધ્યાદ્રિ કે સુમેરુઆદિ પર્વતોનાં શૃંગોમાં ભ્રમણ કરતો ફરે ? આ સ્ત્રીપુત્રાદિ પ્રાણિઓ અને ધનાદિ પદાર્થો જે પોતે જ આપત્તિના આગારરૂપ છે તેને, સર્વ આપત્તિથી સદા રહિત રહેલાની ઇચ્છાવાળો કયો પુરુષ પ્રીતિથી સેવે ? આ દિશાઓ જે અનંત છે તેને અંતરહિત સમજ્યા પછી તેના અંતને જોવાની ઇચ્છાથી કયો પુરુષ પુનઃ પુનઃ પ્રયાણનો આદર કરે ? આ દુગ્ધ જે દધિ, નવનીત, તથા અંતમાં આજ્યરૂપ સ્થિતિને પામેલું હોય છે તે જ પુનઃ દુગ્ધ થતું નથી એમ જાણનાર કયો પુરુષ તેને, દુગ્ધરૂપે કરવા પ્રયત્નને આરંભે ? હે વૃદ્ધ મહાપુરુષ ! આ બીજકો જે ભૂમિતલના સંબંધથી વૃક્ષરૂપ પરિણામને પામીને પોતાના સદૃશ અન્ય અસંખ્ય બીજોને ઉપજાવવા સમર્થ છે તેને તેમ જાણવા છતાં અને તે અસંખ્ય બીજોની ઉત્પત્તિની અનિચ્છાવાળો છતાં કયો પુરુષ તેને દગ્ધ ન કરતાં ભૂમિમાં સ્થાપીને તેના ઉપર વિધિવત્ જલસિંચન કરે ? આ લોકનિવાસી મનુષ્યાદિ તથા અન્ય લોકનિવાસી કે અંતરીક્ષનિવાસી દેવાદિક તુચ્છ સુખની આશાવડે સશક્ત છતાં પણ દીન હોય છે એમ જાણનારો તથા દીનતાનો તિરસ્કાર કરી આશાથી પાછો હઠેલો એવો કયો પુરુષ આ તુચ્છ સુખ કે જેમાં વસ્તુતઃ સુખરૂપતા ઘટતી નથી તેની આશાથી આ જન્મમૃત્યુને પ્રાપ્ત થતો દીનતાનો દાસ થાય ? જેને કાંઈ પ્રાપ્તવ્ય, જ્ઞાતવ્ય કે કર્તવ્ય અવશેષ નથી રહ્યું એવો કયો પુરુષ તે સ્થિતિને શા માટે સેવે કે જે સ્થિતિ શેષ જ્ઞાતવ્યકર્તવ્યઆદિનું ભાન કરાવનાર છે ? જે ગૃહ નિરંતર ભયમાં છે અને તેથી જે ગૃહ ગૃહીને પણ સદા ભય આપનાર છે તે ગૃહમાંથી ભયદપણું નિવૃત્ત કર્યા વિના કયો સાવધાન ગૃહી પ્રમાદી થઈ રહે ? અને ગૃહજન્ય સુખની અપેક્ષાથી રહિત થયેલો કયો ગૃહી તે ગૃહને શા નિમિત્તથી યત્નપૂર્વક સેવે ?

સંપૂર્ણ દૃશ્ય પ્રપંચમાં જે વૃત્તિઓને અભિનિવેશનું લેશ માત્ર પણ પ્રયોજન નથી તે વૃત્તિઓ નિષ્પ્રયોજન તે દૃશ્ય પ્રપંચનું અનુસંધાન ક્યારે અને શામાટે કરે ?

જે અભિમાની વા શરીરી ક્લેશના કારણરૂપ વિક્ષિપ્તાવસ્થાનાં

દ્વારરૂપ શરીર, ઇંદ્રિયો, મન તથા બુદ્ધિઆદિનો સંબંધ છોડીને તે સર્વથી પણ અંતઃતમદેશમાં વિશ્રાન્તિને પામતો હોય તે અભિમાની વા શરીરી કયા પ્રબલ હેતુવડે તે બુદ્ધિઆદિકના સંબંધને ક્રમથી કરતો પુનઃ પુનઃ સ્વતઃ તે વિક્ષિપ્તાવસ્થામાં અવસ્થાન કરવા ઇચ્છે ?

સ્વરૂપસુખથી ભ્રષ્ટ રાખવામાં તથા જન્મજન્માંતરમાં કારણરૂપ જે વાસના છે તે વાસનાના ક્ષયની તથા નિત્યસુખની નિત્યઅભિવ્યક્તિની ઇચ્છાવડે તેપ્રતિ જ આસક્ત થયેલો કયો પુરુષ તે વાસનારૂપ વિરોધી બલની અભિવૃદ્ધિ કરનાર આ દશ્ય પ્રપંચનું અંતર્માં કે બહિર્ સંબંધ રાખી સેવન કરે ?

દુઃખવડે થતા કલેશને એકથી અધિક વાર અનુભવનાર તથા તેથી ત્રાસ પામનાર કયો પુરુષ તે દુઃખના ક્ષેમની કે પુનઃ પુનઃ પ્રાપ્તિની ઇચ્છા કરે ?

આ જગત્માં યથાર્થ દૃષ્ટિથી જે તુચ્છ, પણ જીવદૃષ્ટિથી જે મૂલ્યવાન્ ગણાયલા પદાર્થો હોય છે તેનું જેમ જીવો અનેક યત્નથી રક્ષણ કરે છે તેમ યથાર્થ દૃષ્ટિથી જે મૂલ્યવાન્ હોય અને એક વાર ગયા પછી પુનઃ તે સમયમાં જ તે મળવા અસંભવ હોય એવું જાણ્યા પછી એવા પ્રાપ્ત વાસ્તવ મૂલ્યવાન્ પદાર્થનું અનેક યત્નથી પણ પ્રાપક પુરુષ સંરક્ષણ કરે એમાં શું આશ્ચર્ય છે ?

આ લોકપ્રસિદ્ધ સૂર્યના પ્રકાશતાં છતાં જે સૂર્યના પ્રકાશના અભાવે આ જીવોનાં અંતઃકરણમાં એક પ્રકારનો અંધકાર જ સદા સ્થિર હોય છે તે અંધકારનિવર્તક સૂર્યનો પ્રકાશ જેને અભિવ્યક્ત હોય છે તેને આ સંપૂર્ણ સ્થાનમાં ક્યાંય પણ તમસ્ના અનુભવનો અવકાશ જ નથી, તો તમસ્ના નિવારણાર્થે યત્નના આરંભનો અવકાશ તો ક્યાંથી જ હોય ?

આ લોકપ્રસિદ્ધ મેઘ જે બિંદુઓ અથવા ધારાઓવડે ભૂમિઉપર પ્રાપ્ત થઇને માત્ર ગ્રીષ્મઋતુજન્ય તાપને જ શાંત કરે છે, તો પણ તેની આશા તપ્ત પ્રાણિઓ કરે છે તો જે મેઘ બિંદુ અથવા ધારાવડે જીવોનાં અંતઃકરણમાં વૃષ્ટિદ્વારા સર્વ પ્રકારના તાપને શાંત કરીને અનુપમ તૃપ્તિને પ્રાપ્ત કરે છે એ મેઘની કોણ તપિત વિવેકી પુરુષ આશા ન કરે ?

જે ભૂમિ ઉપરનાં તલોની કોમલતાવડે ફલ આપવામાં સમર્થ ઉદાર હોય છે અને સહજ આયાસે પુનઃ પુનઃ ફલ આપવા યોગ્ય થાય છે, તે ભૂમિને આ લોકો વારંવાર ખણે છે, તેમાં અધિક મમત્વ બાંધે છે અને તે દ્વારા અનેક ક્લેશને પણ ઉભા કરે છે; અને જે

ભૂમિ ઉપરનાં તત્ત્વોની કાઠિન્યતાવડે ફલ આપવામાં કઠોર હોય છે તેને ખણવાનો કે તેના પ્રતિ દૃઢ મમત્વ બાંધવાનો ભાગ્યે જ કોઈ ઉદ્યોગ કરે છે, અને તેની આસક્તિદ્વારા તેમને ક્લેશ પણ ભાગ્યે જ ભોગવવો પડે છે. તો આ વિશ્વમાં ફલ આપવામાં ઉદાર ભૂમિ પોતાને તથા પરનેં અધિક ક્લેશના કારણરૂપ છે અને કઠોર ભૂમિ ન્યૂન ક્લેશના કારણરૂપ છે.

હે વીરવિજયચંદ્ર! આ પ્રકારનાં વચનોને બોલીને તે અવધૂત પુનઃ મૌન રહ્યા ત્યારે મેં તેમને આ પ્રકારનાં વચનો કહ્યાં.

હે સત્પુરુષ! આકાશવત્ નિર્લેપ રહેનારને કોઈ ઉપાધિ તેના સ્વરૂપાવસ્થાનમાં પ્રતિબંધક નથી તો પછી તેણે અમુક પ્રકારની સ્થિતિ સેવ્ય છે અને અમુક પ્રકારની સ્થિતિ સેવ્ય નથી એમ શા માટે ધારવું ઘટે?

જેણે સમસર્વત્રસ્વરૂપનો એક વાર યથાર્થ અનુભવ કરચો છે તેને પછી રાગથી પ્રવૃત્તિ અને દ્વેષથી નિવૃત્તિ કેમ જ સંભવે? કારણ કે અમુક મારા અનિષ્ટનો હેતુ છે એવું ભાન થયાવિના તેના પ્રતિ દ્વેષ થતો નથી અને દ્વેષવિના તેનાથી નિવૃત્ત રહેવાનો આગ્રહ બંધાતો નથી, તેમ જ અમુક મારા ઇષ્ટનો હેતુ છે એવું ભાન થયા વિના રાગ થતો નથી અને રાગ થયા વિના તે હેતુ સિદ્ધ કરવાને પ્રવૃત્ત થવાનો આગ્રહ ઉપજતો નથી. આમ હોવાથી પરમતત્ત્વાનુભવ થયા પછી રાગદ્વેષના અસંભવે આગ્રહથી અમુક કરવું અને અમુક ન કરવું એવું ભાન કરાવનાર હેતુ કોણ છે? અને તે નથી તો પછી આગ્રહથી વ્યવહાર કોણ કરે?

હે મહાત્મન્! આ દેહની જ્ઞાનોત્તરકાલે પણ ક્રિયાયુક્ત પ્રતીતિ કરાવનાર શેષ પ્રારબ્ધ જે તત્કાલ જ્ઞાનનું વિરોધી નથી તથા જે ઉત્તર જન્માદિના કારણરૂપ નથી, તથા મુક્તસુખનું જે વિરોધી નથી તેમ જ અનિષ્ટ કર્મ કરાવનાર બીજરૂપ નથી તો તેનો અભિભવ કરવાને આગ્રહ ધરવાનું પ્રયોજન શું છે?

જેમ કોઇ સર્પપાલક (વાદી) પુરુષ પોતાના સર્પના મુખમાંથી વિષરૂપ હેતુને પ્રથમ નિવૃત્ત કરી નાંખે છે, પશ્ચાત્ તે સર્પપાલક પુરુષ તે સર્પથી ભય પામતો નથી તેમ જે પુરુષ પોતાનાં જન્મમરણના હેતુરૂપ વાસનાવિષને તેના ધારણ કરનાર તથા વધારનાર મનરૂપ સર્પના અંગમાંથી પ્રથમ કાઢી નાંખે, પશ્ચાત્ તે પુરુષને તે મનરૂપ સર્પના ભયનું શું પ્રયોજન છે?

જેમ મત્કુણાદિક જંતુઓના ઉપદ્રવવાળા ગૃહનો ત્યાગ કરવાની પ્રાજ્ઞ પુરુષો ઇચ્છા ધરતા નથી, પણ ઉપદ્રવ કરનાર મત્કુણાદિ જંતુઓ

જે પ્રકારે વસવાથી ઉપદ્રવ કરી શકે નહિ અથવા જે પ્રકારની યુક્તિથી તે ઉપદ્રવ કરનાર જંતુઓ શાંત થઈ રહે એ પ્રકારની યુક્તિ સાધીને પછી તે પ્રાજ્ઞપુરુષો તે જ સ્થલમાં નિર્ભય થઇ વસેછે તેમ આ શરીર અથવા બ્રહ્માંડરૂપ ગૃહ કે જેમાં ઉપદ્રવ કરનાર જંતુરૂપ અનેક હેતુઓ છે તે સર્વ હેતુનું ભય ધરીને, કંઠપાશાદિવડે આ શરીરરૂપ ગૃહનો કે અંડકટાહ ભેદી જવાની સિદ્ધિદ્વારા આ બ્રહ્માંડરૂપ ગૃહનો ત્યાગ કરી જવાનો નિશ્ચય પ્રજ્ઞાવંત પુરુષો કરતા નથી. પણ આ ગૃહના અંતર્-બહિર્ રહેલા ઉપદ્રવ કરનાર હેતુઓની શાંતિ અથવા તેમનો જય સદા સ્થિર રહે, જેથી તેઓ ઉપદ્રવ કરવા સમર્થ ન થાય એવો યત્ન કરીને આ સ્થલમાં જ યથાઅદૃષ્ટ વસી રહેછે. તો હે વીર મહાપુરુષ ! આ પ્રકારની આપની સ્વીકારેલી આરૂઢ અવસ્થામાં શું અધિક છે તે કહો.

હે સર્વાતીત ! આ જગત્માં જે જે પ્રાણિઓપાસે ધનાદિ ભયના કારણરૂપ પદાર્થો નથી તેવાં અનેક મનુષ્યો ગૃહનાં દ્વારને સાગ્રહ બંધ કરીને દુર્બલ ધનિક પુરુષની પેઠે ભય પામતા પોતાનાં ગૃહમાં ભરાઇ પેસતા નથી, પણ સ્વતંત્રવત્ નિર્ભયપણે ગૃહમાં કે અન્ય સ્થલમાં વસે છે. તો આ આપ કે જે સર્વ ભય આપનાર પદાર્થથી અતિરિક્ત થઇને સ્વસ્થ થયેલા છો તેમણે આ વાગાદિ ઇંદ્રિયરૂપ દ્વારને સાગ્રહ બંધ કરીને એ ગૃહમાં જ, ભયને પ્રાપ્ત દુર્બલ ધનિકની પેઠે વસવામાં શું પ્રયોજન છે તે સહજ જાણ્યું જતું નથી.

હે સ્વતંત્ર ! વળી આ લોકમાં જેમ શક્તિમાન્ વીર પુરુષો જે અનેક શસ્ત્રના ધારણ કરનાર હોવાથી સર્વને ભય આપનાર હોય છે તે તો અનેક મૂલ્યવંત પદાર્થોસહ પોતાના ગૃહમાં મુક્તદ્વારથી જ વસતા પ્રતીત થાય છે; તો આપ કે જે વીરસરખા પ્રતીત થાઓ છો તેમણે કોના ભયથી આ દ્વાર બંધ કરી વસવું ધાર્યું છે, એ મનુષ્યદૃષ્ટિથી જણાય એમ નથી.

હે વિજયી મહાપુરુષ ! આ લોકમાં જે પુરુષ દિશાઓમાં રહેલ સમગ્ર બલવાનોનો ઉગ્ર પરાક્રમથી જય કરે છે તથા જે પ્રાપ્ત સમરાંગણમાં બલવડે સર્વ શત્રુને હણીને નિર્જન પ્રદેશ કરી મૂકે છે તે પુરુષને પછી કોના જયમાટે અથવા કોને હણવાઅર્થે રાત્રદિવસ શસ્ત્રોને ધારણ કરીને જ ભ્રમવું.

આ લોકમાં જે મહારાજા દિશાઓના અંતપર્યંત પોતાથી ભિન્ન કોઇ સત્તાધીશના અસ્તિત્વને જાણતોમાનતો નથી તેણે કોના ભયથી સદા સાવધાન રહેવાનું છે ? અને જે વસુધાપતિ આ વસુધાઉપર વ-

ર્તનાર સર્વ પ્રજાને પોતાની જ પ્રજા જાણે છે તે વસુધાપતિ કયી પ્રજાપ્રતિ શા કારણથી પ્રીતિ કે વૈરને ધરે ?

હે સર્વવિત્ ! આ લોકમાં જે સ્ત્રી વ્યભિચારધર્મમાં દુર્નિગ્રહ વેગવાળી છે તેને અનેક શસ્ત્રધારીઓની રક્ષામાં રાખી તો તેથી પણ શું છે ? અને જે સ્ત્રી પતિવ્રતાના ધર્મમાં સુદૃઢ છે અને જે પોતાના પતિવ્રતના બલથી વિઘ્ન કરનાર દુષ્ટને પ્રજાળી ભસ્મ કરી નાંખવાના સામર્થ્યવાળી છે તે ઉગ્ર તપવાળી સતીને આગ્રહથી અંતર્પટમાં ન રાખી તો તેથી પણ શી હાનિ છે ?

હે તત્ત્વજ્ઞ ! જે પુત્ર કુલની મર્યાદા તજીને ચાલવાના અપ્રતિહત સ્વભાવવાળો છે અને જેને દોષનો સંસ્પર્શ અન્ય દુષ્ટની સંગતિ વિના જ થાય છે, તથા જે પિતાનું નિરંતર અહિત કરવામાં જ પ્રવૃત્ત છે તેવા પુત્રની નિરંતર ચિંતા રાખવાથી કે તેને સમીપમાં જ બેસાડી રાખવાથી શું છે? કારણ કે તે તો પોતાના દુષ્ટ સ્વભાવમાં મગ્ન રહ્યો જ્યારે લાગ મળે ત્યારે અવિહિત આચરણમાં જ પ્રવર્ત્તે છે. તેમ જ જે પુત્ર સ્વભાવથી જ કુલની મર્યાદા લોપે એવો નથી અથવા જેને પ્રથમથી જ સત્સંગતિ તથા સદુપદેશવડે સન્માર્ગમાં જોડયો છે અને જે કદાચિત્ પણ ધર્મભ્રષ્ટ ન થવાના સંકલ્પવાળો તથા પોતાના સંકલ્પને નિર્વાહ કરવાના બલવાળો છે તેવા સુપુત્રને રાત્રદિવસ ભયમાં રાખવાથી શું હિત છે ? અને સ્વતંત્ર વિચરવા દેવામાં શી હાનિ છે ? કાંઈ જ નહિ.

વળી જે પ્રધાન નિરંતર રાજાપ્રજાનું અહિત કરવામાં લાગ સાધીને સાવધાન રહેછે અને જેની રાજામાં કે પ્રજામાં કે પોતાના ધર્મમાં અનુકૂલપણે વર્તવામાં શુદ્ધ શક્તિ તથા મતિ નથી તેવાને નિરંતર અંકુશમાં રાખીને સત્તાયુક્ત રાખવામાં પણ શું ફલ છે ? અને જે પ્રધાન રાજાપ્રજાના હિતને જ સાધવામાં નિપુણ છે તથા પોતાના ધર્મને ઉત્તમ પ્રકારે જાણનાર તથા પાલનાર છે અને જે કદાચિત્ પણ કોઈનું રાગદ્વેષાદિ દોષવડે અનિષ્ટ કરવા યત્ન કરે એવો નથી અને જે સદા ધણીની ઇચ્છાને તથા આજ્ઞાને અધીન વર્તનાર છે તેને પૂર્ણ વિશ્વાસથી સ્વતંત્ર સત્તા આપી મુક્ત રાખવામાં પણ શી હાનિ છે ?

હે શાંતાત્મન્ ! જે ઉપાસ્ય દેવ ઉપાસકને પ્રસન્ન થયા પછી કે અધીન વર્તવાનું વરવચન આપ્યા પછી પણ ગમે ત્યારે તેને અસાવધ કરીને અથવા સહજ સ્વભાવથી તે ઉપાસકમાં અસાવધાનતાના આવિર્ભાવનો સમય જોઇને તેનું અનિષ્ટ કરેછે અથવા તેને હણે છે

તેવા ઉપાસ્ય દેવની અધિક કષ્ટવડેઅધિક કાલપર્યંત ઉપાસના કરવાથી તથા તેને પ્રસન્ન કરવાથી પણ શું ?

હે સાધો ! જે પુત્ર, કે સ્ત્રી કે શિષ્ય અનેક પ્રિય વચનોવડે પ્રબોધવાથી તથા તેની પ્રસન્નતાપ્રમાણે વર્તવાની સ્વતંત્રતા આપવાથી પણ સંતોષને પ્રાપ્ત રહી વિદ્યા કે સદ્ગુણને ધારણ ન કરી શકે તેને પછી રાત્રદિવસ કઠોર વચનના ઘા મારીને અનેક અનેક પ્રકારનાં દબાણમાં રાખીને સદ્ગુણી તથા વિદ્યાપ્રાપ્ત કરવાની આશા રાખવી એ શા ઉપયોગની છે ?

જે સિદ્ધ પુરુષ પોતાના ઐશ્વર્યથી જ્યાં અને જ્યારે જે ઇચ્છે તે ઉપજાવી શકે અથવા ધારે તે કરી શકે એમ હોય તે પાક કરવાનાં પાત્રોના તથા આચ્છાદનાદિક નિમિત્ત કંથા કે અનેક વસ્ત્રોના ભારને મિથ્યા પોતાના સ્કંધે શે અર્થે વહન કરે ?

આ લોકમાં જે ક્ષત્રિય પુરુષ કેવલ અસ્ત્રવડે સૃષ્ટિના સકલ યોદ્ધાઓનો પરાજય કરવા સમર્થ છે તે વિના પ્રયોજન શસ્ત્રના ભારને શામાટે સહન કરે ?

આ વિશ્વસંહારક અધિદેવતા સદાશિવ જે સમયે ઇચ્છે તે સમયે પોતાના એક નેત્રને ઉઘાડવા માત્રથી આખા વિશ્વપ્રપંચનો સંહાર કરી શકે છે તો પછી તે એ કાર્યમાટે અનેક સાધનોને એકઠાં કરી અંગઉપર શા માટે ધારણ કરી રાખે ?

હે સર્વૈશ્વર્યસંપન્ન ! જે પૃથિવી કે સમુદ્ર અનેક જાતિના અસંખ્ય રત્નાદિ પદાર્થો અનેક ઇચ્છાવંતને પૂરાં પાડવાને સમર્થ છે તે સમુદ્ર કે તે વસુધા પોતામાંથી કોઈ રત્નાદિ અમૂલ્ય પદાર્થ લઈ જશે વા લેવા આવશે એવા ભયથી મનુષ્યમાત્રની જ્યાં ગતિ ન થાય એવે સ્થલે જઇને ગુપ્ત થાય એ ન માનવાયોગ્ય વાર્તા છે.

હે સિદ્ધ પુરુષ ! આ ગ્રહમંડલ કે નક્ષત્રમંડલ કે આ ભૂગોલાદિ અનંત ગોલો જે નિત્યસંકલ્પ વ્યવસ્થાપક ઈશ્વરની સ્થાપેલી વ્યવસ્થાપ્રમાણે નિયતકાલપર્યંત વહ્યા કરેછે તેમને તે સત્યસંકલ્પ ઈશ્વરે જેમ નિયમમાં ચલાવવાઅર્થે પ્રતિદિવસ ચિંતા રાખી સાવધાન રહેવાની આવશ્યકતા નથી તેમ આપ કે જે સર્વત્ર સમદર્શનદ્વારા સકલ ઐશ્વર્યને પ્રાપ્ત છો તેમણે પણ આ આપના અંતર્ રથને તથા તે રથના અશ્વસારથિઆદિને નિયત માર્ગમાં ચલાવવાને નિરંતર ચિંતા રાખી સાવધાન રહેવાની શી આવશ્યકતા છે? એક કાલે દૃઢ નિશ્ચયદ્વારા યોગ્ય માર્ગમાં સ્થપાયલાં તે સર્વ સ્વતંત્રપણે અવિહિત માર્ગમાં કેમ જ પ્રવેશ કરશે ? નહિ જ કરે.

હે ધીર મહાપુરુષ! એવો કયો બલવાન્ શત્રુ હજી જિતવો અવશેષ રહ્યો છે કે જેના ભયથી ગુહામાં પ્રવેશી ગુપ્ત રહેવા આગ્રહથી ઇચ્છો છો?

હે રાજપુત્ર! આ પ્રકારનાં મારાં વદેલાં વચનોને તે અવધૂત પૂર્વકરતાં સાવધાનપણે શ્રવણ કરતા હતા, તેમ છતાં જ્યારે તેમણે કાંઈ ઉત્તર વાળવાનું ચિહ્ન જણાવ્યું નહિ ત્યારે પુનઃ હું આ પ્રકારે બોલ્યો.

હે ઉદાર પુરુષ! મારે તમારી પાસે કોઈ પદાર્થ કે અલૌકિક શક્તિ માગવી નથી. મારે તમારી સ્થિતિમાં વિઘ્ન નાંખવાનું કોઈ પ્રયોજન નથી. પરંતુ તમારી કયી સ્થિતિમાંથી શા નિમિતે અને કેવા પ્રકારના ક્રમથી આ સ્થિતિ થઇછે એ જ માત્ર જાણવાની વૃત્તિ છે. આ સ્થલમાં રહીને મારે હવે કરવાયોગ્ય કે મેળવવાયોગ્ય કાંઈ રહ્યું હોય એમ આ મનમાં ભાસતું નથી, તેથી શેષ આયુષ્ને હવે કોઈ પણ આવી પ્રાપ્ત થયેલા અવિરોધી પ્રસંગમાં આ મનને રમણ કરાવતાં અથવા તો સર્વ ઉપાધિશૂન્ય પરમતત્ત્વાનુસંધાનમાં આ મનના અમનભાવપૂર્વક સ્વરૂપસુખાનુભવ કરતાં વ્યતીત કરૂં છું. આ સમયે અનાયાસ આવી પ્રાપ્ત થયેલા આપના સાથે કંઈ પણ વ્યવહાર કરાવનાર શેષ પ્રારબ્ધ છે એવું મનમાં સ્ફુરવાથી હું ગુહામાં પ્રવેશ કરતો અટકયોછું. આ ક્ષણે આપની આકૃતિ તથા આપના પ્રથમ બોલેલા શબ્દોના ધ્વનિપ્રતિ લક્ષ જતાં મને એવું ભાન થાયછે કે કોઈ સમયે આપનો તથા મારો સંભાષણસંબંધ થયો છે. મને એમ અનુમાન થાય છે કે પૂર્વે કોઈ પદ્મસેન નામના રાજાના પુત્ર ભદ્રસેન કોઈ સ્ત્રીના ચિત્રથી મોહવશ થઈ તેની શોધમાં નિકળેલા આ માર્ગે થઇને ગયા હતા. અને જ્યારે તે સ્ત્રી પ્રાપ્ત કરીને તે પોતાના ગૃહપ્રતિ જવા પાછા વળ્યા હતા ત્યારે આ માર્ગે થઈને જતાં તેમણે તે કાર્યમાં પોતાને પડેલાં કષ્ટની સઘળી કથા મારા સમીપ કરી હતી. તે પુરુષના ધ્વનિનું આજે આપનાં વચનશ્રવણથી મને સ્મરણ થયું છે. તેથી કાં તો તે જ આપ હો અથવા અન્ય, પણ આપણા પરસ્પરના સંબંધની સ્મૃતિ મને અંતરૂમાં સ્ફુરતી ભાસે છે. તેથી આપના પૂર્વ વૃત્તાંતને, મોટો પ્રતિબંધ ન હોય તો કથન કરશો. મુક્ત પુરુષોને ભૂતભાવિના સ્મરણચિંતનમાં વૃત્તિ જોડવાનું પ્રયોજન હોતું નથી, તોપણ પ્રસંગ આવવાથી વૃત્તિ તેમાં જોડાય તો તેથી કોઈ પ્રકારની હાનિનો સંભવ અનુમાન કરાતો નથી. માટે આપ હવે જે કાંઈ ઉચિત ભાસે તે વદીને આ વૃ-

ત્તિને નિર્વ્યાપાર કરી ઇચ્છાનુકૂલ ગતિ કરો.

આ મારાં વચનોને લક્ષપૂર્વક શ્રવણ કરતાં, તેના અંતરૂમાં લયભાવને પ્રાપ્ત થવા પોતાના કારણમાં સ્થિત થયેલી તેની સ્મૃતિવૃત્તિ આ મારામાં રહેલા ઉત્તેજક સંસ્કારના યોગથી જાગ્રત્ થઇ, અને તેથી જેમ નિદ્રામાંથી તત્કાલ ઉઠેલો મનુષ્ય સાવધાનપણે નેત્ર ઉઘાડીને પોતાના સમીપસ્થ સંબંધીને સસ્નેહ ચક્ષુવડે અવલોકે તેમ તે પુરુષે પોતાનાં નેત્રને સમ્યક્ સ્થિતિમાં લાવીને સ્નેહપૂર્વક મારા પ્રતિ જોયું, અને મંદમંદ હસતાં જાણે પૂર્વના સંબંધનું ભાન થયું હોય એવું પ્રતીત કરાવતાં આ પ્રમાણે ગંભીર વાણી બોલ્યા.

હે યોગી મહાત્મન્! આપને હવે યથાવત્ જાણ્યા. અહો! કેવું આશ્ચર્ય છે! ચોરની પેઠે પોતાના કારણરૂપ ગુહામાં પ્રવેશી રહેલી આ સ્મૃતિવૃત્તિ કેટલે દિવસે અનર્થના કારણરૂપે પ્રકટ થઇ છે! જેને ઘણા કાલથી અનાત્મશ્રવણ, સ્મરણ કે ચિંતનથી રહિત રાખીને નાશપ્રાય થવા તેના કારણમાં રોધી હતી તે આ સ્મૃતિવૃત્તિ હજી નાશને કે યથાર્થ લયને પ્રાપ્ત થઇ નથી. પણ જેમ કોઈ ઘણા કાલસુધી સમાધિમાં રહેલો યોગી સૂક્ષ્મવાસનાસંસ્કારના બલથી એકાએક જાગી ઉઠે તેમ આ વૃત્તિ આ ક્ષણે જેવી ને તેવી એકાએક જ જાગ્રત્ થઇ આવી છે. ભૂતભાવિપ્રતિબંધથી રહિત રાખેલી અને વર્તમાન પ્રતિબંધથી પણ નિવૃત્ત રહે એમ રાખ્યા છતાં પણ આ વૃત્તિ આ ક્ષણપર્યંત પોતાના કારણમાં શમી નથી. આ લોકમાં જેમ દર્દુર ભૂમિતલમાં જલના આશ્રયને લેતાં ઉંડે ઉંડે ઉતરતાં પોતાના જીવનને વર્ષાકાલની વાટ જોતાં ટકાવી રાખે છે અને વર્ષાઋતુના આરંભે તત્ક્ષણ પૂર્વવત્ બલવડે ભૂમિઉપર આવી વિચરે છે તેમ આ વૃત્તિને પણ વિરાગદ્વારા વિષયસંબંધની આશાથી રહિત કરેલી હોવાથી એ વૃત્તિ કે જે પોતાના જીવનના હેતુરૂપ વિષયસંબંધને બહિર્ ન પ્રાપ્ત થવાના સમયમાં (દર્દુરની પેઠે) પોતાના જીવનના આધારરૂપ સંસ્કારનો આશ્રય લેતાં ઉંડે ઉંડે ઉતરતાં મનમાં, મનથી મતિમાં, અને ત્યાંથી અષ્ટપુરીઓમાંની વાસના નામની પુરીમાં જઇને બહિર્ વિષયના સંબંધના સમયની વાટ જોતી બેશી રહી હતી તે આ સમયે જ્યારે બહિર્ વિષયસંબંધનો પ્રસંગ આવ્યો ત્યારે (દર્દુરવત્) પ્રથમ શનૈઃ શનૈઃ ગતિ કરતાં પશ્ચાત્ એકાએક ઉછળીને બહાર નીકળતી પ્રતીત થઇ છે. અરે! જે હૃદયગ્રંથિનું ભેદન થવાથી જ આપ્તકામ થવાય છે અને જે અકામપણાવડે જ પ્રવૃત્તિના હેતુ નિર્મૂલ થવાથી નિવૃત્તિને પ્રાપ્ત થવાય છે તે ગ્રંથિનું ભેદન તથા આપ્તકામપણું વિષયાસક્ત વિ-

ષયાભિમુખ રહેનાર અને વિષયચિંતન કરનાર પુરુષને ક્યાંથી જ હોય? આ વૃત્તિ મનસહિત જ્યાંસુધી વાસનાસંસ્કાર છે ત્યાંસુધી નિઃશેષ લયને પામતી નથી તેથી તે વાસનાસંસ્કારના લયદ્વારા એના ઉપ-નિમિત્ત એનો ઘણો કાલ નિરોધ જ કરવો ઉચિત છે. એ વૃત્તિને પુનઃ પુનઃ નિરોધદ્વારા કૃશ કરવી અને પુનઃ પુનઃ બાહ્ય સંગદ્વારા પુષ્ટ કરવી એ બુદ્ધિમન્તોએ યોગ્ય ગણ્યું નથી.

અલ્પ આયુષ્‌વાળો કોઇ પુરુષ દિશામાં નિશ્ચય કરેલા પ્રદેશના અવધિને જોવાની આશાથી પ્રયાણ કરે અને થોડો પંથ કાપ્યા પછી વળી પાછો વળે, વળી આગળ ચાલે અને પાછો વળે, તો તે પથિક પુરુષ તેટલા જ પ્રદેશમાં આયુષ્‌નો ક્ષય કરી નાંખેછે અને પ્રતિદિવસ આગળ આગળ ચાલનાર પુરુષ આગળ આગળના પ્રદે-શને અનુભવે છે, અને ઈપ્સિત સ્થલે જાય છે, તેમ આ જીવ જો કૂટસ્થદ્વારા સમસર્વત્ર સ્વરૂપમાં અભેદ સ્થિત થવા પ્રયાણ કરે અને ત્યાં પર્યંત ઉત્તરોત્તર ગતિ કરતો ન જાય અને મધ્યે જ જાઆવ કર્યા કરે; અર્થાત્ વિષયસંબંધ ત્યજીને વૃત્તિસહ મનમાં અને મનસહ બુદ્ધિમાં પ્રવેશે, વળી મનસહ મતિથી પૃથક્ થઇ અને મનથી વૃત્તિસહ પૃથક્ થઇ વિષયસંબંધ કરે એમ પુનઃ પુનઃ કરવાથી એટલામાં જ આયુષ્‌નો ક્ષય કરી યોગભ્રષ્ટ થઈ મરણને શરણ થાય તો એને પુનઃ જન્મ અને સાધકાવસ્થા વિદ્યમાન રહેછે. માટે હે સંયમી પુરુષ! આ પ્રકારના ન કરવાયોગ્ય વ્યાપારને કરાવ-નાર નિમિત્તને આપ શા માટે બલ આપો છો? ન આપો. વિષય-સંબંધી શ્રવણ અને કથન તે અનર્થ કરનાર જ છે.

હે રાજપુત્ર! આ પ્રકારનાં તેમનાં વચન શ્રવણ કરીને મે કહ્યું, હે ધૈર્યવાન્ મહાપુરુષ! ભક્ષણ કરેલા વિષનો અપક્વ અંશ કાલાંતરે પણ હાનિ કરે છે માટે તેને પક્વ કરવો અથવા વમનવિ-રેચનાદિ ઉપાયથી કાઢી નાંખવો એ કુશલ વૈદ્યનો સિદ્ધાન્ત છે. તેમાં પણ જે વિષનો અંશ પક્વ થતો નથી અને કાલાંતરે પણ અનર્થ જ કરનાર છે તેને તો સત્વર વમનાદિવડે કાઢવો જ યોગ્ય ગણ્યો છે. માટે હવે જો નિત્યનિરામય થવાની જ અભિલાષા છે તો આ પોતાની મેળે જ ન પક્વ થાય એવા વિષના અંશરૂપ સંસ્કારને વમન કરી નાંખો અર્થાત્ એને કથન કરી સ્વસ્થ થાઓ.

આપને અજ્ઞાત નથી કે આ હસ્તપાદાદિ સ્થલે માત્ર ત્વચામાં પ્રવેશેલા કંટકને પણ કાઢી નાંખ્યા વિના દેહાત્માધ્યાસવાળા બહિર્મુખ પુરુષને સ્વસ્થતા પ્રતીત થતી નથી, અને વિવેકી પુરુષોને પણ

તેવી જ કંટકની પીડા પ્રતીત થાયછે, જેથી તેઓ તે કંટકને કાઢીને સ્વસ્થ થાય છે; તો આ આપના હૃદયમાં અર્થાત્ અંતઃકરણમાં, મતિમાં કે મનમાં રહેલો કંટકરૂપ સંસ્કાર જે આપને પુનઃ પુનઃ સ્થિતિથી ઉત્થાન કરાવનાર કારણરૂપ છે, તેને કાઢી નાંખ્યા વિના તે આપનું સ્વસ્થતાથી સ્વરૂપાવસ્થાન થવા દેશે નહિ, માટે એકવાર વિઘ્ન સહન કરીને નિરંતરના વિઘ્નરૂપ એ સંસ્કારરૂપ કંટકને આપ અંતઃકરણમાંથી નિવૃત્ત કરો.

આ લોકમાં કોઇ કોઇ મનુષ્યને ઉન્માદ થાય છે અને તે પ્રસંગવશાત્ શમી જાય છે; પણ જ્યાં સુધી તે ઉન્માદનું કારણ નિઃશેષ લયને પ્રાપ્ત થતું નથી ત્યાંસુધી કાલાંતરે પણ તે મનુષ્યને ઉન્માદનો વેગ પુનઃ પુનઃ આવે છે. માટે હે મહાપુરુષ ! આ અંતઃકરણમાંથી, મતિ મન તથા વૃત્તિરૂપ કાર્યપરંપરાવડે સ્વરૂપાવસ્થાનથી પુનઃ પુનઃ ભ્રષ્ટ થવારૂપ ઉન્માદનો અત્યંતાભાવ કરવો હોય તો એના કારણનો લય કરવા ધારો. વસ્તુતઃ વૃત્તિ તથા મનના લયપૂર્વક મતિનો જે અનુત્થાનરૂપ લય છે તે જ ઉન્માદરહિત અવસ્થા છે, અને પુનઃ પુનઃ મતિના ઉત્થાનદ્વારા મન તથા વૃત્તિનું સ્ફુટ થવું અને વિષયાભિમુખ રહેવું એ જ ઉન્માદ છે. આ પ્રકારના ઉન્માદનું કારણ શેષ બલવાન્ સંસ્કાર છે. તેમાં જેનો અન્ય ઉપાયથી અભિભવ ન થાય એવા સંસ્કારનો પ્રવૃત્તિવડે જ ઉચ્છેદ કરવો પડેછે. માટે હવે સત્વર સ્વલ્પમાં આપનો શેષવૃત્તાન્ત વદીને સ્વસ્થપણે શુષ્કપર્ણવત્ વિચરો.

આ પ્રકારનાં મારાં વચનો શ્રવણ કરીને પછી તે અવધૂત પુરુષ બોલ્યા કે હે યોગતત્ત્વવિત્ મહાત્મન્ ! આ જગત્માં કાર્યરૂપે પ્રતીત થયેલ સ્થાવરજંગમ સઘળા વિષમાં એવું કોઈ વિષ નથી કે જેના અંશનો અન્ય ઉપાયથી વિપાક થાય જ નહિ. વળી જે વિષ તત્કાલ ખાધેલું હોય અને જે જઠરમાં જઈ રસદ્વારા અન્ય ધાતુઆદિમાં પ્રવેશ્યું નહિ હોય ત્યાં પર્યંત જ તે વિષની નિવૃત્તિઅર્થે વમનવિરેચનાદિ ઉપાય ઇષ્ટ છે, પણ જે વિષ શરીરમાં છેક કારણપર્યંત વ્યાપી ગયું હોય અને જેનો પરિણામ થઇ ચુકયો હોય તે વિષનું વમનવિરેચન થવું અત્યંત કઠિન છે. અત્ર વસ્તુતઃ જેમાં વિષ સંજ્ઞા ઘટાવવી છે તે તો ગુણમયી માયા છે કે જે વિષનો અત્યંતાભાવ સર્વત્ર થવો સંભવતો નથી. એક વ્યક્તિગત માયાવિષનો પણ અત્યંતાભાવ થતો નથી પણ તિરોધાન માત્ર થાય છે. એ માયાવિષનો અત્યંતાભાવ કરવો એ વસ્તુસુખેચ્છક પુરુષને અપેક્ષિત પણ નથી. અત્યંત વ્યાપેલા વિષની નિવૃત્તિનો વમનાદિ ઉપાય

યોગ્ય નથી; તેને અર્થે તો તે વિષ જે જે સ્થલે વ્યાપ્યું હોય તે તે સ્થલે જ તેને દગ્ધ કરનાર ઉપાયની અપેક્ષા છે. મારા સંબંધમાં તો મૂલાવિદ્યા જે કારણરૂપ વિષ છે, અને કાર્યરૂપ વિષ જે આ અંતર્બાહ્ય પ્રપંચ છે તેનો લય કરવો પ્રાપ્ત છે. ત્યાં કાર્યરૂપ વિષને શમાવતાં શમાવતાં કારણમાં લઇ જઇને સ્થાપ્યું છે. હવે એ અંતઃતમ દેશમાંથી પુનઃ બહિર્ લાવીને વમનાદિથી નિવૃત્ત કરવું ઉચિત નથી. એનો તો અંતર્માં જ લયરૂપ વિપાક કરવો યોગ્ય છે, માટે આપ આગ્રહ ત્યજો તો અધિક યોગ્ય છે.

વળી આપે કંટકના સંબંધમાં કહ્યું તે પણ ત્વચામાં અર્થાત્ બહિર્ પ્રદેશમાં પ્રવેશેલા અને બહારથી કાઢી શકાય એવા કંટકને માટે છે. કાંઈ અંતસ્તમ દેશમાં ઉતરેલા કંટકને માટે નથી. માટે જેમ અંતર્માં પ્રાપ્ત કંટક અંતરગ્નિવડે દગ્ધ થતાં ભસ્મરૂપે નષ્ટ થવો સંભવે છે તેમ આ મારા અંતર્માં રહેલ વાસનાસંસ્કારરૂપ કંટક કે જે નિરોધાગ્નિવડે જ ભસ્મ થનાર છે, તેને બહાર કઢાવવાને મિથ્યા યત્ન આપ શામાટે કરાવોછો ?

વળી ઉન્માદના કારણનો નિઃશેષ લય કરવાનિમિત્ત આપ અંતર્ કાર્યપ્રપંચને પુનઃ એકવાર સ્ફુટ કરવા કહોછો પરંતુ એ કાર્યપ્રપંચ એકવાર સ્ફુટ થવાથી ઉન્માદના કારણનો નિઃશેષ લય નહિ થતાં ઉલટો તેને અંશતઃ બલવાન્ કરશે. કારણ કે સ્ફુટ થયેલ કાર્યપ્રપંચ પુનઃ પ્રવેશતાં અન્ય દોષના અંશને અવશ્ય ગ્રહણ કરે છે. વસ્તુતઃ ઉન્માદના કારણને તો બલવાન્ ઔષધથી અંતર્માં જ નિઃશેષ દગ્ધ કરવું ઘટે છે. કારણ કે તે કારણ અંતર્માં જ રહે છે. જેમ ધાતુઓના અંતર્માં દોષોને અગ્નિના સાહાય્યથી જ ટાળવામાં આવે છે તેમ આ ઉન્માદના કારણરૂપ અંતઃસ્થિત સૂક્ષ્મ વાસનાનો પણ યોગાગ્નિવડે જ ક્ષય કરવો સંભવે છે, અને તે યોગાગ્નિ નિરુદ્ધાવસ્થાના અધિક કાલના નિર્વાહથી જ પ્રદીપ્ત થાયછે. જેથી આપનો ઉન્માદના કારણને બહાર કઢાવવા સંબંધનો આગ્રહ અધિક રુચિકર નથી.

હે પુરુષવર ! આપનું કહેવું એક પ્રકારે યથાર્થ છે તે એ છે કે જે બલવાન્ સંસ્કારને ફલ આપવાનો સમય સમીપછે અને તેનો વિપાક કરનાર ઉપાય જેટલી મર્યાદામાં એ સંસ્કારનો ક્ષય કે લય કરવાને સમર્થ હોય તેટલી મર્યાદાપૂર્વે આરંભાયો ન હોય પણ તે સંસ્કારને ફલ આપવાના સમયથી સહજ પૂર્વ કાલમાં તેના ક્ષયનો કે નિરોધનો યત્ન આરંભાયો હોય તો તે યત્નબલકરતાં સંસ્કારબલ અધિક હોવાથી તે સંસ્કારનો અભિભવ કે તિરોધાન થતું નથી,

પણ તેનું ફલ ભોગવીને તે નિવૃત્ત કરવો પડે છે. આ પ્રકાર કદાચિત્ મારા સંબંધમાં અનુકૂલ થઇ રહ્યો હોય તો આપના આગ્રહપ્રમાણે એ એક સંસ્કારનો ભોગથી ક્ષય કરવો ઉચિત છે. આમ છતાં પણ આ વૃત્તિ જે ભૂતભાવી પ્રતિબંધથી રહિત રહેવાના અભ્યાસવાળી છે તથા વ્યવહારકથનમાં જેને હવે કોઈ અંશથી પણ રસોત્પત્તિ થવાનો સંભવ નથી તે પૂર્વવત્ વૃત્તાન્ત કથન કરવા પ્રવૃત્ત થાય એમ નથી. આપના આગ્રહથી આપે અનુકૂલ ગણેલા માર્ગથી એક સંસ્કારના ક્ષયનિમિત્તે પૂર્વ વૃત્તાન્તને સ્વલ્પમાં કહુંછું.

હે સર્વજ્ઞ ! પૂર્વે આ માર્ગે ગયેલ ભદ્રસેન સંજ્ઞાથી ઓળખાયલો સંસારી તે આ હું છું, અને પક્ષિદ્વારા તથા આપના ગુરુદ્વારા જાણેલા સંદેશને શ્રવણ કરાવનાર તે આપ છો. વ્યવહારમાં પણ જે ઉપકાર કરનારનું વિસ્મરણ પ્રાજ્ઞ પુરુષોએ અનુચિત ગણ્યું છે તે ઉપકાર કરનાર પુરુષમાં આપનો પણ સમાવેશ થાય છે. અન્ય પ્રાકૃત જીવ જે ઉપકાર ન કરી શકે એવો ઉપકાર આપે કર્યો હતો એમ છતાં આ વૃત્તિયો તે દિવસના સ્વરૂપથી વિલક્ષણ સ્વરૂપવાળી થઈ છે, જેથી આ ક્ષણે તે ઉપકારનું સ્વરૂપ તે ક્ષણજેટલું મહત્વવાળું અનુભવતી નથી.

હે સિદ્ધ મહાત્મન્ ! આપને સર્વ વૃત્તાન્ત નિવેદન કર્યા પછી તત્કાલ આપે જેમ ગુહામાં પ્રવેશ કર્યો તેમ મેં પણ ત્વરાથી સ્વારીને ચાલતી કરી હતી. જે માર્ગે આવ્યાનું મેં આપને કહ્યું હતું તે જ માર્ગે જવાના નિશ્ચયથી અમે પંથ કાપવા માંડ્યો. માર્ગમાં પાત્ર આપનાર રાજાનું પાત્ર ઉપકાર માનીને જેવું ને તેવું પાછું આપ્યું. તેમણે તે પાત્ર મને આપવાને આગ્રહ કર્યો પણ એવા ઉપયોગી પદાર્થનો સ્વાર્થબુદ્ધિથી મેં સ્વીકાર કર્યો નહિ. યોગ્ય પ્રકારે તેમણે આપેલા સંમાનથી સંતોષ પામીને પરસ્પર વિનયવચન બોલી ત્યાંથી વહેતા થયા. માર્ગમાં પ્રથમ પત્નીરૂપે સ્વીકારેલી સ્ત્રી કે જે ધ્યેય ઉપાસ્યની એકાગ્રવૃત્તિવડે ધ્યાતા કે ઉપાસક આકાંક્ષા રાખે તેમ એકચિત્તથી મારી ઉપાસનામાં જ લાગી રહેલી હતી તે પતિવ્રતમગ્ન કુલવતીને સસ્નેહ મળીને સાથે તેડી આગળ ચાલ્યો. મારા આગમનથી થયેલો તેનો આનંદ અવર્ણનીય હતો. એ સ્થલે પણ રાજાઆદિથી મળેલા સંમાનથી સંતુષ્ટ થઇને વ્યતીત વાર્તાને ઘટિત રીતે કહીને ક્રમે કરીને માર્ગ કાપતાં જન્મભૂમિમાં આવ્યાં. જ્યાં જવા પૂર્વે સમાચાર મોકલ્યા હતા એવી તે ભૂમિમાં અમારા આવવાનિમિત્તે મહોત્સવનો ઉત્તમ પ્રકારનો આરંભ થઇ રહ્યો હતો. આ સંસારમાં

કુલીન માતાપિતા અને સ્ત્રીનો પ્રેમ અનુપમ હોય છે. તે વિયોગાગ્નિમાં દગ્ધ થતાં માતાપિતાને મારા આગમનના સમાચાર સાંભળતાં જે આનંદ પ્રતીત થયો હતો તે અકથ્ય હતો. મારા આ દેહસંબંધથી નિશ્ચય કરાયલાં જનક તથા જનની અનેક પ્રકારના વિભવને આગળ કરી મોટી સ્વારીસાથે મારા સંમુખ આવ્યાં. તેમને સંમુખ આવતાં જાણીને આગળ ચાલીને હું તેમના સમીપ ગયો. સાષ્ટાંગ પ્રણામ કરીને માતાપિતાને ચરણે મસ્તક મૂક્યું. તેમણે સજલ નેત્રથી મારે મસ્તકે હાથ મૂકયો અને પછી નિમેષરહિત દૃષ્ટિથી મને નિહાળીને મારૂં કુશલ પૂછ્યું. મેં પણ સર્વનું કુશલ પૂછ્યું અંતરૂપટ ધરાવેલા માર્ગમાંથી આવીને તે બે સ્ત્રિયોએ માતાપિતાને પ્રણામ કર્યા. તેમણે આશીર્વચન વદ્યું. આ પ્રમાણે મળીને પોતપોતાનાં વાહનમાં આરૂઢ થઇને અવર્ણનીય શોભાથી નગરમાં પ્રવેશ કર્યો. સમગ્ર પ્રજા માર્ગમાં તથા વાતાયનમાં પુષ્પની વૃષ્ટિ કરતાં જય જય શબ્દનો ઘોષ કરતાં મને નિહાળતી હતી. આ સમયનો પ્રજાનો હર્ષ પણ અપૂર્વ હતો. મારે માટે તથા સ્ત્રિયોને માટે શોભાવેલાં દિવ્યસરખાં મંદિરમાં અમે પ્રવેશ કર્યો. આ આનંદનિમિત્તે બ્રાહ્મણોને અનેક પ્રકારનાં દાન વિધિવડે અર્પ્યાં તથા નગરની સઘળી પ્રજાને બીજે દિવસે ભોજન આપ્યું. નિવૃત્તિના સમયે માતાપિતાઆદિ સ્વજનોને યથાઘટિત વ્યતીત વૃત્તાન્ત કહી સંભળાવ્યો. મારા સંકટના અને સુખના પ્રસંગોનું શ્રવણ કરતાં તેમને શોક તથા હર્ષનું ભાન થયું. નગરમાં પણ સ્થલે સ્થલે મુખકર્ણદ્વારા પ્રસરતી તે વાર્તા વિવિધ અંશની વિલક્ષણતાવાળી થતી ચર્ચાઈ હતી. ક્રમે કરી દિવસો જતાં મારૂં આગમન સામાન્ય થઇ જવાથી પ્રજામાં એકાએક પ્રસરેલો આનંદનો પ્રવાહ મંદ પડયો. સ્વજનોમાં પણ દિવસ ગત થતાં હું નવોજુનો થઇ રહ્યો. મારો પ્રવાસ સફલ થયો હતો એથી માતાપિતાને અધિક સંતોષ પ્રતીત થયો હતો. મારા વિયોગથી અને પ્રાપ્ત થયેલ વૃદ્ધાવસ્થાથી મારા પિતા યદ્યપિ ધીર વીર પુરુષ હતા તથાપિ તે સમયમાં દીનદુર્બલસરખા થઇ રહ્યા હતા. મારા આવવાથી થયેલા સંતોષવડે તેમનું અંતઃકરણ પ્રતિદિવસ અધિક સત્ત્વબલવાળું થતું ભાસતું હતું. પિતાના અંતરમાં મારા વિયોગના નિમિત્તથી પ્રકટેલી અસ્વસ્થતાને લીધે થયેલા પ્રમાદથી તથા મારા વિદેશ વિચરવાથી કોઈ સાવધાન રક્ષકના ભય વિનાના અવાંતર રાજ્યોના અધિપતિઓ ઉન્મત્ત થયા હતા. દુષ્ટજનોની પણ વૃદ્ધિ થવાથી રાજનગરથી અંતરની પ્રજાને તે દુષ્ટ દુર્જનો નાના પ્રકારના ઉપદ્રવ કરતા હતા. આ આદિ સર્વ વૃત્તાન્ત શનૈઃ શનૈઃ મારા જા-

ણુવામાં આવ્યો. આમ છતાં પણ વિષયાસક્ત વૃત્તિવાળો હું થોડા કાલપર્યંત અન્ય રાજ્યધર્મવ્યવહારાદિમાં ચિત્તવૃત્તિને વાળી શક્યો નહિ. જેમ બાલકો કાષ્ઠમૃત્તિકાદિનાં રમકડાંવડે રચેલી રમતમાં તથા અન્ય વિવિધ તુચ્છ ગમતમાં નિમગ્ન થવાથી ખાનપાનાદિ આવશ્યક વ્યવહારનું પણ સ્મરણ કરતાં નથી તેમ હું પણ તે વસ્તુતઃ સુખના હેતુરૂપ નહિ એવી વિષયવિલાસની ચેષ્ટાઓમાં નિમગ્ન થયેલો હોવાથી મારા આવશ્યક ધર્મકર્મનું પણ વિસ્મરણ કરી રહ્યો હતો. ઇન્દ્રાદિક દેવોના વૈભવોને પણ તે મારા વિભવઆગળ તુચ્છવત્ લેખતો હું વિષયોન્મત્ત પ્રાણીની પેઠે તે વિષયસુખને અખંડ જાણીને ભોગવતો હતો. હે યોગીશ! એ સમયની સઘળી ક્રિયાઓનું અને તે સમયના અંતઃકરણના સ્વરૂપનું આજે સ્મરણ કરવાથી પણ ચિત્તમાં ગ્લાનિ થાય એમ છે. એ પ્રકારની અનેક ક્રિયાઓ રાત્રદિવસ કરતાં, અનુપમ સુખાનુભવનું ભાન કરતાં તથા સ્વધર્મનું વિસ્મરણ કરતાં કાલને વ્યતીત થતો અનુભવતો હતો. આ પ્રમાણે સ્વર્ગથી અધિક આનંદ માનીને આયુષ્યનો ક્ષય કરતાં વ્યવહારદૃષ્ટિથી જેને ઉંચા પ્રકારનું સુખ માન્યું છે એવું તે પુત્રસુખ મને પ્રાપ્ત થયું, અર્થાત્ તે બંને સ્ત્રિયોને એક એક પુત્ર પ્રસવ થયો. એ પુત્રની પ્રાપ્તિથી રાજ્યકુટુંબમાં તેમ જ પ્રજામાં પણ આનંદ પ્રકટ્યો હતો. પૂર્વે સ્ત્રિયોમાં જ આસક્ત વૃત્તિવાળો પછી પુત્રમાં પણ આસક્તિ કરવા લાગ્યો. પ્રતિદિવસ વૃદ્ધિને પ્રાપ્ત થતી ચંદ્રની કલાની પેઠે તે પુત્ર વૃદ્ધિને પામવા લાગ્યા. તેમની સ્વચ્છંદ પ્રવૃત્તિ તથા મંદમંદ હસવું જોઇને જે આનંદ થતો હતો તે અપૂર્વ હતો.

હે સર્વાતીત મહાપુરુષ ! બોધવૈરાગ્ય વિનાનો હું તે સ્ત્રીપુત્રના આનંદમાં નિમગ્ન થઈ રહેતાં કર્તવ્યના વિચારમાં પ્રવેશ કરી શક્યો નહિ. આ પ્રકારની મારી સ્થિતિ જોઈને પરમદયાલુ પિતા જેને હું જ સંસારના પદાર્થોમાં અતિપ્રિય હતો તેમણે મને સાવધાન કરવા નિમિત્ત એક દિવસ સમય જોઇને એકાંતમાં બેસાડીને આ પ્રકારનાં સમ્યક્, પ્રિય તથા હિતકર વચનો કહ્યાં.

" હે સુપુત્ર ! આ સંસારમાં તમારા સમ પુત્રનો પિતા થયાથી હું પોતાને પૂર્વે તેમ જ આજે પણ ધન્ય સમજુંછું. તમે કે જેમણે સ્વપુરુષાર્થથી યશકીર્તિ તથા ઐશ્વર્યને સંપાદન કર્યાછે તેમનાવડે હું પોતાને ભાગ્યશાલી માનુંછું. આ સંસાર કે જે સ્વભાવથી જ અસ્થિર છે તેમાં આપણાં આ સઘળાંનાં શરીરો સદા વિદ્યમાન રહેશે એવી આશા બાંધવી એ દુરાશા છે એમ મને ભાસે છે. કારણ કે

સમજણ વિનાની બાલકાવસ્થાથી તે આ સર્વ અવયવોની યથાઘટિત શક્તિ વિનાની વૃદ્ધાવસ્થાને મેં અનુભવી છે. ઉન્મત્ત યુવાવસ્થા કે જે અભ્રમાં થતા વિદ્યુતના ચમકારાની પેઠે અલ્પકાલમાં જ અળપાઇ ગઈ છે તેને તથા તે સમયની વિકારી સ્થિતિને પણ મેં અનુભવી છે. હે પુત્ર ! હવે જ્યારે હું તે સમયનું સ્મરણ કરૂં છું ત્યારે તે સમયની અંતર્બહિર્ની સ્થિતિ કેવે પ્રકારે અને ક્યાં ગઈ એ જોઈ જાણી શકતો નથી. પરંતુ આ અસ્થિર સંસારપ્રવાહના સ્વરૂપને હવે મેં ઉત્તમ પ્રકારે જાણ્યું છે, તેથી તે સંબંધમાં મને હર્ષશોક કે આશ્ચર્ય થતું નથી. મારી યુવાવસ્થામાં મેં જેમ સાવધાનપણે સર્વ વ્યવહાર સાચવ્યા હતા તેમ હવે આ અંતની અવસ્થામાં સાચવી શકાતા નથી. જેમ મેં તે અવસ્થામાં વિષયપદાર્થદ્વારા સુખ ભોગવવામાં ન્યૂનતા રાખી ન હતી તેમ વ્યવહારધર્મ સંભાળવામાં પણ ન્યૂનતા રાખી ન હતી. રાજ્યના શત્રુઓને તથા પ્રજાના શત્રુ દુર્જન દુષ્ટોને મેં સુખ તથા નિદ્રારહિત કર્યા હતા. અને તે શત્રુદુર્જનાદિ દુષ્ટોની સ્ત્રિયોનાં હૃદય અહોરાત્ર ભયકંપથી યુક્ત રાખ્યાં હતાં. પ્રજાને અભય આપ્યું હતું. ન્યાયવડે કોશની અભિવૃદ્ધિના નૂતન ઉપાયોને પ્રતિદિવસ વિચારતો તથા રચતો હતો. પ્રજાની સુખસંપત્તિને વધારવાના ઉપાયને પણ નિરંતર સાધતો હતો. રાજાપ્રજાના સંબંધના કાર્યભારને વહન કરનાર પ્રધાનાદિ પુરુષોને તથા શત્રુને દુર્બલ રાખવાના કાર્યને કરનાર સેનાપતિઆદિને હું મારા સાવધાનપણાથી નિરંતર સાવધાન રાખતો હતો. રાજસેવકો રાજલક્ષ્મીને ગ્રહણ કરવા છતાં અન્યાયથી પીડીને પ્રજાની લક્ષ્મીનું હરણ ન કરે એને માટે અનેક યુક્તિવડે તે રાજસેવકોને સદા સરલ રાખતો હતો. પ્રજાને કે રાજાને ઉપદ્રવ કરી શકે એવા પ્રજાપ્રમુખ પુરુષોને ભયપ્રીતિનું ભાન કરાવતાં અનુકૂલ વર્તનમાં જોડતો હતો. પ્રજાને પીડનારા એવા અન્ય દુષ્ટ રાજાઓના દુષ્ટ વર્તનને જાણીને હું બલઐશ્વર્યવડે તેમની સત્તાને તેમનો યુદ્ધથી પરાજય કરીને હરતો હતો, અને પશ્ચાત્ તેમને મર્યાદામાં વર્તાવતાં તેમની પ્રજાને પ્રાપ્તસુખ કરતો હતો. આપણા સમાન કે અધિક બલઐશ્વર્યવાળાને પણ પ્રબલઐશ્વર્યના પ્રભાવથી વશ વર્તાવતો હતો. તપસ્વી બ્રાહ્મણાદિને નિર્ભયપણે નિર્જન પ્રદેશમાં પણ રુડી રીતે રક્ષતો હતો. હે ભાઇ ! તમને સર્વ જાણનારને હું અધિક શું કહું ? સ્વલ્પમાં એ જ કે સર્વ પ્રકારના ધર્મને સાચવતાં હું સર્વને સ્તુતિ કરવાયોગ્ય થયો હતો. આ વાર્તા આજે પણ તે સમયના વૃદ્ધો તમને કહેવાને વિદ્યમાન છે, અર્થાત્ એમાં હું મિથ્યા વચન કહેતો

હઇશ એવી શંકાને અવકાશ મળે એમ નથી.

પૂર્વે આ પ્રકારના સામર્થ્યવાળા હતા. છતાં આજે મારામાં એ સામર્થ્યને હું અનુભવતો નથી. એ મારો ઉત્સાહ પણ હવે શિથિલ થઈ ગયો છે. મારી આ ઉત્તર અવસ્થા જાણીને અને તમે સમીપ નથી એ જાણીને થોડા કાલપૂર્વથી કોઇ કોઈ મંદમતિ મર્યાદા મૂકીને મનોદયપ્રમાણે વર્ત્તવા લાગ્યા છે. તમારા પ્રવાસથી આવવાપૂર્વે તો મને એક પ્રકારથી અસંતોષ રહેતો, તેથી મેં તેમને અધીન વર્તાવવા ઉદ્યોગ કર્યો નથી. પણ હવે જો તમારી ઇચ્છા હોય તો હું સેનાસહિત શત્રુઓને હીનવીર્ય કરવા થોડો કાલ પ્રવાસને તથા રણને સેવું. યોગ્ય વિચારથી તો હવે મારે ઈશ્વરપરાયણ મતિવડે આ શોકમોહના કારણરૂપ સંસારપ્રવાહના તટઉપર ઉદાસીનપણે સ્થિત થવું ઘટે છે. કારણ કે સંસારમાં અંત્યાવસ્થામાં સર્વ પ્રપંચનો, સાક્ષીઆત્મામાં લય કરીને જીવન્મુક્ત થવું અને તે સાક્ષીઆત્માને સમસર્વત્ર પરમાત્માથી અભેદસ્વરૂપે અનુભવી પુનરાવૃત્તિરહિત થઈ કૃતકૃત્ય થવું એ જ કર્તવ્ય મનાયું છે.

ધર્મવ્યવહારાદિમાં નિપુણ તમસરખા પુત્રના પિતાએ વૃદ્ધાવસ્થામાં હવે શું કર્તવ્ય છે એ અન્યદ્વારા મારે કે તમારે જાણવું પડે એમ નથી, કારણ કે તે યથાવત્ આપણને જ્ઞાત છે. મારી ઇચ્છા જો તમને અનુકૂલ ભાસે તો આ રાજ્યવ્યવહારને હવે તમે સ્વાધીન કરો અને એમાં મારી સહાયતાની જેટલી આવશ્યકતા હોય તેટલી તમે લઇને મને એ વ્યવહારભારથી મુક્ત કરો. હે ભાઈ! જેમ આ લોકમાં સ્ત્રી, પુત્ર, ગૃહ, રાજ્ય, ક્ષેત્ર, દ્રવ્ય, એ સર્વ ધનરૂપ મનાય છે તેમ આ લોકને ત્યાગ કરવાના સંધિઉપર આવેલાને પ્રયાણસમયે સાથે રાખવા યોગ્ય ઉત્તમ ધન તો ધર્મ જ છે. મેં આજપર્યંત ધર્મ સંપાદન કરચો છે, છતાં હવે શેષ આયુષ્માં એના શેષ અંશને યથાશક્તિ સંપાદન કરવા મતિ દોરાય છે.

મારી મતિથી તથા પૂર્વ પુરુષોના નિશ્ચયથી મારા મનમાં એ દૃઢ થયું છે કે આ સંસારમાં જે વિષયો આ નેત્રથી જોવામાં આવે છે તે તથા શ્રવણ કરવામાં આવતા જે પરલોકના વિષયો છે તે જ વાસ્તવ સુખનાં સાધન કે સુખરૂપ નથી. પણ એ સમગ્ર વિષયોથી પ્રતીત થતા સુખદુઃખના અનુસંધાનથી રહિત જે મતિની સ્થિતિ છે તે સ્થિતિ જ વાસ્તવ સુખરૂપ કે સુખના સાધનરૂપ છે.

હે પુત્ર! મેં પ્રથમાવસ્થાથી જ એ તો જાણ્યું હતું કે આ લોકમાં શત્રુત્વ રાખનાર મનુષ્યોને આપણે અધીન દીનવત્ વર્તવમાં

એ જ માત્ર બલવાનનું બલ નથી પણ અજિતજેવું મનાયલું અંતરૂમાં રહેલ આ મન જે મહાશત્રુરૂપ છે તેને જિતવાપણારૂપ જે સામર્થ્ય છે એ જ બલવાન્નું બલ છે. જ્યાં સુધી અંતર્ તથા બહિર્ના સર્વ શત્રુઓનો જય કરીને આપણે શત્રુરહિત થયા નથી ત્યાંસુધી આપણને અજાતશત્રુપણું પ્રાપ્ત થતું નથી અને અંતર્બહિર્ શત્રુના અભાવરૂપ અજાતશત્રુપણું પ્રાપ્ત કરયાવિના કૃતકૃત્ય થવાતું નથી. આ લોકમાં ઘણાં મનુષ્યો તો ધન, ગૃહ, ક્ષેત્ર, સ્ત્રી તથા પુત્રની ઇચ્છાનુકૂલ પ્રાપ્તિ થાય તેને લાભ સમજેછે, વૃદ્ધાવસ્થાપર્યંત પણ પુત્રની આશા રાખે છે અને પુત્ર પ્રાપ્ત થવાથી મોટો લાભ માનેછે. પરંતુ અનેક પ્રકારથી આ સંસારના સ્વરૂપનો વિચાર કરનાર મોટા પુરુષોએ તો પોતાના પરમેશ્વરસ્વરૂપનો દૃઢ અનુભવ કરવો એને જ ખરો લાભ માન્યો છે. માટે હે ભાઈ! હું કે જેને આ લોકદૃષ્ટિના લાભ તો સઘળા યથાવત્ થયા છે તેને માત્ર શેષ રહ્યો ગણાય તો એ જ છે કે આ અહંમમત્વના નિરાસપૂર્વક સ્વસ્વરૂપાવસ્થાન કરવું.

આટલા વર્ષના મારા અનુભવથી મને સમજાયું છે કે આ સંસારમાં વેદશાસ્ત્રના ભણનારા પંડિત વિદ્વાન્ પુરુષો ઘણા હોય છે, પણ આ જીવના સ્વરૂપને, તેના બંધમોક્ષના સ્વરૂપને તથા બંધની નિવૃત્તિના અને મુક્તત્વની પ્રાપ્તિના યોગ્ય ઉપાયને જાણનાર અને તે યોગ્ય ઉપાયવડે જીવન્મુક્તત્વને પ્રાપ્ત કરનાર પંડિતો જે ખરા વિદ્વાન્ ગણવા ઘટે છે તે ઘણા થોડા હોય છે.

આ સંસારમાં મોહનું બલ એટલું છે કે તેમાંથી મનુષ્ય ભાગ્યે જ બચી શકે છે. મરણને સમીપ આવેલું અનુભવનાર મનુષ્ય પણ નિઃશંકપણે આ પ્રાણિપદાર્થપ્રતિની આસક્તિથી રહિત થઈ શકતા નથી, તો ઇતરની શી કથા?

હે ભાઈ! આ મને આસક્તિ ત્યજવાનું સમજાયું છે તથા પદાર્થપ્રતિની પ્રીતિ ગૌણ પડી છે તોપણ મારા આશ્રમ તથા વર્ણના ધર્મનો વિચાર કરતાં જ્યાંસુધી તમે આ મારા ભારને ગ્રહણ કરો નહિ ત્યાં સુધી મારાથી એ સંબંધમાં સ્વતંત્રપણે વર્તી શકાતું નથી. એકાએક મરણ આવે તો ત્યાં નિરુપાય હોવાથી નિર્દોષપણું ગણાય છે પરંતુ સાવધાનપણું છતાં તથા વર્ણાશ્રમયુક્ત રહ્યા છતાં સ્વધર્મનો ત્યાગ કરી યથેચ્છ વર્તવું એ દોષરૂપ હોવાથી સદા અનુચિત ગણાયું છે.

આ વર્ણાશ્રમમાં વર્તતી સઘળી પ્રજા જો પોતપોતાના ધર્મનું પાલન યથાવત્ કરે તો તે સર્વને કઠિન થઈ પડે એમ છે. તે દૃષ્ટિએ

જોતાં આપણા ક્ષત્રિયના ધર્મનું યથાવત્ પાલન થવું એ અધિક કઠિન છે; અને ક્ષત્રિયમાં જે પુરુષ રાજ્યના ભારને વહન કરવાથી પ્રજાપતિ કે નરેશ ગણાય છે તે નરવર મનાતા રાજાએ યોગ્ય પ્રકારે સ્વધર્માનુષ્ઠાન કરવું એ તો અત્યંત કઠિન છે. કારણ કે અન્ય વર્ણાશ્રમીને તો પોતાના કે કુલના કે સંબંધમાં આવતા મનુષ્યના સંબંધમાં ધર્મવર્તન કરવા સાવધાન રહેવું પડે છે પણ રાજાએ તો પોતાની બિવિધ વર્ણાશ્રમવાળી સઘળી પ્રજાના તથા તે સર્વપ્રતિના પોતાના ધર્મનું પાલન કરવું પડે છે.

જે રાજા પોતાની પ્રજાની પીડાને પોતાની મેળે વિચાર કરીને જાણતો નથી, પ્રજા જણાવવાને આતુર હોય તોપણ તેને પ્રીતિવડે સાંભળતો નથી, પોતાના વર્તનથી પ્રજાને સદા અસંતોષમાં રાખેછે, પ્રજામાં પડતા દુર્ભિક્ષને સમજવા છતાં પણ જે પ્રજાને સત્તાબલથી દીન કરીને તેમના પાસેથી ધનાદિનું ગ્રહણ કરે છે, પ્રજાના હિતમાં પ્રાણ આપવાપર્યંતની ઉદારતા ન રાખનાર છતાં તે પ્રજાના ધનાદિ પદાર્થને અનેક નિમિત્તથી હરીને તે ધનવડે સ્વાર્થમગ્ન થયો યથેચ્છાચરણ કરે છે અને હિતવચન કહેનારને શત્રુતુલ્ય સમજે છે, અને અધર્માચરણ કરવા છતાં પોતાને જ પંડિત કે સર્વવિત્ માને છે એવા રાજા તે રાજા નથી પણ પ્રજારૂપ પ્રાણિનું હનન કરનાર વ્યાધરૂપ છે. એવા રાજા અધોગતિને જ પ્રાપ્ત થાય છે એમાં સંદેહ નથી.

હે પુત્ર! જે રાજકુલમાં આવા પ્રકારનો સ્વધર્મના ભાન વિનાનો પુરુષ રાજ્યાધિકારને પામે છે તે કુલની કીર્તિનો તથા રાજ્યસત્તાનો તે પુરુષ પોતાના કુટુંબસહિત નાશ કરે છે.

આ મનુષ્યોમાં રાજાપ્રજાનો ભેદ એ માટે જ છે કે પરસ્પરના ભયથી ઉભય પોતપોતાના ધર્મનું રુડે પ્રકારે પાલન કરે તથા તેદ્વારા સુખાનુભવ કરતા નિર્ભય રહે. પણ મંદમતિ સ્વાર્થી રાજાઓ તો ઉલટા પ્રજાને નિરંતર ભય આપનાર થઇ પડે છે તથા પોતે ભયમાં રહે છે, અને પોતે અધર્મમાં પ્રવેશી અન્ય પ્રજાને અધર્માચરણી કરે છે. ખરું જોતાં તો કોઈ પણ રાજાએ હું સ્વતંત્ર રાજા છું એમ માનવાનું નથી, પરંતુ સર્વ રાજાને પ્રજા રાજા કરે છે એમ જાણવું ઘટે છે. પ્રજા વિના રાજ્યપદ હોતું નથી માટે રાજામાત્રે પ્રજાને રાજ્યનો આધાર જાણવો જોઇએ. જો પ્રજારૂપ આધારનો ભંગ થાય તો રાજ્યપદરૂપ આધેયની સ્થિતિ હોતી નથી. તેથી રાજાએ નિરંતર પ્રજાના સુખની અભિવૃદ્ધિ કરવા યત્ન રાખવો. અને પ્રજાએ રાજાના સત્તાબલની અભિવૃદ્ધિના ઉપાયને સાધવાસધાવવામાં યત્ન રાખવો

એ પરસ્પરનો ધર્મ છે. પ્રજાના ધનાદિ પદાર્થનું હરણ કરવાને યુક્તિ રચનાર તથા પોતાના સુખની જ ચિંતા રાખનાર રાજા રાજા નથી પણ દુ:ખી પ્રજાના રુધિરનું શોષણ કરનાર નીચ શત્રુ છે એમ મનાયું છે. માટે હે પુત્ર ! નિરંતર પ્રજાના સુખસંબંધી વિચાર કરીને પ્રજાની સેવામાં તત્પર રહેવા સાવધાન થાઓ. કારણ કે આપણે પ્રજાની સંપત્તિવડે સંપત્તિવાન્ થઇ બેઠા છીએ.

હે શાંત ચિત્તવાળા ! મારા સરખા વૃદ્ધ પુરુષોએ કેવલ વિષયલાલસાથી વિકલ થતી વૃત્તિયોને શાંત રાખી પડી રહેવું એમ નથી, પણ વધારામાં આ વૃત્તિયોના નિરોધપૂર્વક મનસહિત મતિને ઈશ્વરસ્વરૂપમાં સ્થાપીને સ્વરૂપસુખાનુભવ કરવો ઉચિત છે. અને હે પુત્ર ! તમારા સરખા યોગ્ય રાજ્ય કરનાર પુરુષોએ કેવલ ચોર આદિ દુષ્ટ જનોનો નિગ્રહ કરવો એ જ કર્તવ્ય માની બેસવાનું નથી પણ વધારામાં આ દુષ્ટાચારમાં પ્રવૃત્ત થતી ઇંદ્રિયોનો તથા દુષ્ટ મનનો નિગ્રહ કરવો ઘટિત છે.

હે ભાઇ ! ઘણા બુદ્ધિમંત મનુષ્યો આ વૃષ્ટિ, શીત તથા ઉષ્ણતાને અને ભારે પદાર્થોના વહનને જ સહન કરવાં એને જ તિતિક્ષા માને છે. પણ મારા વિચારથી તો એની સાથે આ અનેક પ્રકારનાં પ્રારબ્ધવશાત્ આવી પડતાં દુ:ખોને પણ અવિકલપણે સહન કરવાં એ ખરી તિતિક્ષા છે. આ સંસારમાં વિવિધ વ્યવહાર સાધવામાં પરાક્રમ કરનાર પુરુષો પોતાને શૂરવીર માનતા હોય તો તે ભૂલ ભરેલું છે, કારણ કે વ્યવહારમાં ઉત્તમ પરાક્રમ કરવા છતાં અંત:કરણમાંથી સ્ફુરતી વિવિધ વિષયવાસનાને રોકવાનું સામર્થ્ય હોતું નથી તો તે અધમતાને પામે છે. માટે હે પુત્ર ! તમારે તો આ વ્યવહારમાં ઉત્તમ પ્રકારનું પરાક્રમ કરતાં છતાં એ વાસનાને રોકીને તેનો અંતમાં ક્ષય કરવારૂપ શૂરપણું સાધવું.

હે ભાઇ ! આપત્કાલે ઉદ્વેગ ન ધરવો એ પ્રકારનું ધૈર્ય તો ઉત્તમ જ છે, પરંતુ સર્વોત્તમ ધૈર્ય તો તે જ છે કે ઉપસ્થરસનાઆદિ વિષયમાં લુબ્ધ રાખનાર ઇંદ્રિયોના પ્રબલ વેગને રોકવા.

આ લોકમાં જેમ ધનવંત પુરુષો ધનાદિ પદાર્થનું દાન કરે છે તેમ રાજાએ ભૂમિકનકાદિનું દાન કરવું ઉચિત છે. પણ વિશેષમાં પ્રાણિઓપ્રતિ વપરાતી નિર્દયતાને તજવારૂપ અર્થાત્ પ્રજાનો દ્રોહ ન કરવારૂપ દાન આપવું.

ગૃહસ્થ પુરુષોએ શરીરને શોષણ કરી કષ્ટ આપનાર વ્રતાદિકના સેવનરૂપ તપને જ કરીને કૃતાર્થતા માનવાની નથી, પરંતુ

અન્યાયથી પ્રાપ્ત કરાતા ભોગોની ઉપેક્ષા કરવી તથા ક્રમે કરીને ઉત્તર વયના સંધિમાં ભોગવાસના શમી જાય એવા ક્રમથી વિહિત ભોગની ઉપેક્ષા કરવાનો પણ અભ્યાસ રાખવો, અને એ અભ્યાસની સિદ્ધિએ જ તપની સમાપ્તિ તથા કૃતાર્થતા સમજવી.

યથાર્થ ભાષણ કરવું અર્થાત્ સત્ય બોલવું એટલું જ માત્ર પુરુષનું કર્તવ્ય નથી પણ અનેક પ્રકારના યથાર્થ વ્યવહાર વર્ણાશ્રમધર્મથી પ્રાપ્ત હોય તે કરવા છતાં પુનઃપુનઃ સદ્રસ્તુરૂપ બ્રહ્મતત્ત્વનો એકાંતમાં બેશી વિચાર કરવો.

હે પુત્ર! આ મનુષ્યોમાં ઉત્તમ ગણાવાની લાલસાથી ઘણા સંસ્કારી જીવો અતિ કષ્ટવડે વિવિધ શાસ્ત્રોનું અધ્યયન કરે છે. પરંતુ જો તેમને પ્રતીત થયેલો આ જીવબ્રહ્મનો ભેદ અંતપર્યંત વિદ્યમાન રહે છે તો તેમનું તે અધ્યયન વ્યર્થ થાય છે માટે પ્રાપ્તવિવેક પુરુષોએ તો શાસ્ત્રદ્વારા, યુક્તિદ્વારા કે અનુભવવડે આ અનેક દુઃખની પ્રતીતિ કરાવનાર ભેદભાવનાનો બાધ કરવો એ જ ખરું અધ્યયન સમજવું. માત્ર લોકમાં પ્રતિષ્ઠા મેળવવા કે ઉદર ભરવા અધ્યયન કરવું એ તો વ્યર્થ શ્રમમાત્ર જ છે.

આ જગત્માં ઘણા મંદમતિ મનુષ્યો ગુપ્તપણે પાપાચરણ કરીને ઉપરથી તે તે પાપાચરણથી લજ્જાને પામતા હોય એમ પ્રતીતિ કરાવે છે, પણ એ પ્રકારનું એમનું ધર્માત્માપણું ઉપયોગનું નથી. અંતઃકરણથી જ લજ્જા પામીને જે દુષ્ટ કર્મનો ત્યાગ છે તે ત્યાગ જ ખરું ધર્માત્માપણું છે.

હે સુપુત્ર ! આ રાજ્યલક્ષ્મીવડે પ્રાપ્ત કરેલા ઉત્તમોત્તમ અલંકાર તથા વસ્ત્રોવડે જ શરીરને શોભાવી શોભવાની આશા રાખવી નથી, પણ અંતર્માં ઉપજતી નિંદ્ય આશાતૃષ્ણાના ત્યાગના ધારણથી જગત્માં શોભવું એ જ સ્તુત્ય છે.

ઘણા મનુષ્યો પોતાને જ્વરાદિ રોગ પ્રાપ્ત થવાથી દુઃખી સમજે છે પરંતુ ખરું દુઃખ એ નથી. ખરું દુઃખ તો અનેક દુઃખના કારણરૂપ વિષયસુખની ઇચ્છા જે રાત્રદિવસ અંતઃકરણમાં સ્ફુર્યા કરે છે તે જ છે. માટે હે ભાઈ! સુખની ઇચ્છાવાળાએ વિષયનિમિત્ત ઉઠતી ઇચ્છાઓનો ક્રમથી જય કરવો. પ્રાપ્તસુખ પૂર્વ પુરુષોએ સ્થાપેલો આ અચલ સિદ્ધાન્ત છે એમ જાણવું.

આ લોકમાં જેમ વિદ્યાપ્રતિપાદક ગ્રંથોનું અધ્યયન ન કરનાર મૂર્ખ ગણાય છે તેમ તત્ત્વદ્રષ્ટા પુરુષોના નિયમથી જે પુરુષ આ દેહાદિકમાંથી અહંમમત્વને નિવૃત્ત કરતા નથી તે મહામૂર્ખ ગણાય છે.

આ સંસારમાં જેમ પથિક પુરુષો સ્થલે સ્થલે જલાશય તથા પાંથશાલાદિ વિશ્રામસ્થાનવાળો અને કંટકાદિથી રહિત વસતિવાળો માર્ગ પંથ કરવામાં સારો ગણે છે તેમ મોક્ષમાર્ગમાં વિચરવાને સજ્જ થયેલા મારા સરખાને કેવલ પરમાત્માનું સ્મરણ, ચિંતન કથન કે શ્રવણ કરવામાં અનુકૂલ એવો અને જેવડે અંતમાં પરમાત્મામાં અભેદ થઈ રહેવાય એવો જે નિવૃત્તિનો માર્ગ એ જ સુમાર્ગ છે. અને જેમ તે પથિક પુરુષો ચોરવ્યાઘ્રાદિના સંચારવાળા માર્ગને ભયંકર ગણી ત્યજે છે તેમ હું સરખાએ પણ હવે ચિત્તમાં વિક્ષેપ ઉપજાવનાર અનેક વ્યવહારના પ્રવેશવાળા પ્રપંચને ભયંકર માર્ગ ગણી ત્યજવો યોગ્ય છે.

હે ભાઇ! હવે મને દૃઢ થયું છે કે આ દિવ્યસરખાં ભવનો જ મારા નિવાસરૂપ નથી પણ આ શરીર જ મારે રહેવાનું ગૃહ છે.

અનેક વિચારથી મને સ્પષ્ટ થયું છે કે જેમને અસહ્ય દુઃખ ભોગવવાનાં સ્થાનરૂપ ગવાયલાં નરકથી બચવાની ઇચ્છા હોય તેમણે આ અનેક દુઃખની ખાણરૂપ અનેક શરીરોને પ્રાપ્ત કરાવનાર આવરણશક્તિના કારણરૂપ તામસ અહંકારથી યત્નવડે ઉગરવું જોઈએ. આ સુવર્ણાદિ પદાર્થની પ્રાપ્તિવડે પોતાને લક્ષ્મીવાન્ સમજનારા મંદમતિ મનુષ્યો દુઃખથી મૂકાતા નથી પણ શુદ્ધસાત્ત્વિકદ્રવ્યની પ્રાપ્તિવાળા મહાત્મા પુરુષો જ ખરા શ્રીમંત હોવાથી દુઃખથી મુક્ત રહે છે. જેથી હું કે જેણે આ લક્ષ્મીના ભોક્તાપણાનું અભિમાન દુઃખદ ગણીને ત્યજવું ધાર્યું છે તેને તમે એવી અનુકૂલતા રચી આપો કે જેથી શુદ્ધસત્ત્વની પ્રાપ્તિવડે હું સાચો શ્રીમાન્ થઇને સદા દુઃખરહિત થાઉં.

હે પુત્ર! મને અનુભવ છે કે રાજ્યલક્ષ્મીને પ્રાપ્ત છતાં પણ અજિતેન્દ્રિય પુરુષો દીન હોય છે અને અન્નવસ્ત્રની પણ યથાઘટિત પ્રાપ્તિથી રહિત છતાં જિતેન્દ્રિય પુરુષો સદા દીનત્વથી રહિત રહેછે. જેથી આ જગત્માં જિતેન્દ્રિય પુરુષ જ સર્વ પ્રકારથી શ્રેષ્ઠ છે.

હું કે જેણે પ્રથમાવસ્થામાં ઇંદ્રિયોનું લાલનપાલન કર્યું છે અને મધ્યમાવસ્થામાં એ ઇંદ્રિયોના નિગ્રહનિમિત્તે યોગ્ય ઉપાયો કરયા છે તેને અનાથસરખી થયેલી એ ઇંદ્રિયો હવે આ ઉત્તરાવસ્થામાં પોતાની પ્રબલતાથી સંતાપ આપશે એવું ભય તમે રાખશો નહિ.

હે ધીરવીર! આ જગતમાં જોવાનું તથા જાણવાનું સર્વ મેં જોયું જાણ્યું છે; માત્ર અનુભવવું શેષ રહ્યું છે એમ ગણું તો તે માત્ર એક એ જ છે કે તમને દુષ્ટ દુર્જન પ્રજાપીડક રાજ્યરિપુઓને

ભયકંપ ઉપજાવી વશ વર્તાવતા જાણ્યા નથી. યદ્યપિ દીઠાસાંભળ્યા નથી તોપણ મને અંતઃકરણમાં નિશ્ચય પ્રતીત થાય છે કે તમે જે ક્ષણે ધારશો તે ક્ષણે મારા ધારવાકરતાં પણ અધિક પરાક્રમ કરશો. તેથી એ પક્ષથી પણ મને અસંતોષ રહેવા જેવું રહ્યું નથી.

હે સિદ્ધ પુરુષ ! આ આદિ અનેક પ્રકારનાં વચનો પિતાના મુખથી શ્રવણ કરીને લજ્જાયુક્ત મુખથી નીચું જોતાં મારા દોષને સમજી નિઃશ્વાસ નાંખતાં ધૈર્યવડે પિતાપ્રતિ આ પ્રકારનાં વચનો મેં કહ્યાં.

હે પિતા ! આ ક્ષણે હું મને પોતાને ધિક્કાર સમજાુંછું. કારણ કે ઉત્તમ પુત્રનો ધર્મ હું સાચવી શક્યો નથી. પિતાના અંતઃકરણમાં વૃત્તિનો ઉદય થતાં જ અનુકૂલ કાર્ય સાધી આપનાર પુત્ર ઉત્તમ કહ્યો છે. પિતાએ આજ્ઞા કરવાવડે સાવધાન થઇ ઇચ્છાનુકૂલ કાર્ય કરી આપનાર પુત્ર મધ્યમ કહ્યો છે; અને પિતાએ આજ્ઞા કર્યા છતાં પણ અનુકૂલ કાર્ય ન સાધી આપનાર પુત્ર અધમ કહ્યો છે. આ નિશ્ચયથી હું ઉત્તમ પંક્તિમાં નથી તો પણ મધ્યમ પંક્તિમાં સ્થિર થવા સત્વર આપને અનુકૂલ વર્તન થાય એમ ઇચ્છુંછું.

હે જન્મદાતા ! આ લોકમાં આ મોક્ષપ્રદ શરીરના નિમિત્ત કારણરૂપ આપ જ અમારે તો ઈશ્વરસમાન છો, જેથી આપની પ્રસન્નતા મેળવવી એ જ ઈશ્વરની પ્રસન્નતા મેળવવાતુલ્ય છે. અમારા નિમિત્ત આપે સહન કરેલાં સંકટો એટલાં છે અને કરેલા ઉપકારો પણ એટલા છે કે તેનો પ્રત્યુપકારવડે ભારમુક્ત થવાયોગ્ય કોઈ પણ માર્ગ કે ઉપાય નથી. અને જો છે એમ માનીએ તો તે એક એ જ છે કે હરેક પ્રકારથી આપને અનુકૂલ વર્તી આપની પ્રસન્નતા પ્રાપ્ત કરવી.

હે દયાલુ પિતા ! ક્ષત્રિય કુલમાં જન્મ ધરીને જેણે પોતાના પરાક્રમથી શત્રુઓનાં અંતર્ તપ્ત ન રાખ્યાં પણ શત્રુનાં પરાક્રમથી પોતાનાં અંતર્‌ને તપ્ત રાખ્યાં તેના જન્મને ધિક્કાર છે, એ મારો દૃઢ નિશ્ચય છે. છતાં હું અસાવધ રહ્યો એ મારા મનની અધમતાને સૂચવે છે. મેં જન્મ ધરીને આજપર્યંત આપને સંતોષ આપનાર કોઈ ઉત્તમ કાર્ય સાધ્યું નહિ એથી હું તિરસ્કારનું પાત્ર છું, છતાં આપ કૃપા કરી મારા એ અપરાધની ક્ષમા કરજો.

આ સંસારમાં જે પુત્ર યોગ્ય વયને પ્રાપ્ત થયા છતાં પિતાના મસ્તકથી કુટુંબરક્ષણાદિના ભારને પોતાને મસ્તકે ઉપાડી લેતો નથી તે પુત્ર પોતાના પુત્રધર્મથી ભ્રષ્ટ રહેનાર જાણવો.

આ આદિ વચનોને વદીને અપરાધની ક્ષમા માગીને પિતાની પ્રસન્નતા મેળવીને તત્કાલ મેં રાજ્યવ્યવહારપ્રતિ મનને વાળ્યું. યોગ્ય

સમયે પિતાની ઇચ્છાથી, પોતે મને રાજ્યાભિષેક વિધિવડે કરી રાજ્યાધિકાર મારે સ્વાધીન કરચો. અધિકાર પ્રાપ્ત થયા પછી મેં રાજ્યની સઘળી વ્યવસ્થા સાવધાનપણે ક્રમવડે જોઇ લીધી, અને પ્રધાનાદિને સાવધાન કસ્યા. સેનાની પણ ઘટિત વ્યવસ્થા કરી. પશ્ચાત્ સેનાસહિત દિશાદિશાપ્રતિ મર્યાદાપર્યંત પ્રજાને અભય આપવા પ્રયાણ આરંભ્યું. જે જે દિશાપ્રતિ પ્રયાણ થયું તે તે દિશામાં રહેલ શત્રુઓ પોતપોતાના હસ્ત બાંધીને સંમુખ આવી શરણ થવા લાગ્યા. ભયવડે થર થર કંપતા, પોતાના અપરાધની ક્ષમા માગતા દીનપણે ત્યાર પછી આજ્ઞા પાલન કરવાના સંકલ્પો વદવા લાગ્યા. શરણાગતને ન હણવાના નિયમથી મેં પણ તેમને ક્ષમા આપી તેમના અધિકારમાં જેમના તેમ સ્થાપ્યા.

હે મહાપુરુષ ! આ પ્રકારે દિશાઓમાં ભ્રમણ કરીને પ્રથમ સર્વ ઉન્મત્ત થયેલા ખંડીઆ રાજાઓને પુનઃ દીનત્વને પ્રાપ્ત કસ્યા. જેમ સૂર્યના ઉદયથી ઉલૂક ગુપ્ત થઈ પેસે છે તેમ મારા પરાક્રમને શ્રવણ કરીને તથા જોઇ જાણીને ચોર, ઠગ, લંપટ તથા ખલ પુરુષો સ્થલે સ્થલેથી પલાયન કરી સંતાઇ ભરાવા લાગ્યા. જેમ વર્ષાકાલમાં થતી વૃષ્ટિ ગ્રીષ્મ ઋતુની તપેલી પૃથ્વીને તથા અન્ય તપ્ત પ્રાણિ પદાર્થને શાંત કરેછે તેમ આ સમયની મારી પ્રવૃત્તિથી પણ પીડિત રંક પ્રજાનાં તથા ધર્માત્મા સજ્જન પુરુષાદિનાં અંતઃકરણમાં શાંતતા પ્રસરી રહી હતી. સ્થલે સ્થલે સ્ત્રીપુરુષોમાં મારી સ્તુતિ થતી હતી તથા ઉતરતી ભૂમિમાં જતા જલના પ્રવાહની પેઠે મારી સત્કીર્તિ જ્યાં ત્યાં પ્રસરતી હતી. જેમ સજ્જનપુરુષોને પ્રાપ્ત થયેલી સંપત્તિને જોઇને તથા તેમની સત્કીર્તિને શ્રવણ કરીને દુષ્ટ દુર્જનો અંતર્માં પ્રજળે છે તેમ એ સમયમાં મારી પ્રાપ્ત સંપત્તિ તથા કીર્તિથી અનેક દુષ્ટ મનુષ્યો અંતર્માં વિનાકારણ પોતાના પ્રાપ્ત દુષ્ટ સ્વભાવથી પ્રજલતા હતા. અને જેમ કોઈ કાક પક્ષી સુમેરુનાં અચલસરખાં શૃંગને તોડી પાડવાની ઇચ્છા કરે તેમ તે દુષ્ટ પ્રાણિઓ મારા વિજયધ્વજને તોડી પાડવાની ઇચ્છા કરતા હતા. જેમ કોઈ મંદમતિ મનુષ્ય સૂર્યમંડલપ્રતિ રજ નાંખીને પ્રકાશસ્વરૂપ સૂર્યના પ્રકાશને પ્રતિબંધ કરવાની ઇચ્છા કરે તેમ ઘણા મંદમતિ મનુષ્યો અનેક પ્રકારનાં મિથ્યા ભાષણોથી મને કલંકવાળો ઠેરવી મારા સર્વત્ર પ્રસરેલા પરાક્રમરૂપ પ્રકાશને પ્રતિબંધ કરવા ઇચ્છતા હતા. આ આદિ અનેક પ્રકારથી અનેક દુર્જનો મારાં યશોબલને હણવાના ઉદ્યોગ કરતા હતા, પણ જેમ પ્રલયકાલના વાયુના વેગને આ ક્ષુદ્ર બલવાળા જીવો રોકવાને સમર્થ થતા નથી તેમ મારા તે સમયના

અભ્યુદયને ઝાંખ લગાડવા તે દુર્જનો સમર્થ થયા નહિ. જેમ અસખ્ય પ્રાણિઓના સમુદાયમાંથી કાલ ભગવાન્ જેને જેને લેવાયોગ્ય જાણે છે તેને તેને જ લે છે તેમ મેં પણ તે મારી સમગ્ર પ્રજામાંથી જે જે દુષ્ટ મનુષ્યોને હણુવાયોગ્ય જાણ્યા તેને તેને સ્થલે સ્થલેથી પકડી પકડીને હણી નાંખ્યા, અને તેમ થવાથી દુષ્ટ જનોમાં મોટો ત્રાસ વર્ત્યો. અનેક દુષ્ટો પોતાની દુષ્ટતા ત્યજવાના સંકલ્પ કરતા શરણુ થયા. તેમને મેં પણ તે સમયે અભય આપી છોડ્યા. જેમ સમુદ્રમાંથી ઉપડતા મોજાઓ ક્રમે કરીને ગતિ કરતાં તીરમાં જઇને અથડાય છે તેમ તે મારા યશરૂપ મોજાઓ ક્રમે કરીને મારા પિતાને કાને ગયા, અને તેથી તેમને અંતરૂમાં અવર્ણનીય પ્રસન્નતા થઈ. સર્વ સ્થલે વિચરતાં શત્રુને વશ વર્તાવતાં થોડે કાલે મારૂં પુનઃ સ્વસ્થાનપ્રતિ વળવું થયું. મારા વિજય કરી આવવાના સમાચાર જાણી રાજ્યમંડલ તથા પ્રજામંડલમાં અધિક હર્ષ પ્રસર્યો હતો. તેમણે નાના પ્રકારનાં ઉત્સવનાં ચિહ્નો નગરમાં તથા નગરથી બહાર સ્થાપ્યાં હતાં. મારા પ્રવેશના માર્ગને અનુપમ શોભા આપી હતી. જ્યારે વિધિવત્ મારો પુનઃ નગરમાં પ્રવેશ થયો ત્યારે પુરવાસીજનોએ મને પુષ્પાદિવડે વધાવીને પોતાનો નિર્મલ પ્રેમ જણાવ્યો હતો. રાજ્યમંદિરમાં પ્રવેશ કરી માતાપિતાને સવિનય નમન કર્યું. તેમણે આશીર્વચન વદ્યાં. પશ્ચાત્ અંતઃપુરમાં જઇને સ્ત્રિયોને વિયોગાગ્નિના તાપથી મુક્ત કરી પ્રિય વચન વદીને કુશલ પૂછ્યું. વિયોગના દુઃખનું વિસ્મરણુ કરતાં તેમણે પોતાની પ્રસન્નતા દેખાડી.

હે યોગીશ્વર! આપ્રમાણે રાજ્યવ્યવહારમાં મારી સત્તા જામેલી જોઈને મારા પિતાને પરમસંતોષ થયો. મારા મુખથી તેમ જ અન્યના મુખથી સર્વ પ્રવાસનો વ્યતીત વૃત્તાંત તેમણે શ્રવણ કર્યો તેથી પણ તેમને ચિત્તમાં અધિક શાંતિ પ્રતીત થઈ.

થોડો કાલ વ્યતીત થયા પછી તેમણે એક દિવસ પોતાના ઉત્તર વયના શેષ કર્તવ્ય કરવાના સંબંધમાં મને તથા મારી માતાને સમીપ બેસાડીને આ પ્રકારનાં વચન કહ્યાં.

પિતા કહે છે હે પુત્ર! તમે તમારો ધર્મ સર્વ પ્રકારે સાચવ્યો છે, અને કુલની કીર્તિ અધિક ઉજ્જવલ કરી છે. એથી તમને ધન્ય છે. તમસરખા પુત્રનાં માતાપિતારૂપે મનાયલાં અમને પણ આ લોકપરલોકમાં ધન્યપણું પ્રાપ્ત થયું છે.

હવે તમે આજપર્યંત મેં ઉપાડેલા સંસારવ્યવહારના ભારને ઉપાડવાને શક્તિમાન્ થયા છો તેમ જ હું હવે એ ભાર વહન કરવાને

અસમર્થ થયો છું, માટે તમે એ ભારને ગ્રહણ કરીને મને મુકત કરો, કે જેથી હું શેષ કર્તવ્ય કરીને આ જગત્‌માં કૃતકૃત્ય થાઉં. આ તમારી માતા તથા હું કે જે સંસારનાં સુખદુઃખને ભોગવીને આ સંસારને સારરહિત જાણી ચુક્યાં છીએ તેમને હવે નિવૃત્તિના માર્ગમાં પ્રવેશ કરવાની સઘળી અનુકૂલતા તમે રચી આપો. સંસારનું સ્વરૂપ તથા શાસ્ત્રોનું તાત્પર્ય અંતમાં જીવને નિવૃત્તિમાં પ્રવેશવાને સૂચવતું હોય એવું છે. જેથી યોગ્ય વયને પ્રાપ્ત થયેલાં અમને નિવૃત્તિમાર્ગમાં પ્રવેશ કરવા વિના અન્ય કાંઈ કર્તવ્ય સૂજતું નથી. આ પ્રાણિઓનાં મસ્તકે ફરતું કાલચક્ર પણ સર્વને ભય આપતુ નિવૃત્તિના માર્ગમાં પ્રવેશવાનું જ સૂચવે છે. યોગ્ય સમયે પોતાની મેળે નિવૃત્તિમાં ન પ્રવેશનારને અંતે એ કાલચક્ર હણીને પુનઃ પુનઃ પ્રવૃત્તિના માર્ગમાં ભ્રમણ કરાવે છે, અને પુનઃ પુનઃ હણે છે. એમ હોવાથી હે સુપુત્ર ! જે સ્થિતિને પામવાથી કાલચક્ર હણી શકતું નથી તથા પુનઃ પુનઃ પ્રવૃત્તિના માર્ગમાં ભ્રમણ કરાવી શકતું નથી એવી નિવૃત્તિદ્વારા પ્રાપ્ત થતી નિત્યતૃપ્તિ તથા પરમશાંતિને અનુભવાવનાર સ્થિતિને પ્રાપ્ત કરવા તમે અમને અનુકૂલતા આપો. હે ભાઇ ! જેમ આ આમ્રાદિકનાં કાચાં ફલોમાં તુરાશ તથા ખટાશ હોય છે અને પરિપકવ ફલમાં મધુરતા હોય છે તેમ આ મનુષ્યોમાં પ્રથમ તથા મધ્યમ વયનાં મનુષ્યોને તો તુરાશ-ખટાશરૂપ કામવાસનાદ્વારા વિવિધ વિષયલાલસા હોય છે, અને ઉત્તર અવસ્થામાં તો મધુરતારૂપ વિષયપ્રતિની અસ્પૃહા હોય છે. તેથી નિવૃત્તિ-માર્ગમાં પ્રવેશવાની યોગ્યતાવાળા તો વિશેષે કરીને ઉત્તર અવસ્થાવાળા જ હોય છે એમ છતાં પણ જેમ કેટલાંક ફલો સ્વભાવથી જ ખ-ટાશવાળાં હોય છે તે પરિપકવ થાય છે તોપણ મધુરતાને ધારણ કરતાં નથી તેમ કેટલાંક મનુષ્યો સ્વભાવથી જ અર્થાત્ પૂર્વસંસ્કા-રાદિ નિમિત્તથી કામરાગની પ્રબલતાવાળાં હોય છે, તેમને ઉત્તર વયમાં પણ મધુરતારૂપ અસ્પૃહા પ્રાપ્ત થતી નથી. જેથી તેવાં મ-નુષ્યો તો ઉત્તર વયમાં પણ નિવૃત્તિમાર્ગમાં પ્રવેશવાનાં અધિકારી હોતાં નથી.

૩૫ તથા નામવડે પ્રતીત થતો તથા વ્યવહરાતો આ સંસાર વસ્તુથી ભિન્ન સ્વરૂપ થયો નથી એવો મને વિચારદ્વારા નિશ્ચય થયો છે તેથી હવે આ સંસારમા પ્રતીત થતા પ્રાણિપદાર્થપ્રતિ મને કારણવ-શાત્ પણ રાગ કે દ્વેષ થતો નથી. તોપણ અંતરૂમાં જગત્‌ના અસ્તિ-ત્વસંબંધીની પ્રતીતિ છે તથા આ વૃત્તિ ઘણા કાલના અભ્યાસથી દૃશ્યપદાર્થદ્વારા સુખદુઃખનું ભાનમાત્ર હજી કરેછે. યદ્યપિ હું એ સુખ-

દુઃખને યથાર્થ ગણી મને પોતાને સુખી કે દુઃખી સમજતો નથી તોપણ જેમ વિજળીનો ચમકારો થઇને અળપાઈ જાય છે તેમ અંતર્માં સુખના તથા દુઃખના ભાનવાળી વૃત્તિ ઉદય થઇને તત્ક્ષણ અળપાઈ જાય છે. જેથી મને સમજાય છે કે હજી વૃત્તિયોસહિત અંતઃકરણનો જય કરવાને નિવૃત્તિમાર્ગમાં પ્રવેશ કરીને થોડો કાલ અંતર્માં પ્રાપ્ત સંસ્કારોનું વિસ્મરણ થવા કાંઈક ઉદ્યોગ કરવાની આવશ્યકતા છે.

હે પુત્ર ! અનેક પ્રકારના વ્યાધિ તથા આધિવડે સદા સંતાપને પામતા શરીરીને ખરું જોતાં શરીરમાં કાંઈ પણ સાચું સુખ નથી, તોપણ કોઇ વિલક્ષણ સત્તાબલથી આ શરીરીનો એ શરીરપ્રતિનો મોહ છૂટતો નથી. વૃદ્ધાવસ્થાવડે જર્જર થયેલો, પકવ ત્વચા તથા કેશમાં વળીપળીવડે શોભાહીન થયેલો દેહ પણ અપ્રિય થતો નથી. દંતોની પંક્તિનો નાશ થવાથી મુખની શોભા તથા ખાવાના સ્વાદનો તથા પ્રિય લાગે એવા નાદનો અભાવ થાયછે તેથી અન્યની અપ્રીતિનું પાત્ર થયા છતાં પણ આ શરીરી પોતાના એ શરીરપ્રતિ અપ્રીતિ કરતો નથી એ આશ્ચર્યસરખું છે. ઘણા મનુષ્યોનાં એ અવસ્થામાં અંતઃકરણ પણ અવ્યવસ્થ થાય છે તેથી તેમ જ પુત્રપૌત્રાદિકના તથા એના વયના કાલમાં અંતર હોવાથી કાલાનુસાર ફરતા સ્વભાવથી પણ પરસ્પરને અનુકૂલ પડે એવા ભાવ સ્ફુરતા નથી, તેથી ઉત્તરોત્તર થતી પ્રજાવડે એ હાસનું પાત્ર ઠરેછે; તોપણ એ શરીરીને પોતાને પોતાના અંતઃકરણનો, શરીરનો કે આ પ્રપંચનો ભાગ્યે જ તિરસ્કાર થાયછે. ઘણા પ્રાપ્તવિવેક પુરુષો તો મધ્યમાવસ્થાથી જ પોતાના શરીરપ્રતિના મોહને ત્રોડી નાંખેછે, અને શરીરીને શરીરની આસક્તિથી રહિત કરીને સ્વસ્વરૂપાનુભવદ્વારા અંતરાત્મામાં આસક્ત કરે છે; જેથી તે શરીરી પોતે શરીરના મોહથી મુક્ત થયો વિષયવાસનાથી રહિત રહ્યો જીવન્મુક્ત થઈ વિચરે છે. આ પ્રકારે જગત્માં અસંખ્ય શરીરભેદથી પ્રતીત થતા અસંખ્ય શરીરીઓ નાના પ્રકારની સ્થિતિમાં છે, પરંતુ જેઓ ઉગ્ર પુણ્યવાન્ છે, સાવધાન હોવાથી પૂર્વાપર વિચાર કરનારા છે, અધિક સત્ત્વબલથી તત્ત્વવિચારદ્વારા વસ્તુનિર્ણય કરવામાં સમર્થ છે, ગુણદોષનાં સ્વરૂપને જાણનાર હોવાથી દોષથી નિવૃત્ત થવા તથા ગુણથી યુક્ત થવામાં યત્નવાળા છે તેઓ તો ઉત્તરોત્તર ઉત્તમ સ્થિતિમાં જ પ્રવેશ કરતા કૃતકૃત્ય થાય છે.

હે ભાઈ! જે પુરુષો આ વિષયભોગોને ભોગવવા કાલે પણ એ વિષયોના દોષોનું અત્યંત વિસ્મરણ કરતા નથી, તથા તે વિષયોમાં

સુખબુદ્ધિના સમયે પણ જેમની મતિ તેમને કેવલ દુ:ખરૂપતાના અભાવવાળા નિશ્ચય કરતી નથી તે પુરુષો વિષયસંસર્ગવાળા છતાં પણ વિષયાસક્તિદ્વારા પ્રાપ્ત થતા દોષોથી નિર્લેપ જ રહેછે. એવા પુરુષો પ્રથમ આ વિષયોને ભોગવીને અનુભવથી સારરહિત જાણી લે છે અને પછી ક્રમે કરીને તેમાંથી પ્રીતિને ઘટાડેછે જેથી તેમને પશ્ચાત્ પ્રાપ્ત થતો અખંડ સુખના કારણરૂપ વિરાગ કદાચિત્ પણ દુર્બલ થતો નથી, તેમ જ વિષયોની સમીપતા સેવવા છતાં પણ તે વિરાગ નષ્ટ થતો નથી. વિષયમાં દૃઢ વિરાગની પ્રાપ્તિવિનાના ઘણા મનુષ્યો માત્ર વિરાગના વેષવાળા થઈ રાગથી હણાયલા હોય છે; તેવા મનુષ્યો આ લોકમાં બુદ્ધિમાનોવડે તિરસ્કારને પાત્ર ગણાય છે; અને અધોગતિના અધિકારી થાય છે, જેથી કોઈ પણ વિવેકીએ વિરાગની યથાર્થ પ્રાપ્તિ વિના વેષમાત્રને ધારણ કરીને પાપાત્મા થવું નહિ. આ આદિ અનેક પ્રકારના વિવેકવિચારને પ્રાપ્ત હું પ્રથમાવસ્થાથી જ સાવધાનપણે મારા અંતઃકરણને જોતો રહ્યો છું, અને કદાચિત્ પણ મનથી છળાયો નથી. અને આશા છે કે હવે પછી પણ હું આ મનથી છળાઈશ નહિ જ. આટલું કહીને મારે તમને એ જણાવવાનું છે કે તમે અમારા નિવૃત્તિમાર્ગમાં પ્રવેશના વિચારને દુર્બલ જાણશો નહિ, તેમ જ અપકવ વિચારથી એ ઇચ્છાનો ઉદય હશે એમ ધારશો નહિ.

હે પુત્ર ! બુદ્ધિમંત પુરુષોનો એ નિયમ જ છે કે યોગ્ય વિચાર વિના કોઇ પણ નિશ્ચય કરવો નહિ. અને નિશ્ચય કર્યા પછી કંઠગત પ્રાણપર્યંત પણ તે નિશ્ચયપ્રમાણે વર્તવા આગ્રહ રાખવો. જ્યાં સુધી શરીરમાથી હુંભાવનો તથા સંબંધીમાંથી મમભાવનો ઉચ્છેદ થયો નથી. વ્યવહારનિમિત્ત વિવિધ ક્રિયાઓ કરવાની આવશ્યકતા છે એમ અંતર્માં સમજાય છે તથા તે તે ક્રિયાઓ વિવેકથી કરાય છે, પદાર્થમાં સુખબુદ્ધિનો લેશ પણ પ્રતીત થાય છે, અને જ્યાં લગી આશ્રમને સેવે છે ત્યાં લગી પુરુષે અંતર્માં શુદ્ધ આગ્રહને અવશ્ય રાખવો જોઇએ. જો એ અવસ્થામા આગ્રહ ન રાખવા જાય તો પ્રત્યેક ધર્મથી ભ્રષ્ટ થવના સમય પ્રાપ્ત થાય છે. જ્યારે આ અંતઃકરણનો લય થવાનો સમય સમીપ આવે ત્યારે અંતર્માંથી સ્ફુરતી વૃત્તિયો પોતાના કારણરૂપ મનાદિસહિત શિથિલ થઈ જાયછે. તે સમય આ આગ્રહ પોતાની મેળે જ છૂટી જાય છે. આમ છે માટે મેં જે નિશ્ચય તમારા આગળ પ્રકટ કર્યો છે તેને હવે સત્વર સાધવા યત્ન કરો. આ તમારી માતાનું રુડે પ્રકારે રક્ષણ કરવાનો તમારો ધર્મ છે તે પ્રમાણે તમે અવશ્ય કરો એમ છે, તોપણ એની ઇચ્છા એકાંત-

સેવનમાં વિશેષ આગ્રહવાળી છે. સંગબલથી એના અંતઃકરણમાં આસક્તિનો અભાવ થયો પ્રતીત થતો નથી, તેથી સંગરહિત રહેવાની એની પ્રબલ ઇચ્છા છે. માટે થોડો કાલ એણે પણ એના આંતર સામર્થ્યને અનુભવવા એકાંત દેશ સેવવા મારી આજ્ઞા મેળવી છે, તો એને પણ વનીના ધર્મનું પાલન કરતો હું મારા સમીપ રાખીશ. આ આદિ અનેક પ્રકારનાં યોગ્ય વચનોને વદીને મૌન રહ્યા પછી મેં તે પિતાપ્રતિ આ પ્રકારનાં વિનયવચન કહ્યાં.

હે પિતા ! આપ સ્વતંત્ર છો, તેથી અમુક કરવું, અને અમુક ન કરવું એમ કહેવાનો મારો ધર્મ નથી. વળી આપની ઇચ્છા કે આજ્ઞાનુસાર વર્તવું એ મારો ધર્મ છે તેથી આપની ઇચ્છા કે વિરુદ્ધ મારે કાંઈ બોલવું એ ઉચિત ગણાય એમ નથી; તો પણ મારા અંતરમાં પ્રાપ્ત થયેલ વિચાર આપને નિવેદન કરવાનો મારો ધર્મ છે તેથી સ્વલ્પમાં નિવેદન કરૂં છું તેપ્રતિ લક્ષ કરી આપ જેમ આજ્ઞા કરશો તેમ કરવા આદર કરીશ.

૧ પુત્રનો એ ધર્મ છે કે વૃદ્ધાવસ્થામાં માતાપિતાની ઉત્તમ પ્રકારની સેવા કરવી. તો આપનું અત્રથી અન્ય સ્થલે પધારવું થાય તો એ મારો ધર્મ સંભાળવાનો મને સમય મળે નહિ એ કષ્ટ છે.

૨ આ સંસારમાં રાજ્યવ્યવહારાદિ અનેક ગૃહસંબંધી વ્યવહારોમાં પુનઃપુનઃ વૃદ્ધની મતિની અપેક્ષા રહે છે, તેમ જ તેમનો ઘણા વર્ષનો અનુભવ વારંવાર ઉપયોગમાં આવે છે. જેથી આપ માતાપિતાનું અત્રથી એકાંતસેવનમાં પ્રવેશવું મને કષ્ટપ્રદ થશે એમાં સંદેહ નથી.

૩ આપે કરવાયોગ્ય વિચારને કર્યા છે, તથા જાણવાયોગ્ય વસ્તુને જાણી છે તો પછી એકાંતસેવનથી આપને શું અધિક છે ?

૪ આપણા નગરમાં આપની ઇચ્છામાં આવે તે સમયે આપે વ્યવહારના ભારને ત્યજીને ઇષ્ટાનુસંધાન કરતા વસવું એ પણ એકાંતવાસ જ છે તો પછી તેમ કરવામાં શી હાનિ છે ?

૫ સ્વધર્માચરણરૂપ તપવડે આપને અંતઃકરણની શુદ્ધિ તો પ્રાપ્ત છે, સત્શાસ્ત્રના શ્રવણથી તથા સાધકબાધક યુક્તિવડે શ્રવણ કરેલા સિદ્ધાન્તનું મનન કરવાવડે અન્ય દોષોનું પણ અતિક્રમણ કરેલું છે, અધિક કાલની ઉપાસનાવડે વિક્ષેપદોષથી રહિત થયેલું ચિત્ત ચંચલતાને ત્યજી દૃઢપણે બ્રહ્મનિષ્ઠામાં સ્થપાયું છે, અનેક પ્રકારનાં સુખદુઃખના અનુભવથી તથા અધિક કાલ વ્યવહારના સેવનથી વિષયપદાર્થમાત્રમાં અસારપણું નિશ્ચય કરાયું છે અને તેથી આ દૃશ્ય પદાર્થમાં સુખબુદ્ધિના અભાવની પ્રતીતિવડે અસ્પૃહારૂપ વિરાગ પણ

આપને પ્રાપ્ત જ છે, નિત્યનૈમિત્તિકાદિ કર્મોના અનુષ્ઠાનવડે તથા વસ્તુવિચારથી દૃશ્ય પ્રપંચનો નિરાસ કરી જોવાથી દૃઢ પરોક્ષ જ્ઞાન તો આપને પ્રાપ્ત હતું જ અને પશ્ચાત્ ઉપાસનાવડે પ્રાપ્ત યોગબલવડે કરેલા ઉપાસ્યના તથા તત્ત્વના સાક્ષાત્કારથી તેમ જ તત્ત્વાભ્યાસવડે પ્રાપ્ત વિવેકસિદ્ધિબલથી સ્વસ્વરૂપાનુભવના યોગે આપને દૃઢ અપરોક્ષ જ્ઞાન જેને વિજ્ઞાન કહ્યું છે તે પણ પ્રાપ્ત છે. તો પછી આપે કયા અપ્રાપ્ત પદાર્થની પ્રાપ્તિનિમિત્તે એકાંતસેવનનો નિશ્ચય કરચો છે એ હું અલ્પમતિને યથાવત્ સમજાતું નથી. માટે કૃપા કરીને કૃતકૃત્ય એવા આપે સર્વત્ર પરમતત્ત્વની ભાવનાવડે દેહપ્રારબ્ધવશાત્ જ્યાં ત્યાં શેષ આયુષ્યને ઉદાસીનવત્ રહીને વ્યતીત કરવા વિચારી અત્ર જ નિવાસ કરવો ઉચિત છે. પછી જેમ આપ સમર્થની ઇચ્છા પ્રવર્તે તેમ કરવા હું તો સાવધાન છું.

આ આદિ વચનો શ્રવણ કરીને મારા કૃપાલુ પિતા પ્રસન્ન થઇને મંદમંદ હસતાં આ પ્રકારનાં વચનો બોલ્યા, હે સુપુત્ર! તમે જે કહ્યું તે યથાર્થ છે. હું પણ વિચારદ્વારા પ્રથમથી જ જાણું છું કે કોઈ સ્થલ જ માત્ર મોક્ષનું સાધક કે બાધક નથી, પણ સ્થાન, સંગતિ આહાર, વિહાર આદિ અનેક કારણો જીવત્વના ઉચ્છેદમાં પ્રતિબંધક છે.

તમે પ્રથમ તમારા સેવા કરવારૂપ ધર્મની સિદ્ધિઅર્થ અમને અત્રનિવાસ કરાવવા ઇચ્છા જણાવી તે એક પક્ષથી યોગ્ય છે, પરંતુ સંસારની વિચિત્રતાનો વિચાર કરતાં એ ઇચ્છા અધિક આદર કરવા યોગ્ય નથી. કારણ કે શરીર અને સંબંધ સદા ટકે એવા પદાર્થ નથી. કાલની અકલ ગતિ હોવાથી કોનાં શરીર પ્રથમ છૂટશે અને કોનાં પછી છૂટશે એનો નિયમ નથી; અને તેથી ક્લેશના કારણરૂપ પ્રિય પુત્રાદિનાં શરીરોને વિદ્યમાન જોઇને વૃદ્ધોએ વેગળા થવું, અને ઘણા કાલથી સેવેલા મમત્વના પદાર્થોપ્રતિ બંધાયલા મમત્વાધ્યાસથી ક્રમે કરીને નિવૃત્ત થવું એ ઉત્તમ વાર્તા છે. અને અમારી ઇચ્છાનુકૂલ કરવાથી તથા અમારી આજ્ઞાનું પાલન કરવાથી તમારો અમારી સેવા કરવાનો ધર્મ પૂર્ણાંશે સધાય છે, જેથી એ નિમિત અમારા અત્ર નિવાસમાં બલવાન્ નથી.

બીજું તમે વ્યવહારમાં ઉપયોગી વિચારોને જણાવવા અર્થે તથા અધિક અનુભવથી પોતાના પુત્રપૌત્રાદિકને વ્યવહારકાર્યમાં સાહાય્ય આપવાને અર્થે અમારો વૃદ્ધોનો અત્ર નિવાસ ઇચ્છયો છે, એ પણ સ્વીકારવા યોગ્ય નથી. કારણ કે જેમ વૃદ્ધોની મતિનો કોઈ પ્રસંગે આદર

કરવો પડે છે તેમ કાલાનુસાર પ્રસંગે વૃદ્ધોની મતિનો અનાદર પણ કરવો પડે છે. આમ છતાં પણ કદાચિત્ ઉપયોગ ગણીએ તોપણ વૃદ્ધોને મૃત્યુ પોતાને અધીન વર્તાવે છે તેથી તે પુત્રપૌત્રાદિકની ઇચ્છાપર્યંત વૃદ્ધોથી જીવી શકાતું નથી, જેથી વૃદ્ધોનો ખપ છતાં પણ તેમનો વિનાશ થાય છે, અને પુત્રાદિકની ભીડ ભાગવાનીલાલસાવાળા વૃદ્ધો તેમનું સર્વ પ્રકારે અનુકૂલ કરી શકતા નથી, અને પોતે વાસનામાં બંધાયલા જ મરણને પામે છે અને પોતાનું અહિત કરી લે છે. માટે અધિક યોગ્ય તો એ જ છે કે વૃદ્ધોએ પ્રજાનું યોગ્ય વય થતા પર્યંતમાં જો પોતાનું આયુષ્ ટકે તો પ્રજાને ઉત્તમ પ્રકારે વ્યવહારસંબંધી તથા સમગ્ર ધર્મસંબંધી જ્ઞાન આપવું, અને પછી તે પ્રજાને તેની સ્વતંત્ર મતિને અધીન છોડીને તેને અભ્યાસદ્વારા કેળવવી, અને પછી તેની ચિંતાથી મુક્ત થઇ સ્વતંત્ર વિચરવું. આ જગત્માં સાવધાન મનુષ્યોએ કેવલ અન્યના આશ્રયની અપેક્ષા રાખવી એ દોષરૂપ ગણ્યું છે કારણ કે આવી પડતા પ્રત્યેક પ્રસંગમાં સાહાય્ય આપનારવડે જ કાર્ય સાધવું કઠિન થઇ પડે છે. આપણને એકાકી અવસ્થામાં આવી પડેલી આપત્તિયોથી મુક્ત કરવા અન્યની મતિ સમર્થ થતી નથી, માટે આપણો અનુભવ તથા આપણી મતિ જ આપણી સાથે નિરંતર હોવાથી ઉપયોગી છે. તેથી યોગ્ય વય થતા સુધીમાં પુત્રોએ પોતે વૃદ્ધોના વ્યવહારઆદિના જ્ઞાનને જાણી લેવું ઘટે છે, તેમ જ વૃદ્ધોએ તેમને જણાવવું ઘટે છે.

વળી આ સંસારમાં કાર્યમાત્ર થવામાં કારણ કોણ કોણ છે અને તે કયા અને કેવા કેવા પ્રકારના નિયમથી પ્રવર્તે છે એનો યોગ્ય વિચાર ન કરનાર તથા તેને યથાવત્ ન જાણનાર પુરુષ જ આશાના પાશમાં બંધાઇને અન્યના સમીપ દીનત્વને દેખાડે છે. જે જે લાભહાનિઆદિની પ્રતીતિ કરાવનાર વ્યવહારકાર્ય થાય છે તે તે સર્વ પોતપોતાનાં નિયત કારણોને અધીન થાય છે, અને જે જે કારણો હોય છે તે તે કાર્યની સિદ્ધિના સમયમાં ત્યાં પોતાની મેળે જ વિશ્વચક્રના નિયમથી બંધાયલાં વિદ્યમાન હોય છે. જેથી બુદ્ધિમંત પુરુષો કોઈ પણ વ્યવહારમાં કોઇના હોવાથી અને કોઇના ન હોવાથી હર્ષને કે શોકને વશ થતા નથી. આમ છે માટે એ બીજા કારણથી અમારો નિવૃત્તિમાર્ગમાં થતો પ્રવેશ અટકાવી શકાતો નથી. અને અમારૂં અત્રથી થતું ગમન વસ્તુતઃ તમારા અહિતનું સાધક નથી.

વળી ત્રીજું તમે કહ્યું કે કરવા યોગ્ય કર્યું છે અને જાણવા યોગ્ય જાણ્યું છે તો પછી જવાથી અધિક શું? તો તેનું ઉત્તર તો

એ જ છે કે સર્વ કસ્યાજાણ્યા છતાં અનુભવવા યોગ્ય છે તે અનુભવ્યું નથી. માટે તે અનુભવવાનિમિત્ત એકાંતસેવન ઇચ્છાનો વિષય હોઈ શકે છે. જેથી એમાં અંતરાય નાંખવાનું કોઈ પ્રયોજન નથી.

વળી ચોથું તમે કહ્યું કે આપણા નગરમાં જ કોઈ સ્થલે ઇષ્ટાનુસંધાન કરતા રહેવાથી પણ એકાંતવાસ ગણાય એમ છે તો એ વાર્તા સાચી છે. મારા સમજવામાં પણ એ છે. અને નગરમાં તો શું પણ આપણા રાજ્યભવનમાં પણ અન્ય ચિંતનથી રહિત રહીને ઇષ્ટાનુસંધાન કરતા રહેવાય તો તે પણ એકાંતવાસ ગણાય એમ છે, તથાપિ મુખ્ય પક્ષથી જોતાં એ અનુકુલ ગણાય એમ નથી. જે પુરુષોને પોતાના દેહમાં અહંભાવ સ્ફુરતો નથી, સંબંધીમાત્રમાંથી મમત્વનો અભાવ થયો છે, વિષયપદાર્થમાત્રમાં જેમને સુખબુદ્ધિ કે દુ:ખબુદ્ધિ થતી નથી, સર્વત્ર એકરસ પરમાત્મતત્ત્વનો જ જેમને સદા અનુભવ છે, અને જેમને શરીરનું પણ યથાવત્ ભાન નથી એવા તત્ત્વાકારપરિણામવૃત્તિવાળા પુરુષોને કોઈ વિધિનિષેધ હોતો નથી, કારણ કે તેમની વૃત્તિ અન્ય કોઇ પણ વ્યાપારવાળી હોતી નથી. ઉપરનાં લક્ષણથી રહિત પુરુષને વિધિનિષેધ હોય છે; તો આ મારા સરખાએ કે જેને હજી દૃશ્ય પદાર્થ જેમના તેમ પ્રતીત થાય છે, દેહમાં અહંભાવના અણછતી પણ સ્ફુરે છે, તમારામાં પુત્રબુદ્ધિ અને આ ઇતર પ્રાણિઓમાં અન્ય બુદ્ધિ છે, આ મારૂં રાજ્ય, આ મારૂં ગૃહ અને આ સ્ત્રી ઇત્યાદિ ભાવના વિદ્યમાન છે, તેણે લોભ, મોહ તથા વાસનાને વશ થઇને અત્ર જ એકાંતવાસ માની પડી રહેવું ઉચિત નથી. હે ભાઈ! આ વિલક્ષણ સ્વભાવવાળી પ્રકૃતિના નિયમને હજી તમે જેમ છે તેમ જાણ્યા નથી. આ મન જે નિરંતર અંતર્માં રહ્યું છે તે છતાં આપણને ઠગે છે તેના છલને તમે હજી યથાવત્ જાણ્યું નથી. એ મન ક્ષણમાં સાધુપણાના અને ક્ષણમાં અસાધુપણાના વેષને લાવે છે. ક્ષણમાં અધીન દીન દાસની પેઠે કે પ્રિય મિત્રની પેઠે હિતના સાધકનો અને ક્ષણમાં ઉન્મત્ત શત્રુની પેઠે હિતના બાધકનો ભાવ ભજવે છે. એ મન ક્ષણમાં સર્વાતીત થઈ બેસે છે અને ક્ષણમાં સર્વ વિષયની આશાના પાશમાં બંધાઇને પડેલું હોય છે. કોઇ ક્ષણે તો એ મન આપણા વડે જિતાયલું હોય એવી શિથિલતા જણાવે છે અને કોઇ ક્ષણે એ મન પોતાનું અજિતપણું જણાવતું સંમુખ થાય છે. આ આદિ અનેક પ્રકારની વિચિત્રતામાં વર્તતા આ મનનો મેં આટલા દિવસ અનુભવ કર્યો છે, તેથી હે ભાઇ! હું એનો ભરોંસો કરૂં એવો ભોળો નથી. જેમ શૂરાની રણમાં, મિત્રની તથા સ્ત્રીની આપત્તિમાં, વિદ્વાનની

અધિક વિદ્વાનની સભામાં, વૈદ્યની રોગીના સમુદાયમાં, ઇંદ્રિયજિત પુરુષની સ્ત્રિયાદિ વિષયના સંસર્ગમાં, અને વિરાગવાનની નિર્વિષય સ્થાનમાં પરીક્ષા થાય છે, તથા એવા જ અનેકની તેનાં તેનાં યોગ્ય સ્થલમાં પરીક્ષા થાય છે, તેમ આ મનની પણ યોગ્ય પ્રકારનાં સાધનોની સિદ્ધિ કરવામાં કસોટી કરવાથી જ પરીક્ષા થાય છે. એમ ગમે તેમ મનવાળી બેસવાથી એની પરીક્ષા થતી નથી, માટે મારા સરખી અંતઃકરણની સ્થિતિવાળાએ તો એ અંતઃકરણના યથાર્થ જયનિમિત્ત યોગ્ય પ્રકારે જ સાધનસંપત્તિને સેવીને અનુભવ કરવો જોઇએ; જેથી તમારી એ માગણી પણ હાલ સ્વીકારાય એમ નથી.

વળી પાંચમું તમે એ કહ્યું કે આપે તપાદિ વિવિધ સાધનો-વડે વિષયમાત્રમાં અસ્પૃહારૂપ વિરાગ તથા દૃઢ પરોક્ષ અપરોક્ષ જ્ઞાનાદિ પ્રાપ્ત કરવાયોગ્ય પ્રાપ્ત કર્યું છે તો શા નિમિત્તે એકાંતસેવનમાં અભિરુચિ છે એ સમજાતુ નથી, ઇત્યાદિ. આ તમારૂં કહેવું પણ યોગ્ય વિચારથી દુર્બલ છે. કારણ કે મેં જે વિરાગ તથા જ્ઞાનાદિ પ્રાપ્ત કર્યું છે તે માત્ર વિચારથી તથા શાસ્ત્રસંમતિથી નિશ્ચયરૂપ પ્રાપ્ત કર્યું છે. એનું ફલ તો એ જ છે કે એ નિશ્ચયમાં હવે સંશય સ્ફુરવાનો નથી, અર્થાત્ આ દૃશ્ય પ્રપંચમાત્ર સુખરૂપ કે સુખના સાધનરૂપ નથી અને તે પ્રીતિ કે આગ્રહવડે સેવ્ય નથી એવો જે નિશ્ચય કર્યો છે તેમાં હવે સંદેહ થાય એમ નથી. તેમ જ વિશ્વવ્યવસ્થાપક ઈશ્વર છે, તે પ્રકૃતિને તેમાં રહેલ નિયત સ્વભાવપ્રમાણે વ્યવસ્થામાં મૂકી કાર્યાકાર તથા કારણાકારપરિણામને નિયમિત સમયે પમાડ્યા કરવામાં નિમિત્તરૂપે વર્તતા સ્થિત છે; તેમ જ તે ઈશ્વરનું તથા મારૂં સ્વરૂપ વસ્તુતઃ ભિન્ન નથી, ઉપાધિથી ભેદવાળું પ્રતીતિમાત્ર છે, અને ઉભયના ઉપાધિના અભાવે સ્વરૂપની સદા એકતા છે, એ નિશ્ચયમાં પણ સંશય સ્ફુરવાનો સંભવ નથી.

આમ છતાં પણ હું મને કૃતકૃત્યતા પ્રાપ્ત થઈ સ્વીકારતો નથી, કારણ કે એ પ્રકારનો નિશ્ચય મેં વ્યવહારદૃષ્ટિથી ગણાતી અનુકૂલ સ્થિતિમાં રહીને કર્યો છે. મારો નિશ્ચય છે કે સ્ત્રી, પુત્ર, ગૃહ, રાજ્યાદિ સર્વ મિથ્યા અને દુઃખરૂપ છે, તથાપિ એના ત્યાગના કે ત્યાગ પછીના સમયે નિર્વિષયસ્થાનમાં ચિત્તની કેવી અવસ્થા થાય છે એનો મેં અનુભવ કર્યો નથી. પોતાના ગૃહમાં, કુટુંબીજનોમાં, અને ધનાદિ પદાર્થની સમીપમાં રહીને જે જે નિશ્ચયો કરીએ તે તે નિશ્ચયો સદા ટકનાર છે એવો ભરોંસો પડતો નથી. પણ સર્વ સંગ પરિત્યાગ કરીને સર્વની આશા ત્યજીને નિર્વિષયી સ્થાનમાં બેસીને પછી આ મનની

ચેષ્ટાને જોતાં કેટલોક કાલ વ્યતી કર્યા પછી નિશ્ચય થાય છે કે કયો નિશ્ચય બલવાન્ છે અને કયો દુર્બલ છે.

હે ભાઇ! આપ્રમાણે હોવાથી મારો દૃઢ સંકલ્પ છે કે એક વાર યોગ્ય વય થયું છે તો સર્વારંભ પરિત્યાગ કરીને એકાંત દેશમાં રહીને આશાના ઉચ્છેદના સમયમાં આ મનની ચેષ્ટા જોવી તથા એના અમનભાવને અનુભવવો. તમારા કહેવાપ્રમાણેનું સર્વ મેં કર્યું છે પણ આ જે મેં કહ્યું એ મેં કર્યું નથી માટે યોગ્ય માર્ગે સર્વ ઉપાધિના બાધપૂર્વક આ વૃત્તિનો તથા મનનો તત્ત્વાકારપરિણામ અનુભવવાઅર્થે મને ઇચ્છાનુકૂલ નિવૃત્તિમાર્ગમાં પ્રવેશ કરવાની આજ્ઞા પ્રસન્ન ચિત્તથી આપો. હું જાણું છું કે આ તમારી માતા પણ મારા નિશ્ચયપ્રમાણેના અનુભવ કરવામાં જો સમીપ રહેશે તો પ્રતિબંધક હેતુરૂપ છે, તથાપિ એની દૃઢ ઇચ્છા હોવાથી અને આશ્રમીના ધર્મમાં વિધાન હોવાથી હાલ તત્કાલ એની ઇચ્છાનો ઉચ્છેદ કરવો હું ઉચિત ગણતો નથી.

હે મહાત્મન્! આ પ્રકારનાં પિતાનાં વચન શ્રવણ કરીને મેં પ્રસન્નતા પ્રતીત કરાવતાં કહ્યું કે આપની ઇચ્છાને અનુકૂલ વર્તવામાં હવે હું વિરોધ ગ્રહણ કરીશ નહિ. પણ એક મારી યાચના છે તે જો આપને અનુકૂલ ભાસે તો સ્વીકારીને કૃતાર્થ કરો. મારા સાંભળવા પ્રમાણે વનિના ધર્મ ઘણા કઠિન છે. વાનપ્રસ્થ પુરુષે વનમાં થયેલાં પવિત્ર કંદમૂલફલપત્રપુષ્પાદિનો જ આહાર કરવો પડે છે. ઘાસનાં કે પર્ણનાં વસ્ત્ર કરીને કે વલ્કલ વા મૃગચર્મના ધારણથી અંગને ઢાંકવાનું છે. પંચ કેશ રાખવા, દન્તધાવન કરવું નહિ, ભૂમિતલપર શયન કરવું, ઉષ્ણકાલમાં પંચાગ્નિસેવન કરવું, વર્ષાકાલમાં વૃષ્ટિને અંગઉપર સહન કરવી અને શીતકાલમાં ઉદકવાસ અર્થાત્ કંઠપર્યન્ત જલમાં જઇને બેસવું, નિર્વાહનાં આવશ્યક સાધનો પોતાના પ્રયત્નથી મેળવવાં, તથા ગૃહસ્થની પેઠે અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ, ચાતુર્માસ્ય આદિ યજ્ઞો કરવા ઇત્યાદિ અનેક પ્રકારના આગ્રહ રાખવાની આવશ્યકતા ગણી છે; તો આપ કે જેમને એ પ્રકારે વસવાનો અભ્યાસ નથી તેમ જ આપની અવસ્થા પણ અધિક છે તે એ પ્રકારનાં સાક્ષાત્ કષ્ટોને ભોગવી વનિના ધર્મનું સેવન કરવા ઇચ્છો એ મને અતિ દુ:ખદ ભાસે છે. માટે મારી એ પ્રાર્થના છે કે આપે થોડો ઘણો કાલ પણ ઇચ્છાનુકૂલ કોઈ પવિત્ર ક્ષેત્રમાં નિવાસ રાખવા નિશ્ચય કરવો અને ત્યાં નિવાસસ્થાનની તથા આપને યથાઘટિત ભિક્ષા તથા વસ્ત્ર યોગ્ય સમયે મળ્યા કરે એવી વ્યવસ્થા કરૂં તે સ્વીકારવા કૃપા

કરશો. પછી આપને ક્રમે કરીને સમય જતાં જેમ અનુકૂલ ભાસે તેમ વિચરવું. આ મારી પ્રાર્થના સ્વીકારવામાં વિરોધ જણાય તો મને આપની સેવામાં રહેવાની આજ્ઞા આપો.

આ પ્રકારના મારાં વચન સાંભળીને મારા પિતા ક્ષણવાર પોતાના મનમાં સ્વસ્થપણે વિચાર કરીને બોલ્યા, હે પુત્ર ! આ તમારી બંને માગણી અત્યન્ત અનુકૂલ ભાસતી નથી, તોપણ કેટલાંક કારણોનો વિચાર કરતાં હું તમારી પ્રથમ માગણી સ્વીકારૂં છું, અને તે પ્રમાણે ભલે તમે ઉગ્ર ક્ષેત્રમાં વ્યવસ્થા કરો. તીર્થના જલનો પ્રવાહ જ્યાંથી સમીપ હોય અને સદા દૃષ્ટિએ પડે એવા સ્થાનમાં આશ્રમની વ્યવસ્થા કરજો. હે ભાઇ ! તમે વનિના ધર્મ કઠિન કહ્યા છે એ વાર્તા સત્ય છે પરંતુ જે ઇચ્છાથી સેવે છે તેને કાંઈ કઠિન નથી. મારૂં વય તો સંન્યાસના અધિકારસમીપ છે. પરંતુ આ તમારી માતાના દૃઢ સંકલ્પથી શેષ કાલ આ આશ્રમના ધર્મને યથાશક્તિ પાલન કરતાં વ્યતીત કરીને પછી યથાપ્રારબ્ધ વર્તવા નિશ્ચય છે. માટે હવે સત્વર કરવાયોગ્ય વ્યવસ્થા યથારુચિ કરો.

હે મહાપુરુષ ! આ મારી યાચનાને સ્વીકારવામાં મારા પિતાએ આ પ્રકારનો વિચાર કર્યો હતો, એ પાછળથી મારા સમજવામાં આવ્યું હતું. “શાસ્ત્રમાં એવા પણ નિયમ છે કે કેવલ વિરાગવાન્ પુરુષે વિરાગના વેગસમયે ત્યાગની ઇચ્છા થયાથી સ્ત્રીપુત્રાદિનાં રુદનપ્રતિ પણ અલક્ષ કરીને નિર્મોહપણે સર્વસંગ પરિત્યાગ કરી ચાલી નીકળવું અને યોગ્ય વય થયેથી મંદ વિરાગવાળાએ પણ મોહવશ કરનાર સ્ત્રિયાદિના રુદનથી ન મુઝાતાં ત્યાગ કરવો. પણ આમાંનો એકે પ્રસંગ મને પ્રાપ્ત નથી. તેમ જ મારે જે કર્તવ્ય છે તે કર્તવ્યપ્રતિ લક્ષ કરતાં આ પુત્રની આ માગણી સ્વીકારવાથી આ ક્ષણે કાંઈ હાનિનો સંભવ પ્રતીત થતો નથી. વસ્તુતઃ આ આશ્રમક્રમ વાસનાની નિવૃત્તિઅર્થે બાંધ્યો છે. તેમાં સ્થૂલ વાસનાની નિવૃત્તિ પ્રથમના બે આશ્રમથી કરવાની છે, અને સૂક્ષ્મ શેષ રહેલી વાસનાને અન્ય બે આશ્રમ સેવી નિવૃત્ત કરવાની છે. ત્યાં જે પુરુષની વાસના બલવતી નથી અને ગૃહસ્થાશ્રમમાં જ શિથિલ થઈ ગઈ હોય તે પુરુષોને તો અન્ય આશ્રમનું ગ્રહણ અધિક આવશ્યક નથી. તોપણ જેટલો ઉપાધિ એટલું દુઃખ હોય છે; જેથી ‘સંગત્યાગી સુખી થાય છે’ એ નિયમાનુસાર શિથિલ વાસનાવાળાએ પણ યોગ્ય સમયે એકાંત સેવનમાં જવું ઘટે છે. અને બલવતી વાસનાવાળાએ તો અવશ્ય કષ્ટવડે **आश्रमादाश्रमं गच्छेत्** એ નિયમાનુસાર ક્રમવડે જ આશ્રમોનું અતિક્રમણ કરતાં

વાસનારહિત થવું ઘટિત છે.” આ આદિ વિચાર કરી મને પ્રિય ઉત્તર આપનાર તે મારા પિતાની અભિરુચિપ્રમાણે ક્ષેત્રમાં મેં સઘળી યોજના સત્વર કરાવી અને પિતાને સમાચાર કહ્યા. પ્રસન્ન થઇને પિતાએ પ્રયાણુને દિવસ તથા સમય નક્કી કર્યો. તે સમયપૂર્વે મને પિતાએ અંતનાં બોધવચને આ પ્રકારે કહ્યાં હતા.

હે સુપુત્ર ! આ જગતરૂપે પ્રતીત થતા વિષયોનો સમૂહ એ પ્રાણિઓના પ્રાણનો ઘાતકયંત્ર છે માટે એના સમીપ સાવધાનપણે વાસ કરી રહેજો. પોતામાં મોહ પમાડીને વ્યર્થ આયુષ્યને હરી લેનાર આ સ્ત્રીપુત્રધનાદિને સામાન્ય સાત્વિક મોહવડે સેવજો. પોતાની પ્રાપ્તિ અપ્રાપ્તિ અને વિનાશથી હર્ષશોકાદિ વિકારોને ઉપજાવનાર આ સઘળા વિષયપદાર્થોના ગમનાગમનથી હર્ષશોકાદિ વિકારોને વશ વર્તશો નહિ, કારણ કે તે સ્થૈર્યની અભિવ્યક્તિ કરનાર હૃદયબલને હણુનાર છે. અનુકૂલ પ્રાણિપદાર્થપ્રતિ અમર્યાદ રાગ તથા પ્રતિકૂલપણે પ્રતીત થતા પ્રાણિપદાર્થપ્રતિ અમર્યાદ દ્વેષ કદાચિત્ ઉપજી આવે તો તેને શમાવવા નિરંતર યત્ન રાખજો. કારણ કે સર્વોત્તમ પદને પામવાની ઇચ્છાવાનને એ રાગદ્વેષ મહાવિઘ્નરૂપ છે. પ્રિયપણું કે અપ્રિયપણું માત્ર પ્રાણિપદાર્થમાં જ રહેલું છે, એમ નથી પણ સુખબુદ્ધિ કે દુઃખબુદ્ધિમાં જ રહેલું છે. જે જે પ્રાણીએ જેમાં સુખરૂપતાનો નિશ્ચય કર્યો હોય છે તેમને તે પોતાની સુખરૂપતાના નિશ્ચયવાળી મતિવડે પ્રિયરૂપે પ્રતીત થાય છે અને જેમણે જેમાં દુઃખરૂપતાનો નિશ્ચય કર્યો હોય છે તેમને તે, પોતાની દુઃખરૂપતાના નિશ્ચયવાળી મતિવડે અપ્રિયરૂપે ભાસે છે. આમ હોવાથી વિશ્વમાં કયો દશ્ય પદાર્થ પ્રિય છે અને કયો અપ્રિય છે એ સર્વને માટે એક સરખી રીતે નિશ્ચય કરી શકાય એમ નથી. માટે હે ભાઈ ! આપણી અવિવેકની દૃષ્ટિ ત્યજીને વિવેકવડે વિચારી જોઈ જે જે સમયે જેમાં પ્રિયપણું તથા જે સમયે જેમાં અપ્રિયપણું સંભવતું હોય તે તે સમયે જ તે પદાર્થાદિને પ્રિયઅપ્રિય ગણવા નિશ્ચય કરવો. જો એમ નહિ તો પ્રિયમાં અપ્રિયપણાની અને અપ્રિયમાં પ્રિયપણાની ભ્રાંતિથી પ્રતીતિઓ કરાવીને આ વૃત્તિઓ અનર્થને પ્રાપ્ત કરે છે માટે સાવધાનપણું રાખજો.

હે ધીરવીર પુત્ર ! વ્યવહારમાં અસંખ્ય મનુષ્યોનો સંબંધ થાય પરંતુ તેમાં સર્વને સરખી પ્રીતિથી સેવવા નહિ. પ્રથમ મનુષ્યની પરીક્ષા કરવાનો કાલ વ્યતીત થાય ત્યાર પછી તેની યોગ્ય પ્રકારે કરેલી પરીક્ષાથી જેવી યોગ્યતા જણાઈ હોય તેવો જ સંબંધ રાખવો. મનુષ્યની પરીક્ષા કરવી એ ઘણું કઠિન કામ છે, માટે સહજ પરીક્ષાથી

પૂર્ણ વિશ્વાસ કરવો નહિ.

અન્ય અનેક પદાર્થો અન્યને અધીન કરવાની આવશ્યકતા પડે તો કરવા. પરંતુ કોશ, કામિની અને આપણો અધિકાર એ પ્રાણાંત કષ્ટના સમયના યોગ્ય અનુમાન વિના અન્યને અધીન રાખવાં નહિ. અને આપત્તિકાલે પણ આપણા અધિક વિશ્વાસપાત્રને સોંપવાં. વિશેષતઃ સર્વ પ્રકારની હાનિ સહન કરી પ્રાણનું રક્ષણ કરવું, પરંતુ જ્યારે કોઈ પ્રકારના પણ પ્રાપ્ત સ્વધર્મની હાનિનો સમય આવે ત્યારે તો પ્રાણ જતાં પણ સ્વધર્મનું જ પાલન કરવું.

આ મનને નિરંતર કોઇ કોઇ પદાર્થ પણ પ્રિય હોઇને અપ્રાપ્ત હોય છે, અને તે અપ્રાપ્ત પ્રિય પદાર્થની સ્પૃહાવડે ક્લેશનો આવિર્ભાવ થાય છે, અને તેથી પ્રાપ્ત પ્રિય પદાર્થો પણ સુખના અભિવ્યંજક હોતા નથી, જેથી સદા દુઃખાનુભવ થાય છે, માટે મનને ઉત્તમોત્તમ પદાર્થોની સ્પૃહા ભલે હોય પરંતુ એવા નિયમમાં એ મનને સ્થાપવું કે તે નિરંતર પ્રાપ્ત પદાર્થથી સંતોષપૂર્વક સુખાનુભવ કરાવતું રહે અને અન્યને સામાન્ય સ્પૃહાવડે પ્રાપ્ત કરાવવા સમર્થ કરે.

આ વિષયો જે પોતાના ભોગવડે ભોક્તાને નિત્યતૃપ્ત કરવા સમર્થ નથી તેમને જ માત્ર નિત્યતૃપ્તિની અભિલાષાવાળા મનુષ્યે સેવ્યા કરવા એ ઉચિત નથી, એવો નિશ્ચય ધારણ કરીને પ્રાપ્ત ધર્મથી વિધિવત્ વિષયોને સેવવા છતાં પણ નિત્યતૃપ્તિનિમિત્ત નિશ્ચય કરાયલા યોગ્ય ઉપાયોને વિધાન કરેલા નિયમોને વશ વર્તતાં સેવતા રહેવું.

આપણે રાજા છીએ અને આ પ્રજા આપણા કરતાં નીચી સત્તાવાળી છે એમ ગણીને આપણે આપણા સુખની સ્પૃહા રાખી પ્રજાને પીડવા ધારવું નહિ; પણ આપણે પ્રજાના સેવક છીએ અને તે સંબંધથી આપણે એમને સુખ આપીએ છીએ અને વસ્તુતઃ તો આપણે એમના સુખનો વિભાગ મેળવી ભોગવીએ છીએ, અર્થાત્ આ પ્રજાને પ્રાપ્ત ધનાદિ સુખપ્રદ પદાર્થોના વિભાગથી જ આપણે સુખાનુભવ કરીએ છીએ એમ સમજવું. અને એ સમજણ પ્રમાણે જ આપણે નિરંતર પ્રજાના સુખની અભિવૃદ્ધિના ઉપાયોને યોજતા રહેવું. આપણા પ્રતિ દુઃખ આવવાના ભયથી પ્રજાને ભયમાં કદાચિત્ પણ નાંખવી નહિ. તેમ જ કેવલ સેવ્યવત્ ગણીને પ્રજાને ઉન્મત્ત થવા દેવી નહિ.

અન્યનો ઉત્કર્ષ ન સહન કરવારૂપ અસૂયાને ન સેવવી, પણ દુષ્ટનો દુષ્ટાચારવડે થતો વિજય જોવાય ત્યારે તથા તેવાં કૃત્યોથી તે ઉન્મત્ત થતો પ્રતીત થાય ત્યારે તેને ન્યાયથી હણી નીચો પાડવો.

ધનવાન્ તથા નિર્ધન, વિદ્વાન્ તથા અવિદ્વાન્ આદિ ભેદવાળી પ્રજાને પ્રજાદૃષ્ટિથી સમભાવે જોવી, પણ તેમના ગુણાદિથી જ્યારે તેમને લાભ આપવાનો સમય આવે ત્યારે તો તેમની વ્યવહારમાં શ્રેષ્ઠતા જાળવીને માન આપવું તથા ઘટિત પ્રકારે ઉંચી નીચી પંક્તિમાં ગણના કરવી.

ધનવાન્ વિદ્વાન્ કે કલાવાન્‌માં પણ સદ્‌ગુણી તથા સદાચરણીને જ અધિક માન આપવું, કારણ કે સુપ્રજા જ નિરંતર રાજ્ય-પ્રજાના હિતનો વધારો કરે છે.

પ્રતિદિવસ તત્ત્વવિત્ મહાત્માનો થોડો કાલ પણ સંગ કરવો તથા તત્ત્વજ્ઞાનસંબંધમાં આપણા અધિકારનો વિચાર કરીને ચર્ચા કરવી અથવા વિવેકવડે શ્રવણ કરવું. જગત્‌માં પુરુષની સર્વ પ્રકારની ઉન્નતિ કરનાર કેવલ તત્ત્વજ્ઞાન જ છે માટે અનેક ઉપાયથી પણ તેને પ્રાપ્ત કરવા યત્ન રાખવો.

ઉપરના વેષમાત્રથી જ પુરુષને મહાત્મા ગણવો નહિ તેમ જ કેવલ વાર્તા કરવામાં કુશલ પુરુષને પણ મહાત્મા ગણવો નહિ, પરંતુ જેમનું અંતર્જ્ઞાન તથા અંતર્બહિર્ યોગ્ય સ્થિતિ હોય તેવાને સહજ સહવાસથી ઓળખીને મહાત્મા ગણવા.

વિદ્વાન્ ગુણવાન્ કલાવાન્ આદિને તો તેમની યોગ્યતાનો વિચાર કરીને ઘટિત માન કે દાન આપવું પરંતુ મહાત્માને તો ઈશ્વરતુલ્ય ગણીને સર્વોત્તમ માન તથા સર્વસ્વ દાનમાં આપવા સંકોચાવું નહિ. કારણ કે સ્વાર્થબુદ્ધિરહિત હોવાથી આપણા અહિતના સાધક તેઓ થતા નથી, તેમ જ આપણને અહિતના માર્ગથી રક્ષે છે.

જે મહાત્મા પુરુષ સર્વસ્વ અર્પણ કરવા યોગ્ય હોય છે તે આપ્તકામ હોવાથી ત્યાગગ્રહણની સ્પૃહાથી રહિત હોય છે. તથાપિ જેમ નિષ્ઠાપૂર્વક ઈશ્વરાર્પણબુદ્ધિથી સેવેલો વ્યવહાર આપણા અભિમાનની શિથિલતાથી આપણને મોક્ષમાર્ગમાં બાધક કે પ્રતિબંધક સંસ્કારરૂપ થઈ રહીને પીડતો નથી, તેમ જ મહાત્માને અર્પણબુદ્ધિથી સેવેલો વ્યવહાર પણ પીડનાર થતો નથી.

નાનાવિધિવડે સેવાયલા મહાત્માની સેવાનું ફલ પ્રકૃતિસ્થ નિયમાનુસાર સર્વ કર્મફલપ્રદાતા ઈશ્વર આપે છે અને તે સર્વોત્તમ ફલ જ હોયછે; માટે અભિમાન તથા પ્રમાદરહિતપણે મહાત્માને સ્વરૂપથી ઓળખીને તેમની સેવા કરવી.

અભિમાન જેનાવડે બલવાન્ થાય છે તથા જેના પ્રાપ્ત રહેવાથી દોષોનો અંતરૂમાં આવિર્ભાવ થાય છે તથા જેનાવડે મોટા

પુરુષોની અવજ્ઞા કરવા મનુષ્ય સમર્થ થાય છે, છતાં જેને સદા આ જીવો પોતાને અધીન વર્ત્તાવવા સ્વતંત્ર નથી, એવા જે આ ધનાદિ સંપત્તિરૂપ પદાર્થો તથા રાજ્યસત્તા છે તેમાં અત્યંત મોહવડે બંધાઈ રહેવું નહિ. કારણ કે એમાં રહેલો મોહ દોષોની પરંપરાવડે અહંકારની અભિવૃદ્ધિ કરીને આ જીવોને અધોગતિ જ આપે છે.

હે ભાઈ! આ સઘળો વિશ્વપ્રપંચ વિશ્વવ્યવસ્થાપકવડે એવી વ્યવસ્થાપૂર્વક સ્થપાયો છે તથા ગતિમાં મૂકાયો છે કે તેમાં અન્ય કોઈ જીવ કાંઈ અધિકન્યૂન કરી શકતું નથી. તોપણ એ વ્યવસ્થાપકના જ્ઞાતનિયમોના જ્ઞાતા મહાત્માઓ તે નિયમોના જ્ઞાનવડે વિવિધ નિયમોથી વિવિધ પ્રકારની વિલક્ષણતા કરવાને સમર્થ હોય છે. તેથી જેમ ઈશ્વરની કૃપા પ્રાપ્તવ્ય છે તથા તેનિમિત્ત કરવા યોગ્ય ક્રિયાને મુખ્ય કર્તવ્યરૂપ ગણી છે તેમ જ સર્વજ્ઞ મહાત્માઓની કૃપા પણ પ્રાપ્ત કરવાયોગ્ય વસ્તુઓમાં મુખ્ય છે અને તે નિમિત્ત કરવા યોગ્ય ક્રિયાઓ પણ જગતમાં મુખ્ય કર્તવ્યરૂપ છે એવો દૃઢ નિશ્ચય કરી રાખજો.

આ દૃશ્ય પ્રપંચને સદા અસ્થિરપણું પ્રાપ્ત કરનાર મુખ્ય હેતુરૂપ સ્વભાવ, કર્મ તથા કાલ છે અને તે ત્રણ આ અલ્પજ્ઞ તથા પરતંત્ર જીવોને અધીન વર્તનાર નથી; જેથી તે ત્રણને વશ વર્તનાર દૃશ્ય પ્રપંચમાં દૃઢ મમત્વ બાંધવું નહિ. કારણ કે એ મમત્વ ક્લેશોત્પત્તિવિના અન્ય કોઈ શુભ ફલને આપી શકે એમ નથી. જો કદાચિત થઈ શકે તો એ સ્વભાવ, કર્મ તથા કાલના જયને કરવા પ્રયત્ન કરવો. એ પ્રયત્ન મહાત્માઓની કૃપાવડે કરી શકાય છે એમાં સંદેહ કરવા યોગ્ય નથી.

આ વ્યવહારધર્મ અનેક દ્વારથી તથા નાના પ્રકારથી સંતાપ આપનાર પ્રતીત થાયછે તેમ છતાં પણ બુદ્ધિમંત ધીર પુરુષો એને ત્યજતા નથી, પણ ધૈર્યબલને વધારતા અવિકલ રહેતા તાપને સહન કરતા આ વ્યવહારધર્મને જ યોગ્ય સમયપર્યંત સેવે છે, માટે તમે પણ ચિત્તની શાંતિને સંભાળતા પોતાના વ્યવહારધર્મને યથાઘટિત કાલપર્યંત સેવજો.

ઘણા ધૈર્યરહિત પુરુષો વ્યવહારધર્મથી ત્રાસ પામી અતીતાવસ્થામાં સુખની આશા બાંધીને વ્યવહારધર્મને ત્યજી દે છે. તેમ કરવા છતાં પણ તેમની સુખની આશા પૂર્ણ થતી નથી. કારણ કે દુઃખ આપનાર ઇંદ્રિય, મન તથા વાસના તો જ્યાં જાય ત્યાં તેમની સાથે જ હોય છે, અને તે પુરુષો એ વાસના, મન તથા ઇન્દ્રિયને જિ-

તવાના યત્નમાં યોગ્ય પ્રકારે ન જોડાયલા હોવાથી જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં વાસના, મન તથા ઇન્દ્રિયને વશ વર્તનાર હોવાથી વિષયના પાશમાં જ બંધાય છે. આમ છે માટે હે ભાઇ! આ વ્યવહારધર્મને સેવતાં સેવતાં જ નિરંતર દુઃખને આપનાર ઇન્દ્રિય મન તથા વાસનાને વશ વર્તાવવામાં સાવધાનપણું રાખવું. અને સામાન્ય પ્રકારે એમનો જય થયા પછી યોગ્ય સમય પ્રાપ્ત થયે જ પુરુષે વ્યવહારધર્મથી મુક્ત થવું એ ઉત્તમ નીતિ છે.

અનેક મનુષ્યોનો એવો નિશ્ચય હોય છે કે આ જગત્માં આપણને જન્મથી મરણપર્યન્તમાં પ્રાપ્ત કરવાયોગ્ય વ્યાવહારિક તથા પારમાર્થિક સુખનાં અનેક સાધનો આપણા પૂર્વ પુરુષોએ રચી મૂકેલાં છે અને તેથી તે પૂર્વરચિત સાધનોવડે જ આપણે સુખ પ્રાપ્ત કરી રહેવું. ખાસ પ્રયત્ન કરીને એવાં સુ નાં સાધનોને આપણે નવીન પ્રકારે રચવાની જરૂર નથી. તેમ જ એક પક્ષથી જોતાં નવીન કોઇથી કાંઈ રચાય એમ નથી. જેથી હોય તેવડે જ સુખ મેળવીને જગત્થી સમય થયે પાછા વળવું. આ પ્રકારનો તે અનેક મનુષ્યનો નિશ્ચય પણ અત્યંત બલવાન્ ગણવાયોગ્ય નથી. કારણ કે કાલ સર્વને ભક્ષ કરતો જેમ ને તેમ સદા સ્થિત છે. પૂર્વ રચાયલાં અસંખ્ય સુખનાં સાધનરૂપ કાર્યોનો કાલવડે ઉત્તર ઉત્તર કાલમાં ક્ષયલય થયા જ કરે છે. જેથી ઘણા કાલપૂર્વે રચાયલાં ઘણાં ખરાં સુખસાધક કાર્યો તો સમૂલ અળપાઈ ગયાં છે, અને તે પછીનાં અળપાય છે, અને આ કાલનાં તથા આગળ આગળ થનારાં આગળ અળપાતાં જ જશે. તેથી એ પ્રકારના નિશ્ચયવાળાં જ જો સઘળાં મનુષ્યો થાય તો પછી જગત્માં ઊત્તર કાલમાં કોઇ પણ સુખનાં સાધનની પ્રતીતિ થવી સંભવે નહિ. કારણકે પૂર્વરચિત સાધનો કાલથી અળપાઇ જાય અને નવીન કોઇ રચે નહિ, એટલે કાર્યનો અભાવ જ થઇ રહે. આમ છે માટે હે સુપુત્ર! આપણે એવી સ્વાર્થબુદ્ધિ જ માત્ર નહિ સેવવી કે પૂર્વે રચાયલાં કાર્યોવડે આપણે સુખ પ્રાપ્ત કરી લેવું અને આગળની પ્રજાને માટે આપણે કાંઈ કરવું નહિ. પણ હે ભાઇ! સઘળા બુદ્ધિમંત પુરુષોનો તો એવો નિશ્ચય છે કે આ સંસારમાં કુલીન કુલમાં જન્મ, દીર્ઘ આયુષ્, સન્મતિ, અનુકૂલ શરીરાદિ સંપત્તિ, અને યોગ્ય પ્રકારનું ધનાદિ બલ સહસા પુનઃ પુનઃ પ્રાપ્ત થતાં નથી માટે એ અનેક પદાર્થોમાંના જે જે આપણને પ્રાપ્ત થયા હોય તેનાવડે જે જે પરહિતકર અર્થાત્ વ્યાવહારિક કે પારમાર્થિક સુખનાં અભિવ્યંજક કાર્ય આપણાથી થઇ શકે તે કરવાં અને જેમ અન્ય તેવા પુરુષોદ્વારા

પૂર્વ રચાયલાં કાર્યોથી આપણે સુખ લઇએ છીએ તેમ જ આ આપણા વડે રચાયલાં કાર્યોથી આગળની પ્રજા સુખને પામે એમ થવું એ શ્રેષ્ઠ વાર્તા છે. હે સુજ્ઞ! અન્યવડે કરાયલાં કાર્યોથી સુખ લેતાં આપણે આ વિશ્વથી ટળવું અને આપણા અમૂલ્ય આયુષાદિનો કોઈ પણ જનહિતકર કાર્ય કર્યા વિના વ્યર્થ વ્યય થવા દેવો, એ અત્યંત નેષ્ટ છે. માટે અનેક યુક્તિ તથા પ્રયત્નથી સદા એવાં કાર્યો કરવામાં ઉત્સાહ રાખવો કે જેના વડે આ પ્રાણિઓને કોઇ પ્રકારના પણ સુખની અભિવ્યક્તિ થાય. આ સ્થલે કોઇ પ્રકારના પણ સુખની એટલે અવિહિત નહિ પણ વિહિત સુખની જ પ્રાપ્તિ થાય એમ સમજવું.

આ રાજ્યાદિ સત્તા તથા અસંખ્ય પદાર્થોમાંના જે જે પદાર્થોનો આપણે ઉપભોગ કરીએ તેથી અધિક તે તે પદાર્થોની સ્થિતિ તે અન્યના ભોગમાટે જ છે તથાપિ આપણે આપણા ભોગનિમિત્ત તેને પ્રાપ્ત રાખવા યત્ન કરીએ છીએ. એ જ પ્રમાણે આપણા ઉપભોગની આશા બાંધ્યા વિના પણ એવાં અનેક કાર્યો શક્તિ હોય તો કરવાં કે જે વડે અન્યને સુખ થાય.

જેમ આપણા વડિલોએ આપણે માટે, આપણે આપણા પુત્રો માટે અને તે પુત્રો જેમ તેમના પુત્રાદિમાટે અનેક સુખદ મનાયલાં કાર્યો કરે છે તેમ જ આપણે રાજાએ આપણી આખી પ્રજાને માટે તથા અન્ય રાજ્યની પ્રજાને માટે પણ અનેક સુખદ કાર્યો રચવા ઉત્સાહ રાખતો.

કોઇનું એમ કહેવું હોય કે 'કોઇથી કાંઈ નવું થતુ નથી અને થાય એમ નથી' તો તે પણ સર્વાંશે યોગ્ય નથી. કારણ કે આ અસંખ્ય પ્રજામાં સર્વની મુખમુદ્રા તથા અંતઃકરણ એક નથી. જેથી તે સર્વવડે કરાતાં સઘળાં કાર્યમાં કાંઈ કાંઈ પણ નૂતનતા હોય જ છે. માટે સદા સુખપ્રદ નૂતનતાવાળું કાર્ય કરવાની ઇચ્છાને તથા અનુકૂલ પ્રયત્નને સેવવા વિચારવું.

આ આદિ અનેક વચનો કહીને અંતમાં કહ્યું કે હે પુત્ર! તમને મારે કહેવું પડે એમ નથી જ, તો પણ મારો ધર્મ સમજી કહ્યું છે અને હવે આ છેવટનું વચન કહુંછું કે આ સંસારમાં અનેક કરવાયોગ્ય કાર્ય કરીને પછી આ સંસારના મોહથી મુક્ત થઇ સર્વને સહજમાં ન પ્રાપ્ત થાય એવા અનુપમ જીવન્મુક્તિસુખને અનુભવી કૃતકૃત્ય થજો. તમારો નિરંતર સર્વ કાર્યમાં જય હોજો.

હે મહાત્મન્! આ પ્રકારનાં આશીર્વાદાત્મક વચનો અંતમાં

વદીને તે પિતા પોતાના નિશ્ચયપ્રમાણે ઉગ્ર ક્ષેત્રમાં પધારવા પ્રવૃત્ત થયા. મેં પણ તેમની ઇચ્છાનુકૂલ પ્રવૃત્તિ કરી. રાજસેવકોએ તથા પ્રજાએ એક પક્ષથી શોક તથા અન્ય પક્ષથી હર્ષ પ્રતીત કરાવતાં નગરબહાર આવી પિતાને નમન કરી આશીર્વચન મેળવ્યાં. પવિત્ર બ્રાહ્મણાદિ પ્રજાએ શ્રેયસ્કર વેદવાણીવડે આશીર્વાદ આપ્યો. ઘણો પ્રેમ છતાં પ્રજાને ત્યજીને પ્રસન્ન ચિત્તથી પિતા તથા માતાએ પ્રયાણ કર્યું. જેમ જલરહિત સરોવરને તથા ફલરહિત વૃક્ષને પક્ષિયો, ધનહીન મનુષ્યને સ્વાર્થી મનુષ્યો, પ્રાણરહિત શરીરને સ્વજનો અને અતત્ત્વરૂપ વિષયપ્રપંચને તત્ત્વવિદ્ મહાત્માઓ ત્યજી દે છે, તેમ મારા સહિત સર્વ પ્રજાને તથા વિભવોને ત્યજીને તે માતાપિતા પોતાના બલવાન્ નિશ્ચયથી આનંદવડે વહેતાં થયાં. તેમનો નિર્વિઘ્ન ક્ષેત્રમાં પ્રવેશ થાય તથા ત્યાં તેમની સ્થિતિ થાય એ અર્થે યથાશક્તિ વ્યવસ્થા પ્રથમથી જ કરી હતી એટલે હું પણ પ્રસન્ન ચિત્તથી પ્રજાસહિત પાછો વળ્યો. સ્વભાવથી જ મંદિરમાં પ્રવેશતાં ઉજડસરખું લાગવા મડાંચું. નગર, પ્રજા તથા મંદિરોમાં સર્વ જેમનું તેમ છતાં પણ એ બે વિના નિસ્તેજસરખું ભાસવા લાગ્યું. અંતે નિરુપાય થવાથી અનેક વિચારવડે ચિત્તને સમાધાનમાં સ્થાપીને મેં મારો વ્યવહાર યથાનિયમે કરવા માંડ્યો.

આ સંસારના નિઃસારપણાના નિશ્ચયની તથા તેવડે વૈરાગ્યની દૃઢ પ્રતિમા મારા હૃદયમાં તે દિવસથી સ્પષ્ટ થવા લાગી. મારે કરવાયોગ્ય રાજ્યવ્યવહારને હું રુડે પ્રકારે કરતો, તેમ જ અન્ય સર્વ આવી પ્રાપ્ત થતાં વ્યવહારકાર્યને કરતો તથાપિ મારી વૃત્તિ તે વ્યવહારમાં પૂર્વની પેઠે જોડાતી મને ભાસતી ન હતી. ઘણાં વર્ષ વ્યવહાર કરતાં વ્યતીત થયાં. આશ્રમનાં ફલરૂપે પુત્રપુત્રીઓને અને તે પુત્રપુત્રીઓની પ્રજાને જોવાનો સમય આવ્યો. આ મન જે વિષયોને જ સેવીને કૃતકૃત્ય થવાના નિશ્ચયવાળું પ્રથમાવસ્થામાં પ્રતીત થયલું તે હવે વિષયોપ્રતિ પોતાની અરુચિને મધ્યે પ્રતીત કરાવીને એ સમયમાં કંઇક સમભાવ ધરતું સ્થિર થવા આવ્યું હતું. આ જગત્‌માં મનાતા શ્રેષ્ઠ વિભવોને ભોગવીને તેના સુખનો તથા તે તે ભોગની પ્રાપ્તિઅપ્રાપ્તિ તથા વિયોગવિનાશના સમયમાં થતાં દુઃખોનો અનુભવ કર્યો હતો, તેથી એ સમયમાં મન વિવિધ વિષયના આસક્તિપૂર્વક કરાતા ચિંતનથી રહિત રહેતું હતું. અનેક ઉત્તમ મધ્યમ કે નેષ્ટ ગણાતા વિષયોપ્રતિ મનને પ્રેરનાર મતિ પણ તે તે સઘળા વિષયોમાં સુખરૂપતાનું ભાન કરવું ભૂલી હતી. અને તેથી એવું અનુમાન થતું કે

વિષયમાં અભિમાનીને જોડી રાખવા નિમિત્તે મતિ તથા મનને બલ આપનાર વિષયવાસના પણ પોતામાં રહેલ સંસ્કારબલથી ક્ષીણ થઈ ગયેલી શિથિલાવસ્થાને પ્રાપ્ત થઇ રહી હતી, અને તેથી તે સમયની પ્રસંગે પ્રતીત થતી દુર્બલ વાસના પ્રતિકૂલપણે કાંઈ પણ કરવા સમર્થ હોય એમ ભાસતું ન હતું. દીઠેલા, સાંભળેલા તથા વિવિધ પ્રકારે ભોગવેલા ઉત્તમોત્તમ મનાયલા વિષયોમાં પણ વૃત્તિ સુખની આશા બાંધી પ્રવેશ કરવા વેગને પ્રાપ્ત થતી ન હતી. આ ઈન્દ્રિયો પણ વિષયસંસર્ગમાટે ચપલતાને ધારણ કરતી ન હતી. આ સઘળું છતાં પણ એ સમયપર્યંત સઘળા આવશ્યક વ્યવહારો યથાનિયમે નિર્વિઘ્નપણે સધાયા જતા હતા. એક સમયે એકાંતમાં બેશીને ઈષ્ટાનુસંધાન કરતાં આ પ્રકારના વિચારો અંતઃકરણમાં સ્ફુરતા પ્રતીત થયા.

અહો ! પરમ આશ્ચર્ય છે ! આ નામરૂપવડે જ શોભતો, જગત્ શબ્દથી ઓળખાતો પ્રવાહ સદા અસ્થિર છતાં પણ અવિચારવડે આ જીવોને સ્થિરવત્ પ્રતીત થાય છે. આ પ્રવાહનું મૂલ અને અગ્ર સર્વ જીવોને સ્પષ્ટ જણાતું નથી, તો પણ એના યથાર્થ જ્ઞાતાપણાનું અભિમાન અસંખ્ય જીવો ધારણ કરે છે. પ્રવાહમાં વહેતા મનુષ્યોને પ્રવાહના અતિવિસ્તારવાળા પટને યોગે ઉભય તટનું જ ભાન થવું કઠિન છે તો પ્રવાહના મૂલનું કે અંતનું જ્ઞાન થવું અત્યંત કઠિન હોય એમાં શું આશ્ચર્ય છે ? આ દેહધારી જીવો રાગદ્વેષાદિ અંતર્માં રહેલા નિમિત્તોવડે પરસ્પરમાં સુખદુઃખનાં કારણોનો નિશ્ચય કરેછે અને મોહવશ થતાં આ પ્રવાહમાં વહ્યા કરે છે. જેમ યંત્રનો તંતુ ત્રુટવાથી યંત્રદ્વારા થતો વ્યાપાર અટકી પડે છે તેમ આ જીવોના જીવનરૂપ મુખ્ય આધાર અળપાઈ જવાથી આ શરીરદ્વારા થતો વ્યાપાર અટકે છે. અને જેમ આ ગૃહનો ભંગ થવાથી ગૃહી સુખની લાલસાવડે પુનઃ નવીન ગૃહનો આરંભ કરે છે તેમ જ આ વાસના કામ તથા કર્માદિથી બંધાયલા જીવરૂપ ગૃહી પણ અન્ય શરીરરૂપ ગૃહનો આરંભ કરે છે, અને સુખની આશાવડે પુનઃ પુનઃ અનંત દુખના ભોક્તા થઇ રહે છે. અનેક જન્મદ્વારા અનેક શરીરના અનુભવ કરતો આ જીવ અનેક સંબંધીઓને મમત્વભાવથી સેવતો તેમાં બંધાય છે, અને અજ્ઞાનવશ વર્તતો આ જીવ તે પ્રત્યેક જન્મમાં અનિવાર્ય આસક્તિદ્વારા એવા સંકલ્પો રચે છે કે કાલાંતરે પણ આ શરીર તથા સંબંધીઓનો મને વિયોગ થશે નહિ. પરંતુ શુદ્ધસત્ત્વબલ વિનાના તે તેના મિથ્યા સંકલ્પો સિદ્ધ થતા નથી, અને પ્રકૃતિમાં તથા કાર્યમાં રહેલા નિયમથી તથા પ્રાપ્ત નિમિત્તાદિ કારણોથી

આ જીવ તે તે શરીર તથા સંબંધીના સદાકાલમાટે વિયોગને પામ્યા જ કરે છે. આ નિયમથી મેં પણ અનેક જન્મોમાં અનેક શરીરથી અનેક સંબંધ બાંધેલા પણ તેનું આજે સ્મરણ નથી. એમ છતાં પણ જેમ આ જન્મમાં પ્રાપ્ત થયેલ આ સ્ત્રીપુત્રસ્વજનાદિથી છૂટા થવાની અંતરમાં દૃઢ ઇચ્છા અનુકૂલ ભાવથી સ્ફુરતી નથી તેમ તે અન્ય વ્યતીત જન્મોમાં પણ એવી ઇચ્છા આસક્તિબલના યોગે સ્ફુરી હશે નહિ એમ અનુમાન કરાય છે. તેમ છતાં પણ તે જન્મોનાં શરીર જેમ સમય થયે આયુષ્ની સમાપ્તિથી છૂટી ગયાં અને તે સંબંધીઆદિનો વિયોગ થયો તેમ આ શરીર પણ આયુષ્ના અવધિએ આ સંબંધીપ્રતિની આસક્તિ વિદ્યમાન છતાં પણ છૂટી જશે; અને જો આ વિષયપદાર્થોમાં સુખબુદ્ધિ કાયમ રહેશે તથા વાસનાકામકર્મઆદિ અષ્ટપુરીનો ઉચ્છેદ નહિ થાય તો પુનઃ આવું કે આથી વિલક્ષણ શરીર ધારણ કરીને સુખદુઃખનો અનુભવ કરવો પડશે. અને એ જ પ્રમાણે ઉત્તરોત્તર શરીરોને ધારણ કરતાં આ દુઃખદ સંસારચક્રભ્રમણનો અંત આવશે નહિ. આ કારણથી હવે તો મારે સાવધાન થઇને આ જન્મમાં જ આ શેષ આયુષ્ના સમયમાં અનેક જન્મથી પ્રવાહરૂપે વહેતી આવતી આ વાસનાને તથા તજ્જન્ય કામકર્માદિને નિર્મૂલ કરવાં જોઈએ.

ઉત્તરોત્તર કાલે પ્રાપ્ત થનાર જન્મમરણાદિના કારણરૂપ વાસનાદિને નિર્મૂલ કરવાને એકાંતસેવનની આવશ્યકતા છે. કારણ કે અંતરમાં વિષયોનું સ્મરણચિંતન થાય તે અને બહાર આ વિષયોનો સંસર્ગ રહે છે એ નિરંતર વાસનાને વધારે છે, જેથી અંતર્બહિર્ નિઃસંગ અવસ્થા થોડો કાલ પણ મનુષ્યે સેવવી જોઇએ. આમ છતાં પણ આ ક્ષણે જ એ અવસ્થામાં મારો પ્રવેશ થઈ શકે એમ નથી, તેથી ધીરે ધીરે એ પ્રકારની અવસ્થામાં પ્રવેશ કરવાની અનુકૂલતા સાધવી ઘટે છે. આ મારા પ્રતિ આવી પડેલો વ્યવહારકાર્યભાર પુત્રને મસ્તકે મૂકવાની યોજના કરવી અને પશ્ચાત્ અન્ય ઘટિત વિચાર કરવા. હવે આ સારરહિત પ્રતીત થતા સંસારવ્યવહારનો ભાર અજ્ઞાનીની પેઠે વહન કરી શકાતો નથી. પ્રાણીપદાર્થમાં પ્રતીત થતુ પ્રિયઅપ્રિયપણું વૃત્તિમાં હવે સ્ફુટ થતું ભાસતુ નથી. દૃશ્ય પદાર્થમાત્ર પ્રકૃતિથી ભિન્ન વસ્તુરૂપે અનુભવાતા નથી. આ મમત્વના પદાર્થો જેની હાનિવૃદ્ધિથી પૂર્વે શોકહર્ષની પ્રતીતિ થતી હતી તે પદાર્થોમાં હવે, મમત્વભાવની શિથિલતાથી, હાનિવૃદ્ધિ થવા છતાં પણ અંતઃકરણમાં શોકહર્ષની પ્રતીતિ થતી નથી. શરીરમાં પ્રાપ્ત થતા વ્યાધિદુઃખથી પૂર્વે જે વિ-

કલતા ભાસતી તથા મરણનું ભય પ્રતીત થતું હતું, તે હવે દુઃખના દ્રષ્ટા થઈ રહેવાથી તથા મરણાદિ વ્યવહાર વસ્તુમાં નથી એવા નિશ્ચયની દૃઢતાથી પૂર્વવત્ વિકલતા કે ભયનું ભાન થતું નથી. આ આદિ અનેક કારણોથી સ્પષ્ટ થાય છે કે હવે આ અંતઃકરણ કંઈ પણ વિલક્ષણ સ્થિતિમાં આવ્યું છે, અને ક્રમથી કાલે કરીને એ ઉત્તરોત્તર ઉંચી સ્થિતિને પ્રાપ્ત થતું જશે એમ ભાસે છે. જેથી એકાંતસેવનમાં જવાથી પણ મને આગળ વિષયવાસનાની અભિવૃદ્ધિ થવાના અનુમાનથી ભય ધરવાનું કારણ નથી.

આ આદિ વિચારને કરીને હું પુનઃ સાવધાન થઇને પ્રાપ્ત વ્યવહારને કરવા લાગ્યો. શનૈઃ શનૈઃ સ્ત્રિયોને પ્રબોધતાં તેમનાં અંતઃકરણ પણ શુદ્ધસંસ્કારવાળાં હોવાથી અનુકૂલ પ્રવાહમાં વહેતાં પ્રતીત થતાં હતાં. તે સ્ત્રિયોને પણ મારી સ્થિતિનું તથા મારા અંતઃકરણના ભાવનું સ્પષ્ટવત્ ભાન થવા લાગ્યું. આમ છતાં પણ સ્વભાવથી સુકોમલ હૃદયવાળી તથા મારા પ્રતિના અપ્રતિમ પ્રેમવાળી તે સ્ત્રિયોને મારા વિષે વિરાગવૃત્તિ સ્ફુરતી ન હતી. પોતાના સેવ્યરૂપે મારી સમીપતાની તેમને નિરંતર સ્પૃહા રહેતી જણાતી હતી.

તે સ્ત્રિયોને વારંવાર બોધ આપતાં હું કહેતો હતો કે હે સ્ત્રિયો! આ સંસારમાં કોઈ પણ પદાર્થ અચલ નથી. સઘળા પદાર્થો પોતપોતાના નિયમથી ક્ષયના ક્રમરૂપર ચાલે છે. આમ છતાં તમે હજી દૃશ્યશરીરાદિપ્રતિ આસક્તિ શા માટે રાખો છો? ઉત્તરોત્તર દુઃખના કારણરૂપ આ વિષયોમાં શા નિમિત્તથી તમે મોહને ધરો છો? જે જનસંગ સ્વરૂપસુખનો વિરોધી છે તેને તમે અન્ય કયા અખંડ સુખ અર્થે સેવવા ઇચ્છો છો? આ સંસારમાં જન્મ ધરીને વ્યવહારમાં જે કાંઈ કરવા તથા પામવાયોગ્ય હતું તે તમે કરી પામી ચુક્યાં છો તેમ છતાં પણ હજી સુખની વિરોધી અને દુઃખની સાધક આ વિવિધ ક્રિયાઓથી રહિત થવાને કેમ ઇચ્છતાં નથી? આ પદાર્થોપ્રતિનું તમારૂં મમત્વ તમને દુઃખ આપનાર છે એવું જાણીને તેને તમે ત્યજવા પ્રયત્ન કેમ કરતાં નથી? જે મન આ વિશ્વમાં જીવભાવનાને પ્રકટાવનાર છે તથા સુખદુઃખ અને બંધમોક્ષની પ્રતીતિ કરાવનાર છે તેને તમે કેમ ઓળખી શકતાં નથી? અને જો ઓળખો છો તો તેનો તેનાવડે કરાતા સર્વ વ્યાપારથી નિરોધ કરવાનો અભ્યાસ કેમ રાખતાં નથી? જે મન સ્વતંત્ર અર્થાત્ કેવલ પોતાના પ્રાપ્ત સંસ્કારને અધીન વર્તવાથી અનર્થની પ્રાપ્તિ કરે છે, તેને તમે તે સંસ્કારાનુસાર વર્તાવવામાં પરવશસરખાં કેમ રહોછો? તમે તેને

અનુકૂલ સંસ્કારોની પ્રાપ્તિ જેવડે થાય છે તેવા ઉદ્યોગથી આપણે વશ વર્તાવવાને શક્તિવાળાં છતાં પ્રયત્નને કેમ આદરતાં નથી? જે મન નાના પ્રકારની ઇચ્છાઓથી ક્રિયામાં જોડાઇને ભવભ્રમણના કારણરૂપ થઈ રહ્યું છે તેને તમે આ ભવભ્રમણથી છૂટવાની આશાવાળાં છતાં ઇચ્છારહિત તથા ક્રિયારહિત કેમ કરતાં નથી? જે મન મતિથી પૃથક્ રહીને વૃત્તિયોના ઉદયને કરે છે તથા તે વૃત્તિયોદ્વારા વિષયસંસર્ગને પમાડીને વાસ્તવ સુખથી ભ્રષ્ટ કરેછે તે મનને તમે વૃત્તિયોના અભાવને અર્થે મતિમાં લય કરવાને કેમ યત્ન કરતાં નથી?

હે સ્ત્રિયો! જે મતિ વિરોધી વાસનાને અનુસરીને આ મનને જાગ્રત્ કરે છે તે મતિને તે વિરોધી વાસનાને અનુસરતી અટકાવવાને તમે સાવધાનતાને કેમ ધારણ કરતાં નથી? જે વિરોધી વાસના કામને, મતિને, તથા મનને બહિર્મુખ કરનાર કારણરૂપ છે તેને જાણીને તેના જયઅર્થે તમે યોગ્ય અભ્યાસને કેમ સેવતાં નથી? જે વાસના ક્રિયાનો આરંભ કરાવનારી થઇને આ સર્વ અનર્થના મૂલરૂપ થઇ રહી છે તેનો ઉચ્છેદ અભ્યાસવડે કરીને અક્રિય થવાને કેમ ઇચ્છતાં નથી? જે સંયોગી દ્રવ્યમાં સ્વભાવથી ક્રિયા પ્રકટેછે તેના તે સ્વભાવનો જય કરવાપર્યંત તમારી શક્તિ છતાં તમે અશક્તની પેઠે ઉદ્યોગરહિત કેમ રહો છો? આ દ્રવ્ય જે સ્વરૂપથી ભિન્ન ભિન્ન છતાં પણ સંયોગવિયોગને પામવાના ધર્મવાળાં છે તેમનો જે સમયે જે ધર્મ વિરોધી ગણાતો હોય તેને શમાવવા તમે ઉત્સાહને કેમ ધારણ કરતાં નથી? દ્રવ્યના સંયોગાદિ ધર્મથી પ્રકટતા વિરોધીઅવિરોધી સ્વભાવ જે જીવત્વના નિર્વાહક છે તેના ઉચ્છેદને કરવા જીવત્વની નિવૃત્તિની ઇચ્છાવાળાં છતાં તમે કેમ આતુરતા રાખતાં નથી?

હે સુવિચારવંતીઓ! જે તત્ત્વવડે આ દ્રવ્ય પોતપોતાના ધર્મને પ્રાપ્ત રહે છે તે તત્ત્વને અનુભવવાઅર્થે તમને પ્રેમ કેમ પ્રકટતો નથી? તમે કે જેમણે તત્ત્વબોધ સર્વાર્થસાધન છે એવો નિશ્ચય કર્યો છે તેમણે તે તત્ત્વબોધને પ્રાપ્ત થવા અવશ્ય પ્રવૃત્તિ કરવી જોઇએ છે; પરંતુ તમારી ઉત્સાહપૂર્વક તે નિમિત્તે પ્રવૃત્તિ થતી હું જોતો નથી તેથી તમને તમારા વાસ્તવ કર્તવ્યમાં જોડવાઅર્થે આ વચનો મારો ધર્મ જાણીને હું કહુંછું તે લક્ષમાં રાખજો. તમે જાણોછો કે તમે, હું અને આ આપણા માનેલા મમત્વના સર્વ પદાર્થો તે તત્ત્વવડે જ અસ્તિત્વમાં પ્રતીત થાય છે અને તે તત્ત્વના અભાનવડે જ આ દૃશ્ય પદાર્થ જે આસક્તિ કરવાયોગ્ય નથી તેમાં આપણે આસક્તિ કરીએ

છીએ. આ સંસારમાં નાના રૂપમાં પ્રતીત થતા પ્રાણિઓ તથા પદાર્થો જેમને આપણે સુખબુદ્ધિથી સેવીએ છીએ તે પદાર્થો વસ્તુતઃ સુખરૂપ નથી, પણ સુખરૂપ તત્ત્વના અભાનવડે જ આપણે આ પ્રાણિપદાર્થોને સુખરૂપ માનીએ છીએ. માટે હે સ્ત્રિયો! આ તમને થયેલું સ્ત્રીપણારૂપ ભાન જેવડે ભૂલી જવાય અને દુઃખરૂપ પદાર્થોમાંથી જેના વડે સુખબુદ્ધિ મટી જાય એવું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા ઉત્કંઠા રાખો. આ હું કે જેને તમે પતિબુદ્ધિથી સેવોછો તેના સ્વરૂપને જાણો. આગમઅપાયધર્મવાળા આ મારા શરીરમાં જ જે આજપર્યંત પતિબુદ્ધિરાખી રહ્યાંછે તે મતિને શમાવીને તમારા સ્વરૂપે રહેલું જે તમારા પતિપણારૂપ મારૂં સ્વરૂપ છે તેને અનુભવી, આ મોહરૂપ સંસારથી તરો, અને તમે પોતે સર્વાધિપતિપદને પ્રાપ્ત રહો.• તમે જાણોછો કે જેમ પતિવ્રતા સ્ત્રિયો પોતાના પતિના મરણસમયે વીરત્વને પ્રાપ્ત થાયછે અને તે સમયે તે પતિવ્રતાને જેમ તે એકાએક પ્રાપ્ત થયેલા વીરત્વના યોગે આ વ્યવહારના અન્ય ધર્મોનું તથા વિવેકનું એકે કાલે વિસ્મરણ થાય છે અને આગળપાછળનો વિચાર કરચા વિના જ તે પતિવ્રતા પતિના શવસાથે પોતાના શરીરને પ્રજાળે છે તેમ પ્રત્યેક પુરુષાદિને યોગ્ય પ્રસંગે આ પ્રકારનું વીરત્વ પ્રાપ્ત થાય છે, અને તેથી તે તે સમયે તેને અન્ય વ્યવહારધર્માદિનું અભાન થાયછે. આ કહેવાથી મારે આ ક્ષણે એ જ તાત્પર્ય તમારા લક્ષમાં આણવાનું છે કે આ હું કે જે એ પ્રકારના વીરત્વની વાટ જોતો જ બેઠો છું તેને જે ક્ષણે તે પ્રાપ્ત થશે ત્યારે તમારા પ્રતિના તથા આ પ્રજાઆદિપ્રતિના મારા ધર્મોનું મને તત્ક્ષણ વિસ્મરણ થશે, અને તે પછી મારી કેવે પ્રકારે અને ક્યાં ગતિ કે સ્થિતિ થશે એ કળી શકાશે નહિ. જેથી આ શરીરાદિ પદાર્થમાં રહેલી તમારી આસક્તિ તે ક્ષણે તમને દુઃખ આપનારી થશે. માટે આ શરીરાદિપદાર્થનો સહવાસ જ્યાં સુધી રહે ત્યાં સુધી તે તે પદાર્થોનાં સ્વરૂપને જાણીને તે પદાર્થપ્રતિની વિશેષ આસક્તિને ક્રમે ક્રમે ન્યૂન કરતાં તજીને સામાન્ય આસક્તિવડે તે સેવવાયોગ્ય પદાર્થોને સેવવા, અને પશ્ચાત્ કેવલ આસક્તિરહિત થઇને સુખમય થવું અર્થાત્ તત્ત્વાકાર થઈ રહેવું.

હે મહાત્મન્! આ આદિ અનેક પ્રકારનાં વચનો હું તે સ્ત્રિયોને પુનઃ પુનઃ પ્રસંગવશાત્ કહેતો અને તેથી તે તત્ત્વનિષ્ઠામાં નિપુણ સ્ત્રિયો પણ મારા ભાવને યથાવત્ સમજીને પોતાના કર્તવ્યમાં ઉત્તરોત્તર અધિક પ્રયત્નવડે જોડાઇને સ્વશક્ત્યનુસાર વિષયવાસનાના ત્યાગપૂર્વક

સુખાનુભવ કરતી સર્વ પદાર્થમાં અસ્પૃહા ધરવાના અભ્યાસવાળી રહેતી હતી.

એ સ્ત્રિયો પોતાની પ્રજાના વ્યવહાર કરવાના કાર્યભારથી મુક્ત થઈ હતી, કારણુ કે તેમની ચિંતા રાખવાનો સઘળો સમય વ્યતીત થઇ ગયો હતો, અર્થાત્ તે પ્રજા પોતપોતાના વ્યવહારને રુડે પ્રકારે ચલાવે એવું તેમનું યોગ્ય વય હતું. આમ છતાં વળી તેમને પોતાની પ્રજાવિષેનું મમત્વ પણુ લજી ગયું હતુ. એ સ્ત્રિયોનો એવો પણુ દૃઢ નિશ્ચય હતો કે આપણા માનેલા પદાર્થનું કે પ્રાણિઓનું આપણે જ રક્ષણુ કરીએ છીએ એમ નથી, પણુ સર્વના રક્ષક હેતુઓ તે તે પ્રાણિપદાર્થને જ્યાં ત્યાંથી સમયપરત્વ વ્યવસ્થાપક સત્તાબલે પ્રાપ્ત જ હોય• છે. એ સ્ત્રિયો ક્રમે કરીને પરમાત્મતત્ત્વના અનુસંધાનવડે પોતાની વૃત્તિયોને તૃપ્તિ તથા શાંતિમાં સ્થાપી રાખવાના યત્નમાં જોડાયલી રહેવા લાગી હતી, તેથી તેમને મારા સંબંધની તથા પોતાની પ્રજાઆદિના સંબંધની જાણે વિસ્મૃતિ થતી જતી હોય એમ પ્રસંગવશાત્ તેમની થતી ચેષ્ટાથી ભાસતું હતું. જ્યારે જ્યારે હું વ્યવહારનિમિત્ત સાવધાનપણું સેવતો, ત્યારે ત્યારે મને તેમની આ પ્રકારની ઉત્તરોત્તર થતી ઉત્કૃષ્ટ સ્થિતિનું ભાન થતું અને તેથી એક પક્ષે મને પણુ અધિક સંતોષ પ્રતીત થતો હતો. આ પ્રકારે દિવસો વ્યતીત થતાં સુભાગ્યના યોગે તે સ્ત્રિયોનાં અંતઃકરણુની ઉત્કૃષ્ટ સ્થિતિ થઇ. એક સમયે સાવધાનપણે તે સ્ત્રિયોએ આ પ્રકારનાં વચનોથી મને સંતોષ પ્રતીત કરાવ્યો.

સ્ત્રિયો કહે છે, હે ભગવન્! હવે આ અમારા રૂપે સ્ફુરેલી અહંભાવનાદ્વારા આપના તથાઅમારા અભેદસ્વરૂપનો અનુભવ અમને થયો છે. અમે અમારા અનંત સ્વરૂપના ભાનથી હવે આ વિશ્વપ્રપંચનું વિસ્મરણુ કરી શકીએ છીએ. કાંઈ પણુ દૃશ્ય અમને પ્રાપ્તઅપ્રાપ્ત રહેવાસંબંધી થતો અંતઃકરણુનો અનુકૂલપ્રતિકૂલ વ્યાપાર હવે નહિવત્ થયો છે. સર્વત્ર સ્વરૂપના અનુભવથી પ્રાપ્યપ્રાપકભાવ શમી ગયો છે, અને સૂક્ષ્મમાં કહીએ તો હવે અમે કૃતકૃત્ય થયાં છીએ. આ શરીર આ ક્ષણે અથવા કાલાંતરે છૂટી જાય એ સંબંધમાં હવે અમને સ્પૃહા રહેતી નથી. આ ભૌતિક શરીરોનો અવધિ આણુનાર કાલ જેમ કોઈ યાચક દીનતાથી યાચતો હોય તેની પેઠે આ શરીરોને યાચતો અમને પ્રસંગે મૂર્તિમાન્ દીનવત્ પ્રતીત થાય છે, પણુ સર્વ પ્રકારથી અસ્પૃહાને પ્રાપ્ત અમે તેપ્રતિ લક્ષ પણુ કરતાં નથી તેમ ભય પણુ પામતાં નથી.

આ આદિ વચનોથી પોતાના નિશ્ચયને મારા સમીપ પ્રકટ કરીને તે સ્ત્રિયો ત્યાર પછી પોતાની વૃત્તિને પોતે નિશ્ચય કરેલા અનુકૂલ લક્ષ્ય સ્વરૂપમાં સ્થાપતી રહી. થોડો કાલ વ્યતીત થતાં થોડે થોડે અંતરે તે બંને સ્ત્રીયોના શરીરની નિર્વાહક ચિજ્જડજ્યોતિ, ગ્રંથિત્રયના ભેદનપૂર્વક અષ્ટપુરીઓના ઉચ્છેદદ્વારા શરીરને નિર્બીજ કરીને સ્વસ્વરૂપાકાર થઈ રહી. એ સમયે કુટુંબમાં તથા નગરમાં મોટો ક્લેશ પ્રકટ્યો, પણ આ અંતઃકરણમાં યથાર્થ જ્ઞાનના પ્રભાવે ક્લેશનો સ્પર્શમાત્ર પણ થયો નહિ.

આ પ્રકારે સ્ત્રિયોને આ ભવાટવીનો અંત આવવાથી મને ઈશ્વરના મોટા અનુગ્રહનું ભાન થયું. જો એપ્રમાણે સ્ત્રિયોનો અંત થયો નહિ હોત અને તે પૂર્વે જ મારી આ વ્યવહારવૃત્તિ શૂન્ય દશાને પ્રાપ્ત થઈ હોત તો બાહ્યચેષ્ટામાત્રને જોઇ વર્તનાર અનેક અજ્ઞ મનુષ્યોને મારી સ્થિતિ દૃષ્ટાંતરૂપ થઈ પડત અને તેવા અનેક અજ્ઞ ઉન્મત્ત મનુષ્યો પ્રમાદથી વ્યવહાર ત્યજી આશા ત્યજ્યા વિના વિષયાસક્ત રહીને ઉભય ભ્રષ્ટ થાત, અને આશ્રમધર્મથી અકાલે ભ્રષ્ટ થવાથી પતિત થાત. પરંતુ તેમ ન થયું એ ઈશ્વરનો મોટો અનુગ્રહ થયો એવું આ વૃત્તિમાં ભાન થયું.

એ સુભાગ્યવંતી સ્ત્રિયોએ લૌકિક સૌભાગ્યસહ દેહને નિર્બીજ કરી ત્યજ્યા પછી થોડા સમયમાં જ મેં સમગ્ર પ્રજાને મારા વ્યવહારધર્મની નિવૃત્તિનો સમય સૂચવ્યો, અને હું એકાંતસેવનના નિમિત્તથી રાજ્ય, ગૃહ તથા નગરને ત્યજીને વનની વાટે વિચર્યો.

એ સમયે પણ વિવિધ પ્રકારના સંબંધથી બંધાયલાં અસંખ્ય મનુષ્યોને અવર્ણનીય ક્લેશની પ્રતીતિ થઇ, પરંતુ સંયોગવિયોગ વિશ્વપ્રપંચમાં સ્વભાવસિદ્ધ હોવાથી તેપ્રતિ આ વૃત્તિનો અલક્ષ હતો.

વનમાં વિચરતાં મારી સ્થિતિ ભાનાભાનવાળી રહેતી; અર્થાત્ કોઇ સમયે પદાર્થના ભાનવાળી અને કોઈ સમયે પદાર્થના અભાનવાળી. જ્યારે જ્યારે પદાર્થના ભાનવાળી સ્થિતિ રહેતી ત્યારે આ સ્થાવરજંગમ પદાર્થોમાં પ્રવેશતા તથા તેમાંથી નિકળતા સૂક્ષ્મ દ્રવ્યના પ્રવાહને હું સ્પષ્ટ અનુભવતો હતો અને તેથી આ પ્રાણિઓનાં શરીરને તો હું પરસ્પરનાં જીવનમરણનાં હેતુરૂપ અષ્ટપ્રહર વ્યાપારવાળાં યંત્રો સમજતો હતો. એક બીજામાંથી નિકળતા તથા એક બીજામાં પ્રવેશતા એ પ્રવાહ જ આ પ્રવાહપતિત પ્રાણિઓને અવસ્થાંતરને પ્રાપ્ત કરનાર કારણરૂપ હતા.

કેટલોક કાલ એ ભાનાભાનવાળી અવસ્થામાં વિચરતાં હું ક્યારે

અને શા નિમિત્તે અભાનાવસ્થામાં આવ્યો અને કેવા ક્રમથી મેં માર્ગને કાપ્યો અને આ સ્થલે મારૂં શી રીતે આવવું થયું એ જાણવામાં નથી. માત્ર તમારો ભારે સ્વર સાંભળવાથી આ વૃત્તિ ભાન કરતી થઇ અને આ વ્યવહાર કર્યો.

મહાત્મા કહે છે, હે મહારાજ વીરવિજયચંદ્ર ! આ પ્રકારનાં વચનો બોલીને તે અવધૂત વેષવાળો ભદ્રસેન મૌન રહ્યો. મેં ફલજલાદિથી તેનું આતિથ્ય કર્યું. તેનો તેણે મારા આગ્રહથી સ્વીકાર કર્યો. પછી રાત્રિ પડી ત્યારે હું મારા કર્તવ્યમાં રહ્યો અને તે પોતાની મેળે ચાલતો કોઈ દિશામાં વહ્યો ગયો. ત્યારપછી પુનઃ મારૂં તેનું મળવું થયું નથી. અનેક પ્રકારના વિલક્ષણ વેગવડે વહેતા આ સંસારપ્રવાહના સ્વરૂપને હું યથાવત્ જાણતો હતો તેથી મેં પણ તેના સંબંધમાં પુનઃ વૃત્તિને વેગ આપ્યો ન હતો, અને તે કયી દિશાપ્રતિ ગયો તેનો શોધ પણ કર્યો ન હતો.

હે રાજપુત્ર ! આપ્રમાણે તમારી ઇચ્છાથી મેં તે ભદ્રસેનનો આ સઘળો વૃત્તાન્ત તમારા પ્રતિ કહ્યો. હવે જે કાંઈ તમારી ઇચ્છા હોય તે કરો.

આ પ્રકારનાં તે મહાત્માનાં વચનને તથા ભદ્રસેનની કથાને શ્રવણ કરીને તે ધૈર્યબલવાળો વીરવિજયચંદ્ર આ પ્રકારનાં વચનો બોલ્યો.

વીરવિજયચંદ્ર કહે છે, હે સિદ્ધ પુરુષ ! આપે મારા ઉપર જે ઉપકાર આ સમયમાં કર્યો છે એ અન્ય સમયે મારાથી અનેક પ્રકારના પ્રયોગોવડે પણ વાળી શકાય એમ નથી. તેમાં પણ આપસરખા આપ્તકામ પુરુષનો ઉપકાર કયા પ્રયોગોથી વાળવો, એ પણ આ ક્ષણે હું સમજી શકતો નથી. માત્ર એ ઉપકારનિમિત્ત આ ક્ષણે તો આપને સવિનય નમસ્કાર કરવો એ જ મને ઉચિત ભાસેછે.

આપે મારા હિતને અર્થે કહેલી આ ભદ્રસેનની કથાને મેં પ્રેમવડે શ્રવણ કરી છે. અને તેમાંથી મારા ઉપયોગનું ઘણું મેં ગ્રહણ કર્યું છે. એની સઘળી સ્થિતિઓનાં ચિત્ર મારા હૃદયમાં પ્રતિબિંબિત થયાં છે. તેમાંની કયી સ્થિતિપર મારાથી જવાશે એ સમજાતું નથી. સર્વોત્તમ સ્થિતિ તો તેની અંત્યાવસ્થાની છે, પરંતુ આ સમયે હું તેનો અનધિકારી છું, એટલે નિરુપાય.

હવે આપને મારે અધિક કાલ વિઘ્નરૂપ થઇ નડવું, એ અધિક યોગ્ય જણાતું નથી તેથી આપની કૃપાને ઇચ્છતો હું આગળ પ્રયાણને આરંભું છું. માત્ર આપને નિવેદન કરવાનું એ જ છે કે આપના સ્વધર્મમાં પ્રતિબંધ ન આવે અને મને હિતકર થઈ રહે એવી મારા

સંબંધમાં કાંઈ આજ્ઞા હોય તો કરો. હું ક્ષત્રિયપુત્ર હોવાથી ધારેલા નિશ્ચયથી પાછો હઠવાનો નથી. મરણને સ્વીકારૂં પણ દૃઢ કરેલા સંકલ્પથી ભ્રષ્ટ થનાર નથી. હું સકામ છતાં પણ દુષ્ટ સ્પૃહાથી દુર્બલ નથી, તેથી ધારણા પાર પાડવાપર્યંત મરણ ન આવે તો પાછો હઠવાનો નથી. તેથી આપે જે અધિક ઉપકાર કરવો ઘટિત હોય તે કરો.

મહાત્મા કહે છે, હે રાજપુત્ર! હવે તમારા અંતર્માં ઉઠતી પ્રથમ વૃત્તિને અનુસરીને વિચરો. એથી અધિક આ ક્ષણે કાંઈ પણ કહેવા યોગ્ય નથી.

વીરવિજયચંદ્ર કહે છે, આ ક્ષણે પ્રથમ વૃત્તિ તો એવી સ્ફુરી કે જો આપ કાંઈ ભાવિમાં કરવા યોગ્ય નહિ કહો તો અત્રથી પૂર્વમાં પ્રયાણ કરવું.

મહાત્મા કહે છે, તો હવે ઇષ્ટ સ્મરીને તેમ જ કરો.

આ સાંભળીને તત્ક્ષણ ઇષ્ટ સ્મરીને તે મહાત્માને નમસ્કાર કરીને તે બોલ્યો, હે ભગવન્! મારા પ્રતિ અમૃતમયી વૃત્તિ પ્રસંગે નાંખજો, અને પુનઃ અનુગ્રહવડે મારી ઇચ્છા પૂર્ણ થયે યોગ્ય ભાસે તો મને આપનાં પાપહર દર્શન આપજો. એમ બોલીને પૂર્વમાં ચાલ્યો. મહાત્મા એક પણ શબ્દ ન બોલતાં ઉઠીને તે વીરવિજયચંદ્રના પૃષ્ઠને જોઇને પોતાની ગુહાપ્રતિ વળ્યા. વીરવિજયચંદ્ર પણ પાછળ જોતો, મનવડે નમન કરતો આગળ ચાલ્યો. એક બીજાની દૃષ્ટિથી બહિર્ પરસ્પર થયા પછી વીરવિજયચંદ્ર આ પ્રમાણે બોલતો આગળ ચાલ્યો.

સોરઠા.

મરણ જ ઇચ્છે જેહ, ઇચ્છે તે ન જગે કશું;
કદિ ઇચ્છે તો તેહ, ઇચ્છે સંગી ધર્મને.
જાય ત્યજી જન સર્વ, સ્ત્રીસુતગૃહવિત્તાદિને;
ધર્મ ત્યજે ત્યજી ગર્વ, જીવન્મુક્ત કોક જ જગે
અવર સકલ સજી ધર્મ, ઇહપરલોકે સુખ લહે
લહે ન ભવનો મર્મ, તો ત્યજી ધર્મ સ્વજન દહે.
માટે ધર્મ જ એક, ઉર ધરવાસરખો દીસે,
તેથી ધરી વિવેક, ત્યજું ન ધર્મ મરણલગી.
જો છે ઈશ સહાય, તો ધાર્યું કરવું જગે;
નહિ તો ભવરણમાંહ્ય, તપથી તનુને ત્રોડવું.

આટલું બોલીને મનમાં વિચારતો ચાલે છે કે જન્મેલાને મરણ તો છે જ. કાયર જનો ગૃહગુહામાં ક્લેશને અનુભવતાં અને શૂ-

રવીર સાધકો ગિરિગુહામાં પ્રસન્નતાવડે કાલવશ શરીરને સમય આવ્યે છોડે છે. ક્ષત્રિયે તો રણુમાં જ મરણુને સ્વીકારવું, કાં અજાતશત્રુ થઈ સ્વતંત્રપણે જ્યાં ત્યાં શરીર છોડવું છે. હું ક્ષત્રિયના કુલમાં જન્મ્યો છું, છતાં હજી કુલધર્મને યથાવત્ ધરી રણુમાં શત્રુઓના રુધિરની નદી ચલાવવાનો સમય મારે આવ્યો નથી. જો ઈશ્વિરે સંકેતવડે જન્મ આપ્યો હશે તો સમય અને સામર્થ્ય આવી મળશે. વર્ષાકાલે અને અન્ય ઋતુઓમાં પણુ અસંખ્ય ઋતુઓના જંતુ ઉપજી ઉપજીને ખપી જાય છે, પરંતુ તેમનું જગમાં આવવુંજવું વ્યર્થસરખું જ છે. કારણુ કે તેઓ સાધવાયોગ્ય સ્વપરહિત સાધ્યાવિના જ અળપાઈ જાય છે. સાર્થક જન્મ તો તેનો જ છે કે જે સાધવાયોગ્ય સાધીને જ વિરમે છે.'

આ પ્રકારે વિચાર કરતો ચાલે છે. કેટલોક પંથ કાપતાં સૂર્યને પાછળ સંતાઈ જતા હોય એમ અસ્ત પામતા જોઇને બોલે છે,

સોરઠા.

જગે ઉદય ને અસ્ત, સૂર્યસમાને પણુ રહ્યો,
જીવ જે દુ:ખથી ગ્રસ્ત, તેને અસ્તોદય જ શું ?
રવિને ઉદય ન અસ્ત, પણુ જનને ભાસે સદા,
જયમ હુ વિચરૂં મસ્ત, પણુ જન તો દુ:ખી લેખતા.

અસ્ત થતા સૂર્યને વિધિવત્ નમન કરીને આગળ ચાલ્યો. સમય જતાં કૃષ્ણુપક્ષની રાત્રિએ પોતાનું ભયંકર રૂપ પ્રકટાવવા માંડયું. દિશાઓમાં અંધકાર અભિવ્યક્ત થયો. વનના રાજા તથા વનની પ્રજા પોતપોતાનાં વ્યવહારઅર્થે સાવધાન થયાં. તમસ્થી ભય પામનારાં પોતપોતાનાં ગુપ્ત થવાનાં સ્થલોમાં ભરાઇ બેઠાં. સ્થલે સ્થલે વૃક્ષો પણુ પત્રોરૂપ નેત્ર બંધ કરીને નિદ્રા લેતાં હોય એમ ભાસ્યાં. પણુ ભયને જેણે તૃણુવત્ ત્રેવડયો છે એવો વીરવિજયચંદ્ર તો નિશાપતિ ચંદ્રની પેઠે રાત્રિમાં પણુ ઉતાવળી ગતિથી ચાલતો જ રહ્યો.

વિચારમાં ને વિચારમાં ચાલતાં શુમારે પ્રહર રાત્રિ વ્યતીત થઈ. મૃદુ મધુર અને કઠોર શબ્દોથી ગર્જિત વનને વિંધતો ચાલે છે, પણુ અતરૂમાં કોઈ વિશ્રામ કરવાયોગ્ય સ્થલની આશા રાખે છે. આગળ ચાલતાં ઘણે અંતરેથી પ્રકાશસરખું કાંઈ ભાસ્યું તેથી એ ગ્રામ હશે એવું અનુમાન થયું. આગળ ચાલતાં તે પ્રકાશ કોઈ ગૃહના દ્વારમાંથી બહાર આવતો હોય એવું જણાયું. માર્ગ કાપતાં જ્યારે છેક નિકટ આવ્યો ત્યારે તેણે જાણ્યું કે આજુબાજુ વસતિ નથી, પણુ આ કોઈ એકાંતસેવન કરનારનો મઠ છે. એ મઠના દ્વારપ્રતિ દૃષ્ટિ નાંખતાં કોઈ મનુષ્યનું મઠમાં હરવું ફરવું જણાયું નહિ,

અને શાંતસરખું જણાયું. દ્વારમાંથી બહાર પડતો પ્રકાશ જણાયો પણ એ પ્રકાશ શેનો છે તે કાંઈ જણાયું નહિ. અરણ્યમાં ઉઘાડાં દ્વાર મૂકી રાત્રિએ કોણ અત્ર રહે છે તથા તે શું ક્રિયા કરે છે એ જાણવાને પ્રથમ તો ગુપ્તપણે જઇને મઠની બાજુએ રચેલા ચોતરા-ઉપર બેઠો. મઠની ચારે બાજુએ દ્વાર છે એમ જાણ્યું, કારણકે ચારે બાજુએ દ્વારમાંથી બહિર્ પડતો પ્રકાશ જણાતો હતો. લગાર બેશીને પછી ઉઠીને ચારે બાજુએ ફરી વળ્યો. દીપકાદિ પ્રકાશના કોઈ આ-ધારને અંદર દૃષ્ટિ નાંખવા છતાં ન દેખી શકવાથી આશ્ચર્યને પામવા લાગ્યો. પણ ક્ષત્રિયજાતિ હોવાથી ભયરહિતપણે કૌતુક જાણવાની આતુરતાથી પુનઃ તે જ ચોતરાઉપર જઇને બેઠો. બે ઘટિકાજેટલો કાલ કેવલ શાંતિથી ગયો તેથી એના મનમાં એમ ભાસ્યું કે કાં તો મઠાધિપતિ નિદ્રાવશ છે કે કાં તો મઠથી બહાર કાંઈ કારણસર નિકળ્યા હશે. આમ વિચારે છે એટલામાં આ પ્રકારના શબ્દો કાને સાંભળ્યા.

'સાધો ! જો તારી ઇચ્છા હોય તો તને હું દેવ પ્રસન્ન થાય એવો ઉપાય કહું. તે દેવો પણ અનેક છે, અને વિવિધ મનવાં-છિત ફલ આપનાર છે. ભિન્ન ભિન્ન દેવનાં સાધનના પ્રકાર પણ ભિન્ન ભિન્ન છે. તેમનાં સાધનસમયે પાળવાના નિયમો, આહારના પદાર્થો તથા બલિદાન આપવાના પદાર્થો તને કહું. અને જો ઇચ્છા હોય તો દેવીઓને પ્રસન્ન કરવાનો વિધિ કહું. દેવીઓ પણ અનેક છે, અને વિવિધ ફલ આપનાર છે. એ દેવીઓની સહાયતાથી ત્રિ-ભુવનમાં તને કાંઈ દુર્લભ રહેશે નહિ. આ ત્રિલોકમાં તું પૂજ્ય થઇશ. અને જો તારી એમ જ ઇચ્છા હોય તો હું તને નાના પણ નિયત ફલને આપનારી અનેક યક્ષિણીને પ્રસન્ન કરવાનો ઉપાય આપું. તેમાં તને રુચે તો નિત્ય એક સુવર્ણમુદ્રા આપનારી, નહિ તો નિત્ય ત્રિશ મુદ્રા આપનારી, નહિ તો સો મુદ્રા આપનારી અને તે નહિ તો નિત્ય એક સહસ્ર સુવર્ણમુદ્રા આપનારી ધનેશ્વરી નામવાળી યક્ષિણીને પ્રસન્ન કરવાનો માર્ગ કહું. અન્ય યક્ષિણીઓમાંની એક તો એક દંડ આપે છે, જે દંડપર આરૂઢ થઇને પૃથ્વીથી એકવિંશ ગજ ઊંચા ઉડાય છે, અને ઇચ્છામાં આવે ત્યાં એ પ્રમાણે આકાશમાર્ગે જઈ આવી શકાયછે. બીજી એક તો પ્રસન્ન થઇને વસ્ત્ર આપે છે, જે વસ્ત્રના પ્રતાપથી કોઈ દેખે નહિ, એવી સિદ્ધિ મળે છે. તે નહિ તો એક વટેશ્વરી નામની યક્ષિણી જે અખુટ લક્ષ્મી તથા રસાય-નવિધિની ઔષધિ આપે છે, તેનો પ્રયોગ તને કહું, જેથી ભંડાર

સદા પૂર્ણ રહેવાથી તુ અખંડ સુખ ભોગવીશ.

વળી જો તને પ્રિય હોય તો એક યક્ષિણીનો પ્રયોગ કહું જે પ્રસન્ન થઇને એક મણિ આપે છે, જે મણિના પ્રતાપથી અગાધ જલમાં પ્રવેશ કરતાં જલ બોળે નહિ કે પ્રાણ લે નહિ. પૃથ્વીની પેઠે જલમાં જ્યાં ત્યાં વિચરે. વળી તે મણિથી મૃતક પણ જીવાડી શકાય છે. તે નહિ તો એક યક્ષિણીનો પ્રયોગ કહું, જે ભૂમિમાં રહેલા ધનને દેખાડે તથા ત્રિલોકમાં થતી ભૂત, ભાવિ કે વર્તમાનની વાર્તા કહે. અને જો તને યોગ્ય જણાય તો એક યક્ષિણીનો પ્રયોગ કહું જેને પ્રસન્ન કરવાથી એક ત્રિભુવનવિજયીખડ્ગ મળે છે જે ખડ્ગને હસ્તમાં ધારણ કરનાર પુરુષ ત્રણ લોકમાં કોઇથી પરાભવને પામતો નથી.

હે વનવાસિન્ ! એ વિના અનેક યક્ષિણીઓ છે અને તેમના સર્વના ભિન્નભિન્ન સાધનના પ્રયોગો છે. તમના મંત્ર, તે મંત્ર જપવાની વિવિધ જાતિની રક્તચંદનાદિની માળાઓ, તે જપ કરવાનાં નિશ્ચય કરાયલાં વિવિધ સ્થલો તથા તે યક્ષિણીઓને બલિ આપવાના પણ નાના પ્રકારના વિધિ છે. એમાંથી જેને તારે પ્રસન્ન કરવાની ઇચ્છા હોય અને જેથી તને સંતોષ પ્રાપ્ત થતો હોય તે કહે તો તેને જ પ્રસન્ન કરવાનો ઉપાય હું તને કહું.'

આટલાં વચનો બોલીને તે બોલનાર બંધ રહ્યું. પણ તેના સંમુખ ઉત્તર આપનાર કોઈ બોલ્યું નહિ, ત્યારે થોડી વાર વાટ જોઇને આ વીરવિજયચંદ્ર આશ્ચર્ય પામીને મઠમાં પ્રવેશવા તૈયાર થયો, તે એવા સંશયથી કે આ કોઈ મને તો પૂછતું નથી ? જોઉં, મઠમાં રહીને આ કોણ અને કોના પ્રતિ બોલે છે ? આવા વિચારથી તેણે મઠના દ્વારમાં પ્રવેશ કર્યો. પ્રવેશતાં પ્રથમ તો તેને પ્રકાશમાં આસપાસ કાંઈ જણાયું નહિ. પણ જેનાથી આ પ્રકાશ પ્રકટતો હતો તેને પુરુષાકારમાં બેઠેલો જોયો. તેના સમીપ જઇને જુએ છે તો નેત્ર બંધ કરીને બેઠેલો કોઈ સાધુસરખો વિરક્ત પુરુષ જણાયો. આજુબાજુ જોતાં જ્યારે અન્ય કોઇપણ જણાયું નહિ ત્યારે તેણે હસ્ત જોડીને મોટા સ્વરથી નીચે પ્રમાણે પૂછ્યું.

'હે દેવ ! આપ કોણ છો તે કૃપા કરીને કહો. આ અનેક વચનો બોલીને કેમ મૌન ધરીને બેઠા છો ? એ વચનો આપ બોલ્યા છો કે કોઈ અન્ય, અને અન્ય કોઈ બોલ્યું તો તે બોલનાર આ સ્થલે જોવામાં કેમ આવતું નથી ? આપ જાગ્રત્ છો કે નિદ્રામાં છો કે સમાધિસ્થિતિમાં છો ' ? આ પ્રકારે પૂછવા છતાં ઉત્તર આપ્યું

નહિ ત્યારે પુનઃ સ્તુતિ કરતાં નીચેનાં વચનો બોલ્યો.

'હે દેવ! આપને હું નમસ્કાર કરૂં છું. આપ આ તેજને પ્રકટાવનારા આ ભૂલોકમાં સૂર્ય ભગવાન્ જ બીજે રૂપે આવ્યા છો કે શું? હું સરખા દુઃખગ્રસ્તને દુઃખમાંથી મુક્ત કરવાને જ કોઈ દેવ આમ મનુષ્યરૂપે આવી અત્ર પ્રકટ થયા હો એમ ભાસે છે. માટે હવે કૃપા કરીને પ્રસન્ન થાઓ અને બોલો.' એટલું બોલીને પોતાનું મસ્તક તેમનાં ચરણઉપર મૂક્યું, અને ચરણને હાથવડે સ્પર્શ કર્યો. સ્પર્શ થવાથી નેત્ર ઉઘાડીને તે પુરુષે ગંભીર વાણીવડે આ પ્રકારે વીરવિજયચંદ્રને પૂછ્યું.

'હે ભયરહિત! તું કોણ છે? શા માટે ક્યાંથી આવ્યો છે? અને કોની આજ્ઞાથી મઠમાં પ્રવેશ કરચો છે તે કહે.

પોતાના શરીરમાંથી તેજને પ્રસરાવતા તેજઃપુંજરૂપ તે મહાપુરુષનાં વચન સાંભળીને વીરવિજયચંદ્ર આપ્રમાણે બોલ્યો.

'હે ભગવન્! હું પ્રવાસી રાજપુત્ર છું. ઘણે દૂરથી આવુંછું અને ક્યાં તથા કેટલે દૂર જવાનું છે એ જાણતો નથી. માર્ગમાં ચાલતાં વિશ્રામસ્થલને ઇચ્છતો હતો તેટલામાં આ મઠ જણાયો. આવીને બહાર બેઠાપછી બે ઘટિકા થઈ ત્યારે કોઈ આશ્ચર્યને પમાડનારી દેવાદિનાં સાધનની વાર્તા કરીને પૂછવા લાગ્યું કે હવે જે તારી ઇચ્છા હોય તે કહે. એ સઘળી વાર્તા શ્રવણ કરીને તેના ઉત્તરને સાંભળવાની વાટ જોઈ પણ કોઈ બોલ્યું નહિ ત્યારે મેં જાણ્યું જે મને તો કોઈ પૂછતું નથી? આ પ્રકારના અનુમાનથી મેં મઠમાં પ્રવેશ કર્યો છે. જો એમાં મારાથી અપરાધ થયો હોય તો આપ દયાના સમુદ્ર મને ક્ષમા આપશો. અમે ક્ષત્રિય સદા અદીનપણે વર્તનાર છીએ તથાપિ ઈશ્વરની વિભૂતિરૂપ આપ મહાત્માના સમીપ દીનતા ધારણ કરવી એ અમારો ધર્મ છે.

મહાત્મા બોલ્યા, હે ભાઈ! ઈશ્વરની વિભૂતિરૂપ મહાત્મા વિના અન્ય સર્વ સ્થલમાં દીનતારહિત રહેનાર તમારા સરખા ક્ષત્રિય દુર્લભ છે. ઘણા ક્ષત્રિયોને તો સ્ત્રીના સમીપ દીન થતા સાંભળ્યા છે. તેમજ નામમાત્રથી ક્ષત્રિય કહેવડાવનારા એવા તો ઘણા, નીચ સ્વભાવના મનુષ્યોપાસે પણ સ્વાર્થવશ થવાથી દીનત્વ ધારણ કરે છે. કોઇએક વિષયકામનાથી રહિત થયેલો પુરુષ જ દીનત્વને દાસ કરે છે. બાકી વિષયલાલસાવાળા પ્રાણિઓ તો સ્થલે સ્થલે દીનત્વના દાસ થાય છે.

આ વચન સાંભળીને તે વીરવિજયચંદ્ર બોલ્યો, હે ભગવન્! યદ્યપિ હું વિષયવાસનાવાળો છું તથાપિ આજપર્યંત મને વિષયસમીપ

કે નીચ જનપ્રતિ દીનત્વ ધારણ કરવાનો સમય આવ્યો નથી.

મહાત્મા કહે છે, હે ભાઇ! મને કહો કે તમે આ આશ્રમમાં શી વાર્તાને શ્રવણ કરી?

વીરવિજયચંદ્ર પોતે શ્રવણ કરેલા સઘળા શબ્દો બોલ્યો અને કહ્યું કે આપ કૃપા કરીને મારો સંદેહ નિવારણ કરો કે એ શબ્દો કોણ કોના પ્રતિ બોલ્યું છે?

મહાત્મા કહે છે, હે ભાઇ! એવાં કૌતુક તો આ આશ્રમમાં ઘણીવાર સંભળાય છે. તેમાં વિશેષે કરીને કોઇ આવનાર હોય છે કે આવ્યું હોય છે ત્યારે તો અવશ્ય સંભળાય છે. આ તમારા કહેલા શબ્દઉપરથી સમજાય છે કે તમને ત્રિભુવનને વશ વર્તાવવાની ઇચ્છા છે તેમ જ કોઇ સ્ત્રીની અભિલાષાથી તમારો પ્રવાસ છે.

વીરવિજયચંદ્ર કહેછે, આપે એ વાર્તા શી રીતે જાણી?

મહાત્મા કહે છે ભાઇ! એ વાણીમાં અંતે ત્રિભુવનવિજયીખડ્ગ મેળવવાની ઉપાસના વિષે પૂછ્યું છે, તેમ જ અંતમાં યક્ષિણીઓની ઉપાસનાનું વર્ણન કર્યું છે, એથી તમારી કામના મને સમજવામાં આવી છે. એ કોણ બોલ્યું છે તે તો હું તમને કહી શકતો નથી પણ એ દેવવાણી થઇ છે એમાં સંદેહ નથી.

વીરવિજયચંદ્ર કહે છે, હે ભગવન્! આપના આશ્રમમાં એવી દેવવાણી વારંવાર શાથી થાય છે? તથા આપ કોણ છો? અત્ર ક્યારથી વસો છો? અને આ આપના શરીરમાંથી પ્રકાશ શાથી પ્રકટેછે એ આદિ સર્વ વાર્તા જો આપને પ્રતિબંધ ન હોય તો મને કૃપા કરીને કહો. આ આશ્ચર્ય મારા જોવામાં પ્રથમ જ આવે છે, અને તેથી એને સકારણ સમજવાની મને આતુરતા છે.

મહાત્મા કહેછે, હે ભાઈ! તમને શ્રવણ કરવાની ઇચ્છા છે તો તમારા પ્રતિ કહેવામાં હું પ્રતિબંધ જોતો નથી, માટે સ્વસ્થ થઇને આ પાત્રમાંથી જલ લો, અને પ્રાણને તૃપ્ત કરો. પછી શ્રમથી મુક્ત થઇને શ્રવણ કરો. આશ્રમમાં રહેલા મનુષ્યે આશ્રમમાં આવેલા મનુષ્યનું ફલજલાદિથી સંમાન કરવું એ આશ્રમવાસીનો ધર્મ છે.

પછી વીરવિજયચંદ્ર ઇચ્છાનુસાર ફલજલ ગ્રહણ કરીને મહાત્માના મુખથી સર્વ વૃત્તાન્ત શ્રવણ કરવા સ્વસ્થ થઇ બેઠો.

મહાત્મા કહે છે, હે વીરવિજય! આ સંસાર શી વસ્તુ છે, એ શા કારણથી વિચિત્રતાવાળો ભાસે છે, એનો અંત ક્યારે છે અને શેમાં છે, એ આદિ વિચાર કરવાની મનુષ્યશરીરમાં ઇચ્છા થવી એ સ્વાભાવિક છે; અને તેથી મને બ્રાહ્મણના કુલમાં જન્મ્યા પછી

યોગ્ય વય પ્રાપ્ત થયે સારાસાર વિચાર કરવાની શક્તિ આવી ત્યારે વિચાર આવવા લાગ્યા. પણ કેવલ વિચારથી જ એનો હું નિર્ણય કરી શક્યો નહિ. પશ્ચાત્ વિદ્યા ભણીને 'શાસ્ત્રને અવલોકન કરવા માંડ્યું. તેમાં મેં પોતાની મેળે ઘણા ગ્રંથો જોયા અને તેમના તાત્પર્યને નિશ્ચય કરવા તથા તેમાં સ્થિર થવા યત્ન કર્યો; પણ આ સંશયાદિ દોષવાળું અંતઃકરણ અનેક વિચારને શાસ્ત્રદ્વારા જાણીને તે સર્વના તાત્પર્યને જેમ હશે તેમ નિશ્ચય કરી શક્યું નહિ, અને ઉત્તરોત્તર સંશયવાળું થતુ ગયું. આયુષ્યની મર્યાદાપર્યંત પણ જે કરવાનો અંત ના આવે એવા કર્તવ્યના સ્વરૂપનો વિચાર કરીને હું તે શાસ્ત્રોના અવલોકનથી પણ તૃપ્ત થયો નહિ. એ સંધિમાં માતાપિતાનો દૈવયોગથી કાલ થયો, જેથી નિરાધાર થવાથી સંસારમાર્ગનું સ્વરૂપ ભયંકર ભાસવા લાગ્યું. શાસ્ત્રમાંથી જાણેલા ગૃહસ્થના ધર્મો વિકટ જણાવા લાગ્યા, તોપણ પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત ગૃહસ્થાશ્રમનો તત્કાલ ત્યાગ થઈ શક્યો નહિ. કાલે કરીને પુત્રપ્રજા થઈ અને તે પુત્રને યોગ્ય સમયે ગૃહસ્થાશ્રમને પ્રાપ્ત કર્યો. હે રાજન્! આ જગત્માં પ્રતિકૂલ અંશવાળા પ્રારબ્ધથી પ્રાપ્ત થયેલા સ્ત્રીપુત્રધનગૃહક્ષેત્રાદિ પદાર્થો પ્રજ્વલિત અગ્નિની પેઠે સંતાપ આપનાર હોય છે, અનુકૂલ અંશવાળા સંસ્કારથી પ્રાપ્ત થયેલ તે સર્વ અનુપમ સુખશાંતિના કારણરૂપ પ્રતીત થાય છે, અને મિશ્રપ્રારબ્ધઅંશથી સુખદુઃખના જનક થાય છે. આ વાર્તાને જાણનાર હું તે મમત્વના સ્ત્રીપુત્રાદિ પદાર્થોદ્વારા પ્રતીત થતાં સુખદુઃખાદિ ફલદ્વારા મારા સંસ્કારને યથાવત્ સમજવા લાગ્યો. પણ આ વિચિત્ર માયાના સ્વરૂપને શાસ્ત્ર તથા વિચારદ્વારા જેવું તેવું જાણેલું હતું તેથી એ વિષયજન્ય તાપથી કે સુખથી હું શોકહર્ષાદિ વિકારને વિશેષે કરીને પ્રાપ્ત થતો ન હતો. દૈવવશાત્ સ્ત્રીની આયુષ્મર્યાદા પૂર્ણ થઈ ગૃહસ્થાશ્રમ છૂટ્યો ત્યારે મેં મને પોતાને એક પક્ષથી સુભાગ્યવાન્ ગણ્યો. કારણ કે જે જે સમયે જેવી જેવી જોઇએ તેવી તેવી સ્થિતિને તે તે સમયે પ્રાપ્ત થવું એ સુભાગ્યના યોગ વિના બનતું નથી. સ્ત્રીના નિવૃત્ત થયા પછી પુત્રગૃહાદિનાં મમત્વવડે પ્રાપ્ત બંધનોને મેં ક્રમે કરીને શિથિલ કરી નાંખ્યાં, અને આ જન્મમૃત્યુરૂપ સંસારના મિથ્યાત્વનો દૃઢ નિશ્ચય કરીને મેં સર્વ સંબંધીની અનુમતિવડે તીર્થવાસ કરવા પ્રયાણ કર્યું. વિવિધ ક્ષેત્રોમાં નાના પ્રકારમાં ચરિત્રચેષ્ટાવાળા તથા વિલક્ષણ સ્થિતિવાળા અનેક મહાત્માઓનાં દર્શન મને થયાં તથા તેમના દ્વારા જાણવાયોગ્ય નિશ્ચયો જાણવામાં આવ્યા. તીર્થોમાં ભ્રમણ કરતાં મન હાર્યું, અને કર્તવ્ય તો શેષ

રહ્યું, ત્યારે મેં ભ્રમણનો ત્યાગ કરીને મનને કર્તવ્યમાં જોડવાને એકાંત સ્થલે નિવાસ કરવાની ઇચ્છા કરી. માર્ગ કાપતાં આ સ્થલે આવ્યો તો આ મઠ ઉજડ પડેલો દૃષ્ટિએ આવ્યો. રાત્રિ આ સ્થાનમાં ગાળી. તેમાં સ્વપ્નમાં કોઈ પુરુષે આવીને મને કહ્યું કે 'હવે તું આ સ્થલે નિવાસ કર. તારૂં સર્વ કર્તવ્ય સિદ્ધ થશે.' આ પ્રકારનું સ્વપ્ન થયા પછી જાગ્રત્ થયો અને અદૃષ્ટને આ સ્થલ જ અનુકૂલ હશે એમ ધારી અત્ર જ તે દિવસથી રહ્યો.

હે રાજકુમાર! આ સ્થલે મારા આવવાપર્યંતની વાર્તા તને સંક્ષેપમાં કહી. હવે જે શેષ રહ્યું છે તે કહું છું, તેને તું સુખપૂર્વક શ્રવણ કર.

આ સ્થલે રહીને મેં ફલકંદમૂલપત્રાદિથી પ્રાણનું રક્ષણ કરવા માંડ્યું; અને સદા આ પ્રતીત થતા સંસારપ્રપંચના કારણમાં મનને જોડી રાખવાનો અભ્યાસ કરવા માંડ્યો. દિવસે સૂર્યના ઉદયથી અને રાત્રિએ ચંદ્રતારકાદિના પ્રકાશથી આ જગત્માં ભયના કારણરૂપ પદાર્થોની પ્રતીતિ થતી, અને અંધકારના સમયમાં બહારના પદાર્થોનાં દર્શન નહિ છતાં વૃત્તિમાં રહેલા પદાર્થોની પ્રતીતિ થતી. આ પ્રકારે દ્વૈતની પ્રતીતિ હોવાથી મને દ્વૈતની પ્રતીતિદ્વારા થતું સામાન્ય ભય પ્રાપ્ત રહેતું જણાયું, અને આ મન એકાગ્રતાને પ્રાપ્ત થયું પ્રતીત થયું નહિ. મેં વિચાર કરયો કે શાસ્ત્રમાં સર્વદ્વૈતપ્રપંચના અભાવની પ્રતીતિના સમયે સુખાવિર્ભાવ કહ્યો છે, અને મને તો આ દ્વૈતની પ્રતીતિ મટતી નથી ત્યારે હવે શું કરવું? વિચાર કરતાં એમ ભાસ્યું કે આ જગત્માં પ્રકાશ અને અંધકાર એ બે ભાવ પરસ્પર વિરોધી છતાં સર્વ જીવને પ્રતીત થાય છે. આ પ્રથમ દ્વૈત છે, તેથી જો દ્વૈતની નિવૃત્તિ જ કરવી છે તો મારે એમાંથી એકની નિવૃત્તિ કરવી જોઇએ—કાં તો મને અંધકાર દૃષ્ટિએ ન પડે અને કાં તો મને પ્રકાશ જોવામાં ન આવે. એથી આગળ વિચાર ચાલતાં મને એવી શંકા થઈ કે આ અંધકાર અને પ્રકાશ એ બેમાંથી પ્રથમ શું હશે? અને પાછળથી શું હશે? એ સંબંધમાં મેં એવો વિચાર કરયો કે આ પ્રકાશ તો ઉપાધિજન્ય પ્રતીત થાયછે. આ સૂર્ય, ચંદ્ર, તારા કે દીપકાદિ ઉપાધિવડે જ પ્રકાશ ભાસેછે. એ સૂર્યાદિ કે મણિઆદિ ઉપાધિ પદાર્થ ન હોય તો પ્રકાશ પ્રતીત થાય નહિ. આથી એ નિશ્ચય થયો કે પ્રકાશ ઉપાધિજન્ય છે અને અંધકાર તો સ્વતઃસિદ્ધ સ્વયંભુસરખો પ્રતીત થાય છે, એથી પ્રથમ અંધકાર અને પછી પ્રકાશ એમ હોવું જોઇએ. આ પ્રકારનો નિશ્ચય થતાં પણ એવી શંકા સ્ફુરી કે જો

પ્રથમ અંધકારમાં પ્રકાશનું મૂલ કારણરૂપે અસ્તિત્વ જ ન હોય તો અત્યંતાભાવમાંથી ભાવરૂપ કાર્યની પ્રતીતિ થાય નહિ. માટે અંધકારના સમયમાં પણ કારણરૂપે પ્રકાશનું અસ્તિત્વ હોવું ઘટે છે. આ પ્રકારે વિચાર થવાથી એવો નિશ્ચય થયો કે અંધકાર અને પ્રકાશ એ પદાર્થ મૂલ હોવા જોઇએ, પણ પ્રકાશ કાર્યરૂપે અને કારણરૂપે રહે છે અને અંધકાર એક રૂપે જ રહે છે. આ નિશ્ચયથી મને એમ ધારણ કર્યું કે પ્રકાશ એ વિકારી છે અને અંધકાર એ નિર્વિકાર છે. આમ ધાર્યા છતાં વળી મને એમ ધાર્યું કે પ્રકાશના સમયે અંધકારની પ્રતીતિ થતી નથી તેથી અંધકાર પણ વિકારી જ છે. આમ જોતાં જ્યારે આ બે વિરોધી પણ વિકારી પદાર્થ ભાસ્યા ત્યારે એ બેની નિવૃત્તિ થાય તો નિર્વિકાર શું છે તે સમજાય એવો મને વિચાર થયો. અંતે એ સાર કાઢ્યો કે એકે કાલે બેની નિવૃત્તિ થવી તો કઠિન છે, માટે એ બે વિરોધી પદાર્થમાંથી એકની સિદ્ધિ કરૂં, અને તે એકવડે બીજાનો લય કરૂં. અને જ્યારે એકનો લય થયા પછી એક વિકારી પદાર્થ રહેશે ત્યારે તેનો પાછળથી લય કરીશ. આ નિશ્ચય થયા પછી એ બેમાંથી પ્રથમ કોનો લય કરવો એ વિષે વિચાર કર્યો. ત્યાં જો પ્રકાશનો પ્રથમ લય થાય તો તો સર્વત્ર અંધકાર પ્રતીત થાય, અને અંધકારની જ પ્રતીતિ શેષ રહેવાથી આ દેહનિર્વાહક વ્યવહારની સિદ્ધિ કરવી કઠિન પડશે. માટે પ્રથમ અંધકારનો લય. કરવા યત્ન કરૂં.

આ પ્રકારનો વિચાર કરીને અંધકારના લયમાટે હવે શું કરવું એ વિચાર થવાથી નિશ્ચય થયો કે **શ્રીસૂર્યનારાયણ** જે પ્રકાશના પ્રેરક પ્રત્યક્ષ દેવ છે તેમની ઉપાસના કરવી અને એમને પ્રસન્ન કરીને એવો વર માગવો કે 'જ્યાં પર્યંત મારાં નેત્રને જોવાની શક્તિ હોય ત્યાંપર્યંત મને કદાચિત્ પણ અંધકાર દેખાય નહિ.' જો કદાચિત્ હું એવો વર માગું કે આ અંધકારનો કેવલ નાશ કરી નાંખો અને એ અંધકારવિના આ જગત્પ્રવાહ ચાલતો નહિ હોય તો એ મારો માગેલો વર અનર્થકર થઇ પડે અને તેવો અસંભવ વર પ્રસંગે મળે કે ન મળે અને કદાચિત્ મળે ને અંધકારનો કેવલ નાશ થાય અને તેમ થવાથી જો આ જગતનો પ્રલય થાય તો તેમાં મારો પણ નાશ થાય અને તેમ થાય તો પછી એ આત્મઘાતનિમિત્ત વર મેળવવો કાંઈ પુરુષાર્થ ગણાય નહિ, તેમ જ મારે જાણવું છે તે જણાય પણ નહિ. માટે માત્ર નેત્રની મર્યાદાપર્યંત મને અંધકાર દેખાય નહિ એવો વર જ માગવો ઉચિત છે.

હે ભાઇ! આ પ્રકારે મનમાં તરંગો ઉઠી ઉઠીને શમ્યા. પછી

મેં પ્રકાશના પ્રવર્તક સ્વયંપ્રકાશરૂપ **શ્રીસૂર્યનારાયણ**ની ઉપાસના કરવા માંડી. આગ્રહથી અને યત્નથી સર્વ સિદ્ધ થાય છે એવા નિશ્ચયથી મેં અધિક કષ્ટ કરીને શરીરને કૃશ કરતાં તપ કર્યું. નેત્રને બંધ કરીને બેઠેલો હું પ્રથમ તો અંધકારને જ અનુભવતો હતો, પણ જ્યારે મારો પ્રયત્ન અવધિઉપર આવ્યો ત્યારે મને ઉપાસ્ય દેવતાનું સ્વરૂપ પ્રત્યક્ષ થયું. મારાં બંધ કરેલાં નેત્રઉપર એકદમ પ્રકાશનાં કિરણો આવ્યાં, અને તેમણે મારાં નેત્રને ઉઘાડી નાંખ્યાં. નેત્ર ઉઘડતાં નેત્રને સહન ન થાય એવો પ્રકાશ હોવાથી નેત્ર પાછાં બંધ થઇ ગયાં, એટલે મેં શબ્દ સાંભળ્યો કે 'માગ માગ હું પ્રસન્ન છું.' ત્યારે મેં કહ્યું કે 'મારૂં ઇચ્છેલું આપો; પણ જેમ આપના પ્રકાશસ્વરૂપથી આ મારાં નેત્ર બંધ થઈ જાયછે અને ઉઘડી શકતાં નથી એવો ઉગ્ર પ્રકાશ મને સદા પ્રતીત થાય નહિ એવો વર આપો.' આટલું બોલ્યા પછી મને એમ ભાસ્યું કે કોઇએ મારે મસ્તકે હાથ મૂક્યો અને પછી તરત પ્રથમ જેવું બલવાળું તેજ ઓછું થઈ ગયું. મેં નેત્ર ઉઘાડીને જોયું તો મને સઘળે પ્રકાશ જ જણાવા લાગ્યો. થોડી વારસુધી તો હું આસપાસ સઘળે પ્રકાશ જોઇને ઘણું પ્રસન્ન થયો પણ પછી તો મને ધીરે ધીરે આ વર માગ્યાથી અસંતોષ જણાવા લાગ્યો. કારણ કે આ મઠ કે મઠનું દ્વાર, કે આ ભીંતો કે આ મારૂં આસન કે આ દ્વારમાંથી દેખાતાં વૃક્ષો કે ભૂમિ એમાંનું કાંઈ પણ મને દેખાયું નહિ. મને તો એકલો પ્રકાશ જ દેખાયા કરે. પછી તો મને અકળામણ થઈ કે અરે! હવે આ શરીરનો વ્યવહાર શી રીતે ચાલશે? મને ફલ, જલ, પત્ર કે પાત્ર કાંઈ પણ દેખાતું નથી. આ તો કેવલ પ્રકાશ જ દેખાય છે. મેં મારા શરીરપ્રતિ જોયું તો તે પણ મને દેખાયું નહિ. માત્ર મારાં નેત્ર તો એકલાં પ્રકાશને જ જોવાજેવાં થઈ રહ્યાં.

હે રાજકુમાર! હું તમને શી વાર્તા કહું. મને પશ્ચાત્તાપ થવા લાગ્યો કે અરે! મેં તપ કરીને આ શું માગ્યું! મને ફલજલ દેખાતું નથી તો હું ખાઇશ પીશ શું? આ તો મેં પ્રકાશ માગ્યો, પણ ખરું જોતાં તો મેં અંધાપો માગ્યો હોય એવું થઈ ગયું! હવે શું કરૂં? આ પ્રકારે સંતાપમાં પડીને મેં ફરીથી **શ્રીસૂર્યનારાયણ**ની દૃઢ ભક્તિ આરંભીને એવી ઇચ્છા જણાવી કે 'હે ભગવન્! મને માત્ર અંધકાર દેખાય નહિ, પણ બીજા વ્યવહારના સર્વ પદાર્થોને જેવા છે તેવા હું દેખું, અને એ મર્યાદામાં આવેલાં મનુષ્યાદિ પ્રાણિઓ મને દેખાતા પ્રકાશને તથા મારી પેઠે પદાર્થને દેખે એવું આપો.' આ પ્રકારનો નિશ્ચય કરી બેઠો ત્યારે થોડે સમયે મેં શબ્દ સાંભળ્યો

કે 'હે બ્રાહ્મણ ! તેં જેવું ઇચ્છ્યું છે તેવું તને થશે. સંતાપને ત્યજ.' આ સાંભળીને મેં નેત્ર ઉઘાડ્યાં ત્યારે મને પ્રકાશમાં આ સઘળા પદાર્થો દેખાવા લાગ્યા. હે ભાઇ ! તે દિવસથી આજપર્યંત મેં રાત્રિને દીઠી નથી કે તે કેવી છે અને ક્યારે જાય છે. વળી આ વરથી મને એક એ ઉપકાર જણાયો કે આ નિર્જનસરખા પ્રદેશમાં પ્રથમ રાત્રિએ વ્યાઘ્રાદિ ઘાતકી પશુઓ આ મડસમીપ આવી ભય આપતાં, તે આ પ્રકાશ થયા પછી મારી દૃષ્ટિમર્યાદામાં પ્રવેશ કરી શકતાં નથી. એકદમ મર્યાદામાં આવે છે, પણ જાણે અજવાળાથી અકળાતાં હોય એવો ભાવ કરીને તરત મર્યાદાથી બહાર નિકળી જાય છે.

હે ભાઇ ! આ ભવસાગરમાં ભોક્તા જીવોને ફલ ભોગવાવનાર તેના ભાગ્યને જાળવીને જ ભગવાન્ શ્રીભાસ્કર પણ પોતાના ભક્તોને તેની ભક્તિનાં શુભ ફલ ભોગવાવતા હોય એમ ભાસે છે. મેં મંદભાગીએ પ્રકાશક પરમાત્મા શ્રીસૂર્યનારાયણને પ્રસન્ન કરીને પણ તુચ્છ ફલ જ ભાગ્યાનુસાર માગ્યું, મેં મારા અજ્ઞાનનો નાશ માગ્યો નહિ, જીવોનાં દુઃખનો નાશ માગ્યો નહિ. પરમેશ્વરના સ્વરૂપની અભેદભાવે પ્રાપ્તિરૂપ મોક્ષ માગ્યો નહિ, અને સ્વલ્પમાં કહું તો માગવાયોગ્ય કાંઈ જ મેં માગ્યું નહિ. આ પ્રકારના અસંતોષને મનમાં વારંવાર પ્રકટતો જોઇને મેં પુનઃ વિચાર કર્યો કે અહો ! આ જીવને જીવપણાની નિવૃત્તિ થતા સુધી કદાચિત્ પણ સંતોષ થતો નથી, એ શાસ્ત્રવચન અનુભવસિદ્ધ હોવાથી સત્ય જ છે. અપ્રાપ્તની ઇચ્છા અને પ્રાપ્તનો અભાવ એ જીવસ્વભાવ પ્રસિદ્ધ છે, અને એ મારામાં પણ વિદ્યમાન છે. એ હોવાપર્યંત સુખની આશા શી ? જીવોની અંતર્ વાસનાથી સ્ફુરતી કામનાઓ અનંતસરખી છે. અને આ બહિર્ પ્રતીત થવાયોગ્ય વિષયો પણ અસંખ્યજેવા છે; એટલે નિરંતર નવી કામના અને નવા વિષયનો સંબંધ હોવાનો અને તેથી એ માર્ગે જીવત્વનો અવધિ દેખાશે નહિ એમાં આશ્ચર્ય શું છે ? માટે હવે ખરું જોતાં તો મારે આ કામના તથા વિષયોના સંબંધરૂપ માર્ગને ત્યજીને જ વહેવું ઉચિત છે.

આ પ્રકારે વિચારને કરતો છતો હું વળી ક્ષણ પછી પોતાના તપોબલથી મેળવેલા ઐશ્વર્યમાં મોહ પામીને મગ્ન પણ થતો હતો. જેમ આ જગત્માં ક્ષુદ્ર હૃદયબલવાળાં મનુષ્યો પોતાને પ્રાપ્ત સંપત્તિને જાળવી શકતાં નથી તેમ જ દુર્બલ હૃદયવાળાઓ તપોબલથી પ્રાપ્ત કરેલી સંપત્તિને પણ જોઇએ તેવી રીતે જાળવી શકતા નથી. જેમ દુર્બલ જીવો પોતાના અંતઃકરણમાં મહત્વવાળી નવી વાર્તાને પ્રકટ

થયેલી જાણીને પૂર્ણતાને પ્રાપ્ત થવાપર્યંત ગુપ્ત ન રાખતાં તેને પોતાની પ્રતિષ્ઠા વધવાની આશાથી જનસમૂહમાં પ્રકટ કરે છે અને પોતે મોટાઇને ઇચ્છે છે તેમ આ તપોબલથી મહત્તાને પ્રાપ્ત થનાર પુરુષોમાંના પણ ઘણા, દુર્બલતાથી પોતાના પ્રાપ્ત ઐશ્વર્યને પોતે પૂર્ણ દશાને પ્રાપ્ત થતાપર્યંત ધૈર્યને ન સેવતાં મધ્યે જ પ્રકટ કરી લોકમાં યશમાનાદિ પ્રાપ્ત થવાના નિમિત્તથી પ્રકટ કરે છે; અને પછી જેમ તે વ્યાવહારિક મનુષ્ય અપૂર્ણ જ રહી યથાઘટિત માનને પામતો નથી તેમ તે તપસ્વી પણ પોતાના પૂર્ણપણાને ન પ્રાપ્ત થતાં તપોબલથી ભ્રષ્ટ થાય છે. આ પ્રકારનો જીવોમાં પ્રવર્તતો સ્વભાવ મારામાં પણ પ્રસંગવશાત્ સ્ફુરતો પ્રતીત થવા લાગ્યો. મારા પ્રકાશની મર્યાદામાં આવેલાં મનુષ્યો મારા પ્રકાશને જાણે તથા હું પ્રકાશક પુરુષની મોટાઇને જાણે તથા મને વિશ્વમાં વિશ્વપાવની વિભૂતિરૂપ ગણીને ઉત્તમ પ્રકારે સર્વવિધિથી સંમાન આપે તો ઠીક એવી ભાવના થવા લાગી.

જેમ સૂર્યમંડલની સાથે સૂર્યનો પ્રકાશ ફરતો હોય તેમ હું જ્યાં જ્યાં ફરતો ત્યાં ત્યાં મારી દશે દિશામાં મારો પ્રકાશ મારી દૃષ્ટિમર્યાદાપર્યંત મારી સાથે ફરતો મને પ્રતીત થતો હતો, અને તેથી હું મને પ્રસંગે ધન્ય માનતો. આ પ્રકારનો આનંદ સદા રહ્યો નહિ તે સકારણ હવે કહુંછું, શ્રવણ કરો.

એક દિવસ કૃષ્ણ પક્ષની રાત્રિએ ઘોર અંધકારમાં મને ઇચ્છા થઈ કે ચાલ વનયાત્રા કરી આવું. આ ઇચ્છાથી હું આ વનમાં ફરવા નિકળ્યો. જ્યાં જ્યાં હું જતો ત્યાં ત્યાં મારી દૃષ્ટિની મર્યાદાપર્યંત મારો પ્રકાશ દશ દિશ ચાલતો હતો. આ અંધારી રાત્રિમાં મારો પ્રકાશ આવતો જોઇને જાણે આ દાવાનલ કોપીને વન બાળતો આવે છે કે શું એમ ધારીને રાત્રિમાં વિચરનારાં પશુ તથા પક્ષિઓ ભય પામીને મારા પ્રકાશથી આગળ આગળ નાસવા લાગ્યાં. ગાયો, મૃગો અને એવાં જ બીજાં રાંક પ્રાણિઓ પણ ભય પામીને ભાગવા લાગ્યાં. મારા પ્રકાશમાં આવી જવાથી અને પ્રકાશને જોવાથી પક્ષિઓ ભય પામીને વૃક્ષોની ઘટામાંથી ઉડવા લાગ્યાં, અને તેમણે શોરબકોર કરી મૂક્યો. આપ્રમાણે જેમ જેમ હું આગળ ચાલતો તેમ તેમ આગળ આગળનાં પશુપક્ષિઓ ભેગાં ભળતાં તથા ભાગતાં અને પોકાર કરતાં જણાયાં. આ સર્વ જોઇને હું મારા મનમાં વિચાર કરવા લાગ્યો કે અરેરે! મારા આ વનમાં ફરવા આવવાથી આ અસંખ્ય પ્રાણિઓનાં સુખનો તથા શાંતિનો નાશ થયો, અને એમના

અંતઃકરણમાં અતિશય ભય પ્રાપ્ત થયું. એમણે મને ઈશ્વરના અનુગ્રહના પાત્રરૂપે જાણ્યો નહિ, પણ પ્રાણિપદાર્થને બાળી ભસ્મ કરનાર દાવાગ્નિરૂપ જાણ્યો. અરેરે ! આ પ્રકારનો વર માગીને મેં કોઈ મોટો પુરુષાર્થ પ્રાપ્ત કરયો હોય એમ જણાતું નથી. અહો ! હું કેવો મંદમતિવાળો છું કે મેં વિષયપદાર્થમાંથી મોહમમત્વ ત્યજીને અરણ્યે વાસ સ્વીકાર્યો અને આ યતિના આશ્રમમાં રહીને મારે સર્વને અભય આપવારૂપ મુખ્ય ધર્મનું પાલન કરવું જોઇએ તેને બદલે મેં આ અનેક પ્રાણિઓને ભય ઉત્પન્ન કર્યું છે. ધિક્કાર છે મને અને મારા પરાક્રમને ! આ આદિ વિચાર કરીને હું બીજે માર્ગે વળીને પાછો આશ્રમપ્રતિ આવવા લાગ્યો તો મારે કાને મનુષ્યના આ પ્રકારના શબ્દો પડ્યા. 'અરે ખેતરના રખેવાળો ! આપણે એકબીજાને પોકારીને સાવધાન રહેજો. આ કાળી રાતે ભડકા કરતુ ભૂત આ માર્ગે આવેછે.' આ પ્રકારનો એકબીજાપ્રતિ કરાતો ખેડુતોનો પોકાર સાંભળી હું અધિક લજ્જાવશ થયો. જો કોઇ મારી ઇચ્છાથી ત્યજી શકાય એવો વેષ પહેર્યો હોય તો તેને હું ત્યજી પણ શકું, પરંતુ આ દૈવે આપેલો વર હું કેવે પ્રકારે મિથ્યા કરી શકું. એ માર્ગે પુનઃ આશ્રમપ્રતિ આવતાં જ્યાંપર્યંત તે મનુષ્યોએ મારો પ્રકાશ જોયો ત્યાંપર્યંત 'એ પેલું ભૂત ગયું! એ પેલું ભૂત જાય !' એવો પોકાર કર્યા કીધો. હું તો જે તે પ્રકારે ઉતાવળી ગતિથી આવીને મઠમાં બેઠો, અને વિચાર કરવા લાગ્યો કે અરેરે ! આ વિચિત્ર સ્વભાવવાળો અને અલ્પજ્ઞ જીવોના સમુદાયરૂપ સંસારસાગર તરવો ઘણો કઠિન છે. અરે ! આ સંસારમાં જનસમૂહસમીપ જેને નિવાસ કરવો હોય તેણે તો સદા સર્વ મનુષ્યના સમાન થઇને જ વસવું ઉચિત છે. જે લોકમાં વા જે સ્થલમાં જે જાતિના પ્રાણિઓ તથા જેવો વ્યવહાર પ્રચલિત હોય તેથી કેવલ વિલક્ષણ ધર્મવાળા થઇને તેમના સમીપ વસવું નહિ. આ મારૂં તેજ જે તપવડે પ્રાપ્ત થયું છે તેણે જ મને ભયંકર અગ્નિરૂપે અને ભૂતરૂપે અન્ય જીવોને ઓળખાવ્યો ! એ જીવોનું સમાધાન કરવાની મારી ઘણી ઇચ્છા છતાં પણ આ સમયે હું તેમ કરી શક્યો નથી, તેમ આ ક્ષણે કરવા ઇચ્છું તો કરી શકાય એમ પણ નથી, કારણ કે આ તેજને હું ક્યાં અને કેવે પ્રકારે ત્યજીને જાઉં ?

હે રાજપુત્ર ! આ આદિ અનેક પ્રકારના વિચાર કરતો હું બેઠો હતો એટલામાં મઠના દ્વારમાં કોઈ મનુષ્યને આવીને ઉભેલું મેં જોયું ત્યારે મને પ્રથમ તો એવો વિચાર થયો કે આ પેલા ખેડુત લોકો

મને ભૂત જાણીને પાછળ પાછળ મારવાને તો આવ્યા નથી? કારણ કે જડ લોકો એવું સમજે છે કે 'માર ભાગું ભૂત નાસે.' આ કારણથી કદાચિત્ આવ્યા હોય તોપણ હવે મારે ભય ધરવાનું કાંઈ પ્રયોજન નથી. કારણ કે હું તો ગૃહ ત્યજીને નિકળ્યો છું, ત્યારથી મૃતકરૂપ જ થઇને નિકળ્યો છું. આપ્રમાણે વિચારીને ધૈર્યથી મેં પૂછ્યું, હે ભાઈ! તમે કોણ છો અને દ્વારમાં કેમ ઉભા છો? કાળી રાત્રિએ વનમાં કેમ વિચરો છો? અને આ મઠમાં શું પ્રયોજને આવ્યા છો? ફલજલની ઇચ્છા હોય તો નિર્ભય થઇને અંતર્ પ્રવેશ કરો, અને આ આસને બેસો, આવો. આ પ્રકારનાં મારાં વચનો શ્રવણ કરીને તે પુરુષ મઠમાં આવ્યો અને મેં કહી દેખાડેલે આસને આવીને બેઠો, અને આ પ્રમાણે બોલ્યો. 'હે દેવ! આ લોકને પાવન કરવાને આપ કયા સ્વર્ગમાંથી ઉતરી આવ્યા છો? જ્યાં આપ વિરાજો છો અને વિચરો છો એવા આ ભૂમિના કણોએ તથા આ સમીપવાસી વૃક્ષપશુપક્ષીમનુષ્યાદિએ શું ઉગ્ર પુણ્ય કર્યું છે કે જેના પ્રભાવે એ સર્વને આપનો સંગ મળ્યો છે? મારાં પણ કયા જન્મનાં અને કેવા પ્રકારનાં પુણ્યકર્મનો ઉદય થયો છે કે આજે મને આપનાં પાપનિવારક દર્શન થયાં છે? આ શરીરધારી હું ઘણા દિવસથી વનમાં અને વસતિમાં વિચરૂંછું પણ તેજઃપુંજરૂપ આપસરખા પ્રકાશક પુરુષનું કોઈ સ્થલે મને દર્શન થયું નથી. હું આ આશ્રમના દ્વારમાં ઉભો ઉભો આશ્ચર્યથી જોતો હતો કે આ પ્રકાશ શેનો છે? દીપક કે મણિ કોઇ સ્થલે જણાતો નથી. જ્યારે આપનાં પ્રિય વચનો શ્રવણ કર્યાં ત્યારે મને આપના સ્વરૂપનું ભાન થયું છે. પ્રથમ તો હું આપની આજ્ઞાપ્રમાણે મારી કથા યથાસ્થિત સ્વલ્પમાં કહું છું. પછી આપ મને કૃતકૃત્ય કરનારી આપની કથા કહી શાંત કરજો.

હું પવિત્ર બ્રાહ્મણના કુલમાં જન્મ્યો છું માતાપિતા મારી બાલક અવસ્થામાં જ કૈલાસવાસી થયાં છે. બીજું કોઈ નિકટનું સંબંધી નથી. મને ઉદાર મહાજનોએ કૃપા કરીને ઉછેર્યો છે. યોગ્ય વય થવાથી મને ઉપનયનસંસ્કાર વિધિપ્રમાણે દયાલુ બ્રાહ્મણોએ કર્યો છે. વેદાધ્યયનસંસ્કાર પણ થયો છે. શાસ્ત્ર પણ યથામતિ જોયું છે. શાસ્ત્રદ્વારા તથા વિદ્યાદાતા ગુરુમુખદ્વારા સંસારનું અસારપણું જાણ્યું છે. ગૃહસ્થાશ્રમની અનુકૂલતા ન હોવાથી તેમ જ વૈરાગ્યના આવિર્ભાવથી સંસારસુખમાં અભિરુચિ ન થવાથી મને લગ્ન કરી ગૃહસ્થાશ્રમ સેવવાનો સમય આવ્યો નથી, તોપણ બ્રહ્મચર્યદીક્ષામાં મેં કરવાયોગ્ય વૈદિક કર્મોને કર્યાં છે, તથા યથાશક્તિ ઉપાસના પણ કરી

છે, અને હાલ પણ હું ઉપાસકની અવસ્થામાં જ છું. અગ્નિના કુંડમાં અગ્નિ પ્રકટ થયાથી તથા દીપકના પાત્રમાં દીપક પ્રકટયા પછી સ્વભાવથી આવી પડતાં અનેક જંતુઓને જોઇને મને અંતરૂમાં ઘણો સંતાપ થતો અને તેથી મેં અનેક પ્રકારના વિચારોને અંતરૂમાં કરીને પછી પાપરહિત યજ્ઞાદિ જે કાંઈ હોય તે કરવાનો નિશ્ચય કર્યો. વિદ્વાનોથી, શાસ્ત્રથી તથા વિચારથી મને નિશ્ચય જણાયો કે કેવલ અક્રિય થવું એ જ પાપરહિત યજ્ઞ છે. પરંતુ આ અંતરૂનું તથા બહિરૂનું સર્વ અંતરાત્મારૂપ અગ્નિમાં જ્યારે હોમી દેવાય અને નિર્વિકાર આત્મતત્ત્વરૂપે જ્યારે થવાય ત્યારે અક્રિય થવાય એમ છે, ત્યાં પર્યંત અક્રિય થવાય એમ નથી. આ નિશ્ચય થયો પણ આ દૃશ્ય પ્રપંચને અંતર્ ઉપાધિસહિત આત્મારૂપ અગ્નિમાં હોમવાનું તત્કાલ સામર્થ્ય જણાયું નહિ, તેથી મનમાં ભય પામીને કર્મનો ત્યાગ કરી શક્યો નહિ. પણ કેટલેક દિવસે એક મહાત્માની આજ્ઞાથી ગૃહસ્થાશ્રમની આશાસહિત કર્મનો ત્યાગ કરીને અંતરૂમાં ઉપાસના કરવાને માર્ગે વળ્યો. એકલો વિચરવા લાગ્યો. જનસંગ તથા વિષયચિંતનથી યથાશક્તિ બચતો ગયો. માત્ર ભિક્ષાઅર્થે ગૃહસ્થ બ્રાહ્મણોના દ્વારપ્રતિ જતો અને ભિક્ષા લીધા પછી નિર્જન પ્રદેશમાં રહીને અંતર્ ઉપાસના કરતો. અનેક રાત્રિઓ મેં વૃક્ષના મૂલમાં અને મનુષ્ય વિનાના શિવાલયમાં ગાળી છે. પ્રથમ તો કોઈ મહાત્માના આશ્રમમાં હું રાત્રિ ગાળતો, પણ ત્યાં દીપકમાં પડી પ્રાણ ત્યજતાં જંતુઓને જોઇને મને ત્રાસ થતો અને તેથી મેં દીપકવાળા આશ્રમોમાં રાત્રિ ગાળવાનું ત્યજ્યું છે. આ પ્રમાણે ઘણો કાલ ફરતાં થયો છે, પણ હજી જોઇએ તેવી તૃપ્તિ કે શાંતિ થઇ નથી. આ મન શિથિલ થયું છે, કહ્યું માને છે. કલ્પાંત કરતું નથી. કામનાનું પ્રાબલ્ય છેક હઠી ગયું છે. આજ રાત્રમાં હું મસ્તની પેઠે અંધકારમાં આત્મચિંતન કરતો ચાલતો હતો તેવામાં મેં મારા આગળના કેટલાએક પ્રદેશમાં એકાએક પ્રકાશને ચાલતો જોયો. પ્રથમ તો મને પ્રકાશ સામો આવતો ભાસ્યો, ત્યારે મને વન સળગતું આવવાની ભ્રાંતિ થઈ. પછી જ્યારે એ પ્રકાશ પાછો હઠતો જણાયો ત્યારે મને ભાસ્યું જે આ અગ્નિ મારા સંમુખ ન આવતાં જાણે મારૂં રક્ષણ કરી પાછો વળ્યો છે. પણ પાછળ પાછળ ચાલતાં જ્યારે હું જે સ્થલે તે પ્રકાશ પ્રથમ જણાયો હતો તે સ્થલે આવ્યો ત્યારે અગ્નિ ફરી ગયલું કોઇ ચિહ્ન વનસ્પતિઓમાં જણાયું નહિ. ત્યારે મને આશ્ચર્ય થયું કે આ તે પ્રકાશ શેનો છે? પાછળ પાછળ આવતાં લોકોના વિચિત્ર પોકાર સાંભળ્યા કે આ ભૂત છે. પણ

સંશય છૂટ્યો નહિ તેથી હું પાછળ ચાલ્યો આવ્યો. આ મઠમાં પ્રકાશનું કારણ પ્રવેશ્યું એવું મને દૂરથી ભાન થયું, અને તેથી હું નિઃશંક થવાને આવીને આ દ્વારમાં ઉભો. પણ આ ક્ષણપર્યંત મને શંકા છે કે આ પ્રકાશ શેનો છે? જો આપનો જ પ્રકાશ હોય તો આપ દેવ છો કે કોણ છો તે સંશય છે? માટે હવે આપ કૃપા કરીને મારો સંદેહ નિવારણ કરો, અને આપના સ્વરૂપનું મને ભાન કરાવો. હું મરણને ચરણતળે રાખીને વિચરૂં છું એટલે મને મરણનું ભય નથી. અક્રિય થવાની આશાવાળો છું એટલે ક્રિયામાં જોડનાર આ સંસારના પદાર્થની કામનાવાળો નથી. વસ્તુતઃ તો હું નિષ્કામ છું તોપણ આ ક્ષણે આપ મને સકામ અતિથિ ગણીને આપની કથા શ્રવણ કરાવી "એવડે જ આપ મઠવાસી દયાલુ મારૂં આતિથ્ય કરો. આ પ્રકારનાં વચનો બોલીને તે અતિથિ મૌન રહ્યો ત્યારે મેં તેને નીચે પ્રમાણે પ્રીતિથી કહ્યું. હે શુદ્ધ બ્રાહ્મણ! તમને ધન્ય છે. તમે જે કાંઈ સંસારમાં અવીને અવશ્ય કરવું છે તેને જ આદર કરી બેઠા છો તમે ગૃહસ્થાશ્રમ નથી કરયો, અને તેથી તમને કદાચિત્ તે સંબંધના સંસ્કાર સ્ફુરે તોપણ હવે તે સેવવાયોગ્ય મારા વિચારપ્રમાણે નથી. આ શ્રમના સેવનવાળો હું ગૃહસ્થાશ્રમના તાપને સારી રીતે જાણું છું. મેં તે ગૃહતાપને સુખાનુભવાર્થે ત્યજ્યો છે, તોપણ આજે તેનું સ્મરણ સ્વલ્પ તાપની પ્રતીતિ પ્રસંગે સ્મરણકાલે પ્રતીત કરાવે છે. મારી આસક્તિ છૂટી ગઇ છે તોપણ સંયોગસમયના સંસ્કાર સ્મૃતિરૂપે પ્રકટ થાયછે ત્યારે વૃત્તિમાં તે સંયોગજન્ય સુખનું ભાન કરાવે છે. સામાન્ય નિયમ એવો છે કે જ્યારે જ્યારે વિષય સમીપ જ પડ્યા હોય છે ત્યારે તો પ્રધાનપણે તેમના સંબંધજન્ય દુઃખનું સ્મરણ થાયછે; અને જ્યારે જ્યારે તે દૂર હોય છે ત્યારે ત્યારે તો તેમના સંબંધજન્ય સુખનું પ્રધાનપણે ભાન થાય છે. આમ થવાથી વિષયથી દૂર રહેનારને પ્રસંગે તે વિષયો પોતાપ્રતિ આકર્ષનાર થાય છે તોપણ ઈશ્વરાનુગ્રહથી દૃઢ નિશ્ચયવાળા પુરુષોને તે વિષયો પોતાની પ્રબલ સત્તા જણાવી શકતા નથી. આ આદિ કેટલાંક વચનો કહ્યા પછી મેં તેને જે મારી પૂર્વાશ્રમની કથા તમને કહી છે તે કહી સંભળાવી, તથા આ તેજની પ્રાપ્તિની કથા પણ કહી સંભળાવી, તથા તે દિવસની રાત્રિની કથા તો તે જાણતો હતો તોપણ મારા વિચારસહ કહી બતાવી ત્યારે તે પુનઃ મારી સર્વ વાર્તા શ્રવણ કરીને આ પ્રમાણે બોલ્યો.

હે મહાત્મન્! આપનું ચરિત્ર અદ્દ્ભુતસરખું છે. **શ્રીસૂર્યભગ**વાનને પ્રસન્ન કરનાર આપ સરખાની આવી સ્થિતિ જાણીને સકામ

ઉપાસનાપ્રતિનો મારા હૃદયમાં રહેલો તિરસ્કાર દૃઢ થયો છે. આ જીવોએ તો પોતાની અલ્પજ્ઞતાનો વિચાર કરી સદા દુઃખને આપનાર અંતઃકરણમાંથી સ્ફુટ થતી સર્વ કામનાઓનો નાશ જ કરવો ઘટિત છે. જીવત્વવડે કરાયલી કામનાનુસાર માગણીથી આપણને અંતમાં સુખાનુભવ થશે કે દુઃખાનુભવ, તેનો યથાર્થ નિર્ણય થઇ શકતો નથી, અને તેથી અંતમાં પશ્ચાત્તાપ કરવો પડે છે. માટે કદાચિત્ જીવોને સર્વજ્ઞ ઇષ્ટનો સાક્ષાત્કાર થાય તોપણ એ જ માગવું ઘટે છે કે જેવડે આપ અમારા કલ્યાણને જાણતા હો તે અને આપ આપવા યોગ્ય ગણતા હો તે આપો.

હે શુદ્ધાંતઃકરણવાળા મહાપુરુષ! આપને હું શું અધિક કહેવા યોગ્ય છું? પણ આપે જે આ પ્રકાશ ઇષ્ટપાસે માગી લીધો છે એ આપને આ જગત્‌માં સર્વ પ્રકારે ઈપ્સિતાર્થને પ્રાપ્ત કરાવે એમ નથી જ. જે કોઈ આપના આ દિવ્યસરખા તેજવાળા સ્વરૂપને જાણશે તે તો પ્રથમ આપને વિષે મોહ પામશે, પણ જે જીવો આપને એ તેજસ્વી સ્વરૂપે જાણશે નહિ તે તો આપને માટે વિવિધ કલ્પનાઓ કરશે. આ લોકમાં જેમ લોકના નિયમથી વિલક્ષણસરખું દેખાતું પ્રાણી જોવામાં આવે છે ત્યારે સર્વ પ્રાણિઓને તે એક ખેલની પેઠે જોવાજેવું થઈ પડે છે તેમ આ આપનું રૂપ પણ જો સઘળે આપ વિચરતા ફરો તો જોવાના ખેલજેવું થઈ પડશે, અને ઘણાને ભયના કારણરૂપ થઇ પડશે. મેં સાંભળ્યું છેકે ઘણા ઋષિમુનિઓ ત્રિભુવનને વશ વર્તાવવાના સામર્થ્યને ધારણ કરી રહ્યા હતા, પણ તેઓ સામાન્ય મનુષ્યના સરખા પોતાના રૂપનો ભાસ સર્વને કરાવતા હતા. યદ્યપિ મહાત્માનાં શરીર, આકૃતિ અને ગુણો દિવ્ય હોવાં ઘટે છે અને તેમ જ હશે, પણ સામાન્ય મનુષ્યકરતાં અત્યંત વિલક્ષણ પ્રતીત થાય એવા રૂપને તેઓ ભાગ્યે જ ધારણ કરતા હતા. ઘણાં લીલાવિગ્રહઆદિવડે વ્યવસ્થાપક ઈશ્વરનાં રૂપો જગત્‌માં પ્રકટ્યાં છે પરંતુ તેમણે પણ કોઇ વિલક્ષણ જાણવાયોગ્ય ચિહ્ન શરીરઉપર પ્રકટપણે સદા ધરી રાખેલું જાણવામાં નથી. તેમનું ઐશ્વર્ય કોઇ તેવા દૈવી કે સુકૃતિવાનને જ જાણવામાં આવે એવું તેઓએ રાખેલું હશે એમ અનુમાન કરાય છે. નારદાદિ મુનિ અને મોટા ઋષિઓનાં તેજઃપુંજસરખાં શરીર સ્થલેસ્થલે વર્ણ્યાં છે તથાપિ તેઓ આ મનુષ્યના સમુદાયમાં રહેનાર ન હતા. તેમ છતાં પણ તેમનાથી વિલક્ષણ ભાસતું આ આપનું તેજ તો જીવોને આશ્ચર્ય પમાડનાર છે એમાં સંદેહ નથી. આ આદિ અનેક પ્રકારથી વિચાર ક-

રતાં આપનું આ પ્રકાશવાળું શરીર આ લોકમાં ઉત્તમસંસ્કારી જીવોને આનંદનું આપનાર થવું સંભવે છે, તેમ અન્ય જીવોને ભય આદિનું આપનાર પણ છે, પરંતુ હવે એ સંબંધમાં કાંઈ અધિક કરવાયોગ્ય રહ્યું નથી. હવે તો એ વરનો સદુપયોગ થાય એ પ્રકારે આપ એનું સાર્થકય કરો. હું કે જે આપનું યથાવત્ સ્વરૂપ હજી જાણતો નથી તેણે આ અયોગ્યસરખાં વચનો જેમ કોઈ બોધ કરનાર કહે તેમ આપને કહ્યાં છે તે ક્ષમા કરશો. મને આપને પ્રાપ્ત થયેલું આ દિવ્ય રૂપ જોઇને ઘણો સંતોષ થયો છે. કારણ કે મેં કે જેણે દીપકમાં અનેક જંતુઓને પડતાં જોયાં છે અને તેથી ત્રાસ પામીને હું અંધકારમાં જ સદા અંધકારવાળી રાત્રિઓનાં પ્રહરોને કાઢું છું, તેને જો આવું તેજ મળ્યું હોત તો આમ કરવું પડત નહિ. પ્રથમ તો આ આપના સરખા તેજને પ્રાપ્ત કરવાસંબંધમાં મને પણ મોહ થયો હતો. પરંતુ જ્યારે આપના મુખથી એનો તિરસ્કાર સાંભળ્યો અને આપને પ્રતીત થતી પ્રતિકૂલતાનું શ્રવણ કર્યું ત્યારે હવે મને એનો મોહ થતો નથી; અને હું જે આ અંધકારમાં જ વિચરતો રહું છું એથી મને સંતોષ થયો છે.

મેં સાંભળ્યું છે કે વ્યવસ્થાના સામર્થ્યવિના જેમ જેમ ઉપાધિની આધિકતા થાયછે તેમ તેમ તે ઉપાધિગ્રસ્ત પુરુષને ઉપાધિજન્ય દુ:ખનો અનુભવ અધિક થાય છે. તેથી ઉપાધિ એટલું દુ:ખ ગણીને વ્યવસ્થાના સામર્થ્ય વિનાના ઘણા પુરુષો ઉપાધિરહિત થઈ રહેવાને સદા યત્ન કરે છે તથા ઇચ્છે છે, અને એ જ વિચારે હું પણ વિચરૂં છું. આમ છતાં પણ શું યથાર્થ છે એ તો સર્વજ્ઞ ઈશ્વર જાણે છે, કારણ કે તે આ સમગ્ર વિશ્વરૂપ ઉપાધિની વ્યવસ્થા કરતા સુખસ્વરૂપે સદા સ્થિત છે.

હે વીરવિજય! આ પ્રકારનાં વચનો તે વૈરાગ્યવાન્ બ્રાહ્મણ મારા સમીપ બોલીને પછી મૌન રહ્યો તથા હું પણ મૌન બેશી રહ્યો. તેને તથા મને નિદ્રા આવી નહિ, પણ એક બીજાસાથે બોલ્યા વિના જ બેશી રહ્યા. આ પ્રમાણે મૌનપણે એક પ્રહરથી પણ અધિક કાલપર્યંત બેશી રહ્યા, તે સમયમાં મને મારા અને તેને તેના વિચારો ચાલેલા. પછી એકાએક તે આપ્રમાણે મારા સમીપ બોલ્યો.

હે ભગવન્! આપને નમસ્કાર છે. મેં મંદપુરુષાર્થવાળાએ આપને જે કાંઈ અણઘટતાં વચનો કહ્યાં તેનો મને પશ્ચાત્તાપ થયો છે. આપના ઉપર ઈશ્વરનો અનુગ્રહ છે. મને જેમ કોઈ અંતરીક્ષમાં રહીને કહેતું હોય તેમ આકાશમાં શ્રવણ થયું છે કે હે વૈરાગ્યવાળા! તુ એ

પુરુષને મિથ્યા બોધ શું આપે છે? એ તો હવે થોડા સમયમાં કૃતકૃત્ય થશે પરંતુ તારે તો હજી ગૃહસ્થાશ્રમને સેવવો છે. તુ તારા નિશ્ચયમાં સ્થિર રહી શકીશ નહિ, ગૃહસ્થાવસ્થાને પ્રાપ્ત થઇશ અને અંતે આ પુરુષના આશ્રયથી જ તું કૃતકૃત્ય થઇશ.'

આ પ્રકારનાં વચનો શ્રવણ કરવાથી મને ભ્રાંતિ થાય છે કે આપ આપના મુખથી જે દીનસરખાં વચનો મારા પ્રતિ બોલ્યા તે આપના પૂજ્યભાવને ગુપ્ત રાખવાને બોલ્યા છો. પણ આપ અંતરથી સાવધાન અને સર્વજ્ઞ ઈશ્વરના સમાન ઐશ્વર્યવાળા યોગીશ છો. આ . મને હવે કૃપા કરો અને જો જાણતા હો તો કહો કે કયાં અને કવ પ્રકારે મારે ગૃહસ્થાશ્રમને પ્રાપ્ત થવું પડશે ?

આ પ્રકારનાં તેનાં વચનોને શ્રવણ કરીને આશ્ચર્યને પામ્યો હોઉં એવે પ્રકારે મેં તેને કહ્યું, ભાઇ! મેં કાંઈ સાંભળ્યું નથી અને તેં દેવવાણી સાંભળી છે માટે તુ ધન્ય છે. હું તો જાણુતો પણ નથી કે મારૂં અને તારૂં શું થનાર છે. તોપણ મારા સંબંધમાં મને એવો વિશ્વાસ છે કે મારૂં અંતે કોઈ અશુભ થવાનો સંભવ નથી. આ તમારા વચનથી જાણીને હું પ્રસન્ન થયો છું, અને તમે પણ તમારા ભાવિમાં શુભ પરિણામને જાણ્યોછે તો હવે પ્રસન્ન થાઓ. અને તમે વૈરાગ્યને સેવો છો તો હવે તમારે કયારે અને શું થનાર છે તેની ચિંતા પણ શામાટે થવી જોઇએ? વિરાગવાન્ પુરુષે તો સર્વ ભયની નિવૃત્તિવડે ભૂતભાવિના સંબંધમાં વિચાર પણ કરવો ઘટતો નથી. જે કાલે જે પ્રાપ્ત થાય તેમાં પણ તેમને સ્પૃહા હોતી નથી. માટે તમે તો તમારા આજપર્યંત સેવેલા વૈરાગ્યના લક્ષણને જ સ્મરણમાં રાખીને યથાપ્રાપ્ત વેગથી વિચરો, અને જયારે જયારે જે જે થાય ત્યારે ત્યારે તે તે પ્રસંગને અનુભવજો. મને આ ક્ષણે તમારા કે મારા ભવિષ્યસંબંધનું લેશ પણ સાક્ષાત્ જ્ઞાન નથી. જો ઈશ્વરનો સંકેત હશે તો આગળઉપર તમને દેવવાણીએ કહ્યું છે તેમ આપણો સમાગમ થશે, અને તે ક્ષણે જો કાંઈ અધિક કહેવાયોગ્ય હશે તો હું તમને કહીશ. હવે તો તમે જો તમને રુચે તો આ સમીપ રહેલાં ફલને તથા પેલા પાત્રમાંથી જલને લો અને યથારુચિ ગ્રહણ કરી પછી ઉચિત જણાય તે કરો. હવે હું પણ મને જે રુચે છે તે કરીશ. મને પુનઃ પુનઃ બોલાવવાનો શ્રમ હવે લેશો નહિ.

આ પ્રકારનાં વચનો મારા થયેલા વિચારના આવેશમાં હું તો બોલ્યો અને પછી દૃઢ આસન વાળીને મારા અંતરમાં થયેલા નિશ્ચય પ્રમાણે ઈશના સ્વરૂપમાં વૃત્તિને જોડવા લાગ્યો. ત્યાર પછી તે પુરુષ

ક્યારે અને કયી દિશામાં ગયો એનું મને કાંઈ ભાન રહ્યું નહિ. તે પછી જે ક્ષણે મને ભાન આવ્યું અને તે સમય પછી જે જે જાણ્યું તે હવે તમને કહું છું.

હું એવી નિરુદ્ધાવસ્થામાં કેટલો કાલ બેશી રહ્યો તેનું મને ભાન રહ્યું ન હતું. પણ જ્યારે મને ભાન આવ્યું ત્યારે મેં જાણ્યું કે મને કોઇ દેવ જેમ સુતેલાને જગાડે તેમ જાગ્રત્ કરે છે અને કહે છે, હે બ્રાહ્મણ! જાગ જાગ, અને જે ઇચ્છા હોય તે માગ. આ શબ્દો સાંભળતાં છતાં પણ જ્યારે હું બોલ્યો નહિ ત્યારે તે દેવે જાણે મને પોતાની સત્તાથી હાથ ધરી ઉઠાડ્યો હોય એમ મને ઉભો કર્યો, અને મારે નેત્રે હાથ અડકાડીને મને જગાડ્યાની પેઠે મારાં નેત્ર ઉઘાડી નાંખ્યાં. મેં દેવને પ્રણામ કર્યા અને કહ્યું, હે સર્વજ્ઞ! મારે કાંઈ માગવાનું નથી. કેમકે શું માગવાથી મને નિત્યતૃપ્તિશાંતિ પ્રાપ્ત થશે એ હું જાણતો નથી. માટે આપ જે પ્રકારે મને જે જે સમયે જે જે આપવાથી સુખશાંતિનો અનુભવ થાય તે તે આપતા રહેશો અને કદાચિત્ આપત્તિસમયે સ્મરણ કરૂં તો મને અભય આપતા દર્શન આપજો. ઠીક કહી વર આપ્યાનો ભાવ સૂચવી મારે મસ્તકે હસ્ત મૂકીને પછી અદર્શ થયા અને હું સંતોષથી સાવધાન થવા લાગ્યો. આસપાસ જોયું તો કોઈ મળે નહિ. મારા ચિત્તમાં પ્રસન્નતાનો પ્રવાહ જાણે વહ્યા કરતો હોય એવું ભાસ્યું. એ સમયપછી તો હું સદા આનંદનો જ અનુભવ કરૂં છું, અને દેહનિર્વાહક કર્મ કરીને પછી નેત્ર બંધ કરીને બેશી રહુંછું. તેમાં કોઈ સમયે તો દેહના ભાનવાળી અવસ્થાને અનુભવું છું, કોઈ વેલા તો દેહના ભાન વિનાની પણ અંતર્માં એક પ્રકારના ભાનવાળી અવસ્થાને ભોગવું છું, અને કોઈ કોઈ વેલા કેવલ અભાનવાળી અવસ્થાને પણ ભોગવું છું. મેં પ્રથમ ઘણા દિવસ જેમ વિશેષે કરીને ઉઘાડા નેત્રથી પ્રકાશને જ અનુભવ્યો હતો તેમ આ પછી ઘણા કાલસુધી નેત્ર બંધ રાખીને એક પ્રકારના અંધકારને જ અનુભવ્યો છે. હવે મને તિમિરપ્રકાશથી એવો ગાઢ સંબંધ થયો છે કે તે ઉભયના અનુભવથી ઘણે કાલે પણ અંતર્માં ત્રાસ થતો નથી. હે ભાઈ! એ દેવનો સાક્ષાત્કાર થયા પછી મને આ મઠમાં કોઈ કોઈ સમયે જ્યારે કોઈ આવનારજનાર હોય છે ત્યારે દેવવાણી શ્રવણ થાય છે, અને તેનો મર્મ તેમની કૃપાથી મને સમજાય છે. કોઈ વેલા હું બહિર્ના અભાનવાળી સ્થિતિમાં હોઉં છું અને દેવવાણી થાય છે તો તે આવેલું મનુષ્ય શ્રવણ કરે છે અને તે મને કહે છે ત્યારે આજે જેમ તમારા કહેવાથી તે વાણીને જાણીને તેનો મર્મ સમજ્યો છું તે પ્રમાણે

સમજું છું, અને એ વાણીથી હવે મને કંઈ આશ્ચર્ય થતું નથી, તેમ જ તેમાં મને કાંઈ નવીનતા જણાવાથી મોહ પણ થતો નથી.

હે ભાઇ! આ ઉઘાડા નેત્રથી દેખાતા અંધકારથી વિલક્ષણ જે એક પ્રકારના અંધકારને મેં નેત્ર બંધ રાખીને જોયો છે તેમાંથી મેં આ જગત્‌ના કારણુનાં સ્વરૂપનો તથા આ જગત્‌ના વિચિત્ર સ્વરૂપનો નિશ્ચય કરી લીધો છે, એટલે હવે મને ભય, શોક, કે હર્ષાદિ વિકારોની પ્રાપ્તિ થવાનો સંભવ રહ્યો નથી. આ જગત્ એવા પ્રકારના વિવિધ સ્વભાવના સંચયવાળું છે કે એમાં તે સ્વભાવબલથી સર્વત્ર એકતા કદાચિત્ પણ કાર્યસમુદાયમાં થઈ રહેવી સંભવતી નથી. આ કારણથી મને સમજાયું છે કે સંસારમાં જે પુરુષ કૃતકૃત્ય થવાની ઇચ્છાવાળો હોય તેણે તો જાણે જ્ઞાનેન્દ્રિય શૂન્ય કે અંતઃકરણ શૂન્ય હોય એવા પ્રકારથી વિશ્વમાં વ્યવહાર રાખવો ઉચિત છે.

હે રાજપુત્ર **વીર**વિજયચંદ્ર! આ સૂક્ષ્મમાં મેં તને જે કહેવાનું હતું તે કહ્યું છે. હવે જે કાંઈ તારી ઇચ્છા હોય તે પ્રમાણે તું સુખપૂર્વક વર્તન કર.

આ પ્રકારનાં તે તેજસ્વી મહાત્માનાં વચન શ્રવણ કરીને **વીર**વિજય બોલ્યો, હે ભગવન્! આપના ચરિત્રથી મને જાણવાયોગ્ય જે જાણવામાં આવ્યું છે તેમાં એક તો એ છે કે બુદ્ધિમાને ઈશ્વર, દેવ કે મહાપુરુષ જેઓ સમર્થ છે તેમની પાસે માગતાં વિચાર કરવો, કારણ કે સુખાર્થે માગેલું ફલ દુઃખ આપનાર પણ નીવડે છે. આથી હું આપના પાસે શું માગું એ કાંઇ સમજાતું નથી. માટે આપ સર્વજ્ઞ છો તે જે કાંઈ મારે કરવાયોગ્ય હોય તે આજ્ઞા કરો.

મહાત્મા કહેછે, હે ભાઇ! હું સર્વજ્ઞ છું ને કરવાયોગ્ય આજ્ઞા કરીશ એવી આશા બાંધવી નિષ્ફલ છે; કારણ કે એવી પ્રવૃત્તિ મેં ઇષ્ટ ગણી નથી, તેમ કોઇને કાંઈ પણ ન કહેવું એ પણ ઇષ્ટ ગણ્યું નથી. તાત્પર્ય એ છે કે ઇષ્ટાનિષ્ટ ભાવ આ અંતર્‌માંથી શમી ગયો છે, તેથી હું આજ્ઞા કરવાસરખો હવે રહ્યો નથી. પણ દેવવાણીએ તારૂં શુભ સૂચવ્યું છે અને તે જે તે પ્રકારે તને પ્રાપ્ત થનાર હશે ત્યારે થશે એમ ભાસે છે માટે યથારુચિ વિચરવું એ તારે અર્થે અનુકૂલ ભાસે છે.

વીરવિજય આ પ્રકારનાં પોતાના સંબંધમાં વચન સાંભળીને તેને આશીર્વાદરૂપ ગણીને એ સંબંધમાં મૌન રહીને બોલ્યો, હે ભગવન્! આપના આશ્રમમાં પૂર્વે જે વૈરાગ્યવાન્ બ્રાહ્મણને ગૃહસ્થાશ્રમ થવાનું દેવવાણીમાં કહ્યું હતું અને તે પુનઃ આપદ્વારા કૃતકૃત્ય થનાર

હતો તેનું શું થયું, એ માત્ર જાણવાની ઇચ્છા છે, માટે જો અડચણ ન હોય તો કૃપા કરીને કહો.

મહાત્મા કહે છે, હે ભાઇ! તે બ્રાહ્મણ આ ક્ષણપર્યંત પુનઃ આવ્યો નથી, તેથી જ્યારે તે આવશે ત્યારે તેનું સમજાશે. તેથી જો એ વાર્તા જાણવાની ઇચ્છા હોય તો પુનઃ જ્યારે તારે આ સ્થલે આવવાનો યોગ આવશે અને તે સમયપૂર્વે તે આવી જશે અને તમારા પાછા અત્ર આવવાના ક્ષણપર્યંત જો આ શરીર વિદ્યમાન હશે તો તમને તમારી ઇચ્છા પ્રમાણે ઉત્તર મળશે અને સર્વ જાણવામાં આવશે, માટે હાલ તો યથારુચિ કરો.

આ વચનો સાંભળીને પ્રસન્ન ચિત્તથી તે વીરવિજય આ મહાત્માને નમસ્કાર કરીને પોતાના વિજયની દૃઢ આશા બાંધતો વિનયવચન બોલી આજ્ઞા માગીને મઠબહાર નિકળી ચાલતો થયો. આગળ ચાલતાં ભય ત્યજીને મોકળા કંઠથી નીચે પ્રમાણે ગાવા લાગ્યો:—

સોરઠા.

જેને પ્રભુ છે સ્હાય, તેને જગમાં ભય નથી,
(પણ) જેના ઉરમાં હાય, તેણે તે કરવું મથી.
આ જગ જૂઠો ખેલ, કહે છે પણ ભાસે ખરો,
લીધી હઠ ના મેલ, હે મન! ભાળી ભવધરો.‡
મરણ ન છોડે ક્યાંહિ, એ નિશ્ચય છે સર્વનો,
તો પછી કાં ભયમાંહિ, ત્યાગ કરે શુભ પર્વનો.
કાં નભ કાં પાતાલ, જ્યાં ધાર્યું છે ત્યાં જવું,
ભયમાં નથી કંઈ માલ, થશે જ જે સહજે થવું.
ધરવો નથી પ્રમાદ, નથી આળસને પાળવી,
જે લીધો છે નાદ, તે જ સાધવો જાળવી.
જ્યાં ત્યાં જગપતિ પાસ, પછી કોથી છાનું રહ્યું,
રે મન થા ન ઉદાસ, જાણે ધણી સઉ, વિણ કહ્યું.
દોરી પ્રભુને હાથ, નચવે તેમ જ નાચવું,
તોપણ લહી સનાથ, સ્વતંત્રસમ રહી રાચવું.
નથી આ જગે અસાધ્ય, જે ઉપજે છે ઉરવિષે,
માટે ગણિ સઉ સાધ્ય, પ્રયત્ન કરવો હર મિષે.
જો ધાર્યું નવ થાય, તો જીવ્યાથી અધિક શું?
ભલે પ્રાણ વહિ જાય, પણ નિશ્ચયથિ ન ડગ તસુ.

આ પ્રકારે બોલતો નિર્ભયપણે પગલાં ભરતો વીરવિજયચંદ્ર

‡ દહ, ખાડો.

પંથને કાપવા લાગ્યો. હજી રાત્રિ વ્યતીત થઈ નથી, અને સૂર્યના કિરણને નિકળવાની ઘણી વાર છે એમ જાણતાં છતાં પણ જેણે કાર્યની સિદ્ધિપ્રતિ મનને સ્થાપેલું છે એવો તે વીર પુરુષ રાત્રદિવસને ન ગણતો વહ્યો જાય છે. અરણ્ય પૂરૂં થયાનાં કે વસતિસમીપ આવ્યાનાં કોઈ ચિહ્ન તેની દૃષ્ટિએ પડ્યાં નહિ તેથી તે વનની વાટ જે તે પ્રકારે પૂરી કરવાના ઉત્સાહવાળો તે વેગવડે ચરણને ચલાવતો હતો. આપ્રમાણે ચાલતાં થોડો સમય ગયો છે એટલામાં તેને કાને કાકાદિ પક્ષિઓના શબ્દ સંભળાવા લાગ્યા, અને મધ્યે મધ્યે કોઈ સ્ત્રિયોના કોમલ કંઠથી નિસરતા ધ્વનિજેવા ધ્વનિને તે અનુભવવા લાગ્યો. જેમ જેમ તે આગળ ચાલ્યો તેમ તેમ તેને સ્પષ્ટ થતું ગયું. જાણે કોઈ જલાશયમાં જલના ઉછળવાનો નાદ થતો હોય તેમ સંભળાવા લાગ્યું. આકાશપ્રતિ અને પૂર્વાદિ દિશાઓપ્રતિ જોતાં સૂર્યોદયનાં ચિહ્ન જણાતાં નથી તો પણ આ સાધારણ પ્રકાશસરખું કેમ દેખાય છે, અને આ પક્ષિઓ મધ્યે મધ્યે કેમ બોલતાં હશે એ આશ્ચર્ય ભાસ્યું. ખરે, આગળ કાંઇ વસતિસરખું હોય એમ ભાસે છે, આમ વિચાર કરતો જાણવાની આતુરતાથી ચાલતો આગળ આવે છે તો તેને એક વિશાલ સરોવર દૃષ્ટિએ પડ્યું, અને આસપાસ વૃક્ષોની હારમાં પક્ષિઓ પ્રસંગે પ્રસંગે શબ્દ કરતાં અને ઉડી ઉડીને પાછાં વૃક્ષની શાક્ષાઓપ્રતિ બેસતાં તેના જોવામાં આવ્યાં. જ્યારે તે સરોવરની સમીપ આવ્યો ત્યારે તેને એવું જણાયું કે કોઇ મનુષ્યો આ જલમાં જલક્રીડા કરે છે, પણ જ્યારે તે ધારીને જોવા લાગ્યો ત્યારે તો તેમાં સહસ્ત્રાવધિ સ્ત્રિયો જલક્રીડા કરે છે એવું જણાયું. આછો પ્રકાશ જલાશયરૂપર પથરાયલો પ્રતીત થયો અને તેથી તેને એમ ભ્રાંતિ થઈ કે આ તે શું આ સ્ત્રિયોના મુખરૂપ ચંદ્રનો પ્રકાશ છે કે એ તે જલમાં એવો કોઈ ગુણ છે તેથી આ પ્રકાશ ભાસે છે કે જલમાં કોઇ મણિઆદિ પદાર્થો હોવાથી તેનો પ્રકાશ ભાસે છે?

આ પ્રકારના ભ્રમમાં પડચા છતાં તે સ્ત્રિયોના પ્રતિ જોવા લાગ્યો તો જલની સપાટીઉપર માત્ર સ્ત્રિયોના કંઠ સ્થપાયલા જણાતા હતા. ધડ જલમાં અને મસ્તક ઉપર દેખાતાં હતાં. મુખકમલ જોતાં તેને જણાયું કે આ સ્ત્રિયો મનુષ્યજાતિની નથી પણ કોઇ દેવ, ગંધર્વ, વિદ્યાધર કે નાગલોકની સ્ત્રિયો હશે. જલમાં મનુષ્યો થવાનું સાંભળ્યું છે, પણ તે આ હશે એમ અનુમાન થતું નથી, કારણ કે આ મુખમુદ્રાઓ જાણે અલૈકિક હોય એમ ભાસે છે. એ પ્રકારના વિચાર કરતાં તેણે વારાફરતી અનેક મોહક મુખપ્રતિ દૃષ્ટિ નાંખી જોઈ, પણ

પોતે સ્વપ્નમાં જોયલા મુખસમાન કોઈ મુખ ન જોતાં તેણે પોતાના મનને કહેતો હોય તેમ કહ્યું.

સોરઠા.

રે મન ! મિથ્યા આમ, કાં ચેષ્ટા વધતી કરે,
નિરખ્યાં વદન તમામ, પણ એકે ઉર નવ ઠરે.
વીરવિજય મુજ નામ, તુજ વશ હું વર્તું નહિ,
મિથ્યા ધરિશ ન હામ, મુજને મોહ પમાડવા.
ગ્રહીં કર મોહક પાશ, તું આગળ આગળ ધસે,
લહીં તુજ મિથ્યા આશ, **વીર**વિજય ઉભો હસે.

અરે નિર્લજ્જ મન ! તુ મને હજી ઓળખતું નથી ? હું **વીર**વિજય છું. જે મરણને પામ્યા વિના વશ થતા નથી એવા વીરોને પણ જીવતા વશ કરવાની હામવાળો હું **વીર**વિજય છું તે તારે વશ થવાનો નથી. હે દુષ્ટા વૃત્તિયો ! તમે વ્યભિચારિણી અકુલીન કામિનીઓની પેઠે આમ તેમ કેમ ભટકો છો ? એક નિશ્ચયરૂપ પતિને કેમ સેવતી નથી ? આ જગત્‌માં પતિવ્રતાઓ જ પૂજ્યત્વને પામે છે, તથા **પર**મેશ્વરની કષ્ટસાધ્ય સિદ્ધિઓને પણ એક પતિવ્રતના બલથી સહજમાં પ્રાપ્ત કરે છે. અને દુષ્ટ સ્વભાવને વશ વર્તતી અસંખ્ય શંખિનીઓ દ્વારે દ્વારે ભટકતાં પણ લેશમાત્ર સુખને કે સંપત્તિને પામી શાંત થતી નથી. માટે સાવધાન રહો.

શોરઠા.

જેને અર્થે રાજ, ત્યજી વનવાટે ચાલીયો,
નથીં મન તુજને લાજ, અન્ય સ્થલે જઈ મ્હાલીયો.
જગમાં છે ધિક્કાર, જો જન નિશ્ચયથી ફર્યો,
પ્રથમ ન ધરવો યાર, ત્યજવો નવ, જો કદીં ધરયો.
દૃઢતા વિણ સઉ ધૂલ, છો પદ ઇન્દ્રતણે ચઢે,
દઢતા સુખનું મૂલ, જાણીં ન, જીવ દુઃખે રડે.
ધાર્યું ન મળે એક, ત્યાં લગી સર્વ નકામનું,
છે ઉરમાં એ ટેક, જાણી મન કાં તુ ભ્રમે ?

આ પ્રમાણે બોલતો ત્યાંથી ચાલવા લાગ્યો. તો પણ આ શું છે તેનો કાંઈ નિશ્ચય થયો નહિ, એમ મનમાં છગડગ થવાથી વળી ઉભો રહીને વિચાર કરવા લાગ્યો.

અરે ! હું કેવો મૂર્ખ છું ? નીતિ છે કે સ્ત્રિયો સ્વતંત્રતાથી સ્નાન કરે ત્યાં પરપુરુષે દૃષ્ટિ પણ કેમ નંખાય ? માટે ખરે, મારે આ ક્ષણે એ સ્ત્રિયોના સમીપ જઇને એ કોણ છે એની તપાસ ક-

રવી ઘટતી નથી. તેમ જ દૂરથી એમને મારૂં આગમન સૂચવીને એમના આનંદનો ભંગ કરી એમને સાવધાન કરી મારે તપાસ કરવી એ પણ અધિક ઉપયોગનું નથી. અને ખરુ જોતાં તો મારે જે પ્રસંગનો કાંઇ પણ સંબંધ નથી તેની તપાસની જરૂર શી ? આ સ્થલે જો એ સ્ત્રિયો ભયમાં હોય અને પોકારે તો એમનું રક્ષણ કરવું એ મારો ક્ષત્રિયનો ધર્મ છે. જો હું આ પૃથ્વીનો રાજા હોઉં અને આ સ્થલે અધર્મ વર્તતો હોય તો તેની ઘટતી રીતે તપાસ કરવી એ મારો ધર્મ હતો; પણ તેમાંનું કાંઇ નથી તો સ્ત્રીજાતિના એકાંત રમવાના સ્થાનમાં મારે પ્રવેશ કરવાનું આ ક્ષણે કાંઇ પ્રયોજન નથી. આપ્રમાણે વિચારીને તે આગળ ચાલતો થયો.

માર્ગે ચાલતાં વિચારે છે, અહોહો ! આ સંસારમાં સ્થલે સ્થલે આશ્ચર્યના પ્રસંગ આવે છે. ક્ષણે ક્ષણે જાણવાની જિજ્ઞાસા થાય એવા ખેલો જોવામાં આવે છે. પણ અલ્પ જીવનવાળા આ જીવોએ આ કેવલ આશ્ચર્યરૂપ સંસારસાગરમાં શું જોવું અને શું ન જોવું, કે શું જાણવું અને શું ન જાણવું, એ સમજાતું નથી. અસંખ્ય પ્રાણિયોમાં જેને જે જે સૂઝે છે તેમાં તે તે નિમગ્ન થાય છે. કોઇ પણ એક મનુષ્ય સર્વ પ્રપંચને જેમ છે તેમ જીવમતિથી જાણવાને સમર્થ થાય એમ નથી જ, માટે મારે કાં તો તે જાણવાની ઇચ્છા થાય તો તેવી મતિ પ્રાપ્ત કરવી ઘટે છે અથવા તો તે સર્વ જાણવાની આશાને ત્યજીને મારે જે જાણવું કે કરવું છે તે ઉપર જ ઘુમવું ઘટે છે.

આ આદિ વિચારને કરતો જેમ જેમ આગળ ચાલે છે તેમ તેમ પૂર્વ દિશામાં સૂર્યને પોતાના કિરણ પ્રસારતાં ઉદય થવાનો સન્ધિ આવ્યો હોય એમ ભાસવા લાગ્યું. વનની વાટનો અંત પણ આવ્યો હોય એમ જણાવા લાગ્યું. દૂરથી નગરના ઉંચા ઊંચા મહાલયો તથા તે ઉપર ફરકતી ધજાઓ જણાવા લાગી. નગરને બહારના દેખાવથી રમણીયસરખું જાણીને મનમાં ઉત્સાહને અનુભવવા લાગ્યો. થાક પણ ઓછો જણાવા લાગ્યો. નગરનો કોટ અને પ્રવેશનાં દ્વાર દેખાવા લાગ્યાં. એટલામાં જમણા હાથની બાજુએ મોટું તળાવ સુંદર જલથી ભરેલું જોયું. ત્યાં મુખશુદ્ધિ તથા સ્નાન કરી લેવાની વીરવિજયને ઇચ્છા થઈ. આ સમયે એને પોતાનાં વસ્ત્રપ્રતિ લક્ષ જતાં ક્રમે કરીને પોતાનું રાજ્ય, ગૃહ અને ત્યાંનું સુખ એ સર્વ સ્મરણમાં આવ્યું, અને ક્ષણવાર પોતે રાજકુમાર છતાં તુચ્છ વિષયની લાલસાથી અધિકારરહિતપણે પ્રવાસને સ્વીકારયો છે એવુ ભાન

થવાથી ગ્લાનિને પામ્યો. પણ પાછો પોતાના નિશ્ચયનું સ્મરણ કરીને પ્રસન્નતાથી તળાવના જલસમીપ જઇને, પ્રાતઃકાલમાં કરવાયોગ્ય સર્વ વ્યવહારથી નિવૃત્ત થઇને સ્નાન કરી **શ્રીસૂર્યનારાયણને અર્ઘ્યપ્રદાન** કરી, યથાઘટિત સ્મરણ કરી સાવધાન થઇને પછી નગરપ્રતિ ચાલવા લાગ્યો.

ચાલતાં એકાએક હર્ષ થતો હોય એમ હૃદયમાં ભાસવા લાગ્યું. કારણ પ્રતીત થયા વિના જ ચિત્તમાં પ્રસન્નતા જણાવા લાગી. દક્ષિણ અંગ તથા નેત્ર સ્ફુરવા લાગ્યાં. આસપાસ દૃષ્ટિ કરતાં મનુષ્ય માત્ર જણાતું ન હતું. ધણીને ઘેર રાત્રે ન રહેનારી અને જ્યાં ત્યાં ચરી ખાનારી હરાઇ ગાયોનું ટોળું પોતાના તરફ આવતું જોઇને મનમાં આનંદ માનવા લાગ્યો. શુભ શકુનનું સ્મરણ થવાથી તથા સર્વ શુભ ચિહ્નો થતાં પ્રતીત થવાથી મનમાં વિચાર કરવા લાગ્યો કે અરે! આજે મને શો લાભ થવાનો સમય આવ્યો છે? મારા જેવા મોટી આશાવાળાને આ જગત્નો કયો પદાર્થ મળવાથી લાભ ગણાય એમ છે? રાજ્યસત્તા તથા ધનાદિ પદાર્થો મારા વિચારથી ક્ષુદ્ર છે. કદાચિત્ મારી ધારણા પાર પડવાનો આ સમય આવ્યો હોય અને મને ત્રિભુવન વશ વર્તાવવાનું કાંઈ અલૌકિક બલ મળવાનું હોય અથવા મેં સ્વપ્નમાં દીઠેલી સ્ત્રી અર્થાત્ કન્યા પ્રાપ્ત થવાની હોય. ભલે જે થવાનું હોય તે થાઓ. હવે મારે એ સંબંધમાં અધિક વિચાર કરવાનું પ્રયોજન નથી. જે કાંઇ શુભાશુભ ફલ મળવાનું હશે તે મારા સમીપ જ આવનાર છે એટલે મિથ્યા ચિત્તમાં ચંચલતા આણવાની આવશ્યકતા નથી.

આપ્રમાણે વિચાર કરતો નગરમાં પ્રવેશના દ્વારસમીપ આવી જુએ છે તો દ્વાર બંધ દીઠાં. દ્વાર બંધ જોવાથી વિચારે છે કે અરે! આ તે વસતિવાળું નગર છે કે ઉજડ છે? સૂર્યોદય થવાનો લગભગ સમય થયો છે તોપણ કોઈ મનુષ્યની આવજા થતી નથી. માર્ગમાં મેં ઘણાં નગર જોયાં છે તો ત્યાં આથી પૂર્વ પણ પ્રવેશનાં દ્વાર ઉઘડેલાં રહેતાં તેમ જ પ્રવાસીઓ તથા નગરવાસી જનો પ્રવેશતા તથા નિકળતા જણાતા, તેમાંનું કાંઇ અત્ર જણાતું નથી, એ આશ્ચર્યવત્ છે. આમ છતાં પણ આ નગર ઉજડ હોય એમ ભાસતું નથી, કારણ કે જ્યાં ત્યાં નવીન ધ્વજાઓ ચઢાવેલી જણાય છે. નગરમાં મનુષ્યોના શબ્દનો સામાન્ય ઘોંઘાટ થતો હોય એવો ધ્વનિ કાને આવે છે.

આપ્રમાણે વિચાર કરતો દ્વારસમીપ ઉભો છે એટલામાં વિવિધ વાદ્યંત્રના નાદ થતા સંભળાવા લાગ્યા અને દ્વારસમીપ આવતાં મ-

નુષ્યોના શબ્દ વેગથી સંભળાવા લાગ્યા. થોડીવારમાં તો એકાએક 'જય જય મહારાજ'! એવી જનોની ગર્જનાસહ દ્વાર ઉઘડ્યાં, અને તે વીરવિજયઉપર તે દ્વારમાંથી પ્રવાહની પેઠે વેગથી નિકળી આવતાં મનુષ્યોએ પુષ્પની વૃષ્ટિ કરવા માંડી. તેની આસપાસ થોડી ક્ષણમાં સહસ્ત્રાવધિ મનુષ્ય વીંટાઈ વળ્યાં, અને એટલાં પુષ્પ એના ઉપર પડ્યાં કે જાણે એ પુષ્પથી તે દટાઈ જશે કે શું એવો તેને ભાસ થયો. પણ એટલામાં એક મુખ્ય પુરુષ જે મોટો વૈભવી પ્રતીત થતો હતો તેણે આવીને વીરવિજયને સંમાનથી નમન કર્યું, અને હાથ ઝાલીને ત્યાંથી નગરના દ્વારમાં પ્રવેશ કરાવ્યો. અંદર જઇને જોતાં વીરવિજયને મોટી સ્વારીની ધામધુમ જણાઈ. પછી પેલા પ્રમુખ પુરુષે વીરવિજયને એક મોટા મદગલિત હસ્તીઉપર ચઢાવેલી સુવર્ણની રત્નજડિત અંબાડીમાં બેસવા તથા નવીન વસ્ત્રાલંકાર પહેરવા પ્રાર્થના કરી. વીરવિજય પણ આશ્ચર્યમાં ગરકાવ થયેલો હોવાથી કંઈ પણ પૂછપરછ કર્યા વિના જે થાય તે અનુભવવાના નિશ્ચયથી રાજવંશી દિવ્યસરખા વસ્ત્રાલંકારને પહેરીને હાથીઉપર આરૂઢ થયો. તત્ક્ષણ તેને મસ્તકે ચામરોનાં વ્યજન થવા લાગ્યાં. 'શ્રીમન્મહારાજાનો જય જય થાઓ' ઇત્યાદિ મંગલપ્રદર્શક શબ્દોના આગળપાછળ ઘોષ થવા લાગ્યા. શસ્ત્રધારી પાળા તથા સ્વારોવડે તેમ જ ઉત્તમ ઉત્તમ રથ તથા હસ્તિઓવડે શોભતી સ્વારી ક્રમપ્રમાણે ચાલવા લાગી. ભાટચારણાદિ કવિજનો મંગલરૂપ કાવ્યવડે સ્તુતિ કરતા આગળ વહતા હતા. બે બાજુએ નગરીની પ્રજા પ્રસન્ન વદનથી જય જય વદતી, નમન કરતી પુષ્પથી વધાવતી વીરવિજયનાં દર્શન કરતી હતી. અટારીઓમાંથી કોઈ કુલાંગનાઓ અંતર્પટમાંથી બંધુભાવથી જોતી હતી, અને સામાન્ય કુલની સ્ત્રિયો તો બારીઓમાંથી પુષ્પ વધાવતી હતી. ગૃહે ગૃહે અવર્ણનીય શોભા કરેલી પ્રતીત થતી હતી. રાજમાર્ગોમાં કરેલી શોભાથી મહોત્સવનું ભાન થતું હતું; પણ વીરવિજય તો જેમ કોઈ ભગવદ્ભક્ત ઈશ્વરની માયાને ઉદાસીનવત્ રહ્યો જુએ છે તેમ જોતો હતો. રાજમાર્ગેથી ફરતી સ્વારી રાજદ્વારઆગળ આવીને અટકી, અને નાના પ્રકારથી શોભાયુક્ત કરેલા સભામંડપના દ્વારઆગળ આવીને વીરવિજયના હસ્તીને બેસાડ્યો. માંગલિક શબ્દોના ઘોષપૂર્વક, આગળપાછળ વેદમંત્રવડે શાંતિપાઠ ભણનારા પવિત્ર બ્રાહ્મણોસહવર્તમાન સભામંડપમાં પ્રવેશ કર્યો. દિવ્યસરખા રચી રાખેલા રાજ્યાસનઉપર વીરવિજયને બેસાડ્યા અને વિધિપ્રમાણે રાજ્યાભિષેક કર્યો. આસપાસ સભામંડપમાં રચી રાખેલા આસનઉપર ક્રમપ્રમાણે પ્રધા-

નાદિ રાજ્યના સ્તંભરૂપ પુરુષો બેઠા. એ સમયે જે શોભા **વીરવિજય** જોતો હતો તે અવર્ણનીય હતી. આ સઘળું પ્રતીત થાય છે તે સ્વપ્ન છે કે સાચું છે એવો શંકાપૂર્વક મોહ થતો હતો. આ ક્ષણપર્યંત કોઇસાથે **વીરવિજય** એક શબ્દ પણ બોલ્યો ન હતો.

પ્રધાનાદિ પ્રમુખ પુરુષો અને સઘળી પ્રજા એકસરખી રીતે **વીરવિજય**નાં રૂપસૌંદર્યની સ્તુતિ કરતાં હતાં અને વિશેષમાં પરસ્પરપ્રતિ એમ કહેતાં કે આ આપણા ઉપર આ ક્ષણથી રાજ્ય કરવા પ્રકટેલો પુરુષ કોઇ મનુષ્ય નથી પણ સ્વર્ગલોકથી ઉતરેલો કોઈ દેવ છે.

રાજ્યાભિષેક થતાં જ **વીરવિજય**ની આણ વર્તાવવામાટે તથા શબ્દરૂપરથી જ્ઞાનજાતિઆદિનું અનુમાન કરવાનિમિત્તે પ્રધાને **શ્રીવીરવિજયચંદ્ર**ને તેનું નામ પૂછ્યું. નિઃશંક થયેલા તે **વીરવિજયચંદ્રે** પોતાનું નમ કહ્યું. તે પ્રમાણે નગરમાં આણ વર્તાવી. નામથી પણ સર્વ સુજ્ઞ પ્રસન્ન થયા. અને જેવું નામ તથા રૂપ છે તેવા જ ગુણ પણ હશે એમ પોતપોતાના મનમાં સર્વ વિચારવા લાગ્યા.

બ્રાહ્મણોદ્વારા થવાયોગ્ય સઘળી ક્રિયા થઈ રહ્યા પછી પ્રધાને **વીરવિજય**ને રાજ્યભવનમાં પ્રવેશવાની પ્રાર્થના કરી. આસપાસ વેદઘોષ કરતા બ્રાહ્મણોસહિત રાજ્યભવનના વિશાલ ચોકમાં આવીને ઉભા. તે સમયે પોતાના ભાગ્યની સ્તુતિ કરતી, **વીરવિજય**ના દિવ્યસરખા રૂપથી વિસ્મય થતી મોહવશ થયેલી રાજકન્યાએ અમૂલ્ય મુક્તાની માલાસહિત તૈયાર કરી રાખેલી પુષ્પની ભવ્ય માલા વરમાળરૂપે **વીરવિજય**ના કંઠમાં ઉપરથી આરોપી. ઉપરથી નાંખ્યા છતાં **વીરવિજય**ના કંઠમાં જેમ કોઇ સમીપ રહી આરોપે તેની પેઠે આવી પડેલી માલા જોઇને આશ્ચર્યસાથે ઉપર દૃષ્ટિ કરી તો આછા અભ્રવડે આચ્છાદિત સૂર્યસરખી પ્રભાવાળું, સૂક્ષ્મ વસ્ત્રપટથી આચ્છાદિત રાજકુંવરીનું મુખબિંબ દૃષ્ટિએ પડ્યું, અને તેથી સહર્ષ મોહવશ થતો, આશ્ચર્ય પામતો નીચી દૃષ્ટિ કરી સ્તબ્ધિભાવને પ્રાપ્ત થઇ ઉભો રહ્યો. એ જ ક્ષણથી પરસ્પરની વૃત્તિ પરસ્પરમાં પ્રાપ્ત થવાથી તેઓ એકબીજાસાથે બંધાયાં હતાં; માત્ર લોકરૂઢિથી જ વસ્ત્રના છેડા ગાંઠવાના શેષ રહ્યા હતા. જેની મનોવૃત્તિ રાજકન્યાવડે હરાઈ ગઈ છે એવો **વીરવિજયચંદ્ર** તે રાજકન્યાની ચિત્તવૃત્તિ હરીને પ્રધાનને આગળ કરી તેની પ્રેરણાથી પુનઃ સભામંડપમાં આવી રાજ્યાસને બેઠો.

પ્રધાને સર્વ સભા શ્રવણ કરે એવે પ્રકારે **વીરવિજય**પ્રતિ હસ્ત જોડી વિનયથી આ પ્રકારનાં વચનો કહ્યાં.

પ્રધાન કહે છે, આ રાજ્યાસનઉપર અમારા પાલક **શ્રીમદ્ભગ**-

વસ્ચંદ્ર મહારાજ વિરાજતા હતા. તેમણે અમને તથા આ પ્રજાને પોતાના આયુષ્યની વિદ્યમાનતાપર્યંત પોતાની પુત્રપુત્રીરૂપ પ્રજાની પેઠે પાળ્યાં છે. એમણે શત્રુરૂપ કંટકથી રહિત રાજ્ય કરીને આ લોકમાં પોતાની કીર્તિને અમર કરી સ્થાપી છે. પુત્રસંતતિ મૂક્યા વિના આ લોક ત્યજીને પોતે પરલોક વાસ્યો છે. અને જે સમયે પોતે દેહપતનનું દૃઢ અનુમાન કર્યું તે સમયે પાછળ કરવાયોગ્ય વ્યવસ્થાનો ઘટિત વિચાર કરીને અમને સાવધાનપણે આજ્ઞા કરી ગયા છે તે વિચાર તથા આજ્ઞાનું સ્વરૂપ આ પ્રકારનું હતું.

'આ સંસારમાં કોઈ પણ મનુષ્ય પોતાના અંતઃકરણમાં ઉઠતી વિષયસંબંધી સર્વ ઇચ્છાઓને પૂર્ણ કરી પ્રાપ્ત શરીરથી છૂટ્યો હોય એવું દૃઢ અનુમાન કરવું, એ મનુષ્યની બુદ્ધિથી બહારનું કામ છે. જેથી બુદ્ધિમંત મનુષ્યોએ આ જગત્માં સર્વ આશા પૂર્ણ કરવાનો આગ્રહ કરવા કરતાં સર્વ આશાના પાશથી મુક્ત થવાનો આગ્રહ સેવવો એ જ ઉત્કૃષ્ટ વાર્તા છે.

મેં અનેક વિચારથી તથા મારા અનુભવથી નિશ્ચય કર્યો છે કે આ પ્રવાહમાં પ્રતીત થયેલાં પ્રાણિઓને સર્વ આશા પૂર્ણ કરવાની ધારણા જો કદાચિત્ પૂર્ણ થતી હોય તો પણ તે કરતાં સર્વ આશાના ત્યાગની ધારણા સત્વર પૂર્ણ થવાનો સંભવછે. માટે મતિમંત મનુષ્યોએ આશાપાશને ત્રોડીને નિકળવું એ જ મારા વિચારથી ઉત્તમ છે.

મેં જન્મથી તે આ મરણના અનુમાનની ક્ષણપર્યંત અનેક આશાના અંકુરોને સ્ફુટ થતા અને વૃદ્ધિને પામતા અંતઃકરણમાં અનુભવ્યા છે. તેમાંની કેટલીક આશા તો અનાયાસે પૂર્ણ થઇ છે, કેટલીએક તો કષ્ટથી પૂર્ણ થઇ છે, કેટલીએક મહા કષ્ટથી પૂર્ણ થઇ છે, અને કેટલીએક તો અતિ કષ્ટે પણ આ ક્ષણપર્યંત પૂર્ણ થઈ નથી. આ કારણથી જ્યારથી મેં સર્વ આશાઓને પૂર્ણ કરવાની દુરાશાને ઓળખી છે ત્યારથી મેં તે શેષ રહેલી આશાને નિરાશ કરવાનો પ્રયત્ન આરંભ્યો હતો, અને તેમાં આ ક્ષણપર્યંતમાં હું ઘણે અંશે સફલ થયો છું.

આ પ્રાણિઓને આ વિશ્વમાં આશાસમાન રિપુ અન્ય કોઈ નથી. તેથી આશાથી બચવાને સઉએ સાવધાન રહેવું ઉચિત છે. હું પૃથ્વીપતિ છું અને સર્વ ઉત્તમ પ્રકારના વૈભવી પદાર્થોને પ્રાપ્ત છું, તોપણ આશાના આવિર્ભાવસમયે જાણે સર્વ સુખના કારણથી રહિત છું એવું ભાસે છે. હું દીન જનોનાં દુઃખને ટાળનાર સમર્થ દાતા છું, તોપણ આશાના પ્રાપ્ત થવાથી દીન, દુર્બલ, ભિક્ષુકસમ થાઉંછું. હું બલવાન્ શત્રુને નમાવનાર તથા હણનાર શૂરવીર છું, પણ આશાના કટાક્ષથી

હું અન્યને નમનાર અને અન્યવડે હણાનાર કાયર પુરુષસરખો પ્રતીત થાઉં છું. સૂક્ષ્મમાં એ જ કહું છું કે સર્વને સર્વ પ્રકારના અનર્થની પ્રાપ્તિનું મુખ્ય કારણ આ જગત્માં શોધી જોઇએ છીએ તો જ્યાં ત્યાં માત્ર આશા જ આગળ આવી ઉભી રહે છે. જેથી મારા સરખા અનર્થનિવૃત્તિની આશાવાળાએ સર્વ આશાનો ત્યાગ કરવો એ જ કર્તવ્યછે.

મારા થોડા અનુભવથી મને એવો નિશ્ચય પણ પ્રાપ્ત થયો છે કે જ્યારે આ પુરુષો આશાથી છૂટી બેસે છે ત્યારે કોઈ અદૃશ્ય સત્તાવડે તેમની યોગ્ય આશાઓ પ્રસંગે પૂર્ણ થાય છે. આ પ્રકારના નિશ્ચયથી હવે મને સંતોષ રહે છે એટલું જ નહિ પણ હવે મેં મારા કર્તૃત્વાભિમાનને શિથિલ કરી નાંખ્યું છે, તેથી પણ મને અધિક સંતોષ પ્રતીત થાય છે.

" આ જગત્માં ઘણું કરીને કર્તાપણાના અભિમાનવાળાં સર્વ મનુષ્યો બલવતી અદૃષ્ટ સત્તાના અજ્ઞાનથી જ પોતામાં કર્તાપણાનો આરોપિત નિશ્ચય કરે છે. બુદ્ધિમંત પુરુષો જ્યારે સાવધાનતાથી વિચાર કરે છે ત્યારે તથા પ્રત્યેક પ્રવૃત્તિના અંતમાં ઉપજતા ફલને તથા આરંભની પોતાની ઇચ્છાને સમયે સમયે સરખાવી જુએ છે ત્યારે પોતામાં ધાર્યાપ્રમાણે જ કર્તૃત્વાભિમાનથી ફલ ઉપજાવવાનું કેવું અને કેટલું સામર્થ્ય છે તેનો નિશ્ચય કરી શકે છે, અને તે નિશ્ચયથી પોતે પોતાના પ્રયત્નથી સ્વતંત્ર કર્તાપણાના અભિમાનને એક ભ્રમરૂપ સમજે છે. આમ છતાં પણ વ્યવહારમાં પ્રવેશેલા હોવાથી તેવા બુદ્ધિમંત પુરુષો પણ મિથ્યાવત્ સ્વીકારેલા કર્તૃત્વાભિમાનને આગળ રાખીને યથાપ્રાપ્ત વ્યવહારને સેવે છે.

આ આયુષ્ની સમાપ્તિના સમયમાં મારે હવે પ્રથમ સ્વીકારેલા સર્વ અનુપયોગી ધર્મોનો ત્યાગ કરીને કેવલ પરમાત્મસ્વરૂપનું શરણ જ સેવવું ઉચિત છે. તેથી આ સર્વ બાહ્ય વ્યવહારની સમાપ્તિઅર્થે તે સંબંધના અંતિમ કર્તવ્યનો અંત આણું છું

જીવોએ પોતાના વિદ્યમાનપણાપર્યંત પ્રાપ્ત કરેલા વા રાખેલા પદાર્થોને આ લોકમાં જ રહેવા દેઇને આયુષ્ની સમાપ્તિએ જવું છે એ વાર્તા કાંઈ આ જીવોને નવીન જાણવાજેવી નથી. તોપણ ઘણા મનુષ્યો પ્રાપ્ત પદાર્થોને કેવલ રક્ષણ માટે જ સેવવા સમજે છે, તેથી પદાર્થોની વ્યવસ્થાના સંબંધમાં મારો નિશ્ચય સૂચવું છું.

કોઈ તો પદાર્થોની ગતિમાં દાન, ભોગ, રક્ષણ અને નાશ એ ચાર ભેદ ગણે છે, કોઈ તો દાન, ભોગ અને નાશ એ ત્રણ જ ગણે છે, તથા કોઈ તો ભોગ, રક્ષણ અને નાશ એ ત્રણ જ ગણે છે.

આ સ્થલે પ્રીતિ તથા ઉત્સાહવડે જીવનપર્યંતમાં સ્વહસ્તે પોતાના માનેલા પદાર્થોને પાત્રાપાત્રના નિર્ણયપૂર્વક પાત્રને વિધિવડે ભોગાર્થે અર્પણ કરવા એ દાન છે. પોતે તથા પોતાના આત્માતુલ્ય માનેલાં સ્ત્રીપુત્રાદિએ સ્વસુખાર્થે, પોતાના માનેલા પદાર્થોનો ઉત્સાહ તથા પ્રીતિવડે જે ઉપયોગ કરવો એ ભોગ છે. ઉત્તર કાલે પોતાના આત્માતુલ્ય પ્રીતિપાત્ર સ્વજનને પોતાના પદાર્થનો ઉપભોગ મળે એવી આશાથી જે તે પદાર્થોનો વિઘ્નોની નિવૃત્તિની આશાપૂર્વક સંચય કરવો .તે રક્ષણ છે. અને પોતાની ઇચ્છા વિના કે અનુમતિ વિના જાણતાં વા અજાણતાં પોતાની અથવા પોતાના માનેલા સ્વજનોની સ્વીકારેલી મર્યાદાથી બહિર્ પોતાના પદાર્થોની ગતિ થઈ જવી અર્થાત્ અનિચ્છા છતાં પદાર્થોનું અપ્રાપ્તપણું કે નિરુપયોગીપણું થવું એ નાશ છે.

ઉક્તભેદમાં જેઓ રક્ષણને પૃથક્ સ્વીકારતા નથી તેઓ રક્ષણનો દાનમાં અને નાશમાં અંતર્ભાવ ગણે છે; તે એવા વિચારથી કે પદાર્થોનું દાન એ જ ખરું રક્ષણ છે. (**दान एव हि रक्षणम्** ઇત્યાદિ એ ભાવને અનુસરતાં પૂર્વ પુરુષોનાં વચનો પણ છે) અર્થાત્ પોતાના પદાર્થોને સ્વસંકલ્પથી સાવધાનતાથી અર્પણ કરનાર પુરુષ તત્ક્ષણ સ્વસંતોષને અનુભવે છે, અને આપ્તવાક્યમાં વિશ્વાસવડે પોતાના વિધિવડે અર્પણ કરેલા પદાર્થોને લોકભ્રમણની સ્થિતિપર્યંત વ્યવસ્થાપક ઇશ્વરની સત્તાથી દાતા જ્યાં ત્યાં પુનઃ પ્રાપ્ત કરી શકે છે, એ નિશ્ચયથી જેમ રક્ષેલા પદાર્થ રક્ષકને પ્રાપ્ત હોય છે તેમ પોતાને દાન કરેલા પદાર્થો પ્રાપ્ત થશે એ આશાથી પણ રક્ષણતુલ્ય સંતોષ માને છે. જેથી રક્ષણનો દાનમાં અંતર્ભાવ સમજે છે. અને મરણપર્યંત સ્વસત્તાથી ન અર્પાયલા એવા રક્ષાયલા પદાર્થોથી અભિમાની પૃથક્ થાય છે જેથી તે શેષ પદાર્થોને નાશરૂપ ગતિવાળા માનેછે. કારણ કે સાવધાનપણે સંકલ્પ કર્યા વિના તેમ જ ઇચ્છાપૂર્વક અર્પણ કર્યા વિના નિરુપાયે પાછળથી કોઈ પણ પોતાના સત્તાસામર્થ્યથી લે તો તે પણ ચોર અગ્નિ કે રાજાવડે હરાયલા પદાર્થોની પેઠે નાશરૂપ જ ગણાય છે.

જે મનુષ્યો દાન ભોગ અને રક્ષણરૂપ ગતિ ગણે છે ને નાશને ગણતા નથી તેમણે નાશનો અંતર્ભાવ રક્ષણમાં કરયો સમજાય છે. તે એવી રીતે કે જો તે રક્ષણ કરાયલા પદાર્થો પોતાના મરણપછી અધિકારિઓને પ્રાપ્ત થાય તો રક્ષણ સાર્થક ગણાય અને નહિ તો નાશ જ છે, અર્થાત્ તેમની દૃષ્ટિથી રક્ષણ છે તે જ ભોક્તાભેદથી નાશ છે.

જેઓ ભોગ, રક્ષણ અને નાશ એ ત્રણ ગતિ જ માને છે તે દૈવવશાત્ દીન થયેલા અજ્ઞાનમગ્ન પ્રાણિઓ પોતાની મંદમતિથી અતીતઅનાગત કાલે પોતાના અસ્તિત્વમાં સંશયવાળા હોયછે, અને તેથી અધિકારિને પોતે આપેલા પદાર્થોની ભોગમાં ગણના કરે છે, ઇતરને હસ્તગત થયેલા પદાર્થોને નાશ થયામાં ગણેછે, અને રક્ષેલા પદાર્થોનો પણ અંતે ભોગમાં ન સમાવેશ થાય તો નાશમાં સમાવેશ ગણેછે. જેથી દાન કરવાના અનધિકારી અર્થાત્ દાતૃત્વશક્તિ વિનાના તે ક્ષુદ્ર હૃદયબલવાળા આ દાનનો ભોગ તથા નાશમાં અંતર્ભાવ ગણેછે એમ સમજવું.

આ પ્રકારે વિવિધ વિચારથી મનુષ્યો વિવિધ પ્રકારે પદાર્થોની વ્યવસ્થા કરે છે. પણ ખરું જોતાં દાન તથા ભોગ એ બે ગતિ જ શ્રેષ્ઠ છે. તેમાં પણ દાનરહિત ભોગ ઉત્તમ નથી. રક્ષણ કર્તવ્ય છે તોપણ તે પોતાના અવધિએ સંકલ્પવડે અન્યને અર્પાયું હોય વા અર્પવાયોગ્ય નિશ્ચય કરાયું હોય તો તેનો દાનભોગમાં જ સમાવેશ થઈ જાય છે. એક પક્ષથી તો સર્વ સુજ્ઞના પદાર્થની ગતિનો માત્ર દાનમાં જ સમાવેશ થાય છે. કારણ કે તે જે જે પદાર્થોનો ભોગ કરે છે તે પણ અંતરાત્માને અર્પણબુદ્ધિથી કરે છે; અને અન્યને અર્પણ કરેછે તે પણ પુનઃ ન ગ્રહણ કરવાની ઇચ્છાથી અથવા અધિકાર જોઇને અર્પણ કરે છે. અન્ય પક્ષથી સર્વાત્મભાવના દૃઢ કરનાર પુરુષના પદાર્થોનો તો સર્વ પ્રકારની ગતિથી પણ માત્ર ભોગમાં જ સમાવેશ થાય છે. કારણ કે તે સર્વત્ર આત્માથી અતિરિક્ત દાતા કે દાનપાત્રનું પૃથક્ સ્વરૂપ અનુભવતો જ નથી. અર્થાત્ જે પોતે ભોગવે છે તે તથા અન્યને અર્પાય છે તે સર્વ ભોક્તા ગણીએ તો એક જ આત્મા છે. જેથી અન્યના અભાવનિશ્ચયથી દાનનો કે નાશનો અવકાશ નથી, તેમ જ રક્ષણનો પણ અવકાશ નથી કારણ કે પદાર્થ સદા કોઇ પણ અભિમાનીની સત્તામાં હોય છે અને જ્યારે જ્યારે જે જે અભિમાનીની સત્તામાં હોય છે ત્યારે ત્યારે તે તે તેનો ભોક્તા જ મનાય છે.

આ સઘળું છતાં વળી જે ઉપાધિદૃષ્ટિથી રહિત થયેલા તથા ભોગભોક્તાદિ સમગ્ર ભેદબુદ્ધિનો અભાવ અનુભવનારા મહાપુરુષો છે તે તો વસ્તુમાત્રના સદ્ભાવના નિશ્ચયથી ભોગદાનાદિ ગતિ તથા દૃશ્ય પદાર્થ એમાંનું કાંઈ પણ સ્વરૂપથી પૃથક્ થઈ અનુભવતા નથી અને તેથી તેમની દૃષ્ટિથી સર્વ પ્રપંચ મિથ્યા છે, તેમ આ જીવકૃત વ્યવહાર પણ ભ્રાંત અને મિથ્યા છે. તોપણ એ સ્થિતિ સર્વને પ્રાપ્ત હોવી કઠિન છે અને સ્થિતિ વિના તદ્વત્ નિશ્ચય કરવો કે તેમ વર્તન કે-

ખાડવું એ કાપટ્ય હોવાથી અનર્થ કરનાર છે, માટે મારે આ સમયે હવે જે કરવાનું છે તેને તમે લક્ષમાં રાખજો. અને મારા સમક્ષ મારો ધારેલો વ્યવહાર થવાનો હવે સંભવ નથી માટે હું સંકલ્પ કરી કહુંછું તે પ્રમાણે તમે વ્યવસ્થા કરજો.

મારા અંતઃકરણમાં એવી આશા પ્રથમ પ્રાપ્ત હતી કે પુત્ર પ્રાપ્ત થશે, પણ તે આશા પૂર્ણ ન થવાથી પ્રાપ્ત પુત્રીથી હું સંતોષ માનતો હતો. એ પુત્રી એની માતા મૃત થવાથી અસંતોષમાં હતી અને હવે મારા મરણથી તે અધિક અસંતોષને પ્રાપ્ત થશે. પણ એ ઇષ્ટસંકેતાનુસાર થાય એમાં અન્ય જીવનો ઉપાય નથી. જેથી હવે તમને આજ્ઞા કરૂંછું કે અમુક દિવસે સૂર્યોદયના સંધિના સમયે તમે પૂર્વ દિશાનું નગરપ્રવેશનું દ્વાર ઉઘાડજો, અને જે પુરુષ પ્રથમ પ્રાપ્ત થાય તેને આ રાજ્યનો અભિષેક કરજો, અને પ્રાણની પેઠે પાલન કરેલી આ પુત્રી તેને અર્પણ કરજો. એ પુત્રીનું કોઈ કુલીન ક્ષત્રિય વીરપુરુષસાથે લગ્ન કરવાની મારી ઇચ્છા હતી, પણ તે મારે હાથે પૂર્ણ થવાનો હવે સમય રહ્યો નથી. તે આવી પ્રાપ્ત થનાર પુરુષ ગમે તે જાતિ કે કુલનો હોય તેની શંકા કરશો નહિ. સર્વજ્ઞ ઈશ્વર મારી ઇચ્છાના જ્ઞાતા છે. આ ક્ષણે સર્વ આશા તથા ઇચ્છાઓના ત્યાગપૂર્વક હું તે મારા પરમસ્વરૂપપ્રતિ પ્રવેશું છું તેથી હવે પછી મારા દ્વારા કરાવાયોગ્ય વ્યવહારોને પોતાની સત્તાવડે તે સર્વશક્તિમાન્ ઈશ યથાઘટિત કરે. આ વ્યવહારસંબંધમાં હવે મારે કોઈ પણ સંકલ્પ કરવો શેષ રહ્યો નથી.

આટલું બોલીને તે અમારા શ્રીમદ્ભગવચ્ચંદ્ર મહારાજે પોતાનાં નેત્ર બંધ કર્યાં અને પછી ઈષ્ટસ્મરણ કરતાં વાણી બંધ કરી અને થોડા કાલમાં એમના પોતાના માનેલા શરીરને નિરુપયોગી થયેલું અમને પ્રતીત કરાવ્યું. આ સર્વ પ્રજાને ખેદજનક પ્રસંગ પ્રાપ્ત થયો. તે પછી તેમણે રાજ્યાભિષેકમાટે નિશ્ચય કરેલો દિવસ આજે પ્રાપ્ત થયો છે. આજના દિવસને ઉત્સવનો દિવસ ગણીને અમે સર્વ પ્રકારથી નગરમાં આ દિવસના પૂર્વ દિવસોથી ઉત્સવનાં ચિહ્નોને પ્રકટાવ્યાં હતાં. અને આજે આપ મહારાજાનો અભિષેક થવાથી અમને મોટો આનંદ થયો છે. અમારા મહારાજ ઈષ્ટસત્તાથી સર્વજ્ઞ હશે એવું અમને ભાન થાય છે, કારણ કે આપ તેમણે ઇચ્છ્યા હતા તેવા જ મહાપુરુષ રાજ્યને સ્વીકારનાર અનાયાસ પ્રાપ્ત થયા છો. રાજકુંવરીના પ્રારબ્ધની સર્વ કોઈ નિંદા કરતું હતું અને એમ ધારતું હતું કે કોણ જાણે કેવોએ પતિ એમને પ્રાપ્ત થશે, તેમ જ આ ભાગ્યહીન પ્રજાને

ન જાણીએ કેવોએ રાજા પ્રાપ્ત થશે, પરંતુ સર્વની વિરોધી ધારણાઓ વ્યર્થ થઈ અને પ્રજાના તથા કુંવરીના સુભાગ્યથી આપ યોગ્ય પતિ પ્રાપ્ત થયા છો.

ઈશ્વરરૂપ આપ હવે પછીના આ પ્રજાના પાલક છો. તે પ્રજાને સર્વ પ્રકારનાં સુખ આપી સંતોષશો એવી અમને આશા છે. આ રાજ્ય આપનું છે અને અમે કે જે રાજ્યસેવક છીએ તે પણ આ ક્ષણથી આપ મહારાજના સેવક છીએ. માટે સર્વને આપ જ્યારે જ્યારે અનુકૂલ ભાસે ત્યારે ત્યારે ઇચ્છાનુકૂલ કાર્યમાં જોડશો. કુંવરીએ પૂજ્ય બ્રાહ્મણાદિ સમક્ષ આપના કંઠમાં વરમાલા આરોપી ત્યારથી જ તે આપને વરી ચુક્યાં છે; તોપણ વ્યવહારપ્રમાણે આપને ઉચિત ભાસે ત્યારે શુભ દિવસે, લગ્ન નિશ્ચય કરી પાણિગ્રહણ કરશો. જેથી અમને અમારા અન્નદાતા અને રક્ષક મહારાજાએ કરેલી આજ્ઞાનુસાર અમે સર્વ કાર્ય કરી ચુક્યા એમ અમને નિશ્ચય થશે.

આ પ્રકારનાં વચનો બોલીને વિધિવત્ નમન કરીને પ્રધાન પોતાના સ્થાનઉપર બેઠા, અને તે પછી **શ્રીવીર**વિજયચંદ્ર રાજાના મુખપ્રતિ દૃષ્ટિ સ્થાપીને સર્વ સભાજનો મૌન બેશી રહ્યા.

સર્વ સભાજનોને સ્તબ્ધ બેઠેલા જોઇને તથા તેમના ભાવને જાણીને સર્વ વ્યવહારમાં કુશલતાવાળા, બુદ્ધિમાન્ **શ્રીવીર**વિજયચંદ્ર ગંભીર વાણીવડે શોભતા શબ્દોથી પોતાના અંતર્ આશયને પ્રકટ કરવા આ પ્રકારે બોલવા લાગ્યા.

વીરવિજયચંદ્ર કહે છે, હે સુભાગ્યવંત પ્રજાપ્રમુખ પુરુષો તથા પ્રધાનાદિ રાજસેવકો ! તમારો અને મારો આ સ્થાને આ ક્ષણે થયેલો સંબંધ કોઈ વિલક્ષણ કર્મજ સત્તાબલે અથવા તો ઇષ્ટસંકેતવડે થયો હોય એમ પ્રતીત થાય છે. તમારી તથા મારી ભાગ્યરેખા જ જો આ સંબંધમાં કારણરૂપ હશે તો તેમાં પણ તમારી ભાગ્યરેખા જ અધિક શુભ બલવતી હોવી ઘટે છે કારણ કે મારા અત્ર આગમનથી તમારૂં સર્વનું હિત જેવું સચવાય એમ છે તેવું મારું કાંઈ પણ હિત વસ્તુતઃ જળવાય એમ નથી, કારણ કે મારી ઇચ્છાનો વિષય અને નિશ્ચય ભિન્ન છે. તમે કોઈ એમ ધારતા હશો કે આ પુરુષને માર્ગે ચાલતાં વિના પ્રયત્ને રાજ્ય મળ્યું છે તેથી એની ભાગ્યરેખા બલવતી છે, તો તેમ નથી. કારણ કે મને તો ગર્ભથી તે આ ક્ષણપર્યંત આ કરતાં પણ વિશાલ પૃથ્વીનું રાજ્ય પ્રાપ્ત જ છે. કદાચિત્ તમારામાંથી કોઈ એમ ધારતું હશે કે આ પુરુષને રાજ્યસહિત દિવ્યસરખી રૂપગુણવતી રાજકન્યા સહજમાં પ્રાપ્ત થઈ છે તેથી એની ભાગ્યરેખા બલવતી છે, ત-

થાપિ એ ધારવું પણ યોગ્ય નથી. કારણ કે અધિકાધિક શ્રેષ્ઠરૂપગુણવતી મનાતી અનેક કન્યાઓ મારે અર્થે સમર્થ નૃપતિયોના ગૃહમાં વિદ્યમાન છે, અને તેમની આવેલી માગણીઓનો અનેક વાર મેં તિરસ્કાર કરયો છે. આ વિના અનેક કારણોવડે પણ જોશો તો મારા અત્ર થયેલા આગમનમાં મારી ભાગ્યરેષા બલવતી ગણાય એમ નથી, તેમ જ મને પણ મારા ભાગ્યોદયનું મારા નિશ્ચયાનુસાર કોઇ સાક્ષાત્ ચિહ્ન આ ક્ષણુપર્યંત પ્રતીત થયું નથી. જેથી તમારી જ સર્વની બલવતી ભાગ્યરેષાએ મને અત્ર આકર્ષી આણ્યો છે એમાં કાંઈ સંદેહસરખું નથી.

આ લોકમાં જે પુરુષને પોતાની પત્નીના ઉદરદ્વારા પ્રાપ્ત થયેલો પુત્ર અથવા પોતે વંશરક્ષકરૂપે સ્વીકારી લીધેલો પુત્ર પરાક્રમી અને સદ્ગુણી હોય તે પુરુષને તથા તેના વૃદ્ધોને તથા તે પુરુષની ભાગ્યરેષાને ધન્યવાદ વદાય છે. તેમ જ જે પુરુષને કુલીન, શૂરવીર, ધીર કે પરાક્રમી છતાં સદ્ગુણી તથા ઈશ્વરાભિમુખ વૃત્તિવાળો જામાત્ર મળે તે પુરુષને તથા તેની ભાગ્યરેષાને સર્વ સ્તુત્ય ગણે છે. વળી આ લોકમાં જે ઉદાર દાતા પુરુષને સુપાત્ર દાન ગ્રહણ કરનાર મળે છે તેની ભાગ્યરેષા પણ બલવતી ગણાય છે. કારણ કે દાતા તો ઘણા હોઈ શકે છે પરંતુ દાનપાત્ર સ્થલે સ્થલે હોતા નથી. આ આદિ હેતુઓ-વડે પ્રથમ તો તમારા રાજા સુભાગ્યવાન્ ગણાવા ઘટે છે.

વળી આ લોકમાં જે કન્યાને સુરૂપ, સુગુણ અને યોગ્ય વય તથા બલવાળો કુલીન પતિ મળે તે કન્યા પણ બલવતી ભાગ્યરેષા-વાળી ગણાય છે. ત્યાં કન્યાકરતાં અથવા તો અન્ય રૂપવાન્ પુરુષો-કરતાં અધિક સુંદરતાવાળો તે સુરૂપવાળો ગણાય છે; કન્યાકરતાં અથવા તો અન્ય ગુણવાન્ પુરુષોકરતાં અધિક ગુણવાન્ છતાં જે સર્વસદ્ગુ-ણુયુક્ત હોય તે સુગુણવાળો ગણાય છે; કન્યાકરતાં આઠથી પંદર વર્ષ અધિક વયવાળો હોય તે યોગ્યવયવાળો પતિ ગણાય છે; અને વિશેષે કરીને રોગરહિત, સર્વ અવયવવાળો, તથા કન્યાકરતાં અને અન્ય સામાન્ય બલવાળા પુરુષોકરતાં અધિક બલવાળો હોય તે યોગ્ય બ-લવાળો પતિ ગણાય છે. આ પ્રકારનો હોવા છતાં પણ જે કુલીન અર્થાત્ જેના કુલમાં પૂર્વે કદી સદાચારનો લોપ થયો નથી અને જે પોતે પણ સદ્ધર્મપરાયણ હોઇને સદાચારને સેવનાર હોય તે પતિને પ્રાપ્ત કરનાર કન્યા સુભાગ્યવતી ગણાય છે. આ આદિ સર્વ પ્રકારે જોતાં તમારીઆ રાજકન્યા પણ બલવતી ભાગ્યરેષાવાળી ગણાવી ઘટે છે.

એ જ પ્રમાણે આ લોકમાં જે પ્રજાને પ્રજાનાં દુઃખને જાણી તે દુઃખથી અનેક યત્નવડે પણ તેને મુક્ત કરવાની ઇચ્છાવાળો,

આલસ્યાદિ દોષોથી રહિત રહીને ઉદ્યોગને સેવનારો, તથા પોતાના સુખની સ્પૃહા વિનાનો છતાં પ્રજાના સુખને જ પોતાનું સુખ માનનારો કુલીન ક્ષત્રિય રાજા મળે છે તે પ્રજા પણ બલવતી ભાગ્યરેષાવાળી ગણાય છે. વળી જે રાજા પોતાની પ્રજાપાસેથી તેમના પ્રાપ્ત થતા ધનમાંથી તેમનું પોષણ થતાં રહેલા શેષમાંથી યોગ્ય વિભાગમાત્ર લેવાના નિયમવાળો હોય, તથા જે રાજા ન્યાયથી પોતાના કોશની યોગ્ય વૃદ્ધિ કરનારો છતાં પોતાની પ્રજાના દુર્ભિક્ષને જાણનારો હોય તથા જે પોતાની પ્રજાના ગૃહમાં રહેલી સંપત્તિને જ પોતાના કોશરૂપ વિશેષતઃ સમજતો હોય, તથા જે પોતાની પ્રજાને દારિદ્ર્યાદિ દુઃખોમાં ન નાંખનાર તથા અન્યાય અને સ્વાર્થથી ન પીડનાર હોય તેવા રાજાની પ્રજા જ આ લોકમાં સુભાગ્યવતી મનાય છે. આ આદિ વિચારવડે જોતાં આ રાજ્યની પ્રજા પણ બલવતી ભાગ્યરેષાવાળી છે એમાં સંદેહ નથી.

વળી જે સેવકોને સેવકોના ગુણદોષ જોવામાં કુશલ અને ગુણદોષના પ્રમાણનો નિશ્ચય કરીને ગુણવાનને લાભ આપનાર તથા દોષવાન્ને દંડ આપનાર કુલવાન્ સેવ્ય પ્રાપ્ત થાયછે તે સેવકોની ભાગ્યરેષા પણ આ લોકમાં બલવતી ગણાય છે. આપક્ષે જોતાં આ રાજસેવકોની પણ કર્મરેષા બલવતી છે.

હે સજ્જનો ! આ આદિ વિચારોવડે મને સ્પષ્ટ ભાસે છે કે તમારા સર્વના સુભાગ્યે જ મને અત્ર આણ્યો છે.

વિશેષ કહેવાનું વળી એ છે કે આ સંસારપ્રપંચથી નિવૃત્ત થયેલા તમારા રાજા ઈશ્વરના અનુગ્રહના પાત્ર હોવા જોઇએ. કારણ કે કેવલ જીવદૃષ્ટિથી જોનાર સર્વ જીવોની દૃષ્ટિવડે અયોગ્ય નિશ્ચય કરાય એવો સંકલ્પ કર્યા છતાં પણ તે સંકલ્પ ઉત્તમ પ્રકારે સિદ્ધ થયો પ્રતીત થાય છે. કોઇ પણ કુલીન ક્ષત્રિય પ્રજાપતિ સામાન્ય મતિથી એવો સંકલ્પ કરે નહિ કે અમુકદિવસે અમુક દિશાના દ્વારમાં અમુક સમયે પ્રથમ પ્રવેશ કરે તેને કુલવર્ણાશ્રમાદિનો વિચાર કરયા વિના જ આ રાજ્યસત્તા કન્યાસહિત અર્પણ કરવી. કારણ કે કદાચિત્ ચાંડાલે જ તે સમયે પ્રવેશ કર્યો તો તે ચાંડાલ જ આ પ્રજા તથા રાજકન્યાનો પતિ થાય, અને તેમ થાય તો શુદ્ધવર્ણાશ્રમયુક્ત આ પ્રજા તથા કુલવતી ક્ષત્રિયકન્યા દોષને પ્રાપ્ત થાય, અને શુદ્ધ વ્યવહારમાં મોટો અનર્થ થવાનો સંભવ આવે. ઉત્તમ પ્રકારે ધર્મકર્મની વ્યવસ્થા રહે નહિ તેથી પ્રજા તથા કન્યા પતિત થાય અને એ પ્રકારે પોતાના કુલને તથા પ્રજાને પતિતાવસ્થાને પ્રાપ્ત કરનાર

પુરુષ પણ અધોગતિનો અધિકારી થાય. આ આદિ અનેક કારણોનો વિચાર કરતાં સામાન્ય જીવબુદ્ધિથી તમારા કુશલ રાજાએ આ સંકલ્પ કર્યો હોય એમ પ્રતીત થતું નથી.

આ પ્રકારનો સંકલ્પ નિર્ભયપણે કોણ કરી શકે એ સંબંધમાં જો આપણે વિશેષ વિચાર કરીએ તો સ્પષ્ટ ભાસે છે કે કાં તો સિદ્ધપ્રારબ્ધવાદી અથવા તો ત્રિકાલજ્ઞ પુરુષ જ નિઃશંકપણે આ વિધિ સંકલ્પ કરી શકે. આ સ્થલે આ જગત્‌ના સર્વ વ્યવહાર કોઈ મુખ્ય પ્રવર્તક સત્તાવડે જ થાય છે એવું અથવા બીજરૂપે સર્વ થતા વ્યવહારોનાં કારણો મૂલ કારણમાં છે જ અને તેને યોગ્ય સમયે યોગ્ય ક્રમનિયમમાં પ્રવર્તાવનાર સત્તા પણ તેમાં જ નિત્ય સિદ્ધ છે જેથી કોઇએ પણ કર્તૃત્વાભિમાન ધરવાની ચિંતા કર્યા વિના જે પોતપોતાના સમયે કાર્યમાત્ર યોગ્યાયોગ્ય પ્રકારે મૂલ કારણની વ્યવસ્થાપ્રમાણે થયાં છે, થાય છે અને થશે એવું દૃઢપણે માનનાર પુરુષ સિદ્ધપ્રારબ્ધવાદી છે એમ સમજવું.

આ પ્રકારનો સિદ્ધપ્રારબ્ધવાદી વસ્તુતઃ ત્રિકાલજ્ઞ પુરુષ જ હોવો ઘટે છે, કારણ કે અલ્પજ્ઞ પુરુષનું અંતઃકરણ અદૃઢ હોય છે. અવિદ્યાના સંબંધથી ચાંચલ્યદોષવાળું હોવાથી જ્યાંસુધી યથાર્થ રીતે વસ્તુસાક્ષાત્કાર થતો નથી ત્યાંસુધી ત્રિકાલજ્ઞ કે સર્વજ્ઞ થવાતું નથી. અને ત્રિકાલજ્ઞ કે સર્વજ્ઞ થયા વિના, પૂર્વે શું શાથી હતું, વર્તમાનમાં શું શાથી છે, વા થાય છે, અને ભવિષ્યમાં શું શાથી થશે એ યથાવત્ જાણી શકાતુ નથી; અને તે ન જણાતા સુધી પ્રારબ્ધવાદમાં અચલપણે મતિ સ્થિર થતી નથી.

કદાચિત્ કોઈ એમ કહે કે જે પુરુષ જગત્‌ના કારણરૂપે ઈશ્વરને માને છે અને તે ઈશ્વરથી વા ઈશ્વરની સત્તાથી આ જગત્‌ના સર્વ વ્યવહારો થાય છે તથા તે ઈશ્વર આ આખા વિશ્વપ્રપંચના પ્રારબ્ધરૂપ હોવાથી સમગ્ર વિશ્વવ્યવહારના સૂક્ષ્મ સંસ્કાર તે ઈશ્વરમાં અથવા ઈશ્વરની સત્તામાં રહેલા છે અને તેવડે જે જે થનાર છે તે તે નિર્વિઘ્ન જ્યારે ત્યારે થયા જ કરે છે એમ સ્વીકારે છે; છતાં તે સર્વજ્ઞ કે ત્રિકાલજ્ઞ નથી તો તે સિદ્ધપ્રારબ્ધવાદી ગણાય કે નહિ ? તો બુદ્ધિમંત પુરુષો એનું ઉત્તર એ જ આપે કે ના નહિ જ. એવું માનવા માત્રથી સિદ્ધપ્રારબ્ધવાદી થવાતુ નથી, પણ તે માનવાપ્રમાણેની કૃતિ તથા સ્થિતિ પણ હોવી ઘટે છે. અને જ્યારે કોઈ પણ પુરુષ સિદ્ધપ્રારબ્ધવાદીની સ્થિતિને પ્રાપ્ત થાય છે ત્યારે પૂર્વે તેના સદૃઢ નિશ્ચયના બલે તેને ઈશ્વરનો સાક્ષાત્કાર થવાથી ત્રિકાલજ્ઞતા કે સર્વજ્ઞતા

અવશ્ય પ્રાપ્ત થવી સંભવે છે. અને તે પ્રકારે જ્યારે તે પુરુષને યથાવત્ કારણસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે ત્યારે જ તે જ્ઞાનવાન્ તત્ત્વજ્ઞ પુરુષ સિદ્ધપ્રારબ્ધવાદી થયો મનાય છે.

હે બુદ્ધિમંત પુરુષો! આટલું કહીને મારે એ કહેવાનું છે કે તમારા રાજા એક પક્ષથી જોતાં સિદ્ધપ્રારબ્ધવાદી અર્થાત્ વસ્તુજ્ઞાનવાળા હોવા ઘટે છે; અને તેથી જ તેમણે કરેલો સંકલ્પ યોગ્ય પ્રકારે સિદ્ધિને પામેલો પ્રતીત થાય છે; અથવા તો સિદ્ધપુરુષાર્થવાદી હોવાથી યોગ્ય પ્રયત્નવડે ત્રિકાલજ્ઞ કે સર્વજ્ઞ થયેલા હોવા ઘટે છે. નહિ તો આ પ્રકારનો સંકલ્પ કરનાર અજ્ઞાન મનુષ્યો જેમ દોષને પાત્ર ગણાય છે તેમ તે પણ ગણાવા ઘટે છે.

' આ જગત્માં અયોગ્ય અંતઃકરણવાળાં ઘણાં મનુષ્યો સિદ્ધને ઘટે એવા સંકલ્પો કરેછે. પરંતુ તે ન પળવાથી અથવા સંકલ્પ થયા પછી વિપરીત ફલ પ્રાપ્ત થવાથી સંતાપના ભોક્તા થાય છે; અને તે તાત્કાલિક સંતાપને ભોગવીને જ છૂટતા નથી પણ તેમના અયોગ્ય સંકલ્પથી જે જે અનર્થ નિપજે છે તથા તે અનર્થથી જે જે દોષ થાય છે તે તે દોષનાં જે જે ફલ જે જે સમયે ઉપજે છે તે તે ફલ તે તે સમયે તેમને અવશ્ય ભોગવવાં પડે છે.

આ બે સિદ્ધકોટિમાંની કોઈ એકમાં પણ ન સ્થિત થયેલા અને કંઈક અદૃઢ ચિત્તવાળા પણ ઈશ્વરના અનુગ્રહને પ્રાપ્ત પોતાને માનનારા તથા વ્યવહારમાત્રના વ્યવસ્થાપકરૂપ ઈશ્વરને સ્વીકારનારા એવા કોઈ કોઈ પુરુષો આપત્તિને વશ થયાથી અથવા કોઈ માર્ગ ન સૂજવાથી વિકલતાને પ્રાપ્ત થવાથી પોતાની અલ્પજ્ઞતાવાળી મતિમાં અવિશ્વાસ ધરીને એ પ્રકારના સંકલ્પ કરે છે. પરંતુ જો તેમના ઉપર ઈશ્વરાનુગ્રહ હોય છે અથવા તેમની ભાગ્યરેષા બલવતી હોય છે તો તે તેમના વિચારપૂર્વક સાભિમાન ન કરેલા સંકલ્પો પણ ઉત્તમ પ્રકારે અનુકૂલ રૂપમાં સિદ્ધ થાય છે. જેથી તમારા નિવૃત્ત થયલા રાજા જો પ્રથમ કહેલી બે સિદ્ધકોટિમાંની કોઈ એકમાં સ્થિત્ થઈ ત્રિકાલજ્ઞ વા સર્વજ્ઞ કદાચિત્ નહિ થયા હોય તો પણ ઈશ્વરાનુગ્રહવાળા અથવા બલવતી ભાગ્યરેષાવાળા તો ખરા જ. કારણ કે એમનો સંકલ્પ સર્વોત્તમ પ્રકારે સિદ્ધ થયો પ્રતીત થાય છે.

આ આદિ અનેક પ્રકારના વિચારથી જોતાં તમારી સર્વની ભાગ્યરેષા જ બલવતી સિદ્ધ થાય છે. એમાં મારી ભાગ્યરેષા જ પ્રધાન કારણરૂપ હોય એમ ભાસતું નથી.

હે સદ્ભાગ્યવંત પુરુષો! આ સંસારમાં મનુષ્યશરીરને પ્રાપ્ત થઇને

જેણે કોઈ પણ અલૌકિકસરખું સામર્થ્ય ન પ્રાપ્ત કર્યું તો હું તેના જીવનને સાર્થક ગણતો નથી. વિષયપદાર્થો સંપાદન કરવા અને ભોગવવા એ જ કંઈ મનુષ્યજન્મની સાર્થકતાનો હેતુ નથી. જન્મવું, હોવું, વધવું, ક્ષયના ક્રમઉપર પલટવું, ક્ષીણ થવું, અને નાશ પામવું એ સર્વ જાતિના શરીરોનો ધર્મ પ્રતીત થાય છે. ખાનપાનાદિ વિષયોનું સેવન અને નિદ્રા એ સર્વ શરીરોમાં ભોગવાય છે. જો મનુષ્યશરીરને પ્રાપ્ત થયા છતાં અન્ય કાંઈ ઉત્કૃષ્ટ ફલ સંપાદન ન કર્યું તો પશુઆદિના શરીરને પામ્યાતુલ્ય જ થયું. માટે મારો તો એ જ નિશ્ચય છે કે કોઈએ પણ મનુષ્યશરીરમાં આવીને ખરું મનુષ્યત્વ પ્રાપ્ત કરીને કોઈ વિશેષ ફલ મેળવવું જ જોઇએ કે જે ફલ અન્ય સામાન્ય શરીરોમાં પ્રાપ્ત થવું અસંભવિત મનાયું છે. મનુષ્યશરીરમાં પણ જાતિવર્ણાશ્રમાદિથી શ્રેષ્ઠ મનાતા પુરુષોએ પોતપોતાના અધિકારનું પણ ઉત્તમોત્તમ ફલ પ્રાપ્ત કરવું જોઇએ. આ પ્રકારના વિચારને સ્વીકારીને જ આ વિશ્વમાં કોઈ અલૌકિકસરખું ફલ મેળવવાની આશા બાંધીને મેં ગૃહ, રાજ્ય, તથા માતાપિતા અને ઇતર સર્વ પ્રકારનાં મનાતાં સુખનો ત્યાગ કરચો છે, અને કેવલ જગતના આધારરૂપ ઈશના વિશ્વાસથી જ્યાં ત્યાં ઇચ્છા પૂર્ણ કરવાના ઉદ્દેશથી સ્વતંત્રવત્ વિચરું છું. હું રાજકુલમાં ઉત્પન્ન થયો છું, અને રાજ્યસત્તાનો અધિકારી છું તથાપિ અન્ય દુર્બલ દીન પ્રજાજનસરખા સામર્થ્યવાળો હોઇને હું મને પોતાને રાજા મનાવવા ઇચ્છતો નથી. હું ખરા અંતઃકરણથી તેવા રાજાઓનો ધિક્કાર કરૂં છું, કે જેઓ નાના પ્રકારનાં દુઃખમાં પ્રજળતી પોતાની પ્રજાને જોતાં જાણતાં છતાં તેમનાં દુઃખને નિવારણ કર્યા વિના અથવા નિવારણ કરવાના સામર્થ્યને ધારણ કર્યા વિના પોતાને રાજા કહેવડાવતા પોતાના ગૃહમાં ઇચ્છાભોજન જમીને નિદ્રાને લે છે. તે રાજાઓના વૈભવને, તેમના બલને, અને તેમના રાજાપણાના અભિમાનને હું નિરંતર તિરસ્કાર કરું છું, કે જેઓ પ્રજાવડે પોતે પોતાના સુખને પ્રાપ્ત કરી લે છે, પણ પોતાના પ્રાપ્ત પદાર્થસામર્થ્યાદિવડે પ્રજાને પ્રાપ્તસુખ કરવા નિરંતર ચિંતા રાખતા નથી. જે રાજા પોતાના રાજાપણાના સંબંધમાં તથા અન્યના પ્રજાપણાના સંબંધમાં શા શા હેતુ રહ્યા છે તેને યથાવત્ જાણતો નથી તે રાજા નથી એમ હું માનું છું.

આ લોકમાં કોઈ પણ મનુષ્યને કોઈ પ્રકારનું પણ મોટાપણું મળવામાં કોઈ જાતિની વિશેષતા હોય છે. કોઇને લક્ષ્મીથી, કોઇને વિદ્યાથી, કોઇને બલથી, કોઇને સદ્‌ગુણથી, કોઇને કુલથી ઇત્યાદિ અનેક નિમિત્તોથી મોટાપણું આવે છે; પણ તેમાં જે મોટાપણું પુરુષે

પોતાના વર્તમાન સામર્થ્ય, ઐશ્વર્ય, કે પુરુષાર્થથી પ્રાપ્ત કરેલું હોય છે તેને જ હું શ્રેષ્ઠ ગણું છું.

એક રાજાનો પુત્ર, કે શ્રીમાનનો પુત્ર, કે વિદ્વાન્ બલવાન્ કે કુલવાન્નો પુત્ર પોતાના વડિલની સત્તાથી જ તેના વંશમાં હોવાથી તેની સત્તાના માનના આપણે અધિકારી છીએ એવું સમજીને પોતાને રાજા, શ્રીમાન્ કે વિદ્વાન્, બલવાન્ કે કુલવાન્ માનીને તે પદને ધારણ કરવા છતાં તે સ્થિતિને શોભતાં ગુણલક્ષણાદિને પ્રાપ્ત ન હોય તો તેમનું તે રાજાપણું કે શ્રીમાન્પણું આદિ તિરસ્કાર કરવાયોગ્ય હું સમજું છું. યદ્યપિ તેવા પુરુષોને પણ વંશપરંપરાથી વા દત્તવિધાનથી મળેલી સંપત્તિ પણ તે પુરુષના કોઈ પૂર્વ કાલમાં રચિત પ્રયત્નના બલથી જ પ્રાપ્ત થયેલી હોવી ઘટે છે, પરંતુ તે પ્રાપ્ત સંપત્તિસાથે વર્તમાન કાલે તે પુરુષોમાં તે સંપત્તિના અનુકૂલ ધર્મો ન પ્રાપ્ત હોય તો તેમના પૂર્વ પ્રયત્ન પણ મંદ બલવાળા સમજાય છે; અને વર્તમાન પ્રયત્નના અભાવે તે તત્કાલ પણ મંદ પુરુષાર્થી ગણાય છે. જેથી તેની સ્થિતિના ખરા માનને તેઓ મારા નિશ્ચયપ્રમાણે યોગ્ય નથી. આ કારણથી હું પોતાને અન્યની જમાવેલી સત્તાવડે સત્તાવાળો મનાવવાને ઇચ્છતો નથી, પણ મારી પોતાની સત્તાવડે સત્તાવાળો મનાવવા ઇચ્છું છું. ખરું જોતાં આ રાજ્ય મને મારા કોઈ પૂર્વરચિત બલથી જ પ્રાપ્ત થયું ઘટે છે, પરંતુ હું રાજાપદને મારા નિશ્ચયપ્રમાણે યોગ્યતા મારામાં પ્રાપ્ત થતા સુધી ધારણ કરી અત્ર જ રહેવા ઇચ્છતો નથી.

હે સદ્ગુણી મહાજનો ! જે સમયથી મેં શાસ્ત્રે વિધાન કરેલા રાજાઓના ધર્મને જાણ્યા છે તથા અધર્મથી વર્તનાર રાજાને પ્રાપ્ત થનાર અનિષ્ટને મેં જાણ્યું છે તે સમયથી મેં આ અન્ય ક્ષુદ્ર હૃદ્બલવાળા અને સ્વાર્થપરાયણ ઉદરાર્થી રાજાઓની પેઠે રાજ્ય ન કરવાનો સંકલ્પ કર્યો છે. વળી જે સમયે મેં પ્રતર્દનઆદિ ત્રિલોકીના બલને પ્રાપ્ત કરનાર અને દેવતાઓના રાજા ઇન્દ્રને પણ તૃણવત્ લેખવાને યુદ્ધ કરવાને સંમુખ બોલાવનાર નિર્ભય પુરુષોનાં ચરિત્ર શ્રવણ કર્યાં છે તે સમયથી મેં આ ભયથી કંપતા અંતરવડે કેવલ ક્ષત્રિયકુલને કલંક ચઢાવનાર ક્રિયારૂપ રાજ્યવ્યવહારને ન સેવવાનો સંકલ્પ કર્યો છે.

વળી જે સમયે મેં શત્રુવડે હણાયલા રાજાઓનાં તથા તે રાજાના સંબંધી જનોનાં મોટાં દુઃખને શ્રવણ કર્યાં છે તથા તે રાજાઓની દુર્બલતાવડે ક્ષત્રિયપુરુષોમાં નિંદ્ય ગણાયલી દીનતા તેમનામાં પ્રાપ્ત

થયેલી જાણી છે, અને તે દીનતાઆદિ દોષોવાળી તેમની અપકીર્તિ તેમના પાછળ આવતા સમયમાટે મૂકી ગયા છે એ સર્વ મેં જાણ્યું છે તે સમયે મેં એ પ્રકારની દુર્બલતાવડે દીનતાનો સમય ન જોવામાં આવવાઅર્થે ઇચ્છાનુકૂલ બલ પ્રાપ્ત થતાપર્યંત રાજ્ય ન કરવાનો સંકલ્પ કરચો છે.

વળી જે સમયે શત્રુઓનું પ્રાબલ્ય વધવાથી પીડાને પામતી પ્રજાના પોકાર પોતાના રાજ્યની સર્વ દિશાઓમાંથી મારા પિતાના શ્રવણમાં આવેલા અને તે વેલા પોતાના પ્રધાનાદિ રણવીર પુરુષો-સાથે તેમને પોતાના તથા શત્રુઓના બલાબલના વિચાર કરતાં જોયા છે તથા તે વિચારોથી અંતઃકરણને બલિષ્ટ કરવા મોટી સેના પ્રાપ્ત કરવાના નિશ્ચયમાં પ્રવેશતા જાણ્યા છે તે સમયે મનુષ્યમાત્રથી ન જિતી શકાય એવા બાહુબલને પ્રાપ્ત કર્યાવિના રાજ્યપદારૂઢ ન થવાનો મેં સંકલ્પ કરચો છે. વળી જે સમયે મારા પિતા મોટા સૈન્યસાથે ચઢીને શત્રુઓનો પરાજય કરીને પ્રજાને સુખશાંતિનો અનુભવ આપતા પોતાના સ્થલમાં આવીને સમર્થ યોદ્ધાઓને તેમની સ્તુતિપૂર્વક મોટી બક્ષિસ આપતા હતા, તે સમયે આ લોકમાં કોઈ મને ન જિતી શકે એવું બલ મેળવ્યાવિના રાજ્યસત્તાનો ભાર ન સ્વીકારવાનો મેં સંકલ્પ કર્યો છે.

વળી જે સમયે મેં એક દિવ્ય રૂપવાળી કન્યાસહિત એક મહાદેવીસરખી શક્તિને સ્વપ્નમાં દીઠી છે અને તે શક્તિના મુખથી નિકળતાં “ હે રાજન્ ! તું ભાગ્યવાન્ છતાં હીનભાગ્યની પેઠે આ રાજ્યગૃહરૂપ કારાગૃહમાં સુખ માનીને શું સુતો છે ? તું ઉઠ, સાવધાન થા, ગૃહ ત્યજીને પંથ કર. આ દેહમાં ત્રિલોકને જિતવાનું બલ પ્રાપ્ત કર, અને આ કન્યા કે જે તારે અર્થે જ નિર્માણ કરાયલી છે તેનો સર્વ સુખ આપનાર સુકોમલ પાણિ ગ્રહણ કર, અને નિર્ભય થા, ” આ પ્રકારનાં વચનો શ્રવણ કર્યાં છે અને નિર્નિમેષ દૃષ્ટિવડે સ્વપ્નમાં તે કન્યાને મેં પ્રેમવડે જોઈ છે અને તે કન્યાએ પણ મારા ચિત્તને પોતાનામાં હરી લીધું છે, તે સમયપછી જાગ્રત્ થઇને મેં એ બલ તથા કન્યાને પ્રાપ્ત થતા સુધી રાજાપણાના અભિમાનના ધારણપૂર્વક પ્રજાપાલનરૂપ વ્યવહારને ન સેવવાનો સંકલ્પ કરચો છે. આ પ્રકારનાં જ સ્વપ્ન વારંવાર થવાથી કરેલા મારા દૃઢ નિશ્ચયને જાણનાર, મારા પ્રતિ સ્નેહ રાખનાર પ્રધાનપુત્ર જે સમયે મને અનેક કુલીન રાજ-કન્યાનાં માગાં આવતાં છતાં ન સ્વીકારતો જાણીને “ તમે તો ત્રિ-લોકનો જય કરાવનાર દેવકન્યાસરખી પદ્મિની ન મળે ત્યાંસુધી તે

આશામાં ને આશામાં જ કુંવારા રહેજે" એવું મર્મવચન કહ્યું છે, તે સમયે મેં તે સ્વપ્નમાં જોયલી કન્યા ન મળતાસુધી અન્ય કન્યાને વિધિવડે ન વરવાનો સંકલ્પ કરયો છે.

એક રાત્રિના સમયે નગરબહાર વનઉપવનની શોભા જોતો હું એકલો અશ્વારૂઢ થઇ વિચરતો હતો ત્યાંથી ગૃહપ્રતિ જવાને વળતાં માર્ગમાં આવેલી શ્મશાનભૂમિમાંથી "હે રાજપુત્ર! તમારો જય હોજો. થોડા દિવસપછી તમે તમારી કામના પૂર્ણ કરવા ઉત્તર દિશામાં પ્રયાણ કરશો, અને ત્યાંથી ધાર્યું કરીને આવશો; પ્રયાણસમયે નિશ્ચયથી ફરશો નહિ," આ પ્રકારનાં વચનો મેં સાંભળ્યાં છેતે સમયથી મેં ધારેલી કામના પૂર્ણ થતાસુધી કોઈપણ ગમે તેવા કારણથી મારા નિશ્ચયને ફેરવવા યત્ન કરે તોપણ તે નિશ્ચયથી ભ્રષ્ટ ન થવા મેં સંકલ્પ કરયો છે.

એક **આશ્વિન** શુક્લ અષ્ટમીની મધ્ય રાત્રિએ કુલદેવીના પૂજનના સમયે શક્તિએ મારા તથા મારાં માતાપિતાના શ્રવણમાં શબ્દ પડે એવે પ્રકારે આકાશવાણીથી "હે રાજારાણી! આ તમારા પુત્રને એની ઇચ્છાપ્રમાણે કરવા દેજો. એ દૈવી બલનો અધિકારી છે, તેથી જ્યાં ત્યાં વિજય કરશે. એને અદૃષ્ટ સહાય છે. એના સંબંધમાં ચિંતા કરશો નહિ. હે પુત્ર વીરવિજય! તારી કામના પૂર્ણ થતાસુધી માર્ગમાં જે કાંઈ મોહ ઉપજાવનાર મળે તેમાં મોહવશ થઇ નિશ્ચયભ્રષ્ટ થઇશ નહિ," આ પ્રકારનાં વચનો સાંભળ્યાં છે ત્યારથી જ મેં કોઇ પદાર્થમાં પણ મોહ પામી પરવશ ન થતાં કાર્યસિદ્ધિપર્યંત અકામવત્, નિસ્પૃહ, તથા નિર્મોહ રહી નિશ્ચયભ્રષ્ટ ન થતાં જ્યાં ત્યાં વિચરવાનો સંકલ્પ કરયો છે.

હે પુણ્યવંત પુરુષો! આ આદિ અનેક આશા આપનાર પ્રસંગોથી આશાવડે બંધાઇને જ્યારે હું ગૃહ ત્યજીને નિકળવાને સજ્જ થયો અને તે સમયે મારામાં અત્યંત પ્રીતિવાળાં છતાં પણ મારાં માતાપિતાએ મને રોક્યો નહિ પણ પ્રસન્નતાપૂર્વક મને વિદાય કરયો ત્યારથી મનઃકામના પૂર્ણ કરવાસંબંધીની આશા અધિક બલવતી થઇને આ ક્ષણપર્યંત અંતરમાં રહેલી છે. પ્રયાણના સમયે જ્યારે મને સર્વપ્રકારના શુભ શકુનો થયા, અને મારી સર્વ દિશાઓમાં 'શ્રીવીરવિજય મહારાજનો સદા વિજય થાઓ, વિજય થાઓ' એવા માંગલિક શબ્દો થતા શ્રવણ કરવામાં આવ્યા ત્યારથી મારો નિશ્ચય દૃઢ થતો રહ્યો છે. કોઈ દિવસ પણ એકલો ન રહેલો છતાં જ્યારે હું સર્વ મનુષ્ય તથા વિભવથી છૂટો પડીને એકલો વિચરવા

લાગ્યો ત્યારે પણ મને મનમાં સંતાપના ઉદયનો અનુભવ ન થતાં ઉત્સાહના ઉદયનો જ અનુભવ થયો. એ સમયથી મને મારા ધૈર્યનો વિશ્વાસ દૃઢ થયો છે. વિવિધ સ્થલે દિવસરાત્રિને વ્યતીત કરતાં, વિવિધ પ્રકારના પ્રસંગોને અનુભવતાં એક સમયે જ્યારે મને અંતરૂમાં સ્વલ્પ ખેદની પ્રતીતિસરખું ભાસવા લાગ્યું ત્યારે માર્ગમાં આવેલા એક મોટા વડના વૃક્ષતળે બેસીને મનુષ્યના સંચાર વિનાનું સ્થલ ભાસવાથી મનના ઉભરાને યથાપ્રાપ્ત શબ્દોવડે હું કાઢતો હતો તેવામાં ત્યાં એક સિદ્ધ પુરુષે પ્રકટ થઇને મને ધૈર્ય આપતાં એક ભદ્રસેન નામના રાજપુત્રનો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. જ્યારે મેં એ વૃત્તાન્ત સંભળ્યો તે સમયથી મારો સંતાપ નિવૃત્ત થયો છે, અને મને મારો નિશ્ચય અધિક દૃઢ થયો પ્રતીન થાય છે. ત્યાંથી માર્ગ કાપતાં કેટલેક સમયે જ્યારે મેં તેજઃપુંજસરખા મહાપુરુષના આશ્રમે આવીને વિશ્રાંતિ લીધી અને અનાયાસ દેવવાણીને શ્રવણ કરી તથા જ્યારે તે મહાત્માના મુખથી તેમનો વૃત્તાન્ત શ્રવણ કર્યો ત્યારથી મારા કાર્યની સિદ્ધિની આશા મારા હૃદયમાં વિસ્તારને પામવા લાગી છે. તે પછી ક્રમે કરીને આવતાં જ્યારે મારો આ નગરમાં પ્રવેશ થયો તથા આ અણધાર્યો શુભ શકુનના ફલરૂપ શુભ પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારથી મારી ધારણા પાર પડતાસુધી મારા નિશ્ચયોને નિભાવવાનો મારો કૃત નિશ્ચય દૃઢ થતો આવે છે, અને તેથી હું આ ક્ષણે સ્પષ્ટ કરીને તમને સર્વને કહું છું કે જો તે સ્વપ્નમાં જોયેલી કન્યા આ નહિ હશે અને ત્રિભુવન વશ વર્તાવવાના સામર્થ્યનો મને અનુભવ નહિ થશે ત્યાંપર્યંત હું વિધિવડે આ કન્યાનું લગ્ન કરી શકીશ નહિ, તથા રાજ્યસત્તા ધારણ કરીને આ ક્ષણથી જ આ સ્થલમાં રહીશ નહિ.

તમારા પુણ્યવાન્ મહારાજાના કરેલા સિદ્ધ સંકલ્પથી અને તે યોગ્ય સમયે મારા થયેલા નગરપ્રવેશથી એક પ્રકારથી હું તમારા બંધનમાં આવ્યો છું. આ પ્રસંગથી તમારી રાજ્યસત્તા મારા પ્રતિ પ્રેરાઈ છે અને મારે તેને વશ વર્તવું સંભવે છે, તથાપિ મરણને સ્વીકારવું ઇષ્ટ અને સંકલ્પથી ભ્રષ્ટ થવું અનિષ્ટ એ જેનો દૃઢ નિશ્ચય છે એવો હું મારી કામનામાં પ્રતિબંધ કરનાર કોઈ પ્રકારના પણ મોહને વશ થનાર નથી. માટે હવે હે સજ્જનો! આપણે આ ક્ષણે આ સ્થલે શું કર્તવ્ય છે તેના સ્વરૂપને મારા પ્રતિ કથન કરો.

હે વ્યવહારકુશલ પુરુષો! તમે જાણોછો કે આ સંસારમાં વ્યવહાર સાધવામાં કેટલું કષ્ટ છે. વિવિધ પ્રકારના પ્રાપ્ત વ્યવહારો કોઈ પ્રસંગે તો અનેક વિઘ્નના આવિર્ભાવથી સધાતા નથી. કોઈ પ્રસંગે

સાધ્ય થવા આવેલા વ્યવહારો અસાવધાનતાથી તથા કામક્રોધશોક-મોહાદિ દોષોના પ્રવેશથી વા પ્રમાદઆલસ્યાદિના યોગથી વણુસી જાય છે, અને સમય વ્યતીત થયા પછી કોટિ યત્ને પણ પુનઃ તે વ્યવહાર સાધ્ય થતા નથી. વળી કોઈ પ્રસંગે તો વિલક્ષણ અનિષ્ટઅદૃષ્ટ સત્તાના યોગથી અનેક પ્રયત્ને સાધ્ય કરેલા વ્યવહારનાં ફલને પણ ભોગવવાનો સમય રહેતો નથી; જેથી એક પક્ષથી જોતાં તો અનુકૂલ-પ્રતિકૂલ અદૃષ્ટ સત્તા જ ઇષ્ટાનિષ્ટ વ્યવહાર સધાવનાર તથા ફલ ભોગવાવનાર છે. આમ છતાં પણ અલ્પજ્ઞ જીવથી કેવલ અદૃષ્ટ સત્તાના વિશ્વાસથી સદા અક્રિય રહી શકાતું નથી, તેમ જ અદૃષ્ટ અધીન ક્રિયા કરતો પોતાને માને તથાપિ ઇષ્ટાનિષ્ટ ફલ પ્રાપ્ત થયે તેનાથી હર્ષશોકરહિત રહી શકાતું નથી. આ કારણથી બુદ્ધિમંતોએ એ જ નિશ્ચય શ્રેષ્ઠ ગણ્યો છે કે યથામતિ સદા યત્ન કરવો, અને ઇષ્ટાનિષ્ટ ફલના યોગે અદૃષ્ટ સત્તાપ્રતિ લક્ષ કરીને હર્ષશોકાદિથી રહિત રહેવું. પણ મંદમતિજનોથી એ નિશ્ચયમાં સ્થિર થવાતું નથી, અને ક્લેશરહિત રહી શકાતું નથી. એમ થવામાં જીવોની અનુચિત કામનાઓ અને દુરાશાઓ કારણ છે, અને તે અયોગ્ય કામના તથા આશા વસ્તુના તથા વસ્તુવડે પ્રતીત થતા કાર્યપ્રપંચના નિયમના અજ્ઞાનથી પ્રાપ્ત હોય છે. તે અયોગ્ય કામના તથા આશાનો ત્યાગ થાય અને યથાર્થ જ્ઞાનને પમાય તો જ આ ક્લેશથી મુક્ત થઈ રહેવાય છે.

આ જીવો પોતપોતાના વ્યવહારને એકબીજાના આશ્રયથી સાધતા પ્રતીત થાય છે, અને તેથી મનુષ્યો એકબીજામાં પરસ્પરની સહાયતાની આશા રાખે છે. એ જ નિયમથી રાજાપ્રજાનો પણ પરસ્પર સંબંધ બંધાયો છે. પ્રજાજનો આશ્રયમાટે સુજ્ઞ મિત્રોને સેવે છે અને રાજા સુજ્ઞ મંત્રિને અથવા મંત્રિમંડલને સેવે છે. પ્રવીણ મતિવાળા પુરુષો કાર્યસંબંધી નિશ્ચય ઉત્તમપ્રકારે કરી શકે છે, માટે જ તેવા સુજ્ઞને મિત્ર કે મંત્રિ કરી રાખવાનો સર્વત્ર પ્રચાર છે.

મોટી મતિવાળા પુરુષોએ કોને મિત્ર કરવો અને કોને ન કરવો એ સંબંધમાં નિશ્ચય કરેલા છે, તે જાણીને અથવા પોતાની મતિ પ્રૌઢ હોય તો તેવડે નિશ્ચય કરીને યોગ્યને મિત્ર કરવો અને અયોગ્યને ત્યજવો ઘટે છે. જે પુરુષ સમયોચિત ભાષણ કરી જાણતો હોય તથા સંસર્ગથી મનુષ્યના સ્વભાવાદિની જાતિને ઓળખી શકતો હોય તે મિત્ર કરવાયોગ્ય છે. જે વિવિધ પ્રકૃતિસ્વભાવનાં મનુષ્યોને જાણીને પોતાના યોગ્ય વર્તનથી તે સર્વ સ્વભાવના પ્રાણિઓને વશ વર્તાવવામાં કુશલ હોય, જે કુલમાં ઉત્તમ કર્મ કરનાર પૂજ્યત્વને

પામેલા સ્તુતિપાત્ર પુરુષો પ્રકટચા હોય એવા કુલમાં જે જન્મેલો હોય, તેમ જ જે પોતે પણ સદ્ધર્માચરણી હોય, તથા જે રૂપવડે અને સદ્દગુણવડે શોભતો હોય તે મિત્ર કરવા યોગ્ય છે. જે પદાર્થ-લાલસાથી તથા અન્યાયથી વિષયવાસના પૂર્ણ કરવાની કુટેવથી રહિત હોય, જે અનુકૂલ વર્તનારપ્રતિ પ્રીતિ અને પ્રતિકૂલ વર્તનારપ્રતિ દ્વેષ ન ધારનાર હોય, જે અન્યવડે પોતાની ઇચ્છાનો વિરોધ કરાયાથી અસાવધાનતાથી ક્રોધને વશ ન વર્તનાર, ન્યાયથી પ્રાપ્ત થતા પદાર્થોમાં અસંતોષ ન માનનાર તથા જે તે પ્રકારે સ્વાર્થ સાધવામાં લોભવાળો ન હોય, તથા જે કોઈ પણ ઉત્તમ પદાર્થ દૃષ્ટિએ પડવાથી તત્કાલ તે 'મને મળે તો ઠીક' એવી વૃત્તિના ઉદયરૂપ મોહવાળો ન હોય તે પુરુષ મિત્ર કરવા યોગ્ય ગણાયો છે. જે પુરુષ ઉત્તમ જનસમુદાયમાં નિર્દોષ ગણાતો હોય અથવા દુષ્ટ દુર્જનોએ સદોષ પ્રસિદ્ધ કર્યા છતાં જે સુજ્ઞ વિવેકી પુરુષોની કસોટીથી નિર્દોષ ઠરેલો હોય, જે પુરુષ પોતાની શક્તિ તથા અધિકારનો વિચાર કરીને પોતાને શોભતાં આચરણોને સેવવાવાળો હોય તથા ઉપયોગ હોય તે તે પદાર્થોને વિહિત માર્ગે જ્યાં ત્યાંથી પણ પ્રાપ્ત કરવામાં ઉત્સાહવાળો હોય તે મિત્ર કરવા યોગ્ય છે. જે પુરુષ સન્મિત્રવાળો હોય, જે અન્યવડે કરાયલા ઉપકારને ન ભૂલનાર હોય, જે વિવેકથી પ્રતિજ્ઞાને કરનાર તથા કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરવામાં આગ્રહવાળો હોય, જે હરેક પ્રકારે પોતાના શરીરના જ રક્ષણની પ્રીતિવાળો ન હોય, તથા જે પોતાના શરીરને બલકલથી યુક્ત કરી રાખવાઅર્થે નાનાપ્રકારની યુક્તિઓ નિત્ય સેવનાર વ્યાયામવાળો હોય તે પુરુષ મિત્ર કરવા યોગ્ય છે. જે પુરુષ તનના તથા મનના થોડા શ્રમથી શ્રમિત ન થતો હોય અને શ્રમિત છતાં પણ આવશ્યક કાર્યના સમયે વિશેષે કરીને ધૈર્યબલને ધારણ કરી રાખનાર હોય, જે શ્રવણ કરનારના કર્ણનો સંબંધ થવાથી શ્રોતાને પ્રસન્નતાની પ્રતીતિ કરાવે એવાં મધુર ભાષણને કરનારો છતાં અયોગ્ય, અનૃત કે અહિતકર ન બોલતો હોય, જે પોતાની ઇન્દ્રિયોને જિતનાર હોય, જે પોતાના અંતર્‌માં ઉઠતી વૃત્તિયોના વિરોધી અ-વિરોધી સ્વરૂપને ઉત્તમ પ્રકારે જાણનારો હોય તથા જે દોષરૂપ ગણાયલા એવા કામક્રોધલોભમોહાદિને અયોગ્ય સમયે કે સ્થાને ન પ્રવર્તાવતાં યોગ્ય સમયે અને સ્થાને યોગ્ય મર્યાદાથી પ્રવર્તાવનાર હોય તે મિત્ર કરવાયોગ્ય છે. જે મનુષ્ય ગુણકર્મજાતિસ્વભાવાદિ નિમિત્તોથી આપણા કરતાં ઉત્કૃષ્ટતાવાળો હોય, જે વય, વિદ્યા તથા અનુભવાદિથી પણ શ્રેષ્ઠ ગણાવા યોગ્ય હોય તેમ છતાં તે પોતાની શ્રેષ્ઠતાના અભિ-

માનથી ગર્વિષ્ટ ન થનાર, પોતાની ઉત્કૃષ્ટતાના અભિમાનને વશ વર્તી આપણને નિકૃષ્ટ ન ગણનાર તથા નિચની પેઠે ન ત્રેવડનાર હોય, તથા જે સર્વમાં વિવેકવડે સમભાવ રાખી સર્વના હિતનું ચિંતન કરનાર હોય તે મનુષ્ય મિત્ર કરવા યોગ્ય છે. વળી જે પુરુષ સ્ત્રીસેવકાદિ સમીપ રહેનાર મનુષ્યોમાં વિશ્વાસવાળો ન હોય, જે જ્યાં ત્યાંથી સાંભળેલી વાર્તામાં સંશય ન કરીને વિશ્વાસ રાખનાર ન હોય, જે કોઈદ્વારા સાંભળેલી વાર્તાઉપરથી જ યોગ્યાયોગ્ય વિચાર કર્યા વિના પોતાના અંતઃકરણને તે તે વ્યવહારસંબંધમાં અનુકૂલપ્રતિકૂલ ભાવનાવાળું કે વેગવાળું થવા ન દેતો હોય, જે વિશ્વાસપાત્ર ઇતર જનોની વાર્તામાં સદા સંશયવાળો રહેવાના સ્વભાવવાળો ન હોય, જે સાક્ષાત્ અનુભવ કર્યા વિના જ હરેક સંબંધમાં ઉતાવળથી અભિપ્રાય બાંધનાર ન હોય, જે આવશ્યક વ્યવહારસંબંધમાં યોગ્યાયોગ્યના નિશ્ચય કરવામાં વિલંબ કરનારો ન હોય, તથા જે કાર્યના આરંભમાં અંતપર્યંતના વિચાર કરવામાં અકુશલ ન હોય એવો કુશલ પુરુષ સદા મિત્ર કરવાયોગ્ય છે.

હે સજ્જનો ! અધિક ન વદતાં અભ્યાસાર્થે સ્વલ્પમાં જ કહું છું કે જે પોતાના દોષોમાં ગુણબુદ્ધિ ન કરનાર, અન્યના ગુણોમાં અસૂયાદિ દોષોને વશ વર્તી દોષબુદ્ધિ ન કરનાર, સર્વપ્રકારના વ્યવહારમાં અવિકલપણે કુશલતાથી વર્તનાર, મુખ્ય કર્તવ્યને જાણી તેમાં વિધિવત્ પ્રવેશ કરનાર, સર્વ પ્રકારના દોષોના જયપૂર્વક ગુણોને આશ્રય આપી રહેનાર તથા યોગ્ય પ્રકારે સ્વહિતપરહિત સાધવામાં સદા કુશલતાથી વર્તનાર હોય તે પુરુષ મિત્ર કરવા યોગ્ય છે.

એ જ પ્રમાણે રાજાઓને યોગ્ય એવો જે મંત્રિ તેનામાં પણ અનેક સદ્ગુણની આવશ્યકતા છે, કારણ કે પ્રધાન એ જ રાજાની પ્રતિમા છે. રાજાનો સઘળો ભાર પ્રધાનના મસ્તકઉપર હોય છે, માટે રાજાએ અને પ્રકારથી યોગ્ય એવા પ્રધાનને સેવવો. પ્રાચીન મહાપુરુષોએ પ્રધાનપદની યોગ્યતાવાળા પુરુષનું વર્ણન કરતાં સ્થલે સ્થલે કહ્યું છે કે ઉત્તમ કુલમાં જન્મેલો, પુણ્યવાન્, સદ્ગુણવાન્, કુલીન માતાપિતાવડે તથા સદ્ગુણવાન્ વિદ્વાન્ ગુરુવડે તથા પરમતત્ત્વજ્ઞ મહાત્મા શ્રીસદ્ગુરુવડે યથાયોગ્ય સમયે શિક્ષણ પામેલો, મહા સમર્થ મતિવાળો, તે રાજાના જ દેશમાં જન્મેલો, અતિપરિશ્રમવડે સર્વ શાસ્ત્રના તાત્પર્યને તથા તત્ત્વને ઉત્તમ પ્રકારે જાણનારો, સુશોભિત શરીર તથા મુખાકૃતિવાળો, સુકોમલ અંતઃકરણવાળો છતાં દુષ્ટ દુર્જન તથા રાજશત્રુપ્રતિ અતિવજ્રહૃદયવાળો, વિવિધ કલાના જ્ઞાન-

વાળો છતાં ઉત્તમ પ્રકારના શરીરબલવાળો, સર્વ ઇન્દ્રિયોના ઉન્મત્તપણાથી રહિત અર્થાત્ ઇન્દ્રિયને જિતેલો, સુખદુ:ખ તથા વિવિધ આપત્તિના વેગને સહન કરવામાં તથા તેને નિવારણ કરવાની સુગમ યુક્તિઓને જાણવા કરવામાં નિપુણ, કોઇના પણ નાના મોટા કરેલા ઉપકારને કદાચિત્ પણ ન વિસ્મરણ કરનાર, ગુણનો બદલો આપવામાં ઉદાર ચિત્તવાળો, અયોગ્ય સમયે ક્રોધના વેગને મારવામાં તથા યોગ્ય સમયે ઘટિત મર્યાદાવાળા કોપને ઉપજાવવામાં સમર્થ, અપરાધ કરનારના અપરાધની તથા તેના બુદ્ધિબલની યોગ્યતા જાણીને ક્ષમા આપવામાં કુશલ, જ્યાં ત્યાંથી તુચ્છ વિષયપદાર્થ પ્રાપ્ત કરવા, પાછળની પ્રજામાટે સંગ્રહવા તથા પોતે ભોગવવા એ જ જેણે પોતાનું કર્ત્તવ્ય માન્યું નથી તેવો, લોભતૃષ્ણાથી મુક્ત રહેનારો, રાજાએ પ્રીતિવડે અર્પણ કરેલા પોતાના પદાર્થથી જ સંતુષ્ટ રહેનાર, પોતાના રાજ્યના જે શત્રુ હોય તેમના તથા જે રાજ્યશત્રુ થઈ કોઈ કાલે પણ અનર્થ કરી શકે એવા હોય તેમના બલને નિરંતર જાણવામાં ચતુર, તથા પોતાકરતાં તે અન્યના બલને કદાચિત્ પણ વધવા ન દેવાનાં ઉપાયો રચવામાં કુશલ, મિત્રનાં સર્વ લક્ષણોવડે યુક્ત રહીને રાજાના મિત્રપણાને પ્રાપ્ત રહેવાની ઇચ્છાવાળો, દેશબલ કાલબલ પ્રજાબલ તથા રાજ્યબલને વિવેકવડે જાણનારો, તથા તે તે બલની વૃદ્ધિ કરવાના સમયોચિત ઉપાયને જાણી સેવનારો, આલસ્યને ત્યજીને નિરંતર પોતાના કર્તવ્યમાં સદુદ્યોગવાળો, પ્રજા માત્રનું કલ્યાણ શેમાં છે તથા રાજાનું કલ્યાણ શેમાં છે તેને જાણી ઉભયના કલ્યાણની ઇચ્છાવાળો છતાં ઉભયના કલ્યાણને નાના યુક્તિથી સાધનારો, રાજાપ્રજાની સદા પ્રીતિ સંપાદન કરવામાં કુશલ છતાં પોતાના પદને ઘટે તેવા આચારવાળો, અધિક બલવાળા શત્રુઓને શત્રુતાના સમયમાં પોતાને વશ વર્તાવવાની કલામાં કુશલતાવાળો, રાજાના પોતાના તથા પ્રજાના શત્રુ કોણ છે, મિત્ર કોણ છે, મધ્યસ્થ કોણ છે, અને ઉદાસીન પુરુષો કોણ છે, એવા ચતુર્વર્ગને સદા જાણીને લક્ષમાં રાખનારો, સૈન્યને સદા બલયુક્તિયુક્ત સાવધાન રાખનારો અને સમયે સમયે સૈન્યબલ દેખાડીને અન્ય શત્રુઓને ભયમાં રાખનારો, તથા યુદ્ધના પ્રસંગો પ્રાપ્ત થવાથી વિવિધ વ્યૂહરચના કરી જાણવામાં તથા સમય પ્રાપ્ત થવાથી યુદ્ધ કરવામાં પણ અત્યંત કુશલ, પોતાના સૈન્યના યોદ્ધાઓને ઉત્સાહ પ્રાપ્ત કરનાર અનેક યુક્તિઓને જાણનારો, શત્રુઓનો પરાજય જે જે પ્રકારે સુગમતાથી થાય તે તે પ્રકારને સમજીને શત્રપ્રતિ સ્વારી કરવામાં નિપુણ, નાના પ્રકારનાં અસ્ત્રશસ્ત્ર ચલાવવામાં ચપલ, એવા અનેકસદ્-

ગુણયુક્ત છતાં નિરભિમાન, સૂક્ષ્મબુદ્ધિવાળો, ઘટિત વ્યવહારને શુદ્ધ અંતઃકરણથી કરનાર, પોતાના સરખા સર્વ ઉત્તમગુણવાળા પુરુષોના સમુદાયને સમીપમાં રાખનારો, મિષ્ટ વચનથી અરિને પણ પોતાનો કરી લેવામાં ચતુર, કદાચિત્ પણ ઉત્તમ પુરુષોએ પાલન કરવાયોગ્ય શુદ્ધ નીતિથી ભ્રષ્ટ નહિ થનાર, અન્યના સૂક્ષ્મ આશયોને સહવાસથી, અન્યના ભાષણથી, વર્તનથી તથા તે અન્યના અંતર્ના સ્ફુટ થતા ભાવોથી તત્કાલ સમજી જનારો, ધીર, દૈવીસંપત્તિવાળો અને સૂક્ષ્મમાં કહીએ તો સકલ શુભગુણસંપન્ન પુરુષ પ્રધાનપદને યોગ્ય છે. રાજાની આજ્ઞામાં વર્તનાર છતાં જે પ્રધાન નીચા અધિકારના મનુષ્યોને ઊંચા અધિકાર અને ઊંચા અધિકારને યોગ્ય પુરુષોને નીચા અધિકાર કદાચિત્ પણ આપતો નથી, અને પોતાના સંબંધવાળાને પણ જે સંબંધની દૃષ્ટિથી જોઇ લાભ આપવા ઇચ્છતા નથી તે સમદૃષ્ટિ પ્રધાન જ રાજ્યને વધારી સર્વ સંપત્તિવાળું કરે છે.

એવો પ્રધાન છતાં પણ જે પ્રજાનો રાજા યોગ્ય હોતો નથી તે પ્રજા સુખને સહસા પામતી નથી, માટે યોગ્ય પ્રધાન છતાં પણ રાજા અધિક યોગ્યતાવાળો જોઇએ. પ્રધાનમાં કહેલા ગુણોવાળો છતાં જે રાજા પોતાના યોગ્ય પ્રધાનનો અવિશ્વાસ કરતો નથી પણ તેને સદા યશ આપે છે તથા તેના યોગ્ય વિચારને અનુસરે છે તે રાજાની પ્રજા સુખી થાય છે. જે રાજા સર્વ કાર્યમાં નિપુણ, વિદ્વાન્, કલાવાન્, ધીર, ક્ષમાવાન્, અહંકારરહિત, દાતા, ન્યાયી, અને પ્રિય વચન વદનાર હોય તેમ જ કાનનો કાચો ન હોય તે અધિક યોગ્ય ગણાય છે. પોતાના સેવકોના શ્રમને જાણનાર, તેમની તથા તેમના કાર્યની યોગ્યતા જોઇને બદલો આપવામાં ઉદાર અને પોતે સર્વજ્ઞ પુરુષસમાન જ્ઞાતા હોય તોપણ પ્રધાનની સંમતિ પ્રાપ્ત કરી વ્યવહાર કરનાર તથા પ્રજાને સ્વધર્મમાં વર્તાવી પોતે પણ શ્રદ્ધાથી સ્વધર્મનું પાલન કરનાર હોય તે રાજા શ્રેષ્ઠ ગણાય છે. જ્યાં ત્યાંથી સદ્ગુણી પુરુષોનો સંગ્રહ કરનાર અને દુર્જનોને ત્યજનાર, સત્ય પ્રતિજ્ઞાવાળો અને સ્થિર ચિત્તનો ઇન્દ્રિયજિત રાજા સદા રાજ્યપદને યોગ્ય છે.

હે સજ્જનો ! આ આદિ અનેક ઉત્તમોત્તમ લક્ષણયુક્ત રાજા તથા પ્રધાન જે પ્રજાને પ્રાપ્ત થાય છે તે પ્રજા આ લોકમાં જ સ્વર્ગના સુખનો અનુભવ કરે છે એમાં સંદેહ નથી.

આ પ્રકારનાં અનેક વચનો કહીને અંતમાં કહેવાનું એ છે કે આ સ્થલે પ્રાપ્ત થયલા તમે સર્વ પ્રકારની યોગ્યતાવાળા પ્રધાન તથા મિત્રતુલ્ય અન્ય મતિમાન્ પુરુષો છો તેમણે યોગ્ય વિચાર કરીને મને જણાવવું જોઇએ કે હવે આ સ્થલે મારે શું કર્તવ્ય છે. મારા

કરેલા નિશ્ચયોને તથા મારા પ્રવાસના હેતુને તમે મારાં પ્રથમનાં વચનોથી જાણોછો તો હવે જે કાંઈ યોગ્ય કર્તવ્ય હોય તે મને કહો.

હું ઉત્તમ પ્રકારે જાણું છું કે મારા સરખા રાજકુમારે ક્ષત્રિયકુલમાં જન્મ ધારણ કરીને ક્ષુદ્રસ્ત્રીઆદિ વિષયની પ્રાપ્તિનિમિત્તે એકાકી સ્થલે સ્થલે ભટકવું યોગ્ય નથી એમ છતાં પણ આ સ્થિતિમાં હું પ્રવાસને સેવું છું, માટે નિશ્ચય જાણજો કે મારો પ્રવાસ કેવલ ક્ષુદ્રવિષયને અર્થે જ નથી પણ સ્વધર્મની સિદ્ધિને અર્થે જ છે. જેથી મારા નિશ્ચયને બાધ ન આવે અને તમારી ઇચ્છા પૂર્ણ થાય એવો જે માર્ગ હોય તે તમે મને દેખાડો પ્રધાને આ કાર્યમાં ઘટિત જણાય તો સુગુણવતી રાજકન્યાનો અભિપ્રાય લેવો અને જે ઉચિત હોય તે મને જણાવવું.

આ પ્રકારનાં વચનો બોલીને **વીર**વિજય મૌન રહ્યો, એટલે રાજકન્યા કે જે વ્યવધાનમાં રહીને **વીર**વિજયનાં બોલેલાં વચનોને સાંભળતી હતી તેણે તત્કાલ પ્રધાનને બોલાવી મગાવીને આજ્ઞા કરી કે એ રાજકુમારને અંતઃપુરમાં પધરાવીને દિવ્ય આસને બેસાડો, અને પ્રથમ મારા નિશ્ચયો જે આ સમયે મારે એમના સમીપ અવશ્ય પ્રકટ કરવા યોગ્ય છે તેને પ્રકટ કરવાનો સુયોગ મને રચી આપો. અંતર્પટમાં રહીને મારાં બોલેલાં વચનો એમના સાંભળવામાં આવે એવે પ્રકારે મારા એકાંતસ્થલમાં આસનની વ્યવસ્થા કરાવો. મારા નિશ્ચયો એમના સંમુખ મારા મુખથી સ્પષ્ટ થયા પછી જે કાંઇ તમને તથા એમને ઉચિત હોય તે કરજો.મારાં વચનો એમના વિના અન્ય કોઇના શ્રવણમાં ન જાય એવી વ્યવસ્થા રાખજો.

આ પ્રકારનાં કુંવરીનાં વચનને શ્રવણ કરીને કુશાગ્રમતિવાળા અને સમયોચિત વ્યવહાર કરવામાં કુશલ પ્રધાને કુંવરીની ઇચ્છાપ્રમાણે સઘળી વ્યવસ્થા કરીને **વીર**બિજયને પ્રાર્થના કરીને અંતઃપુરમાં પધરાવ્યા. અને કુંવરીને પોતાના અભિપ્રાય જણાવવાનું વિદિત કરીને પ્રધાન પોતે પણ સભામંડપમાં અન્ય સભાજનોસમીપ પોતાના આસને જઇને બેઠા. પછી વિનયવડે નીચે પ્રમાણેનાં પ્રિય અને મર્મવાળાં વચનો ગંભીર વાણીવડે અંતર્પટમાં રહીને **શ્રીવીર**વિજયપ્રતિ તે રાજકન્યાએ કહ્યાં.

રાજકન્યા કહે છે, ક્ષત્રિયના કુલને શોભા આપનારા તથા મેદિનીના પતિઓમાં શ્રેષ્ઠ એવા જે આપ તેમના વિધિવડે પૂજવાયોગ્ય ચરણ આ ભૂમિને પવિત્ર કરતા થયા એ જાણીને પોતાના તથા પરના કલ્યાણને ઇચ્છનાર આ રાજ્યમંડલમાં તથા પ્રજામંડલમાં કયું

મનુષ્ય પ્રસન્ન ન થાય? જે ઉગ્રપુણ્યવતી કન્યાના અને જે સદ્દભાગ્યવાળી પ્રજાના આપ પતિ થયા છો, મનાયા છો, અને થશો, તેને આ જગત્માં શું દુર્લભ ગણાય એમ છે?

પરતંત્રતાથી પીડાને પ્રાપ્ત થતો આ જનસમુદાય આપસરખા સ્વતંત્ર પુરુષોત્તમના શરણને પ્રાપ્ત થયા વિના કેમ જ સુખાનુભવ કરે? દારિદ્ર્યદુઃખથી સંતાપને પ્રાપ્ત રહેનાર દીન નિર્ધનને જેમ પોતાના ગૃહમાં જ અનાયાસ મહાનિધિની પ્રાપ્તિ થવાથી અકથ્ય આનંદ પ્રકટે છે તેમ હું કે જેનો સર્વોત્તમ મહા નિધિ આપ જ હો તે આપને, અનાયાસ આ મારા પોતાના માનેલા સ્થાનમાં પ્રાપ્ત થઈ છું તે મને આ ક્ષણે અકથ્ય આનંદાનુભવ થાય એમાં શું આશ્ચર્ય છે?

' ઘણા કાલથી આ મારા પ્રાણ આપને અર્પણ કરેલા છે તોપણ વિધિવડે આપ મારા પ્રાણ તથા પાણિને સ્વીકારો ત્યાંપર્યંત આ વ્યવધાનમાં રહીને મન તથા વાણીવડે હું આપને પ્રણામ અર્પું છું, તેને સ્વીકારી પ્રસન્ન થાઓ. આ અંતઃપુરને તથા આસનને શોભાવતા આપ જે સર્વ પ્રકારે સ્વતંત્ર છો તેમને આ ક્ષણે મારા નિમિત્તે પરતંત્રવત્ અત્ર વિરાજમાન થઇને મૌનપણે મારાં વચનો શ્રવણ કરવાનો શ્રમ પ્રાપ્ત થયો છે, તે શ્રમને મારા મનોરથ પૂર્ણ થતા સુધી આપ સ્વીકારશો એવો મને દૃઢ વિશ્વાસ છે. જેમ સર્વજ્ઞ અને સ્વતંત્ર ઈશ્વરને પણ પોતાના અનન્ય ભક્તના નિમિત્તથી પરતંત્રતાનો ભોગ સંભવે છે તેમ આપને પણ હું કે જે આપના ચરણમાં ઘણા કાલથી ચિત્તને સમર્પણ કરીને ચિંતવું છું તે મારા નિમિત્તથી સર્વજ્ઞ ઈશ્વરની પેઠે સ્વલ્પ કાલ પરતંત્રતાનો ભોગ પ્રાપ્ત રહે અને તેને આપ સ્વીકારો એમાં શું આશ્ચર્ય છે?

અમારી ભાગ્યરેખા બલવતી છે એ આપના પધારવાથી સિદ્ધ હતું તોપણ આપે સ્વમુખે અમારી ભાગ્યરેખાને બલવતી કથન કરીને સિદ્ધ કરી આપી છે, એથી અમારો પૂર્વ પ્રાપ્ત હર્ષ અમર્યાદ વૃદ્ધિને પામે એમાં કાંઈ નવીનતા નથી.

આપના સુખપ્રદ આગમનથી મારા પિતાની પ્રતિજ્ઞા ઉત્તમ પ્રકારે સિદ્ધ થઈ છે, એ આપના મુખથી શ્રવણ કરીને મને અનુપમ શાંતિ પ્રતીત થઈ છે. આપના કરેલા નિશ્ચયોને તથા સંકલ્પોને આપે પ્રકટ કર્યા છે તેમ હવે હું પણ મારા આ ક્ષણપૂર્વે કરેલા નિશ્ચયોને તથા સંકલ્પોને નિઃશંકપણે આપના સમીપ પ્રકટ કરૂંછું તેને આપ શ્રવણ કરો અને પછી આપ મને ઘટિત આજ્ઞા હોય તે કરજો.

પુત્રની આશાવાળી મારી માતાના ઉદરથી જ્યારે હું પ્રકટ થઇ

ત્યારે તે મારી માતાને અધિક સંતાપ થયો; અને જ્યારે તેણે પોતાના જીવને અધિક ધિક્કાર કરીને મારા રક્ષણમાંથી પોતાની વૃત્તિને બેગળી કરી ત્યારે આ રાજ્યગૃહમાં મારાં માતાપિતાના શ્રવણને પોતાની ગર્જનાથી પૂર્ણ કરતી દેવવાણી થઈ કે 'આ કન્યા શત પુત્રથી પણ અધિક છે, અને ત્રિલોકને વશ વર્તાવનાર પતિ તમારા પ્રયત્ન વિના પોતાની મેળે આવી એને પ્રાપ્ત થશે. તે વીર પુરુષવડે જ તમારા કુલનો ઉદ્ધાર થશે માટે ચિંતા ત્યજીને પ્રસન્ન થાઓ.' આ પ્રકારની દેવવાણીના સમાચાર જ્યારથી મેં મારાં માતાપિતાનાં મુખથી શ્રવણ કર્યા છે ત્યારથી હું તે વીર પુરુષના ચરણમાં ભાવનાવડે ચિત્તને સમર્પણ કરી ચુકી છું. પત્નીના પતિપ્રતિના વિકટ ધર્મોને જે સમયથી મેં જાણ્યા છે તે સમયથી તે ધર્મને યથાવત્ પાલન કરવાનો મેં દૃઢ નિશ્ચય કર્યો છે. સ્ત્રીજાતિને પતિભક્તિ માત્ર આ લોકનાં વિષયસુખને જ આપનાર નથી પણ અપ્રતિમ અખંડ સુખને આપનાર છે એ વાર્તાને સત્ય ગણીને જે સમયથી મેં હૃદયમાં ધારણ કરી છે તે સમયથી મારે પતિભક્તિ વિના આ જગત્માં કાંઇ પણ કર્તવ્ય નથી એવો મેં દૃઢ સંકલ્પ કર્યો છે. માતાપિતાદિ ગુરુજનોવડે મેં જ્યારથી જાણ્યું છે કે આ સંસારમાં વિષયજન્ય સુખ ક્ષણિક છે અને વિષયપદાર્થમાત્ર આગમઅપાયવર્મવાળા હોવાથી અખંડ અને સદા એકાકારપરિણામથી રહેનારા નથી ત્યારથી મેં વિષયસુખને ઇચ્છતી તથા વિષયવાસનાને પોષતી વૃત્તિયોનો સબલ વેગથી તિરસ્કાર કર્યો છે, અને તેથી તે વિષયવૃત્તિને આ ક્ષણપર્યંત હું તુચ્છવત્ લેખવું છું. આ જોવામાં આવતા સુખનાં તથા દુઃખનાં સાધનરૂપ વિષયપદાર્થોને આ જીવો જન્મસમયે સાથે લાવતા નથી અને મરણસમયે આ પ્રત્યક્ષ જણાતાં સુખદુઃખનાં સાધનોને આ લોકમાંથી આ જીવો સાથે લઈ જતા નથી તોપણ પુનઃ પુનઃ જન્મમરણરૂપ સંસારને પામતા જીવો જ્યાં ત્યાં સુખદુઃખનાં સાધનોસંયુક્ત જોવામાં આવેછે, જેથી નિશ્ચય થાય છે કે જીવની સાથે જ સુખદુઃખનાં સાધનોને પ્રાપ્ત કરાવનાર સંસ્કારો રહેછે, અને તે સંસ્કારો જ્યારે જ્યારે તેઓનાં અનુકૂલ બલ તથા સમયને પ્રાપ્ત થાય છે ત્યારે ત્યારે સુખદુઃખનાં સાધનરૂપ સામગ્રીને પોતાના સામર્થ્યથી જ જ્યાં ત્યાં ઉપજાવીને પ્રાપ્ત કરી લે છે. આ વાર્તા જે સમયથી મને નિઃસંદેહપણે સમજાઈ છે તે સમયથી હું આ પ્રાપ્ત રાજ્યસુખમાં કે સુખનાં અન્ય સાધનોમાં મોહને ન પામતાં એ સર્વ પદાર્થોને તૃણવત્ લેખવું છું.

અનેક ઉત્તમોત્તમ રૂપગુણાદિથી યુક્ત શરીરોનું અંતમાં અગ્નિ,

જલ, પૃથ્વી કે વાયુઆદિ નિમિત્તોથી પૃથક્કરણ થાયછે અને પુનઃ તેનાં તે શરીરો તે રૂપાદિથી યુક્ત કોટિ પ્રયત્ને પણ પ્રાપ્ત થતાં જોવામાં આવતાં નથી, અર્થાત્ નાશ પામેલાં પુનઃ પ્રાપ્ત થતાં નથી એવું જે સમયથી મેં જાણ્યું છે તે સમયથી આ મને પ્રાપ્ત શરીરમાં કે તેમાં પ્રાપ્ત રૂપગુણાદિમાં હું મોહને પામતી નથી. તેમ જ તે નિમિત્તોવડે હું મારામાં તત્સંબંધી ગર્વને ઉપજેલો કે ઉપજાવેલો અનુભવતી નથી. આમ છતાં પણ હે સર્વ વીરપુરુષોમાં ઉત્તમ! આ ત્રિલોકીના પતિ જે સુખને ઇચ્છે છે તે સુખ સ્ત્રિયાને માત્ર પતિભક્તિથી જ પ્રાપ્ત થાય છે એ વાર્તા જ્યારથી મેં જાણી છે ત્યારથી કેવલ ઐહિક સુખમાટે જ નહિ, પરંતુ ત્રિલોકપતિની ઇચ્છાના વિષયરૂપ નિત્યસુખની પ્રાપ્તિઅર્થે અહોરાત્ર પતિભક્તિપરાયણ ચિત્ત રાખવાનો મેં અભેદ્ય નિશ્ચય કરયો છે.

મને જન્મ આપનારી મારી માતાએ જ્યારે પોતાના સંસ્કારબલથી દેહ ત્યજ્યો ત્યારે મને સમીપ બેસાડીને મારા મુખે તથા મસ્તકે હસ્ત ફેરવીને કહ્યું હતુ કે હે પુત્રિ ! હું આ સંસારસાથે તને ત્યજીને જાઉંછું. તને ત્રિભુવનને વશ વર્તાવનાર પતિ પ્રાપ્ત થનાર છે એવી તારા જન્મસમયે થયેલી દેવવાણીનો મને પૂર્ણ વિશ્વાસ છે તેથી તારા નિમિત્તની ચિંતાને હું ત્યજું છું, અને તું પણ આજથી મારા દ્વારા સુખ પ્રાપ્ત કરવાની આશા ત્યજીને તને પ્રાપ્ત થનાર પતિની આશા ધરજે; અને તને પ્રાપ્ત થનાર પતિના આગમનની વાટ જોતી, તારા પિતાની સેવા કરી તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરજે, અને અનુકૂલ સમય પ્રાપ્ત થયેથી તારા પતિદ્વારા અમારા નિઃશ્રેયસ્‌ને સાધજે.

આ પ્રકારનાં મારી માતાનાં વચનનું સ્મરણ કરતી, પિતાની પ્રસન્નતાને જાળવતી, પતિના આગમનના સમયને ઇચ્છતી, પરમ પુરુષ પતિનું ચિંતન કરતી, અને સર્વ સ્વધર્માચરણને સેવતી દિવસ નિર્ગમન કરતી હતી. તેવામાં દૈવવશાત્ જ્યારે મારા પિતાને આ સંસાર ત્યજી જવાનો સમય આવ્યો ત્યારે તે પૂજ્ય પિતાએ પોતાના જ્ઞાનબલથી મને વરવચન આપતાં કહ્યું કે હે સુભાગ્યવતિ સુપુત્રિ ! તું પ્રસન્ન રહેજે. તારે અર્થે નિર્માણ કરાયલો પતિ અમુક દિવસે સૂર્યોદયસમયપૂર્વે આપણા નગરના અમુક દ્વારસમીપ આવશે, અને દ્વાર ઉઘડતાં નગરમાં પ્રથમ પ્રવેશ કરશે. તેમના આવવાથી સર્વ દુઃખનું શમન થશે અને ભાવિમાં તું તારા સર્વ ઈપ્સિતાર્થને પ્રાપ્ત થઈશ. આ તે મારા પૂજ્ય પિતાનાં વરવચનમાં વર્ણાયલો શુભ દિવસ આજનો છે અને તેમનાં વચનાનુસાર આપનું પધારવું થયુંછે. હવે મારા

પિતાના દેહમુક્ત થયા પશ્ચાત્ તથા આપના પધારવા પછી તેમ જ આપનાં સર્વ વચનો શ્રવણ કર્યા પછી જે જે સંકલ્પો મારા હૃદયમાં થયા છે તે તે આપ શ્રવણ કરો.

માતાપિતા વિનાની થયા પછી રાત્રદિવસ જાગ્રત્માં આપ પતિના રૂપના અજ્ઞાનથી કેવલ ગુણવડે આપનું સ્વરૂપ રચીને હું ધ્યાન કરતી. એક વેલા જ્યારે મને સંશય સ્ફુરયો ત્યારે મેં દૃઢ મનથી એવો સંકલ્પ કરયો કે જો પિતાએ નિશ્ચય કરેલા દિવસે મને સંકેતપ્રમાણે પતિ આવીને પ્રાપ્ત ન થાય તો આ સુશોભિત વસ્ત્રાલંકારનો ત્યાગ કરીને માત્ર સૌભાગ્યનાં ચિહ્નપૂર્વક શ્વેત વસ્ત્ર ધારણ કરીને આ રાજ્યગૃહમાં જ ભૂમિમાં ગુહા ખોદાવીને મારે તે ગુહામાં દૃઢ આસન વાળીને, પતિમાં વૃત્તિ સ્થાપીને, પ્રાણનો નિરોધ કરીને અન્નજલના ત્યાગપૂર્વક દેહાંતપર્યંત બેસવું.

દેવવાણી વ્યર્થ નહિ થાય એવો માતાપિતાનાં વચનદ્વારા વિશ્વાસ હોવા છતાં પણ સંદેહ પ્રાપ્ત થવાથી આ પ્રકારનો સંકલ્પ કરયો હતો. જીવના અલ્પ સામર્થ્યવાળા અંતઃકરણમાં રહેલા અલ્પજ્ઞતારૂપ ધર્મથી જીવોને ઘણે પ્રસંગે અવશ્ય થનાર વાર્તામાં પણ, થશે કે નહિ, એવો સંશય સ્ફુરેછે; અને અંતર્ની આતુરતાના સમયે તો નહિ થવાનાં અનુમાનો બંધાઇને અવિશ્વાસ પ્રકટે છે; અને પ્રસંગે ન થવાયોગ્ય વાર્તાસંબંધે એ અંતઃકરણમાં મિથ્યા વિશ્વાસ પણ પ્રકટે છે. જેથી કાર્યની પૂર્ણ અંશે સિદ્ધિ થતાપર્યંત વિશ્વાસ તથા અવિશ્વાસને પ્રકટાવતું જીવોનું અંતઃકરણ તે તે જીવોને હર્ષશોકાદિદ્વારા નિરંતર વિકારી અવસ્થાનું જ ભાન કરાવ્યા કરે છે, એ બુદ્ધિમંત પુરુષોને સુસ્પષ્ટ જ છે.

યદ્યપિ મારા અંતઃકરણને અનુકૂલ વર્તાવવાઅર્થે મેં તેના ઉપર યથાશક્તિ અધિકાર પ્રાપ્ત કરયો છે તોપણ એ મારૂં અંતઃકરણ આ નિયમને અનુસરતું રહીને, સૂર્યના પ્રતીત થતા ઉદયઅસ્તની પેઠે વિશ્વાસ તથા અવિશ્વાસના ઉદયઅસ્ત મને પ્રતીત કરાવ્યા કરે છે.

જ્યારે આપના, નગરના દ્વારમાં થયેલા પ્રવેશના સમાચાર મને મળ્યા ત્યારે મને પિતાનાં વચનમાં વિશ્વાસ પ્રકટયો, અને અધિક પૂછતાં જ્યારે મને જણાયું કે નગરદ્વારમાં પ્રથમ પ્રવેશેલા આપ કોઈ દિવ્ય પુરુષસરખા છો, ત્યારે મને માતાપિતાએ શ્રવણ કરેલી દેવવાણીની સત્યતાનો વિશ્વાસ થયો. એ વિશ્વાસથી મારો તે ક્ષણે જ દૃઢ નિશ્ચય થયો કે એ પુરુષોત્તમ જ મારા અર્થે નિર્માણ કરાયલા પતિ છે. મારા પિતાએ જ્યારે મને સમયાદિ સૂચવીને કહેલું કે અમુક દિવસે

અમુક સમયે અમુક દ્વારમાં પ્રવેશ કરશે એ જ તારો પતિ છે, ત્યારથી બંધાયલા મારા નિશ્ચયવડે આપ સંકેતાનુસાર નગરમાં પ્રવેશ કરનાર પુરુષ મારા પતિ છો એમાં સંદેહ કરવા સરખું રહ્યું ન હતું. કારણ કે જેમ એક દિવસમાં એક જ દિનકરનો બે વાર ઉદય સંભવતો નથી તેમ જ એક દાનના પદાર્થના દાનસંબંધમાં એક જ યોગ્ય દાતાના અંતઃકરણમાં બે વાર સંકલ્પનો ઉદય થવો સંભવતો નથી; અને તેથી જ વિશેષે કરીને કન્યાના પિતાએ કરેલું કન્યાનું વાગ્દાન શાસ્ત્રમાં પણ પ્રધાન મનાયું છે.

આ કારણથી આપનો નગરમાં પ્રવેશ થયો તે જ ક્ષણે એક પક્ષથી આપ મારા તથા આ પ્રજાના સ્વામિ થઈ ચુક્યા છો, અને અન્ય પક્ષથી તો જ્યારથી દેવવાણી થઈ છે ત્યારથી જ આપ મારા તથા પ્રજાના પતિ સિદ્ધ છો; અને ત્રીજા કારણપક્ષથી જોતાં તો જ્યારથી આ જગત્પ્રવર્તક સત્તાના નિયમથી આપણા સર્વના સંબંધનો નિર્ણય થયો છે ત્યારથી જ આપનું સ્વામિત્વ સિદ્ધ છે.

હે ભગવન્ ! અનેક વિધિથી મેં નિશ્ચય કરયો છે કે આપ જ મારા પતિ છો; આમ છતાં પણ જ્યારે આપે આપના નિશ્ચયો તથા સંકલ્પોને પ્રધાનાદિ સમીપ પ્રકટ કર્યા ત્યારે પુનઃ મારા મનમાં ભય તથા સંશયનો ઉદય થવા લગ્યો કે મારા વડે સ્વીકારાયલા આપના પતિપણાને આપ અંગીકાર કરશો વા નહિ ? કદાચિત્ નહિ અંગીકાર કરો તો મારે કૃતકૃત્યતા પ્રાપ્ત કરયા પૂર્વે જ હઠવડે આ શરીરનું શોષણ કરવું પડશે કે શું ? આ આદિ સંશયરૂપ વિચારોનો પ્રવાહ ચાલતાં દેહને ધારણ કર્યાની સાર્થકતા ન થવાનું ભય સ્ફુર્યું. એ ક્ષણે જ મેં નિશ્ચયપૂર્વક પ્રતિજ્ઞા કરી છે કે જો આપ મારા વડે આપને વિષે સ્થપાયલા મારા પતિપણાને કોઇ ઉપાયથી પણ માન્ય નહિ કરશો તો અન્નજલના ત્યાગપૂર્વક શરીરનું શોષણ કરતાં, આપના સ્વરૂપમાં વૃત્તિયોને સ્થાપતાં દેહનો અવધિ આણવો. આ મારી સત્ય પ્રતિજ્ઞા છે માટે હે પુરુષોમાં ઉત્તમ ! હવે મારે તથા આપે શું કર્તવ્ય છે તે કહો. સત્ય એ જ આ જગત્માં તપ અને બલરૂપ છે માટે સત્યને ન ત્યજવું એ જ સર્વનો મુખ્ય ધર્મ છે. સત્ય વસ્તુરૂપ જે પરમાત્મતત્ત્વ છે તે તો કોઈથી પણ વસ્તુતઃ ત્યજાય એમ નથી; જેથી પોતાની દૃઢ પ્રતિજ્ઞારૂપ સત્યને ન ત્યજવાવડે જ ધર્મની સિદ્ધિ છે એ મારા વચનનો ભાવ છે. આપના નિશ્ચયોને કે સંકલ્પોને બાધ ન આવે તેમ જ મારા નિશ્ચયાદિને બાધ ન આવે એ પ્રમાણે કરવું એ તો સ્પષ્ટ જ છે, પણ તે પ્રકારે થાય એવો કયો માર્ગ છે તે આપ

પાસેથી જાણવાને હું આતુરતા રાખુંછું. આ સૂર્ય કદાચિત્ પૂર્વ ત્યજીને પશ્ચિમમાં ઉદય થાય, અભ્ર અને અવનિ એક થઈ જાય, સ્વર્ગસમક રસાતલમાં પ્રવેશે, અને અચલ મનાયલો સુમેરુ પણ ચલિત થાય તથાપિ આ હું કે જેણે આપને જ એક પતિ નિશ્ચય કર્યા છે તે મારા નિશ્ચયથી અનેક ઉપાયે પણ ચલાયમાન થઇશ નહિ, એવી મારી દૃઢ નિષ્ઠા છે. આ ક્ષણે મારે હવે અધિક કહેવાયોગ્ય નથી તેથી અયોગ્ય વચનો વદાયાં હોય તો તેની ક્ષમા યાચીને આપનાં અભય વચનોને શ્રવણ કરવાની આશાથી હું મૌન ધરૂં છું.

આ પ્રકારનાં વચનોને વદી મૌન રહેલી રાજકન્યાને જાણીને સમયને ઘટતાં યોગ્ય વચનોને તે વીરવિજય બોલવા લાગ્યો.

વીરવિજય કહે છે, હે સુભાગ્યવતિ ક્ષત્રિયકુલપ્રકાશિકા રાજકન્યા! તું જો તારા મનોરથ પૂર્ણ કરવા ઇચ્છે છે તો ધૈર્ય ધર અને ભય શંકાથી રહિત થા. દેવવાણીથી અને સંકેતાનુસાર મારા નગરપ્રવેશથી આપણો સંબંધ બલવતી અદૃષ્ટસત્તાવડે નિર્માણ કરાયો હોય એમ ભાસેછે; તોપણ જે કન્યાને મેં સ્વપ્નમાં જોઈ છે તે તું છે વા અન્ય છે તેનો તથા મને ઇચ્છાનુકૂલ સામર્થ્ય પ્રાપ્ત થવાનો સમય આ પ્રાપ્ત થયો છે કે હજી વિલંબે પ્રાપ્ત થનાર છે તેનો નિર્ણય થયા વિના આ ક્ષણે તારે તથા મારે શું કર્તવ્ય છે તે હું નિશ્ચયપૂર્વક કહી શકતો નથી.

રાજકન્યા પોતાના રૂપચિત્રને પટની નીચેથી બહાર ખસેડી મૂકીને કહે છે કે જો આ મારા ચિત્રને જોવાઉપરથી આપને યોગ્યાયોગ્ય નિશ્ચયનું સ્વરૂપ સ્પષ્ટ થઇ કર્તવ્યનું ભાન થઇ શકે એમ હોય તો સ્વીકારશો.

વીરવિજય તે કન્યાના ચિત્રને પોતાના હાથમાં લઇને દૃષ્ટિ નાંખતાં જ તેની સુંદરતાથી પોતાની વૃત્તિમાં પ્રસન્નતાને, તથા સ્વપ્નમાં જોયેલી કન્યાના સ્વરૂપકરતાં આ ચિત્રમાં કંઇક જૂદાપણું જાણતાં અપ્રસન્નતાને અનુભવવા લાગ્યો. વિશેષ કાલ દૃષ્ટિ સ્થાપી જોતાં છતાં પણ વીરવિજય એ વાર્તાને નિશ્ચય કરી શકયો નહિ કે અધિક સુંદર આ કન્યા છે કે તે? જેમ રૂપમાં શ્રેષ્ઠતા કોની છે એ વાર્તાને નિર્ણય કરી શકયો નહિ તેમ એકની વાણી શ્રવણ કરી છે અને બીજીની વાણી સાંભળી નથી તેથી તે અંશમાત્રવડે જ કરાતી ગુણની ન્યૂનાધિકતાને પણ નિશ્ચય કરી શકયો નહિ. આ સમયે વીરવિજયનું ચિત્ત ક્ષણે ચિત્રપ્રતિ અને ક્ષણે સ્મૃતિવૃત્તિમાં સ્થિત કન્યાપ્રતિ એમ ડોલતું હતું. તત્કાલ થતા મનના વલણને જોતાં એને એમ થતું કે આ કન્યા જ અલૌકિકસરખી છે; અને આ ક્ષણિક સંસારમાં મોટી

મોટી આશાઓને વશ થઇને ભ્રમણ કરતાં આયુષ્યને ક્ષય કરવાકરતાં એક સ્થલે સ્થિરતાથી રહીને પ્રાપ્ત સુખનો અનુભવ કરવો અને તાત્કાલિક કર્તવ્ય જે જે હોય તે તે કરીને કૃતકૃત્ય થવું એ જ શ્રેષ્ઠ છે. કારણ કે અવશ્ય પ્રાપ્ત થનારા પદાર્થો તો જ્યાં ત્યાં પણ ભોક્તાને પ્રાપ્ત થાય જ છે. જો આ જગત્‌માં મનુષ્યો આશાવડે ઇચ્છેલા પદાર્થોને પ્રાપ્ત કરવામાટે પર્યટન કરે છે તો તે પદાર્થો પ્રાપ્ત થવાના સમયસુધી દૂર ને દૂર રહીને એને પોતાતરફ અનેક નિમિત્તવડે તાણ્યા કરે છે; અને જો આ મનુષ્યો એક જ સ્થલે રહીને તે ઇચ્છાને પોષે છે પણ તે પદાર્થની પ્રબલ વાસનાને વશ વર્તી તેની પાછળ પાછળ ભટકતા નથી તો જેમ જેમ તેને પ્રાપ્ત થવાનો સમય સમીપ આવે છે તેમ તેમ તે તે પદાર્થો અનેક નિમિત્તોવડે તણાતા તે ભોક્તાના સમીપ ક્રમે કરી આવતા જાય છે, અને યોગ્ય સમયે પ્રાપ્ત થાય છે.

બીજા પક્ષથી પોતે કરેલા પ્રથમના નિશ્ચય તથા સંકલ્પોપ્રતિ લક્ષ જતાં તથા મનના વલણને જોતાં તો એમ થતું કે મનુષ્યે નિશ્ચય કે સંકલ્પભ્રષ્ટ થવું ઉચિત નથી. કારણ કે એક વાર ક્ષુદ્ર સ્વાર્થાકારપરિણામને પામીને કૃત નિશ્ચય કે સંકલ્પનો આ મન ત્યાગ કરે તો નિરંતર નિશ્ચય અને સંકલ્પ કરવાના સ્વભાવવાળા આ મનને પુનઃ પુનઃ કૃત નિશ્ચયાદિથી ભ્રષ્ટ થવાનો સ્વભાવ પડે, અને એ પ્રકારનો ન સેવવાયોગ્ય અનિષ્ટ ચલ સ્વભાવ ક્રમથી મનને ઉત્કૃષ્ટ ગતિમાં સ્થાપવાની ઇચ્છાવાળા પુરુષોને અનુચિત મનાયો છે. કારણ કે તે સ્વભાવ સદા કષ્ટસાધ્ય વા અસાધ્યસરખી ઉત્તમ વ્યવહારસિદ્ધિથી આ જીવોને ભ્રષ્ટ રાખે છે. ઉપર પ્રથમ કહેલા નિયમથી યદ્યપિ અવશ્ય પ્રાપ્ત થનાર પદાર્થો જે પ્રારબ્ધાધીન જ છે તે તો પોતાની મેળે પણ પુરુષના દૃઢ નિશ્ચયરૂપ પ્રયત્નથી આવી પ્રાપ્ત થનાર છે, પણ જે જે ક્રિયમાણાધીન પદાર્થો છે તે તે પ્રાપ્ત થવામાં વિરોધ આવવાનો સંભવ છે; કારણ કે ક્રિયમાણસાધ્ય પદાર્થો પોતાની પ્રાપ્તિનિમિત્ત કરાવાયોગ્ય ક્રિયાનિશ્ચયાદિની અવશ્ય અપેક્ષા રાખે છે.

આ આદિ પ્રકારથી ઉલટપલટ વિચારોને અંતઃકરણમાં સ્ફુરતા અનુભવતાં છતાં તે છેવટ નિશ્ચયઉપર આવવાને વિચાર કરવા લાગ્યો કે ગમે તેમ છે વા હોય, તોપણ કેવલ પ્રારબ્ધાધીન પદાર્થોની પ્રાપ્તિવડે જ સંતોષને પામનારા કૃતકૃત્ય બ્રાહ્મણના કુલમાં મારો ઉદય નથી, પણ ક્રિયમાણસાધ્ય એવા સદ્ય અથવા કાલાંતરે પ્રાપ્ત થનારા પદાર્થોનિમિત્ત સદા પ્રયત્ન કરવાનો જેમનો સ્વભાવ મનાયો છે એવા ક્ષત્રિયના

કુલમાં મારો ઉદય છે. માટે મારે તો અવશ્ય કૃત નિશ્ચયથી ભ્રષ્ટ થવાનું પ્રયોજન નથી. વળી જ્યાં સુધી શક્તિએ કહેલું ત્રિભુવનને વશ વર્તાવવાનું બલ મને પ્રાપ્ત થયું નથી, તેમ જ તે કન્યા જ આ છે એવો મારો નિશ્ચય બંધાતો નથી ત્યાં સુધી મારે પ્રયત્નમાં શિથિલ થવું ઘટતું નથી. મોહક પ્રસંગોવડે કૃત સંકલ્પથી ભ્રષ્ટ ન થવા સંબંધનો મને સંકેત સૂચવાયો છે, અને આ ક્ષણ તે મોહક પ્રસંગની પ્રાપ્તિની છે તો મારે અવશ્ય સાવધાન થવું ઘટે છે.

આ પ્રમાણેનો વિચાર કરીને પછી તે રાજકન્યાપ્રતિ કહેછે, હે કલ્યાણિ! ચિત્રપટ જોતાં છતાં મારૂં મન સંશયગ્રસ્ત છે. મારા અંતઃકરણમાં પડેલું ચિત્ર અને આ ચિત્ર અધિક વિલક્ષણતાવાળું નથી. પ્રસંગે ભ્રમમાં નાંખે એવું છે, તોપણ કોઈ કોઈ અંશમાં ભિન્નતા પ્રતીત થાય છે. શ્રેષ્ઠ આ છે કે તે છે, તે કહી શકાતું નથી, તેમ જ તેનાથી આ કોઈ પ્રકારે પણ નેષ્ટ છે એવું ભાન થતું નથી. આ ચિત્રથી મને અસંતોષ અને તેથી અધિક સંતોષ ભાસે એમ પણ નથી. છતાં મારા સંકલ્પની સર્વાંશે સિદ્ધિ આ ક્ષણપર્યંત અનુભવી નથી તેથી સંકલ્પની સિદ્ધિપર્યંત વિધિવત્ લગ્ન કરી અત્ર રહેવા આ મનથી નિશ્ચય મળતો નથી. તેથી હવે તારે તથા મારે શું કર્તવ્ય છે તે જેવું તને તારા અંતઃકરણમાં આ ક્ષણે સ્ફુરે તેવું તું મને સ્પષ્ટ કરી કહે કે તે પ્રમાણે કરવામાં આવે. હું સમજું છું કે જ્યારથી આ નગરમાં મેં પ્રવેશ કર્યો છે ત્યારથી હું આ પ્રજાના તથા તારા સંબંધવાળો થયો છું, તોપણ સ્વતંત્રતાના અંશવાળા મારા ક્ષાત્ર સ્વભાવથી હું મારા નિશ્ચયને વળગી રહ્યો છું. મારા સંકલ્પની સિદ્ધિ થયેથી આ પ્રજાના તથા તારા થયેલા આ સંબંધનો હું કદાચિત્ પણ ઉચ્છેદ નહિ કરૂં એવો દૃઢ સંકલ્પ આ ક્ષણે મને સ્ફુર્યો છે; જેથી તે ક્ષણપૂર્વે આપણે શું કરવું ઘટે છે તે વિષે યથાપ્રાપ્ત વિચારને તું મને વાણીવડે જણાવી જાણીતો કર.

રાજકન્યા કહેછે, હે ભગવન્! આપ જ મારા પતિ છો એ મારો નિશ્ચય સિદ્ધ છે. આપ મને વિધિવડે આ ક્ષણે વા કાલાંતરે સ્વીકારો એ આપની ઇચ્છાઉપર છે. કારણ કે શું ન્યાય અને શું અન્યાય છે, કયે સમયે શું યોગ્ય અને શું અયોગ્ય છે એનો નિર્ણય કરવા આપ જ સમર્થ છો. આપના સંકલ્પની સિદ્ધિપર્યંત આપે તથા મારે કેમ વર્તવું છે એનો નિશ્ચય પણ આપે જ કરવાનો છે. આપની આજ્ઞાને અનુકૂલ વર્તવું એ જ હવે પછીનો મારો ધર્મ છે, માટે યથોચિત આપ જ કહો.

વીરવિજય કહે છે, હે કુલવતિ! જો મારી આજ્ઞાના પાલનમાં જ પ્રસન્નતા અને કૃતકૃત્યતા સ્વીકારી છે તો હું સંકલ્પરૂપ વચન કહું છું કે જે કન્યાના અને બલના નિમિત્ત મારો પ્રવાસ છે તેને પ્રાપ્ત થવાથી જે ક્ષણે જે દેશમાં વિધિવડે તે કન્યાનું પાણિગ્રહણ કરીશ તે દેશમાં જ તેના સન્નિધ અન્ય ક્ષણમાં તારો પાણિ પણ વિધિવડે ગ્રહણ કરીશ, અને તેને વા તને ન્યૂનાધિક ન ગણતાં ઉભયને સમાન ધર્મપત્ની માનીને તમને મારી મતિઅનુસાર સમસુખાનુભવ કરાવતાં આ સંસારમાં મને પ્રાપ્ત મારા વ્યવહારભારને હું વહન કરીશ. એ સમય આવતાપર્યંત, જેમ આજપર્યંત આ સમયને આવવાની વાટ જોતી પોતાના નિશ્ચયને પોષતી દિવસને વ્યતીત કરતી હતી તે પ્રમાણે કરજે, અને સર્વના શુભનું ચિંતન કરતી પ્રસન્ન રહેજે. પત્નીપ્રતિના પતિના ધર્મને હું યોગ્ય પ્રકારે સમજું છું તથાપિ મારી પ્રતિજ્ઞાને વશ રહેલો હું મારી ધારણા પાર પડતા સુધી મારા સર્વ વ્યવહારધર્મને જેમ યથાશકિત સેવું છું તેમ તેને પણ સેવીશ. હે ધૈર્યબલવાળી! હવે આથી અધિક આ ક્ષણે કંઇ પણ કહેવાયોગ્ય નથી માટે હું સભામાં પ્રવેશ કરૂં છું, અને પ્રધાનાદિસાથે યથાઘટિત વિચાર કરીને કરવાયોગ્ય નિશ્ચયને કરૂંછું.

આ પ્રમાણે રાજકન્યાને કહીને તત્કાલ ત્યાંથી ઉઠીને શ્રીવીરવિજય સભામાં આવ્યો. પ્રધાનાદિ પુરુષોએ અભ્યુત્થાન તથા નમનપૂર્વક સંમાન કરાયલો તે, રાજનીતિપ્રમાણે પોતાને માટે રચી રાખેલા આસને બેઠો, અને પ્રસન્ન મુખથી પ્રધાનાદિને પોતે કરેલા 'હવે શું કર્તવ્ય છે?' એ પ્રશ્નના ઉત્તરને જાણવાની ઇચ્છાપૂર્વક કહેવા લાગ્યો કે 'હે બુદ્ધિમંત પુરુષો! તમે જે કાંઈ નિશ્ચય કર્યો હોય તે મને કહો.

પ્રધાન સર્વાનુમતથી સવિનય કહે છે, હે પ્રજાપતિ! આપના સંકલ્પને વિરોધ ન આવે અને અમારા મૂલ મહારાજની પ્રતિજ્ઞાને બાધ ન આવે, એવો કોઈ પણ નિર્ણય સ્થાપવાને આપ સમર્થ છો. અમે કે જેઓ આપની આજ્ઞાને અધીન વર્તવાના સેવકધર્મને સેવીએ છીએ તેમને આપ 'શું કર્તવ્ય છે' એમ પૂછો છો, એ માત્ર અમારી પ્રતિષ્ઠા પ્રસિદ્ધ કરવાને કરોછો. સર્વ પ્રકારથી શ્રેષ્ઠ એવા આપને કર્તવ્યસંબંધમાં અભિપ્રાય આપવાની અમારી યોગ્યતા નથી તોપણ આપે આપેલા અધિકારના સંમાનાર્થે સર્વાનુમતે હું આપ મહારાજને યથામતિ નિશ્ચય નિવેદન કરૂં છું.

પૂર્વ મહારાજની આજ્ઞાપ્રમાણે અમે આપને યથાવિધિ પધરાવ્યા છે, અને સર્વ વ્યતીત વૃત્તાન્ત આપને નિવેદન કરચો છે. આ પ્રજા

તથા રાજકન્યા આપને શરણુ છે એ હવે પૃથક્ કરીને કહેવાયોગ્ય નથી. આપે આ ક્ષણથી સર્વના પતિત્વને સ્વીકારીને સઉનું યથાઘટિત રક્ષણ તથા પાલન કરવું એ સુસ્પષ્ટ છે, તેમ છતાં આપ જો તત્કાલ કોઈ સ્થલે પધારવાની ઇચ્છા કરતા હશો તો આપના પુનઃ અત્ર પધારતાપર્યંત રાજ્યવ્યવસ્થાને યથાવિધિ ચલાવે એવી કોઇને આજ્ઞા આપશો, અને આપ સ્વહસ્તે રાજ્યાસનસમીપ ખડ્ગરૂપ શક્તિને સ્થાપવા કૃપા કરો કે જેને આપના નિમિત્ત પ્રતિદિવસ સર્વ રાજસેવકો નમન કરે.

વસ્તુતઃ તો આ ક્ષણથી જ આપે રાજ્યાસનઉપર વિરાજમાન થઇને આ દીનસરખી થયેલી પ્રજાને સ્વર્ગસમાન સુખનો અનુભવ કરાવવો ઉચિત છે, તથાપિ આપ સ્વતંત્ર મહારાજના સંકલ્પને સિદ્ધ કરવાઅર્થે સ્વલ્પ કાલ આપને કોઇ સ્થલે પધારવાની ઇચ્છા હશે તો નિરુપાયે આપની આજ્ઞાપ્રમાણે કોઇદ્વારા રાજ્યવ્યવસ્થા થવી જોઈએ. આ સંબંધમાં આ ક્ષણે અમારે અધિક નિવેદન કરવાયોગ્ય નથી.

આટલું બોલીને મૌન રહેલા પ્રધાનને જોઇને શ્રીવીરવિજય કહેછે, પ્રધાન જ રાજ્યનો સ્તંભ હોય છે. રાજાનું મુખ્ય કામ તો પ્રધાનાદિ સર્વ રાજસેવકોના તથા પ્રજાના ધર્માધર્મરૂપ વર્તનોને ગુપ્ત રીતે જાણીને તેનાં યથાઘટિત ફલ આપવાનું તથા યોગ્ય ઉપાયોનો નિશ્ચય કરીને સર્વને ધર્મમાં વર્તાવવાના નિયમ સ્થાપવાની આજ્ઞા આપવાનું છે, અને પ્રબલ શત્રુઓને પણ પોતાનાં બલઐશ્વર્યઆદિથી ભય આપીને વશ વર્તાવવાનું છે. માટે આ સર્વ પ્રજાપ્રમુખ પ્રતિષ્ઠિત પુરુષોના સમક્ષ જ હું તમારી ઇચ્છાપ્રમાણે રાજ્યાસનસમીપ ખડ્ગને સ્થાપું છું અને આજ્ઞા આપું છું કે જેમ તમારા મૂલ મહારાજના દેહમુક્ત થયા પછી આજપર્યંત રાજ્યવ્યવહાર ચલાવ્યો છે તેમ મારા પુનઃ આવવાપર્યંત ચલાવવો, અને મારા પ્રતિનિધિરૂપે રહીને પ્રજાને પિતાના ધર્મપ્રમાણે વર્તી સંતોષ આપવો. આપ્રમાણે બોલી મૂલ રાજાનું ખડ્ગ માગી લઇ પોતાને હાથે યોગ્ય સ્થલે સ્થાપ્યું. એ સમયે સર્વત્ર જયઘોષ થયો અને નાના પ્રકારના વાદિત્રના નાદ થયા.

આ પ્રકારે ખડ્ગસ્થાપનવિધિ થયા પછી સર્વનાં અંતઃકરણમાં રાજકન્યાના લગ્નસંબંધમાં શો નિશ્ચય થયો એ જાણવાની ઇચ્છા હોય એમ ભાસવાથી વીરવિજયે કહ્યું કે રાજકન્યાનું અનુકૂલ પ્રકારે મેં સમાધાન કર્યુ છે, અને વિધિવત્ લગ્નસમારંભ, મારા સંકલ્પની સિદ્ધિ થયેથી મારૂં પુનઃ અત્ર આવવું થાય ત્યારે ઈશ્વરેચ્છાથી થશે.

હવે હાલ મારે અત્ર અધિક રહેવાનું પ્રયોજન નથી માટે સત્વર પ્રયાણને ઇચ્છું છું.

આ વચન સાંભળીને પ્રધાને કહ્યું કે આપ સ્વતંત્ર છો, અને રાજકન્યાની પ્રસન્નતાપૂર્વક પધારો તેમાં અમે અધિક આગ્રહ કરવા સમર્થ નથી. તોપણ પાંચ રાત્રિ તો, મારી પ્રાર્થના છે કે આપે અત્ર ગાળવી, અને પછી ઇચ્છાનુસાર પધારવું. સર્વની એવી જ ઇચ્છાને જોઇને વીરવિજયે પંચરાત્રિ ત્યાં નિવાસ કરવા સ્વીકાર્યું. પશ્ચાત્ ઉત્તમ પ્રકારે રાજ્યસભાની રીતે સંમાનપૂર્વક સભા વિસર્જન થઇ.

શ્રીવીરવિજયને રાજરીતથી સ્નાનભોજનની સઘળી વ્યવસ્થા રાજકન્યાની આજ્ઞાપ્રમાણે પ્રધાને કરાવી. ત્યાર પછી રાજભવન તથા રાજ્યના ભંડારઆદિ સર્વ તેને દેખાડ્યું. પોતાની રાજ્યસમૃદ્ધિકરતાં અધિક સર્વ જોઇને વીરવિજય ઘણું પ્રસન્ન થયો. તે પછી મોટી સ્વારીની વ્યવસ્થા કરીને નગરમાં ફેરવીને નગરબહારનાં ઉત્તમ ઉત્તમ રાજ્યનાં વિહારસ્થલો દેખાડ્યાં. સૈન્યને યુદ્ધકલાંશિક્ષણ આપવાના સ્થલમાં તૈયાર રાખેલું હતું, તેના પ્રતિ પણ શ્રીવીરવિજયનું લક્ષ કરાવ્યું. જ્યાં જ્યાં પ્રજાજનોએ શ્રીવીરવિજયનું દર્શન કર્યું ત્યાં ત્યાં શ્રીવીરવિજયની સ્તુતિ સર્વનાં મુખમાંથી નિકળતી હતી. અને સર્વ પ્રજા એમના વડે પ્રાપ્ત કરેલા સુખના અનુભવ વિના પણ પોતાના તથા રાજકન્યાના ભાગ્યની સ્તુતિ કરતી હતી. સૂર્યાસ્ત થયા પછી દીવ્યસરખી શોભાવાળી સ્વારીસહિત શ્રીવીરવિજય રાજમહાલયમાં પધાર્યા, અને સર્વને વિદાય કર્યા. પ્રહર રાત્રિપર્યંત પ્રધાનસાથે નાના પ્રકારની રાજ્યવ્યવહારની વાર્તાઓ કરી અને પછી પ્રધાનને પોતાને ઘેર જવા આજ્ઞા આપી.

પ્રધાનને વિદાય કર્યા પછી શ્રીવીરવિજયચંદ્ર એકલો પોતાના મનમાં આ પ્રકારે વિચાર કરવા લાગ્યો. 'અહો ! આ વિશ્વવ્યવસ્થાપક સત્તાનું અદ્ભુત માહાત્મ્ય છે. જીવોથી ન સમજાય એવી તેની કલા છે, તેથી જ વ્યવસ્થાપકને પુરુષરૂપે માનનાર સર્વ તો તેને અકલકલાવાળો કહે છે, સ્ત્રીરૂપે માનનાર સર્વ તેને અકલકલાવાળી માને છે, અને તત્ત્વરૂપે માનનાર તેને અકલકલાવાળું માને છે. ક્ષણમાં અણધારી સ્થિતિમાં મૂકનાર હોવાથી તે વ્યવસ્થાપક આશ્ચર્યરૂપ છે. આ જગત્માં ઘણા તો તે સર્વસંભવના કારણને ઈશ્વર કે ઈશ્વરની ઇચ્છા માને છે. કોઈ તો આ પ્રપંચમાત્રમાં કારણરૂપે માયાને માને છે. કોઇ તો તેને પ્રકૃતિ કહે છે, કોઇ તો તેને સ્વભાવ કહે છે, અને કોઇ તો તેને કાલ કહે છે. કોઇ તો આ જગત્ની પ્રતીતિમાં બ્રહ્મને હેતુરૂપ

માને છે, અને કોઈ તો કર્મસત્તાથી પ્રવર્તતો આ અનાદિ પ્રવાહ છે એમ માને છે. આ પ્રકારે અનેક શબ્દથી ભિન્ન ભિન્ન રૂપે મતિમાનોના નિશ્ચય પ્રકટેલા ભાસે છે, પણ તેમાં જે સત્યત્વ છે તેને તો નિરાવરણ સત્તાબલને પ્રાપ્ત થયેલા તત્ત્વજ્ઞ મહાત્માઓ જ જાણે છે.

કોઈ તો માને છે કે આ જગત્ એકે કાલે પડતા વૃષ્ટિના અસંખ્ય બિંદુની પેઠે અથવા તો એકે કાલે અગ્નિ અને કાષ્ઠના સંયોગથી પ્રતીત થતા વિસ્ફુલિંગ (તનખા)ની પેઠે એકદમ પ્રતીતિમાં આવે છે. કોઈ તો માને છે કે આ જગત્ જેમ બીજમાંથી પ્રથમ અંકુર નિકળે છે, પછી પત્ર સ્ફુટ થાય છે, પછી તેમાંથી સ્કંધ બંધાય છે, પછી નાના શાખાઓ નિકળે છે, અને પછી અનેક પલ્લવો, પત્રો, પુષ્પો અને ફલો થાય છે તેમ ક્રમવડે પ્રકટે છે અને વિસ્તારને પામે છે. કોઇ તો આ જગત્માં પ્રતીત થતી વિવિધ પદાર્થની જાતિને તેના વિવિધ પ્રધાન તથા અવાંતર કારણોથી પ્રકટેલી માને છે, અને કોઇ તો તેને એક કારણથી વિસ્તરેલી માને છે. કોઈ તો આ જગત્માં પુનઃ પુનઃ જન્મમરણને પ્રાપ્ત થનાર જીવને વસ્તુરૂપ માને છે, અને કોઇ તો તેને અન્ય જન્મના કારણરૂપે નહિ રહેનાર આગંતુક સંયોગધર્મરૂપ માને છે. કોઇ તો આ શરીરોમાંથી મરણસમયે, વાસના તથા અનેક કર્મસંસ્કારસહિત કર્તૃત્વભોક્તૃત્વના અભિમાનવાળા સૂક્ષ્મ દેહસહિત જીવને અન્ય શરીરના ધારણઅર્થે બહાર નિકળતો માને છે, અને કોઇ તો તેને આ દેહના અર્થાત્ જીવના અંતસમયે તે જીવનરૂપ ધર્મને પોતાનાં કારણોમાં મળી જતો માને છે. વળી આ જગત્માં કોઇ તો આ મનુષ્યાદિ પ્રાણિઓનો પુનઃ પુનઃ મોક્ષ થતાપર્યંત પોતપોતાની જાતિમાં જ જન્મ થયા કરે છે એમ માને છે, અને કોઇ તો માને છે કે તે વિવિધ કર્મભોગનિમિત્તે ભિન્ન ભિન્ન જાતિનાં શરીરોને પણ જન્માંતરોમાં પામે છે. કોઇ તો મોક્ષને માનનારા છે, અને પુનઃ જન્માદિને ન માનનાર કોઈ તો મોક્ષનો પણ અભાવ માને છે. મોક્ષ માનનારાઓમાં પણ કોઈ તો કાલાંતરે પણ પુનરાવૃત્તિવાળો મોક્ષ માને છે, અને કોઇ તો મોક્ષનું સ્વરૂપ અનંત માને છે. આ આદિ અનેક પ્રકારના વિષયોમાં માનનાર મનુષ્યોના અનેક ભેદ છે. પરંતુ તે સર્વમાં જે સત્યત્વ છે તેને તો પરમતત્ત્વાનુભવ કરનાર સર્વવિદ્ મહાત્મા પુરુષો જ યથાવત્ જાણે છે.

આ સંસારમાં કાર્યરૂપ પ્રતીત થતા પદાર્થોપ્રતિ લક્ષ કરતાં એમ ભાસે છે કે કેટલાંક કાર્યો તો અદૃષ્ટસત્તાથી તેના વિલક્ષણ નિયમ-ક્રમપ્રમાણે પૂર્ણ રૂપમાં રચાઇને પછી પ્રતીતિમાં આવે છે, અને પ્ર-

તીતિમાં આવ્યા પછી પણ તે તે જ વિલક્ષણ નિયમક્રમપ્રમાણે વૃદ્ધિ-હાનિ કે વિનાશને પ્રાપ્ત થાય છે; અને કેટલાંક કાર્યો તો જીવને અ-ધીન વર્તતી દૃષ્ટ સત્તાથી જીવકૃત નિયમક્રમવડે પૂર્ણ રૂપમાં આવે છે, તથા તે દૃષ્ટસત્તાજનિત નિયમક્રમથી વૃદ્ધિ, હાનિ કે વિનાશને પ્રાપ્ત થાય છે. આપ્રમાણે હોવાથી આ અલ્પજ્ઞ જીવોના અપૂર્ણ અનુભવથી કરાતા નિશ્ચયવડે તે સર્વ પદાર્થોનાં સ્વરૂપનો તથા ઉત્પત્તિસ્થિતિલ-યાદિના નિયમક્રમનો નિઃસંદેહ નિશ્ચય થવો સંભવતો નથી. એ સં-બંધમાં નિર્વિવાદ નિશ્ચય તો માત્ર સર્વજ્ઞ ઈશ્વરસમ અતીતઅનાગ-તાદિ પદાર્થના યથાર્થ જ્ઞાનવાળા વસ્તુસાક્ષાત્કારવાન્ મહાત્મા પુરુષો જ કરી શકે છે. અને આ જીવોમાંના કોઈ જો તે નિશ્ચયને સુગ-મતાથી પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા હોય તો તેમને પણ તે મહાત્મા પુરુષના આશ્રય અને પ્રસાદથી જ પ્રાપ્ત થવાનો સંભવ છે. હશે, આ સંબંધમાં આ ક્ષણે મારે અધિક વિચાર કરવાનું કાંઈ સાક્ષાત્ પ્રયો-જન નથી. માત્ર એટલું જ સમજવાનું છે કે આ રાજ્યસત્તા અને આ પદાર્થો પ્રાપ્ત કરવાને મેં લેશમાત્ર પણ આ શરીર ધરીને ઉદ્યોગ કરયો નથી, તેમ છતાં એ મને પ્રાપ્ત થયાં છે માટે કોઈ અદૃષ્ટસત્તા અવશ્ય કાર્યપ્રપંચની વ્યવસ્થા યથાનિયમક્રમે કરનાર છે એમ ભાસે છે. અને જો તેમ છે તો આ વિશ્વમાં પ્રાપ્ત થનાર પ્રત્યેક પદાર્થમાટે તે સત્તામાં નિયમ અને ક્રમ હોવા ઘટે છે. જેથી તે નિયમક્રમને જાણી ઇચ્છાનુકૂલ પદાર્થો પ્રાપ્ત કરવાને જ્યાંસુધી અસમર્થ હોઇએ ત્યાંસુધી તે સત્તાના અનુગ્રહને અર્થે તેને પુનઃ પુનઃ પ્રેમપૂર્વક નમસ્કારપ્રયોગ અવશ્ય કરવા ઘટે છે.' આપ્રમાણે મનમાં વિચાર કરતો તે વીરવિજય એકદમ બોલી ઉઠે છે, 'હે ભગવન્! હે વિશ્વવ્યવસ્થાપક ઈશ! આ-પને મારા પુનઃ પુનઃ નમસ્કાર હોજો.' (વળી મનમાં કહે છે) 'ય-દ્યપિ આપના અને મારા સંબંધને હું પ્રત્યક્ષ જોતો નથી તોપણ હું આપના અદૃષ્ટતંત્રથી વ્યાપ્ત છું એમ મને સિદ્ધ ભાસે છે, અને આપને તો હું આપની સત્તાવશ તણાતો પ્રત્યક્ષ જ છું. માટે આપ સદા મને આપના મારાથી ન જાણી શકાતા એવા નિયમવડે આ દુસ્તર આશારૂપ પ્રવાહથી મુક્ત કરજો. મને મારી આશાનો પ્રવાહ અને આપનો નિયમક્રમ જેમ તાણી જાય છે તેમ હું તણાઉં છું. માટે હે સર્વાધિપતિ! આપ જ જ્યાં ત્યાં મારો આશ્રય હોજો. આ સ્થલથી મારે હવે ક્યાં જવું છે અને કેવે પ્રકારે મારી આશા પૂર્ણ કરવી છે એને હું જાણતો નથી. પણ આપ મારા પ્રેરક તે સર્વ જાણો છો તેથી હું સદા ચિંતામુક્ત છું. જગત્માં આ જીવોની દૃષ્ટિથી જે

ઇષ્ટ હોય છે તે પ્રસંગે આપને અધીન વર્તતા નિયમક્રમથી અનિષ્ટ હોય; અને જે આ જીવોની દૃષ્ટિથી અનિષ્ટ હોય, તે પ્રસંગે આપના ઐશ્વર્યપ્રભાવમાં ઇષ્ટ લેખવાતું હોય; તોપણ તે માયિક ભેદને ન જાણનાર આ અલ્પજ્ઞ જીવો યથાપ્રાપ્તથી સંતોષને પ્રાપ્ત રહેતા નથી, એ અમારો જીવદશાને પ્રાપ્ત થયેલા તથા રહેલાનો મોટો દોષ છે. એથી હું તો આશાવાન્ છતાં પણ આપને એ જ નિવેદન કરૂં છું કે હે કલ્યાણસ્વરૂપ! આપ સદા મારી આશાને ન જોતાં મારા કલ્યાણને જ જોજો. અને કદાચિત્ મારી આશાને જુઓ અને પૂર્ણ કરવાયોગ્ય ગણો તો જે આશા કલ્યાણની વિરોધી નહિ હોય તેને જ પૂર્ણ કરજો. આ સંસારમાં ઘણા જીવો તો ક્ષણિક સુખપ્રદ વિષયોની આશામાં બંધાયલા, જેમ કોઈ ભયંકર જઠરાગ્નિવાળો ખાય ને વળી ભૂખ્યો, ખાય ને વળી ભૂખ્યો, હોવાથી ક્ષણે ક્ષણે સંતાપવશ વર્તે છે તેમ ક્ષણે ક્ષણે આશાઓથી છૂટતાં અને બંધાતાં રહીને સુખદુઃખના અનુભવને કરતા સંતાપને વશ વર્તે છે. એવા પુનઃ પુનઃ આશાના અને સંતાપના ભોગરૂપ થઈ રહેનાર પશુની પંક્તિથી, હે પશુપતિ! મને સદા મુક્ત રાખજો.

આ જનસમુદાયમાં જોતાં સર્વને સ્પષ્ટ થાય એમ છે કે અદૃષ્ટ સત્તાથી કોઇ મનુષ્ય તો લક્ષાવધિ મનુષ્યમાં પૂજ્યપણું ભોગવે છે. અને કોઈ મનુષ્ય તો તે જ સત્તાબલથી લક્ષાવધિ મનુષ્યના તિરસ્કારને પ્રાપ્ત હોય છે. જેથી વિશ્વમાં જે જે હેતુઓવડે અદૃષ્ટ બલ અનુકૂલ હોવું સંભવતું હોય તે તે હેતુઓને મનુષ્યે સેવવા ઘટે છે, અને જે જે હેતુઓવડે સત્તાબલ પ્રતિકૂલ હોવું સંભવે છે તે તે હેતુઓને તો મનુષ્યોએ વર્જવા ઘટે છે. આમ છતાં પણ યોગ્યાયોગ્ય હેતુના તથા તેના સાધક હેતુના અજ્ઞાનવાળા આ જીવો પોતાના પ્રાપ્ત બલવડે તેને સાધવા અસમર્થ જ હોય છે માટે હે ઈશ! આપ જ સદા અનુકૂલ અદૃષ્ટસત્તાબલને યોગ્ય કરજો.'

આ પ્રકારના વિચારને કરતો વિશ્વપતિને પ્રાર્થે છે એટલામાં ઉત્તમોત્તમ પૌષ્ટિક તથા સ્વાદિષ્ટ પદાર્થોસહ ઉકાળેલા દુધને સેવક લાવ્યો અને તે ગ્રહણ કરવાની પ્રાર્થના કરીને સમીપ મૂક્યું. વીરવિજયે ઇચ્છાનુકૂલ ગ્રહણ કર્યું. પછી તૈયાર કરી રાખેલી ઉત્તમ સુકોમલ શય્યામાં જઇને શયન કર્યું. ચામરોના વ્યજનોવડે બીજા ઇંદ્રવત્ શોભતો તે, ક્ષણે મોહ અને ક્ષણે વિરાગને પોતાના અંતર્‌માં રાજ્ય કરતા અનુભવતો હતો.

અંતઃપુરમાં રહેલી રાજકન્યા પણ ક્ષણે આશાના અને ક્ષણે નિરાશાના પ્રવાહમાં પોતાને તણાતી અનુભવતી હતી.

રાજકન્યા પોતાના મનમાં વિચાર કરે છે કે આ સંસારમાં સ્ત્રીનો જન્મ કેટલાક પક્ષથી જોતાં સારો અને કેટલાક પક્ષથી નઠારો છે. મૂલ પુરુષોએ જ્યાં જ્યાં સ્ત્રિયોની આવશ્યકતા ગણી છે ત્યાં ત્યાં તો સ્ત્રિયોની પ્રશંસા કરી છે, અને જ્યાં જ્યાં સ્ત્રિયોની અપેક્ષા ગણી નથી ત્યાં ત્યાં તો સ્ત્રિયોની નિંદા કરી છે. આ તે મૂલ પુરુષોની કૃતિ દૂષિત ઠરવા યોગ્ય નથી; કારણ કે જગત્માંના પ્રત્યેક પદાર્થના સબંધમાં એવો જ નિયમ સર્વત્ર પ્રવર્તે છે. જ્યાં જ્યાં જે જે સમયે જે જે પદાર્થની અપેક્ષા ગણાય છે ત્યાં ત્યાં તે તે સમયે તે તે પદાર્થની સ્તુતિ, અને જ્યાં જ્યાં જે જે સમયે જેની જેની અપેક્ષા ન ગણાતી હોય ત્યાં ત્યાં તે તે સમયે તેની તેની નિંદા કરાય છે. આ નિયમથી જ કોઈ સ્થલે ધનની નિંદા, અને કોઇ સ્થલે ધનની સ્તુતિ, કોઇ સ્થલે ગૃહક્ષેત્રવસ્ત્રાલંકારાદિ પદાર્થોની સ્તુતિ અને કોઈ સ્થલે નિંદા, કોઇ સ્થલે પુરુષની વા સ્ત્રી આદિની સ્તુતિ અને કોઇ સ્થલે નિંદા પ્રતિપાદન કરાયલી હોય છે. આ ઉપરથી કોઇએ કોઈ વસ્તુને નિંદ્ય કે વંદ્ય ઠેરવવી હોય તો કઠિન પડે એમ છે. એ ગમે તેમ હોય, મારે આ સ્થલે કાંઈ પ્રાણિપદાર્થના નિંદ્યવંદ્યપણાસંબંધમાં જ માત્ર નિશ્ચય કરવાનો નથી, પણ મને આ વર્તમાન જન્મ જે પ્રાપ્ત છે તેમાં શું કર્તવ્ય છે અને તેમાં પણ માત્ર આ સમયે અર્થાત આ પ્રસંગે શું કર્તવ્ય છે એ વિચારી નક્કી કરવાનું છે. સ્ત્રીજાતિએ કોઈ પણ યોગ્ય પતિને પ્રાપ્ત થવું, તેને અધીન વર્તવું, તેના સુખે સુખ અને દુઃખે દુઃખ અનુભવવું, અને દેહાંતપર્યંત તે પતિપ્રતિ વિરોધબુદ્ધિનો અંતર્માં ઉદય ન થવા દેવો એ તો સિદ્ધ જ છે. હું પતિને પ્રાપ્ત કરી ચુકી છું તથા મનવડે આ મારા દેહને પતિને અર્પી ચુકી છું, એટલે એ સંબંધમાં પણ હવે મારે વિચાર કરવાનો નથી. એ પતિ પોતાની ઇચ્છા પૂર્ણ થયા વિના મને વિધિવડે વરવા ના કહે છે, તથાપિ વચન તથા મનવડે એ મને વરી ચુક્યા છે; એટલે એમના નિશ્ચયસંબંધમાં પણ હવે સંશય કરવાસરખું નથી. હવે તો માત્ર એ પતિની મનકામના ઈશ્વર પૂર્ણ કરે અને પુનઃ એમને મારા સમીપ સત્વર આણે એવી ઈશ્વરપ્રતિ પ્રાર્થના કરવી રહે છે. જેથી શુદ્ધ મનવડે ઈશ્વરની પ્રસન્નતા (પ્રસાદ કે અનુગ્રહ) પ્રાપ્ત થવાઅર્થે જ મારે સંતત ઉદ્યોગ કરવો એ જ મારૂં કર્તવ્ય છે. (મનને ધૈર્ય આપતાં કહે છે) હે મન ! આ જગત્માં આ શરીરસંબંધથી પ્રાપ્ત થએલા આ પતિનું તથા વિશ્વપિતારૂપ ઈશ્વરનું રાત્રિદિવસ સ્મરણ કર; એ જ તારા અર્થે સુખનો ઉપાયછે.

આ પ્રમાણે વિચાર કરતી, ક્ષણુમાં પતિસેવામાં અંતરાય પડવાના કારણુથી ખેદને અને પતિ પ્રાપ્ત થયા સંબંધથી ક્ષણુમાં આનંદને, અનુભવતી હતી.

આ રીતે રાજકુંવરે તથા રાજકન્યાએ અનેક પ્રકારના વિચારને વશ થતાં અંતમાં નિદ્રાવશ થઇને રાત્રિ ગાળી. સૂર્યોદય થતાપૂર્વે રાજકન્યા અને રાજકુમાર પોતપોતાના નિયમપ્રમાણે જાગ્રત્ થયાં, અને રાજરીતથી ઘટે એ પ્રકારે પોતાનાં સ્નાનાદિ નિત્યકર્મને કરી પરવારયાં. તે પછી રાજકન્યાએ રાજ્યના મુખ્ય ચિત્રકારને બોલાવીને શ્રીવીરવિજયચંદ્રનાં યથાવત્ બે ચિત્ર સત્વર તૈયાર કરવા આજ્ઞા આપી. તે આજ્ઞાને ચિત્રકારે જઇને શ્રીવીરવિજયને નિવેદન કરી, અને વીરવિજયની પ્રસન્નતા મેળવીને તેમને દિવ્ય આસને વિધિવત્ બેસાડીને તત્કાલ તે વીરવિજયની મૂર્તિને આલેખી લીધી; અને પછી રાજકન્યાની આજ્ઞા લેઈ તે ચિત્રકાર ગયો.

શ્રીવીરવિજય પ્રધાનની પ્રાર્થનાથી પાંચ રાત્રિ ત્યાં રહ્યો, તેમાં દિવસમાં એક વાર પટાંતરે રહીને રાજકન્યાસાથે વાર્તા કરતો, અને પ્રધાનસાથે રાજ્યવ્યવહારસંબંધી વિચારો કરતો, તથા દિવસના અંતસમયે નગરબહાર દેવાલયોમાં દેવદર્શનાર્થે તથા રમણીય સ્થલોમાં શોભા જોવાઅર્થે જતો. આનંદનો કાલ સત્વર વ્યતીત થતો પ્રતીત થાય છે, એ નિયમથી સહજમાં પંચરાત્રિ નિકળી ગઇ, અને શ્રીવીરવિજયને પ્રયાણુનો દિવસ આવ્યો. પતિનો પ્રયાણુનો સમય સમીપ આવતાં રાજકન્યાને જેમ વિષમ ભાસતું હતું તેમ શ્રીવીરવિજયને પણુ ભાસતું હતું, તોપણુ દૃઢ નિશ્ચયવાળાં તેઓ, પ્રયાણુના સમયને આવ્યો જાણીને અમંગલસૂચક અશ્રુપાતને કરતાં ન હતાં.

સર્વએ વાહનાદિસહિત પ્રયાણ કરવા વિનવ્યા છતાં શ્રીવીરવિજયે તો એકાકી પ્રયાણુનો જ નિશ્ચય કરચો. રાજકન્યાએ સૈનિકવાહનાદિસહિત અથવા એકાકી પણુ સાથે જવાનો પોતાનો આગ્રહ પતિને દર્શાવ્યો. પણુ તે સર્વને ઘટિત સમાધાન આપીને શ્રીવીરવિજયે પોતે જ માત્ર નિકળવાનો નિશ્ચય કરચો. રાજકન્યાને પોતાના હાથે ધરીને એક ખડ્ગ સેવવાને અંતઃપુરમાં મોકલ્યું. પછી ઉત્તમ સમયે પૂજ્ય પુરોહિતવડે કરાયલા આશીર્વાદપૂર્વક ચંદ્રકને ધારણ કરી સર્વસહ વિધિવડે નગરબહાર નિકળ્યા. સાથે નગરબહાર આવેલા પ્રધાનાદિ રાજસેવકોને તથા પ્રજાપ્રમુખ પુરુષોને પ્રિય વચનોવડે શાંત કરીને પાછા નગરમાં વિદાય કરચા, અને પોતે નગરબહાર દેવાલયમાં પ્રવેશ કરચો. ત્યાં વૃત્તિવડે સ્તુતિનમસ્કાર કરીને પછી માત્ર ખડ્ગ જ

છે જેના હાથમાં એવો તે **વીર**વિજય સર્વ રાજ્યવિભવને તૃણ-વત્ લેખવીને પ્રસન્ન ચિત્તથી ચાલતો થયો. ચાલતાં ચાલતાં અંતર્-માં આ પ્રકારના વિચાર કરવા લાગ્યો.

આ જગત્માં જે આશાના દાસ નથી, અને તેથી જે નિર્ભય છે તેને કંઈ પણ કરવું કઠિન નથી. જેની વૃત્તિ વિષયસુખમાં લુબ્ધ છે, જે તૃષ્ણાના પ્રવાહમાં અહોનિશ તણાય છે, અને જેણે અન્ય કાંઈ કર્તવ્યપ્રાપ્તવ્ય જાણ્યું નથી, એવાં મનુષ્યોને તો નિરંતર કૃતાર્થતા પ્રાપ્ત થવાપૂર્વે જ જ્યારે ત્યારે મૃત્યુ આવીને મળેછે. જે પુરુષ નિ-રંતર મરણને સમીપમાં જ ઉભેલું જાણે છે, તે પુરુષ નિર્ભયપણે કરવાયોગ્ય આવશ્યક કાર્યોને જ પ્રથમ કરતો રહેછે. એવો કોણ બુ-દ્ધિમાન્ પુરુષ આ જગત્માં હોય કે જે આ પ્રાણિઓનાં શરીરોને મરણરૂપ ધર્મવાળાં છે, એમ જાણતાં છતાં તે પોતાના શરીરને અ-જરામરત્વને પ્રાપ્ત માને, અને મુખ્ય કર્તવ્યમાં પ્રમાદને સેવે? આ સંસારી જીવોને સ્ત્રી, પુત્ર તથા ધનાદિ વિભવોનું પ્રાપ્ત થવું તથા જવું, જેના વડે હોય છે તે ધર્માધર્મરૂપ સુખદુઃખના કારણને ઓળ-ખીને, જેની ઇચ્છા છે એવા સુખના કારણરૂપ ધર્મને જ સેવવો ઘટે છે, અને જેની ઇચ્છા નથી એવા દુઃખને આણનાર અધર્મને જ ત્યજવો ઘટે છે. આ જીવો પદાર્થની પ્રાપ્તિના નિમિત્તને તથા ઇષ્ટા-નિષ્ટની પ્રતીતિના હેતુને ન જાણતા હોવાથી કોઈ તો અનિષ્ટની પ્રા-પ્તિ થવાના ભયમાં અને કોઈ તો ઇષ્ટની પ્રાપ્તિ થવાની આશામાં આયુષ્ને ગાળે છે; અને કોઈ તો એ ઉભયવડે કાલ ગાળે છે. અને કોઈ મહાત્મા તો એ ઉભયરહિતપણે આયુષ્ ખપાવે છે.

ઘણા સ્વધર્મજ્ઞાનરહિત પુરુષો પોતાના પ્રાપ્ત સ્ત્રિયાદિ વિષયોમાં જ આસક્ત રહીને તેમના પ્રતિ દૃષ્ટિ નાંખતાં દિવસ નિર્ગમે છે, અને સ્વધર્મપાલનાર્થે સ્વલ્પ કાલ પણ દેહાદિનો ઉપયોગ કરતા નથી. એ-વા વિષયમગ્ન પ્રાણિઓ, નથી તો આ સંસારમાં ઉજ્જવલ કીર્તિ મૂકી જતા, અને નથી તો જન્મમરણદુઃખથી રહિતપણે નિરતિશય આનંદના ભોક્તા થતા.

બુદ્ધિમંત પુરુષોએ તો નિરંતર એ જ વિચાર કરવો ઘટે છે કે આ ઉત્તમ મનુષ્યના શરીરનું જન્મવું શાવડે સાર્થક થયું ગણાય. વિવિધ સામર્થ્યયુક્ત મનુષ્યશરીરને પ્રાપ્ત થયા છતાં પણ આપણે અન્ય પ્રાણિઓસમાન જ વા તેથી પણ ન્યૂનતાવાળી ક્રિયાઓને કરીને એ શરીરનો અંત આણીએ તો એથી અન્ય અઘ-ટિત શું? (આ પ્રમાણે વિચાર કરતાં વિલક્ષણ સંસ્કારવેગથી અન્ય

પ્રકારે મતિ પ્રેરાતાં વિચાર કરે છે કે) અરે ! આ મનુષ્યો પણ શું કરી શકે? જીવમાત્ર પરતંત્ર છે, અલ્પજ્ઞ છે. પોતાના સામર્થ્યને ન જાણનારા, પોતાની સ્થિતિ, પ્રવૃત્તિ અને નિવૃત્તિના હેતુ તથા કાલને ન જાણનારા, તથા વિશ્વમાં મનાતાં ઉત્કૃષ્ટનિકૃષ્ટ ફલોને, તેનાં કારણને તથા તેને નિર્વિઘ્ન સંપાદન કરવાના ઉપાયરૂપ માર્ગોને ન જાણનારા તે દીન જનો શું કરે? ધર્મ શું અને શાવડે સધાય, અધર્મ શું અને શાવડે ત્યજાય, ખરું સુખ શું છે, શેમાં છે અને શાથી પ્રાપ્ત કરાય, ખરું દુ:ખ શું છે, શેમાં છે અને શાથી આવી મળે છે, તથા શી રીતે તેનાથી ઉગરાય, આ પણ આ જીવો જાણતા નથી. ક્યાં સુધી જીવવું છે, જીવતાપર્યંતમાં શું શું ક્યારે ક્યારે શા શા નિમિત્તથી થનાર છે તેમ જ ક્યારે ક્યાં અને શા નિમિત્તથી મરવું છે એ પણ આ જીવો જાણતા નથી. કેવાં કેવાં શુભાશુભ કર્મો ક્યાં ક્યાં કારણોથી જીવવડે કરાય છે તેને, તથા તે તે કર્મોમાં ક્યારે કેવા પ્રકારનાં વિઘ્નો આવનાર છે, અને તે આવનાર અનેક વિઘ્નોમાંના પ્રત્યેકની નિવૃત્તિ કયા કયા ચોક્કસ ઉપાયોથી થાય એમ છે એ પણ આ જીવો જાણતા નથી. જ્યારે આ સંબંધમાં જ જીવો જાણતા નથી તો આ જીવોની આ પરતંત્રતાઆદિવાળી ક્લિષ્ટ સ્થિતિ ક્યાંથી શા નિમિત્તવડે ઉપજી છે, એ જીવોવડે કરાતી શુભાશુભ ક્રિયાઓનાં કરાવનાર કારણો કોણ છે અને ક્યાં રહે છે અને તેમનો તથા જીવનો સંબંધ ક્યાં, ક્યારે અને કયા નિમિત્તથી થયો છે એને તો આ જીવો કેમ જ જાણી શકે? આ આદિ વિચાર કરતાં કેવલ પરાધીનસરખો જીવ જગત્‌માં કેવલ પોતાના જ પ્રાપ્ત બલવડે અથવા આ પોતાના સરખા અલ્પજ્ઞ અલ્પશક્તિવાળા જીવોની સહાયતાવડે કંઈ પણ ધાર્યું કરી શકે નહિ એ તો સ્પષ્ટ જ છે. આમ છતાં પણ આ જીવો પોતાના પ્રાપ્ત અજ્ઞાનથી આ કાર્ય મારા દ્વારા થશે નહિ, અથવા અમુક ફલ મેળવવાને હું કેવલ અસમર્થ છું ઇત્યાદિ ભાવિને પણ જાણતા નથી, તેથી સ્વભાવથી અથવા સંસ્કારથી પ્રાપ્ત થતી પ્રવૃત્તિને ત્યજવી એ પણ કંઈ જીવનું કર્તવ્ય સિદ્ધ થતું નથી. માટે જીવોએ આ જગત્‌માં પ્રાપ્ત થતા મતિમંત મહાત્માઓની સંમતિથી, પોતાના અંતર્‌માંથી પ્રાપ્ત થતા અનુકૂલવેગથી અને સર્વજ્ઞ સર્વશક્તિમાન્ ઈશ્વરના સાહાય્યથી પ્રધાન પ્રધાન કરવાયોગ્ય તથા થવાયોગ્ય ઠરેલાં કાર્યોને કરવાને અવશ્ય ઉદ્યોગ ધરવો જોઇએ.

આ વિશ્વમાં વિશ્વવ્યવસ્થાપક સર્વજ્ઞ સર્વશક્તિમાન્ ઈશ્વરના

તથા ઈશ્વરના અનુગ્રહથી ઈશ્વરસમાન થયલા મહાત્મા પુરુષના શરણ વિના કોઇ પણ જીવ કૃતકૃત્ય થાય એ તો અસંભવિત જ છે; જેથી મારે યદ્યપિ હું તેમને શરણ છું તથાપિ તેમના અનુગ્રહને પ્રાપ્ત કરવાને અધિક પ્રયત્ન કરવો ઉચિત છે. (વિચાર કરતાં સ્તુતિ કરતો ચાલેછે).

હે જગદાધાર ! આપ જ અમે અનાથસરખા પ્રતીત થતા અલ્પજ્ઞત્વાદિ ધર્મોવાળા મનાતા જીવોના પરમ આધારરૂપ છો. આપના અનુગ્રહને પ્રાપ્ત કરવાથી જ અમે આ જગતમાં ધાર્યું કરવાને સમર્થ થઇએ છીએ. આપના પ્રસાદને પામ્યા વિના કોઈ પણ જીવ આ જગત્‌માં મહત્ કાર્યને કરવા સમર્થ થયો નથી, થતો નથી, અને થશે નહિ જ, એ મારો નિશ્ચય છે. હે વિશ્વંભર ! આપ જ આ જીવોની સર્વ આશા પૂર્ણ કરીને વા તેમને સર્વઆશાથી મુક્ત કરીને સુખસ્વરૂપ કરી રાખો છો. હે અભયદાતા ! આ ભયદ સંસારમાં જીવોને આપનું શરણ જ સર્વ પ્રકારના ભયથી રહિત કરનાર છે. આપ સર્વના આધારરૂપ પરમેશ્વરને શરણ ન થઇને જે જીવો આપની અવજ્ઞા કરેછે તે અધમ જીવોને અન્ય કોણ શરણ રાખી સુખસ્વરૂપ કરે એમ છે? કોઈ જ નહિ. હે સર્વાત્મન્ ! આ જીવો આ ભવસાગરમાં ભ્રમણ કરતાં જ્યારે જ્યારે જન્મમરણરૂપ દ્વીપને પામવાના સંધિમાં હોય છે ત્યારે ત્યારે તેમને શુભાશુભગતિને તથા શુભાશુભ ફલને આપનાર આપ વિના અન્ય કોણ છે? કોઈ જ નહિ. હે વિશ્વાત્મન્ ! આ જીવો જ્યારે જ્યારે પ્રયત્નમાં નિષ્ફલ થાય છે ત્યારે ત્યારે તથા સર્વ વ્યવહારનો અંત જેના અંતથી આવે છે એવા આયુષ્યના અવધિએ આવતા શરીરના અંતથી વિકલ થતા તેઓ અન્ય અનેક યત્નો કર્યા છતાં નિષ્ફલ થાય છે અને અવશ્ય મરણને જાણે છે ત્યારે તે જીવોને અભયાર્થે આશ્રય લેવાયોગ્ય માત્ર આપ જ છો. આમ છતાં જે જીવો ઉન્મત્ત અવસ્થાના તથા વિદ્યાદિ મદના વશવર્તીપણાવડે આપ અંતરાત્માથી વિમુખ રહે છે તે જીવોને અકલ્યાણ વિના અન્ય કાંઈ મળવાયોગ્ય નથી એ સ્પષ્ટ જ છે. હે સર્વની ગતિઆગતિના આધાર પરમાત્મન્ ! આપને પુનઃ પુનઃ પ્રણામ કરતાં એ જ નિવેદન કરૂં છું કે આ મતિને સદા આપના સ્વરૂપપ્રતિ ગતિ મળે એવો આપ અનુગ્રહ કરજો, અને મારી વ્યવહારમાં થતી સર્વ પ્રકારની પ્રવૃત્તિને આપ વિશ્વપ્રવર્તકના સ્થાપિત નિયમાનુસાર થવા દેજો.

આ આદિ વચનોવડે સ્તુતિ કરતો શ્રીવીરવિજય માર્ગ કાપતો

ચાલ્યો. રાત્રિ પડે ત્યાં અનુકૂલતાપ્રમાણે વાસ કરે. ફલાદિવડે વા સમયે આવી પ્રાપ્ત થતાં સાધનોવડે દેહને નિભાવતો ક્રમે કરીને માર્ગને તથા કાલને અતિક્રમણ કરતો રહ્યો. કેટલાએક દિવસ જતાં એક દિવસ સૂર્યના અસ્તનો સમય આવ્યા છતાં વસતિવાળું ગ્રામ કે નગર સમીપ આવ્યું જણાયું નહિ. મનુષ્યની આવજાવ વિનાનો માર્ગ પોતે ચાલે છે એવું ભાસવા લાગ્યું. પ્રસંગે જંગલી પશુપક્ષિના શબ્દ વિના અન્ય કાંઇ સાંભળવામાં આવતું ન હતું. જેમ જેમ તેણે આગળ માર્ગ કાપવા માંડયો તેમ તેમ તેને પ્રકાશને દાબતો અંધકાર આવે છે એવું ભાસ્યું. દૃષ્ટિમર્યાદાથી નીચે શ્રીસૂર્યભગવાન્ ઉતરી ગયા, અને સર્વ પ્રકારના ભયને પ્રસવનારી રાત્રિનું આગમન થતું જણાયું. પક્ષિયોના પોતપોતાનાં સ્થલે બેશી જવાના સમયે થતા કોલાહલનો અંત આવ્યો અને દિશાઓ શાંત તથા કંઇક ભયંકર રૂપને ધારણ કરતી દેખાઈ. વૃક્ષોએ પણ પોતાનાં પત્રરૂપ નેત્રોને બીડવા માંડ્યાં. સૂર્યનાં કિરણોથી તપેલી ભૂમિ શીતલ સ્પર્શવાળી થવા લાગી. અભ્રમાં ચિત્રવિચિત્ર પ્રતીત થતા રંગો થઇ થઇને એકાકારપરિણામને પામતા પ્રતીત થવા લાગ્યા. ક્રમે કરીને જેમ મોટા પુરુષના અભાવવાળા સભામંડપમાં સામાન્ય જનો શોભે તેમ તારાઓ પોતાના પ્રકાશથી આકાશમાં શોભવા લાગ્યા. શ્રીવીરવિજય પણ ચાલ્યાના શ્રમથી તથા સમષ્ટિમાં થતી વિલક્ષણતાથી વ્યષ્ટિમાં થતી વિલક્ષણતાના યોગે પોતાની ગતિને તથા ચાલવાના ઉત્સાહને મંદ પડતો અનુભવવા લાગ્યો. આસપાસ વિશ્રામસ્થલ પ્રાપ્ત કરવાને દૃષ્ટિ નાંખે છે, પણ અનુકૂલ સ્થલના અભાવે આગળ પગલાં ભરતો જાય છે. તૃષા લાગવાથી કંઠ શોષાય છે જેનો એવો તે વીરવિજય સ્થલજલની શોધ કરતો જેમ પાછળ આવતા ભયના અનુમાનથી મનુષ્ય શકિતઉપરાંત પણ ગતિ કરી ચાલે છે તેમ અધિક અંધકારના ભયથી ઉતાવળી ચાલથી ચાલવા લાગ્યો. અંતરમાં ઈશ્વરનું સ્મરણ કરતો, મનને નિર્ભયતામાં સ્થાપતો, મદગલિત હસ્તિની પેઠે આગળ ધસતો ચાલ્યો. ઘણું ચાલતાં પણ એને આગળ જલ કે સ્થલ પ્રાપ્ત થવાનું અનુમાન જણાયું નહિ. આશાભંગના અનુમાનથી શરીર શિથિલ થવા લાગ્યું; અને હવે આગળ નહિ ચલાય તો, તથા કોઈ વિશ્રામસ્થલ નહિ મળે તો કોઇ વૃક્ષ ઉપર વાસ કરવાનો નિશ્ચય કરયો, અને આગળ ચાલવા લાગ્યો. એટલામાં થોડે અંતરે ઠેકડા મારતી ચાલે ચાલતાં તથા કૂદતાં મૃગને ઘંટાના સરખો નાદ કરતાં જતાં જોયાં. એથી અનુમાન બાંધ્યું કે આ સ્થલથી સમીપમાં કોઇ ઋષિતપસ્વી મહાત્માનો આશ્રમ હશે; કારણ કે

મારા સમીપ થઇને ગયેલાં આ મૃગ મનુષ્યના સંસર્ગવાળાં હોય એમ ભાસે છે. આ અનુમાનથી તે મૃગની પાછળ પોતાના ક્ષાત્ર સ્વભાવનું સ્મરણ કરીને નિર્ગતસરખો થયો હતો તો પણ વેગ કરીને ચાલવા તથા દોડવા લાગ્યો. કેટલેક અંતરે જતાં તેને ઘણા વિદ્યાર્થીઓના સંચારવાળો ઋષિનો આશ્રમ સમીપમાં હોય એવું ભાન થયું. વિદ્યાર્થીઓવડે કરાતા વેદના પાઠનો ધ્વનિ સંભળાવા લાગ્યો. પછી તો પ્રસન્નતાથી તે ધ્વનિપ્રતિ દિશા સાધીને ચાલવા લાગ્યો, અને થોડી જ વારમાં આશ્રમના સમીપ આવી પહોંચ્યો.

રાત્રના આરંભસમયે સમીપ આવતા મનુષ્યને જાણીને વિદ્યાર્થીઓ સાવધાન થઇને ઉઠીને તેના સંમુખ ચાલીને પૂછવા લાગ્યા, તમે કોણ છો ? તે સાંભળી વીરવિજયે ઉત્તર આપ્યું કે હું ક્ષત્રિય છું, પ્રવાસી છું, અને આજ રાત્રિ તમારા આશ્રમમાં અતિથિરૂપે આવ્યો છું. આ સાંભળીને વિદ્યાર્થીઓએ પાછા વિનયથી જઇને શ્રીગુરુને નિવેદન કર્યું કે કોઈ પ્રવાસી ક્ષત્રિય અતિથિ છે. શ્રીગુરુએ પ્રસન્ન થઈ ઉત્તર આપ્યું કે અતિથિરૂપે તેનુ સંમાન કરો, અને પછી મારા સમીપ લાવો. વિદ્યાર્થીઓએ આસનઆપી પ્રીતિવડે ફૂલજલ લાવીને મૂકયાં. ક્ષુધાતૃષાએ પીડિત તે વીરવિજયે ઇષ્ટસ્મરણ કરીને પ્રીતિથી તે ગ્રહણ કર્યાં, અને સ્વસ્થ થયો. સ્વચ્છ શીતલ વાયુ મંદમંદ વહેતો હતો તેના સ્પર્શથી તથા ક્ષુધાતૃષાની નિવૃત્તિથી શરીરની ગ્લાનિ મટી ગઈ, અને સાત્ત્વિક સ્થાનના પ્રભાવથી ક્રમે કરીને ચિત્તમાં શાંતિ પ્રસરવા લાગી. તારાઓના પ્રકાશથી રાત્રિ સામાન્ય રીતે પ્રકાશવા લાગી. આસપાસ તમરાં આદિના શબ્દથી વન ગાજતું ભાસ્યું. પછી વિદ્યાર્થીઓએ ગુરુની ઇચ્છાપ્રમાણે વીરવિજયને શ્રીગુરુસમીપ જવાને જણાવ્યું, તે સ્વીકારીને વીરવિજય તે મહર્ષિસમીપ ગયો, અને પ્રેમ તથા વિનયવડે શ્રીગુરુને નમ્યો. ગુરુની આજ્ઞાથી વિદ્યાર્થીએ દેખાડેલા આસનઉપર બેઠો. શ્રીગુરુએ તેનું નામ, કુલ, પ્રવાસનું કારણ, અને તાત્કાલિક સુખરૂપતા આદિ પૂછ્યું. વીરવિજયે ક્રમે કરીને પોતાનો એ ક્ષણપર્યંતનો વ્યતીત વૃત્તાન્ત કહી સંભળાવ્યો, અને પોતાના નિશ્ચયને યથાવત્ પ્રકટ કર્યો. શ્રીગુરુએ વીરવિજયનો વૃત્તાન્ત તથા નિશ્ચય શ્રવણ કરીને પ્રસન્નતા દેખાડી, અને પછી આ પ્રકારનાં પ્રિય તથા હિતકરવચનો કહેવા લાગ્યા.

હે સ્વધર્મપરાયણ રાજન્ ! હું તમારાં વચનો સાંભળીને પ્રસન્ન થયો છું. આ જગત્માં ક્ષત્રિય વીરપુરુષે જે કરવું ઉચિત છે તે જ તમે કર્તવ્યરૂપે સ્વીકાર્યું છે, એ આનંદજનક છે. આ સંસારમાં

પ્રથમ તો ઉત્તમ મનુષ્યશરીર પ્રાપ્ત થવું દુર્લભ છે. તેમાં પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વર્ણમાં પ્રકટવું એ ઉગ્ર પુણ્યનું ફલ છે. તેમાં વળી સ્વવર્ણાશ્રમધર્મના પાલનમાં અભિરુચિ થવી તથા તે પ્રમાણે વર્તવું ઘણું કઠિન છે, અને સદ્ધર્મપરાયણ મતિ થવી તથા દૃઢનિશ્ચયથી ધર્મનું પાલન કરતાં મતિને પરમાત્મતત્ત્વથી અભેદ કરવી એ તેથી પણ અત્યંત કઠિન કામ છે. તમે પ્રથમ તમારા વર્ણધર્મને સ્વીકારી તેની સિદ્ધિ કરવા યત્ન આરંભ્યો છે, જેથી તમે ઉગ્ર પુણ્યવાન્ છો, એમાં સંદેહ નથી. તમારો આવો દૃઢ નિશ્ચય છે તો ઈશ્વર તમને સહાય થશે એમાં શું આશ્ચર્ય છે? આ સંસારસુખદુઃખરૂપ મન્દ્રય છે. તેમાં આ સંસારનું જે પ્રત્યક્ષ સ્વરૂપ છે તે તો દુઃખરૂપ છે; અને આ સંસારનું જે અપ્રત્યક્ષ સ્વરૂપ છે તે સુખસ્વરૂપ છે. આ પ્રમાણે હોવા છતાં જ્યાંસુધી આ જીવોને આ સંસારના પ્રત્યક્ષ સ્વરૂપથી એ સંસારની દુઃખરૂપતાનો અનુભવ થતો નથી ત્યાંસુધી આ જીવો એનાથી ઉપરામ થતા નથી, તેમ જ સુખરૂપતાનો અનુભવ થયા વિના સ્થિરતાને કે શાંતિને પામતા નથી. જેથી પ્રથમ સર્વ પુરુષોએ આ સંસારના પ્રત્યક્ષ દુઃખસ્વરૂપનો અનુભવ કરવો ઉચિત છે; અને પછી અપ્રત્યક્ષ એવા સંસારના સ્વરૂપનો નિશ્ચય કરીને તે સુખસ્વરૂપનો અનુભવ કરવો છે, જે વડે સદાકાલમાટે આ દુઃખતાપની નિવૃત્તિ થાય છે. આ પ્રમાણે હોવાથી, હે વીરવિજય મહારાજ! તમે જે માર્ગ ધરચો છે તે સાચો અને યોગ્ય છે.

મેં મારા ભોગવેલા આયુષ્યમાં જે જે જોયું છે, જાણ્યું છે અને વિચાર્યું છે તે ઉપરથી હું કહુંછું કે તમારા જેવા પુરુષો આ જગત્માં થોડા પ્રકટે છે. આ જગત્માં વિશેષે કરીને સ્વાર્થ, કામ, ક્રોધ, લોભ, અને એ આદિ અનેક નિમિત્તોથી થતા પાપીપુરુષો આ કાલે ઘણા પ્રકટે છે. તેઓ પોતાના કે અન્યના ધર્મને જાણતા નથી, તત્સંબંધી ઘટિત વિચારને કરતા નથી, અને શુદ્ધ વર્તનને જાણી સેવવા આતુર હોતા નથી. કેવલ મિથ્યાસુખની આશામાં બંધાયલા તેઓ પોતાના સુખની અભિલાષાથી પ્રતિકૂલ આચરણોવડે પોતાના તથા પરના સુખનો લોપ કરેછે. બીજાનાં સુખને દેખીને ન સહન કરનારા ક્ષુદ્ર હૃદયબલવાળા તે મનુષ્યો પોતે સુખથી ભ્રષ્ટ છતાં પોતાના સુખનો ઉદ્યોગ ન કરતાં અન્યના સુખનો લય કરવાના ઉદ્યોગને સેવે છે; જેથી તેમની સર્વ ક્રિયાઓ તેમના અનર્થના કારણરૂપે જ થઈ રહેછે. આથી બુદ્ધિમંત પુરુષોએ સદા પોતાના તથા બીજાના સુખને પ્રકટ કરવાના તથા પ્રકટ થયલા સુખનું સંરક્ષણ કરવાના ઉપાયોને

જ સેવતા રહેવું જોઇએ. મનુષ્યસરખાં દેખાતાં સર્વ પ્રાણિઓ તે પ્રમાણે કરી શકતાં નથી, કારણ કે એવી શુદ્ધ પ્રવૃત્તિ કરાવનાર શુદ્ધ-સત્ત્વબલ સર્વમાં હોતું નથી. આ જગત્માં મનુષ્યસમાન શરીર જેને પ્રાપ્ત હોય તેને જ મનુષ્ય કહેવું એવો કંઈ બુદ્ધિમન્તોનો નિશ્ચય નથી. પણ માત્ર જેમનામાં મનુષ્યતા હોય તેમને જ મનુષ્ય ગણવાં એવો નિશ્ચય છે. મનુષ્યના સમાન આકારવાળાં અને પશુત્વવાળાં પ્રાણિઓને મનુષ્યપશુ જ માન્યાં છે. જેથી જે જે પ્રાણિને મનુષ્યાકાર શરીર પ્રાપ્ત હોય તેમણે પોતાનામાં મનુષ્યત્વ છે કે નહિ, અર્થાત્ મનુષ્યને માટે નિશ્ચય કરાયલાં ગુણલક્ષણ છે કે નહિ તેનો શોધ કરવો. જો તે પોતાનામાં ન હોય તો તે પ્રથમ મેળવવાનો ઉદ્યોગ કરવો અને મનુષ્યત્વ પ્રાપ્ત કરવું. તે પ્રાપ્ત થયા પછી કૃતકૃત્ય થવાનિમિત્ત ઉદ્યોગ કરવો. મેં અનુભવથી તથા વિચારબલથી નિશ્ચય કર્યો છે કે મનુષ્યત્વ આવ્યા વિના દેવત્વ, ઈશત્વ કે પરમાત્મત્વ પ્રાપ્ત હોતું નથી.

આ સંસારમાં વિશેષે કરીને સર્વ જીવો ક્રિયાયુક્ત હોય છે, અને તે સર્વ ક્રિયા સુખને ઉદ્દેશીને જ કરવામાં આવે છે, છતાં તેમને તે તે ક્રિયાના અવધિરૂપ સુખ પ્રાપ્ત હોતું નથી, તેમાં તેમનો નિકૃષ્ટ અધિકાર જ કારણરૂપ છે.

આ જગત્માં ઘણાં મનુષ્યો મનુષ્યના ઐશ્વર્યને ન પ્રાપ્ત કરીને દેવના તથા ઈશના ઐશ્વર્યને પ્રાપ્ત કરવા મથે છે. પણ તેમને અધિકારના અભાવથી તે તે ઐશ્વર્ય પ્રાપ્ત થતું નથી. સુખની અભિલાષાથી સુખના હેતુરૂપ નિશ્ચય કરીને અનેક સાહિત્યને મનુષ્યો સંપાદન કરેછે, પણ અધિકારના અભાવે તે સર્વ સાધનો દુ:ખનાં ઉત્પાદક થઈ રહે છે.

અનુકૂલ ફલની આશાથી અને પ્રતિકૂલ ફલોની અનાયાસ થતી પ્રાપ્તિથી આ મનુષ્યોનાં હૃદયો સદા તૃપ્ત રહે છે; અને તેથી તે માનસ અગ્નિવડે તેમનું પ્રાપ્ત તથા પ્રાપ્ત થતું બલ ક્ષયને પામતું રહે છે. આ વાર્તાને ન જાણનાર આ મનુષ્યો ઘણા કાલસુધી કરાતાં ઘણાં કર્મોવડે પણ અનુકૂલ ફલને અનુભવતાં નથી, અને માત્ર અસંતોષને અનુભવે છે, અને એમ થવાથી સત્કર્મમાં અશ્રદ્ધાવાળાં થઈને તે તે કર્તવ્યકર્મથી રહિત થઈરહે છે.

હે સત્ત્વબલવાળા નરેશ ! મેં એવાં ઘણાં મનુષ્યોને જોયાં છે કે જેમણે પોતાના અલ્પ દોષને ન નિવારણ કરવાથી મહાન્ ફલોને ખોયાં છે. ઘણા રાજાઓ રાજ્યભ્રષ્ટ થયા છે, ઘણા તપસ્વીઓ તપથી ભ્રષ્ટ થયા છે, ઘણા ગૃહીઓ આશ્રમભ્રષ્ટ થયા છે, તે સર્વ પોતાના દોષોને

ટાળવામાં પોતાના પ્રમાદથી જ થયા છે. સાવધાનતાવડે જોવાથી સર્વને પોતપોતાના દોષો સ્પષ્ટ થાય છે, પણ અસાવધાનતાથી અજ્ઞાનવત્ રહીને જ સર્વ સુખથી ભ્રષ્ટ રહે છે.

સઉથી પ્રથમ કુશલ મનુષ્યોએ પોતાની મતિથી, શ્રેષ્ઠપુરુષોનાં જોવામાં આવતાં વર્તનોથી, અને પૂર્વપુરુષોના સ્થાપેલા નિશ્ચયોથી ગુણદોષનાં સ્વરૂપનો નિશ્ચય કરવો જોઇએ, અને પશ્ચાત્ તે દોષોથી મુક્ત થવાને તથા ગુણોને ધારણ કરવાને ઉદ્યોગ કરવો જોઇએ. આ ગુણદોષનો વિચાર કર્યા પછી અધિકારનો વિચાર કરવો જોઇએ. ત્યાં કયા કયા ગુણોવડે કયો અધિકાર પ્રાપ્ત થાય છે અને કયા કયા દોષોવડે કયો અનધિકાર પ્રાપ્ત થાય છે, તેમ જ આ પ્રકારના ગુણોના આવિર્ભાવથી આ અધિકાર થાય છે અને એ અધિકારવાળાને અમુક પ્રકારની ક્રિયાથી અમુક ફલ પ્રાપ્ત થાય છે, એ આદિ વિચાર કરવા તે અધિકારના સંબંધમાં વિચાર ગણાય છે. આ પ્રકારે અધિકારના સંબંધમાં વિચાર કર્યા પછી પોતાના અધિકારનો નિશ્ચય કરીને ક્રિયાના સંબંધમાં વિચાર કરવો જોઇએ. ત્યાં અમુક ક્રિયાનો અમુક પરિણામ છે, અમુક પ્રકારનો તે ક્રિયામાં વિધિ છે, અમુક તે ક્રિયાની કાલમર્યાદા છે એ આદિનો વિચાર તે ક્રિયાસંબંધી વિચાર ગણાય છે. એ ક્રિયાસંબંધી વિચાર કરીને ક્રિયાને અધિકારપરત્વ આરંભનાર પુરુષ યોગ્ય ફલ મેળવે છે. તો પણ ક્રિયામાત્રમાં વિઘ્નના સંભવ હોય છે, તેથી વિઘ્નના સંબંધમાં પણ પ્રથમથી વિચાર તથા નિશ્ચય કરવો જોઇએ. ત્યાં આ પ્રકારનાં વિઘ્નો આવવાનો સંભવ છે, અને અમુક પ્રકારે તે આવી પ્રાપ્ત થનાર વિઘ્નોની નિવૃત્તિ કરાય છે, એ આદિ વિચાર તે વિઘ્નસંબંધી વિચાર છે. વિઘ્નાદિ નિમિત્તથી નિષ્ફલતાનો સંભવ હોય છે, તેથી ક્રિયાના આરંભ કે નિષ્ફલતાના સંભવે અસંતોષ કે આશાભંગાદિ ફલોને પ્રાપ્ત રહી અનર્થને ન પ્રાપ્ત રહેવાને પ્રથમથી જ સાવધાનતા રાખવી ઘટે છે. જેથી તે સંબંધમાં પણ પ્રથમથી જ યોગ્ય વિચારો કર્તવ્ય છે.

હે સાવધાન પુરુષ! આ જગત્માં સર્વને મેળવવાયોગ્ય મુખ્ય ફલ તો એક જ છે પણ અવાંતર (અમુખ્ય) ફલો અનેક છે, તેમ જ મુખ્ય ફલનું મુખ્ય સાધન પણ એક જ છે; પરંતુ અનેક અવાંતર ફલોનાં અવાંતર સાધનો અનેક છે. ઘણાં મનુષ્યો તો અનેક અવાંતર ફલોમાંના કોઈ કોઇની આશા બાંધીને તેને પ્રાપ્ત કરવાના માર્ગમાં ગતિ કરવા ક્રિયાઓને આરંભે છે અને તેમાં પણ તેઓમાંના કોઇક જ તે ધારેલા અવાંતર ફલને મેળવવાપર્યંત સીધે માર્ગે જાય છે. બાકીના ઘણા

તો ક્રિયા કરતાં કરતાં પોતાના દોષોથી એટલા આડા ઉતરી જાય છે કે તે અવાંતર ફલને પણ દૂર દૂર કરતા જાય છે, અને પ્રસંગે તે અનુકૂલ અવાંતર ફલને પ્રાપ્ત કરવા જતાં તેને ન પ્રાપ્ત કરીને કોઈ વિલક્ષણ પ્રતિકૂલ ફલને જ પ્રાપ્ત કરી લે છે.

હે વીરવિજય ! આ મનુષ્યોમાંના કોઈ કોઇ બુદ્ધિમંત પુરુષો તો મનુષ્યત્વને પ્રાપ્ત હોઇને કેવલ મુખ્ય ફલને જ પ્રાપ્ત કરવાનો નિશ્ચય કરીને તે મુખ્ય ફલ પ્રાપ્ત કરવાના માર્ગને જ ગ્રહણ કરીને ક્રિયા કરતા ગતિ કરે છે. તે મુખ્ય ફલને ધારીને મુખ્ય સાધનોને સેવનારમાંના પણ કોઈ કોઇ તો સર્વોત્તમ પ્રવર્તક પુરુષના અભાવે પોતાની અસાવધાનતાથી પ્રસંગે તે માર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે; અને કોઈ કોઈ તો આગળ દેવત્વની પ્રાપ્તિપર્યંત વધીને ત્યાં જ અટકી જાયછે. કોઈ કોઇ તો આગળ વધીને ઈશિત્વની પ્રાપ્તિ થયે અટકી જાય છે; અને કોઈ કોઇ વીરપુરુષ તો દ્રષ્ટૃત્વના અનુભવપૂર્વક સ્વરૂપાવસ્થાનને પ્રાપ્ત થાય છે.

આ માયાપ્રવાહ દુસ્તર છે એમ પૂર્વ પૂર્વ મહાપુરુષોથી મનાતું આવ્યું છે તે વાર્તા સાચી છે, એ વિવેકાનુભવદૃષ્ટિથી જોનાર સર્વ પ્રાપ્તવિવેક પુરુષોને સ્પષ્ટ ભાસે છે. જેમ નિરાધાર અને ઊંચા જીર્ણ તાલના વૃક્ષના શિખરપ્રતિ જનાર પુરુષને અરણ્યમાં વાતો દારુણ વાયુ વિકલ કરી પાડેછે વા રોકી રાખે છે, તથા જેમ આ લોકપ્રસિદ્ધ સમુદ્રના પ્રવાહમાં દેશાંતરઅર્થે ગતિ કરતી નૌકાને દારુણ વાયુ ભ્રમણે ચઢાવી બોળે છે કાં ખાળે છે, તેમ આ ભવાટવીમાં લોકસમૂહરૂપ તરુના શિખરે જનારને તથા આ ભવસાગરમાં મૂલ પ્રદેશપ્રતિ જનાર પ્રવાસીને વિષયસમૂહપ્રતિ પ્રસરતો પ્રબલ વાસનારૂપ દારુણ વાયુ ખાળે છે વા પુનઃ પુનઃ અધઃપતન કરેછે, તથા ભ્રમમાં નાંખી યોગ્ય માર્ગથી ભ્રષ્ટ કરે છે અથવા વિષયમગ્ન કરે છે.

આ પ્રકારે આ માયાપ્રવાહ અનર્થજનક સિદ્ધ છે તોપણ આ મનુષ્યો સદા સાવધાન રહેતા નથી એ આશ્ચર્યસરખું છે. તથાપિ આ માયાપ્રવાહને અતિક્રમણ કરી રહેલા પુરુષોને લગાર પણ આશ્ચર્ય થતું નથી. કારણ કે જીવમાત્રની ગતિના હેતુને તથા ફલપ્રદ હેતુઓને તેઓ ઉત્તમ પ્રકારે જાણેછે. સર્વ જીવો તે સૂક્ષ્મ હેતુઓને જાણતા નથી. યદ્યપિ તત્ત્વવિદ્દ મહાત્મા પુરુષો સ્થલે સ્થલે તે હેતુ આદિને સ્પષ્ટપણે દર્શાવી ગયા છે અને આ કાલમાં પણ સ્પષ્ટ કરે છે, તથાપિ હીન સામર્થ્યવાળા સર્વ જીવો તેને યથાવત્ જાણી સમજી તે પ્રકારે વર્તી પોતાના વાસ્તવ કર્તવ્યપ્રાપ્તવ્યને સિદ્ધ કરી શકતા નથી. પણ હે શુદ્ધક્ષત્રિ-

યપુરુષ ! તમે તો પોતાના ઉગ્ર પ્રયત્નથી કૃતકૃત્ય થશો એમ સંદેહરહિતપણે ભાસે છે.

અનેક પ્રકારના આ દશ્ય પ્રપંચમાં પ્રાણિઓને સુખદુઃખ પ્રતીત કરાવનાર અસંખ્ય નિમિત્તો વિદ્યમાન છે. એમાં કોઈ ધીર પુરુષ જ કેવલ સુખાનુભવ કરી સ્થિર થાય છે. આ વિષયજન્ય સુખ વસ્તુતઃ દુઃખરૂપ છે, છતાં ક્ષણિક સુખાનુભવ કરાવનાર છે, તેથી જીવોની તેમાં પ્રવૃત્તિ થાય છે; પરંતુ તે ક્ષણિક સુખની પ્રતીતિના અંતમાં અનેક દુઃખના અંકુરો પ્રકટે છે. તે અનેક દુઃખની પરંપરા અનંત અપાર સરખી થઈ રહે છે. આ કારણથી જ આપણા મૂલ પુરુષોએ આ દશ્યવિષયજન્ય સુખની અભિલાષા ત્યજવાનું વિધાન કર્યું છે. આમ છતાં પણ તે વિધાન સદા સર્વને માટે કર્યું નથી. પણ જે જે મનુષ્યને અધિકાર પ્રાપ્ત થાય છે તેમને માટે તે અધિકાર પ્રાપ્ત થયા પછી જ તે વિધિ સેવવાનું વિધાન કર્યું છે. જેમ આ લોકોમાં વિવિધ વિકારોની નિવૃત્તિના ઉપાયરૂપ વિવિધ ઔષધો છે, પરંતુ તે ઔષધોને અધિકારવડે અને વિધિવડે સેવવાથી જ સુખરૂપ થઇ નિવડે છે, તેમ આ જગત્માં મનુષ્યોના સુખને અર્થે શાસ્ત્રમાં અનેક પ્રકારના સુખની પ્રાપ્તિનિમિત્ત સાધનોનું વિધાન કર્યું છે. પણ તે ઔષધરૂપ સાધનોને અધિકાર અને વિધિવડે સેવવાથી જ તે સુખનાં સાધન નિવડે છે, નહિ તો તે જ સાધનો અનધિકારથી અને વિધિ વિના સેવવાથી દુઃખ જ આપે છે.

ઘણા મનુષ્યો ઇન્દ્રિયોના વિષયોમાં યોગ્ય અસ્પૃહા ઉદય થયા વિના જ, તથા ઇન્દ્રિયોને ચલાવનાર મનને નિયમમાં વર્તાવનાર સામર્થ્યને પ્રાપ્ત કર્યા વિના જ, અને વાસનાવડે ઉઠતી અસંખ્ય આશાઓના પ્રવાહમાં તણાતા છતાં ત્યાગને આશ્રય આપે છે, અને ત્યાગના વેષમાત્રને ધારણ કરે છે. પછી અંતર્ વાસનાના બલથી ઉલટી અધિક અધિક કામના પ્રકટવાથી નિરંતર પ્રજ્વલિત અગ્નિમાં રહ્યા પ્રજળતા હોય તેની પેઠે પ્રજળે છે, અને ઉભયભ્રષ્ટ થઇ રહે છે. એવા પુરુષોને દુઃખની સીમા દેખાતી નથી.

હે બુદ્ધિમાન્ નરાધિપતિ ! આ પ્રકારે હોવાથી પ્રત્યેક વ્યવહાર અધિકારપરત્વ, સમયપરત્વ, અને વિધિવડે સેવવાથી જ સુખાનુભવનો સંભવ હોય છે; નહિ તો નિરંતર દુઃખ જ હોય છે. આ લોકમાં ઘણા ભાગ્યહીન અને પુરુષાર્થહીન મનુષ્યો દારિદ્ર્યાદિ દુઃખોથી પીડાય છે. ધનાદિ અપ્રાપ્ત પદાર્થની ઇચ્છાવાળા તેઓ પોતે યોગ્યતા પ્રાપ્ત કરી તે તે પદાર્થોને પ્રાપ્ત કરી શકતા નથી, અને તે તે પદાર્થને

પ્રાપ્ત અન્ય પુરુષોપ્રતિ દ્વેષ ધરીને ઉલટા વિશેષ દુઃખી અને યોગ્યતા વિનાના થતા જાય છે. વળી ઘણા મનુષ્યો તો આ લોકમાં ધનાદિ પદાર્થોવાળા હોય છે, તથાપિ વિવિધ દોષોથી દૂષિત અંતઃકરણવાળા તેઓ પોતાથી અધિક સુખના સાધનરૂપ માનેલા તે ધનાદિ પદાર્થોવાળાનો દ્વેષ કરે છે, પોતાથી ન્યૂન પદાર્થોવાળાનો તિરસ્કાર કરે છે, ધનાદિના મદવડે ઇતરને આપત્તિ આપવા ઇચ્છે છે અને એ પ્રકારના વર્તનથી તેઓ ઉત્તરોત્તર નિકૃષ્ટ અધિકારના પાત્ર થાય છે. શુદ્ધમતિવાળા મનુષ્યો તો પોતાથી ચઢતાને જોઇને પોતાની નિકૃષ્ટતા જાણીને ગર્વરહિત થાય છે, અને પોતાથી ઉતરતાને જોઇને પોતે તેમનાથી ચઢતી સ્થિતિમાં હોવાથી પોતાને માટે સંતોષ માને છે, તથા તે ઉતરતી સ્થિતિનાં સર્વ મનુષ્યોઉપર સદા દયાની દૃષ્ટિથી જુએ છે, અને આ પ્રકારે તેઓ ઉત્તરોત્તર ઉંચા અધિકારને પ્રાપ્ત રહે છે.

હે ધીર પુરુષ ! તમારે ક્ષત્રિયે તો આ સંસારમાં જન્મ ધરી પરાર્થે જ પિંડ વાવરીને કૃતાર્થ થવાનું છે. જ્યારથી રાજ્યસત્તા ધારણ કરાય છે ત્યારથી પ્રજાપાલનમાં જ તન મન તથા રાજ્યભંડારનો વ્યય કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. જેમ માતાપિતા પોતાની પ્રજાના સુખે સુખી અને પોતાની પ્રજાના દુઃખે દુઃખી હોયછે, તેમ રાજાએ પણ પ્રજાના સુખે સુખ અને દુઃખે દુઃખ માનવું પડે છે. પોતાના સુખમાં કાળજી વિનાનાં થઇને જેમ માતાપિતા પ્રજાને સુખ આપવાને આતુર રહે છે તેમ રાજાએ પણ પોતાના સુખની અભિલાષાને રોકી રાખીને પ્રજાને સુખ આપવા આતુર રહેવું ઘટે છે. આટલેથી જ ક્ષત્રિયના ધર્મનો અવધિ નથી, પણ પ્રજાને જ્યારે દુષ્ટોથી પીડા થાય છે ત્યારે ક્ષત્રિયોએ રણમાં દુષ્ટોનાં મસ્તક લેવાં કાં પોતાનાં મસ્તક ઉતરાવવાં પડે છે. અહોહો ! ક્ષત્રિયનો ધર્મ કેટલો વિકટ છે ! ધન્ય છે ક્ષત્રિયની જનનીને કે જે આવી પરાર્થે પ્રાણ આપનારી શૂરવીર પ્રજાને પ્રસવે છે. આ પ્રકારનાં ઉદાર ચરિત ક્ષત્રિયપુરુષમાં સ્વભાવથી જ હોય છે; કાંઈ બલાત્કારે આણવાં પડતાં નથી. આ સ્થલે કોઇને એવી શંકા થાય કે બ્રાહ્મણનો ધર્મ સુગમ હશે, અને તેથી ક્ષત્રિયો આવો વિકટ ધર્મ પાળે તે કરતાં બ્રાહ્મણના ધર્મને જ સેવે તો કેવું સારું ? પણ એ શંકા બ્રાહ્મણના ધર્મના સ્વરૂપની અજ્ઞાનતાથી ઉઠવી શક્ય છે. જે પુરુષોને પ્રકૃતિસ્વભાવનું સ્વરૂપ અજ્ઞાત હોયછે તે પુરુષો યથાર્થ ધર્મનાં તથા પાત્રનાં સ્વરૂપને નિશ્ચય કરી જાણી શકતા નથી.

વર્ણોમાં મુખ્ય રૂપે ગણાયલા બ્રાહ્મણવર્ણનો ધર્મ ઘણો વિકટછે.

આ સંસારમાં મનાતાં સર્વ પ્રકારનાં સુખ તથા સુખનાં સાધનરૂપ

પદાર્થોપ્રતિ અસ્પૃહાની વૃત્તિને દૃઢ કરતાં યથાપ્રાપ્તમાં સંતોષ માનવો, પ્રાણિમાત્રને અકારણ દુઃખની પ્રાપ્તિ ન કરતાં પોતાની સર્વ ઇન્દ્રિયવૃત્તિઓને વશ વર્તાવનાર થવું, શોક, કામ, ક્રોધ, લોભ, મોહ તથા ભયાદિ દોષો કે જે શુદ્ધ બ્રાહ્મણધર્મના વિરોધી છે તેમનો તત્ત્વોના જયપૂર્વક જય કરવો, અત્યંત કષ્ટવડે વિવિધ વેદાદિ વિદ્યાને સંપાદન કરવી તથા તે વિદ્યાઓને અધિકારિપરત્વ આપવી, પ્રજાપતિ દેવોને વિવિધ વૈદિક કર્મવડે સંતોષવા, ક્ષત્રિયાદિ સર્વને પોતપોતાના સુખનાં સાધનો પ્રાપ્ત કરાવવામાં સદા ઉદ્યોગી રહેવું, વનમાં અયાચકપણે રહી ફલમૂલકંદાદિવડે નિર્વાહ કરવો, અને જનસમૂહમાં રહે ત્યારે ગૃહીઓએ પોતાની ઇચ્છાથી વગર માગ્યે શ્રદ્ધાપૂર્વક અર્પેલા નિષ્પાપ અન્નાદિ પદાર્થોવડે આજીવિકા ચલાવવી, સદા અન્ય અધિકારિઓને હિતકર વિદ્યા વિધિવડે આપવામાં તથા પોતાને તપની યોગ્યતા આણવામાં યત્નશીલ રહેવું, યોગ્યતા પ્રાપ્ત થયેથી એકાંતવાસ કરી તપમાં આયુષ્ ગાળવું અને શુદ્ધ સંકલ્પથી સર્વનું ઐહિક સુખ અને પારલૌકિક કલ્યાણ સાધવું, પોતાના તપોબલથી પ્રાપ્ત ઐશ્વર્યવડે ક્ષત્રિયાદિ શુદ્ધધર્મનિષ્ઠ પ્રજાને બલઐશ્વર્યયુક્ત કરવી, સ્થલે સ્થલે ભૂમિને તપવડે નિર્દોષ કરી ચિરકાલ શુદ્ધ સંપત્તિયુક્ત કરવી—આ આદિ અનેક પ્રકારનાં ફલોને આ વિશ્વમાં પરોપકારાર્થે શરીર, મન, તથા વાણીના પ્રયત્નથી સ્થાપવામાં જ આયુષ્નો ક્ષય કરતાં સર્વ લૌકિક સુખની સ્પૃહાના ઉચ્છેદપૂર્વક અંતમાં બ્રહ્મમય થઈ રહેવું, એ બ્રાહ્મણવર્ણના ધર્મ છે.

હે ક્ષિતિપતિ ! આમ છતાં પણ ક્ષત્રિયે કે બ્રાહ્મણે આ લોકના મનાતા ઉચ્ચ વિભવને ન ભોગવવા એવું કાંઈ થતું નથી. ન્યાયપુરઃસર પ્રાપ્ત કરીને સર્વ પ્રકારનાં વિહિત લૌકિક સુખનો અનુભવ કરવાથી કોઈ અધર્મની પ્રાપ્તિ થતી નથી. પ્રજામાત્રમાં ધર્મની અભિવૃદ્ધિ અને સ્થાપના કરવામાં મુખ્ય સ્તંભરૂપ બ્રાહ્મણ અને ક્ષત્રિય છે, તેથી જો તેઓ પોતે જ શ્રદ્ધાભક્તિપૂર્વક સ્વધર્માચરણ નહિ કરે તો ઇતર લોકો શી રીતે ધર્મને અનુસરે ? માટે બ્રાહ્મણક્ષત્રિયે કદાચિત્ પણ અધર્મથી સુખ સંપાદન કરવું નહિ. વ્યવહારમાં પણ મોટા પુરુષોનાં આચરણ જોઇને અન્ય જીવો તેને અનુસરે છે એ વાર્તા પ્રસિદ્ધ છે. માટે કોઈ પ્રકારનું પણ મોટાપણું જેને પ્રાપ્ત થાય તેણે અત્યંત વિચાર કરીને સદા વિરોધી અંશથી રહિત ધર્માચરણ કરવું ઘટે છે.

જેમ બ્રાહ્મણો સર્વ પ્રજાને અર્થે પોતાનાં આયુષ્ અને યત્ન અર્પે છે તેમ ક્ષત્રિયાદિ પણ બ્રાહ્મણની સુખસંપતિનિમિત્ત પોતાના

ઐશ્વર્યનો ભોગ આપે છે; જેથી પરસ્પરના હિતને સ્વાધિકારાનુસાર સાધતી સર્વ પ્રજા સુખાનુભવ કરેછે.

હે પરાર્થે સ્વાર્પણ કરનાર વીર પુરુષ! આ સર્વે કહીને મારે એટલું જ કહેવાનું છે કે તમે સ્વધર્મની સિદ્ધિઅર્થે પોતાના સુખનો ત્યાગ કરયો છે તો તમને યશ મળશે, ચિરકાલ તમારી આ લોકપરલોકમાં કીર્તિ થશે, અને તમે ઇચ્છાપ્રમાણે આ જગત્માં સુખાનુભવ કરી તૃપ્ત થશો.

વીરવિજય કહે છે, હે ભગવન્! આજે આપનાં પવિત્ર દર્શન કે જે અમારાં પાપ અને અકલ્યાણનાં નાશ કરનાર છે તે થયાથી હું પરમસંતોષને પામ્યો છું. આજના દિવસને હું ધન્ય સમજું છું. આપનો ઘણે કષ્ટે ન મેળવી શકાય એવો શુદ્ધાંતઃકરણનો આશીર્વાદ મેં સહેજમાં મેળવ્યો છે તેથી હું મને કૃતાર્થ થયો માનું છું.

મારી ધારણા ઘણી મોટી છે. તેની સિદ્ધિનું આ ક્ષણપર્યંત કોઈ ચિહ્ન પ્રત્યક્ષ થયું નથી, તોપણ આપનાં વરવચનને જ હું મારી ધારણા સત્વર પાર પડવામાં ચિહ્નરૂપ સમજું છું. આપ વય તથા તપવડે અતિવૃદ્ધ છો. આપને અજ્ઞાત એવું આ વિશ્વમાં કંઈ પણ હશે એમ મારૂં માનવું નથી. તેથી આપને હું પ્રાર્થનાપૂર્વક સવિનય પૂછું છું કે મારે હવે શુ કર્તવ્ય છે? હે સર્વાર્થસિદ્ધિદાતા! હું એવું શું મેળવું કે જેવડે આ ત્રિભુવનને વશ વર્તાવીને અધર્મના ઉચ્છેદપૂર્વક તથા દુષ્ટોના નિગ્રહસહિત આ વિશ્વનું રક્ષણ કરૂં. આ વિશ્વનું રક્ષણ કરનાર મુખ્ય તો **શ્રીજ**ગદીશ્વર છે જ, તથાપિ આ વિશ્વની જે જે મર્યાદામાં હું વિચરૂં તે તે સ્થલે દુષ્ટનો તથા અધર્મનો ઉચ્છેદ કરી તેથી પીડાતાનું રક્ષણ કરૂં એ મારી ઇચ્છા છે. માટે આપ સર્વના જાણનારા મને એવું કંઈ કહો કે જેવડે હું કૃતકૃત્ય થાઉં.

ઋષિ કહેછે, હે **વીર**વિજય મહારાજ! તમારા કાર્યની સિદ્ધિમાં હેતુરૂપ જે કંઈ મને સ્ફુરે છે તે હું તમને કહું છું. એ વાર્તા કાંઈ હું નવી કહેતો નથી, પણ પૂર્વ પૂર્વ કાલથી મહાત્માદ્વારા ચાલતી આવેલી વાર્તા છે. મહર્ષિઓદ્વારા જાણેલી તે વાર્તા એ છે કે પ્રત્યેક સર્ગકાલમાં જ્યારે વિવિધ પ્રજા ઉપજે છે, અને તેમાં અસુરોની સમૃદ્ધિ વધે છે અને ધર્મનો ઉચ્છેદ થાય છે, અને દેવોસહિત સકલ પ્રજા પ્રથમ પીડાને પામે છે ત્યારે સર્વ દેવોની પ્રાર્થનાવડે વિશ્વપિતા **શ્રીબ્રહ્મા**ભગવાન્ **શ્રીમહે**શ્વરના પ્રસાદને પ્રાપ્ત કરવાને અર્થે તથા તે વડે સર્વ પીડિતનું રક્ષણ કરવાને ત્રિગુણાતીત **શ્રીમહે**શનું જેમાં પ્રધાનપણે યજન થાયછે, એવો મોટો યજ્ઞ આરંભે છે. તે યજ્ઞથી **શ્રીમ-**

હેશ્વર પ્રસન્ન થઇને તે યજ્ઞના કુંડમાંથી એક બલવત્તમ સત્ત્વ પ્રકટાવે છે અને તે સત્ત્વથી અંતે એક ખડ્ગ બંધાઇને પ્રકટ થાયછે. એ ખડ્ગ આ ત્રિભુવનમાં ધારણ કરવાને કોઈ પણ જીવ સમર્થ નથી. ખડ્ગ પ્રકટ થયા પછી શ્રીબ્રહ્માઆદિ સર્વ, વિચાર કરીને સકલ સૃષ્ટિસંહારક સત્તા જેમને અધીન વર્તે છે, અને જે શ્રીમહેશ્વરના પ્રધાન અંશરૂપ છે એવા શ્રીરુદ્રભગવાનને તે ખડ્ગ અર્પણ કરે છે; અને સર્વ શ્રીરુદ્રભગવાનની સ્તુતિ કરી પ્રાર્થે છે કે હે સમર્થ! આપ આ દિવ્ય આયુધને સ્વીકારો, અને એ વડે અમારા સહિત સર્વનું રક્ષણ કરો. આપને અર્થે જ એ નિર્માણ કરાય છે, અને આપ જ એને ધારણ કરી દુષ્ટનો નિગ્રહ કરવા સમર્થ છો. આ ખડ્ગરૂપે આપની શક્તિ જ પ્રકટી છે તેને આપ વિના અથવા આપના અનુગ્રહ વિના અન્ય કોણ ધારણ કરી શકે એમ છે? આ આદિ અનેક પ્રકારનાં સુવચનોવડે વિનવાયલા શ્રીરુદ્રભગવાન્ પ્રસન્નતાથી તેને ધારણ કરે છે, અને તે વડે પોતે અથવા પોતાવડે જન્ય પુરુષોદ્વારા દુષ્ટનો નિગ્રહ સમયે સમયે કરે છે; અને સ્વતઃસિદ્ધ અપ્રતિમ બલવાળા તે શ્રીરુદ્રભગવાન્ તે ખડ્ગરૂપ શક્તિવડે જ અંતે આ સૃષ્ટિને કારણાકાર કરી મૂકે છે. હે ત્રિભુવનને વશ વર્તાવવાની ઇચ્છાવાળા! જો પોતાની ધારણા પાર પાડવાની પ્રબલ ઇચ્છા છે તો શ્રીરુદ્રભગવાનના અનુગ્રહને પ્રાપ્ત કરીને તેમની દિગ્વિજયી શક્તિરૂપ ખડ્ગને પ્રાપ્ત કર તે સર્વ બ્રહ્માંડાંતર્ગત ત્રિભુવનને વશ વર્તાવવામાં સમર્થ હોવાથી ત્રિભુવનવિજયીખડ્ગ પણ કહેવાય છે. આ વિના અન્ય ઉપાય તમારી ધારણા પૂર્ણ કરે એવો હશે તોપણ તે આ ક્ષણે મારા લક્ષમાં આવતો નથી.

વીરવિજય કહે છે, હે ભગવન્! આપનાં આ વચનો શ્રવણ કરીને હું અધિક પ્રસન્ન થયો છું. મને મારા ભાગ્યોદયનાં ચિહ્નરૂપ આપનું દર્શન પ્રાપ્ત થયું છે. અને આપનાં આ વચનોએ મારા હૃદયને સુભાગ્યની સમીપતા સૂચવીને દૃઢ કર્યું છે. હવે મારી એ પ્રાર્થના છે કે એ મહેશ્વરના પ્રસાદવડે પ્રકટ થયલું સત્ત્વ તથા તે વડે પ્રકટેલું ખડ્ગ જે સમયે પ્રકટ થયું હશે તે સમયનું કંઇ વિશેષ વર્ણન આપના જાણવામાં હશે તો કૃપા કરીને મને કહેશો.

મહર્ષિ કહેછે, હે અપ્રમાદયુક્ત ધૈર્યવાળા વીર પુરુષ! શ્રવણ કરો. પૂર્વે જ્યારે જ્યારે સૃષ્ટિમાં દુર્જય અસુરોથી સંતાપનો આરંભ થયો છે ત્યારે ત્યારે તે સૃષ્ટિમાં તેમ જ આ વર્તમાનસૃષ્ટિમાં જ્યારે અસુરોનું તથા દુષ્ટાત્માનું પ્રથમ પ્રાબલ્ય વધ્યું હતું તે સમયે એ શ્રીમહેશ્વરનો પ્રસાદ જેનાવડે પ્રાપ્ત થાય છે તે યજ્ઞ પ્રીતિપૂર્વક વિધિ-

પુરઃસર કરવામાં આવ્યો હતો. એ યજ્ઞની નિર્વિઘ્ન સમાપ્તિના સમયમાં યજ્ઞમાંથી ભયંકર સત્ત્વનો પ્રાદુર્ભાવ થયો. જેવું એ સત્ત્વ પ્રકટ્યું કે તત્કાલ દિશાઓમાં અંધકાર પથરાઈ ગયો. સૂર્યમંડલસહિત નક્ષત્રમંડલ ડોલવા લાગ્યું. આ પૃથ્વી પણ મોટા વેગથી કંપવા લાગી હતી. દારુણ વાયુ વાવા લાગ્યા. પાપાત્મા દુષ્ટ પ્રાણિઓનાં હૃદયને વિદારણ કરે એવા ભયંકર કડાકા થવા લાગ્યા. ધર્માત્માના ચિત્તમાં એવા ભયંકર પ્રસંગમાં પણ કોઈ વિલક્ષણ પ્રસન્નતા પ્રસરી રહી હતી. તે સમયે દુષ્ટ પાપાત્માઓને જાણે દિશાઓમાંથી આવતી અગ્નિની જ્વાલા દગ્ધ કરતી હોય તેમ ભાસતું હતું અને પુણ્યાત્માઓને જાણે શીતલ વાયુ સર્વ તાપને ટાળનારો દિશાઓમાંથી વાતો હોય એવું ભાસતું હતું. જ્યાં જ્યાં પાપાત્માઓ હતા ત્યાં ત્યાં તે સર્વને પોતાના સમીપમાં ઉભેલું મહાભયંકર કાલનું સ્વરૂપ ભય આપતું દેખાવા લાગ્યું હતું અને પુણ્યવંત પુરુષોને પોતાના સમીપમાં જ્યાં ત્યાં અભયને આપતુ પોતાના ઇષ્ટનું સ્વરૂપ દેખાવા લાગ્યું હતું. પાપાત્માઓનાં નિવાસસ્થાનમાં અણછતી આકાશમાંથી પાષાણની વૃષ્ટિ થતી હતી, અને પુણ્યાત્માનાં નિવાસસ્થાનમાં જાણે અમૃત વર્ષતું હોય એવી સુંદર જલની વૃષ્ટિ થતી. દુષ્ટ ગર્ભને ધારણ કરનારી ગર્ભિણીઓનાં ઉદરમાં રહેલા તે પાપસંસ્કારવાળા ગર્ભના પાત થતા હતા, અને પુણ્યવંત ગર્ભ તો માતાની પ્રસન્નતાવડે ગર્ભાશયમાં પણ સુખરૂપ રહ્યા હતા. આ આદિ અનેક પ્રકારના વિલક્ષણ વ્યતિકરો પ્રતીત થતાં બ્રહ્માઆદિ દેવોએ શાંતિનિમિત્ત પ્રાર્થના કરી, જેથી તે સર્વ શમીને તે સત્ત્વ ખડ્ગના રૂપમાં આગળ આવી રહ્યું. તે જોઇને બ્રહ્માદિ દેવો અતિ પ્રસન્ન થયા. અને પછી સર્વ મળીને વિચાર કરવા લાગ્યા કે હવે આપણે શું કરવું ઉચિત છે ? આ દિવ્ય શસ્ત્ર કોણ ધારણ કરવાયોગ્ય છે ? આ આદિ વિચારો કરીને અંતમાં એ નિશ્ચય કરયો કે જે જગતના આરંભપૂર્વે પ્રકૃતિને જાગ્રત્ કરી વ્યાપારવાળી કરનાર કારણરૂપ છે, અને જે અંતપર્યંત પદાર્થમાત્રનાં સ્થાનાંતર તથા સ્થિત્યંતર (રૂપાંતર)માં હેતુરૂપ છે, અને અંતમાં જે કાર્યમાત્રને કારણાકારસ્થિતિને પ્રાપ્ત કરનાર હેતુરૂપ છે તે **શ્રીરુદ્ર**ભગવાન્ આ ખડ્ગને ધારણ કરવાયોગ્ય છે. આ પ્રકારે નિશ્ચય કરીને પછી જેમ સમુદ્રમંથનસમયે સમુદ્રમાંથી નિકળેલા હલાહલ વિષને ધારણ કરવામાટે **શ્રીસ**દાશિવની પ્રાર્થના કરી હતી, અને તે તેમણે ધારણ કર્યું હતું, તેમ આ ખડ્ગને ધારણ કરવામાટે પણ સર્વેએ પ્રાર્થના કરી, અને તે પ્રાર્થના સ્વીકારીને **શ્રીસ**દાશિવે તે ખડ્ગને પ્રસન્નતાપૂર્વક ધારણ કર્યું,

તેથી સર્વત્ર શાંતિ પ્રસરી.

આ પ્રકારે આ વિશ્વપ્રપંચમાં પ્રકટેલું તે ખડ્ગ **શ્રીસદાશિવની** પ્રસન્નતા પ્રાપ્ત કરનાર શુદ્ધ ઉપાસક પણ સકામ ઉપાસનાદ્વારા પ્રાપ્ત કરી શકે છે.

હે વીરવિજય! તમે પ્રથમ કોઇ પ્રકાશરૂપ મહાપુરુષના આશ્રમમાં શ્રવણ કરેલું કે કોઇ યક્ષિણી પણ ત્રિભુવનવિજયી ખડ્ગને આપનારી છે, એ વાર્તા પણ સાચી છે. મારા શ્રવણમાં આવ્યું છે કે **શ્રીસદાશિવને** દૃઢ ઉપાસનાવડે પ્રસન્ન કરીને તે યક્ષિણીએ એવો વર માગ્યો છે કે મને પ્રસન્ન કરનાર મારા ઉપાસકને હું આપના પ્રસાદથી આ આપનું ખડ્ગ આપવાને સમર્થ થાઉં. વર આપવામાં અતિ ઉદાર એવા **શ્રીશંકરે** તેને તે પ્રકારનો વર આપ્યો છે. આમ છતાં પણ એક એવો નિયમ છે કે ઉપાસક, ઉપાસ્યના લોકને અંતે પામે છે. તો યક્ષિણીનો ઉપાસક યક્ષલોકને પ્રાપ્ત થાય છે, જેથી ઉજ્જ્વલ સંસ્કારવાળો, ખડ્ગની અભિલાષા રાખનાર પુરુષ સત્કૃતિની પ્રાપ્તિરૂપ બીજું ફલ પામવાની ઇચ્છાથી **શ્રીશંકરની** જ ઉપાસના કરેછે; અને ક્ષુદ્ર પુણ્યસંસ્કારવાળો અને શુદ્ધ સત્કૃતિનો અનધિકારી કોઇ પુરુષ ખડ્ગની અભિલાષા રાખનાર હોય છે તો તે આ યક્ષિણીની ઉપાસનાદ્વારા જ તે ખડ્ગને પ્રાપ્ત કરવા પ્રવર્તે છે. આ બે પ્રકારના ઉપાસકો વિવિધ ઉપાસ્યથી એક જ ખડ્ગ પ્રાપ્ત કરવા છતાં તેનો ઉપયોગ પોતાના સંસ્કાર અને ઉત્તર કાલે પ્રાપ્ત થનાર ગતિઅનુસાર કરેછે, અને હે વીરપુરુષ! જો કોઈ પુરુષ સ્વાભાવિક સંસ્કારોના ઉદ્બોધક હેતુઓને સાધ્ય કરીને શુભ પ્રયત્નને સેવનાર હોય છે, તથા વિરોધી સંસ્કારોના અભિભવની યુક્તિને શુભ પ્રયત્નથી જાણીને સેવનાર હોય છે તો તેવો પુરુષ આ યક્ષિણીની ઉપાસના કર્યા છતાં પણ પશ્ચાત્ તે સંબંધનો શુભ વાસનાથી ઉચ્છેદ કરીને દૃઢ પ્રયત્ન કરે છે તો તે યક્ષિણીના લોકને અંતે ન પામતાં અંતિમ ઉપાસ્યના લોકને વા સ્વરૂપને પામે છે.

આ પ્રકારનાં વચનોને બોલીને ઋષિ મૌન રહ્યા. સર્વ વિદ્યાર્થિઓ નમસ્કાર કરી ઉઠ્યા અને મહાપુરુષને નિવૃત્તિમાં પ્રવેશવાઅર્થે આ નિત્યનો સમય છે, માટે વીરવિજયને પણ ઉઠવા કહ્યું. વીરવિજયે પણ નમન કર્યું. ઋષિએ આશીર્વચન વદતાં કહ્યું, હે નરેશ! હવે ઇચ્છાનુકૂલ પ્રવૃત્તિ કરજો.

વીરવિજયને શયનનું સ્થાન દેખાડ્યું, ત્યાં ઇષ્ટસ્મરણ કરતાં સુતો. વિચારોના અનેક પ્રવાહ આવતાં નિદ્રાવશ થયો. બ્રાહ્મમુહૂર્તે વિદ્યાર્થિઓના જાગ્રત્ થવાના સમયે વીરવિજય પણ જાગ્રત્ થયો હતો.

સ્નાનથી પરવારીને મહર્ષિને નમન કરવા ગયો; અને નમન કરી આજ્ઞા માગી. ઋષિએ ફલાદિ આહારાર્થે અપાવ્યું તે ગ્રહણ કરી જલપાન કરીને પછી પ્રસન્ન ચિત્તથી પોતાની ધારેલી દિશામાં ઇષ્ટ-સ્મરણ કરતાં આશ્રમના વિદ્યાર્થિઓને નમસ્કાર કરી ચાલતો થયો. કેટલેક અંતરે ગયા પછી ચાલતાં ઉભરો આવવાથી બોલે છેઃ—

સોરઠા.

જેને તારી આશ, તેની તું આશા ધરે,
જેને તુંથી ત્રાસ, તેથી તું ત્રાસી ફરે.
જગમાં જેને એક, આશા તારી જગપતિ,
રાખે તેનો ટેક, નિશ્ચય એ મારી મતિ.
છો ભાવિ પ્રતિકૂલ, રહીને પીડા આપતું,
પણ જો તું અનુકૂલ, અંતે અનિષ્ટ ભાગતુ.
છે આ જીવનો દોષ, મિથ્યા દીનશરણુ ગ્રહે,
મનનો ન મટે રોષ, (પણ) જીવને ઝાઝુ દમી દહે.
કો તો ત્યજી વિશ્વાસ, નિજ બલથી મરતા મથી,
પણ જે છે તુજ દાસ, તે તરતા તુજ હામથી.
જગ દુઃખરૂપ સમૂલ, પણ તુજ સત્તાવાસથી,
ભાસે છે સુખમૂલ, (તેથી) નિકળ્યોછું હું અવાસથી.
ભટકી થાક્યો ઈશ, તોપણ તુજ બલથી ધસું,
કહું નમાવી શીશ, દેજે એ, સુખમાં વસું.
નવ ભય મુજને ખાસ, છો રક્ષક સર્વાધિપતિ,
નથી વિષયની આશ, ધાર્યું કરવા દૃઢ મતિ.
પ્રેરક રહી ઉરમાંય, સાચે પંથે પ્રેરજો,
યાચું અવર ન કાંય, નિશદિન મુજ પ્રતિ હેરજો.*

આ આદિ અનેક વચનોને વદતો **શ્રીવીર**વિજય માર્ગ કાપતો ચાલ્યો. માર્ગમાં આવતાં ગ્રામો, નગરો, રમણીય અને ભયંકર સ્થલો જોતો છતો ઉદાસીનની પેઠે વર્તતો આગળ વહેવા લાગ્યો. રાત્રિ ત્યાં વસતો અને દિવસે વિચરતો. જ્યા કંઈ આધાર મળી આવે ત્યાં ઘટિત આહારને ગ્રહણ કરતો. પોતાની ધારણાના વિષયમાં જ ચિત્તને સ્થાપીને અંતરમાં ઇષ્ટનું સ્મરણ કરતો દિન વ્યતીત કરતો હતો. કયે સ્થલે, કયે દિવસે અને કોના દ્વારા કેવે પ્રકારે મારી ધારણા પાર પડશે, એને સ્પષ્ટ ન જાણનાર વીરવિજય વિવિધ વિચારથી કોઇ ક્ષણે વિકલ થતો અને કોઇ ક્ષણે અવિકલ રહેતો. એક દિવસ માર્ગમાં

* દૃષ્ટિ નાંખજો; જોજો

ગ્રીષ્મ ઋતુના તાપથી અકળાયલો, અરણ્યમાં મોટા વટવૃક્ષતળે વિશ્રાંતિની ઇચ્છાવાળો વીરવિજય આવીને બેઠો, અને પોતાના મનથી આ પ્રકારના વિચારને કરવા લાગ્યો.

'અહો ! આ સંસારમાં આશાના પારને કોઈ પામ્યો હશે કે નહિ એ સમજી શકાતું નથી. જેના આદિને, અંતને કે મધ્યને આ અલ્પજ્ઞ જીવો જાણી શકતા નથી, એવો આ સંસાર અસંખ્ય મોહક પદાર્થોવાળો છે એમાં સંદેહ નથી. તે સર્વ મોહક પદાર્થો કોઈ પણ જીવને પોતાના એક જન્મમાં જ પ્રાપ્ત થાય અને પછી આશારહિત થાય એ વાર્તા પણ અસંભવિત જ છે. આ અસંખ્ય જીવોમાંના સર્વ, અસંખ્ય જન્મે પણ તે સર્વ મોહક પદાર્થોનો અનુભવ લઈ તૃપ્ત થતા હશે કે નહિ એ પણ મારા સરખાને સંદેહગત જ છે. ખરું જોતાં આ ક્ષણે મારે સર્વ મનુષ્યના કે જીવમાત્રના સંબંધમાં વિચાર કરવાનું અધિક પ્રયોજન નથી, પણ માત્ર મારા સંબંધમાં જ વિચાર કરવાની આવશ્યકતા છે, અને હું અલ્પજ્ઞ કદાચિત્ સર્વનાં ભૂત, ભાવિ કે વર્તમાનનો વિચાર કરવા બેસું તો પણ તે જેમ હોય તેમ જાણી શકવાનો નથી. તેથી અધુના મારા કર્તવ્યસંબંધમાં જ વિચાર કરૂં. મારા સંબંધમાં વિચાર કરવા જતાં પણ હવે પછી આ દેહના અંતપર્યંતમાં કયારે, કયાં અને કેવા પ્રકારથી શી શી જાતના અનુભવ કરવાના છે એ હું મારી પોતાની મેળે જાણી શકવાનો નથી. કારણ કે મને અનાગત કાલમાં થનારા વ્યવહારને જાણવાનું સામર્થ્ય પ્રાપ્ત થયું નથી. આ જગતમાં જેમ આકાશવૃત્તિવાળા નિરાશ્રિત મનુષ્યો પોતાના નિર્વાહના સાધનરૂપ પદાર્થો કયારે, કયાંથી અને શા શા નિમિત્તથી પ્રાપ્ત થશે તેને ન જાણતાં પણ યથામતિ યથાપ્રાપ્ત ક્રિયાઓને કરે છે, અને આવી પ્રાપ્ત થાય છે તેને ભોગવી છૂટે છે તેમ મારે પણ જે જે સમયે જ્યાં જ્યાં જે જે નિમિત્તથી જે જે સ્થિતિ પ્રાપ્ત થાય તેનો અનુભવ કરતાં છૂટવું છે. કારણ કે મારો ઇચ્છેલો વિષય કયાં, કયારે શા નિમિત્તથી પ્રાપ્ત થનાર છે તેને હું જાણતો નથી, છતાં યથાપ્રાપ્ત પ્રવૃત્તિ કરતો રહું છું. આકાશવૃત્તિવાળા પુરુષસરખો હું કદાચિત્ એક જ સ્થલે બેશી રહું તો પણ પૂર્ણ પ્રારબ્ધથી પ્રાપ્ત થનારો પદાર્થ તો મને અવશ્ય જ્યાં બેશીશ ત્યાં આવીને પ્રાપ્ત થવો સંભવે છે. પણ શેષ ક્રિયા કરાવીને જ ફલ આપનાર અપૂર્ણ પ્રારબ્ધ તો મને પોતાનું ફલ આપવાઅર્થે જ્યારે ત્યારે પણ ક્રિયામાં જ જોડ્યા કરશે. આથી મારે હવે શું કરવું અને શું ન કરવું, એ પણ હું નિર્ણય કરવા મને અસમર્થ દેખું છું. ઘણા મનુષ્યો દૈવની અનુકૂલતાપર્યંત મિથ્યાભિ-

માન, ગર્વ, અને અજ્ઞાનવશ રહીને એમ માને છે કે આપણે ઉદ્યોગથી ધાર્યું કાર્ય કરી શકીએ છીએ. પણ જ્યારે દૈવની એટલે અદૃષ્ટ કારણની પ્રતિકૂલતા હોય છે ત્યારે તે જ મનુષ્યો દીનવત્ થઈ નિશ્ચય કરેછે તથા કહેછે કે મારો ઉદ્યોગ અવળો પડેછે અને યત્ન પ્રસંગે નિષ્ફલસરખો અને પ્રસંગે પ્રતિકૂલ ફલ આપનારો નિવડે છે.

ખરે! આ જીવો કોઇ વિલક્ષણ અજ્ઞાનપટમાં અંતરાયલા છે, અને કોઈ પ્રબલ અદૃષ્ટસત્તાવડે પ્રેરાયલા ક્રિયામાં જોડાયા છે. પણ અરે! આ પ્રકારના વિચારોમાં પુનઃ પુનઃ પ્રવેશવાના પ્રયોજન વિના શા માટે પ્રવેશું છું? મારે મારા સંબંધમાં જ જે તે વિચારવું અવશ્યનું છે. મારા સંબંધમાં પણ મતિને વેગ આપવા છતાં કાંઈ નિશ્ચય આપતી નથી, ત્યારે હવે શું કરવું?'

આ પ્રકારે વિચાર કરી ક્ષણ વાર સ્તબ્ધ રહી વળી વિચારના પ્રવાહને પ્રકટતો અનુભવે છે કે અરે 'આ નિર્જન પ્રદેશમાં ધૈર્ય કાં છૂટે છે? ક્રિયારહિત તો થવું નથી. પછી આ સ્થલે બેશી રહેવાથી શું? આ જગતમાં અત્યંત નિવૃત્તિની પ્રાપ્તિપર્યંત પ્રવૃત્તિ જ કર્તવ્ય છે. તેમાં હું ક્ષત્રિયને તો આ પ્રકારે સંતોષને સેવવો વિધિરૂપ નથી જ; માટે ચાલ આગળ માર્ગ કાપું.' એમ કરી ઉઠવા ધારે છે એટલે પોતાને માર્ગે જ કોઇ પ્રવાસીને આવતો જોયો; અને તેથી તેના સમીપ આવતાં સુધી વાટ જોતો વીરવિજય ત્યાં જ બેશી રહ્યો.

પ્રવાસી જેમ જેમ સમીપ આવતો ગયો તેમ તેમ તે પ્રવાસીની તથા આ વીરવિજયની પરસ્પર એક બીજાના સામી દૃષ્ટિ સ્થપાયલી રહી. તે પ્રવાસી આ વટવૃક્ષને છાંયે વીરવિજયથી થોડે અંતરે આવીને બેઠો. પણ તત્કાલ એકબીજાનું કંઇ પણ પરિચય વિના બોલવું થયું નહિ. જેમ નિસ્પૃહપણે વીરવિજય બેશી રહ્યો તેમ તે પણ સ્પૃહારહિતસરખો આવીને બેઠો, અને વૃક્ષની શાખાઓનો વિસ્તાર જોતો હોય તેમ ઉંચે જોવા લાગ્યો.

વીરવિજય વિચાર કરેછે, આ પુરુષ પણ કોઈ સામાન્ય મનુષ્ય હોય એમ ભાસતું નથી. જાતે તેજસ્વી અને જાણે મધ્યમાયુને તરી જવા આવ્યો હોય એવો ભાસેછે. પાસે પદાર્થ નથી. માત્ર અંગનું ઢાંકણ છે. એનાં નેત્રમાં કોઇ વિલક્ષણ ખુમારી છે. મુખમુદ્રા જોતાં ચિત્તની પ્રસન્નતાવાળો જણાયછે. પ્રવાસ કરતો આવે છે, પણ થાકથી કે તાપથી વિકલ થયેલો ભાસતો નથી. દુઃખથી પીડિત હોય એમ જણાતું નથી. એકાકી છે, અને આ નિર્જન પ્રદેશ છે,

છતાં મારી સ્પૃહા ધરતો નથી, તેથી કાં તો સ્વાભિમાનવાળો હોય કે કાં તો જનસંસર્ગથી દૃઢ વિરાગવૃત્તિવાળો હોય. ઇચ્છારહિત પુરુષને કોઇનો પણ ઉપયોગ હોતો નથી, તેથી અકામ કે આપ્તકામ હોય. કદાચિત્ મૌનવ્રતધારી હોય, તો હસ્તવડે ચિહ્ન કરીને પણ સમજાવે. હશે, ગમે તે હોય, પણ એક પક્ષથી જોતાં નીતિ એવી છે કે કોઇ સ્થલે પણ બેઠેલા પુરુષે તે સ્થલમાં આવનાર અન્ય મનુષ્યને આવકાર દેવો જોઇએ. પોતાને ઘેર આવનારને તો અવશ્ય દેવો ઘટે. આ મારૂં ઘર નથી, પણ પ્રથમ હું આવીને બેઠો છું; માટે મારે આવકાર દઇને એનું સુખદુઃખ પૂછવું જોઇએ. બીજે પક્ષે જોતાં કોઈ પણ અજ્ઞાત પુરુષે કોઈ સ્થલમાં પણ પ્રવેશ કરવો તો ત્યાં વિદ્યમાન હોય તેને નમનાદિ વિવેકથી અથવા તે વિના પણ કંઇક પૂછીને બેસવું એ નીતિ છે. તૃતીય પક્ષે જોતાં સાર્વજનિક સ્થાનમાં ગમે તેણે ગમે ત્યાં બેસવું કે વિચરવું અને અપરિચિત મનુષ્યથી પ્રયોજનવિના બોલવું નહિ, એ પણ નીતિ છે. આ આદિ પરસ્પર વર્તવાના અનેક નિયમોમાંના કોઇ પણ નિયમથી એ પુરુષ વર્તતા હોય તો પણ મારે તો હજી ઘણું કરવું અવશેષ છે, માટે મારે તો નીચાઉંચા સર્વ અધિકારમાં પ્રવેશ કરવો છે વળી આ પુરુષ મારાથી વયે વૃદ્ધ છે; તેથી એમને હું બોલાવું તો તેથી કાંઇ મને ન્યૂનત્વ પ્રાપ્ત થતું નથી આ આદિ વિચાર કરીને પેલા પુરુષપ્રતિ માનાપમાનના ભયથી રહિત થઇને બોલ્યો, આપ ક્યાંથી પધારો છો ? અને શા નિમિત્તે વિચરો છો ? આપનું કોઇ પ્રકારનું પણ અહિત નથી કર્યું જેણે એવો હું પ્રથમથી જ આપને આવતા જોઇને આપને મળી વાતચીત કરવાના આશયથી અત્ર બેઠો છું, તેમ છતાં આપ વિરોધીવત્ ગણીને મારાથી મૌન ધરી બેઠા છો તેનું પ્રયોજન મને સમજાતું નથી. આવા નિર્જન પ્રદેશમાં મનુષ્યને મનુષ્ય જોઇને સ્વાભાવિક સ્નેહ થવો ઘટે છે; પરંતુ આપના વિષે તે નિમિત્તના પ્રેમનું ચિહ્ન પ્રકટ્યું જણાતું નથી તેમાં શો હેતુ છે તે હું જાણવા ઇચ્છું છું.

પ્રવાસી મંદ મંદ હસતાં બોલે છે, ભાઇ ! વિવિધ વિષય જાણવાની ઇચ્છાવાળા પૂછનારાઓને ઉત્તર આપતાં થાકેલો હું નિર્જન પ્રદેશમાં જ ઘણા દિવસથી વિચરૂં છું, તેમ છતાં દૈવવશાત્ તમે અત્ર મળ્યા છો અને પૂછો છો તો શ્રમિત છતાં પણ સંસ્કારના અવધિઅર્થે તમને ઉત્તર આપું છું.

આ જગત્માં ઘણાં આશાના પાશમાં પડેલાં, પ્રતિષ્ઠાનાં લોભી અને ખ્યાતિની ઇચ્છાવાળાં મિથ્યાભિમાની મનુષ્યો અનુભવરહિત

દશામાં પોતાને કોઇ કાંઇ પણ પૂછે તો ઠીક એવી ઇચ્છાવાળાં હોય છે; અને જો કોઈ પૂછનાર મળે છે તો તેને તે અભિમાની મનુષ્ય, પોતાના તથા અન્યના વાસ્તવ કર્તવ્યના જ્ઞાનવિનાનું છતાં અને પૂછેલા પ્રશ્નના યથાર્થ ઉત્તરના અભાનવાળું છતાં મિથ્યા પ્રવૃત્તિને વશ થતું મુખમાં આવી પ્રાપ્ત થતા શબ્દોને વાણીસ્થાનના બલથી બોલે છે; અને પૂછનાર પણ તેને પોતાના સમજવાના સામર્થ્યપ્રમાણે સમજતો સાંભળી લે છે. આ પ્રકારનો વ્યવહાર આ મુખે પણ કરેલો છે; અને હવે આ મુખ એથી વિલક્ષણ વ્યવહારને સેવે છે, છતાં એને બોલવાની અધિક રુચિ થતી નથી. હું મૌનવ્રતવાળો નથી, પણ વિશેષે કરીને મૌનને સેવનાર વૃત્તિવાળો છું.

હે શ્રાવક! સંસારમાં કહેનાર અને સાંભળનાર મનુષ્યની સર્વ પ્રવૃત્તિ સાર્થક હોતી નથી. નિરર્થક વાણીની પ્રવૃત્તિ દોષરૂપ છે એમ જાણનાર પુરુષ પણ એક વાર વાક્પ્રવાહને વેગ આપ્યા પછી ક્ષણે ક્ષણે સાર્થકતાનિરર્થકતાનો વિવેક અધિક સાવધાનતા રાખ્યા વિના જાળવી શકતો નથી. ઘણા કાલમાં અનુભવેલી ઘણી વાર્તાઓને વાર્તાનો પ્રસંગ ચાલવાથી વદવી પડે છે. એક ઉપયોગી વિષયનું કથન કરતાં વાણીના પ્રવાહને પ્રકટાવનાર વૃત્તિથી અનુપયોગી વિષયનું કથન પણ થાય છે; માટે નિષ્પ્રયોજન ન બોલવાના નિશ્ચયવાળો હું આવતાં પ્રથમ જ તમારાથી બોલ્યો નથી.

હે પૃચ્છક! હું અંતરૂથી પ્રાપ્ત થતા વેગઅનુસાર દિશાઓમાં વિચરતો અત્ર આવ્યો છું; અને અંતરૂમાં વેગનાં કારણો શમતાંપર્યંત અથવા આ દેહરૂપ યંત્રના અક્રિય થતાંપર્યંત અદૃષ્ટરૂપ નિમિત્તથી વિચરૂં છું. પૂર્વે કોઈ કાલે મારૂં હિત કે અહિત તમે કર્યું છે કે નહિ, એ વાર્તા આ અંતરૂમાં આ ક્ષણે સ્પષ્ટ નહિ હોવાથી, તેમ જ મિત્રશત્રુભાવથી રહિત રહેવાના અભ્યાસવાળી આ વૃત્તિ હોવાથી તમારાથી બોલવાનો વ્યવહાર મેં કર્યો નથી. મારા પ્રથમથી ન બોલવામાં વિરોધી ભાવ કારણરૂપ ન હતો. નિર્જન પ્રદેશમાં જનસંસર્ગની ઇચ્છાવાળા મનુષ્યને કોઈ સજ્જનમનુષ્ય મળે તો વિલક્ષણ પ્રેમ પ્રકટે એ સ્વાભાવિક છે; અને જનસંસર્ગની ઇચ્છા શમી ગઈ હોય જેને, એવા મારા સરખાને તે પ્રેમ ન પ્રકટે, એ પણ સ્વાભાવિક જ છે. એમાં કોઈ વિશેષ હેતુ હોતો નથી. આ તમારા પૂછેલા પ્રશ્નનાં ઉત્તર યથાપ્રાપ્ત વૃત્તિવડે આપ્યાં છે.

આ પ્રકારે ઉત્તર આપી મૌન રહેલા તે પ્રવાસીને જોઇને આશ્ચર્યથી ક્ષણવાર વારવિજય તે પ્રવાસીપ્રતિ નિર્નિમેષ દૃષ્ટિથી જોઈ

રહીને પછી આ પ્રકારનાં વચનો તેના પ્રતિ બોલ્યો.

વીરવિજય કહે છે, હે મહાત્મન્ ! આપનાં વચનશ્રવણથી અતૃપ્તિને અનુભવતી મારી વૃત્તિમાં આપનું ચરિત્ર જાણવાની જિજ્ઞાસા પ્રકટે છે. જો આપને યોગ્ય ભાસે, અર્થાત્ કોઈ આપને હાનિકર પ્રતિબંધ ન હોય તો આપ કૃપા કરીને એ મારી પ્રકટેલી જિજ્ઞાસાને શાંત કરો. સૂક્ષ્મમાં કે વિસ્તારથી આપનું ચરિત્ર જાણવા ઇચ્છું છું.

પ્રવાસી કહે છે, હે ચરિત્ર જાણવાની ઇચ્છાવાળા ! મારા ચરિત્રને જાણવાની ઇચ્છાવાળા પૂર્વે ઘણા મળ્યા છે, અને ભાવિમાં પણ મળશે; તો દેહપતનપર્યંત મારે અન્યપ્રતિ મારા ચરિત્રને જ કથન કરવું કે શું ? આ જગત્‌માં દરેક વાર્તાના પૂછનારા ઘણા મળે છે, પણ તે કહેનારનો શ્રમ સાર્થક થાય એવું કરનારા ઘણા થોડા હોય છે. મનુષ્યને ત્રણ દશા પ્રાપ્ત થવાનો સંભવ છેઃ-એક તો જીવદશા અર્થાત્ અજ્ઞાન દશા કે કનિષ્ટ દશા. બીજી સાધકદશા અર્થાત્ જીવદશાના વ્યવહારમાં પ્રતીત થતાં છતાં તેમાં નીરસપણાના ભાનવાળી અર્ધ જાગ્રત્ દશા કે જ્ઞાનઅજ્ઞાનની મિશ્રતાવાળી મધ્યમ દશા. અને ત્રીજી સિદ્ધ દશા અર્થાત્ જાગ્રત્ દશા કે ઉત્તમ દશા. એ દશામાં યથાર્થ-અયથાર્થ વસ્તુનું નિઃસંદેહ જ્ઞાન હોયછે. ત્યાં પ્રથમ જીવદશા ત્રણભેદવાળી હોય છેઃ-૧ વિવેકવતી જીવદશા, ૨ અવિવેકવતી જીવદશા, ૩ વિવેકાવિવેકવતી જીવદશા. આ સ્થલે ગુરુ, શાસ્ત્ર અને વૃદ્ધપરંપરાથી ગણાયલા શુદ્ધ વ્યવહારને જાણીને તેપ્રમાણે વર્તવામાં પ્રીતિવાળો રહી તે શુદ્ધાચારથી વર્તનારો વિવેકવતી જીવદશાવાળો જાણવો. બીજો ગુરુ, શાસ્ત્ર અને વૃદ્ધોથી શુદ્ધ ગણાતા આવેલા વ્યવહારને ન સ્વીકારી વિરુદ્ધ વર્તન કરનારો તે અવિવેકવતી જીવદશાવાળો જાણવો; અને ત્રીજો શુદ્ધાશુદ્ધ વ્યવહારને જાણનારો છતાં સ્વાર્થબુદ્ધિ કે દ્વેષાદિ નિમિત્તથી અનિયમિત વર્તનારો અર્થાત્ કોઈ વ્યવહાર વિવેકથી અને કોઈ વ્યવહાર અવિવેકથી કરનારો તે વિવેકાવિવેકવતી જીવદશાવાળો જાણવો. આ ત્રણે ભેદની જીવદશાવાળાનાં તે તે દશામાં કરેલાં ચરિત્રને તે તે ચરિત્રશ્રવણના અધિકારીસમીપ કથવાં જોઇએ; નહિ તો નિરર્થક ગણાય.

બીજી સાધકદશા પણ ત્રણ ભેદવાળી ગણાય એમ છેઃ-૧ અરાગવતી સાધકદશા, ૨ રાગવતી સાધકદશા; અને ૩ રાગારાગવતી સાધકદશા. આ સ્થલે જેને દૃશ્ય વિષયોમાં અનુભવથી દૃઢ દુઃખબુદ્ધિપૂર્વક અસ્પૃહા ઉપજી છે, અને તે અસ્પૃહાયુક્ત છતો મુક્તત્વનાં સાધનોને સેવનારો છે તે ઉત્તમ અરાગવતી કે વિરાગવતી સાધકદશાવાળો જાણવો. જે આ દૃશ્ય વિષયોમાં દૃઢ આસક્તિવાળો છતાં વિષયોની સ્પૃહા-

યુક્ત રહીને મુક્તત્વનાં સાધનોને સેવનારો છે, તે રાગવતી મંદ સાધકદશા કે નિકૃષ્ટ સાધકદશાવાળો જાણવો; અને જે આ વિષયોને સુખદુઃખ ઉભયના હેતુરૂપ માનીને કોઈ ક્ષણે વિષયસેવનમાં પ્રીતિવાળો અને કોઈ ક્ષણે વિષયોમાં વિરાગવાળો રહીને વિષયોના સંસર્ગમાં રહ્યો છતો વિષયોપ્રતિ થતી સ્પૃહાઅસ્પૃહાને આશ્રય આપતો મુક્તત્વનાં સાધનોને સેવે છે તે રાગારાગવતી મધ્યમ સાધકદશાવાળો જાણવો. આ ત્રણ પ્રકારની સાધકદશાવાળાનું તે તે દશાનું ચરિત્ર પણ તે તે પ્રકારની સાધકદશાના અધિકારીસમીપ જ કથન કર્યું સાર્થક ગણાય છે. ઇતરનું ચરિત્ર ઇતરઆગળ પ્રકટ થયેલું અર્થને ઉપજાવતું નથી, પણ અનધિકારના સદ્ભાવે ઘણે પ્રસંગે અનર્થને ઉપજાવનારૂં થાય છે; અને તેથી તે કથન નિરર્થક કે અનર્થક ગણાયછે.

એ જ પ્રકારે સિદ્ધદશા પણ પ્રધાનપણે ત્રણ ભેદવાળી છેઃ-૧ બહિર્ વ્યાપારવતી સિદ્ધદશા, ૨ અંતર્ વ્યાપારવતી સિદ્ધદશા, અને ૩ બહિરંતર્ વ્યાપારવતી (બાહ્યાભ્યંતર વ્યાપારવતી) સિદ્ધદશા. આ સ્થલે બાહ્ય દશ્ય પ્રપંચના સંસર્ગથી જેનું મન તથા જેની ઇંદ્રિયો વિહિત વ્યાપારવાળાં હોય છે, છતાં જેની તત્ત્વનિષ્ઠા કે બ્રહ્મનિષ્ઠા શિથિલ થતી નથી તે બહિર્વ્યાપારવતી સિદ્ધદશા ગણાય છે. જેની વૃત્તિ બાહ્ય દશ્ય પ્રપંચસાથે ઇંદ્રિયદ્વારા સંબંધ કરવાને વેગવાળી થતી નથી, પણ અંતર્ તત્ત્વાનુસંધાનવાળી જ રહે છે, તથા જે અતીતાદિ વ્યવહારને તથા દૂરસ્થ પ્રપંચને અંતર્નાં સાધનોવડે જ જાણવાના સામર્થ્યવાળા છે, તથા વિષયસંસર્ગાદિ નિમિત્ત જેની સ્થૂલ ઇંદ્રિયો વૃત્તિના બલથી બહિર્ વ્યાપારવતી થતી નથી, તેમ જ જેની બ્રહ્મનિષ્ઠા વ્યવધાનરહિત વિદ્યમાન હોય છે, તે બ્રહ્મવિદ્વરિષ્ઠ મહાપુરુષ અંતર્ વ્યાપારવતી સિદ્ધદશાવાળા ગણાય છે.

જેની અંતર્માં પ્રાપ્ત વૃત્તિ કોઈ પ્રસંગે તો બહિર્ વિષયપ્રપંચમાં સંચારવાળી રહી સ્થૂલ ઇંદ્રિયદ્વારા વ્યાપારવતી થાયછે, અને કોઈ પ્રસંગે તો તે અંતર્માં પ્રાપ્ત વૃત્તિ અંતર્માં રહેલી સૂક્ષ્મ ઇંદ્રિયદ્વારા અતીતાદિ અને દૂરસ્થાદિ વ્યવહારવિષયને જાણવાના સામર્થ્યવાળી છતાં અંતર્ તત્ત્વાનુસંધાનને પ્રાપ્ત હોય છે, અર્થાત્ ઉત્થાન તથા નિરુદ્ધ દશાને ભોગવતા છતા જે પુરુષ શુદ્ધ બ્રહ્મનિષ્ઠાથી કદાચિત્ પણ ભ્રષ્ટ થતા નથી તે પુરુષ બાહ્યાભ્યંતર વ્યાપારવતી સિદ્ધ દશાવાળા ગણાય છે.

આ ત્રણ પ્રકારની સિદ્ધ દશામાં પ્રવેશવાના અધિકારને પ્રાપ્ત થયા વિના જ તેના પ્રતિ તે તે દશાનાં ચરિત્ર કથન કર્યાં અધિક ઉપયોગી ગણાતાં નથી. ક્રમે કરીને પ્રથમ અને દ્વિતીય પ્રકારની સિદ્ધ

દશામાં પ્રાપ્ત થયેલો મહાપુરુષ પોતાની મેળે જ ક્રમથી ત્રીજા પ્રકારમાં સ્થિત થાય છે. એવા પુરુષને એ સ્થિતિમાં પ્રવેશવા અર્થે અન્યના બોધની કે પોતાના અધિક પ્રયત્નથી આવશ્યકતા હોતી નથી.

આ જીવદશાઆદિ દશાઓના ત્રણ ત્રણ ભેદ અત્ર કહ્યા છે પણ એના અવાંતર ભેદ ઘણા છે તથા તે તે ભેદનાં સૂક્ષ્મ વિચારથી સમજાય એવાં લક્ષણો પણ છે, તથાપિ પ્રયોજન વિના તે સર્વનું અત્ર કથન કરવું ઉચિત જણાતું નથી.

હે ભાઇ! આ પ્રમાણે છે માટે જો ચરિત્ર શ્રવણ કરવાની ઇચ્છા છે તો કહો કે કયી દશાના કયા ભેદના ચરિત્રને જાણવાની ઇચ્છા છે? અને જો કદાચિત્ તમારા અધિકારની પરીક્ષા તમને ન હોય તો પ્રથમ તમે તમારો વૃત્તાંત કહો, જેથી તમારા અંતર્ની સ્થિતિનું તે ઉપરથી અનુમાન બાંધીને તમારા અધિકારયોગ્ય ચરિત્ર તમને કહું. યદ્યપિ તમારૂં કથન શ્રવણ કરવામાં વૃત્તિ રોકવાથી દોષપ્રાપ્તિનો સંભવ છે, તોપણ દૈવયોગથી સમીપ બેઠા છીએ, માટે કહેવુંસાંભળવું ધર્મરૂપ ગણાય છે.

આ પ્રકારનાં તે પ્રવાસીનાં વચન સાંભળીને **વીરવિજયે** પોતાના નિશ્ચયસહિત વ્યતીત સર્વ વાર્તાને કહી સંભળાવી; અને પછી પોતે પોતાના અધિકારને સમજતો હતો તોપણ અન્ય યોગ્ય પુરુષના મુખથી પોતાના અધિકારને જાણવાની ઇચ્છાવાળો તે મૌન રહ્યો.

પ્રવાસીએ સ્થિરતાથી **વીરવિજયનો** વૃત્તાન્ત સાંભળ્યો, અને પછી કહ્યું હે ભાઇ! રાગારાગવતી સાધક દશાના એક ભેદમાં તમારો સમાવેશ થાય છે. તમે દૃઢ પ્રતિજ્ઞાવાળા છો, તેથી વિષયની સ્પૃહાવાળા છતાં તથા વિષય પ્રાપ્ત થતાં છતાં પણ પ્રતિજ્ઞાની હાનિ કરીને સ્પૃહાને વશ થઇ વિષય સેવતા નથી, એટલી વિલક્ષણતાથી તમે તે રાગારાગવતી સાધક દશાના ઉત્તમ ભેદમાં સ્થિત છો, એમાં સંદેહ નથી. હવે તમારી ઇચ્છા છે તો તમારા અધિકારમાં ઉપયોગી એવા મારા ચરિત્રને કહું છું તે શ્રવણ કરો.

જ્યારથી આ દૃશ્ય સંસારમાં સુખને તથા સુખનાં સાધનોને હું જાણતો થયો ત્યારથી જેમ આ સમુદ્રના જલમાં નાનામોટા તરંગો ઉઠતા અને શમતા પ્રતીત થાયછે તેમ મારા અંતઃકરણમાં નાનામોટા અનેક વિચારસંકલ્પરૂપ તરંગોને ઉઠતા અને અળપાતા હું અનુભવવા લાગ્યો. લોકપ્રતીતિથી જે જે વિષયપદાર્થોને સુખના સાધનરૂપ મેં જાણ્યા તે તે વિષયપદાર્થોને પ્રાપ્ત કરવાને મેં વિવિધ પ્રકારે યત્ન કર્યો. યત્નવડે પ્રાપ્ત કરેલા તે તે પદાર્થોના સહવાસથી તથા ભોગથી મેં તે તે પદાર્થનાં

સુખદદુઃખદ સ્વરૂપનો અનુભવદ્વારા નિશ્ચય કરયો. જેમાં જેમાં મને દુઃખની અધિકતા અને સુખની ન્યૂનતા પ્રતીત થતી તેમાં તેમાં હું દોષરૂપતાને દૃઢપણે સ્થાપતો અને વૃત્તિને એવો દૃઢ ભાવ આપતો કે વૃત્તિયો પુનઃ તે દોષના આધિક્યવાળા પદાર્થમાં સુખનું ભાન કરી પ્રવેશતી ન હતી.

હે ભાઈ! જે જે પદાર્થમાં મને સુખબુદ્ધિ થતી તે તે પદાર્થને હું પ્રાણાંત કષ્ટ સહન કરીને પણ પ્રાપ્ત કરતો તથા તેને સેવતો. એ અવસ્થામાં મેં વિષયસુખની અભિલાષાથી જે જે કષ્ટ અનુભવ્યાં છે તે **न भूतं न भविष्यति** એવાં છે; અર્થાત્ એવાં કષ્ટો કોઇ પ્રાકૃત જીવે એ પૂર્વે અનુભવ્યાં સાંભળ્યાં નથી અને આગળ કોઇ અનુભવશે એવું અનુમાન બંધાતુ નથી. તાત્પર્ય એટલું જ કે અસહ્યસરખાં કષ્ટોને મેં અનુભવ્યાં છે. તે સર્વ પ્રસંગને વર્ણવવા આ વૃત્તિમાં આ ક્ષણે ઉત્સાહ નથી, અને આ તમારી સ્થિતિમાં આ સમયે તે સર્વે શ્રવણ કરવાજેટલો તમને અવકાશ પણ નથી. તોપણ સૂક્ષ્મમાં કહું છું કે દીન અને દરિદ્રી મનુષ્યોની સ્થિતિને તથા મધ્યમ શ્રીમંતોની સ્થિતિને તથા ઉત્તમ રાજાઓની સ્થિતિને મેં અનુભવી છે. આ લોકમાં મનાતા ઉત્તમોત્તમ વિષયપદાર્થોને મેં પ્રાપ્ત કરી તજ્જન્ય સુખના સ્વાદ લીધા છે. તે તે પદાર્થોની પ્રાપ્તિઅર્થે મેં ભયંકર પર્વતની ગુહાઓમાં પ્રવેશ કરયો છે. બલવાન્, ઉન્મત્ત, રાક્ષસસરખાં વિકરાલ શરીરવાળાં, મનુષ્યસમાન આકારવાળાં પ્રાણિઓસાથે તથા પ્રાણઘાતક, દુષ્ટ, અને સામર્થ્યવાળાં વનનાં પશુઓસાથે મેં યુદ્ધ કરયાં છે. જલમાં અને અગ્નિમાં જીવનની આશા ત્યજીને પદાર્થલાલસાથી પ્રવેશ કરયો છે. દુર્જર અને મરણને પ્રાપ્ત કરનાર વિષને જેરવ્યાં છે. વિષની જ્વાલાઓ જ્યાં પ્રસરતી એવાં સ્થલોમાં પ્રવેશ કરયો છે. આ ભૂમિનાં તલોને ખોદી ખોદીને નાના પ્રકારની નિધિને પ્રાપ્ત કરી છે. આ આદિ અનેક તપરૂપ કષ્ટવડે પ્રાપ્ત કરેલા તે પદાર્થોનાં રક્ષણઅર્થે સહસ્રાવધિ મનુષ્યાદિ પ્રાણિઓના પ્રાણ લીધા છે, અને વિઘ્નથી રહિતપણે પ્રાપ્ત કરેલા વિષયપદાર્થોના ભોગથી તેના વડે થતા સુખદુઃખનો અનુભવ કરયો છે.

હે **વીર**વિજય! સ્વધર્મના રક્ષણઅર્થે પણ અનેક પ્રકારનાં વિકટ અને આશ્ચર્યરૂપ સંકટો સહ્યાં છે. આ સંસારમાં અમુક કઠિન પણ પરોપકારી કાર્ય કરવાને હું અસમર્થ છું એવું વદવું એ મને અત્યંત અરુચિકર હતું. તેથી જે જે કઠિન કાર્ય વ્યવહારમાં ગણાતાં તે તે નિર્દોષ માર્ગે મેં સાધ્યાં છે. આ વિધિ નિકૃષ્ટથી તે ઉત્તમોત્તમ વ્યવહારદશાને અનુભવતાં મેં આ સર્વ વ્યવહાર તુચ્છ અને હેય છે એવો અંતમાં

નિશ્ચય કરચો.

અંતમાં જે વ્યવહારને મેં તુચ્છ અને હેયરૂપ જાણ્યા તેમને જ્યારે હું પ્રીતિપૂર્વક સેવતો અને તે વ્યવહારને ઉત્તમ અને ઉપાદેયરૂપ માનતો ત્યારે હું અભિમાન અને ગર્વથી અંધ હતો એવું પણ પશ્ચાત્ મારા સમજવામાં આવ્યું.

હે નરેશ ! આ લોકમાં જે રાજાના સમીપ દુષ્ટ સ્વભાવવાળું પ્રધાનમંડલ પ્રાપ્ત હોય છે તે રાજાને તે, દુષ્ટતાથી અને દુઃખથી યુક્ત રાખે છે અને જે રાજાનાસમીપ પ્રધાનમંડલ શુદ્ધ સુસ્વભાવવાળું હોય છે તે રાજાને તે સદ્‌ગુણ, સમૃદ્ધિ, અને સુખથી યુક્ત રાખે છે, તેમ આ મનુષ્યશરીરમાં જે પુરુષને અંતર્‌માં સમીપ રહી વ્યવહાર સધાવનાર હોવાથી પ્રધાનમંડલરૂપ અંતઃકરણ મલિન સંસ્કારવાળું દુષ્ટ હોય છે તે પુરુષને તે અંતઃકરણ સદા કલેશ, દુઃખ અને દુર્ગુણોથી યુક્ત રાખે છે; અને જે પુરુષને તે પ્રધાનમંડલરૂપ અંતઃકરણ શુદ્ધ સંસ્કારવાળું પ્રાપ્ત હોય છે તે પુરુષને તે શુદ્ધ અંતઃકરણ સદ્‌ગુણરૂપ દૈવીસંપત્તિથી અને સુખથી યુક્ત રાખે છે. વળી આ લોકમાં જે પુરુષને પોતાની ધર્મપત્ની પતિવ્રતધર્મ પાલન કરનારી અને સર્વ પ્રકારે અનુકૂલ વર્તન કરનારી હોય છે તે પુરુષ સુખાનુભવ કરે છે અને જે પુરુષની પત્ની પ્રતિકૂલ આચરણ કરનારી, સ્વચ્છંદી અને પતિભક્તિ વિનાની હોય છે તે પુરુષ સદા દુઃખાનુભવ જ કરે છે, તેમ જે પુરુષને અનુકૂલ નિશ્ચય આપનારી શુદ્ધ સંસ્કારવાળી, અને અંતર્ આત્મારૂપ પતિમાં નિષ્ઠાવાળી મતિ પ્રાપ્ત હોય છે તે પુરુષ સદા સુખાનુભવ કરે છે; અને જે પુરુષની મતિ પ્રતિકૂલ નિશ્ચય આપનારી અને બાહ્ય વિષયોમાં જ સુખનું ભાન કરાવનારી હોય છે તે મતિ તે પુરુષને સદા દુઃખાનુભવ કરાવનારી હોય છે. વળી હે રાજન્ ! જે મહારણમાં ઉતરેલો મહારથી પુરુષ હોય તેનો સારથી જો તે મહારથીના હિતને જાણનાર તથા સાધવામાં સાવધાન હોય તેમ જ મહારથીની અનુમતિપ્રમાણે વર્તવામાં પ્રમાદરહિત હોય તથા તે રથને જોતરેલા અશ્વો તે સારથીને અધીન અને રણભૂમિમાં વિચરવામાં નિપુણ હોય છે તો તે મહારથી યશકીર્તિને તથા જયને મેળવીને સ્વગૃહે સુખરૂપ આવી સ્થપાયછે, નહિ તો અજય પામે છે વા રણમાં જ હણાય છે, તેમ જે પુરુષને આ ભવરણમાં સારથીરૂપ મન હિતાહિતને જાણનાર તથા પુરુષના હિતને સાધવામાં પ્રમાદરહિત હોય તેમ જ ઇન્દ્રિયોરૂપ અશ્વ તે મનરૂપ સારથીને વશ વર્તતા હોય તથા વિવિધ અસંખ્ય વિષયરૂપ રિપુઓથી ભરેલા આ ભવરણમાં વિચરવામાં નિપુણ હોય તો તે પુરુષ આ

ભવરણમાં યશકીર્તિ તથા જયને મેળવીને પરમાત્મસ્વરૂપરૂપ પોતાના ગૃહમાં સુખરૂપ વસે છે. અને આ ભવરણમાં ઉતરેલા જે મહારથી પુરુષના સારથીરૂપ મન મહારથીની અનુજ્ઞાથી પ્રતિકૂલ વર્તનાર હોય તથા શ્રેયસ્‌ના સમયમાં યોગ્ય પ્રવૃત્તિમાં પ્રમાદને સેવનારૂં હોય તથા તે મનસારથીના અશ્વરૂપ ઇન્દ્રિયો પણ સારથીરૂપ મનને અનધીન વર્તનાર હોય તથા આ ભવરણમાં સંમુખ આવેલા અનેક શત્રુરૂપ વિષયોથી ટળવાના વા તેને ટાળવાના સમયમાં તે સારથીરૂપ મનના પ્રેર્યા છતાં પણ અકુશલપણાથી કે વિરોધબલથી વિપરીત વર્તનાર હોય તો તે સારથીસહિત મહારથીનું અહિત કરનાર અશ્વરૂપ ઇન્દ્રિયો તે પુરુષનું અહિત જ કરે છે અને અપયશ, અપકીર્તિ તથા અજય અપાવી ભયથી ભગાડે છે વા હણાવે છે, માટે હે ભાઇ! આ સંસારમાં સાવધાન પુરુષે અંતઃકરણ શુદ્ધ મળ્યું ન હોય તો કરવું, બુદ્ધિ શુદ્ધ સંસ્કારી ન હોય તો કરવી, અને મન તથા ઇન્દ્રિયો અત્યંત અનુકૂલ વેગવાળાં ન હોય તો તે સંબંધે પ્રયત્ન કરવો.

આ પ્રકારના નિશ્ચયમાં જ્યારે હું સ્થપાયો ત્યારથી મેં અંતર્-બાહ્ય વ્યવહારને અનુકૂલ કરવા આરંભ્યું હતું. બાહ્ય વ્યવહારમાં પણ પ્રતિકૂલ સ્વભાવના પ્રાણિથી થતો ઉપદ્રવ મેં અનુભવ્યો હતો, અને અંતર્‌માં રહેલી પ્રતિકૂલતા પણ મને અનર્થ આપનાર થઈ હતી. તેથી મેં એક સરખી રીતે વિવેક પ્રાપ્ત થયો કે તત્કાલ અંતર્બહિર્ અનુકૂલતા સધાય એવા ઉપાયો યોજવા માંડ્યા હતા. ઉપાયો યોજતાં છતાં બાહ્ય પ્રતિકૂલતા તો કઠિનતાથી શમતી હતી, અને અંતર્‌નું વિરોધીપણું તો ઘણે કષ્ટે પણ સહજમાં શમતુ ન હતું. તે શમાવવાને મને જે કષ્ટ પડ્યું છે તે પણ દુઃસહસરખું હતું.

હે ભાઇ! આ જગત્ જીવની સત્તાથી ઉત્પત્તિ, સ્થિતિ તથા લયને પ્રાપ્ત થતું નથી. આ દૃશ્ય પદાર્થોનો સંબંધ અને ભેદ પણ જીવને અધીન નથી. સંયોગ તથા વિયોગમાં અદૃષ્ટ કારણરૂપ હોવાથી જીવના ધારેલાપ્રમાણે કાલે કાલે પ્રિયઅપ્રિય પ્રાણિપદાર્થનો સંયોગ થતો નથી. આ કારણથી હું ઇચ્છાપ્રમાણે દુઃખને તથા દુઃખનાં સાધનોને ટાળી શકતો નહિ, તેમ જ સુખને તથા સુખનાં સાધનોને ઉપજાવી કે મેળવી શકતો નહિ એથી મને પરવશતાનો નિશ્ચય થયો, અને તેથી મુક્ત થવાની દૃઢ ઇચ્છા થઇ. કાલે કરીને મેં સ્વતંત્રતાના માર્ગની શોધ કરી, અને તે માર્ગ પ્રાપ્ત થવાથી મેં તે માર્ગમાં ગતિ કરવાનો દૃઢ સંકલ્પ કરચો. વિઘ્નોને આવતાં યુક્તિથી અટકાવ્યાં. આવી પડેલાં વિઘ્નોને યુક્તિથી ટાળ્યાં, અને દીર્ઘ પ્રયત્ને હું બાહ્ય સંસર્ગ જે વ-

ર્ણાશ્રમધર્મથી સેવ્યરૂપ હતો તેનાથી મુક્ત થયો; અને તે પછી ગંતવ્ય માર્ગે વહેતો થયો. પ્રાપ્તવ્યનિમિત્ત નિશ્ચય કરેલું કર્તવ્ય સાધ્યું, અને આજે કૃતકૃત્યતાને, નિત્યતૃપ્તિને તથા સ્વતંત્રતાને અનુભવું છું.

આટલું બોલીને જ્યારે તે પ્રવાસી મૌન રહ્યો ત્યારે હવે પછી આ પ્રવાસી કાંઈ કહેશે કે નહિ એવા સંશયમાં પડેલો વીરવિજય ધૈર્ય ત્યજીને બોલ્યો, હે મહાત્મન્! આપ આગળ કાંઈ કહેવાનું રહ્યું નહિ હોય એવાં વચનો બોલીને મૌન રહ્યા તેથી મને સંશય થાય છે કે આપ આપનું આશ્ચર્યરૂપ ચરિત્ર પૂર્ણ રૂપમાં મને કહેશો કે કેમ? આ સંશયને પ્રાપ્ત થવાથી પુનઃ મારા અધૈર્યને અને ઇચ્છાને જણાવતો આપને વિજ્ઞપ્તિ કરૂં છું કે કૃપા કરીને આપ આપનું ચરિત્ર વિસ્તારથી મને શ્રવણ કરાવો. આપ સ્વતંત્ર છો, તો પણ અનુગ્રહબુદ્ધિથી મારે અર્થે આટલી પરવશતાને સ્વીકારો. હે ભગવન્! હવે આપ્તકામ થઈ રહેલા આપને તે ચરિત્ર કથન કરવાથી કાંઈ પણ હાનિ થવાનું ભય નથી.

આ પ્રકારનાં તે વીરવિજયનાં વચનને શ્રવણ કરીને તે પ્રવાસી પુરુષે કહ્યું કે હે ભાઇ! જેમ હાનિ થવાનું ભય નથી, તેમ લાભ થવાની આશા પણ નથી. તો પછી પ્રવૃત્તિમાં પ્રયોજન શું?

શ્રીવીરવિજયે કહ્યું, હે સ્વતંત્ર મહાપુરુષ! આપને કંઈ પણ પ્રાપ્તવ્ય શેષ રહ્યું નથી, અને તેથી આપ કૃતકૃત્ય છો જેથી આપની સર્વ પ્રવૃત્તિ નિષ્પ્રયોજન જ ગણાય એમ છે. તથાપિ આ સ્થલે મારા પ્રતિ આપનું ચરિત્ર કથન કરવામાં તો પરોપકારરૂપ પ્રયોજન છે. મારા ઉપર આપનો મોટો ઉપકાર થશે. કદાચિત્ આપ કહેશો કે મારે પરોપકારથી પણ કોઈ ફલ મેળવવું નથી, તો પછી પરોપકાર પણ શા માટે કરવે? તો તેમ નથી, કારણ કે પરોપકારાર્થે પ્રવૃત્તિ કરવી એ આપ મહાપુરુષનો સ્વભાવ જ છે; અને સ્વભાવનો કોઈ ત્યાગ કરતું નથી. આપ પણ સ્વભાવથી જ જ્યાં ત્યાં વિચરો છો તો સ્વભાવથી પ્રાપ્ત થયેલા મારા પ્રતિ આપ સ્વભાવથી આપના ચરિત્રને વર્ણો, એ સ્વાભાવિક પ્રવૃત્તિ છે. એમાં ફલ કે પ્રયોજન નિમિત્ત નથી. વળી આપ સર્વજ્ઞ હોવાથી અદૃષ્ટના પણ જ્ઞાતા છો. જે જે ક્રિયામાં અદૃષ્ટ કારણ હોય તે તે ક્રિયાને પણ અદૃષ્ટના અધિષ્ઠાતારૂપ આપ સ્વાભાવિક ગણીને કરો, એમાં આશ્ચર્ય નથી. માટે હે દેવ! આપ અનુગ્રહ કરો અને આપનું પરમઉત્કૃષ્ટ ચરિત્ર શ્રવણ કરવાની મારી ઇચ્છાને પૂર્ણ કરો.

વીરવિજયનાં આ વચન શ્રવણ કરીને પ્રવાસી મહાત્મા બોલ્યા,

હે ભાઈ ! તમારી ઇચ્છા પૂર્ણ કરવી, એ મને બંધનરૂપ નથી. તમારાં વચનોનાં યોગ્ય ઉત્તરો આપવાને તેમ જ મૌન રહેવાને, તથા મારૂં ચરિત્ર કહેવાને તેમ જ ન કહેવાને હું સ્વતંત્ર છું. તથાપિ નિષ્પ્રયોજન સ્વભાવમાત્રથી થતી પ્રવૃત્તિને જ્યાં સુધી મેં રોકી નથી ત્યાં સુધી લાભહાનિરૂપ પ્રયોજન વિના પણ અનાયાસ પ્રસંગ આવ્યો છે તેથી મારા ચરિત્રને સૂક્ષ્મમાં કહું છું. તેમાં જે જે મારી પ્રવૃત્તિ ન વર્ણાય તે તે તમારા હિતની નથી, એમ જાણવું; અને જે જે મારી પ્રવૃત્તિ હું વર્ણું તે તે ઉપયોગી ગણી લક્ષમાં રાખવી. આ જગત્‌માં એક મનુષ્યથી કરાયલી ક્રિયા કે સધાયલા નિશ્ચયો સર્વને સર્વાંશે ઉપયોગી છે, એમ નથી. તોપણ કોઈ કોઇને તે પ્રસંગપરત્વે અધિકું ઉપયોગી હોય છે. માટે હું મારા જન્મથી આરંભીને સ્વલ્પમાં જે જે કહું તે તે સાવધાન ચિત્તથી ગ્રહણ કરવું.

આ શરીરસંબંધથી શરીરીને ક્ષત્રિયજાતિની પ્રાપ્તિ થઈ હતી; અર્થાત્ ક્ષત્રિયકુલમાં આ શરીરમાં શરીરીરૂપે મનાયલો હું સાઠ વર્ષ પૂર્વે જન્મ્યો હતો. મારા જન્મથી પિતાને તથા રાજકુટુંબમાં તેમ જ પ્રજામાં મોટો હર્ષપ્રસંગ પ્રાપ્ત થયો હતો. મને પાંચ વર્ષ થયાં ત્યારે પિતાને મોટું ભય પ્રાપ્ત થયું. પિતાની વૃદ્ધાવસ્થા હોવાથી અને અન્ય શત્રરાજાઓનું બલ વૃદ્ધિને પામેલું હોવાથી તેમણે એકે કાલે રાજ્યને સર્વ દિશાથી ભય પ્રાપ્ત થાય એમ કર્યું; અને જેને જેમ જેમ અનુકૂલ આવતુ ગયું તેમ તેમ મારા પિતાના રાજ્યના વિભાગોને રિપુઓએ સ્વાધીન કરી લીધા. સ્વાભાવિક નિયમ છે કે જ્યારે જ્યારે મનુષ્યને પ્રતિકૂલ દૈવબલ આવે છે ત્યારે એક ક્ષણમાં સર્વ સંપત્તિ અનેક નિમિત્તથી હરાઈ જાય છે, અને આપત્તિ આવીને ઉભી રહે છે. પ્રતિકૂલ પ્રારબ્ધબલથી બુદ્ધિમાન્ પુરુષની બુદ્ધિ અને બલવાન્ પુરુષનું બલ હણાય છે, અને સર્વ પ્રકારે તે હીનસત્ત્વ થાયછે. અર્થાત્ સ્વજન અને મિત્રો પણ શત્રુતાને ગ્રહે છે. આ ન્યાયે તે સમયે પ્રતિકૂલ દૈવબલથી મારા પિતાને સર્વ પ્રકારની પ્રતિકૂલતા આવી. વિશ્વાસપાત્ર પ્રધાન અને પ્રધાન રાજસેવકો શત્રુને અનુકૂલ થતા જણાયા. શત્રુનો પરાભવ કરવાસરખો સમય અધિક વિચાર કરતાં મારા પિતાને ભાસ્યો નહિ. અને તેથી તેમણે કાલબલને અનુસરીને મારી માતાનું, મારૂં તેમ જ રાજકુલની સ્ત્રિયોનું રક્ષણ થાય તથા પોતાને શત્રુને શરણ થવાનો પ્રસંગ ન આવે એવો યોગ્ય વિચાર કર્યો. પશ્ચાત્ મારી માતાઆદિ સ્ત્રિયોસહિત મને, પોતાના વિશ્વાસપાત્ર, ભેદને નહિ પામેલા મનુષ્યોસહ ઘટિત પદાર્થોસાથે રાજનગ

રમાંથી કોઈ સ્થલનો સંકેત કરીને વિદાય કરચો, અને મારા પિતાએ પણ પાછળથી ત્યાં આવવાનો નિશ્ચય કર્યો. સુદૈવયોગે અમે સર્વ શત્રુના ભયથી મુક્ત થઇને નિશ્ચય કરેલે સ્થલે પ્રાપ્ત થયાં. મારા પિતા સમયોચિત વિચાર કરીને શત્રુને હસ્તગત ન થતાં સાવધાનતાથી અમારા સમીપ આવી પહોંચ્યા. જે સ્થલે અમે ગયાં હતાં તે સ્થલ એક મહાસમર્થ ઋષિનો આશ્રમ હતો અને તે આશ્રમ રમણીય પર્વતની ગુહામાં હતો. એ પર્વત જે રાજ્યની મર્યાદામાં હતો તે રાજ્યાધિપતિ મારા પિતાનો પ્રિય મિત્ર હતો. તે રાજા મિત્ર હોવાથી સાહાય્ય આપે એવો હતો, તોપણ તે શત્રુના બલને ત્રોડી શકે એટલા મોટા ઐશ્વર્યવાળો ન હતો, તેથી તે રાજાને સમાચાર જણાવ્યા વિના જ મારા પિતા મારા સહિત સર્વને રક્ષતા તે ઋષિના પવિત્ર આશ્રમમાં જ રહ્યા. આપત્તિમાં આવેલા પુરુષના મિત્રો પણ પ્રસંગે મિત્રતા ત્યજી દે છે, એ વાર્તાને જાણનારા મારા પિતા આપત્તિના સમયમાં તે મિત્રરાજાના ગૃહપ્રતિ ન જતાં આશ્રમમાં જ દિવસો વ્યતીત કરવા લાગ્યા. ઈશ્વરનું ધ્યાનસ્મરણચિંતન કરતાં દુઃખ તથા આપત્તિનું વિસ્મરણ કરીને તેમણે મારા સુભાગ્યના ઉદયની આશા બાંધીને દિવસો વ્યતીત કરવા માંડયા.

મને યોગ્ય સમયે તે ઋષિના આશ્રમમાં જ વિધિવત્ શેષ સંસ્કાર સર્વ આપ્યા, અને તે દયાલુ મહર્ષિએ મને પુત્રથી પણ અધિક પ્રિય ગણીને વિદ્યાભ્યાસ કરાવ્યો. પ્રતિદિવસ વૃદ્ધિને પ્રાપ્ત થતો હું મારા તેજ, બલ તથા પરાક્રમથી મારાં માતાપિતાને આનંદાવિર્ભાવ કરનાર થતો હતો. તે કૃપાલુ મહર્ષિએ મારા ભવિષ્યમાં ઉદય થનાર સુભાગ્યની ઘણી સ્તુતિ કરી, અને તેથી આશાવશ રહેલાં મારાં માતાપિતા પોતાના એક પક્ષથી દુઃખના મનાતા દિવસોને પણ સુખમાં ગાળતાં હતાં. ઋષિના બાલકની પેઠે ધર્મકર્મને આચરતો, યોગ્ય પ્રકારે અધ્યયન કરતો હું ઉછરતો અને મારાં માતાપિતા પણ ઋષિધર્મને સેવતાં, તપ કરતાં તે આપત્તિને પણ પ્રસંગે સંપત્તિરૂપ ગણતાં હતાં. ઋષિમહાત્માએ મને ક્ષત્રિયનાં ધર્મકર્મનું ઉત્તમ પ્રકારે જ્ઞાન આપ્યું; અને બ્રાહ્મધર્મનું સ્વરૂપ પણ મને યથાવત્ સમજાવ્યું. આપ્રમાણે તે આશ્રમમાં અગીયાર વર્ષ અમે ગાળ્યાં, અને તેથી મારૂં વય સોળ વર્ષનું તે આશ્રમમાં જ થયું. મેં મારાં માતાપિતાનાં મુખથી સમયે સમયે શ્રવણ કરીને તેમનાં સુખદુઃખની સર્વ વાર્તા જાણી હતી. મારા જન્મપૂર્વ અને તે પછીના સર્વ વૃત્તાન્તને જાણીને, તે સમયે એટલે મારા વયના સોળમા વર્ષે મને અંતરમાં

પિતામાતાને રાજ્યસુખથી ભ્રષ્ટ થયેલાં જાણીને અધિક સંતાપ થવા લાગ્યો. મારા હૃદયમાં વારંવાર શત્રુને હણુવા આવેશ આવતો, પણ નિરાધારસરખો, ઋષિના આશ્રમમાં રહેલો હું શત્રુઓને કેવે પ્રકારે વશ વર્તાવું એ શોધી શકતો ન હતો. મને મારા શરીરબલનો, મનોબલનો, અને વિદ્યાબલનો જેટલો અનુભવ હતો તે પ્રમાણમાં હું મને પોતાને મારા પિતાના શત્રુઓનો પરાભવ કરવાને સમર્થ માનતો હતો. તોપણ વ્યવહારમાં અત્યંત કુશલ, સર્વ પ્રકારના અનુભવવાળા, અને યોગ્યાયોગ્ય વિચાર કરવામાં નિપુણ એવા મારા પિતા ત્યાંપર્યંત મને બાલક ગણીને મારૂં અનેક વિધિથી રક્ષણ કરતા હતા. એ સમયે મને સમજાયું હતું કે આ જગતમાં માતાપિતાનો પુત્રઉપરનો પ્રેમ કેવલ અપ્રતિમ હોય છે. મારા સામર્થ્યનો પ્રસંગપરત્વ તેમને અનુભવ થતો, તોપણ પુત્રબુદ્ધિથી મને બાલક ગણીને તથા અત્યંત પ્રીતિપાત્ર માનીને તેઓ અલ્પ સમય પણ મને દૃષ્ટિથી દૂર રહેલો સહન કરી શકતાં ન હતાં. ક્રમે કરીને તે ઋષિમહાત્માએ અમારા અનુકૂલ દિવસબલનો સમય કહ્યો હતો, તે હવે સમીપ આવ્યો જાણી અમે તે સુયોગની વાટ જોતાં હતાં.

જ્યારે મારા પિતાના રાજ્યઉપર શત્રુઓએ ત્રાસ વર્તાવ્યો, અને મારા પિતાના રાજ્યના વિભાગ કરીને તે શત્રુઓએ પોતપોતાના રાજ્યસાથે જોડી દીધા, ત્યારે જેની સત્તામર્યાદામાં અમે આવી રહ્યાં હતાં, તે મારા પિતાના મિત્ર મારા કુટુંબનું શું થયું, એની ઘણી શોધ કરી હતી, પણ તેને અમારા એ આશ્રમમાં આવી રહ્યાના ખરા સમાચાર કોઇદ્વારા જાણવામાં આવ્યા ન હતા. પણ એટલું જાણવામાં આવેલું કે કુટુંબસહિત રાજા કોઇ સ્થલે જતા રહ્યા છે. આ સમાચાર જાણ્યા પછી તે મારા પિતાના સાચા મિત્રે નિરંતર અમારી શોધમાં ચિંતા રાખી હતી, પરંતુ તેનો ચિંતાપૂર્વક કરેલો યત્ન મારૂં સોળ વર્ષનું વય થતા સુધી સફલ થયો ન હતો.

અમારા પ્રતિકૂલ ગણીએ તો પ્રતિકૂલ દૈવથી કે અનુકૂલ ગણીએ તો અનુકૂલ દૈવથી પણ તે રાજાને અગીયાર વર્ષપર્યંત પોતાની સત્તામર્યાદામાં છતાં એ આશ્રમમાં આવવાનો યોગ આવ્યો ન હતો. પછી અનુકૂલ દિવસબલથી એક દિવસ તે રાજા વિચરતો વિચરતો એ આશ્રમપ્રતિ આવી ચઢ્યો. આવીને તેણે ઋષિને સવિનય પ્રણામ કર્યા, અને ઋષિએ તે રાજાને આસન અપાવી ઘટિત આતિથ્ય કર્યું. મારા પિતાને તેમણે દૂરથી જોયા અને ઓળખ્યા, તેમ જ મારા પિતાએ પણ તેમને ઓળખ્યા. મારા પિતાને જોઇને જેના

હૃદયમાં પ્રેમનો આવેશ આવ્યો હતો, તથા નેત્રમાં હર્ષાશ્રુ જેને વહી આવ્યાં હતાં એવો તે રાજા, એકાએક ઉઠી સમીપ ગયો, અને મારા પિતા પણ સજલ નેત્ર તથા હર્ષિત હૃદયથી ઉઠી સંમુખ આવ્યા. પરસ્પરે મળી પ્રેમાલિંગન લીધું, પણ તત્કાલ કંઈ બોલી શક્યા નહિ. પછી સ્વસ્થ થઇ પરસ્પરના હસ્ત ગ્રહી બેઠા, અને ઉચિત વ્યતીત વાર્તા કરી. અમે આ સ્થલે આટલા દિવસ આ સ્થિતિમાં ગાળ્યા એ જાણીને તેને ઘણો શોક થયો, પણ મારા પિતાએ અમારા પ્રતિકૂલ દૈવબલને નિમિત્ત કારણ જણાવી અનેક પ્રકારથી તેમને સંતોષ ઉપજે એવું સમાધાન આપ્યું.

મારાપિતાએ મને બોલાવીને પોતાના મિત્રને ઓળખાવ્યો; એટલે ઘણા પ્રેમથી તે રાજાએ મને પોતાના ઉત્સંગઉપર બેસાડીને અપૂર્વ સ્નેહ દેખાડયો, મારે મસ્તકે હસ્ત ફેરવ્યો, અને આ સ્થિતિમાં હું ઉછર્યો તે નિમિત્ત ઘણો અસંતોષ દેખાડયો. પછી મારા પિતાને આગ્રહથી સહકુટુંબ પોતાના સ્થાનમાં આવવા સાવધાન થવા સૂચવ્યું, અને પોતાના સેવકોને વાહનની વ્યવસ્થા કરી રાખવા આજ્ઞા આપી. ઋષિમહાત્માને તે રાજાએ ધન્યવાદ અર્પ્યા, અને અમારૂં તેમના આશ્રમમાં રક્ષણ થયું તે નિમિત્ત તે રાજાએ ઋષિનો મોટો ઉપકાર માન્યો. પછી અમને સર્વને પોતાને ઘેર આવવા દેવાને તે રાજાએ ઋષિને પ્રાર્થના કરી, અને સાચો પ્રેમ જાણીને ઋષિએ તે સ્વીકારી. તે રાજાઆગળ મારા સુભગની ઋષિએ ઘણી સ્તુતિ કરી, અને મારા ગુરુરૂપે તેમણે પોતાના જાણવામાનવાપ્રમાણે મારાં શરીર, બુદ્ધિ તથા વિદ્યાબલસંબંધે ઘણું સંતોષ ઉપજે એવું કહ્યું. ઋષિનાં સર્વ વચનોથી અધિક પ્રસન્ન થતા તે રાજા પુનઃ પુનઃ મારા પ્રતિ અધિક પ્રેમથી જોતા હતા. અલ્પ સમયમાં વાહનાદિની વ્યવસ્થા થયાના સમાચાર તે રાજાને પોતાના સેવકોથી મળ્યા. પછી તત્કાલ અમે ત્યાંથી વિદાય થવાને નિશ્ચય કરયો. મારા પિતાએ ઋષિને પ્રણામ કરીને સવિનય નિવેદન કર્યુ કે આપનો ન વળી શકે એવો અમારા ઉપર ઉપકાર થયો છે. તોપણ તેનો અંશતઃ પણ બદલો વાળવાનો યોગ્ય સમય અમને પ્રાપ્ત થાય એવી આપ કૃપા કરજો, એમ વદીને નમ્રતાથી મારા પિતાએ યથાશક્તિ ભેટ અર્પી તથા તે રાજાએ પણ ભેટ અર્પી. તે ઋષિમહાત્માએ વરવચન વદીને અંતમાં એ કહ્યું કે મારે પામવાયોગ્ય, વસ્તુતઃ આ દૃશ્ય જગત્‌માં પ્રતીત થતા અસંખ્ય પદાર્થોમાંનો કોઈ પણ પદાર્થ નથી, તેથી તમે નિઃશંક રહેશો; અને મેં જે કર્યું છે તે મારો મનુષ્યત્વને ઘટે એવો સામાન્ય ધર્મ સાધવાને જ કર્યું છે. એથી વિશેષ

કાંઈ કરયું નથી. અને જ્યારે આ તમારો પુત્ર વિજય કરી રાજ્ય કરશે ત્યારે પ્રજાને ન્યાયથી સુખ તથા અભય આપીને તથા હું સરખા બ્રાહ્મણોની શૂશ્રુષા કરીને આ ઉપકાર જે તમે કરયો માનો છો તેનો બદલો વાળશે. તમે સદા નિશ્ચિંત રહેજો. આપ્રમાણે વદીને તે ઋષિ અમારા વિયોગના નિમિત્તે અસંતોષ જણાવવા લાગ્યા.

વિહિત આચારની સિદ્ધિઅર્થે મારા પિતાએ મારી પાસે ગુરુદક્ષિણારૂપે ઋષિને ધન અર્પણ કરાવ્યું. તે પછી અમે વિદાય માગી; ત્યારે તે ઋષિ તથા ઋષિપત્નીએ પોતાના પુત્રના વિયોગથી થતા અસંતોષજેટલો અસંતોષ જણાવ્યો, તથા મને આર્શીર્વાદ આપતાં પુનઃ તેમને મળું એવી આજ્ઞા કરી. મારા સહાધ્યાયી ઋષિકુમારોએ મારાં વિયોગથી પોતાને થતો અપ્રતિમ અસંતોષ જણાવ્યો; અને પુનઃ મળવાની તથા સ્નેહને સ્મરણમાં રાખવાની ઇચ્છા દર્શાવી. મારા પિતાએ તે ઋષિકુમારોને એક એક વસ્ત્ર તથા અલંકાર મારી પાસે અપાવીને સંતોષાવ્યા. મારી માતાએ ઋર્ષિપત્નીને વસ્ત્રાલંકાર અર્પીને ત્યાંથી વિદાય થવા આજ્ઞા માગી. તે તેમણે પ્રાણસંકટસમ ગણીને આપી. એ પછી પરસ્પર મળીને અમે ત્યાંથી નિકળ્યા. આ વિયોગ થવાના સમયે મને આ જગત્માં સહવાસથી થતા સ્નેહબંધનનું કેટલું બલ છે તે સમજાયું હતું. ત્યાંથી નિકળતાં અમને સર્વ પ્રકારના શુભ શકુનો થવા લાગ્યા. તે જોઇજાણીને મહર્ષિએ અમારા ભાગ્યોદયનો સમય સમીપ છે, એમ સૂચવ્યું. અમારાં સર્વનાં અંતઃકરણમાં એક પક્ષથી આ પવિત્ર આશ્રમ છોડતાં ખેદ ભાસતો, અને અન્ય પક્ષથી અમારા સુભાગ્યના અનુમાનથી હર્ષ થતો. તે મહર્ષિઆદિને વિનયથી પાછા વાળીને અમે અમારા જવાના માર્ગને ક્રમે કરી કાપવા લાગ્યા. માર્ગમાં વૃક્ષાદિવડે શોભતાં સ્થાનોને તથા સ્થલે સ્થલે નાનાંમોટાં વસતિનાં સ્થાનોને જોતાં હું તો જાણે નવા સંસારને અનુભવતો હોઉં એવું મને ભાસતું. રાજવૈભવયુક્ત માર્ગને અતિક્રમણ કરતાં અમે તે રાજાના રાજનગરપ્રતિ આવી પહોંચ્યાં. રાજાએ અમને ઉત્તમ મહાલયમાં ઉતાર્યાં, અને સર્વ પ્રકારની અનુકૂલતા રચી આપી; તથા અન્ય દિવસથી અમારા આવવાનિમિત્ત પોતાના નગરમાં મોટા ઉત્સવનાં ચિહ્નો પ્રવર્તાવ્યાં. તે રાજા । કુલમાં પણ અમારા આગમનથી મોટો હર્ષ વર્ત્યો હોય એમ ભાસતું હતું. પાંચ દિવસપર્યંત ઉત્સવસમારંભ થયો, તેમાં નિત્ય મોટી શોભાથી તે રાજા અમને પોતાના નગરમાંથી બહિર્નાં આરામસ્થલોમાં તેડી જતા; અને અમને વિવિધ રાજવૈભવયુક્ત રાખતા. તે રાજાને એક સુરૂપસુગુણસંપન્ના કન્યા હતી, તે

મને અર્પવાનો તેમણે પોતાનો નિશ્ચય મારાં માતાપિતાને જણાવ્યો. તે જાણવાથી મારાં માતાપિતાને અંતઃકરણમાં અપૂર્વ હર્ષ પ્રતીત થયો, અને આગ્રહયુક્ત કરેલો તે રાજાનો નિશ્ચય મારાં માતાપિતાએ અપ્રતિમ આનંદ જણાવી સ્વીકારચો. આ આપત્તિના પ્રસંગમાં સંબંધીઓ પણ સંબંધને ત્યજે છે, અને આ પુરુષે એવા સમયમાં પણ આ પ્રકારે સંબંધની વૃદ્ધિ કરી, એ અધિક આનંદમાં મુખ્ય પ્રયોજન હતું. વિવાહનો નિશ્ચય કર્યા પછી લગ્નના શુભ દિવસનો નિશ્ચય વિદ્વાન્ બ્રાહ્મણોદ્વારા કરાવ્યો.

હે ભાઇ! પ્રથમ પાંચ વર્ષ તો મેં રાજવિભવમાં કાઢયાં, પરંતુ તે સમય બાલકઅવસ્થામાં ગયો હોવાથી તેનો ઘટિત આનદ મને ભાસ્યો ન હતો. તે પછીનાં લગભગ બાર વર્ષ તો વનવાસમાં ગાળ્યાં, તે સમયે યદ્યપિ મારાં માતાપિતાએ સાથે રાખેલા વસ્ત્રાલંકારાદિ પદાર્થોથી અમે શ્રીમંત હતાં તોપણ એ બાર વર્ષજેટલો સમય અમે નિર્ધનના સરખી અવસ્થામાં, વનવાસી ઋષિઓની સ્થિતિને અનુભવતાં પવિત્રપણે ગાળ્યો. એ પછી આ રાજ્યસ્થાનમાં આવવાથી અમે અમારી સ્થિતિમાં મોટું અંતર્ અનુભવવા લાગ્યાં. રાજાને રહેવાના નિયમપ્રમાણે અમે સુખપૂર્વક રહેવા લાગ્યાં.

મારા લગ્નસંબંધી સમારંભ થયો હોવાથી તે સમયે એક પક્ષથી વિશેષ આનંદ પ્રવર્ત્યો હતો. એ આનંદના દિવસો ત્વરાથી નિકળી ગયા. વિધિવત્ લગ્નકાર્ય થયું. ઉભય પક્ષને સંતોષ અને સુખનું ઘટે તેવું ઉત્તમ પ્રકારે ભાન થયું, અને પરસ્પરની પ્રીતિમાં વિઘ્ન ન આવતાં આ અધિસંબંધ બંધાયો. એ પછીનો સમય મારા શરીરમાં પ્રાપ્ત થતી યુવાવસ્થાની વૃદ્ધિનો હતો. તેથી યુવાવસ્થામાં પ્રાપ્ત થતા ધર્મો મારામાં સ્ફુટ થવા લાગ્યા હતા.

મારાં માતાપિતાને પણ ઋષિના આશ્રમમાં જે શાંતિ પ્રાપ્ત હતી તે ક્રમે કરીને જતી રહી, અને પોતાની પૂર્વસ્થિતિનું અધિક સ્મરણ થવા લાગ્યું, અને તેથી રાત્રદિવસ નાના પ્રકારના વિચારો તથા તજ્જન્ય કલેશ ઉપજવા લાગ્યો. આ સમયે મને નિશ્ચય થયો કે જગત્માં સંગ એ જ સર્વ વિકારોસહિત દુઃખનું કારણ છે. સંગ જ નાના ઇચ્છાઓને ઉપજાવનાર અને વિવિધ પ્રકારની પ્રવૃત્તિ કરાવનાર કારણરૂપ છે. સંગ જ મનુષ્યને ભૂત, ભાવિ તથા વર્તમાન પ્રતિબંધને વશ વર્તાવનાર છે. સૂક્ષ્મમાં કહીએ તો કામ, ક્રોધ, લોભ, મોહ, શોક, ભય, લજ્જા, ઇર્ષ્યા, દ્વેષ, અસૂયા આદિ કલેશના મૂલરૂપ સર્વ દોષો સંગથી જ આવિર્ભાવને પામે છે. આમ છતાં પણ કોઈ વિલક્ષણ અદૃષ્ટ

સત્તાબલથી પ્રાપ્ત થતા આ સંગને આ જગત્માં સુખની ઇચ્છાવાળા મનુષ્યો પણ સહસા ત્યજી શકતા નથી.

મારાં માતાપિતા આ રાજવિભવના પુનઃ સંગથી કોઇ ક્ષણે પોતાની પૂર્વ સ્થિતિને સંભારીને 'તે સમયે આમ હતું, આ પ્રકારે આપણે રહેતાં,' ઇત્યાદિ વિચારથી ભૂતપ્રતિબંધને વશ થતાં. કોઈ ક્ષણે તો ભવિષ્યમાં આપણે તે પૂર્વ સરખી સ્થિતિને ક્યારે અને શા ઉપાયથી પ્રાપ્ત થઈશું, એ સંબંધી વિચાર કરતાં ભાવિપ્રતિબંધને વશ થતાં; અને કોઈ ક્ષણે તો હવે આ કાલે આપણે ભાવિમાં સુખપ્રાપ્તિનિમિત્તે શું શું કર્તવ્ય છે, એ સંબંધી વિચારને કરતાં વર્તમાન પ્રતિબંધને અનુભવતાં હતાં. આ પ્રકારે પ્રતિબંધને વશ વર્તતાં તેઓ તત્કાલ સુખને પ્રાપ્ત છતાં પણ રાત્રદિવસ દુઃખસંતાપને અનુભવતાં હતાં.

એમના સંગથી મને પણ એ સંબંધી વિચાર આવવા લાગ્યા. શત્રુઓનો પરાભવ કરવો, સ્મરણ કરીને વૈર લેવું, અને આપણું રાજ્ય પુનઃ સંપાદન કરવું, એ ઇચ્છા મારા અંતર્માં બલવતી થઈ પ્રસરવા લાગી; અને તેથી મને પણ તત્કાલ સુખ છતાં દુઃખ ભાસવા લાગ્યું. મને કન્યા પ્રાપ્ત થતાં જ એ કન્યાના પિતાનું રાજ્ય તો પ્રાપ્ત થયાસરખું જ હતું. કારણ કે એ રાજાને તે સમયે એ કન્યા વિના અન્ય પ્રજા ન હતી. મને પોતાની કન્યા અર્પણ કરનાર રાજાનું નામ **નરેન્દ્ર** હતું. એ **નરેન્દ્ર** રાજા જાતે બલવાન્, શૂર, ધૈર્યવાન્, અને યુક્તિમાન્ હતા, પરંતુ એમને અત્યંત અનુકૂલ સહાય તેમ જ પુત્રપ્રજા ન હોવાથી અધિક રાજ્ય સંપાદન કરવા તેમણે તે ક્ષણપર્યંત ઉત્સાહ ધરચો ન હતો. અન્ય રાજાઓ પણ એમને સશક્ત જાણતા, અને તેથી જ એમના રાજ્યને કે પ્રજાને તેઓ ભય આપવા ધારતા ન હતા. મારા પિતાને દુષ્ટોએ ભય આપ્યું તે સમયે એ **નરેન્દ્ર** રાજાને અતર્માં બહુ લાગેલું; પરંતુ મારા પિતા ગુપ્ત થયાના સમાચાર જાણીને એમણે પોતાના ક્રોધને શમાવી રાખ્યો હતો. મારા પિતાએ જો તેમનું સાહાય્ય આપત્તિના સમયે મેળવ્યું હોત તો મળત, અને અમારે સંકટ સહન કરવાનો સમય આવત નહિ. પરંતુ પ્રતિકૂલ કાલબલથી મારા પિતાએ તેમનું સાહાય્ય ન માગતાં ધૈર્ય ત્યજ્યું હતું. આ કાલે હવે જ્યારે હું તેમ જ મારાં માતાપિતા વિવિધ વિચારથી સંતપ્ત રહેતાં હતાં ત્યારે એ **નરેન્દ્ર** રાજા પણ પોતાના મનમાં અમારા હિતસંબંધે વિવિધ વિચાર કરતા હતા. સર્વ વ્યવહારમાં નિપુણ તે **નરેન્દ્રે** અમારા અંતર્ના ભાવને સહજ કળી લીધો, અને પછી એકવાર મારા પિતાસાથે મને સમીપ રાખીને આ પ્રમાણે તેમણે પોતાના વિચાર પ્રકટ કરચા. મારા

પિતાનું નામ **ધર્મજ્ઞેન્દ્ર** હતું અને મારૂં નામ **મહીપાલેન્દ્ર** હતું.

તે **નરેન્દ્રે** મારા પિતાને કહ્યું કે હે મિત્ર! તમારે લેશ માત્ર પણ ચિંતા કરવી નહિ. પૂર્વથી જ હું તમારા હિતને મારૂં હિત જ સમજું છું, અને હવે તો વિશેષતઃ તમારૂં હિત એ જ મારૂં હિત છે, એમ દૃઢ થયું છે. હું તમારા હિતનો નિરંતર વિચાર કરતો, પણ તમે મને ન પ્રાપ્ત થવાથી આજપર્યંત હું કાંઈ કરી શક્યો નથી. તમે રાજ્ય ત્યજી લગભગ બાર વર્ષ ઋષિઆશ્રમમાં એકાંતવાસ કરી પોતાના **ધર્મજ્ઞેન્દ્ર** નામની સાર્થકતા કરી, પણ હવે આ તમારા પુત્રના નામની સાર્થકતાઅર્થે તમારા શુદ્ધ અંતઃકરણથી એના વિજયની ઇચ્છા કરો. તમારા શત્રુઓને હણવા કે વશ વર્તાવવા, એ હું મોટું કાર્ય સમજતો નથી. યદ્યપિ મારી રાજ્યમર્યાદા ઓછી છે, તથાપિ મારા મનોબલની મર્યાદા હું અપાર સમજું છું. મારા યોદ્ધાઓ કદાચિત્ ઓછા ગણાય તોપણ તેઓ સમર્થ અને એકમનવાળા રાજભક્ત હોવાથી ઘણાને તુલ્ય છે. બીજા કેટલાક રાજા તો મારા મિત્ર છે, તે પણ મને પ્રાણ અર્પવાને વિલંબ કરે એમ નથી. આ આદિ અનેક નિમિત્તથી તમારો વિજય થાય એમાં આશ્ચર્ય માનવા સરખું નથી. તેથી આજ્ઞા આપો તો સૈન્યની ઘટિત વૃદ્ધિ કરીને આ તમારા પુત્રને આગળ દેખાડી અમે તમારે અર્થે રણસંગ્રામ રચીએ. તમારે યુદ્ધમાં પ્રવેશવા ઇચ્છા ન હોય તો તમે સુખપૂર્વક અત્ર વા ઇચ્છા હોય ત્યાં નિવાસ કરો.

હે ભાઇ! આ વચન શ્રવણ કરીને મારા પિતાએ તે **નરેન્દ્ર** ભૂપતિને આ પ્રમાણે ઉત્તર આપ્યું. મારા પિતાએ કહ્યું કે હે મિત્ર! હું સંગ્રામથી ભય પામું છું એમ નથી. ક્ષત્રિયના ધર્મને હું રુડે પ્રકારે જાણું છું કે ક્ષત્રિય પુરુષે શત્રુના ભયમાં જીવવું, એ કરતાં શત્રુને મારીને નિર્ભય થવું વા પોતે મરીને ભયરહિત રણશય્યામાં શયન કરવું એ ઉત્તમ છે. તથાપિ કોઈ અદૃષ્ટ હેતુથી તે સમય મને યુદ્ધમાં ઉતરવાને અનુકૂલ ન ભાસ્યો, તેથી હું ઋષિના આશ્રમે જઇને રહ્યો. આ પુત્રનું રક્ષણ થાય એ પણ મારા ચિત્તમાં વિચાર આવેલો; અને તેથી તે સમયે થયું તે યોગ્ય જ થયું છે; એમ હું આ કાલે માનું છું, અને હવે જે કર્તવ્ય તમે નિશ્ચય કરો છો તે પણ યોગ્ય છે, એમ હું સમજું છું. સમરમાં પ્રવેશવા હજી હું મને પોતાને અસમર્થ સમજતો નથી, માટે મારી આજ્ઞા છે કે તમે ઇચ્છાનુકૂલ યોગ્ય ભાસે તે વ્યવસ્થા સુખપૂર્વક કરો.

આ પ્રમાણે વાર્તા કર્યા પછી એક દિવસે તે **નરેન્દ્ર** રાજાએ

પોતાના સામંતોની સભા ભરીને તે સર્વઉપર મારો અધિકાર સ્થાપ્યો. તેમને સર્વને મારી આજ્ઞા સ્વીકારવા તથા મને સર્વ વ્યવહારમાં કુશલ કરવા આજ્ઞા આપી. તે પછી પ્રતિદિન તે સામંતોસહ હું સેનાની વ્યવસ્થા રાખવા લાગ્યો, તથા યુદ્ધકલામાં કુશલ એવા યોદ્ધાઓસાથે હું વિવિધ પ્રકારે યુદ્ધ કરીને અનુભવ પ્રાપ્ત કરવા લાગ્યો. થોડા દિવસમાં મારી સર્વ પ્રકારની નિપુણતા જોઇ જાણીને તે પ્રમુખ યોદ્ધાઓએ તથા સામંતોએ **નરેન્દ્ર** રાજાસમીપ મારી બહુ સ્તુતિ કરી. વિવિધ શસ્ત્ર વાપરવાની, શત્રુનાં શસ્ત્રોના ઘાવ ચુકવવાની, તથા શત્રુને અનુકૂલતામાં આણી સુગમતાથી હણવા આદિની અનેક યુક્તિઓમાં હું સર્વોપરિ છું, એવું તેમણે **નરેન્દ્ર** રાજાને કહ્યું. એ પછી નાના પ્રકારની વ્યૂહરચના કરીને હું સૈનિકોને બે વિભાગમાં રાખીને પરસ્પરપ્રતિ કેમ ધસવું, તથા કેવી કેવી અનુકૂલ યુક્તિથી પરસ્પરનો જય કરવા પ્રવર્તવું એ આદિ શિખવતો તથા ધારણાપ્રમાણે જયપરાજય કરી શકતો.

આ પ્રકારે યુદ્ધકલામાં તથા અન્ય અનેક પ્રસંગમાં યોગ્યાયોગ્યના નિર્ણયપૂર્વક કરાતી મારી વાર્તાથી મારી મતિના ઉત્કૃષ્ટપણાનો તે **નરેન્દ્ર** રાજાને નિશ્ચય થયો. તે પછી તે રાજા ઘણી પ્રીતિથી મારી સાથે એકાંતમાં કરવાયોગ્ય સર્વ પ્રકારનો વિચાર કરતા, તથા પ્રસંગે યોગ્ય કર્તવ્યસંબંધે નિર્ણય પૂછતા અને મારી અનુમતિપ્રમાણે કરતા.

હે ભાઈ! મારી યોગ્યતા જાણીને પછી તે **નરેન્દ્ર** રાજાએ મને ઇચ્છાપ્રમાણે સૈનિકોની વૃદ્ધિ કરવા આજ્ઞા આપી, અને રાજ્યકોશનો મુખ્ય અધિકાર પણ મને આપ્યો. મેં પણ સર્વ પ્રસંગે થતા મારા નિશ્ચયો તેમને નિવેદન કરી તેમની સંમતિ મેળવીને અધિકારનો ઘટિત ઉપયોગ કરયો. સૈનિકોની યોગ્ય વૃદ્ધિ કરી, તથા તેમને ઉત્તમ પ્રકારે કેળવીને સાવધાન કર્યા. સામંતો, યોદ્ધાઓ અને અન્ય સર્વ રાજ્યાધિકારિઓ મારી યોગ્યતા જાણતા, તથા મારા અનુકૂલ અદૃષ્ટબલથી તેઓ સર્વ મને જ રાજાને સ્થાને માન આપતા તથા પોતાના પ્રાણની પેઠે મારા પ્રતિ અત્યંત પ્રીતિ રાખતા.

આ પ્રમાણે સર્વ પ્રકારની અનુકૂલતા થયા પછી તે **નરેન્દ્ર** રાજાએ મારી કરેલી સર્વ વ્યવસ્થા જોઈ, તથા પોતાની દૃષ્ટિઆગળ કુશલ કરેલી સેનાસહિત મને યુદ્ધની કલામાં નિપુણતા દર્શાવવા આજ્ઞા કરી, તે પ્રમાણે તેમને ઉત્તમ પ્રકારે સર્વ કલા કરી દેખાડી, તેથી તે બહુ પ્રસન્ન થયા. પછી અલ્પ સમયમાં તેમણે સામંતોની તથા મુખ્ય યોદ્ધાઓની એક સભા ભરી, અને તેમાં મારા તથા મારા પિ-

તાસમક્ષ આપ્રમાણે ભાષણ કર્યું.

'મારા રાજ્યના સ્તંભરૂપ શૂરવીર ક્ષત્રિય પુરુષો ! આજે આ સભામાં તમને સર્વને પ્રસન્ન ચિત્તથી એકઠા થયેલા જોઇને મને અનુપમ આનંદ થાય છે. તમે સર્વ જાણો છો કે જે સિંહાસનારૂઢ થાય છે, તે જ માત્ર રાજાનું ખરું શરીર નથી, પણ તેની સાથે તમારાં સર્વનાં શરીર મળીને જે એક અંગ થાય તે જ રાજાનું ખરુ સ્થૂલ શરીર છે. આ રાજ્યલક્ષ્મી જે આપણા સર્વના પ્રયત્નથી પોષાય છે, તે કેવલ મારી નથી, પણ આપણા સર્વની છે. આ આપણી રાંક પરવશ પડેલી પ્રજાનો હું માત્ર રક્ષક નથી, પણ આપણે સર્વ છીએ. આ પ્રજા જો અધર્મથી પીડાય તથા એ પ્રજા અધર્મી કે પાપી થાય તો તે સર્વ પાપરૂપ અનર્થના ફલને ભોગવનાર માત્ર હું કે એકલી એ પ્રજા જ છે એમ નથી, પણ આપણે સર્વ છીએ. વળી આપણા સરખા અનેક રાજાઓમાંના જેઓ વિના કારણ પોતાની કે અન્ય રાજાની પ્રજાને કે અન્ય રાજાને કે રાજસત્તાને અકારણ ત્રાસ આપે કે હાનિને પ્રાપ્ત કરે તો તે દુષ્ટ રાજાઓએ કરેલાં પાપફલને કેવલ તે પાપ કરનાર દુષ્ટો જ ભોગવે છે એમ નથી, પણ અન્યાયથી કે અધર્મથી પીડાને પ્રાપ્ત થતી પ્રજા કે રાજસત્તાને અભય આપવાનો ઈશ્વરદત્ત છે ધર્મ જેમનો, એવી સમગ્ર ક્ષત્રિયજાતિએ ભોગવવાં પડે છે.

અધર્મથી, અનાચારથી, અને પાપથી વર્તનાર અધમ મનુષ્યોનું જીવન આ ભૂમિઉપર અધિક ભાર કરનાર હોય છે,' અને તેથી તેવાં દુષ્ટ મનુષ્યોને શિક્ષા આપીને કે હણીને ભૂભાર ઉતારવો એ પણ ભૂપતિરૂપ ક્ષત્રિય વીર પુરુષોનો ધર્મ છે. રાજમહાલયોમાં પોઢવું, પ્રજાપાસેથી સંપાદન કરેલા ધનથી વિવિધ વિષય પ્રાપ્ત કરી રાત્રદિવસ વિભવો ભોગવવા અને ઉત્તમોત્તમ વસ્ત્રાલંકારાદિથી શરીરને શોભાવીને નાના પ્રકારનાં વાહનોએ આરૂઢ થઈ જ્યાં ત્યાં વિચરવું, એ જ પોતાનો ધર્મ છે એમ માનનાર અધમને ભૂપતિપદને યોગ્ય પૂર્વપુરુષોએ ગણ્યા નથી. જે રાજા સ્વાર્થી, લોભી, કૃપણ, અને લંપટ છે, તથા અન્ય એવા જ અનેક દોષોના આગારરૂપ રહીને અનેક પ્રકારના પ્રપંચથી પ્રજાને પીડેછે, પ્રજાનું ધન હરે છે, અને સદા પ્રજાને અસંતોષ તથા અન્યાય આપનારા છે, તેઓ પ્રજાપતિપદને યોગ્ય નથી. વળી જે રાજા પોતાના મદથી કે દોષથી અન્ય યથાન્યાયે વર્તનાર રાજાપ્રજાને અકારણ કષ્ટ આપનાર થાય છે, તેમને અન્ય બલવાન્ નીતિધર્મજ્ઞ રાજાએ શિક્ષા આપી મદરહિત કરવા ઘટે છે,

અને જો તેઓ મદરહિત અને સરલ ન થાય તો તે બલવાને તેમને હણવા પણ ઘટે છે. ક્ષત્રિયધર્મપરાયણ પુરુષોએ અન્યના રક્ષણમાં જ પ્રાણાર્પણ કરવા મૂલથી સ્વીકાર્યું છે, તેથી તે પંથે ચાલ્યા આવેલા આપણે પણ તેમ જ વર્તવું જોઇએ.

તમે સર્વ જાણો છો કે આ મારા મિત્ર તથા સંબંધી ધર્મેન્દ્ર મહારાજ કેવલ ધર્મરૂપ છે. તેમના રાજ્યઉપર દુષ્ટોએ એકાએક ભય આણીને તેમનું રાજ્ય પોતાને સ્વાધીન કરી લીધું છે; અને એમણે સમય વિચારીને આજ બાર વર્ષ થયાં એકાંતમાં રહીને પોતાનાં પુત્રાદિનું રક્ષણ કર્યું છે, અને તપોબલ સાધ્યું છે. હવે પુત્ર રાજ્યયોગ્ય થયા છે; શૂરવીર તથા મહા પરાક્રમી છે, તેમ જ પ્રજાપાલન કરવામાં પણ ઘણા દક્ષ છે. તેથી હવે એમણે એમનું રાજ્ય સંપાદન કરવું અવશ્યનું છે, તેમ જ પિતાના કષ્ટનું સ્મરણ કરીને અકારણ સંતાપ આપી રાજ્ય લઈ લેનાર દુષ્ટ શત્રુઓને શિક્ષા આપવી ઉચિત છે. આપણે એમનો સાક્ષાત્ સંબંધ છે. આ સર્વ રાજ્યસહ હું એમનો છું, માટે આપણું સર્વ જતાં પણ આપણે એમને સહાય થઈ એમની ધારણા પૂર્ણ કરવી જોઇએ. બીજા જે જે રાજાઓ મારા પ્રતિ અધિક પ્રીતિ રાખે છે, તેમનું પણ સાહાય્ય લેવું એ મારી ઇચ્છા છે. આપણી સેના યોગ્ય યુક્તિ તથા બલયુક્ત છે. સૈનિકો યુદ્ધની ઇચ્છાવાળા હોવાથી ઉત્સાહરહિત નથી. સૈનિકોની ભરતી કરવાથી આપણી સેના યથેચ્છ વૃદ્ધિને પામી છે, જેથી કોઈ પ્રકારે આપણને અસંતોષનું કારણ પ્રતીત થતું નથી.

વીર પુરુષો ! દુષ્ટોનું અસ્તિત્વ જાણ્યા છતાં અને તે દુષ્ટોની દુષ્ટતા પ્રત્યક્ષ છતાં જો ક્ષત્રિય પુરુષો તેમનો સત્વર નિગ્રહ ન કરે તો તે ધર્મજ્ઞ ક્ષત્રિયો ધિક્કારને પાત્ર હોય છે. માટે આપણે હવે સત્વર દુષ્ટોનો નિગ્રહ કરવો ઉચિત છે.

આપણો ધર્મ છે કે શરણાગતને, શસ્ત્ર છોડી ઉભા રહેનારને વા શસ્ત્રરહિત અસાવધને, વિમુખ થઈ રણભૂમિથી ભાગી જતાને, મૂર્છિતને, અને રણભૂમિથી બહિર્ સ્વસ્થ સુતેલાને હણવો નહિ. એમ છતાં પણ વ્યવહારનીતિ જાણનાર ધર્મપ્રતિપાદક પુરુષોએ આપણા પ્રતિ છલ, પ્રપંચ કે અધર્મથી દુષ્ટપણે વર્તનારને તેના સરખી જ યુક્તિથી હણવામાં અધર્મ નથી, એમ સૂચવ્યું છે; તો પણ તે આપદ્ધર્મ છે, એમ સમજવું.

સાવધાન શૂર પુરુષો ! આપણે કરવાયોગ્ય વ્યવસ્થા સર્વ કરી છે, તો પણ જો કંઈ શેષ કરવું રહ્યું હોય તો તે સત્વર કરી લેવું,

અને હવે અલ્પ સમયમાં આપણા કર્તવ્યનો આરંભ છે, એમ જાણીને સાવધાન રહેવું.

હે ભાઈ! આ આદિ અનેક પ્રિય તથા હિતકર તેમ જ ધર્મરૂપ વચનો તે નરેન્દ્રે પોતાના સામંતાદિ પ્રતિ કહીને પછી તે સર્વને યથાઘટિત વસ્ત્રાલંકાર અર્પીને સંમાન આપ્યું, અને વિદાય કર્યા.

પછી તે નરેન્દ્ર રાજાએ પોતાના વિશ્વાસપાત્ર રાજસેવક મોકલીને, જે જે રાજા પોતાના મિત્ર હતા તેમને યુદ્ધમાટે નિમંત્રણ કર્યું. તે સ્વીકારીને તે રાજાઓ પોતાના રાજ્યના રક્ષણની વ્યવસ્થા કરીને કોઈ તો જાતે આવ્યા અને કોઇએ તો સેના મોકલી.

આ પ્રકારે સર્વ આવી મળવાથી યુદ્ધમાટે પ્રયાણનો શુભ દિવસ નિશ્ચય કરચો, અને તે શુભ સમયે, નરેન્દ્ર રાજાના રાજ્યનું રક્ષણ થાય તે અર્થે ઘટિત વ્યવસ્થા કરીને અમારા મૂલ રાજ્યપ્રતિ પ્રયાણ કર્યું.

આ અમારી સર્વ પ્રકારની જે વ્યવસ્થા થઈ તે વાર્તાને અન્ય રાજાઓ જાણીને સાવધાન થયા હતા. તેઓમાંના જે દુષ્ટ અને અભિમાની હતા તેમણે તો પોતાથી થતા પ્રયત્નવડે અમારો પરાભવ કરવાનાં સાધનો રચ્યાં હતાં અને જેઓ સરલ અને ધર્માત્મા હતા તેઓએ તો પ્રસન્ન થઈ પોતાની મર્યાદામાં આવતાં અમને માન આપવાની વ્યવસ્થા કરી હતી, અને પોતાના પ્રધાનોને અમારા સમુખ મોકલી અમારી સાથે મિત્રતા કરવા ઇચ્છા જણાવી હતી. અમે પણ તે સરલ, ધર્મનિષ્ઠ, અને મિથ્યાભિમાનરહિત પુંણ્યવંત પુરુષોની મિત્રતાને સ્વીકારતા તેમના વડે અપાતાં માન તથા ભેટને ગ્રહણ કરતા આગળ ચાલતા હતા.

હે સુજ્ઞ પુરુષ! જ્યારથી અમે સેનાસહ પ્રયાણ કર્યું, ત્યારથી પ્રસંગે પ્રસંગે જાણે દશે દિશામાં અંતરીક્ષથી કોઈ જયઘોષ કરતું હોય એવું અમને સંભળાતું હતું અને તેથી સહર્ષ અમે અમારા રાજ્યસમીપ માર્ગ કાપતા જઈ પહોંચ્યા.

અમારૂં રાજ્ય લેઈ લેનાર દુષ્ટોએ એકઠા થઇને અમારી સાથે યુદ્ધ કરવા નિશ્ચય કરેલો હતો, એ અમને સમજાયું હતું. તેમના રુડા પ્રધાનોએ તેમને બહુ સુબોધ આપ્યો, અને કહ્યું કે આપણા તથા આપણી પ્રજાના ક્ષયનિમિત્ત મિથ્યા યુદ્ધના આરંભની ઇચ્છા ત્યજો, અને નમીને તેમનું રાજ્ય તેમને આપી ક્ષમા માગો; કારણ કે આપણું કાલબલ પ્રતિકૂલ જણાય છે, અને એમનું કાલબલ અનુકૂલ ભાસેછે. આ આદિ અનેક વચનોથી તે વિવેકી પ્રધાનોએ સમજાવ્યા

છતાં પણ દુષ્ટ કર્મનાં ફલને ભોગવવાના સંધિએ આવેલા તે મંદમતિ રાજાઓએ તેમનો વિચાર સ્વીકારયો નહિ, અને યુદ્ધની ઇચ્છા ધરી. તેમણે પોતાની ઇચ્છાપ્રમાણે રાજ્યની મર્યાદાનાં યોગ્ય સ્થલોએ અમારા આવવાપૂર્વે સેના રાખી હતી. અમારા આવવાના માર્ગને જાણીને તેમણે એક સ્થલે સેનાનો મુખ્ય ભાગ રાખ્યો હતો, અને અમને રોકી યુદ્ધ કરવા ધાર્યું હતું.

માત્ર એક દિવસ સૂર્યોદયથી તે સૂર્યસ્તપર્યંત યુદ્ધ થયું, તેમાં તેમનાં ઘણાં મનુષ્ય મરાયાં. કોઈ કોઈ રાજાના તો પાટવી પુત્રો હણાયા, અને બે દુષ્ટ રાજાઓએ પણ પોતાના પ્રાણ રણમાં ખોયા; અને તેથી શેષ સૈન્ય ભયથી પલાયન કરવા લાગ્યું. તે અનાથસરખી સેનાને ન હણતાં અમે તે યુદ્ધમાં જીવતા રહેલા શત્રુરાજાઓને પકડ્યા, તેમ જ મરેલા રાજાના અને જીવતા રહેલાના પુત્રોને પણ શોધી શોધીને પકડ્યા. અન્ય સર્વને જો શસ્ત્ર ત્યજી શરણ થાય તો અભય આપવા કહ્યું. આ પ્રમાણે બે રાજા તથા કેટલાક રાજપુત્રો હણાયા અને શેષ રહેલા પકડાયા તેથી નિરાધાર થયેલા અન્ય સર્વમાંના કોઈ કોઈ નાશી ગયા, અને રહ્યા તે શસ્ત્ર ત્યજી શરણ થયા. તેમને તથા પકડાયલા રાજા તથા રાજપુત્રોને વ્યવસ્થાથી રાખીને ત્યાંથી સત્વર આગલ ધસીને અમે રાજ્યભંડાર તથા યુદ્ધની સામગ્રી રાખવાનાં સ્થલો સ્વાધીન કરી લીધાં, અને ભયમાં પડેલી રાજદારાઓને અભયવચન આપી મારા પિતાની પુનઃ આણ વર્તાવી. ત્યાંથી પછી અન્ય સર્વ શત્રુરાજાઓની રાજધાનીમાં પ્રવેશ કરી કરીને કોશઆદિ ઉપયોગી સ્થાનો સ્વાધીન કરી, રાજકુલની સ્ત્રિયોને અભય આપી અમારી આણ વર્તાવી. તત્કાલ તો ઘટિત વ્યવસ્થા કરીને અમારા રાજ્યની સર્વ દિશાની મર્યાદા સંભાળી લીધી; અને તે પછી યુદ્ધમાં મરેલા રાજાના કુલના યોગ્ય અધિકારીને તે તે રાજ્યની મર્યાદા બાંધી અધિકાર સોંપ્યો. શેષ રહેલા પાટવી રાજપુત્રોનેતેમનાં રાજ્ય યોગ્ય મર્યાદા બાંધી સોંપ્યાં. રણમાં પકડાયલા દુષ્ટ રાજાઓને પણ મારા પિતાની આજ્ઞાથી કષ્ટ ન આપતાં તેમની ઇચ્છાપ્રમાણેના એક સ્થલમાં રાજવિભવયુક્ત તથાપિ પ્રતિબંધમાં રાખ્યા; કારણ કે તેઓ પુનઃ સ્વતંત્રાથી છલકપટ કરવા સમર્થ થાય નહિ. તે જિતાયલા સર્વ રાજાઓપ્રતિ અમે એક પ્રકારે ચક્રવર્તીપણું મેળવ્યું; અને અમારા રાજ્યની યોગ્ય વ્યવસ્થા કરીને પછી શ્રીનરેન્દ્ર રાજાને તેમના મિત્ર તથા સેનાસહ પોતાના રાજ્યપ્રતિ વિદાય કર્યા. તેમણે પણ પોતાનું રાજ્ય મને જ મનથી અર્પણ કર્યું હતું, પરંતુ તત્કાલ

તે રાજ્યવ્યવસ્થા કરવા સમર્થ હોવાથી મને મારા રાજ્યમાં રાખી પોતાના સ્થાને ગયા, અને મારી માતાઆદિ મારા કુટુંબનાં સર્વ મનુષ્યોને સત્કારપૂર્વક યોગ્ય વ્યવસ્થાથીઅમારા સમીપ મોકલી દીધાં.

હે ભાઈ! આ પ્રમાણે અમે અમારૂં ગયેલું રાજ્ય સંપાદન કરીને તથા શત્રુઓએ અમારા રાજ્યને જ્યાં સુધી સેવ્યું ત્યાંસુધીની તેમણે સંચય કરેલી રાજ્યલક્ષ્મીને તે તે રાજાઓના કોશમાંથી લેઇને અમે અમારો રાજ્યભંડાર પૂર્ણ કરયો. પછી ગૃહસ્થાશ્રમને અનુભવતાં તથા રાજ્યની વ્યવસ્થા કરતાં સુખપૂર્વક અમે દિવસો નિર્ગમવા લાગ્યાં. આ ક્ષણપર્યંત તો મેં મારી સામાન્ય પ્રકારે સ્થિતિ વર્ણી. હવે જે જે પ્રકારે મેં પ્રવૃત્તિ કરીને આ વિશ્વપ્રપંચના સ્વરૂપને અનુભવ્યું છે તે મારી મધ્યમાવસ્થાસંબંધે કહું છું. સૂક્ષ્મમાં એ વાર્તા કહીને પછી જે વિધિએ વર્તતો હું આ દશાને પ્રાપ્ત થયો છું તે મારી ઉત્તર સ્થિતિના સ્વરૂપને કહીશ.

ઉપાધિરહિતપણે કેટલોક કાલ ગૃહમાં જ રહીને ગૃહસ્થાશ્રમનાં સુખદુઃખનો અનુભવ કરયો, અને રાજ્યની વ્યવસ્થા રાખી. આ સંસારમાં કેવલ વિષયાસક્ત વિષયી મનુષ્યોને તો અવિવેકથી પોતાના અંતપર્યંત પણ વિષયભોગોમાં કદાચિત્ સમગ્રહ આનંદ પ્રતીત થતો હશે, પરંતુ વિવેક જેમને પ્રાપ્ત હોય છે, એવાં વિવેકી મનુષ્યોને તો જેમ શેલડીનાં મૂલથી આરંભીને પર્વે પર્વે ન્યૂનન્યૂન મધુરતા ભાસે છે, તેમ આ વિષયભોગો ભોગવતાં ભોગવતાં આયુષ્ ગત થતાં ક્રમવડે સર્વ વિષયપદાર્થો ન્યૂન આનંદપ્રદ ભાસતા હશે, એમ સ્વાનુભવથી તથા ઇતર યોગ્ય કારણોથી મેં અનુમાન બાંધ્યું. આમ છતાં પણ સમયે સમયે અંતર્માં રહેલા કામક્રોધશોકમોહાદિ રિપુઓ જ્યારે જ્યારે પોતાનું બલ પ્રતીત કરાવતા ત્યારે ત્યારે મને નિશ્ચય થતો કે આ સંસારસાગર દુસ્તર છે, કામ મોહ તથા આશાતૃષ્ણાનો ત્યાગ અત્યંત કઠિન છે અને અક્રિય અવસ્થા જે સર્વ દુઃખના અવધિનું સ્થાન છે, તેને પ્રાપ્ત થવું, એ એકે કાલે સર્વને તો દુર્લભ જ છે.

મારી અવસ્થા કેવલ વિરાગની વિરોધી હોવાથી તેમ જ વિકટ રાજ્યધર્મ મને પ્રાપ્ત હોવાથી મારે વ્યવહારમાં સદા સાવધાન રહેવું પડતું હતું. જે મનુષ્યો અન્ય અનેકના હિતઅહિતના આધારરૂપ હોય તેમણે નિરંતર સાવધાન રહીને આશ્રિત જનોનું હિત સાધવું ધર્મરૂપ હોવાથી ઉચિત છે, એમ જાણનાર હું રાત્રદિવસ પ્રજાના તથા રાજ્યસત્તાના હિતને અર્થે સાવધાન રહેતો હતો. દિવસે રાજસભામાં ન્યાયઅન્યાયની મુખ્ય રાજસેવકોવડે કરાતી વ્યવસ્થાને જોતો

હતો, તથા યોગ્યઅયોગ્ય રાજસેવકોને યથાવત્ જાણી શકું એવી વ્યવસ્થા રાખી વર્તતો હતો. સૈનિકો અસાવધ ન રહે તથા સામંતો પ્રમાદી ન થાય તેની વ્યવસ્થા રાખતો હતો. પ્રજાના રક્ષકો કોઈ પ્રકારે પણ પ્રજાને ત્રાસ ન આપે એ અર્થે દિવસે તથા રાત્રિએ પણ સ્થલે સ્થલે વિચરીને હું ઘટિત વ્યવસ્થા કરતો હતો. અત્યંત પ્રમાણિક મનુષ્યોદ્વારા પણ રાજ્યમાં થતી અવ્યવસ્થાને હું જાણતો તથા પુનઃ તેની યથાર્થતાનો હું યુક્તિથી નિશ્ચય કરતો, અને પશ્ચાત્ યોગ્ય વ્યવસ્થા સ્થાપતો હતો. જ્યાં જ્યાં મૂલ પુરુષો સાવધાન હોય છે ત્યાં ત્યાં ઇતર અવાંતર જનો પણ સાવધાન હોય છે, એ નિયમે હું સાવધાન રહું છું એમ જાણનાર સર્વ રાજસેવકો પોતપોતાના કર્તવ્યમાં પ્રમાદરહિત રહેતા હતા, તેથી મને રાજ્યવ્યવહારમાં ક્ષણે ક્ષણે વિશેષ સંકટ આવતાં ન હતાં. પ્રજાને પણ યથાઘટિત સંતોષ પ્રાપ્ત થતો રહેતો હોવાથી સઘળી પ્રજા નિરંતર મારા જયની ઇચ્છા કરતી. આ પ્રમાણે રાજાપ્રજા સંતોષથી દિન ગાળતાં હતાં. રાજાએ જેમ પ્રજાને દુર્જનોથી ભયરહિત રાખવી પડે છે, તેમ જ વનમાં દુષ્ટ હિંસક પશુઓવડે મનુષ્યાદિને થતા ભયની પણ નિવૃત્તિ કરી સર્વને યોગ્ય પ્રકારે અભય આપવું ઘટે છે, તેથી હું પ્રસંગે વનમાં વિચરતો, અને જ્યાં ત્યાં અભય વર્તાવતો.

હે ભાઈ! આ પ્રકારે અનેક વિધિથી અપ્રમત્ત રહીને વ્યવહારને સાધતો હું એક સમયે હિંસક પશુની ભાળ મળવાથી તેની શોધમાં દૂર વનમાં થોડાં મનુષ્યોસાથે નિકળી ગયો. બે રાત્રિ તો વનમાં જ ગાળી, અને ત્રીજી રાત્રિના અંતમાં અનેક હિંસક પશુઓ દૃષ્ટિએ આવ્યાં. તેમની પાછળ પડતાં મારાં મનુષ્યોમાંથી એક જ માત્ર મારી પાછળ રહ્યો, અને અન્ય સર્વ જૂદાં પડી ભિન્ન ભિન્ન સ્થલે નિકળી ગયાં. દૈવગતિથી સાધેલા પશુને હણ્યો, અને શ્રમમુક્ત થવાને ત્યાં જ એક ગંભીર છાયાવાળું વટવૃક્ષ જેના સમીપ સુંદર વાવ હતી, તેની નીચે અશ્વ બાંધીને હું બેઠો, અને મારી સાથેનો પુરુષ ફલાદિની શોધમાં આસપાસ ગયો. એક પ્રહરમાં તે આહારને યોગ્ય પદાર્થોસહ આવ્યો. મેં તથા તેણે યથારુચિ આહાર કર્યો, અને જલપાન કરીને સ્વસ્થપણે મેં પ્રથમ નિદ્રા લીધી; અને જ્યારે હું જાગ્રત્ થયો ત્યારે મેં તેને નિદ્રા લેવાને આજ્ઞા આપી. તે નિદ્રાવશ થયો અને સ્વલ્પ કાલમાં સૂર્યાસ્તનો સમય થયો. તે દિવસ માઘ માસની પૂર્ણિમાનો હતો, તેથી સૂર્યાસ્ત થતાં જ ક્રમવડે ચંદ્રનો પ્રકાશ સર્વ સ્થલે પ્રસરી રહ્યો. એક પ્રહર રાત્રિ પૂરી વ્યતીત થઈ

ન હતી તથા મારો સાથી નિદ્રા લજી જાગ્રત્ થયો ન હતો, એટલામાં તે વાવમાંથી દિવ્ય રૂપવાળી તથા ઉત્તમોત્તમ દિવ્યવત્ પ્રતીત થતાં વસ્ત્રાલંકારથી શોભતી પ્રથમાવસ્થાવાળી સ્ત્રી નૂપુરાદિના નાદથી મારા કર્ણને સાવધાન કરતી નિકળી, અને મારાથી થોડે અંતરે સંમુખ આવીને મંદ મંદ હસતાં બોલી કે 'હે રાજન્! જો તું ભાગ્યવાન્ હોય અને શૂરવીર હોય તો મને પ્રાપ્ત કરી સુખી થા.' આટલાં વચનો બોલીને ઉત્તરની અપેક્ષા ન રાખતાં તે અન્ય માર્ગે ચાલવા લાગી. આશ્ચર્ય તથા હર્ષથી જાણે લીન અને દીન થયેલો હું તેના પ્રતિ દૃષ્ટિ રાખી રહ્યો, પણ તત્ક્ષણ કાંઈ પણ બોલી શક્યો નહિ. જ્યારે તે સ્ત્રી પાછું વળી ન જોતાં આગળ જ સુંદર મનોહર ગતિથી ચાલી જતી જણાઈ ત્યારે એકાએક હું ઉઠ્યો, અને કાંઈ પણ ન બોલતાં સત્વર અશ્વ સજ્જ કરી, મારા સાથીને મોટા શબ્દથી જાગ્રત્ કરી સાવધાનપણે મારી પાછળ આવવા આજ્ઞા વદી હું અશ્વારૂઢ થઈ વેગવડે તે સ્ત્રીના પાછળ અશ્વ ચલાવતો ચાલ્યો. હે ભાઈ! મને મોટું આશ્ચર્ય પ્રતીત થયું કે જેમ જેમ વેગથી હું અશ્વવડે માર્ગ કાપતો હતો તેમ તેમ તે સ્ત્રી પણ પોતાનાં સુકોમલ ચરણવડે વેગથી માર્ગ કાપતી હતી. હું મારી દૃષ્ટિથી જેટલે અંતરે તેને જોતો હતો તેટલે જ અંતરે તે મને જણાતી હતી. હું આશ્ચર્યથી વિચારતો કે મારા અશ્વની આટલી ગતિ છતાં આ સ્ત્રીને પહોંચાતું નથી તો શું આ માર્ગ વધે છે કે એ સ્ત્રી વાયુવેગે ગતિ કરે છે? એ તે મનુષ્ય છે વા દેવતા છે કે ભ્રાંતિમાત્ર છે? આ આદિ અનેક કલ્પનાઓ કરતાં છતાં પણ હું કોઈ પ્રકારના નિશ્ચયને ન પ્રાપ્ત થતો તે સ્ત્રીની પાછળ વહ્યો જતો હતો. માર્ગ કાપતાં થોડે સુધી તો હું મારા સાથીને મારી પાછળ વેગથી અશ્વ ચલાવતો આવતો જોઈ શક્યો હતો. પણ કેટલોક માર્ગ કાપતાં તો તેને પાછળ હું જોઈ શક્યો નહિ, અને મારા અશ્વનો વેગ તો તેના સ્વભાવથી કે કોઈ દૈવી સત્તાથી કે તે સ્ત્રીના વિલક્ષણ આકર્ષણથી કે અન્ય કોઇ પણ અદૃષ્ટ કારણથી ક્રમે કરી ઘટવાને બદલે વધતો જતો હતો. રાત્ર કેટલી વ્યતીત થઈ, પંથ કેટલો કાપ્યો તેનું મને ભાન રહ્યું નહિ. માત્ર સ્ત્રીને તેટલે જ અંતરે જોતો હું ગહન વનમાં વહ્યો જતો હતો. આગળ પાછળ જતાં રાત્રિનો અંત આવતો ભાસ્યો. ચાર છ ઘટિકા રાત્રિ શેષ રહી હશે એટલામાં એક સુંદર વાવ સમીપ આવી, ત્યારે તે સ્ત્રી ત્યાં ઉભી રહી, અને પાછળ વળી જોઇને પોતાના બે હાથથી તાળી પાડીને હાસ્ય કરીને આ પ્રમાણે બોલી કે 'હે રાજન્'! અ-

શ્વારૂઢ છતાં પણ મને પહોંચી શકયો નહિ, માટે શક્તિ જ બલવતી છે એમ જાણ. જો તું ભાગ્યવાન્ હોય, શૌર્યધૈર્યવાન્ હોય તો આજનો દિવસ અત્ર ગાળજે, ને આજની રાત્રે પુનઃ મારી પીઠ ધરી મને પ્રાપ્ત કરી સુખી થજે." આ પ્રમાણે બોલીને ત્વરાથી વાવમાં ઉતરી ગઈ. હું પણ વેગથી વાવપાસે આવી અશ્વથી ઉતરી વાવમાં જોઈ વળ્યો, પણ જલવિના અન્ય કાંઈ જણાયું નહિ. પછી બહાર આ-વીને સમીપ વૃક્ષની ઘટામાં અશ્વ બાંધીને મારા સાથીની વાટ જોતો હું ત્યાં જ બેઠો, અને નાના પ્રકારના વિચાર કરવા લાગ્યો.

મેં વિચાર કરયો કે આ સ્ત્રીરૂપે પ્રતીત થઈ અદૃશ્ય થાય છે અને વાયુવેગે ચાલે છે, એથી એ મનુષ્ય તો નથી જ. કાં તો દેવી હોય કે પછી કોઈ રાક્ષસી કે પિશાચી કે આસુરી માયા કહેવાય છે તેવું કાંઈ હોય. અથવા આ ભૂમિના માહાત્મ્યથી કે મારા ભા-ગ્યથી ચમત્કારસરખું થયું છે. એનું રૂપ જોતાં તો સાક્ષાત્ લક્ષ્મી કે સરસ્વતી હોય એમ ભાસે છે. પણ હવે આજે તો એ વાવમાંથી નિકળવાના સ્થાનમાં જ હું સાવધાનપણે રહીને એનો હાથ ગ્રહું, અને પછી સર્વ પૂછીને નિઃસંદેહ થાઉં. મને અને મારા અશ્વને બહુ શ્રમ થયો સ્પષ્ટ ભાસે છે, અને મારાથી પણ અધિક વેગે ચાલી આવ્યા છતાં આ સ્ત્રીને લગાર પણ શ્રમ થયો હોય એવું એનું મુખ જોતાં મને પ્રતીત થતુ ન હતું. આ આદિ વિચાર કરતાં તથા સુતાં બેસતાં મેં બે પ્રહર જેટલો કાલ ગાળ્યો, ત્યારે મારો સાથી મારા અશ્વનાં પગલાં જોતો ત્યાં આવી પહોંચ્યો. મને જોઇને તેને સંતોષ થયો, અને મેં કરેલા શ્રમથી આશ્ચર્યને પામતો તે સર્વ વાર્તાને મા-રાથી જાણી, સ્વસ્થ થયો. દૈવેચ્છાથી એ સ્થલે અશ્વને ચરવાનું ઠીક હતું તેથી તેમની તો ચિંતા ન હતી. મારે સારું પણ તે મારો સાથી માર્ગમાંથી ફલાદિ પ્રાપ્ત કરી લાવ્યો હતો, તે મને આપીને જલ લાવ્યો. અમે બે જણે ફલાહાર કરયો, અને સૂર્યાસ્તની વાટ જોતા વારાફરતી નિદ્રા લેઇને સાવધાન થઇ અશ્વને પણ સાવધાન કરી રાખી બેઠા. વિશ્વવ્યવસ્થાપક ઈશની અકલ સત્તાના યોગે પશ્ચિમ દિશામાં અસ્ત થતા સૂર્યના બિંબને અમે જોઇને નમસ્કાર કરી ઇષ્ટનું સ્મરણ કરીને વાવના મુખઆગળ જઇ બેઠા. સૂર્યાસ્તથી બે ઘટિકાના અંતરે ચંદ્રનો પ્રકાશ પ્રકટ થયો, તેથી મને અંતરમાં હર્ષ પ્રાપ્ત થયો. એક પ્રહર રાત્રિ વ્યતીત થઈ નથી એટલામાં અમે તો વાવના મુખઆગળ જોતા રહ્યા, અને એ સ્ત્રી ઈશ્વર જાણે કયા માર્ગથી પણ વાવની બહિર્ અમા-રાથી ઘટિત અંતરે પ્રકટ થઈ તાળી પાડી હસીને આ પ્રમાણે બોલી,

'હે મહીપાલ! આ પ્રકારે મને ગ્રહણ કરવાની આશા તજીને સાવધાનતાથી અશ્વારૂઢ થઇને મારી પાછળ આવ. અને જો સુભાગ્યવાન્ હોય, શૂરત્વ, વીરત્વ તથા ધૈર્યયુક્ત હોય, તો મને પ્રાપ્ત થઈ ધર્મસુખને પ્રાપ્ત થા.' આ વચનો બોલીને આગલા દિવસની પેઠે તે માર્ગ કાપવા લાગી. હું તથા મારો સાથી આશ્ચર્યવશ થયા, અને તત્કાલ અશ્વારૂઢ થઇને આગળ શું થાયછે તે જાણવાની આતુર ઇચ્છાથી તેના પાછળ વહેવા લાગ્યા. તેનું મુખ, તેનું હસવું, તેનું વદવું, અને તેનું તાળી પાડવું, એ મારા હૃદયઆગળ રમ્યા કરતું. અને કંઇક વિલક્ષણ સુખનું ભાન કરાવતું હતું. તેની વેગવતી ચિત્તાકર્ષક ગતિ મને તેના પાછળ જાણે તાણતી લઈ જતી હોય એમ ભાસતું. ત્વરાથી માર્ગ કાપતાં મારા સાથીને અને મને અધિક અંતર થતું ગયું; પરંતુ તે સ્ત્રીને અને મારે તો જેટલું હતું તેટલું જ અંતર રહેતું હતું. એ રાત્રે પણ તે સ્ત્રી આગળ અને હું પાછળ એમ વેગથી માર્ગ કાપતાં બે પ્રહર વ્યતીત થયા. માત્ર એક પ્રહર રાત્રિ રહી હશે. ગાઢ વનમાં સ્થલે સ્થલે અશ્વને ચાલવું કઠિન થઈ પડે એવે સ્થલે અશ્વ મંદગતિથી સંભાળીને ચાલતો ત્યારે તે સ્ત્રી પણ ધીમે ચાલતી ભાસતી; અને વૃક્ષોમાં મારૂં વસ્ત્ર ભરાવાથી પ્રસંગે હું અશ્વને રોકતો ત્યારે તે સ્ત્રી પણ મારા ચાલવાની વાટ જોતી ઉભી રહેતી, અને હું ચાલતો ત્યારે ચાલતી. આ પ્રમાણે ચાલતાં આગળ જોયું તો અગ્નિથી વન બળતું હોય એવું મને જણાયું. તો પણ તે સ્ત્રી આગળ ચાલી જતી હતી, તેથી હું પણ ભયરહિતપણે વહેતો હતો. જ્યારે અગ્નિ છેક સમીપ આવ્યો ત્યારે હું ભય પામ્યો. મને તથા અશ્વને ઉષ્ણ વાયુ. સ્પર્શ કરવા લાગ્યો, તેથી અમે બંને વિકલ થયા. તે સ્ત્રી તો નિર્ભયપણે 'આવ' એમ વદતી અગ્નિમાં પ્રવેશી આગળ ચાલવા લાગી. મેં પણ મરણ આદરીને ભય તજી અશ્વને ચલાવ્યો. અગ્નિમાં પ્રવેશતાં પણ જાણે અગ્નિએ અમને માર્ગ આપી અમારૂં રક્ષણ કર્યું હોય એમ ભાસ્યું. અશ્વસહ હું અગ્નિથી છૂટીને આગળ નિકળી ગયો. તે અગ્નિની મર્યાદાથી બહાર નિકળ્યા પછી થોડું ચાલતાં મને ભાસ્યું કે હવે ચાર છ ઘડી રાત્રિ હશે. પણ એટલામાં તો તે સ્ત્રીને મેં પૃથ્વીમાં ગરકી જતી હોય એમ જોઈ. તે સ્ત્રી પણ આગલી રાત્રના અંતની પેઠે તાળી પાડી હસીને બોલી કે 'આ પૃથ્વી મને ગ્રસે છે, માટે હે રાજન્! જો તું શૂરવીર તથા ધૈર્યવાન્ હોય, તેમ જ સુભાગ્યવાન્ હોય તો પ્રયત્નવડે મને પ્રાપ્ત થઇ સુખી થજે." આટલું બોલતી હસિત વદનથી પૃથ્વીમાં શમી ગઈ. હું ગભરાટથી

અશ્વ ચલાવી તે સ્થલે ગયો, અને જોયું તો તે સ્થલે પૃથ્વીમાં માર્ગ ન હતો, તેમ ભૂમિ નરમ પણ ન હતી. જેવી સામાન્ય ભૂમિ હોય તેવું તે સ્થલે હતું. આથી હવે મારે શું કરવું તે કાંઈ સૂઝયું નહિ. માર્ગ વિના પૃથ્વીમાં શી રીતે પ્રવેશવું તે સમજાયું નહિ. મને સ- ર્વાંગે સ્વેદ છૂટયો. અંગ શિથિલ થયું. નિરાશ થવાથી શ્રમિત થ- એલો હું પોતે મને ભાસ્યો આસપાસ જોતાં કાંઈ પણ જણાયું નહિ. માત્ર જે સ્થલે એ સ્ત્રિયે પ્રવેશ કરયો તે સ્થલે જાણે પોતાનું તેજ પૃથ્વીઉપર મૂકી ગઇ હોય એમ ભાસ્યું. તે ખરું હો કે ભ્રાંતિથી પણ આસપાસની ભૂમિ જોતાં તે ભૂમિ તેજવાળી હોય એમ પ્રતીત થયું. થોડી વાર તો હું આશા રાખી ત્યાં જ ઉભો રહ્યો. તે એવી આ- શાથી કે જેમ કાલે એ સ્ત્રિયે વાવમાં પ્રવેશતાં કહ્યું હતું કે રાત્ર થતાં સુધી તુ ધૈર્યથી રહેજે. હું રાત્રે પ્રકટ થઈશ, તેમ આજે પણ કાંઇ વદે છે કે શું ? પણ એ આશા નિષ્ફલ થઇ. પછી તો કાંઈ પણ સંભળાયું નહિ. થાકીને ત્યાંથી થોડે અંતરે જઇને' એક વૃક્ષે અશ્વ બાંધીને નિરાશ થઇ તરંગે ચઢેલા ચિત્તને જોતો બેઠો. આ પ્રમાણેના વિચારો આવવા લાગ્યા. 'આ તે હું અનુકૂલ કાલબલનો કે પ્રતિકૂલ કાલ- બલનો પ્રેરયો અત્ર આવી ચઢયો છું, તે કળી શકાતું નથી. આ પ્રસંગ તે મારૂં અંતમાં હિત કરનાર હશે કે અહિત કરનાર, તે પણ સમજી શકાતું નથી હવે મારે શું કરવું અને કયાં જવું, એ કોણ સૂચવે? આ સ્ત્રી જો કોઈ દેવી જ હોય તો દયાલુ હોવી જોઈએ. પણ અત્ર મને નિરા- ધાર લાવી મૂકીને પૃથ્વીમાં પ્રવેશી ગઈ, અને નિર્દયની પેઠે મને ક- ર્તવ્ય શું છે, તે કહ્યા વિના મૌન રહી, તેથી એ દેવી હશે કે કોણ તે પણ નિશ્ચય કરાતું નથી. મારો સાથી પણ હવે મને આવી મ- ળશે કે કેમ તે જણાતું નથી. હું તો એ સ્ત્રીની પ્રેરણાથી નિર્ભય થઈને અગ્નિમાં પ્રવેશી નિર્વિઘ્ન નિકળી આવ્યો, પણ એ મારો સાથી કે જેણે મને અગ્નિમાં પ્રવેશતો કે નિર્વિઘ્ન અત્ર આવતો જોયો નથી તે પોતાના તથા અશ્વના પ્રાણની અકારણ અસ્પૃહા કરીને અગ્નિમાં શા માટે પ્રવેશ કરે ? મારે અર્થે એ પ્રાણ અર્પે પણ હું કયાં છું તે જાણ્યા વિના વૃથા પ્રાણ શે અર્થે અર્પે ? હે જગદીશ્વર ! આ સ્થલે આપ વિના મારો રક્ષક કોણ છે ? કોઈ જ નહિ. હું રાજા હોવાથી લક્ષાવધિ મનુષ્યનો રક્ષક છું. તેને આ ક્ષણે આપ સર્વના રક્ષક વિશ્વાધાર વિના કોણ રક્ષે ? જે સ્ત્રીરૂપ શક્તિને અર્થે મેં સા- થીને ત્યજ્યો, તે શક્તિએ આ કાલે મને ત્યજ્યો; જેથી ઉભયથી ત્યજાયલો હું હવે કયાં જાઉં અને શું કરૂં ? સમીપમાં મનુષ્યની વ-

સતિ ભાસતી નથી. આ વિશ્વપ્રકાશક શ્રીસૂર્યભગવાન્ પ્રકટ થયા, તો પણ શ્રમિત થયેલ અશ્વસહિત હું સુખની આશાવડે હવે કયી દિશામાં અને કેવે પ્રકારે વિચરૂં ? હું મિથ્યા મોહથી સુખની આશા ધરીને આ સ્ત્રીનો પ્રેરયો આ સ્થલે આવ્યો છું. સત્પુરુષોએ સર્વ દુઃખના મૂલરૂપ આશાને જણાવી છે, છતાં હું સુખની અભિલાષાવાળો મિથ્યા આશાને વશ થયો.

આ આદિ અનેક પ્રકારથી વિચારને કરતો હું વૃક્ષનીચે બેઠો હતો. મારા સાથીની વાટ જોઇ, પણ તે આવતો જણાયો નહિ, એટલે એક પ્રહર વિશ્રાંતિ લઇને હું ત્યાંથી અશ્વારૂઢ થઇ નિકળ્યો. જે માર્ગે આવ્યો તે જ માર્ગે પાછો જવા લાગ્યો, પણ અગ્નિની જ્વાલા વિષમ લાગી, અને તેથી અશ્વ પાછો હઠયા. મારૂં ધૈર્ય પણ ક્ષીણ થયેલું ભાસવાથી બલાત્કારે અગ્નિમાં પ્રવેશ ન કરતાં અગ્નિ બાધ ન કરે એવે પ્રકારે અન્ય માર્ગે ચાલ્યો. મારો સાથી કયાં ગયો હશે તે સમજાયું નહિ. આગળ જતાં મને ફલજલનો યોગ થયો, અને મેં યથારુચિ આહાર કરી લીધો. અશ્વને પણ ચરવાનું તથા જલપાન કરવાનું પ્રાપ્ત થયું. તે અશ્વ તથા હું સ્વસ્થપણે સાવધાન થઇને માર્ગ કાપતાં દિવસના ચોથા પ્રહરના સંધિએ મનુષ્યને જોવા પામ્યા. દૂરથી અશ્વને વેગથી ચલાવતાં મનુષ્યો આવતાં જણાયાં. જેમ જેમ સમીપ આવતાં ગયાં તેમ તેમ જણાયું કે કોઈ શસ્ત્રધારી ક્ષત્રિયો કોઈ રાજસેવાઅર્થે જાય છે. એક બીજાને ઓળખી શકે એટલું અંતર રહ્યું ત્યાં તો એકાએક તે સંમુખ આવેલા શસ્ત્રધારીઓએ હર્ષથી પોકાર કરયો, અને સર્વ પોતપોતાનાં શસ્ત્રો સંભાળીને સાવધાન થયા. તેઓમાંનો એક બોલ્યો, 'જે શત્રુને આપણે ઘણા દિવસથી શોધીએ છીએ તે જ આજે નિરાધાર એકલો હાથ આવ્યો છે, માટે સાવધાન રહો. જો એ શસ્ત્ર મૂકી શરણ ન થાય તો પછી શસ્ત્ર વાવરજો; પણ ચાલતા સુધી હણશો નહિ; જીવતો જ એને પકડી લેજો'. આ પ્રકારનાં વચનો સાંભળીને હું શ્રમિત થયેલો નિર્બલસરખો થયો હતો, તોપણ સાવધાન થયો, શસ્ત્રો સંભાળ્યાં, અને બોલ્યો, 'અરે ક્ષત્રિય વીરો! તમે કોણ છો? કોને શોધો છો ? અને મારે તમારે શત્રતા કયાંથી'? આ પ્રશ્નનું ઉત્તર જ્યારે તેમણે વાળ્યું ત્યારે મને સ્પષ્ટ ભાન થયું કે મારૂં રાજ્ય પ્રાપ્ત કરવાના સમયે જે યુદ્ધ થયું હતું તેમાં હણાયલા કોઈ રાજપુત્રનો મિત્ર તેનું વૈર લેવા આ મનુષ્યોસહ મને શોધતો આવી ચઢયો છે. આ જાણીને પછી મેં કહ્યું, હે શૂર પુરુષો! તમે ઘણાએ મ-

ણીને મને એકલાને હણવો એ ધર્મ નથી. તેથી જો ધર્મથી યુદ્ધ કરવું હોય તો તમારામાંનો એક એક મારા સંમુખ રહી વઢો, અને અધર્મ કરવો હોય તો ઇચ્છાપ્રમાણે કરો. સર્વનો રક્ષક ઈશ છે. આ વચન સાંભળી તેમાંના એકે ઉત્તર આપ્યું કે અમે સર્વ સ્થલે ધર્મને સેવતા નથી. અતિ કષ્ટે સધાતો અર્થ જો સુગમતાથી સધાતો હોય તો ત્યાં અમે અધર્મથી ભય પામતા નથી. આ સમય તેવો છે, માટે ધર્માધર્મ ન ગણતાં અમે સર્વ મળી તમને હણશું કે ગ્રહણ કરશું. માટે જો શુભ ઇચ્છો તો શરણ થાઓ, અને શસ્ત્ર ત્યજો. મેં કહ્યું કે જ્યાં સુધી ધટમાં પ્રાણ છે, અને હસ્તપાદાદિ અવયવો સાવધાન છે, ત્યાં સુધી તો શસ્ત્ર ત્યજાશે નહિ. શરણ તો હું એક ઈશને જ થયો છું તે હવે અન્યને શરણ થવા સમર્થ રહ્યો નથી. આ પ્રમાણે પરસ્પર અલ્પ સમય બોલવું થયું અંતમાં તેમણે સઉએ ખડ્ગ ખેંચ્યાં. મેં પણ ઇષ્ટનું સ્મરણ કરી ખડ્ગ ખેંચ્યું. અમે સર્વ પોતપોતાના પ્રાણને ભયમાં સ્થાપીને નિર્ભયપણે પરસ્પરપ્રતિ હાથ કરવાને સાવધાન થયા છીએ, એટલામાં દૂરથી વેગવડે અશ્વ ચલાવતાં મનુષ્યો આવતાં જોયાં. મારા સંમુખ ઉભેલાં મનુષ્યોકરતાં પણ તે આવનારાં દ્વિગુણ ત્રિગુણ અધિક હોય એમ ભાસ્યું. મારા સંમુખ ઉભેલા પુરુષોએ હર્ષ જણાવી કહ્યું કે મિથ્યા મદ ત્યજો. આ અમારા પક્ષનાં મનુષ્યો આવે છે, અને એમની પાછળ પણ બીજાં આવે છે, માટે તમે શરણ નહિ થશો તો બલાત્કારથી અમે તમને ગ્રહણ કરીશું વા હણીશું; તેથી સમય વિચારી શસ્ત્ર ત્યજો. આ તેમનાં વચન શ્રવણ કરી મેં કહ્યું, હે વીરો! તમે દુરાશા ત્યજો, અને શસ્ત્ર વાવરો. આપણને ક્ષત્રિયને તો જ્યારે ત્યારે રણમાં જ મરણ શુભ છે. તમથી અધિક જેટલાં હશે તેમનાથી પણ હું યુદ્ધ કરીશ.

આ પ્રમાણે અમે પરસ્પર બોલીએ છીએ એટલામાં તે મનુષ્યો સમીપ આવી લાગ્યાં. થોડે અંતરેથી તેમણે પણ હર્ષનાદ કર્યો. મારું અધિક લક્ષ સંમુખ ખડ્ગ ખેંચી ઉભેલા શત્રુઓપ્રતિ હતું, તેથી તે આવનારને હું લક્ષથી જોતો ન હતો; તો પણ સહજ લક્ષથી જોયું તો તેમનો ધસારો મને લક્ષીને હતો. જેમ જેમ સમીપ આવતા ગયા તેમ તેમ શત્રુની ધારણા ખોટી પડી. થોડે અંતરે આવ્યા એટલે તો મને સ્પષ્ટ થયું કે એ મનુષ્યો તો મારાં છે, અને મારાથી છૂટાં પડેલાં તે મને જ શોધતાં આવ્યાં છે, અને એમણે મને જોઇને જ હર્ષનાદ કર્યો છે. તેઓ પ્રસન્ન મુખથી જય જય વદતા

આવીને મને પોતાનાં મસ્તકો નમાવી મારી આસપાસ ફરી વળી શત્રુ સંમુખ ભાળી મને પૂછવા લાગ્યા કે મહારાજ! આ શું છે? સંમુખ કોણ ઉભા છે? અમને શી આજ્ઞા છે?

હે ભાઈ! આ પ્રસંગથી મારા આનંદનો પાર રહ્યો નહિ. શત્રુઓનાં મુખ શ્યામ થયાં. તેઓ નિસ્તેજ થઇ મરણના ભયથી પલાયન કરવાનો વિચાર કરવા લાગ્યા. તેમને તે સ્થિતિમાં જોઈને મેં કહ્યું, વીરો! હવે શી ઇચ્છા છે? ઈશ્વરે મને આશ્રય આપ્યોછે, તોપણ જેમ તમે સર્વ મળી અધર્મથી મને હણવા ઇચ્છતા હતા તેમ હું ઇચ્છતો નથી. જો તમારી ઇચ્છા હોય તો યુદ્ધ કરો, નહિ તો વિમુખ થઈ સુખપૂર્વક જાઓ. અમે તમને હણીશું નહિ. આ મારાં વચનને શ્રવણ કરીને તેઓ પ્રસન્ન થયા જણાયા. પણ મારી મનુષ્યોમાંથી એકે કહ્યું કે એ દુષ્ટોને તો વિમુખ થયે પણ હણવા જોઇએ; એમાં દોષ નથી, કારણ કે તેઓ અધર્મી છે. અધર્મી મનુષ્યને તો ગમે તે પ્રકારે હણવાથી પણ ક્ષત્રિયને પાપ નડતું નથી. જો એ દુષ્ટ અધમ મનુષ્યોને આપણે આ ક્ષણે ધર્મથી છોડીશું, તોપણ તે કાલાંતરે આપણને તેમ જ અન્યને પણ અધર્મથી જ પીડશે. તેથી હાથ આવેલા અધમ દુષ્ટ શત્રુને અભય આપી છોડવા, એ હિતકર કે ધર્મરૂપ નથી. કપટી અને સાવધ શત્રુઓ ઘડી ઘડી લાગમાં આવતા નથી, તેમ જ હાથ આવેલા છોડ્યાથી છંછેડેલા સર્પની પેઠે નડે છે, માટે એમને હણવા જ ઘટે છે. આ પ્રમાણે મારા મનુષ્યે કહ્યું ત્યારે મેં સર્વ સાંભળતાં ઉત્તર આપ્યું કે હે ભાઇઓ! આ જગત્માં ધર્મબલ જ સર્વોપરિ બલ છે. મનુષ્યને ધર્મ જ સર્વોત્કૃષ્ટ રક્ષક છે, અને ધર્મ જ સર્વને પરમોત્કૃષ્ટ ગતિ આપનાર છે, માટે આ લોકમાં સાવધાન મનુષ્યોએ પોતાના અવિનાશી કલ્યાણને અર્થે તેમ જ સર્વાર્થસિદ્ધિની પ્રાપ્તિનિમિત્તે સદા પ્રયત્નવડે ધર્મને જ સંપાદન કરવો તથા સેવવો ઘટે છે. જેમ આ સ્થલે મારૂં રક્ષણ ધર્મથી જ થયું છે તેમ તમારૂં સર્વનું પણ સર્વ કાલે થશે. માટે શસ્ત્રધારી છતાં દીન થયેલા એ ધર્મભ્રષ્ટને મારા આપેલા અભયથી તમે પણ અભય આપી જીવતા જવા દો.

આ પ્રકારનાં મારાં વચનો સાંભળીને તે સંમુખ આવેલામાંના કોઈ લજ્જાથી નીચું તથા કોઈ આડું જોતા મનમાં ગુપ્ત દ્વેષ રાખીને, ઉપરથી ભયરહિતસરખા પણ અંતરથી પ્રસંગે પાછળથી આવી હણે એવા ભયસહિત, અશ્વ વાળીને કાંઇ પણ બોલ્યા વિના તેમને માર્ગે ચાલતા થયા. હું તથા મારાં મનુષ્યો પરસ્પરની વ્યતીત વાર્તાને કહેવા લા-

ભળવા લાગ્યા, અને મારા સાથીને હવે ક્યાં શોધવો તે સંબંધમાં વિચાર કરવા લાગ્યા. અંતે એ ઠર્યું કે તત્કાલ તો સઉએ કોઈ નગર કે ગ્રામ સમીપ હોય ત્યાં જઈ વિશ્રામ લેવો, અને તે પછી જે કર્તવ્ય હોય તેનો નિશ્ચય કરી ત્યાંથી ચાલવું. આ પ્રમાણે ધારી ત્યાંથી અમે અનુકૂલ દિશા સાધી ચાલવા લાગ્યા. થોડી વારમાં જ સૂર્ય અસ્ત થયો. વસતિ સમીપ ન જણાવાથી સૂર્યાસ્ત પછી અમે ચાલતા રહ્યા. ચાર પાંચ ઘટિકા રાત્રિ જતાં ચંદ્રનો પ્રકાશ જણાવા લાગ્યો. તે પ્રકાશમાં અમે માર્ગ કાપતા ચાલ્યા. પ્રહરઉપર રાત્ર જતાં પણ વસતિનું સ્થાન તો ન આવ્યું, પણ જલાશય અને પ્રવાસિને વિશ્રામ કરવાનું એક રમણીયસરખું સ્થલ આવ્યું. ત્યાં અમે થોડો સમય વિશ્રાંતિ લેવાનો નિશ્ચય કરયો. અશ્વોને ભિન્ન ભિન્ન સ્થલે વૃક્ષે બાંધ્યા, અને મારાં મનુષ્યોપાસેથી ભાથું નિકળ્યુ, તે અમે સર્વેએ યથારુચિ ખાધું, અને જલપાન કરી ચંદ્રના પ્રકાશમાં સ્વસ્થપણે બેઠા. નિદ્રાનું બલ જણાયાથી મારા સહિત થોડા નિદ્રાવશ થયા, અને થોડા શસ્ત્ર સાધીને સાવધાનપણે ચોકી કરતા જાગ્રત્ રહ્યા. પાછલી પ્રહર રાત્રિ રહી ત્યારે મારા સહિત સુતેલા જાગ્યા અને શસ્ત્ર ધરી સાવધાન થયા. અન્ય જાગનારા સર્વ સુતા. તેઓ બે ત્રણ ઘડી સુતા ન સુતા એટલામાં અમને અશ્વનો પગરવ સંભળાવા લાગ્યો. હું તો જાગ્રત્ અને સ્વપ્નમાં પેલી ભૂમિમાં પ્રવેશેલી શક્તિના સંબંધમાં જ વિચાર કરતા મનને જોતો હતો. અશ્વનો પગરવ સાંભળી હુંસહ સર્વ પોતપોતાના અશ્વને સંભાળી તે પર આરૂઢ થયા, અને સુતેલામાંના ઘણા ખરા પણ એ ગડબડાટમાં ખળભળી ઉઠ્યા, અને શસ્ત્ર ધરી સાવધાનતાથી ઉભા. થોડી વારમાં એક અશ્વ, વાહક પુરુષ વિના જ દોડતો અમારા સમીપ આવતો જણાયો. તેને અમે ઘેરયો, અને શસ્ત્ર ધરી ઉભેલાં મનુષ્યમાંથી એકે એને પકડી લીધો. તપાસી જોતાં તો તે અશ્વ જે મારો સાથી મારાથી છૂટો પડ્યો હતો તેનો જ હતો. તે અશ્વના એક પગમાં છરતા તીરની ધાર વાગી હોય એમ જણાયું, કારણ કે ત્યાંથી રુધિર વહેતું હતુ. તે અશ્વ મોટા ભયમાંથી આવ્યો હોય એવો ગભરાટ તેને થતો હતો. અમને પણ સાથીની ચિંતા થઈ કે કદાચિત્ તે હણાયો હશે. પેલા અશ્વને એક સ્થલે બાંધીને અમે જે દિશામાંથી તે અશ્વ આવ્યો તે દિશાપ્રતિ જવાને વિચારવા લાગ્યા. થોડી વારમાં એ જ દિશાથી ઘણા અશ્વનો પગરવ સંભળાવા લાગ્યો, અને તેથી સુતેલા સર્વને ઉઠાડ્યા, અને શસ્ત્ર સજીને અશ્વારૂઢ થવા કહ્યું. તેઓ પણ ત્વરાથી સાવધાન થયા, અને અમે સર્વ માર્ગને જોતા ઉભા.

દૂરથી તે મનુષ્યોને અમે જોયાં, અને તેમણે અમને જોયા હો એવું ભાસ્યું. કારણ કે તે આગળ ચાલ્યા આવતા હતા તે એકાએક અટક્યા. ત્યાં જ ઉભા રહી તેમણે કાંઈ વિચાર કરચો, અને સ્વલ્પ કાલમાં જ તેઓ અમને ટાળો દેઇને બીજી દિશામાં ચાલતા થયા. તેમને આડમાર્ગે જતા જોઇને અમે પણ તેમની પુંઠ ધરી. અમારામાંથી બે જણને પેલા છૂટા અશ્વને સાથે લેઈ પાછળ પાછળ આવવા કહીને અમે આગળ વધ્યા. તે લોકોએ અમને પાછળ આવતા જાણીને વેગવડે ચાલવા માંડયું. અમે પણ ત્વરાથી અશ્વ ચલાવ્યા. આ પ્રમાણે આગળપાછળ અમે ચાલ્યા. થોડે જતાં લગભગ એકબીજાની પાસે આવી જતા, પણ તેમના અશ્વકરતાં અમારા અશ્વ સહજ પાછળ રહેતા તેથી અમે તેમને આંતરી શકતા નહિ. આગળપાછળ માર્ગ કાપતાં સૂર્યોદયનો સમય થવા આવ્યો હોય એવું અમને ભાસ્યું; અને એ સમયે અમે ક્રોધથી અશ્વને વેગ આપ્યો, તેથી અમારામાંના અર્ધ મનુષ્યો, બલવડે તેમની આગળ માર્ગમાં ફરી વળ્યા, અને અમારામાંના અર્ધ તેમની પાછળ રહ્યા; અને વચમાં તેઓ પણ અટકી ઉભા.

અમે આગળપાછળથી ધસ્યા અને સમીપ આવ્યા એટલે અમને સ્પષ્ટ થયું કે જેમને જીવિતદાન આપી અમે જવા દીધા હતા, તે જ મનુષ્યો તે હતા; અને મારો પ્રથમનો સાથી જે અગ્નિરૂપ અંતરાયવડે મારાથી છૂટો પડચો હતો તેને તેમણે માર્ગમાં મળવાથી એકલો જાણી ઘાયલ કરી અશ્વથી પાડી પોતાને સ્વાધીન કરચો હતો, જેનો અશ્વ અમે પકડીને અમારી સાથે રાખ્યો હતો. આ પ્રમાણે જાણવાથી મારાં મનુષ્યોને ક્રોધ વધ્યો, અને તેમણે એકાએક આગળપાછળથી ધસીને તેમને હણવા માંડ્યા. તે દુર્જનોએ પોતાનું રક્ષણ કરવા તથા અમને હણવા ઘણો પ્રયત્ન કરચો, પણ તેઓ હણાયા અને અમારો જય થયો. એમણે પકડેલા મારા સાથીને અમે જીવતો લઈ લીધો, અને પરસ્પર કુશલ પૂછ્યું. તે શત્રુઓના જીવતા રહેલા અશ્વને, શસ્ત્રને તથા અલંકારોને મારી સાથેનાં મનુષ્યોએ લઈ લીધાં, અને અમે ત્યાંથી ચાલતા થયા. મારા સાથીને પણ શત્રુઓએ મોટું વિઘ્ન આણ્યું ન હતું, તેથી તે પણ અમને પ્રાપ્ત થઇને સાવધાન થયો, અને અશ્વારૂઢ થયો. ત્યાંથી અમે ચાલ્યા કે તત્કાલ મને પેલી પૃથ્વીમાં પ્રવેશેલી સ્ત્રીનું પુનઃ વેગથી સ્મરણ થવા લાગ્યું. ત્યાંથી અમે સર્વે ચાલતા માર્ગમાં એક પાંથશાલા અને જલાશયવાળું રમણીય સ્થલ હતું ત્યાં આવી પહોંચ્યા, અને સઉએ ત્યાં વિશ્રાંતિ

લેવાનો નિશ્ચય કરચો. ત્યાંથી એ મનુષ્યને મેં આજ્ઞા આપી વિદાય કરચા, તે આજ્ઞાપ્રમાણે રાજધાનીમાં જઇને થોડી સેના તથા તંબુ વગેરે રહેવાની અવસ્થા કરવાના પદાર્થો તેમ જ ખોરાકના પદાર્થોને પણ જથાબંધ ગાડાંઓમાં ભરાવી લાવ્યા. તેઓ આવતા સુધી અમે આસપાસ ફરતા અને રાત્રિ તે પાંથશાલામાં જ ગાળતા. થોડા દિવસમાં તે સેનાઆદિ સર્વ આવી મળવાથી અમે જ્યાં તે સ્ત્રી ભૂમિમાં શમી હતી ત્યાં જવાને નિકળ્યા. માર્ગમાં રાખેલાં લક્ષ્યસ્થાનને જોતાં જોતાં સર્વસહ હું તે સ્થલે જઈ પહોંચ્યો. તે સ્થલથી થોડે અંતરે વ્યવસ્થાપૂર્વક સેનાને ઉતારો આપીને તે સ્થલે હું મારા મુખ્ય અધિક વિશ્વાસપાત્ર મનુષ્યોસહ રહ્યો. સર્વ નિદ્રાવશ થયા. અર્ધ રાત્રિ વ્યતીત થઈ. મારા સ્થાનથી થોડે અંતરે રાખેલા વિચરતા રક્ષકો વિના અન્ય કોઈ જાગ્રત્ ન હતું. તે સમયે હું એ સ્ત્રીના સંબંધી વિચાર કરતો શય્યામાં બેઠો હતો એટલામાં **ખનન, ખનન. ખન્ ખન્** એવા શબ્દો મારે શ્રવણે આવ્યા. મેં સાવધાન થઈ સાંભળ્યું તો વળી તેવા શબ્દો સંભળાયા. અલ્પ સમયમાં મારાં મનુષ્યો જાગ્રત્ થયાં, અને તેમને મેં મારો વિચાર જણાવતાં કહ્યું કે આપણે આ ભૂમિ ખોદવાનો આરંભ કરવો જોઇએ. તેમણે મારી આજ્ઞા સ્વીકારી સેનાના ઉતારામાં જઈ ખોદવાનાં હથિઆર આણ્યાં, અને મેં આજ્ઞા કરી ત્યાં મારી પ્રસન્નતાઅર્થે તેમણે વારાફરતી ખોદવા માંડ્યું. કેટલાક ખોદવા લાગ્યા, અને કેટલાક તે મૃત્તિકાને બીજે સ્થલે કાઢી નાંખવા લાગ્યા. આ પ્રમાણે ત્વરાથી ખોદતાં લગભગ એક પુરુષપરિમાણ નીચે ઉતરચા ત્યારે પણ પુનઃ **ખનન ખનન ખન્ ખન્** એવો ધ્વનિ સંભળાયો. આથી વળી વિશેષ ઉત્સાહથી નીચે ખોદતાં ઉતરચા, ત્યારે નીચે મોટી શિલા દૃષ્ટિએ પડી. સર્વે મળીને તેને ઉપાડી, તો નીચે લક્ષ્મીનો મોટો ભંડાર અમને જણાયો. તે જોઇને મને તેમ જ સર્વને આનંદ થયો. તથાપિ પેલી સ્ત્રીનું સ્મરણ થતું હોવાથી મને તે ધનનો ભંડાર માત્ર જાણ્યાથી યોગ્ય સંતોષ અંતર્માં પ્રતીત થયો નહિ. તે પછી ધૈર્યથી અન્ય અધિક મનુષ્યપાસે તે પૃથ્વીને આસપાસથી ખોદાવી જોયું તો તે ધનનો ભંડાર અતિ વિસ્તારમાં હતો એમ જણાયું; અને તેથી ધનના ભંડારને એ સ્થલથી ઉપાડી લઈ જવા કરતાં ત્યાં જ કોઈ પ્રકારે તેનો ઉપયોગ કરવાનો વિચાર મને સ્ફુરચો. તે વિચારાનુસાર સ્થલે સ્થલેથી ઉત્તમ પ્રકારે શિલ્પવિદ્યાના જાણનાર અનેક મનુષ્યોને તેડાવીને ત્યાં એક ઉત્તમ્ શોભાવાળું નગર રચવાનું કાર્ય આરંભ્યું. તે નગરનું નામ **શ્રી**નગર પાડવા નિશ્ચય કરચો. નગરના મધ્યમાં **શ્રી**નું એક અતિ સુંદર શોભિતું મંદિર બંધાવ્યું.

કેટલેક કાલે મહા પ્રયત્નવડે તે નગર તૈયાર થયું, અને તેમાં* જાતિ જાતિનાં ઉત્તમ વિદ્યા, કલા તથા સદ્‌ગુણવાળાં મનુષ્યોને વસાવ્યાં. આ નગર રચાયા છતાં તે ધનનો ભંડાર અખુટજેવો પ્રતીત થયો, તેથી મેં પ્રજાના સુખાર્થે તે ધનવડે નાના પ્રકારનાં ધર્મકર્મ કર્યાં. પ્રજાના ગૃહમાં રહેલું ધન પણ રાજાનો જ કોશ હું માનતો હતો, તેથી મેં દશ વર્ષપર્યંત પ્રજાપાસે લેવાતા કર બંધ કર્યા. એથી પ્રજાને બહુ સંતોષ થયો. આ આદિ અનેક પ્રકારથી સંતોષ આપતાં તથા માતાપિતાની આજ્ઞાનું પાલન કરી તેમને સંતોષઆપતાં તથા સ્ત્રિયાદિ અન્ય સર્વ સંબંધી જનોને પણ તેમના ઘટિત મનોરથો પૂર્ણ કરીને સંતુષ્ટ કરવાં. માતાપિતાની આજ્ઞાથી તે શ્રીનગરમાં હું રહેતો તથા શત્રુઓને વશ વર્તાવવા વારંવાર રાજ્યની મર્યાદામાં તથા પ્રસંગે મર્યાદાબહાર પણ હું સેનાસહિત વિચરતો. આ પ્રમાણે કાલ વ્યતીત થતો તથાપિ પેલી સ્ત્રીનું મને વિસ્મરણ થતું ન હતું. એક રાત્રિમાં સાવધાન અનેક શસ્ત્રધારી રક્ષકોવડે રક્ષાતા અંતઃપુરમાં હું શય્યામાં સુતો સુતો નિદ્રાના અલાભે વિચાર કરવા લાગ્યો કે આ પ્રાણિપદાર્થનો સમુદાય જે સંસારનામથી ઓળખાય છે, તેમાં હું મનુષ્યાકારને પ્રાપ્ત થયો મને અનુભવું છું. સર્વ પ્રાણિઓમાં મનુષ્ય શ્રેષ્ઠ મનાય છે. મનુષ્યોમાં ઘણા વર્ગ છે તેમાં ઉંચામાં ઉંચો જે બ્રાહ્મણવર્ગ છે તેથી નીચા ક્ષત્રિયવર્ગમાં મારી ગણના થાય છે. બ્રાહ્મણાદિ મનુષ્યના વર્ગ અંતઃકરણના વિવિધ પ્રકારના સામર્થ્યથી તથા સામાન્ય સ્વભાવની વિચિત્રતાથી થયા હોય એમ પ્રતીત થાય છે. હું ક્ષત્રિયવર્ગમાં છું. તેથી મારામાં ક્ષત્રિયજાતિને વિષે ઘટતા ગુણ તથા સ્વભાવસામર્થ્યાદિ હોવાં ઘટે છે. જ્યારે આ ક્ષત્રિયનાં ધર્મસામર્થ્યને હું પ્રાપ્ત કરી રહું ત્યાર પછી મારામાં બ્રહ્મવર્ગનાં ધર્મસામર્થ્યાદિ આવવાં ઘટે છે. કારણ કે શુદ્ધ ક્ષત્રિયત્વના અંતમાં જ બ્રાહ્મણત્વ પ્રાપ્ત થાય છે. સામાન્ય દૃષ્ટિથી જોતાં વિવિધ વર્ગનાં મનુષ્યોના આકાર કે વર્ણમાં એક સરખો ભેદ ભાસતો નથી, તેથી વર્ગનાં લક્ષણ અંતર્ વર્તતાં હોવાં ઘટે છે, અને તે અંતરૂનાં લક્ષણ તેમની નાના પ્રકારની થતી બહિર્ પ્રવૃત્તિથી અનુમાન કરી શકાય છે. આથી વર્ગભેદ નિરર્થક કે અવિચારસિદ્ધ છે, એમ મનાતું નથી. ઘણું કરીને સર્વ તત્ત્વજ્ઞ પુરુષોનો એવો નિશ્ચય પૂર્વ પૂર્વ ગ્રંથો જોવાથી થયેલો ભાસે છે કે બ્રાહ્મત્વ આ જગતમાં મનુષ્યત્વને પ્રાપ્ત પ્રાણિઓને પ્રાપ્ત થવા યોગ્ય પદમાં અંતિમ એટલે છેલ્લું છે. એ અંતિમ સ્થિતિ જ ખરા સુખને અનુભવાવનાર ઉત્તમ ભૂમિ છે. તેથી સુખની અભિલાષાવાળા સર્વ જીવે તે પ્રાપ્તવ્ય છે. ઉત્તરોત્તર ભૂમિકાને પ્રાપ્ત થયા વિના એ ચરમ દશા

પ્રાપ્ત થતી નથી. તેથી મનુષ્યોએ વિવેકથી ક્રમવડે તે દશાને પ્રાપ્ત થવું ઘટે છે. આ પ્રમાણે છતાં પણ હજી હું આ દુસ્તરજેવા ક્ષત્રિયત્વના પારને પામી બ્રાહ્મત્વને પ્રાપ્ત થવાના ઉત્સાહને ધારણ કરતો નથી એ આશ્ચર્ય છે. આ જલના પ્રવાહની પેઠે વહ્યા જતા આયુષ્યવડે ક્ષીણતાને પ્રાપ્ત થતા શરીરને ચિરકાલ રહેનાર હોય એમ હું ભ્રાંતિથી માનીને આ ક્ષણપર્યંત મારા મુખ્ય કર્તવ્યમાં જાગ્રત્ થતો નથી, એથી મને ધિક્કાર છે.

આ દૃશ્ય પદાર્થમાત્ર જે મને તેમના પ્રતિની આસક્તિવડે જીવનપર્યંત ક્લેશ તથા અંતમાં અધોગતિના આપનાર છે, તેમની આસક્તિનો ત્યાગ એ જ મારું અંતિમ કર્તવ્ય છે. તોપણ માતાપિતાની પ્રસન્નતા વિના તેમ જ સ્ત્રીની ઇચ્છા વિના તથા વ્યવહારભારને વહન કરવાને પુત્ર સમર્થ થયા વિના ગૃહી પુરુષોએ ગૃહવ્યવહારના ભારથી મુક્ત થવું, એ વ્યવહારધર્મથી અનુચિત ગણાયું છે. તેથી આ સમય કે જે મને સર્વ પ્રકારની અનુકૂલતા પ્રતીત કરાવતો નથી, તેમાં મારે વ્યવહારથી નિવૃત્ત થવું, એ બહુ દુર્ઘટ છે. કદાપિ પુત્ર ન હોય તો તો અન્ય ઘટિત વ્યવસ્થા કરાય; પરંતુ પુત્રવાન્ પુરુષે પુત્રના યોગ્ય વયપર્યંત એકાંતસેવનમાં જવું ઘટતુ નથી. યદ્યપિ મૃત્યુને વશ થતાં નિરુપાય થવાય છે, તો પણ જાણીને ત્યજી જવું અયોગ્ય છે. હવે મારે ઘણો કાલ આ આપત્તિ સહન કરવી પડે એમ નથી, તેથી ધૈર્યથી યોગ્ય સમયની વાટ જોવી ઘટે છે. વળી ગૃહમાં રહીને જ પુરુષોએ મુક્તત્વનો અધિકાર પ્રાપ્ત કરવો એવો પણ નિયમ છે. વ્યવહારમાં રહીને જે મનુષ્ય પોતાના અંતઃકરણનો જય કરે છે તે જ મનુષ્ય ઉત્તમ અધિકાર તથા સામર્થ્યવાળું ગણાય છે. કારણ કે અંતઃકરણના જયમાં આવનાર અનેક વિઘ્નો વ્યવહારદશામાં પ્રાપ્ત હોય છે, અને તે સર્વ વિઘ્નોની નિવૃત્તિપૂર્વક કરેલા અંતઃકરણના જયવાળો પુરુષ પશ્ચાત્ કદી પણ પાછો પડતો નથી. આ નિયમપ્રમાણે મારે પણ આ વ્યવહારમાં રહીને જ અંતઃકરણનો જય કરવો છે. અધિક અંશે એ જય મને સાધ્ય છે, તોપણ હજી દૃઢતાનિમિત્તે મારે આ વ્યવહારદશા જ થોડો કાલ સેવ્ય છે. આ પ્રકારે વિચાર કરતો હું ક્રમવડે સુષુપ્તિને પ્રાપ્ત થયો. સૂર્યોદયપૂર્વે હું નિદ્રાથી જાગ્રત્ થયો, અને પ્રથમ પ્રહરનાં સર્વ કાર્યથી નિવૃત્ત થઇને ભોજન કરીને મેં સભામાં પ્રવેશ કર્યો. ત્યાં ઉત્તર દિશામાં વિરોધી દુર્જનોવડે કરાતા ઉત્પાતના સમાચાર જાણ્યા; અને તેથી મારી સાથે રાખવા યોગ્ય સેનાને તથા અન્ય કુશલ રક્ષકોને લેઇને હું કુટુંબી જનોની

પ્રસન્નતા મેળવીને ચાલતો થયો; કારણ કે પ્રજાને અભય આપવું એ જ રાજાનું મુખ્ય કર્તવ્ય છે.

હું મારા સાથીઓસાથે માર્ગ કાપતો જતો હતો. રાત્રિએ થોડો કાલ વિશ્રામ લેઇને અન્ય સર્વ સમયમાં અમે પંથ કરતા હતા. જે જે સ્થલે અમારા જવાના સમાચાર થતા તે તે સ્થલે, દુર્જનના ભયની નિવૃત્તિપૂર્વક શાંતિ પ્રસરતી હતી. આગળ જતાં અમને દુર્જનોથી તો ભય થયું નહિ; પરંતુ વનવાસી વિકરાલ પશુ તથા મનુષ્યોથી અમને મોટું ભય પ્રતીત થયું. એક રાત્રે અમે નિર્વિઘ્ન વિકટ વનની વાટે જતા હતા, તેવામાં એકાએક અમારા સમીપમાં ભયંકર શબ્દ થયો. તે સાંભળીને અમારા અશ્વો તથા અમે ભયભીત થયા, તોપણ તત્કાલ સાવધાન થઇને અમે સર્વ એક સ્થલમાં એકઠા થયા. થોડે થોડે અંતરે તે શબ્દ થતો, પણ ક્રમથી જાણે અમારાથી દૂર દૂર જતો હોય એમ ભાસ્યું. અલ્પ સમયમાં તો તે જ પ્રકારના ભયંકર નાદ આસપાસ થવા લાગ્યા, અને ચારે દિશાથી અમને તે ભયંકર પ્રાણિઓએ જાણે ઘેરી લીધા હોય એમ ભાસ્યું. પશુની સંખ્યા કળી શકાઈ નહિ, પરંતુ શબ્દથી તેમની મોટી સંખ્યાનું અનુમાન થયું. મેં સર્વને આજ્ઞા આપી કે 'હવે સર્વને સાથે રહેવાનો નિયમ રહેશે નહિ. કારણ જે, જે પશુની પાછળ જશે તે, તે દિશામાં જશે. માટે જે આ પશુના પાશથી બચે તેણે અંતે એકબીજાની સંભાળ ન જોતાં સ્વસ્થાને જવું.' એમ કહીને પછી અમે આસપાસથી પશુઓપ્રતિ ધસારો કર્યો. તેમાંથી કેટલાંક મરાયાં, અને કેટલાંક નાઠાં. અમારામાંથી ઘણા ખરા અશ્વને તથા મનુષ્યોને થોડું થોડું પશુઓના નખ તથા દંતથી વાગ્યું. પણ તત્કાલ કોઈ મરણ પામ્યું ન હતું; અને તેટલામાં પશુઓના પલાયનથી તેમની પાછળ અમે સર્વ જેને જેમ ફાવ્યું તેમ ચાલતા થયા. દૈવગતિથી હું તથા મારા દશ રક્ષકો એક દિશામાં પશુઓનો નાશ કરતા તે પશુરૂપ રણના પારને પામ્યા. પણ એટલામાં ડુંગરોની ખોમાંથી પશુઓથી પણ ભયંકર અને મનુષ્યોનો આહાર કરે એવાં મનુષ્યાકારવાળાં પણ વિકરાલ રૂપનાં સંખ્યાબંધ પ્રાણિઓ નીકળી આવ્યાં, અને મોટાં કાષ્ઠ તથા પાષાણોથી અમને મારવા લાગ્યાં. અમે પણ ભયંકર શસ્ત્રોવડે તેમને હણવા માંડ્યાં. અમારા સર્વનાં શરીર ન્યૂનાધિક રુધિર સ્રવતાં તેમણે કર્યાં. પણ અમે અનુકૂલ દૈવબલથી તેમાંનાં ઘણાંને મારી નાંખ્યાં. શેષ રહેલાં નાસવા લાગ્યાં, તેમને હણતા અમે પાછળ ચાલ્યા. એ સમયે તેમના માર્ગભેદથી અમે પણ છૂટા પડી ગયા. મારી પાછળ માત્ર

એક જ મારૂં રક્ષણ કરતો આવતો મેં જોયો. હે ભાઈ! એ રાત્રસરખું ભય આખા આજપર્યંતનાં આયુષ્‌માં અમને પ્રતીત થયું નથી. આ ભયંકર રાત્રિ અને તે પ્રાણિઓ અળપાઈ ગયાં, અને સૂર્યોદય થયો. એ સમયે હું તથા મારો એક સાથી વિશ્રામસ્થલને જોતા અશ્વ ચલાવતા હતા. બહુ દૂર ચાલતાં અમને મનુષ્યોના પગરવવાળી પૃથ્વી પ્રતીત થઇ, અને તેટલામાં એક સુંદર ઋષિનો આશ્રમ દીઠો. ત્યાં જઇને જોયું તો ત્યાગવૃત્તિવાળા એક મહાત્મા પોતાના એક શિષ્યસહ બેઠેલા જણાયા. તેને પૂછતાં જાણ્યું કે ત્યાંથી બે બે કોસને અંતરે ગ્રામ છે. પણ તત્કાલ તો શ્રમિત થયેલા અમે અશ્વથી ઉતર્યા. મારા સાથીએ અશ્વને જલ દેખાડ્યું, અને આશ્રમસમીપ અશ્વને ચરવાનું મળે એવે સ્થલે બંને અશ્વને બાંધ્યા. મારો સાથી અશ્વની રક્ષા કરતો બહાર એક વૃક્ષતળે બેઠો. અને હું તે મહાત્માના આશ્રમમાં ગયો. તે શિષ્યસરખા પુરુષે આસન, ફલ, તથા જલથી મારૂં આતિથ્ય કર્યું; અને મારા શરીરથી સ્રવતા રુધિરને જોઈ તેને યોગ્ય ઉપચાર કર્યા, તથા અનેક વિધિવડે મારૂં સાંત્વન કર્યું. હું સર્વ પ્રકારથી પ્રસન્ન થઈ તેની આજ્ઞા લેઇને તેણે આપેલા આસનઉપર સુતો, અને થોડોક કાલ નિદ્રાવશ થયો. મારા સાથીને પણ ફલજલાદિથી સંતોષ્યો. અશ્વને પણ યદૃચ્છાથી માર્ગે જતા ગાડામાંથી આહાર મળી આવ્યો, તે તેને નાંખી મારો સાથી પણ સુતો. સુખપૂર્વક નિદ્રા લઇને જ્યારે હું જાગ્રત્ થયો ત્યારે તે મહાત્મા પોતાના સમીપ બેઠેલા મેં ધારેલા શિષ્યસરખા પુરુષને આ પ્રકારે બોધ આપતા હતા. હે ભાઈ! તે બોધવચનો આજપર્યંત મારી સ્મૃતિમાં જેવાં હતાં તેવાં જ છે, તે કહું છું, શ્રવણ કરો.

તે મહાત્મા કહેતા હતા કે હે સાધો! વેદશ્રુતિએ અધિકારિવર્ગને ઉપદેશ આપવાની જે વ્યવસ્થા વર્ણી છે, તેને અનુસરીને તે શ્રુતિરૂપ આજ્ઞાના પાલનને અર્થે સત્પુરુષો આ જીવોને યથાન્યાયે અધિકારપરત્વ બોધ આપે છે. તે સત્પુરુષોના આપેલા બોધવડે અધિકારી વર્તે છે, તો ઉત્તમ ફલ પ્રાપ્ત કરે છે. બોધ સફલ થવામાં સત્પુરુષનું હૃદયસામર્થ્ય તથા સાધકનું શુદ્ધ અંતઃકરણ કારણ છે. તેમાં પણ સાધકની શુદ્ધ બુદ્ધિ જ તત્ત્વનિશ્ચયમાં કારણરૂપ છે. તેથી અધિકારીએ પોતાની મતિની શુદ્ધિમાં આગ્રહ રાખવો. સાધકની નિર્મલ મતિ જ ગુરુઈશ્વરના અનુગ્રહને પાત્ર કરવા સમર્થ હોય છે; તેથી તું પોતાના અંતઃકરણને યોગ્ય વિચારવડે ઉચ્ચ અધિકારમાં સ્થાપવા પ્રયત્ન કર. જ્યાં સુધી અંતરમાં રહેલા કામસંસ્કારને જીવો

વશ વર્તાવતા નથી, ત્યાં સુધી તેઓ ઉંચી ગતિને પામતા નથી. તેથી જ સત્પુરુષોએ કહ્યું છે કે જે પુરુષ એક કામ માત્રને જ વશ વર્તે છે, તે પુરુષ આ જગત્માં સર્વના દાસત્વને યોગ્ય થાય છે; અને જે પુરુષ પોતાના અંતરૂમાંથી કામસંસ્કારને ત્યજે છે, અથવા તો તેને અધીન વર્તાવે છે, તે પુરુષ કોઇનો દાસ થતો નથી, પણ અન્ય સર્વ મનુષ્યને પોતાના દાસતુલ્ય કરી રહે છે. વળી સત્પુરુષોએ સ્વાનુભવથી પ્રકટપણે કહ્યું છે કે જે પુરુષ નિત્યાનિત્યવસ્તુવિવેકરૂપ અગ્નિવડે અથવા મહાવાક્યના વિવેકથી પ્રકટતા જ્ઞાનાગ્નિવડે અથવા તત્ત્વાભ્યાસવડે પ્રાપ્ત થતા વિવેકાગ્નિવડે પોતાના અંતરૂમાં રહેલા કામક્રોધને મૂલસહિત બાળે છે, તે પુરુષ આ સંસારમાં વર્તમાન શરીરમાં જ આનંદસ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર કરી કૃતકૃત્ય થાય છે. વળી કામના જયને કરનાર કોઈ સાધકે કામપ્રતિ કહ્યું છે કે 'હે કામ! હું તારા મૂલને રુડે પ્રકારે જાણું છું કે તું સંકલ્પથી ઉત્પન્ન થાય છે, અને તેથી જે સંકલ્પવડે તું ઉપજે છે તે સંકલ્પનો તો મે ઉત્તમ પ્રકારે ત્યાગ કરચો છે, તો હવે તું મારા વિષે કેવે પ્રકારે ઉત્પન્ન થઈશ? અર્થાત્ કોઈ પ્રકારે પણ તુ હવે મારા વિષે પ્રાપ્ત થઈ શકીશ નહિ. હે સાધક! આ આદિ અનેક પ્રમાણથી કામનો ત્યાગ જ સુખાવિર્ભાવ કરનાર છે, માટે તું ક્રમવડે સદા કામના ત્યાગમાં યત્ન કરતો રહે. હે કલ્યાણની ઇચ્છાવાળા! આ સંસારમાં મનુષ્યાદિ પ્રાણિઓ પ્રકૃતિસ્થ ગુણદોષથી ગુણદોષવાળાં હોય છે. માટે નિર્દોષ નિર્ગુણ થવાઅર્થે શનૈઃ શનૈઃ પ્રકૃતિસ્વભાવનો ક્રમાનુસાર જય કરવો ઘટે છે. મનુષ્યોમાં વર્તતા ગૌણપ્રધાન ગુણદોષાદિવડે તદનુકૂલ ઇચ્છાઓ સ્ફુરે છે, અને તે પ્રમાણે તે ક્રિયાઓ કરે છે. જે મનુષ્યમાં સાત્ત્વિક સ્વભાવ પ્રધાનપણે વર્તે છે, તે મનુષ્યો તો પ્રધાનપણે મોક્ષની જ ઇચ્છાવાળાં હોય છે. રજસ્પ્રધાન મનુષ્યો મુક્તત્વજન્ય સુખની તથા વિષયસુખની ઇચ્છાવાળાં હોય છે, અને તમસ્પ્રધાન મનુષ્યો કેવલ વિષયસુખાર્થે વિષયોની જ ઇચ્છા કરે છે. આ પ્રમાણે જેમ ઇચ્છાનો ભેદ છે તેમ તેમનામાં ઉપજતો દ્વેષ પણ ભેદવાળો છે. સાત્ત્વિક મનુષ્યો પ્રધાનપણે દુઃખના કારણરૂપ વિષયોમાં દ્વેષ ધરે છે. રાજસ મનુષ્યો પોતાના સુખના વિરોધી, જેમને તેઓ વૈરી જાણે છે, તે વૈરીઓપ્રતિ દ્વેષ ધરે છે; અને તામસ મનુષ્યો તો સ્વાર્થનિમિત્તે શત્રુમિત્ર ઉભયપ્રતિ દ્વેષ ધરે છે. જેમ આ ઇચ્છા અને દ્વેષમાં ભેદ છે, તેમ તેમના ભયમાં પણ ભેદ છે. સાત્ત્વિક મનુષ્યો ધર્મરૂપ પ્રવૃત્તિમાં થતા પ્રમાદથી પ્રધાનપણે ભય પામે છે. રાજસ

મનુષ્યો અનુચિત વ્યવહાર કરતાં છતાં ઉત્તર કાલે પ્રાપ્ત થનાર યમની શિક્ષાથી પ્રધાનપણે ભય પામે છે. અને તામસ મનુષ્યો તો માત્ર રાજા આદિ પ્રત્યક્ષ ભયનાં કારણથી જ ભય પામે છે. વળી એમની અજ્ઞાનતામાં પણ ભેદ છે. સાત્ત્વિક મનુષ્યોને આત્મસ્વરૂપનું જ અજ્ઞાન હોય છે. રાજસ મનુષ્યને આત્માનું તથા શાસ્ત્રનું પણ અજ્ઞાન હોય છેઃ અને તામસને તો આત્મા, શાસ્ત્ર, તથા લોકનીતિવ્યવહારાદિનું પણ અજ્ઞાન હોય છે. આ આદિ અનેક પ્રકારનાં પૃથક્ પૃથક્ લક્ષણોથી ગુણોની ન્યૂનાધિકતાનો નિર્ણય કરે છે; તે વિવિધ પ્રકારથી લક્ષણોનો નિર્ણય કરીને વિરોધી સ્વભાવનાં મંદમતિ મનુષ્યોનો સહવાસ સેવવો નહિ. કારણ કે તેમના સહવાસથી મતિ મલિનત્વને પ્રાપ્ત થાય છે. વળી તેવાં પ્રાણિપદાર્થનો અધિક સંબંધ કે તેમનું અધિક ચિંતન પણ કરવું સાધકે ઉચિત નથી. કારણ કે તેમના સંસર્ગસંબંધ કે ચિંતનથી વાગાદિ ઇન્દ્રિયોને પરિશ્રમ તથા અંતઃકરણને દોષ પ્રાપ્ત થાય છે. હે ભાઈ! આ જગત્માં બુદ્ધિમંતોએ તો માત્ર સુખરૂપ ફલની તથા સુખરૂપ ફલનાં સાધનોની જ નિરંતર ઇચ્છા કરવી ઘટે છે. દુઃખરૂપ ફલની તથા દુઃખના હેતુઓની નિવૃત્તિની ઇચ્છા પણ પ્રાજ્ઞ પુરુષોએ સેવવી ઘટે છે. સામાન્યપણે જોતાં દુઃખના હેતુઓ આ છે. જે જે મનુષ્યો સદા બીજાઉપર ઈર્ષા રાખનારાં અર્થાત્ બીજાના સુખને કે અન્યની અનુકૂલતાને જોઇને નિરંતર અદેખાઈ કરનારાં છે, તે મનુષ્યો દુઃખી છે. જેમનાં અંતઃકરણ નિરંતર દયાવાળાં હોય છે, અર્થાત્ બીજાનાં દુઃખ દેખી જે મનુષ્યો સહન ન કરી શકનાર હોય છે, તેઓ પણ સદા દુઃખી ગણાય છે. યથાપ્રાપ્તમાં સંતોષરહિત અર્થાત્ જે જે સમયે જે જે મળી આવે કે જે જે સ્થિતિ પ્રાપ્ત હોય તેમાં અનુકૂલ મતિથી સંતોષ નહિ માનનાર પણ સદા દુઃખી કહ્યાં છે. ક્રોધને વશ વર્તનારાં અર્થાત્ આપણી ઇચ્છાપ્રમાણે ન હોવાથી સદા ક્રોધ કરવાના સ્વભાવવાળાં મનુષ્યો પણ સદા દુઃખી મનાયાં છે. પ્રત્યેક વ્યવહારમાં નિરંતર શંકાશીલ રહેનારાં અર્થાત્ જે જે વ્યવહાર પોતે અથવા અન્યદ્વારા કરવાના હોય તેમાં સદા અવિશ્વાસાદિ નિમિત્તોથી સંશયવાળાં રહેનાર મનુષ્યો પણ સદા દુઃખી હોય છે. તેમ જ પરધનથી પોતાનાં જીવનને ચલાવનારાં અર્થાત્ જેઓ પોતાના ખાનપાનાદિ સર્વ વ્યવહારમાં જોઈતા પદાર્થો, આવી પ્રાપ્ત થનાર અન્યના ધનવડે જ અન્યના આશ્રયે રહી તે મેળવી જીવનારાં છે તે મનુષ્યો પણ સદા દુઃખી છે. આ વિના અન્ય વ્યાધિઆદિ અનેક દુઃખના હેતુઓ છે તે સર્વથી ઉગરવાને યથાશક્તિ યત્ન કરવો જોઇએ.

આ સંસારમાં સદા અર્થાત્ પ્રધાનપણે દુઃખાનુભવ કરનાર મનુષ્યોને જીવતાં છતાં પણ મુવેલાં જ કહ્યાં છે. આ પ્રકારના નિશ્ચયથી જ પૂર્વ મહાપુરુષે પાંચને જીવતાં મુવાં કહ્યાં છે. તે પાંચ આ છેઃ—૧ સદા રોગી, ૨ સદા દરિદ્રી, ૩ નિરંતર મૂર્ખ, ૪ સદા પ્રવાસ સેવનાર, તથા ૫ નિરંતર પારકી ચાકરીમાં રહેનાર. આ પાંચને જીવિત છતાં મરણને પ્રાપ્ત થયાં માનવાનું કહેવામાં દુઃખ જ હેતુ છે. આ આદિ અનેક પ્રકારના સ્વાનુભવથી વા પરાનુભવથી નિશ્ચય કરેલાં દુઃખ કે દુઃખના હેતુને યોગ્ય પ્રયત્નથી ટાળવા. અને તેને અનુકૂલ માની લે એવી મતિ સુધારીને સુખાર્થે સુખનાં સાધનોનો નિશ્ચય કરી તેમને યત્નથી સાધવાં. એ વિના અન્ય મનુષ્યનું કર્તવ્ય નથી.

વીરવિજયને કહે છે, હે ભાઈ! આ પ્રકારનાં વચનો તે મહાત્માએ સમીપ બેઠેલા પુરુષને કહ્યાં, તે મેં શ્રવણ કર્યાં. તે વચનોએ મારા અંતર્માં બહુ વિલક્ષણતા કરી. પછી ત્યાંથી મારા સાથીસહ હું તે મહાત્માને સવિનય નમન કરી તેમના ઉપકારનું વિસ્મરણ ન થાય એવા નિશ્ચયપૂર્વક નિકળ્યો.

ત્યાંથી મારા સાથીસહ માર્ગ કાપતો હું કેટલેક દિવસે સમુદ્રના તીરઉપર આવ્યો. સમુદ્રનું ભયંકર સ્વરૂપ જોતો હું અનેક પ્રકારના વિચારને કરવા લાગ્યો, 'અરે! આ સમુદ્રના જલમાં દૃષ્ટિ વ્યાપારવાળી થતી જણાતી નથી. જલના ઉંડાણને, અને જલના અંતે રહેલી પૃથ્વીઉપર શું શું છે, એ આ દૃષ્ટિ જોઈ શકતી નથી. જનમાં કહેવત ચાલે છે કે જેનું ઉદર પ્રત્યક્ષ નથી, તે ભયંકર છે. આ સમુદ્રની પેઠે ઉંડા મનના મનુષ્યોના પણ અંતરના આશયો જાણ્યા જતા નથી, તેથી તે પણ ભય આપતા ભાસે છે. અરે! આ મનુષ્યનું અંતઃકરણ પણ સમુદ્રસરખું જ છે. જેમ આ જલમાં તરંગો, લહરીઓ ઉપજી ઉપજી શમે છે, તેમ આ અંતઃકરણમાં પણ મોટાનાના કામરૂપ તરંગ તથા લહરીઓ ઉપજી ખપે છે. આ સમુદ્રનું જલ પણ ક્રિયાવાળું હોવાથી ફેનરૂપ મલને ઉપજાવેછે તેમ આ અંતઃકરણ પણ ક્રિયાવાળું હોવાથી અનેક દોષરૂપ મલને ઉપજાવે છે. આ સમુદ્રમાં જેમ ઉત્તમ, મધ્યમ, તથા અધમ પદાર્થો હોય છે, તેમ આ અંતઃકરણમાં પણ અનેક પ્રકારના ઉત્તમ, મધ્યમ, તથા અધમ શુભાશુભ સંસ્કારો રહ્યા હોય છે. આ સમુદ્રના જલમાં જેમ ઘાતકી પ્રાણિઓ વસે છે, તેમ આ અંતઃકરણમાં પણ ઘાતકી પ્રાણીસમ ષડ્રિપુઆદિ વસે છે. તે સમુદ્રનાં પ્રાણિઓ સમુદ્રને સાક્ષાત્ હાનિ કરતાં પ્રતીત થતાં નથી, અને આ ષડ્રિપુ તો સાક્ષાત્ જીવને અનર્થ કરે છે.

એટલી આ અંતઃકરણમાં અને આ લોકપ્રસિદ્ધ સમુદ્રમાં વિશેષતા છે. આ આદિ અન્ય અનેક પ્રકારથી અંતઃકરણની પેઠે અપરિમિત મહિમાવાળો આ સમુદ્ર પણ અંતઃકરણની પેઠે શોધવા યોગ્ય છે. પરંતુ જેમ અંતઃકરણમાં પ્રવેશી તેને શોધવું દુર્ઘટ છે, તેમ આ અતિ ઉંડા જલમાં રહેલા સમુદ્રના તલને શોધવું પણ દુર્ઘટ છે. એવો કયો પદાર્થ પ્રાપ્ત કરીએ કે જેથી આ ભૂતલઉપર જેમ આપણે નિર્વિઘ્ન વિચરીએ છીએ તેમ સમુદ્રમાં પણ જલને ભેદીને વિચરી શકીએ ? જેમ આ ભૂમિ અનેક ઉત્તમોત્તમ વિભૂતિને પોતાના ઉદરમાં રાખી રહી મનાય છે, તેમ આ સમુદ્ર પણ મોટી વિભૂતિને પોતામાં ધારણ કરી રહ્યો મનાય છે. માટે જેમ કોઈ આ પૃથ્વીને યોગ્ય સ્થલે પ્રયત્નથી ખોદી જુએ છે, તો તેને તેમાંથી નિધિ પ્રાપ્ત થાય છે, તેમ આ સમુદ્રને પણ જો કોઈ યોગ્ય ઉપાયથી યોગ્ય સ્થલોએ શોધી જોવાય તો નિધિરૂપ ઉત્તમ પદાર્થો પ્રાપ્ત થઈ શકે ખરા. હું મારા મનથી મને રાજા માનું છું, તથાપિ આ સમુદ્રના જલમાં પ્રવેશવા અન્ય સામાન્ય મનુષ્યની પેઠે હું પણ અસમર્થ મને પોતાને માનું છું. વળી જેમ આ મનુષ્યાદિ પ્રજાને હું વશ વર્તાવું છું, તેમ આ જલમાં રહેલી વિવિધ પ્રાણીરૂપ પ્રજાને હું વશ વર્તાવી શકતો નથી. ખરે, હું વાસ્તવ વિચારથી ભૂપતિ નથી, પણ માત્ર મનુષ્યોએ માનેલો હું નરપતિ છું. આ આદિ અનેક પ્રકારના વિચારોને મિથ્યા વશ વર્તતો હું મારા સાથીસહ સમુદ્રના તીરપર ઉભો છું, એ સંધિએ દૈવવશાત્ મારી રાજ્યમર્યાદામાં રહેનાર મોટા વ્યાપારીઓનાં વહાણ વિદેશથી કમાણી કરી પોતાને દેશ જવા પાછાં વળેલાં એ સ્થલે આવી અટક્યાં; અને તેમાંથી કોઈ કોઈ મનુષ્યો પોતાને જોઇતા પદાર્થો લેવાઅર્થે સમીપની વસતિમાં જવા તીરઉપર ઉતર્યા. તેમણે મને તથા મારા સાથીને ઓળખીને સવિનય નમન કર્યું. મેં કે મારા સાથીએ તેમને ઓળખ્યા નહિ, પણ તેમને પ્રવાસી જાણીને મેં વૃત્તાંત પૂછ્યો ત્યારે તેમણે મને સર્વ કહ્યો. તે પછી મેં તેમને મારી પ્રજા જાણીને બહુ પ્રીતિ દર્શાવી. તેમણે પણ મને પોતાનો રાજા જાણી બહુ પ્રેમ દર્શાવ્યો. તેમણે મને વહાણમાર્ગે તેડી જવાનો આગ્રહ કર્યો, અને હું પણ સમુદ્રમાં પ્રવાસની ઇચ્છાવાળો હોવાથી તેમની ઇચ્છાને અનુસર્યો. તેઓ ત્વરાથી પોતાનાં કાર્યને કરી લેઇને ત્યાંથી ચાલનાર હતા, તેથી મેં પણ મારા સાથીને તેમની સાથે વસતિમાં મોકલી મારે અર્થે ઉપયોગી પદાર્થો મંગાવી લીધા. સર્વ કાર્ય અટપાયા પછી તેમણે મને બેસવાની ઉત્તમ પ્રકારની વ્યવસ્થા વહાણમાં કરી આપી

ત્યાં હું બેઠો. તેમને અનુકૂલ સમયે તેમણે ત્યાંથી વહાણો ચાલતાં કર્યાં. પ્રથમ જ સમુદ્રમાર્ગે પ્રવાસ કરનારો હું આશ્ચર્યથી દિશામાં વિસ્તરેલા સમુદ્રના સ્વરૂપને જોતો આનંદને અનુભવતો હતો. તે વ્યાપારીઓ પોતાના નિયમપ્રમાણે રાત્રદિવસ માર્ગ કાપતા હતા. કોઈ ઉત્તમ વસતિવાળું સ્થલ આવે ત્યાં રોકાતા અને આગળ ચાલતા. એમ કરતાં કેટલેક દિવસે એક બેટસમીપ આવી પહોંચ્યા. મને એ સ્થલે ઉતરીને જોવાની ઇચ્છા થઈ, અને મારી ઇચ્છાથી તેમણે તે સ્થલે વહાણને અટકાવ્યાં. વહાણથી ઉતરીને હું બેટમાં આસપાસ વિચરવા લાગ્યો, અને એકાંત નિર્જન પ્રદેશ જોઇને તથા સર્વ બાજુએ ઘુઘુવાટ કરતા સમુદ્રના જલને જોઇને વિલક્ષણ શાંતિને અનુભવવા લાગ્યો. મારો સાથી તથા વ્યાપારીનાં માણસો મારી પાછળ થોડે અંતરે ચાલ્યાં આવતાં હતાં. જોતાં જોતાં જ્યારે આગળ ચાલ્યા ત્યારે હસ્તમા દંડને ધારણ કરેલો, અન્ય વિષયપદાર્થ વિનાનો અને મોટા શરીરવાળો કોઈ પુરુષ મારા સંમુખ આવતો મને જણાયો. આ પુરુષને દૂરથી જોતાં જ મને પૂર્વે શ્રવણ કરેલા, હસ્તમાં કાલદંડને ધારણ કરી વિચરતા યમરાજાનું સ્મરણ થયું. પણ મરણને સ્વીકારી વિચરનાર મને તે પુરુષથી કિંચિત્ પણ ભય થયું નહિ, અને હું પણ તેના સંમુખ ચાલ્યો. મારી પાછળ આવનાર મનુષ્યોએ તે પુરુષ દીઠો છે કે નહિ, એ તે સમયે હું જાણતો ન હતો. પણ મને એવો વિચાર આવ્યો કે જો મારી પાછળ આવનારાં મનુષ્યો આ પુરુષને દેખશે તો તેઓ અવશ્ય ભયને પ્રાપ્ત થશે. આ વિચારથી મેં પાછા વળીને તેમને કહ્યું કે તમે નિર્ભયતાથી મારી પાછળ આવજો. આ મારૂં વચન શ્રવણ કર્યા પછી તે મનુષ્યોને પેલો પુરુષ દેખાયો, અને તેથી ગભરાટથી સર્વ બોલી ઉઠયા કે 'અરે મહારાજ! પાછા વળો, પાછા વળો.' તેમનો ગભરાટ જાણીને મેં તેમને કહ્યું, 'તમે કોઈ ભય ધરશો નહિ.' મારો સાથી મારો આગ્રહ જોઇને ભયરહિત થઇને સત્વર ચાલી મારી સાથે થયો, અને બીજાં વ્યાપારીનાં મનુષ્યો ભયસહિત પાછળ પાછળ આવવા લાગ્યાં. પેલો પુરુષ મારા સંમુખ દૃષ્ટિ સ્થાપીને ચાલતો અમારી પાસે આવતો હોય એમ ભાસતું હતું. જ્યારે તેનો સ્વાભાવિક બોલેલો શબ્દ મને સંભળાય એટલે અંતરે તે રહ્યો, ત્યારે મંદ મંદ હસતાં તે બોલ્યો, 'હે રાજન્! તું ભયરહિત થા, અને આવ. તારી ઇચ્છા પૂર્ણ થશે.' હું જેમ જેમ સમીપ જતો ગયો તેમ તેમ મને હર્ષ પ્રકટ થતો રહ્યો. તે પુરુષને ઉત્તર આપતાં હું બોલ્યો, 'ભયરહિત રહેવું એ જ મારો ધર્મ છે. મારી ઇચ્છા પૂર્ણ કરનાર

આપની કૃપાને પ્રથમ ઇચ્છું છું.’ એવું બોલતાં જ્યારે હું સમીપ ગયો ત્યારે મને ભાસ્યું કે તે કોઈ દિવ્ય બલવાળો પુરુષ છે-કાં તો મહાત્મા હો, કાં તો મનુષ્યદેહધારી દેવ હો. મારો તેમને માટે ઊંચો અભિપ્રાય બંધાયાથી મેં તેમને પ્રેમથી નમન કર્યું. તેમણે પ્રસન્ન વદનથી મારે મસ્તકે હસ્ત મૂક્યો. પછી મારો હાથ ઝાલીને તે પોતાના આવવાના માર્ગપ્રતિ મને તેડી ચાલ્યા. હું પણ બોલ્યા વિના તેમની સાથે ચાલ્યો. મારો સાથી મારી પાછળ ચાલતો રહ્યો, અને તેની પાછળ વ્યાપારીનાં ભયભીત મનુષ્યો ચાલતાં રહ્યાં. પેલા મહાપુરુષ મારો હાથ ઝાલી ચાલતાં માર્ગમાંથી કોઈ કોઈ પદાર્થ લેતા હતા, તથા વળી નાંખી દેતા હતા. એમ કેટલાક પદાર્થો લેતા નાંખતા ચાલતા અમે સમુદ્રના જલસમીપ આવ્યા. પછી તેમણે કહ્યું કે ‘હે રાજન્! તારે આ સમુદ્રના ઉદરને જોવાની ઇચ્છા છે, તો સાવધાન થા.’ આ તેમના વચનથી મને આશ્ચર્યસાથે તેમનું ઐશ્વર્ય પ્રતીત થયું. મેં સવિનય કહ્યું, ‘હે સર્વજ્ઞ! આપ કોણ છો, તે જાણવાની મને ઇચ્છા છે.’ તેમણે કહ્યું કે તારી પ્રથમની ઇચ્છાને પૂર્ણ કર. આ ઇચ્છા પૂર્ણ કરવાનિમિત્ત મારું વચન નથી. તું સમુદ્રના ઉદરને જોઈ આવે ત્યાં સુધી આ તારાં સંગી મનુષ્યો એમનાં વહાણસહ તીરપર રહેશે. તું નિઃશંક તથા નિર્ભય થઇને જો મારાં વચનમાં વિશ્વાસવાળો હોય તો સાવધાન થા, અને હું કહું તે હિતવચન શ્રવણ કર. હે રાજન્! આ મહાવિભૂતિસ્થાનમાં તારો પ્રવેશ થાય છે, તેથી હિતવચનની અપેક્ષા છે. આ મનુષ્યો મોહને વશ વર્તીને ઐશ્વર્યથી ભ્રષ્ટ થઈ રહ્યા છે, તેથી કલ્યાણની ઇચ્છાવાળો તું સદા મોહથી મુક્ત રહેજે. આ વિશ્વવ્યવસ્થામાં મોહનું જ સામ્રાજ્ય મહાજનોએ માન્યું છે કારણ કે ઊર્ધ્વ ગતિથી પતન કરનારી, અને બુદ્ધિબલને હરણ કરીને અધોગતિ આપનારી પ્રધાન સત્તા મોહની જ છે. ઉત્તમોત્તમ દૃશ્ય પદાર્થોપ્રતિ ઇન્દ્રિયવૃત્તિ વળતાં જેના વડે સ્વસ્થતા તથા સાવધાનતાનો ભંગ થાય છે, તે આ મોહની સત્તા છે. કોઈ પણ કાર્યની ઉત્કૃષ્ટતા જાણીમાનીને વૃત્તિ આશ્ચર્યમગ્ન થઈ જેવડે સ્તબ્ધતા કે વિહ્વલતાને પ્રાપ્ત થાય છે એ સત્તા મોહની છે. જેવડે પ્રિય દૃશ્ય પદાર્થ આમરણાન્તિક પ્રયત્નવડે પણ પ્રાપ્ત કરવાની અભિલાષા ઉપજે છે, તથા દુરાગ્રહવડે અવશ્ય પ્રાપ્તવ્યરૂપ નિશ્ચય કરાય છે, તે સત્તા મોહની છે. સૂક્ષ્મમાં કહું છું કે જે વડે આ જીવોને વિષયસંસર્ગથી ચિત્તની પ્રસન્નતા થઇને ઇન્દ્રિયવૃત્તિને પ્રહર્ષ થાય છે, તે સત્તા મોહની છે. હે ભાઇ! આ મોહની સત્તા ત્રિલોકીમાં

વિસ્તારને પામી છે; માટે સાવધાન કરવાને કહું છું કે જ્યાં જ્યાં તારી ગતિ થાય, જે જે સ્થલે પ્રિય દૃશ્યનું દર્શન થાય, અને જ્યારે જ્યારે તે પ્રાપ્ત થવાનો સમય હોય ત્યારે ત્યારે સદા સર્વ સ્થલે સાવધાન રહીને આ મોહને કે મોહની સત્તાને વશ વર્તીશ નહિ.

હે નરેશ ! તું દિશાઓપ્રતિ દૃષ્ટિને કે મનને ગતિ આપી જોઇશ, અને વિવેકથી વિચાર કરીશ તો તને સ્પષ્ટ થશે કે જે જે પરતંત્ર પ્રતીત થાય છે, તે તે સર્વ આ મોહની સત્તાને અધીન વર્તવાથી જ પરતંત્રતાને પ્રાપ્ત છે, એમાં સંદેહ નથી. જે મહાત્મા પુરુષ આ મોહને વશ વર્તાવનાર થાય છે, તે જ આ વિશ્વવિભૂતિનો ભર્તા થાય છે, અને સ્વતંત્રતાને અનુભવે છે. જે મોહનીસત્તાને જાણુતા નથી અને તેને વશ વર્તે છે, તે જ જ્યાં ત્યાં દુઃખી છે; અને જે એને જાણીને એને વશ વર્તાવે છે, તે જ જ્યાં ત્યાં સુખી છે. મોહસત્તાને વશ વર્તી આ દૃશ્યસાથે સુખબુદ્ધિથી બંધાવું એ જ બંધન છે, અને એને વશ વર્તાવી વાસ્તવ સુખબુદ્ધિથી એને બંધન આપવું એ જ મુક્તત્વ છે.

હે પાર્થિવ ! આ જગત્માં અનુકૂલ પ્રિય પદાર્થોના રક્ષણાર્થે અને તેવા પદાર્થોની ઉત્તરોત્તર અધિક પ્રાપ્તિને અર્થે આ જીવોની અયોગ્ય પ્રવૃત્તિ જેના વડે થાય છે તે જ આ મોહ છે. તે અનુકૂલ પદાર્થોની અપ્રાપ્તિએ અથવા અપ્રાપ્તિના સંભવે જેવડે આ જીવોને પોતાના ઉપર વા અન્યના ઉપર ક્રોધ ઉપજે છે, તે પણ આ મોહની જ સત્તા છે. અન્ય જીવોને ઉત્તમ પદાર્થોની પ્રાપ્તિ થતી જોઈ જાણીને જેવડે આ જીવોને પરિતાપ થાય છે, તે પણ એ જ મોહની સત્તા છે. પ્રાપ્ત પ્રિય પદાર્થોના વિનાશના અનુમાનથી જેવડે આ જીવોનાં અંતરૂમાં ભયની પ્રવૃત્તિ થાય છે, તે જ આ મોહની સત્તા છે. આ આદિ અનેક પ્રકારના દોષો જે આ જીવને સદા અનર્થની જ પ્રાપ્તિ કરનારા છે, તે સર્વ દોષો વાસ્તવ દૃષ્ટિથી જોતાં આ મોહની સત્તાવડે પ્રકટે છે, અને પોષાય છે, જેથી તે સર્વ દોષો મોહની સત્તારૂપ જ છે.

આ પ્રકારના સર્વ અનર્થના મૂલરૂપ મોહને સૂક્ષ્મ દૃષ્ટિથી નિશ્ચય કરીને તેને યથાવત્ જાણીને તેના સત્તાબલને અનુભવીને જે સાવધાન મનુષ્યો ત્વરાથી ત્યજે છે, તે જ આ જગત્માં જય પ્રાપ્ત કરીને સુખાનુભવ કરે છે. માટે હે રાજન્ ! તારે અપ્રમાદયુક્ત ધૈર્યબલવડે આ મોહને વશ વર્તાવીને આ સમુદ્રના ઉદરને નિઃશંકપણે જોઇને પાછા વળવું. જો તું મોહને વશ વર્તીશ તો આ સમુદ્રના ઉદરને જોઇ શકીશ નહિ, અને પાછો અત્ર પણ આવી શકીશ નહિ. આ

મારાં વચનોનું વિસ્મરણ કરીશ નહિ.

આ મનુષ્યશરીર સ્વભાવથી જ જલચર પ્રાણિની પેઠે જલમાં વિચરી શકે એવાં નથી, તોપણ આ તારા શરીરથી તું આ સમુદ્રના જલમાં વિચરી શકીશ, એવો પ્રયોગ હું કરૂં છું.

આપ્રમાણે બોલીને તે મહાત્માએ મારા કંઠમાં કંઈ પહેરાવ્યું. તેની સાથે કાંઇક ગુપ્ત બાંધેલો પદાર્થ હતો. તે બાંધેલો પદાર્થ મારા ઉરસ્થાનઉપર રહે એ રીતે તે મારા કંઠમાં કોઈ જાતની રજ્જુથી બાંધીને પહેરાવ્યો હતો. પશ્ચાત્ કંઈ પદાર્થ ભૂમિઉપરથી લઇને મારા નેત્રમાં અંજન કર્યું. પછી મારે મસ્તકે હાથ મૂકી કહ્યું, તું નિર્વિઘ્ને આ સમુદ્રના તલને અવલોકન કરી આવ, અને પછી સુખપૂર્વક આ તારા સાથીઓસહ તારે માર્ગે જા. પુનઃ પુનઃ કહું છું કે તું મોહને વશ વર્તાવતો આ તારી ઇચ્છા પૂર્ણ કરી આવ.

આ પ્રકારનાં તેમનાં વચનોને શ્રવણ કરીને તેમણે કહેલાં મોહનાં લક્ષણોને લક્ષમાં રાખતો હું સામાન્ય હર્ષ તથા ભયને અંતર્માં અનુભવવા લાગ્યો. તત્ક્ષણ મેં એ પણ નિશ્ચય કરયો કે આ હર્ષ તથા ભયની વૃદ્ધિ પણ મોહની સત્તા છે. તેથી તેની વૃદ્ધિ ન થવા દેતાં સામાન્ય સ્થિતિવડે મેં મારા સાથીને કહ્યું કે મારા પાછા આવતા સુધી તમારે આ સ્થલનો ત્યાગ કરવો નહિ, અને તમે નિર્ભય રહેજો.

પેલા મહાત્માના ચરણમાં મસ્તક મૂકી સવિનય નમીને મેં કહ્યું, હે ત્રાતા! હે રક્ષક! મારૂં ક્ષુધાતૃષાઆદિઅનેક પ્રકારના કષ્ટથી રક્ષણ કરજો. યદ્યપિ આ મારાં વચનો મોહને વશ વર્તનારનાં વચનતુલ્ય છે તથાપિ આપના સમીપ છું, તેથી નિર્ભય છું. હે સર્વજ્ઞ! આપની આજ્ઞાથી જલમાં પ્રવેશવારૂપ મારા કર્તવ્યને હું કરૂં છું. આપના કર્તવ્યને આપ કરજો. આપ્રમાણે બોલીને હું તેમના મુખપ્રતિ જોતો સમુદ્રના જલમાં ઉતરયો. સમુદ્રને નમન કરીઆગળ ચાલ્યો. બહિર્જલના ભયંકર તરંગોને જોતો અને અંતર્માં અંતઃકરણના તરંગોને જોતો પ્રતીત થતા ભયની ઉપેક્ષા કરતો હું આગળ વધ્યો. સમુદ્રની છોળો મારા મસ્તકપર્યંત ઉછળતી, મારા પગ ધ્રુજાવતી પાછી વળતી હતી. મારા સાથીઆદિનાં મુખ તો દીન જનનાં મુખજેવાં જણાતાં હતાં, અને જાણે હું સમુદ્રમાં ન પ્રવેશ કરૂં એવી યાચના અંતર્થી કરતાં હોય એવાં તેઓ ઉપરથી ભાસતાં હતાં. આ સમય સૂર્યાસ્તનો હોવાથી હું મારા સંમુખ પશ્ચિમ દિશામાં સૂર્યને સમુદ્રમાં પ્રવેશ કરતા હોય એમ દેખતો હતો, અને તેઓ જાણે મારા રક્ષકરૂપે મારી

સાથે સમુદ્રમાં પ્રવેશતા હોય એવો ભાસ થતો હતો. સમુદ્રમાં પ્રવેશતા મેં, સમુદ્રમાં પ્રવેશતા પ્રતીત થતા સૂર્ય ભગવાનૂને પ્રસન્ન ચિત્તથી ચાલતાં ચાલતાં નસ્મકાર કરચો. એટલામાં હું અને સૂર્ય ભગવાન્ અદૃસ્ય થયા.

હે ભાઈ! જેમ ખેચર પ્રાણિઓ ગગનમાં, જલચર પ્રાણિઓ જલમાં, અને આપણ મનુષ્યાદિ પૃથ્વીમાં સુગમતાથી વિચરીએ છીએ તેમ હું જલમાં વિચરવા લાગ્યો. ત્વરાથી ચાલતા અશ્વકરતાં પણ મારી ગતિ વધારે હશે એમ મને તે સમયે ભાસ્યું. હું ઊંડા જલમાં ઉતરતો જતો હતો, પણ મને ભાન ન હતું કે મારા ઉપર કેટલું જલ છે. જેમ આ ગગનમાં ઉડતાં પક્ષિઓને નીચે તથા ઉપર ગગન હોય છે તેમ આગળ જતાં હું જાણુતો કે મારી નીચે તથા ઉપર જલ છે, પણ તે કેટલા ઊંચાનીચા પ્રદેશપર્યંત છે તે હું સમજતો ન હતો. જેમ પૃથ્વીથી ઉંચે આકાશમાં રહીને પોતાના ઉપરનીચેના આકાશને આપણે જાણી તથા જોઈ શકીએ, તેમ હું પણ ઉપર નીચે જલને જોઈ શકતો હતો. મારાં નેત્ર જલથી ભેદાતાં કે ઝપટાતાં ન હતાં. જેમ આ ભૂમિઉપર રહીને આકાશમાં દૃષ્ટિ નાંખી પદાર્થોને આપણે જોઇએ છીએ, તેમ હું ત્યાં પણ આસપાસ અને નીચે ઉંચે પણ દૃષ્ટિ નાંખી જોઇ શકતો હતો. જેમ મનુષ્ય જલમાં ગુંગળાઇને ડુબે છે અને તેના શરીરમાં જલ મુખનાસિકાદ્વારા પ્રવેશે છે, તેમ મને થતું ન હતું. હું તો જેમ આ ભૂમિઉપર વિચરતાં શ્વાસ લેતો મૂકતો હતો, તેમ જ ત્યાં પણ મને પોતાને શ્વાસપ્રશ્વાસ કરતો અનુભવતો હતો. સૂક્ષ્મમાં કહું છું કે મને શરીરસંબંધમાં કોઇ પ્રકારનું પણ ભય પ્રતીત થતુ ન હતુ. હું વસ્ત્રવડે કટિ બાંધીને તથા કટિમાં અને સ્કંધે શસ્ત્રો રાખીને જે પ્રકારે આ ભૂમિમાં વિચરતો હતો તે જ પ્રકારે જલમાં ચાલ્યો જતો હતો. આગળ ચાલતાં અનેક જલચર નાનાંમોટાં પ્રાણિઓ મારા પ્રતિ આવતાં જણાયાં. તે સમયે મને જેમ કોઇ નવીન પ્રાણી આપણા મનુષ્યોની વસતિના સ્થાનમાં આવે અને તેને જોવાને નગરવાસીઓ એકઠાં થાય, તેમ તેઓ મને નવીનને જોવાને એકઠાં થતાં જણાયાં. જેમ વનમાં કે ગૃહમાં દીપક પ્રકટતાં અનેક જીવો તે દીપકસમીપ આવે છે, તેમ તે પ્રાણિઓ મારા સમીપ આવતાં જણાયાં. મને પ્રથમ તો ભયનું અંકુર અંતરૂમાં સ્ફુટ થતું ભાસ્યું, પણ તત્ક્ષણ મેં તેને મોહની સત્તા જાણીને તેની ઉપેક્ષા કરી. તે પ્રાણિઓ તો મારી આસપાસ દૂર દૂર ચાલતાં અને ધીરે ધીરે સંખ્યામાં વધતાં જતાં હતાં. થોડે દૂર ગયા પછી

મેં આસપાસ જોયું તો જાણે હું રાજા મારી મોટી સેનાસહિત જતો હોઉં, એમ જણાયું. મને તેઓ જાણે સંમાનથી કોઇ સત્તાધીશનાં પ્રેર્યાં આવીને તેડી જતાં હોય એમ મારી આસપાસ ચાલ્યા કરતાં હતાં. આ સ્થિતિમાં મને એક પ્રકારનો અપાર આનંદ થાત, પણ મોહને વશ વર્તાવવાની મહાત્માની આજ્ઞાને હું સ્મરણમાં રાખી રહ્યો હતો તેથી માત્ર અંતઃકરણની સામાન્ય સ્થિતિને અનુભવતો ઉદાસીનની પેઠે વહ્યો જતો હતો. હું કેટલા કાલમાં કેટલો માર્ગ કાપું છું, એ જાણતો ન હતો, પણ બહુ વેગથી હું જતો મને અનુભવતો હતો. કોઇ વાહનને હું જોતો ન હતો, તેમ મારા પગ થાકતા મને ભાસતા ન હતા હે ભાઈ! જાણે ચંદ્રના પ્રકાશમાં ચાલ્યો જતો હોઉં એમ ભાસતું હતું. આપ્રમાણે વેગથી હું ચાલ્યો જતો હતો. મારી સાથેનાં જલચર પ્રાણિઓમાં નવાં મળતાં જતાં હશે, અને જૂનાં માર્ગમાં રહી જતાં હશે, એમ હું અનુમાન કરતો હતો. કેટલોક કાલ માર્ગ કાપ્યા પછી મેં બે ભયંકર પુરુષને દૂરથી જોયા. તેમના હાથમાં મોટા દંડને તેમણે ધારણ કરેલા હતા. તેમને જોતાં પ્રથમ ક્ષણે તો મને પેલા મહાત્માનો ભાસ થયો, પણ પછી તે ભાસ બદલાયો, અને કોઇ અન્ય પુરુષો જ તે છે એમ જણાયું. તેઓ પણ મારી પેઠે નિઃશંકપણે જલમાં વિચરતા હોય એમ મને ભાસ્યું. જેમ જેમ હું ગતિને વશ વર્તતો તેમના સમીપ જવા લાગ્યો, તેમ તેમ મને જણાયું કે તેઓ તો જ્યાંના ત્યાં જ હતા. જ્યારે હું છેક તેમના સમીપ ગયો ત્યારે તેમાંનો એક જે મારા સમીપ પ્રથમ આવ્યો તેણે મંદમંદ હસતાં મને પોતાના હાથથી ઝાલી લીધો; અને આપણે જેમ બાલકને ઉપાડી લઇએ છીએ, તેમ તેણે મને ઉપાડી લીધો, અને લગાર આગળ જઇ મને નીચી દૃષ્ટિથી જોવડાવ્યું તો મેં વિશાલ ને બહુ ઊંડો ખાડો દીઠો. એ સમયે પણ મને ભય ભાસ્યું. પણ તત્ક્ષણ વૃત્તિ શમાવીને હું મૌન રહ્યો. એટલામાં તો તે પુરુષે મને તે ખાડામાં, જેમ આપણે નિઃશંકપણે પાષાણને હસ્તમાં લેઇને કૂપમાં નાંખીએ છીએ, તેમ નાંખી દીધો. હું પણ જેમ આકાશમાંથી ખરતા તારા સરરર કરતા નીચે આવતા ભાસે છે તેમ નીચે જવા લાગ્યો. નિર્વિઘ્ન હું તે કૂપના સરખા ઊંડા ખાડામાં પડ્યો, અને તે અતિ નીચા પ્રદેશમાં વળી પ્રથમની પેઠે ચાલવા લાગ્યો. પછી તો મને ઉપર દૃષ્ટિ કરતાં જેમ આપણને ભૂમિઉપરથી દૃષ્ટિ કરતાં અભ્રયુક્ત આકાશ દેખાય છે તેમ તેવા પ્રકારનું ઘુમટવાળું આકાશ જણાવા લાગ્યું, અને દિવસના જેવો પ્રકાશ ભાસવા લાગ્યો. પણ

સૂર્યભગવાનૂને સર્વે દિશામાં જોવા છતાં પણ હું દેખતો ન હતો. એ સ્થલે દિશાના ભાન વિનાનો હું એક બાજુ થોડું ચાલ્યો એટલામાં રૂપલાવણ્યવંતી યુવતીનું યૂથ મારા પ્રતિ આવતું મેં જોયું. તેમના મુખની, વસ્ત્રની, અને ચાલની શોભા મહામુનિના મનને ભ્રમાવે એવી હતી. તેમના પ્રતિ જોતાં જ આ મારૂં મન વિલક્ષણ દશાને પામવા લાગ્યું. જ્યાં મનની મોહના પાશવાળી સ્થિતિ થવા લાગી કે તત્કાલ મને મારૂં સ્થૂલ શરીર ભારે થતું ભાસ્યું, અને જેમ જલમાં ડુબવાને નીચે ઊતરી જતો હોઉં એવો ભાસ થયો કે તત્ક્ષણ પેલા મહાત્માનું સ્મરણ કરી હું મોહથી મુક્ત થયો. વૃત્તિને સાવધાન કરી એટલે વળી મારૂં શરીર મને હલકું તુલસમ ભાસવા લાગ્યું, અને તે સ્ત્રિયોના યૂથપ્રતિ મારી ગતિ થવા લાગી. પરસ્પરના સંમુખ ચાલતાં એવાં અમે એક બીજાના સમીપ આવી પહોંચ્યાં. સાવધાનતાથી જોતાં જણાયું કે તેમના હાથમાં સુવર્ણના મોટા થાળ હતા. તેમાં મહામૂલ્યવંત મૌક્તિક તથા વિવિધ રત્નો ભરેલાં હતાં. તે પ્રત્યેક થાળમાં સુંદર વસ્ત્રો પણ એક બાજુ મૂકેલાં હતાં. તે યુવતીઓનું યૂથ મારા સમીપ આવીને મારી આસપાસ ફરી વળ્યું. અને મને તે થાળમાંનાં મોતી તથા રત્નોવડે વધાવ્યો. તેમાંની પ્રત્યેકે મને મોતી તથા રત્નોથી વધાવીને કહ્યું કે હે પ્રવાસિન્ ! હે અતિથિરૂપ મહાપુરુષ ! આ વસ્ત્રને ધારણ કરો, અને મારા ગૃહપ્રતિ ચાલો. પ્રત્યેકનાં વારાફરતી કહેલાં આ એક સરખાં વચનને શ્રવણ કરીને હું અંતર્‌માં મારા કર્તવ્યનો વિચાર કરતો સ્તબ્ધસરખો થયો, અને એમને શું ઉત્તર આપું તે તત્કાલ સૂઝ્યું નહિ. મને મૌન ધરી ઉભેલો જોઇને તેમણે સઉએ કહ્યું કે યથારુચિ ઉત્તર સત્વર આપો, આ મૌનનો સમય નથી. આ તેમનાં વચન શ્રવણ કરતાં જ મને અંતર્‌માં સ્ફુરી આવવાથી આપ્રમાણે બોલ્યો, કે હે ભગિનીઓ ! આ સ્થલના મારા કર્તવ્યને હું જાણતો નથી, તેથી તમે સર્વ મળી જે અર્થે હું આ પ્રવાસે આવ્યો છું તે સિદ્ધ કરી હું નિર્વિઘ્ન પાછો વળું, એવું જે વિધિથી થાય તે કરવા મને પ્રેરો અને મને સાહાય્ય આપો. આ મારાં વચનોને શ્રવણ કરી તેઓએ પરસ્પરપ્રતિ જોતાં મંદ મંદ હસીને મને એક દિશામાં માર્ગ આપ્યો, એટલે હું પુનઃ ચાલતો થયો, અને તે યૂથ મારી સાથે એક સ્વરે તેમની સ્વતંત્ર ભાષામાં કંઇક ગાતું ચાલવા લાગ્યું. એ સમયે મને મહોત્સવનું ભાન થતુ હતું. તેમના તે સ્વરો જાણે ગગનને ભેદીને પાર જતા હોય એવા ઉચ્ચ અને સુકોમલ હતા. મને તે સુગીતના

અર્થનું ભાન થતું નહિ, પણ મનને આનંદ આપે એવું લાગતું, તથાપિ હું તો મારા મનને મોહના પાશથી રક્ષતો ચાલ્યો જતો હતો. આગળ જતાં તો મને મોટાં દિવ્યસરખાં શોભતાં મણિમય મંદિરો જણાયાં. પણ તે દિશામાં ન જવાતાં મારી ગતિ અન્ય દિશામાં થવા લાગી, અને પેલી યુવતીઓ પણ અર્ધચંદ્રાકારે ગોઠવાયલીસરખી મારી પાછળ ચાલતી હતી. મારા માર્ગમાં આગળ જતાં તો મને બે બાજુએ હારબંધ ઉભેલી રૂપલાવણ્યવંતી સુંદરીઓની હાર દેખાવા લાગી; અને આગળ ચાલતાં હું તેમના મધ્યમાં રહેલા માર્ગે ચાલવા લાગ્યો. તે સર્વ સ્ત્રિયોના હાથમાં ઉત્તમ સુગંધવાળાં પુષ્પોનાં પાત્ર ભરેલાં હતાં, તે પુષ્પો મારા ઉપર તેમણે કોઇ પ્રકારના શબ્દો બોલતાં વધાવવા માંડ્યાં. હું તો મારા મનને તથા દૃષ્ટિને સંભાળતો મોહથી મુક્ત રહેતો ચાલ્યો જતો હતો. તે સ્ત્રિયોની હારનો અંત આવ્યો ત્યાં પર્યંત મારા ઉપર પુષ્પની વૃષ્ટિ થતી હતી. પછી તે સર્વ સ્ત્રિયો પેલી સ્ત્રિયોની સાથે મળી મોટા ઉત્સાહથી મારી સાથે ચાલવા લાગી. હે ભાઈ! આ સમયે જેમ કોઈ દરમાંથી નિકળી આવતા વિષધર મણિધર નાગને મોટી પાષાણની શિલા તેના દરના મુખપર મૂકી તેને બહાર આવતો રોકી રાખીએ છીએ તેમ હું મારા મનમાં અંતરથી ઉભરાઈ આવતા આનંદને પ્રતીત કરાવનાર સંસ્કારોને મહાપ્રયત્ને મહાત્માનાં બોધવચનરૂપ ભારે શિલા મૂકી મૂકીને રોકી રાખતો હતો, અને મનની સામાન્ય નિર્મોહ સ્થિતિને જાળવતો જતો હતો. એ સ્થલમાં મારી દૃષ્ટિએ કોઈ પણ પુરુષ આવ્યો ન હતો. મારા પ્રવાસના અંતને કે મધ્યને હું જાણતો ન હતો. આગળ ચાલતાં તો જાણે હું મોટા પર્વતોની ખીણમાં પ્રવેશતો હોઉં એમ ભાસ્યું. બે બાજુએ દૃષ્ટિ નાંખતાં રક્ત, પીત, શુક્લ, કૃષ્ણઆદિ વિવિધ વર્ણના પર્વતો ગગનમાં અંત વિનાના જાણે ઉભા હોય એવા ભાસતા હતા, અને મારો ચાલવાનો માર્ગ જાણે ક્રમે કરીને નીચાણમાં જતો હોય એવું ભાસતું હતું.

આપ્રમાણે નીચાણમાં ને નીચાણમાં ઉતરતો હું જતો હતો, અને પેલું સુંદરીઓનું યૂથ મારી સાથે હતું, પણ જ્યારે તે નીચે ઉતરવાના માર્ગનો અંત આવ્યો ત્યારે તે સ્ત્રિયોનું ટોળું પાછું વળી જતું રહ્યું. તેમને જવાનું ખરું કારણ મને સમજાયું ન હતું. પણ તેમની સીમા ઉલ્લંઘન કરતા સુધી તેઓ મને વિદાય કરવા આવ્યાં હશે, અને તે મર્યાદા આવવાથી તેઓ પાછાં વળ્યાં હશે, એમ મેં અનુમાન કર્યું હતું. તેમના પ્રતિ તેમનું સ્મરણ કરતી વૃત્તિ ઉઠવા વેગ કરતી પણ હું તેમનું વિસ્મરણ કરવાના પ્રયત્નને સેવતો વહ્યો

જતો હતો, તેથી મોહને મને વિઘ્ન કરવાનો અવકાશ મળ્યો ન હતો. હવે આગળ મારે ક્યાં જવાનું છે તે હું જાણતો ન હતો, પણ સ્વભાવથી મને વેગ મળતો તેમ હું ચાલતો હતો. આગળ ચાલતાં તરત જ મને આગળ એક મોટી ભીંતજેવું જણાયું. તે સહસા ન ભેદી શકાય એવી જાણે વજ્રની બનેલી હોય એવી જોતાં ભાસતી. પ્રથમ જેમ અંત વિનાના ઊંચા પર્વતની હાર મને દેખાતી તેમ જાણે તેમને જોડીને જ આ ભીંત બંધાઈ હોય, એમ ભાસ્યું. ઉપર આકાશનો ઘુમટ જણાતો તેને અડકીને રહી હોય એવી ઊંચી જણાતી હતી. એ ભીંતતરફ મારી ગતિ થઈ. આગળ જતાં તે ભીંતમાં જાણે મોટું દ્વાર હોય એમ ભાસ્યું. તે દ્વારમાંથી કોઈ જાતનો પદાર્થ જાણે મોટા વેગથી વહ્યો આવતો હોય એમ જણાવા લાગ્યું. આ દ્વારસંમુખ હું ગયો એટલે તો જેમ જલમાં સામે પ્રવાહે પડેલાને તે પ્રવાહ પાછો ઠેલી નાંખે તેમ આ પ્રવાહ મને પાછો કાઢતો હતો. એ સમયે મારી સ્થિતિ મને વિલક્ષણ ભાસી. પાછળથી મને કોઈ પ્રકારનો વેગ તે દ્વારપ્રતિ મોકલતો હતો, અને દ્વારમાંથી આવતો પ્રવાહ મને પાછો કાઢતો હતો. આ સ્થિતિમાં હું અકળાયાસરખો થયો. પણ મારા અંતઃકરણને હું સ્વસ્થ રાખતો પરવશપણે વહેતો ત્યાં ને ત્યાં રહ્યો. એટલામાં તે દ્વારમાંથી કોઇએ લાંબો હાથ મારા પ્રતિ કાઢ્યો, ને મને ઝાલીને ભીતર તાણી લીધો. હાથ વિના બીજું કાંઈ પણ મને જણાયું નહિ. તે હાથે મારો હાથ ઝાલી મને અંતર્‌ના ભાગમાં લીધો, અને તે પ્રવાહ ટાળીને એક બાજુએ જ્યાં બહાર જતા પ્રવાહનો વેગ ન હતો, પણ જ્યાં ભીતર જતા પ્રવાહનો વેગ હતો ત્યાં મૂકી મારો હાથ તે હાથે છોડી દીધો. આ હાથ બહુ સુકોમલ પણ ઘણા મોટા કદનો હતો. તે હાથ કોનો હતો, એ મને જણાયું નહિ, અને હું તો ભીતર ચાલવા લાગ્યો. ત્યાંનો પ્રકાશ પૂર્વના મંડલકરતાં વિલક્ષણ હતો, અને એ પ્રદેશ બહુ રમણીય ભાસતો. તત્કાલ તો મને કોઈ જણાયું નહિ, પણ જ્યારે હું આગળ ગયો ત્યારે દિવ્ય મંદિરો સ્થલે સ્થલે જણાવા લાગ્યાં. આગળ જતાં તેવાં મંદિરો ગણી ન શકાય એટલાં સર્વ દિશામાં મને જણાવા લાગ્યાં, અને આપણા રાજમાર્ગોકરતાં પણ બહુ વિસ્તારવાળા જાણે વચ્ચે વચ્ચે રાજમાર્ગો હોય એમ જણાયું. એ રાજમાર્ગોમાં જ હું આસપાસ જોતો ચાલ્યો જતો હતો, પણ મને ત્યાં કેવા પ્રકારની વસતિ છે, તે જણાયું નહિ.

જ્યારે હું બહુ આગળ વેગથી વહ્યો ગયો ત્યારે દૂરથી એક યુવતીઓનું યૂથ એક દિશામાંથી બીજી દિશામાં જતું દૃષ્ટિએ પડ્યું.

તેમની જવાની દિશા અને મારી ચાલવાની દિશા જૂદી હતી. અર્થાત્ તેમના માર્ગને કાપીને મારે ચાલવાનું હતું અને જો તેઓ પ્રથમ મારા આગળથી જાય તો મારા આગળના માર્ગને કાપીને તેમને જવાનું હતું. એ સુંદરીઓ ઉંચા સુસ્વરથી ગાયન કરતી હતી. તેમનો કાનને પ્રિય લાગે એવો સુકોમલ મધુર સ્વર જાણે ગગનને ભેદીને અંડકટાહની મર્યાદાપર્યંત પહોંચતો હશે કે શું એમ ભાન થતું. સર્વ એકે સ્વરે ગાતાં હતાં તેથી સ્વરમાં ભેદ ભાસતો ન હતો. થોડીવાર તો મને એમ ભાસ્યું કે તેઓ એક સ્થલે ઉભાં રહીને જ ગાય છે. પણ પછી મને સ્પષ્ટ થયું કે તેઓ બહુ ધીમે ધીમે ચાલતાં હતાં. જો હું મારી વહેવાની ગતિએ વહ્યો જાઉં અને તેઓ તેમની ગતિએ ચાલે તો મારે તેમના સમીપ અથવા તેમને મારા સમીપ આવવાનો સમય આવે નહિ અને પ્રથમ જ મારે તેમના માર્ગને કાપીને આગળ જવું પડે એમાં સંશયસરખું ન હતું. આ પ્રકારનું ભાન થવાથી મારો વેગ ધીમો પડે અથવા તે યુવતિઓ ઉતાવળથી ચાલે તો ઠીક એવો વિચાર મનમાં મને સ્ફુરચો. એ વિચાર સ્ફુરવામાં હેતુ એ હતો કે જો એ સ્ત્રિયો સમીપ આવે અને જો મારી સાથે બોલે અને મને કહે કે આ સ્થલમાં કોણ રહે છે અને રહે છે તો મને કેમ દેખાતા નથી, અથવા કોઈ રહેતું નથી તેમ જ આ સ્થલ ઉજડ હોવાનું અમુક કારણ છે- જો આ પ્રકારે આ સ્થલસંબંધમાં સર્વ મારા જાણવામાં આવે ને પછી ગતસંદેહ થઈ હું આગળ વધું તો મારા મનમાં એક પ્રકારનો સંતોષ ઉપજે. દૈવગતિથી મારો વેગ મંદ થતો ચાલ્યો. ત્યાં મને અંતર્માં આનંદ સ્ફુરચો અને તે પછી થોડે અંતરે જતાં મને તે યુવતિઓનાં વસ્ત્રાલંકાર તથા મુખની સ્પષ્ટ પ્રતીતિ થવા લાગી. એ સમયે મને તેમના સુસ્વર, અપ્રતિમ વસ્ત્રાલંકાર અને અનુપમ રૂપથી અંતર્માં તેમની સાથે વાર્તા કરવાની રુચિ ઉપજતી જણાઈ; અને મોહના અંકુર નિકળતા ભાસ્યા. તે મોહ સ્પષ્ટ થતાપૂર્વે તો હું જાણે જલમાં ઊંડો ઉતરી જતો હોઉં એમ ભાસ્યું એટલે તત્ક્ષણ પેલા મહાપુરુષના બોધનું સ્મરણ કરીને હું સાવધાન થયો એટલે પુનઃ જેમ ભૂતલઉપર આવી વહેતો હોઉં એમ વહેવા લાગ્યો. આગળ આગળ ચાલતાં એ યુવતિઓના યૂથનું અને મારૂં અંતર ઓછું થતું જણાતું હતું. મેં સંભાળથી તે યૂથપ્રતિ જોયું તો તે યૂથનો અંત મને દેખાયો નહિ. તેથી મને આશ્ચર્ય ભાસ્યું તથા વિચાર આવ્યો કે અહોહો! આટલી બધી સ્ત્રિયો ક્યાંથી આવી ને ક્યાં જતી હશે, અને એમને

આ લોકમાં શો ઉદ્યોગ અને કેવા પ્રકારનાં સુખ પ્રાપ્ત હશે. આ સર્વે સ્ત્રિયોનું વય સમાન ભાસે છે તો આ લોકમાં જરા, વ્યાધિ તથા જન્મમરણાદિ દુ:ખનાં નિમિત્તો પ્રાપ્ત થતાં હશે કે નહિ ? આ પ્રકારના વિચારને કરતો હું ચાલતો અટકી ગયો અને તે યુવતિઓનું યૂથ મારા સમીપ આવી પહોંચ્યું. મારા પ્રતિ જોતાં મંદ મંદ હસતાં તે દિવ્ય શરીરવાળી તથા ઉત્તમોત્તમ વસ્ત્રાલંકારાદિથી શોભતી સ્ત્રિયો મારા માર્ગને કાપતી મારા આગળથી ચાલવા લાગી. હે ભાઈ ! જેમ નીચાણમાં જતું પ્રવાહનું જલ તથા વર્ષાઋતુનાં અભ્ર વેગવડે એક દિશાથી બીજી દિશામાં ગતિ કરતાં વહે છે તેમ તે સ્ત્રિયોનો પ્રવાહ મારા ડાબા હાથતરફથી આવી જમણા હાથતરફ વહેવા લાગ્યો. તેમની સ્થિતિરીતિ જોતાં તેમનામાં મોટુંન તું કોણ હશે તે જણાતું ન હતું. પ્રવાહની પેઠે વહ્યા જતા તે યુવતિના યૂથનો કેટલેક કાલે અવધિ જણાયો. આગળ ગયેલા પ્રવાહમાં ઉત્તમમધ્યમનો ભેદ કંઈ સમજાયો ન હતો. પણ આ પાછળ આવેલા પ્રવાહમાં તે ભેદ દેખાવા લાગ્યો. ઘણી યુવતિના મધ્યમાં સુંદર ચામરાદિ નાના વિભવવડે શોભતી એક એક સ્ત્રી પ્રવાહમાં થોડે થોડે અંતરે જોવામાં આવતી હતી. તેની સાથે ચાલનારી સર્વ સુંદરીઓ જાણે તેની સેવામાં ચાલતી હોય એમ તેમની પ્રવૃત્તિથી જણાતું હતું. આપ્રમાણે વચ્ચે વિભવયુક્ત તથા અન્ય સ્ત્રિયોવડે શુશ્રૂષા કરાતી જે ચાલતી તે કોઈ દેવી હશે અને તેની સેવા કરનારી તેની દાસી હશે એવું અનુમાન મેં કર્યું હતું. આ પ્રકારની કેટલીક દેવીઓ ગયા પછી તેવી એક દેવી પ્રવાહમાં વહેતી મારા સમીપ આવી. તે મારા સંમુખ જોઇને મંદ મંદ હાસ્યથી એટલું બોલી કે 'હે પ્રવાસિન્ ! જેમ તું ભૂતલઉપર એક સ્ત્રીની પાછળ દોડચો તેમ આ લોકમાં કોઈની પાછળ દોડીશ નહિ. જો તું કલ્યાણની ઇચ્છાવાળો છે તો મોહરહિત રહીને આ પ્રવાસના અંતને પામજે.' આ તેના શબ્દોને શ્રવણ કરતાં જ મને કંઇક પ્રસન્નતા તથા ગ્લાનિ પ્રતીત થઈ. પણ પ્રવાહમાં ચાલતી તે દેવી તો બે ચાર ક્ષણમાં ઘણે દૂર જતી રહી. તેથી જાણે આકાશવાણીએ મને સાવધાન કરચો હોય એવું મને ભાસ્યું. આગલ ચાલનારી દેવીઓકરતાં પાછળ પાછળ ચાલનારી દેવીઓ મોટા વિભવવાળી હોવાથી અધિક સત્તા બલવાળી હશે એમ હું અનુમાન કરતો હતો. પાછળ આવનારી દેવીઓમાં જ્યારે માત્ર એક જ છેલ્લી રહી ત્યારે તેનાથી પ્રથમ આવનારી અર્થાત્ છેડેથી ગણીએ તો બીજી કહેવાય તે દેવીનો થોડે અંતરેથી મોટો વિભવ જણાતો હતો. એ દેવી જ્યારે સમીપ આવી અને તેણે સ્મિતવડે

મારા પ્રતિ જોયું ત્યારે મને સ્પષ્ટ થયું કે જે દેવીએ મને ભૂતલઉપર પોતાની પાછળ દોડાવીને અંતે પોતે પૃથિવીમાં પ્રવેશ કર્યો હતો તે જ દેવી તે હતી. તેને જોઇને મને એક પક્ષથી આનંદ અને અન્ય પક્ષથી વિકલતા પ્રતીત થઈ. તે દેવી તો જેમ સ્વપ્નગત રાજ્ય જાગ્રતના આવિર્ભાવથી ક્ષણમાત્રમાં અદૃશ્ય થઈ જાયછે તેમ આગળ ચાલતાં દેખાતી બંધ થઈ. તે એક શબ્દ પણ બોલી નહિ, તથા તેણે તે પ્રવાહમાંથી મારા પ્રતિ પાછું વળીને જોયું પણ નહિ. અનિષ્ટના ભયથી શિથિલ થયેલો તથા પરવશ પડેલો હું ત્યાંથી હાલી કે ચાલી શક્યો નહિ; અને મહાત્માનાં બોધવચનોનું સ્મરણ કરતો હું મારા મનને તત્ક્ષણ તો નિર્વિકાર સ્થિત રાખતો નિર્મોહપણે ચાલતા પ્રવાહને જોતો રહ્યો. એ દેવીના ગયા પછી અવર્ણનીય શોભાવડે વહેતી છેલ્લી મોટી દેવી આવી. તેણે તો મારા પ્રતિ દૃષ્ટિ પણ નાંખી નહિ, અને જોતાં જોતાંમાં બહુ અંતરે ચાલી ગઇ. આ પ્રવાહનો અંત આવવાથી હું થોડી વાર સ્તબ્ધ થઈ રહ્યો. પણ પછી પુનઃ ગતિ મળવાથી મારા માર્ગમાં વહેતો થયો. મને આ જોયું તે સંબંધમાં મનમાં ઉપરાઉપરી વિચાર આવવા લાગ્યા પણ ગર્કી જવાના ભયથી હું વિરોધી પ્રયત્નવડે મનને દાબતો વહ્યો જતો હતો. થોડું આગળ ચાલતાં જાણે હું બહુ નીચા પ્રદેશમાં ઉતરી જતો હોઉં એવું મને ભાસ્યું. અને તેથી બહુ સાવધાન રહીને મેં જોયું કે હું મોહથી તો આ ઉંડો ઉતરતો નથી? પણ મને મારા અંતર્ની સ્વસ્થતાથી સ્પષ્ટ જણાયું કે હું મોહથી કે મોહની પરંપરામાંના કોઈ પણ દોષથી આ અધોગતિને પ્રાપ્ત થતો નથી. પરંતુ પૂર્વે જેમ કોઈ સ્થલે નીચા પ્રદેશમાં ઉતરવાનો માર્ગ આવતો અને હું નીચે ઉતરતો તેમ આ સમયે પણ ઉતરૂં છું. બહુ નીચે ઉતરીને વળી હું જોવા લાગ્યો તો મને એમ ભાસ્યું કે હવે પાછો હું સપાટીઉપર જ વહ્યો જાઉંછું. આગળ ચાલતાં તો મેં જાણે જૂદી જૂદી ધાતુઓના જૂદા જૂદા વર્ણવાળા રસની નદીઓના પ્રવાહ એક બાજુથી આવીને બીજી બાજુએ વહ્યા જતા હોય એવું જોયું. હું તે પ્રવાહને જોતો જરા જરા અટકીને આગળ વહ્યો જતો હતો. આ ધાતુઓના રસનો પ્રવાહ સ્પર્શથી ઉષ્ણ છે કે શીત તે હું સ્પર્શ કર્યા વિના જાણી શક્યો નહિ. આગળ ચાલતાં તો જાણે સુવર્ણાદિ ધાતુઓથી જ રચાયેલા માર્ગો અને આસપાસનાં સર્વ સ્થલો હોય એવું જણાયું. અને તેથી આગળ ચાલતાં તો જેમ નદીના કે સમુદ્રના ભાઠામાં રેતી વગેરે પદાર્થો અસંખ્ય પડ્યા હોય છે તેમ આખા ચાલવાના સ્થાનમાં નાના પ્રકારનાં ઉત્તમોત્તમ રત્નો અને મણિઓ ના-

નામોટા કદનાં પથરાયેલાં પડેલાં જણાયાં. એવો ને એવો બહુ વિસ્તારવાળો પ્રદેશ જોઇને મને વિચાર આવ્યો કે 'અહાહા ! આ સ્થાનના વાસિઓને પણ ધન્ય છે. જો પૃથ્વીઉપર આપ્રમાણે હોત તો જીવમાત્રને દારિદ્ર્ય પીડી શકત નહિ. રાજાઓ પણ ક્ષુદ્ર પદાર્થની લાલસાથી પરસ્પર યુદ્ધ કરીને રણભૂમિમાં કપાઈ મરત નહિ. સર્વત્ર આ પ્રકારનું સ્થાન હોત તો ચોરની, ઠગની કે એવા પદાર્થલાલસાવાળા દુષ્ટ જનોની, પ્રજામાં ભીતિ ઉપજત નહિ, અને વ્યવસ્થા રાખવાની રાજાઓને પણ ચિંતા રહેત નહિ. પણ અરેરે ! દુર્બલ પ્રારબ્ધબલવાળાં મૃત્યુલોકનાં પ્રાણિઓને નિવાસાર્થે આવું ભૂતલ ક્યાંથી મળે ? વિચિત્ર કર્મફલને ભોગવનાર તે જીવોને સર્વ ક્લેશના અભાવવાળું આવું સ્થાન નિવાસાર્થે કેમ જ મળે ? ઉત્તમોત્તમ દૈવીસંપત્તિને પ્રયત્નથી ન પ્રાપ્ત કરેલા તે મંદભાગી જીવોને તો જન્મમૃત્યુજરાવ્યાધિઆદિ ક્લેશોથી યુક્ત તે ભૂતલ જ વસવાયોગ્ય ગણાયું હશે. કેવા પ્રકારનાં સુકૃતવાળાં આ સ્થાનનાં ભોગવનારાં હશે એ પણ હું જાણતો નથી, એટલે કર્તવ્યના સ્વરૂપને હું જાણી શકીશ નહિ.' આ પ્રકારે વિચાર કરતો છતો મોહ તથા ભયાદિને વશ ન વર્તવાના નિશ્ચયવાળો હું નિર્મોહ તથા નિર્ભયપણે ઉદાસીન પ્રવાસીની પેઠે સાવધાનપણે આગળ આગળ વધ્યો જતો હતો. ખરે આ સમુદ્રના ઉદરને જોયાપૂર્વે હું પણ મૃત્તિકારૂપ તુચ્છ ભૂવિભાગને અર્થે સહસ્ત્રાવધિ પ્રાણિઓનું હનન કરી ચુક્યો છું, અને અલ્પ ધનની લાલસાવડે પણ વિરોધને ધરી ચુક્યો છું. હવે પછી આ સ્થલથી પાછો ફરીને હું કેવી સ્થિતિને પામીશ એ વાર્તાને ન જાણનારો હું કંઈ પણ કલના કરી શકતો નથી.

વીરવિજયને કહેછે, હે ભાઈ ! આ પ્રકારે કોઈ ક્ષણે વિચાર કરતો અને કોઈ ક્ષણે વિચાર કર્યા વિના શૂન્ય વૃત્તિથી આસપાસ જોતો હું વધ્યો ચાલ્યો જતો હતો. મેં સમુદ્રના ઉદરમાં જે જે જોયું છે તે તે સર્વને આજે સ્મરણ કરી કરીને કહું તોપણ તેથી તમારો કે મારો કોઈ પણ મુખ્ય અર્થ સધાય એમ નથી. તેથી સૂક્ષ્મમાં કહું છું કે મેં અસંખ્ય ઉત્તમોત્તમ પ્રાણિપદાર્થોને સમુદ્રના ઉદરમાં જોયા છે, અને આજે પણ તે તે પદાર્થોનું જો વિષયાકાર બહિર્મુખ વૃત્તિથી હું સ્મરણ કરૂં તો મને આ ક્ષણે પણ તે કદાચિત્ મોહના કારણરૂપ થઈ રહે. એ અનેક અનુપમ પ્રાણિપદાર્થોને જોતો હું સર્વ સ્થલે વિચર્યો. તેમાં મેં જે છેલ્લું જોયું છે તેનું વર્ણન કરીને હવે એ મારા સમુદ્રના પ્રવાસના વર્ણનનો અંત આણું છું. માર્ગ કાપતો જતો હું વળી એક વાર બહુ નીચા પ્રદેશમાં ઉતરી ગયો ત્યારે જેમ

આપણે પૃથ્વીરૂપરથી ઉંચે જોતાં આકાશને દેખીએ છીએ તેમ હું આકાશને જોવા લાગ્યો. તે વિશાલ સ્થાનમાં ઉભો રહીને જોતો હું પુર્વાદિ દિશાઓના અંતને જોતો ન હતો. મારી દૃષ્ટિને રોકે એવું પહાડ ઝાડ કે અન્ય કંઈ પણ ન હતું. પણ એ સ્થલે મેં બહુ વિચિત્ર જોયું. જેમ પૂર્વે એકલી સ્ત્રિયોને મેં અનેક વાર જોઈ હતી તેમ આ સ્થલે અસંખ્ય પુરુષોને જ હું દેખતો હતો. તે સર્વ પુરુષો દિવ્ય રૂપવાળા અને પ્રસન્નમુખમુદ્રાવાળા હતા. તે અસંખ્ય પુરુષોમાંના કોઇને પણ હું સ્થિરતાથી બેઠેલો કે ઉભેલો જોતો ન હતો પણ તેઓ સર્વ જાણે પોતપોતાનાં બહુ અગત્યનાં કામમાં રોકાયા હોય એમ ભાસતા હતા. તેઓમાંના ઘણા તો જાતજાતનાં મોટાં સુંદર પક્ષિઓઉપર બેશીને આકાશમાર્ગે ગતિ કરતા એક દિશામાંથી બીજી દિશામાં જતા આવતા જણાતા હતા. આ સમયે મને વિવિધ પક્ષિઉપર બેશી વિચરનાર દેવોનાં પુરાણોમાં આપેલાં વર્ણનનું સ્મરણ થતું અને તેથી આ પુરુષો પણ કોઈ દેવવર્ગમાં ગણાતા હશે, એવું મેં અનુમાન કર્યું. બીજા ઘણા તો જેમની જાતિનો હું નિર્ણય ન કરી શકું એવાં વિચિત્ર ઘાટનાં વાહનોઉપર બેશીને સપાટીઉપર તેમ જ ઉંચે આકાશમાં વેગવડે ગતિ કરતા જતા આવતા જણાતા હતા. અને કેટલાક તો પોતાનાં દિવ્યરૂપવાળાં શરીરથી જ ઉંચેનીચે વિના કષ્ટે જતા આવતા જણાતા હતા. તેઓમાંના ઘણા ખરા મને પ્રવાહમાં તણાતો જોતા હશે, પણ તેઓમાંના કોઇએ મને કંઈ પણ કહ્યું કે પૂછ્યું નહિ. આ તેમના વર્તનથી મને તેમની અસભ્યતાનો વિચાર આવ્યો, પણ પછી તો જ્યારે મેં મારી અને તેમની યોગ્યતાનો વિચાર કર્યો ત્યારે મને સ્પષ્ટ થયું કે આ સ્થાનમાં હું કયાં? અને એ દેવસરખા પુરુષો ક્યાં? મારી શી યોગ્યતા કે એઓ મને બોલાવે કે પોતે બોલે? આ પ્રકારના વિવિધ તરંગવશ વહ્યો જતો હું આગળ જતાં એકાએક જેમ કોઈ મને અટકાવે તેમ હું અટકી ગયો. અટકીને જ્યારે મેં આજુબાજુ જોયું ત્યારે મને એક દિવ્યરૂપવાળો પુરુષ પોતાના હાથથી મને ઉભા રહેવાનું ચિહ્ન બતાવતો મારા તરફ આવતો જણાયો. બહુ ત્વરાથી આવીને તેણે મારો હાથ ઝાલ્યો, અને ચાલતો થયો. હું પણ હલકા તૂલની પેઠે તેમની સાથે પ્રયત્ન વિના ચાલતો થયો. અને ચાલતાં જ્યારે તે આકાશતરફ ઉંચો ચઢયો, ત્યારે હું પણ ઉંચે ચઢયો. તે સમયે મને એમ સમજાયું કે આ ઉપર ચઢનારને પણ જેમ પગે ચાલનારને પૃથ્વી આધાર હોય છે તેમ કોઈ પદાર્થનો પણ આધાર હોય છે, પણ એટલા બધા વેગથી હું ચઢતો

હતો કે તે આધાર મને સ્પષ્ટ જણાતો નહિ. પરંતુ જેમ વાયુવડે અપાયલી ગતિથી તૂલપત્રાદિ પદાર્થો વહ્યા જાય છે તેમ કોઇ પદાર્થ કે સત્તાવડે અમને પણ ગતિ મળતી હોય એમ ભાસતું હતું. આ પ્રમાણે ઉંચી નીચી આડી એમ વિવિધ ગતિવડે હું તે પુરુષસાથે વહેતો વિવિધ સ્થલોને જોવા લાગ્યો. વિવિધ સ્થલે વિવિધ આકારના પ્રાણિઓને તથા ઉત્તમ મધ્યમ એવા અનેક વિચિત્ર પદાર્થોને જોતો હતો. આ પ્રકારે બહુ સ્થલોને જોતો અને વિચરતો હું દિશાના ભ્રમથી ક્યારે નીચે ક્યારે ઉંચે અને ક્યારે સમદેશમાં વિચરૂં છું તે જાણી શકતો ન હતો. આ પ્રકારે દિશાના ભાનવિનાના મને તે પુરુષે એક સ્થલે મોટા નિર્જનસરખા પ્રદેશમાં લાવી ઉભો રાખીને પૂછ્યું કે આ સ્થલમાં તમને કંઇ દેખાય છે ? મેં ઉત્તર આપ્યું કે નિર્જન પ્રદેશ અન્ય સ્થલે જેવા દેખાતા તેવા અત્ર દેખાય છે. કાંઈ પણ વિશેષ મને દેખાતું નથી. આ સાંભળીને તેણે મારા નેત્ર પોતાના હસ્તનો સ્પર્શ કરી પૂછ્યું હવે જુઓ કંઈ વિશેષ દેખાય છે? તે પછી એ જ સ્થલે એ જ દિશામાં જોયું તો બહુ પ્રબલ વેગથી નીચેથી ઉપર આવતો સૂક્ષ્મ દ્રવ્યનો પ્રવાહ મને જણાવા લાગ્યો. ત્યારે મેં કહ્યું, હે દેવ! આપ કોણ છો તે હું જાણતો નથી. માટે આપને દેવ શબ્દથી બોલું તેમાં અપરાધ થતો હોય તો ક્ષમા કરશો. હવે આપે પ્રથમ પૂછેલું તેથી કહું છું કે આ આસપાસ સર્વ પ્રદેશમાં અને આપણે ઉભા છીએ ત્યાં પણ એક સૂક્ષ્મ દ્રવ્યનો પ્રવાહ નીચેથી ઉંચે જતા ધૂમની પેઠે ઉંચે ચઢેચો જતો જોઉં છું. એથી વિશેષ અન્ય મને કંઇ જણાતું નથી. આ સાંભળીને ફરીથી તેણે મારા નેત્રને સ્પર્શ કરી કહ્યું કે હવે જુઓ એથી કંઈ વિશેષ દેખાય છે? ત્યારે મેં સાવધાનતાથી જોઇને કહ્યું કે જે દ્રવ્ય બહુ સૂક્ષ્મ જણાતું હતું તે હવે મોટા પરિમાણમાં જણાય છે. અને જેમ ઉભો ચઢતો પ્રવાહ પ્રથમ જણાતો હતો તેમ હવે સર્વ દિશાઓમાં જતા આવતા આડા અવળા પ્રવાહ પણ જણાય છે. વળી તે પુરુષે મારા નેત્રને સ્પર્શ કરી પૂછ્યું હવે જુઓ, શું વિશેષ દેખાય છે? ત્યારે મેં જોઇને ઉત્તર આપ્યું કે હવે તો મને એ દ્રવ્યના જણાતા મોટા અણુઓથી વૃદ્ધિને પામતાં શરીરો જણાય છે. એ શરીરો સાધારણ માણસોના જેવાં નથી, પણ મોટાં અને દિવ્યરૂપવાળાં જણાય છે. આવાં સુંદર અને મોંટાં શરીરો આ એક એક અણુમાંથી શી રીતે પ્રકટ થાય છે તે હું જાણી શકતો નથી. તો પણ મને એવું અનુમાન થાય છે કે મેં જોયલા દ્રવ્યના અણુઓ

તે આ દીવ્ય શરીરોનાં બીજરૂપ હશે. આ સાંભળીને તે પુરુષ કાંઇ પણ ન બોલતાં મારો હાથ ઝાલીને ત્યાંથી આગળ ચાલ્યો. ત્વરાથી જતાં મને જણાયું નહિ કે કેટલા કાલમાં કેટલે અંતરે અમે ગયા હતા. ત્યાં આગળ જઇને મને ઉભો રાખીને વળી મારા નેત્રને સ્પર્શ કરી પૂછ્યું કે હવે શું દેખાય છે? મેં કહ્યું કે પ્રથમ મને પેલા સ્થલમાં દેખાતો હતો તેવો ઉંચો ચઢતો પ્રવાહ દેખાય છે. પૂર્વવત્ પુનઃ તેમણે નેત્રસ્પર્શ કરી મને પૂછ્યું ત્યારે મેં જોઇને કહ્યું કે પ્રથમની પેઠે પરિમાણમાં મોટા અણુઓ દેખાય છે. તે પછી ત્રીજી વાર તેણે મને નેત્ર સ્પર્શ કરી પૂછ્યું ત્યારે તો મને તે પ્રત્યેક અણુથી જાણે રચાઇને મનુષ્યના જેવાં વિવિધ રૂપનાં શરીરો તૈયાર થયાં હોય એમ જણાયું. તે જોઈને મેં એ અનુમાન બાંધ્યું કે આ પ્રથમ દેખાયલો પ્રવાહ મનુષ્યશરીરનાં બીજરૂપ હોવો જોઇએ. હે ભાઇ ! એ જ પ્રમાણે એ પુરુષ મને અનેક સ્થલોએ લેઈ ગયો, અને ત્રણ ત્રણ વાર મને નેત્ર સ્પર્શ કરીને એવી અનેક જાતની સૃષ્ટિ બતાવી. કોઈ સ્થલે વિવિધ વનસ્પતિઓ, કોઈ સ્થલે મણિરત્નઆદિ મૂલ્યવાળા અને સામાન્ય અનેક જાતિના પાષાણો તથા વિવિધ ધાતુઓ તેમ જ કોઇ સ્થલે વિવિધ પક્ષિઓ અને કોઈ સ્થલે વિવિધ જાતિના પશુઆદિ પ્રાણિઓની સૃષ્ટિ દેખાડી. મનુષ્યથી વિલક્ષણ એવી અનેક જાતિઓનાં શરીરોની ઉત્પત્તિ થતી મને દેખાડી. આ પ્રકારે અનેક સૃષ્ટિઓ જોયાથી મને જે આશ્ચર્યનો તથા આનંદનો ભાસ થયો હતો તે મુખથી વર્ણન કરી શકતો નથી. એ અનેક જાતિનાં અસંખ્ય શરીરો જોયાં તેથી મેં એ અનુમાન બાંધ્યું હતુ કે આ ભૂગોલઆદિ અનેક વસતિનાં સ્થાનો છે. તે વિવિધ સ્થાનોમાં વસનારી વિવિધ જાતિનાં શરીરવાળી પ્રજાઓ હશે. અને તે જ પ્રમાણે પશુ પક્ષી વનસ્પતિ આદિ પણ વિવિધ સ્થલની વિવિધ જાતિની હશે. એ સર્વ જોયું પણ એ સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ જેવો મેં જોયો તેવો સ્વભાવથી જ હશે ને તે આદિકાલમાં જ પ્રવર્તતો હશે કે એ સૃષ્ટિના સ્વરૂપને મને દેખાડવાસમજાવવામાટે આ પુરુષે પોતાના સામર્થ્યથી જ એ પ્રકારે કરી દેખાડ્યું, આ વાર્તાનો હું નિર્ણય કરી શક્યો નહિ. તેથી મેં તે પુરુષને પૂછ્યું પણ તેણે એ પ્રશ્નનું કંઇ પણ ઉત્તર ન આપ્યું. અને વળી મારો હાથ ઝાલીને મને આગળ તેડી ગયો, અને ત્યાં પણ તેણે પ્રથમની પેઠે નેત્ર ત્રણ વાર સ્પર્શ કરીને ક્રમથી જોવા કહીને મને જે દેખાડ્યું તે જોવાથી મને સઉથી અધિક આશ્ચર્યનો તથા આનંદનો ભાસ થયો. આ જે દેખાડ્યું તે ભૂગોલઆદિ અસંખ્ય

ગોળોની ઉત્પત્તિનો ક્રમ દેખાડ્યો હતો. તેમાં નાના મોટા પરિમાણના અનેક જાતિના પ્રકાશવાળા અને પ્રકાશવિનાના ગોળો મારા જોવામાં આવ્યા હતા. તે ગોળોનો રંગભેદથી જાતિભેદ છે એમ મને ભાસ્યું હતું. આ પ્રકારે જે મને મારી મેળે જ જણાવું અશક્ય તે જણાવીને તે પુરુષ મને મૂકીને આકાશમાં ગતિ કરી ગયો અને હું પ્રથમની પેઠે વેગથી વહેતો થયો. આ સમયે મારા અંતઃકરણની સ્થિતિ વિલક્ષણ હતી તોપણ પેલા પ્રવર્તક મહાત્માની આજ્ઞાનું વિસ્મરણ ન કરનાર હું તે કોઇ પણ વસ્તુથી મોહને કે મોહની પરંપરારૂપ વિકારને વશ થયો ન હતો. આ સર્વ જોયા પછી માર્ગ કાપતો હું અંતર્માં આ પ્રકારના વિચારને અનુભવતો હતો. અહોહો! આ અનંતસ્થાનમાં આ પ્રકારની તેમ જ આથી નાની મોટી ચમત્કૃતિઓ અસંખ્ય હશે એમાં કાંઇ આશ્ચર્ય નથી. આ અનંત સૃષ્ટિના વિભવઆગળ મારા જેવા અલ્પ પરિમાણુવાળા શરીરના, અલ્પ બલવાળા, અલ્પવિભવવાળા અને સર્વ પ્રકારથી જોતાં ક્ષુદ્રજેવાની શી ગણના ! મિથ્યા ગર્વને અજ્ઞાનથી માનનારા મારા જેવા અલ્પ જીવો સદા પોતાના તે મિથ્યા ગર્વથી ધિક્કારને પાત્ર છે. અરેરે ! આ અનવધિ ઐશ્વર્યને ન જાણનારા અલ્પ આયુષ્‌વાળા અને પુનઃ પુનઃ જન્મમરણાદિ દુઃખને ભોગવનારા ભૌતિક શરીરધારી જીવો આ સંસારમાં શું પુરુષાર્થ કરી શકે એમ છે ? તેમાં પણ કેવલ નાશવંત વિષયોમાં જ લુબ્ધ રહીને તેમાં બંધાઇને અને તેની આસક્તિમાં જ મગ્ન રહીને વારંવાર મૃત્યુના મુખમાં પ્રવેશે છે તેમને તો અનેક કલ્પે પણ મોટા પુરુષાર્થની આશા જ શી ? આ પ્રવાસથી મારો નિશ્ચય દૃઢ થયો કે આ જગત્‌માં મોહાદિ વિકારને વશ થનાર પ્રાણિઓ જ પરમ પુરુષાર્થથી ભ્રષ્ટ થઇને અધોગતિને પામે છે. હે ઈશ ! અતઃપર મને એ સર્વ દોષોથી મુક્ત રાખી અધોગતિથી ઉગારજે એ જ પ્રાર્થના છે. આ પ્રકારે વિચાર કરી સાવધાન રહેતો હું પરવશસરખો વહ્યો જતો હતો. વહેતાં વહેતાં વળી હું નીચે ઉતરતો જતો હોઉં એમ ભાસવા લાગ્યું. ઘણીવારસુધી નીચે ઉતરવાના માર્ગમાં ઉતરતો હોઉં એમ ભાસ્યા પછી વળી હું જાણે સપાટીઉપર આવીને વહેતો હોઉં એવું સમજાયું. એ સપાટીના પ્રદેશમાં આવ્યા પછી મને વિલક્ષણ આનંદનો ભાસ સ્વભાવથી જ થવા લાગ્યો. અંતર્માં શાંતિ અને તૃપ્તિ જાણે પોતાની મેળે જ આવી વસ્યાં હોય એમ ભાસવા લાગ્યું. અનંત આકાશમાં દિશાઓપ્રતિ દૃષ્ટિ નાંખતાં સર્વત્ર શાંતિ પ્રતીત થતી હતી. મન નિઃશંક અને નિર્ભયજેવું ભાસતું. આ સ્થલને પામેલો હું

અન્ય સ્થલ જોવાની અભિલાષાથી રહિત થયો હોઉં એમ ભાસતું. એમ છતાં પણ એ સ્થલે હું સ્થિર રહી શકયો નહિ. પ્રાપ્ત વેગથી વહ્યો જતો હતો. એ સ્થલે કોણ વસે છે અને તેઓ કેવા વિભવને ભોગવે છે એ જાણવાની મને ઇચ્છા થઇ નહિ. તેમ જ હું કંઇ દેખી પણ શકયો નહિ. આગળ આગળ વધતો હું પરમસંતોષને અનુભવતો કેટલોક સમય સપાટીઉપર જ વહેતો હતો. પણ પછી મને પોતાને હું ક્રમે કરીને ઉંચે ચઢવાના માર્ગમાં ગતિ કરતો જાણવા લાગ્યો. જેમ જેમ હું મને ઉંચે ચઢવાના માર્ગમાં ચાલું છું એમ ભાન થતું ગયું તેમ તેમ મને છેલ્લા પ્રદેશમાં પ્રતીત થયલી શાંતિતૃપ્તિનું ભાન ઓછું થતું ગયું. આથી મને એવો વિચાર આવ્યો કે હું આ ઉંચે 'ચઢવાના માર્ગમાં ચાલુંછું તો પણ સુખની ભૂમિકાથી તો ખરે હું નીચે પડું છું. પણ મારી સ્વતંત્રતા હતી નહિ; તેથી નિરુપાયે હું ઉંચે ચઢતો ચાલ્યો. આ ઉંચે ચઢવાના માર્ગમાં ચાલતાં હું દિશાઓ-પ્રતિ દૃષ્ટિ ફેરવતો ત્યારે મને સ્પષ્ટ થતુ હતું કે જે માર્ગે હું ઉતરતો ગયો હતો તે માર્ગ આ નથી. ઉપર ચઢતાં મેં ઘણાં સ્થાનો સપાટીજેવાં અને ઘણાં ઊંચે ચઢવાના માર્ગજેવાં અનુભવ્યાં. અને તેમાં અનેક પ્રકારની વિચિત્રતા તથા પ્રાણિપદાર્થની વિલક્ષણતા જોઇ. પરંતુ છેલ્લા સ્થાનમાં જે આનંદને અનુભવ્યો હતો તેનું વિસ્મરણ ન થવાથી હું આ સર્વને જોતો જતો પણ જાણે જોતો નથી એવું ભાસતુ. જે જે હું જોતો તે મને નીરસ ભાસતું. અને તેથી મોહરહિતપણે ઉદાસીન પુરુષની પેઠે પ્રાપ્ત વેગથી વહ્યો જતો હતો. ઉતરવાના માર્ગમાં મને જે ઉત્સાહ ભાસતો તે પણ આ ચઢવાના માર્ગમાં મને ભાસતો ન હતો. ઉતરવાના માર્ગમાં જેવાં સુંદર સ્થાનો તથા પ્રાણિપદાર્થો જણાતાં તેવાં જ પ્રસંગે આ માર્ગમાં પણ જણાતાં. તથાપિ મન તેમના તરફ આકર્ષાતું ન હતું. આવો નિરુત્સાહ શાથી પ્રકટેલો તે વાર્તાને હું જાણી શકયો ન હતો. બહુ વેગથી વહેતો નાના પ્રકારની રચના જોતો ઉપર ઉપર ચઢતો અલ્પ સમયમાં હું સમુદ્રના જલમાં જ્યાંથી મેં પ્રવેશ કર્યો હતો ત્યાં આવી પહોંચ્યો. જેવું મેં જલમાંથી મસ્તક બહાર કાઢયું કે મારા મનુષ્યોએ વદેલો જયજયકાર શબ્દ મારે કાને પડયો. મેં તેમને તીરઉપર ઉભેલા જોયા પણ પેલા મહાત્મા ત્યાં જણાયા નહિ. હું સમુદ્રના જલમાંથી બહાર નિકળ્યો ત્યારે મારાં વસ્ત્ર જેવાં ને તેવાં કોરાં હતાં. હું તો જેમ નિદ્રા જતાં આવેલા સ્વપ્નમાંથી જાગ્રત્ થયેલું મનુષ્ય ગભરાટથી જાગી ઉઠી આસપાસ જુએ તેમ આસપાસ જોવા લાગ્યો. અલ્પ સમય તો એક શબ્દ પણ

બોલવાને સમર્થ થયો નહિ. સ્વપ્નગત પદાર્થની પેઠે સમુદ્રના ઉદરમાં જોયેલા પ્રસંગોનું સ્મરણ કરતો પેલા મને સમુદ્રમાં મોકલનાર મહાત્મા કેમ જણાતા નથી એમ વિચારવા લાગ્યો. મને વિચારમાં પડેલો જોઈ મારા સાથી માણુસે કહ્યું કે આપના સમુદ્રમાં પ્રવેશપછી પેલા મહાત્મા એવું કહીને ગયા છે કે તમારા રાજા આવે એટલે એને તેડીને તમે તમારે સ્થાને જજો અને હું કોઈ સમયે એક વાર ફરીથી એને મળીશ એટલો સંદેશો કહેજો. અમે પૂછ્યું કે અમારા રાજા ક્યારે બહાર પધારશે. ત્યારે એમણે કહ્યું કે તમારી સાત રાત્રિઓ અને સાત દિવસ જતાં આઠમા દિવસના સૂર્યોદયસમયે બહાર આવશે. તે દિવસથી અમે મહાકષ્ટે આપના દર્શનની વાટ જોતા દિવસો ગાળતા રહ્યા. આજે આઠમા દિવસનો સૂર્ય ઉગ્યો છે, અને આપ પણ પ્રકટ થયા છો. અમને મોટો હર્ષ થયો છે. આપ પ્રસન્ન થઈ બોલો, આ આહારના પદાર્થો તૈયાર છે તે ગ્રહણ કરો, આ સ્વચ્છ શીતલ મિષ્ટ જલનું પાન કરો, અને અમને સુખસમાચાર કહીને સુખી કરો. મારાં મનુષ્યોને ચિંતાગ્રસ્તસરખાં જોઇને તેમના સમાધાનાર્થે પ્રસન્ન મુખથી હું બોલ્યો કે હે ભાઇઓ ! ચિંતા તજો, હું સુખી છું. આપ્રમાણે બોલીને પછી મેં હસ્તપાદપ્રક્ષાલન કરીને મુખશુદ્ધિ કરી. આ સાત દિવસ હું સમુદ્રમાં રહ્યો એ જાણીને બહુ આશ્ચર્ય માનવા લાગ્યો, કારણકે મને એટલો બધો કાલ જણાયો ન હતો. પછી મેં વસ્ત્ર ઉતારી સમુદ્રના જલમાં સ્નાન કર્યું, અને સ્વસ્થ થઈ કર્મસાક્ષી શ્રીસૂર્યભગવાનને અર્ધ્ય અર્પીને અન્નજલ ગ્રહણ કર્યું. મને આટલા દિવસસુધી ક્ષુધાતૃષાઆદિ કોઈ પણ દેહના વિકારે ત્રાસ આપ્યો નહિ અને તે દેહસંબંધી ક્રિયાઓ ન થવાથી કંઈ પણ કષ્ટ થયું નહિ એ જાણીને પણ બહુ સંતોષ થયો. અન્નજલ ગ્રહણ કરીને મેં પુનઃ વસ્ત્રશસ્ત્ર ધારણ કર્યાં પણ મને કોઇ પ્રકારનો ઉત્સાહ થતો ભાસ્યો નહિ. મારાં મનુષ્યોસહ હું ચાલવા લાગ્યો. તેમાં જે મારો સાથી હતો તે મારી સાથે તેમ જ હું તેની સાથે પ્રથમ જેમ છૂટથી બોલતા તેમ આ સમયે બોલવાને તેને હિંમત થતી નહિ અને મને પ્રીતિ થતી નહિ. બીજાં જે વ્યાપારીનાં મનુષ્યો તે તો મારાથી અધિક પરિચયવિનાનાં હોવાથી બોલી શકતાં નહિ. આગળપાછળ ચાલતાં અમે વહાણોસમીપ આવીને વહાણુમાં બેઠા અને વહાણો ચાલતાં કર્યાં. હું તો જેમ કોઇ પોતાનું સર્વ જવાથી દિઙ્મૂઢસરખો થાય છે તેમ દિઙ્મૂઢની પેઠે દિશાઓપ્રતિ દૃષ્ટિ નાંખતો સમુદ્રમાં જોયલા પદાર્થોનું સ્મરણ કરતો. તેમાં સર્વથી છેલ્લું શાંતિ

આપનારૂં સ્થલ અને તે સમયની અંતઃકરણની સ્થિતિ લેશ પણ ભૂલાતી ન હતી. મારો સાથી મારા મુખસામું જોતો અને સમુદ્રની વાર્તા વા કંઈ પણ હું તેની સાથે બોલું તો ઠીક એવી આશા ધરતો પ્રતીત થતો હતો. પણ મારી સર્વ વ્યવહારવૃત્તિ આ સમયે શાંતજેવી થઇ ગઇ હોવાથી હું કંઈ પણ બોલવાને ઇચ્છતો ન હતો. આપ્રમાણે એકબીજાસાથે કંઈ પણ બોલ્યા વિના મૌન ધરી બેઠા બેઠા માર્ગ કાપતા હતા. કોઈ કોઈ વેલા મારા સાથીને બહુ ચિંતાવાળો જોવાથી હું આડીઅવળી વાતો કરી સંતોષ આપતો. પણ મારી રસવૃત્તિ તો સમુદ્રમાં જ જાણે મૂકી આવ્યો હોઉં એવું ભાસતું. આપ્રમાણે દિવસો ગાળતાં માર્ગ કાપતાં અમે મારા રાજ્યસ્થાનમાં આવી પહોંચ્યા અને વહાણો અટકાવી નગરમાં સમાચાર મોકલ્યા. અમારા આવવાના સમાચાર પ્રજામાં પ્રસરવાથી મહા આનંદ વર્ત્યો. મોટો ઉત્સવ માનીને નગરની પ્રજા તથા રાજસેવકો સર્વ, વિભવસાથે સંમુખ આવી મને તેડી ગયા. હું રાજમંદિરમાં પ્રવેશ્યો, પણ મારી પ્રથમસરખી વૃત્તિ કોઇસાથે પણ થતી ન જોઇ જાણીને સર્વને આશ્ચર્યસાથે ખેદ થતો હોય એમ મને ભાસ્યું. પ્રધાનાદિ મુખ્ય રાજભક્ત સેવકોને તથા અંતઃપુરમાં ગૃહિણીને મારા મનની વિલક્ષણ સ્થિતિ જાણીને બહુ પરિતાપ થવા લાગ્યો. તેમણે મારી સાથે આવેલા મારા સાથીને પૂછીને જાણી લીધું કે સાતદિવસ સમુદ્રમાં રહી આવ્યા પછી મારા મનની સ્થિતિ આ પ્રકારની થઈ છે. તેથી તેઓ ધૈર્ય ધરીને ધીરે ધીરે મારી વૃત્તિ અનુકૂલ કરી લેવાને યત્ન કરવા લાગ્યાં. મેં તેમને સ્પષ્ટ કહ્યું કે તમે કોઈ ચિંતાવશ થશો નહિ. હું વિકલ નથી, ભ્રમિત નથી, વ્યાધિગ્રસ્ત નથી, ઉન્માદથી કે તેવા કોઈ નિમિત્તથી દૂષિત ચિત્તવાળો નથી, પણ મેં સૃષ્ટિના વિલક્ષણ સ્વરૂપને જાણ્યું છે તેથી મારી વૃત્તિ આ ક્ષુદ્ર વિષયેના મોહથી વિરમી છે. તમે સર્વ તમારા પોતાના કર્તવ્યમાં સાવધાન રહો અને પ્રસન્ન ચિત્તથી કરવાયોગ્ય વ્યવહારોને કરતાં રહો. આ પ્રકારે મેં કહ્યા પછી તેઓ પોતપોતાના વ્યવહારને સેવતાં પ્રસન્ન રહેવા લાગ્યાં. હું ગૃહમાં રહીને ગૃહવ્યવહારને સેવતો તથા રાજસભામાં પ્રવેશ કરીને પ્રતિદિવસ રાજ્યવ્યવહારને ઉચિત પ્રકારે કરતો, પણ મારૂં મન પૂર્વવત્ પ્રસન્નતાથી વ્યવહારમાં જોડાતું નહિ. આપ્રમાણે બહિરૂથી વ્યવહાર કરતાં તથા અંતરૂથી પેલા મહાત્માનું તથા સમુદ્રમાં દીઠેલા સંસારનું સ્મરણચિંતન કરતાં દિવસો ગાળવા લાગ્યો. કેટલોક સમય આપ્રમાણે ગાળતાં એક દિવસ મને વનમાં

વિચરવા વૃત્તિ થઇ. તેમાં મુખ્ય હેતુ પેલા મહાત્મા કોઇ સ્થલે મળે એ હતો. થોડા શસ્ત્રધારીઓને સાથે રાખીને એક સુંદર વનમાં પ્રવેશ કર્યો. એ વનમાં એક મોટો પર્વત હતો. તે ઉંચો, વિસ્તારવાળો અને અનેક પ્રકારની વનસ્પતિઓથી શોભતો હતો. તેમાં મારા સાંભળવાપ્રમાણે મહાત્માઓને નિવાસ કરવાયોગ્ય ગુહાઓ હતી. તે ગુહાઓ જોવાની મને બહુ કાલથી રુચિ હતી. એ અરણ્યમાં પ્રવેશીને અમે તે પર્વતઉપર ચઢ્યા અને એક રમણીય કરેલા સુંદર સ્થલમાં અનુકૂલતા જણાવાથો ઉતારો કર્યો. હું મારા વિશ્વાસપાત્ર શસ્ત્રધારી સાથીઓને લઈને પ્રતિદિવસ વિવિધ માર્ગે ચઢતો અને જ્યાં જ્યાં કષ્ટવડે પણ જઈ શકાય એવું હતું ત્યાં ત્યાં જઇને જોતો, પણ મારી ધારણા પાર ન પડવાથી પેલા મહાત્માનુ સ્મરણ કરીને નિરાશસરખો થઈ ઉતારામાં રાત્રિઓ ગાળતો. આપ્રમાણે કેટલાક દિવસો એ પર્વતઉપર મેં વ્યતીત કર્યા. એક દિવસ મને દૂરની મોટી ગુહાઓમાં પ્રવેશવાની ઇચ્છા થઇ. તેથી ઘટતાં મનુષ્યોને તથા પદાર્થોને સાથે રાખી નિકળ્યો. તે ગુહાપર્યંત જવાનો માર્ગ બહુ ભયંકર હતો તેથી કોઇ એકાકી મનુષ્ય તે સ્થલે જવા પામતું નહિ. એ વિકટ માર્ગે અમે ચાલ્યા. ત્યાં આગળ જતાં એક નાની ગુહા અમારી દૃષ્ટિએ પડી અને તેમાં અમે દ્વારમાંથી જોયું તો એક પુરુષ બેઠેલો દીઠો. તે પુરુષ ગુહાના દ્વારસમીપ આવેલા અમને જાણીને બહાર આવ્યા. તે વયે બહુ વૃદ્ધ જણાતા હતા. એ પુરુષને ગુહાના દ્વારસમીપ આવતા જોઇને અમે સવિનય નમન કર્યું. તેમણે અમારૂં નમન સ્વીકારતાં પ્રસન્ન મુખથી પૂછ્યું, તમે કોણ છો અને આ ભયવાળા સ્થાનમાં શા નિમિત્તે આવ્યા છો? મેં નિરભિમાનપણે ઉત્તર આપ્યુ કે હું આ સર્વ ભૂમિમાં ભયથી પ્રાણિઓનું રક્ષણ કરવા અર્થે નિશ્ચય કરાયો છું તેથી સર્વ મને રાજા માને છે અને આ મોટી ગુહાઓ મેં સાંભળી છે પણ જોઈ નથી તે જોવા અર્થે આ માર્ગે આવ્યો છું. આપના દર્શનથી મને વિશેષ આનંદ થયો છે. આજના દિવસને તથા મને હું આપના દર્શનથી ધન્ય માનું છું. આપ આ સ્થલને પાવન કરતા કેટલા કાલથી અત્ર વિરાજો છો, તે કૃપા કરીને કહો, અને અમને નિર્ભયપણે એ મોટી ગુહાઓ જોવામાં આવે એવો કોઇ ઉપાય આપ જાણતા હો તો દયાથી દેખાડો. આ સાંભળી તે વૃદ્ધ પુરુષ બોલ્યા, હે નરેશ! આ શરીર પ્રકટ્યા પછી પંદરમા વર્ષથી હું આ પર્વતઉપર આવ્યો છું. તે પછી એક વર્ષે હું આ ગુહાને પામ્યો છું. અને આજે આ શરીરને પ્રકટ્યે એકાણું વર્ષ થયાં છે. એટલે પંચોતેર વર્ષથી આ ગુહામાં મારો નિવાસ છે. આ પર્વત અન્ય પર્વતોકરતાં સેવવો કઠિન મનાય છે. આ ગિરિમાં

માર્ગો વિકટ છે, આહાર દુર્લભસરખો મનાય છે અને ભયનાં કારણો પણ આ પર્વતની ગુહાઓમાં અધિક ગણાય છે. તેથી એકાંતસેવનની ઇચ્છાથી નિરુપાધિ સ્થાનને શોધનાર પુરુષો આ સ્થાનમાં ભાગ્યે જ આવે છે. કોઈ કોઈ ધૈર્યબલવાળા સાધકો તથા ઉંચી ભૂમિકાનો આશ્રય કરનાર મહાત્માઓ આ સ્થલે આવી ચઢે છે, પણ તેઓ અધિક કાલ આ સ્થાનમાં રહેતા નથી. કોઈ કોઈ દુરાગ્રહથી રહેનારા દેહાંતને પામ્યા છે અને કોઈ કોઈ નિર્ભય અને નિઃશંક થયેલા મહાપુરુષો આજે કોઈ કોઈ સ્થલે વિદ્યમાન પણ હશે. તો પણ આ વિસ્તારવાળા પર્વતના પ્રમાણમાં તેટલા સત્પુરુષો આ સ્થાનને સેવતા જણાતા નથી. જે મોટી ગુહાઓ જોવાની તમે ઇચ્છા રાખો છો તે જોવાને ઘણા પુરુષો ગયેલા સાંભળેલા પણ જે જે ગયેલા તે તે પ્રવેશતાં જ મરણને પ્રાપ્ત થયેલા સાંભળ્યા છે. મેં તેમાં પ્રવેશ કરવાનો ઉદ્યોગ આ ક્ષણપર્યંત કર્યો નથી. એક સમયે પ્રવેશવાની ઇચ્છાથી જનાર પુરુષને મેં ના કહ્યા છતાં તે ગયા ત્યારે હું તેમની પાછળ ગયેલો. તેમણે ગુહામાં પ્રવેશ કર્યો કે થોડું ચાલતાં જ તે પડીને મરણ પામ્યા, એ જોઇને હું આ સ્થલે પાછો આવ્યો છું. તે દિવસપછી પુનઃ એ ગુહામાં મેં પ્રવેશ કર્યો નથી અને એ માર્ગે હું ગયો પણ નથી. વૃદ્ધ મહાત્માના મુખથી શ્રવણ કર્યું છે કે એ ગુહામાંથી પ્રબલ વિષની જ્વાલા આવે છે તેથી પ્રવેશનાર તત્કાલ જ મરણ પામે છે. આપ્રમાણે છે માટે હે રાજન્! તમારે પણ જો જીવવાની આશા હોય તો એ ગુહા જોવાની ઇચ્છા ત્યજીને પાછા ફરવું, એવો મારો નિશ્ચય છે. પછી તો જે તમે યોગ્ય ગણો તે કરો. હે ભાઈ! આ પ્રકારનાં તે મહાત્માનાં વચન શ્રવણ કરી મેં તેમને કહ્યું કે હે દેવ! આ સંસારમાં જેમને જીવવાની આશા હોય તેમણે કોઈ પણ કઠિન મનાતા કાર્યને કરવા ઇચ્છવું કે નહિ તે કહો. આ સાંભળીને તે બોલ્યા કે હે ભાઈ! જે કાર્ય સાધવા જતાં અવશ્ય મરણ થવા સંભવ છે એવું જાણનારે પોતાને અવશ્ય સાધવાયોગ્ય અન્ય કાર્યોને સાધવાપર્યંત તે કાર્ય સાધવાને ન જવું એવો મારો નિશ્ચય છે. તેથી જો તમે આ જગતમાં અવશ્ય સાધવાયોગ્ય સાધી રહ્યા હો તો ભલે મરણને સ્વીકારી આ કાર્ય સાધવા જાઓ; અને જો અવશ્ય કરવાયોગ્ય કાંઈ શેષ રહ્યું તમે જાણતામાનતા હો તો પ્રથમ તે કરીને પછી આ કાર્યને કરવા ધારો. આ સાંભળીને મેં કહ્યું, હે ભગવન્! આ લોકમાં ઘણા મનુષ્યો ધનની ઇચ્છાથી ધન પ્રાપ્ત કરવાઅર્થે યત્ન કરતા તે મેળવ્યા

વિના જ યત્નના આરંભે મધ્યે કે તેથી પછી મરણને પામ્યા છે. ઘણા તો રાજ્યની ઇચ્છાથી તે મેળવવા યત્ન કરતા આરંભે મધ્યે કે તે પછી પણ મનોરથપ્રમાણે મેળવ્યા વિના મરણને પામ્યા છે. અને તે જ પ્રમાણે સ્ત્રી આદિ સર્વ વિષયોની ઇચ્છાવાળા પણ ઘણા તે તે અર્થ મેળવ્યા વિના જ મરણને પામ્યા છે તો તેમના દૃષ્ટાંતને જોઈ અન્ય મનુષ્યોએ પોતાની તે તે ઇચ્છા પૂર્ણ કરવા આરંભ કરવો નહિ કે શું? જો એમ જ હોય તો કોઈ પણ પુરુષ કોઈ પણ કાર્ય કરવા ધારશે જ નહિ. મારી અલ્પબલવાળી મતિથી હું માનું છું કે મરણ તો જીવોને જ્યારે ત્યારે ભય આપ્યા જ કરે છે. અને આ જીવો ક્યારે ક્યાં અને શા નિમિત્તથી પોતાનું મરણ છે તેને જાણતા નથી, તેથી પ્રત્યેક કાર્ય કરતાં જીવને ભય થવાનું અને એમ જો સર્વ જીવો ભયવશ થાય તો પછી કોઈ પણ કાર્યને જીવ સાધી શકશે નહિ. માટે પોતાની ઇચ્છા જો અશુભ નથી તો તો જીવે તેને પૂર્ણ કરવા યત્ન કરવો. પછી કાર્ય સધાય કે મરણ થાય તેની ચિંતા રાખવી નહિ. હે મહાત્મન્! આપ વૃદ્ધ છો, આપે સર્વ જાણ્યું છે તો કૃપા કરીને આપ કહો કે કયું કાર્ય સાધવા જતાં અવશ્ય મરણનો સંભવ નથી? આ મારાં વચનોને સાંભળીને મંદ મંદ હસતાં તે પુરુષ બોલ્યા, ભાઇ! સર્વ કાર્ય જ મરણના સંભવવાળાં છે એમ મને સમજાયું છે અને તેથી જ મેં તમને પ્રથમ કહ્યું છે કે જે કાર્ય અવશ્ય કર્તવ્ય હોય તેને જ પ્રથમ સાધવાનો આરંભ કરવો ઘટેછે. પછી તેના આરંભમાં કદાચિત્ મરણ થાય તો પણ જીવને અસંતોષનું કારણ રહેતુ નથી. બુદ્ધિમંતોએ તો અંતમાં એવો નિશ્ચય કર્યો છે કે આ સંસારમાં આરંભ માત્ર ભયદુઃખના ઉપજાવનાર છે, તેથી સર્વથા અનારંભ જ શ્રેષ્ઠ છે. પરંતુ આ સર્વ જીવો આપ્તકામ હોતા નથી અને આપ્તકામ થયા વિના સર્વારંભપરિત્યાગરૂપ આરંભરહિત સ્થિતિમાં રહેવાતું નથી, તેથી આપ્તકામ થવાને જ જો આરંભ કરવો ઘટતો હોય તો કરવો. પણ ઓછા પુણ્યબલવાળા જીવો આપ્તકામપણાને જ પ્રથમ ઇચ્છવા સમર્થ થતા નથી, તેથી તેઓ પોતપોતાના કર્મસ્વભાવસંસ્કારબલાનુસાર આરંભ કરે છે અને અંતને પણ તદનુસાર અનુભવે છે. આપ્રમાણે છે માટે હે રાજન્! જે તમારી ઇચ્છાનો વિષય હોય તેને સાધવા યથામતિ વિચાર કરી આરંભ કરો. અને જો આરંભરહિત રહેવાને સમર્થ હો તો આરંભ તજીને રહો. હે ભાઈ! આ તેમનાં વચનો સાંભળીને તે વચનોની યોગ્યતાનો વિચાર કરતો થોડા ક્ષણ હું મૌન રહ્યો. વિચારતાં તેમનાં

વચનોની યોગ્યતા મને સમજાઇ, અને તેથી મેં પુનઃ તેમને નમન કરીને કહ્યું, હે દયાલો! આપ્તકામ થવા અર્થે જ હું સર્વારંભને હવે સ્વીકારૂં છું. માટે જ્યાં સુધી સુખપૂર્વક જવાય એમ હોય ત્યાં સુધીનો એ ગુહાનો માર્ગ આપ અમને દેખાડો; અને જ્યાં જવાથી મરણ થાય છે તે પણ દૂર રહીને દેખાડજો. આ મારી પ્રાર્થના તેમણે સ્વીકારી અને તેઓ મારો હાથ ઝાલીને આગળ ચાલવા લાગ્યા. કેટલોક કઠિન માર્ગ કાપીને તેમણે મને કહ્યું કે આ સ્થલપર્યંત ભય નથી, અને આ સંમુખ દેખાતા ગુહાના મુખમાં પ્રવેશવું ભય ભરેલું છે, માટે ત્યાં યોગ્ય વિચાર કે આશ્રય વિના ધસવું નહિ. આટલું બોલીને તેઓ પોતાના સ્થાને જવા પાછા વળ્યા અને હું મારા કેટલાક સાથીઓસહ ત્યાં ઉભો રહ્યો અને કર્તવ્યસંબંધમાં આપ્રમાણે વિચાર કર્યો. મારે આ સંસારમાં હવે પરમપુરુષાર્થરૂપ મનાયલા જીવન્મુક્તત્વના કે મુક્તત્વના અનુભવ વિના અન્ય કંઇ પણ અવશ્ય કર્તવ્ય છે એમ નથી. આ વ્યવહાર તો જ્યાં સુધી જીવન હોય ત્યાં સુધી સેવીએ તોપણ તેથી પાછા વળવાને વ્યવહારનાં સંગીસંબંધીઓ કોઇ આપણને કહેશે એમ ભાસતું નથી. પણ વ્યવહારાર્થે વિવેકદૃષ્ટિથી જોતાં પુત્ર વ્યવહારભાર ઉપાડવાની યોગ્યતાપર આવ્યાસરખો છે. એટલે આ વ્યવહારધર્મનો, કદાચિત્ આ કાલથી હું એકાંતસેવનને કરૂં તોપણ ત્યાગ કર્યો એમ ગણાતું નથી. વળી આ સંસારમાં કાલ, સ્વભાવ, સંકેત તથા કર્માદિ નિમિત્તો પ્રાણિપદાર્થોને સ્થાનાંતરને તથા સ્થિત્યંતરને પ્રાપ્ત કરે છે તેથી કોઈ પણ કાર્ય સાધવાને આ જીવો સ્વતંત્રપણે ઇચ્છાનુસાર આ સંસારી દશામાં રહી શકતા નથી. તે કારણોને વશ વર્તતા આ મારા શરીરને પણ સર્વ કાર્યની મનોરથપ્રમાણે સિદ્ધિ કરવાપર્યંત વિદ્યમાન રાખવાને હું સમર્થ નથી તો તે કાલાદિ નિમિત્તોવડે જ જો હું આ શરીરીપણાથી છૂટું તો કોઈ પણ કર્તવ્ય કરવાને અવકાશ રહે એમ નથી. આ આદિ વિચારથી આ વ્યવહારની હવે વ્યવહારસાગરને તરી પાર ઉતરવા આવેલા મારા સરખાએ અધિક ચિંતા કરવી ઉચિત નથી. અને પરમપુરુષાર્થ જે અવશ્ય કર્તવ્ય છે તે તો આગ્રહથી મારે સાધવો ઉચિત છે. આ પ્રકારે છે તોપણ મારે પરમપુરુષાર્થરૂપ મુખ્ય કર્તવ્ય કેવે પ્રકારે સાધવાનું છે તે હું યથાવત્ જાણતો નથી. તેથી આ ક્ષણે કયા સાધનનો મારે આરંભ કરવો એ નિશ્ચય થતો નથી. એકાંતવાસ અને બ્રહ્મતત્ત્વવિચાર એ પણ સાધન છે તથાપિ તે વિજ્ઞ રોના યોગ્ય ક્રમને હું યોગ્ય પ્રકારે જાણતો નથી. તેથી આ

ક્ષણે જો કર્તવ્યરૂપ ગણું તો માત્ર એક જ છે. તે એ કે જે મહાત્માએ મને સમુદ્રમાં પ્રવેશ કરાવ્યો છે અને વળી કહી ગયા છે કે એક વાર હું મળીશ તેમને મળવાના નિશ્ચયથી આ સ્થાનને આગ્રહથી સેવું તથા તેમનું સ્મરણચિંતન કરીને કાલ ગાળું. જ્યારે તેમનું દર્શન થાય ત્યારે અત્રથી જાણવાયોગ્ય તેમનાથી જાણીને પછી જ્યાં જવું ઉચિત જણાય તથા જે કરવું યોગ્ય ગણાય તે ત્યાં જઇને કરવું.

હે ભાઇ! આ પ્રકારનો વિચાર કરીને મેં મારા સાથીઓસાથે ત્યાં અનુકૂલ સ્થલ જોઇને રહેવાની વ્યવસ્થા કરી. અવશ્ય ઉપયોગી પદાર્થો મારાં મનુષ્યોએ આણેલા હતા, અને સમયે જે જે જોઇએ તે તે ત્યાં મંગાવી લેવાની મનુષ્યોદ્વારા મારા સાથીઓએ વ્યવસ્થા કરી લીધી. તે સ્થલે તે દિવસથી પેલા મહાત્માના દર્શનની ઇચ્છાથી તેમનું જ સ્મરણચિંતન કરતો પ્રસંગે તે પર્વતના અન્ય નિર્ભય સ્થાનોમાં વિચરતો હું કાલ ગાળવા લાગ્યો.

પ્રથમ સાત દિવસ સમુદ્રમાં રહીને મેં મોહના જયનો અભ્યાસ કરેલો તે અભ્યાસબલથી મને વિરાગ પ્રાપ્ત થયા સરખો હતો, તો પણ વિરાગની દૃઢતા અર્થે આ જગતના અશાશ્વતપણાના તથા નિઃસારપણાના વિચારને અનેક વિધિથી હું વારંવાર કરતો હતો.

એક દિવસ આશ્ચર્યસરખું જોવામાં આવ્યું. મારા સાથીઓ સર્વ નિદ્રાવશ થયા પછી મધ્યરાત્રે હું એકલો પેલા મહાત્માનું સ્મરણ કરતો મારી શય્યામાં જાગતો બેઠો હતો તે વેલા દૂરથી મેં કોઈ સ્ત્રીનો શબ્દ સાંભળ્યો. મારે ઉઠીને તે દિશામાં જવું કે નહિ એ સંબંધમાં મેં વિચાર કર્યો. વિચાર કરતાં એવા નિશ્ચયઉપર હું આવ્યો કે જ્યાંસુધી આ રાજાપણાને માનું છું અને એ વેષમાં છું ત્યાં સુધી સર્વને અભય આપવાનો મારો ધર્મ છે. ગો બ્રાહ્મણ સ્ત્રી બાલક તથા અનાથઆદિનું રક્ષણ કરવામાં મારે મરણભયને પણ ગણવું ઘટે નહિ. દુઃખથી આર્તના સ્વરને શ્રવણ કરીને તેનો અનાદર કરવો એ ક્ષત્રિયનો ધર્મ નથી. આ કોઈ સ્ત્રીનો સ્વર છે. અને તે બહુ સ્પષ્ટ સંભળાતો નથી તોપણ જાણે દુઃખગ્રસ્તનો હોય એમ ભાસે છે. માટે મારે અવશ્ય એ દિશામાં જવું જોઇએ. આ મારા સાથીઓમાંથી કોઇને મારે સાથે રાખવો કે નહિ એ સંબંધમાં મેં વિચાર કરી નિશ્ચય કર્યો કે જો કદાચિત્ આપત્તિમાં આવી પડવાથી અથવા કોઇ આયુષ્ હરનાર વિઘ્ન આવવાથી હું કુશલ પાછો અત્ર ન આવી શકું તો એમને મોટી ચિંતા થાય અને એ સર્વ ક્લેશવશ થઇ મારી શોધ કરવાના શ્રમમાં રોકાય માટે એમને સાવધાન

કરી થોડે થોડે અંતરે મારી પાછળ રહે એવી વ્યવસ્થા કરીને આ રાત્રિના ભય આપનાર સમયે હું આર્તના સ્વરની દિશા સાંધી તેની પાસે જાઉં અને જો મારામાં શક્તિ હોય તો તેના દુઃખનો અંત આણું.

આ પ્રકારે વિચાર કરીને શસ્ત્ર સજીને જ્યારે હું સાવધાન થયો ત્યારે મારા સાથીઓ પણ મારી હીલચાલથી જાગ્રત્ થયા અને મારી પ્રવૃત્તિ જોઇને કારણ પૂછવા લાગ્યા. કોઈ સ્ત્રીના સરખો સ્વર આવે છે એમ મેં તેમને કહ્યું. તેમણે કાન માંડી સાંભળવા યત્ન કર્યો પણ તેમને તે શબ્દ સંભળાયો નહિ. મેં મારી ધારણા તેમને કહી. તે સર્વ સજ્જ થયા અને થોડે થોડે અંતરે મારી પાછળ ચાલવા લાગ્યા. જે મોટી ગુહામાં મારે જોવા જવાની ઇચ્છા હતી તેની પાછળથી સ્વર આવતો હોય એમ ભાસ્યું. કદાચિત્ ગુહામાં જ જો એ સ્ત્રી હશે તો કેમ કરવું એ શંકા તો થઈ, પણ મરણને તૃણવત્ ગણીને મેં આગળ ચાલવા માંડ્યું. મોટી અડચણ એ હતી કે રાત્ર અંધારી અને અજાણ્યો પ્રદેશ: ક્યાં પગ મૂકવો તે સમજાતું ન હતું. આ અડચણ દૂર કરવાને અમે પ્રકાશ સાથે રાખવા નિશ્ચય કર્યો. અમે સેવકને બોલાવી તેણે કરેલા પ્રકાશના આશ્રયથી આગળ પગથીજેવો માર્ગ જોઈ જોઇ ચાલવા લાગ્યા. આગળ ચાલતાં સ્વર પાસે પાસે સંભળાતો તેથી દિશાની ભ્રાંતિ રહી નહિ. મારા સાથીઓને તે સ્વર સંભળાતો ન હતો. અતિ કષ્ટે માર્ગ કાપતાં અમે આ મોટી ગુહાની પાછળ જઇ પહોંચ્યા ત્યારે તે મોટી ગુહાથી થોડે અંતરે એક ગુહાસરખું ભાસ્યું, અને તેમાંથી આ સ્વર આવે છે એ નક્કી થયું. તે ગુહામાં પ્રવેશનારને મરણ થાય છે કે નહિ એ અમે જાણતા ન હતા તોપણ આ સમય મરણના ભયથી વિચાર કરવાનો નથી એમ ધારી હું તે ગુહાના દ્વારસમીપ જઇ જોવા લાગ્યો. એટલામાં મારા સાથીઓ છેક મારી પાસે આવી ઉભા અને મને કહેવા લાગ્યા કે પ્રથમ આપ પ્રવેશ કરશો નહિ, અમે પ્રવેશ કરીશું. મેં કહ્યું, તમારા અશુભને સ્વીકારીને મારું રક્ષણ કરવા હું ઇચ્છતો નથી. સાથીઓએ કહ્યું, અમારા પ્રાણ આ શરીરમાં આપને અર્થે જ પોષાય છે માટે તે જતાં સુધી સંકટમાં આપે ઉતરવું ઉચિત નથી. આપ્રમાણે અમે રકઝક કરતા હતા એટલામાં ક્રોધથી ઊંચે શબ્દે બોલતો હાથમાં ખડ્ગ લઇને એક પુરુષ બહાર નિકળ્યો અને બોલ્યો, અરે કાલના મુખમાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળા તમે કોણ છો? રાત્રિના સમયે અત્ર કેમ આવ્યા છો? મેં ઉત્તર આપ્યું, અમે ક્ષત્રિય છીએ અને રુદન કરતી સ્ત્રીના

સ્વરને સાંભળીને તેના રક્ષણાર્થે અત્ર આવ્યા છીએ. તેણે કહ્યું, મૃત્યુનું ભય રાખો અને પાછા વળો. જ્યાંથી આવ્યા હો ત્યાં જાઓ. મેં કહ્યું, આ જગત્‌માં જ્યાં મૃત્યુનું ભય નથી એવું સ્થલ તમે જાણતા હો તો અમને દેખાડો. અને તમે પણ આ મરણના ભયવાળા સ્થાનમાં શા અર્થે રહોછો ? આ સાંભળી ક્રોધથી તેણે ખડ્ગ ઉગામી કહ્યું, જાઓ છો કે તમને હણી નાંખું ? મેં કહ્યું, તમે કોણ છો ? આ સ્વર જેનો આવે છે તે કોણ છે ? તેને શી આપત્તિ છે અને તમે અમને શા માટે હણવા ઇચ્છો છો, એ વાર્તા સ્પષ્ટ કરીને કહો. અમે ભયથી પાછા હઠશું નહિ. પણ તમે અન્યાયથી વર્તશો તો તમને હણીને જે હશે તે જાણીને અમે પાછા ફરશું, માટે મિથ્યા રોષ ત્યજીને જે હોય તે ખરેખરું કહો. આ સાંભળતાં જ તેણે મને હણવાને ખડ્ગવાળો હાથ ઉપાડયો. તે જોઇને તત્ક્ષણ મારા સાથીઓએ તેના ઉપર શસ્ત્ર ચલાવ્યાં અને મેં પણ મારો ભાલો તેના ઉદરમાં માર્યો. અમને હણવા તેણે બહુ બલ કર્યું. પણ તે નિષ્ફલ થયો અને અંતે હણાયો. તેણે પડતાં પોકાર કર્યો પણ તેના રક્ષણાર્થે કોઇ આવ્યું નહિ. એ હણાઇ પડયો એટલે તત્કાલ ગુહાના દ્વારમાંથી સ્ત્રીનો શબ્દ થયો કે સુરક્ષિત રહેનારી છતાં પણ આ સમયે નિરાશ્રિતજેવી થયલી હું અબલાનું શરણાગત જાણી રક્ષણ કરો. હું રાજકન્યા છું. આ સાંભળી મેં ઉત્તર આપ્યું કે " હે સુકન્યા ! હું આ ભૂમિનો રાજા છું. તમારું ઉત્તમ પ્રકારે રક્ષણ કરીને જ્યાં ઇચ્છા હશે ત્યાં સુખરૂપ પહોંચાડીશ. માટે નિર્ભય રહો. " આપ્રમાણે બોલીને પછી મારા સાથીઓસહ પ્રકાશસાથે મેં ગુહામાં પ્રવેશ કર્યો. તે ગુહામાં ગૃહીની પેઠે વિવિધ વિભવી પદાર્થો અમારા જોવામાં આવ્યા. શોધ કરતાં એક ભંડાર જણાયો. તેમાં બહુ મૂલ્યવાળા સ્ત્રીપુરુષના અલંકારો તથા ઉત્તમ ઉત્તમ વસ્ત્રો હતાં. નાના પ્રકારનાં રત્નથી રચેલા અલંકારોને જોઇને આશ્ચર્ય ભાસ્યું કે આ અરણ્ય સેવનાર અને એકાકી રહેનાર પુરુષ આ પદાર્થો ક્યાંથી લાવ્યો હશે ? તે કન્યાને મેં પૂછ્યું, " આ મરનાર પુરુષ કોણ હતો ? તમને આ સ્થલે કોણ શી રીતે લાવ્યું છે ? " તે કન્યાએ ઉત્તર આપ્યું " આ પુરુષ કોણ હતો તે હું જાણતી નથી. પણ ગઈ કાલની મધ્યરાત્રિપછી આ સ્થલમાં મુને આણી છે. હું મારા શયનમાં મારા પિતાને ત્યાં સુતેલી ત્યાંથી આ સ્થલે હું શી રીતે આવી, મને કોણ લાવ્યું એ હું જાણતી નથી. હું આ સ્થલે જાગ્રત્ થયા પછી સંમ્મોહથી પીડાવશ થઇ મૂર્છિત થઈ. મૂર્છાથી જાગીને રુદન

કરતી હતી. એ દુષ્ટ મને સમાધાન આપતો, ફલજલ આપતો, પણ મેં હજી ગ્રહણ કર્યું નથી. આજનો દિવસ અને આ ત્રણ પ્રહર રાત્રના મેં મહાકષ્ટે ગાળ્યા છે." આ સાંભળી તત્કાલ તો અમે તે કન્યાને ફલજલ ગ્રહણ કરવા કહ્યું. તે તેણે કરવું અને શેષ રાત્રિ ત્યાંજ ગાળી. પ્રાતઃકાલે તે ગુહાના સર્વ પદાર્થોસહ તે કન્યાને મારા અંતઃપુરમાં મોકલવા વ્યવસ્થા કરી અને રાણીએ એ કન્યાનું અમારા આવતા સુધી રુડી રીતે રક્ષણ કરવું તથા પ્રધાને એના પિતાને કુશલ સમાચાર મોકલવા એવું કહાવી મોકલ્યું. આ વ્યવસ્થા કરચા પછી મારા થોડા રહેલા સાથીઓસહ મોટી ગુહામાં પ્રવેશવાની આશાથી હું ત્યાં જ રહ્યો. મેં મરણને સ્વીકારીને પણ પ્રવેશવા ઇચ્છા કરી. તથાપિ મારા સાથીઓએ મને સવિનય પ્રાર્થીને રોક્યો. તે પછી મેં વિચાર કર્યો કે "આપ્રમાણે દિવસો ગત થતાં આયુષ્ ગત થાય છે. કોઇ કર્તવ્યમાં નિઃશંકપણે જોડાયા વિના અમૂલ્ય આયુષ્ ગાળવું એ પણ ઠીક નથી. તો હવે શું કરવું? મહાત્માના દર્શનમાટે આતુરપણે તેમનું ચિંતન કરૂંછું પણ યોગ્ય સમય આવ્યાવિના તે સર્વજ્ઞ મહાત્મા કેમ દર્શન આપે? આ સંસારમાં એકપછી એક કાર્ય તો આવી પ્રાપ્ત થાયછે જ. અને એમ પ્રાપ્ત થતાં સર્વ કાર્યને કરીને જ વિરમવું, એવું ધારીએ તો કોઈ દિવસ પણ એવો નિવૃત્તિનો આવવો સંભવતો નથી. તેથી હવે તો આવી પડતાં કાર્યની આવશ્યકતાનો વિચાર કરીને પછી તેને સિદ્ધ કરવા કે ન કરવાનો નિશ્ચય ગ્રહીને યત્નમાં જોડાવું ઘટેછે. શરીર અને વ્યવહાર વિવિધ પ્રકારથી દુઃખનાં કારણરૂપ છે. તેથી સુખની પ્રાપ્તિઅર્થે તેનો જેટલો ઉપયોગ હોય તેટલો કરીને વિરમવું એજ મારા સરખાને હવે ઉચિત છે. કાલનો અને કાર્યનો અવધિ નથી અને શરીરનો અવધિ છે માટે શરીરવડે સધાવાયોગ્ય સત્વર સાધી લેવું જોઈએ." આ આદિ વિચાર કરીને પછી અમે મોટી ગુહાના દ્વારસમીપ જ્યાં પ્રથમ રહ્યા હતા ત્યાં આવ્યા. અને પછી એ ગુહામાં પ્રવેશવાના નિશ્ચયમાટે વિચારો કરતા બેઠા. "કોઇ પણ મુખ્ય પ્રયોજન આ ગુહામાં પ્રવેશવાને નથી ભાસતું તોપણ વૃત્તિમાં આગ્રહ ઉપજે છે એ ઇષ્ટ આપનાર છે કે અનિષ્ટ તે આ ક્ષણે જાણ્યું જતું નથી. તોપણ ન નિવારણ કરાય એવો આગ્રહ પ્રકટે છે માટે અવશ્યભાવિ હશે એમ માનવું પડે છે. મરણથી અધિક અનિષ્ટ આવવા સંભવ નથી અને મરણ તો સ્વીકારેલું જ છે તો હવે વિશેષ વિચારનું પ્રયોજન શું છે"? આ પ્રકારે વિચારીને હું ગુહામાં પ્રવેશવા ઊઠયો અને સાવધાન થઇ હસ્તમાં શસ્ત્ર લઈ આગળ ચાલ્યો. મારા સાથીઓ પણ સાવધાનપણે શસ્ત્ર ગ્રહીને મને રોકતા મારી સાથે

ચાલવા લાગ્યા. હા ના કરતા અમે ગુહાના દ્વારે આવીને ઉભા અને મહાત્માનું સ્મરણ કરી તેમને મનથી નમસ્કાર કરીને જેવો હું આગળ પગ ધરૂં છું તેવામાં તત્ક્ષણ જેમ અભ્રમાંથી એકાએક વીજળી પ્રકટેછે તેમ તે ગુહાના મુખમાં મારા સંમુખ એ મહાત્મા પ્રકટ થયા. તેમને ઉભેલા જોઈને હું પ્રસન્ન થઇ આગળ ધસી તેમના ચરણમાં મસ્તક મૂકીને નમ્યો અને હર્ષથી સજલ થયલાં નેત્રથી નિમેષરહિત દૃષ્ટિવડે તેમને જોવા લાગ્યો. તેમણે મારો હાથ ઝાલ્યો અને મારા સાથીઓને બહાર રહેવાની આજ્ઞા આપી અને મને તેડીને તે ગુહામાં ચાલ્યા. આગળ ચાલતાં એક મોટું વિષધરનું જોડું વિષની જ્વાલાઓ નાંખતું પડેલું મેં જોયું. તે સમયે મહાત્માએ કહ્યુંકે "આ વિષધરના જોડાને જો. આ ગુહામાં પ્રવેશનાર યોગબલરહિત પ્રાણિઓ આ વિષધરયુગલના વિષથી મરણને પામે છે. આ સંસારરૂપ ગુહામાં પણ વાસના તથા કામરૂપ વિષધરનું જોડું રહેલું છે. તે વિષની જ્વાલાથી જીવોને ક્રમથી હણતાં મરણને આપે છે. આ વિષધરનું જોડું જેમ પૂર્વનાં કારણ કર્મ કે સંકેતાદિ અનુસાર એના સંમુખ આવનારને તત્કાલ હણે છે તેમ આ વાસના તથા કામરૂપ વિષધરનું જોડું પણ ક્ષણે ક્ષણે અનર્થ આપતાં કાલાંતરે એના સંમુખ રહેનારને સંસ્કારાદિ નિમિત્તોથી હણે છે. માટે કલ્યાણની ઇચ્છાવાળો તું વાસના તથા કામરૂપ વિષધરથી સદા વિમુખ રહેવાને યત્ન કરજે. આ વિશ્વમાં માત્ર યોગતત્ત્વવિત્ પુરુષને જ આ સ્થાવરજંગમ સર્વ પ્રકારના વિષને વ્યર્થ કરવાનું સદા સામર્થ્ય હોયછે. સ્થાવરજંગમ વિષ, વાસના તથા કામજન્ય વિષને પણ ગણાય એમ છે. યોગતત્ત્વવિત્ મહાત્મામાં એ વિષને પણ વ્યર્થ કરવાનું સામર્થ્ય હોયછે. માટે હવે ઉત્તર વયમાં યોગતત્ત્વના અભ્યાસમાં જ તારે કર્તવ્યબુદ્ધિને સ્થાપવી અને મરણના કારણરૂપ વાસના તથા કામને હણીને અમૃતભાવને પામવું. યોગબલના પ્રભાવથીજ તને તથા મને આ વિષધરનું વિષ બાધ કરી શકયું નથી એમ તું જાણજે." એટલું બોલી ત્યાંથી આગળ ચાલ્યા. આગળ ચાલતાં થોડે અંતરે એક ભયંકર દેહવાળી રાક્ષસીજેવી સ્ત્રી જોવામાં આવી. તે અમને દેખીને તેનું વિકરાલ મુખ ઉઘાડીને જાણે અમારો ગ્રાસ કરવા આવતી હોય એવી જણાઇ. પણ મહાત્માએ પોતાના હાથની આંગળી તેના સંમુખ ધરવાથી તે પાછી હઠીને પોતાને સ્થાને બેઠી. મહાત્માએ મને કહ્યું, "જો ! આ પિશાચિકાનું સ્થાન છે. એ યોગબલરહિત કોઈ આ ગુહામાં પ્રવેશે અને વિષથી ઊગરતો આગળ આવે તો તેને હણે છે. આ પ્રકારની આ વિશ્વરૂપ ગુહામાં પણ આશાપિશાચિકા છે તે પ્રાણિમાત્રને

હણે છે, અર્થાત્ જન્મમરણના દુઃખરૂપ ચક્રમાં ચઢાવે છે માટે જો તું કલ્યાણની ઇચ્છાવાળો છે તો એ આશાપિશાચિકાથી પોતાનું રક્ષણ કરી આ વિશ્વરૂપ ગુહામાં વિચરજે. પ્રથમ કહેલા વાસના તથા કામરૂપ વિષધરના જોડાથી અને આશારૂપ પિશાચિકાથી જો તું મુક્ત રહ્યો તો આ વિશ્વમાં પથરાયલા અવિદ્યાના સર્વ પાશોથી મુક્ત થયો જાણજે. હે ભાઈ! આગળ સમુદ્રપ્રવેશસમયે કહેલા મોહના સ્વરૂપનું વિસ્મરણ કરીશ નહિ. કારણ કે અધોગતિનું પ્રધાન કારણ મોહ જ છે" આપ્રમાણે બોલી ત્યાંથી આગળ ચાલતાં અમે એક મોટા ધનના ભંડારમાં આવી પહોંચ્યા તેમાં વિવિધ રત્નોના સમૂહ પડેલા મેં જોયા. આશ્ચર્યનો ભાસ થતાં જ મેં મનને રોક્યું અને સાવધાનપણે અસ્પૃહાથી હું મહાત્માસાથે ચાલતો રહ્યો, ત્યારે તેમણે મને કહ્યું 'આ ધનની ઇચ્છા હોય તો ગ્રહણ કર.' મેં કહ્યું "આપના અનુગ્રહથી હવે હું એને મૃત્તિકા અને પાષાણની તુલ્ય અનુભવું છું." આ સાંભળીને તેમણે કહ્યું, "આ સ્થલે આવીને આ ધનને મોહથી ઇચ્છનાર યોગબલ વિનાનું મનુષ્ય પાષાણરૂપ થાય છે." પછી આગળ ચાલતાં એક સુંદર સ્થલમાં ગયા. ત્યાં એક મહાત્મા અને તેમની પાસે તેમના શિષ્યજેવા ભાસતા પાંચ પુરુષો બેઠા હતા. તેમણે ઉભા થઇને આ મહાત્માને નમન કર્યું અને પુનઃ પોતપોતાને સ્થાનકે બેઠા. પરસ્પર કંઇ પણ બોલ્યા નહિ. અમે ત્યાંથી આગળ ચાલ્યા. ત્યારે તે મહાત્માએ કહ્યું, આ સ્થાન પણ સિદ્ધાશ્રમ ગણાય છે. વાસના તથા કામનો જય કરનાર, આશાપાશથી મુક્ત રહેનાર તથા ધનના મોહથી રહિત રહેનાર નિધિરૂપ ઐશ્વર્યને પામે છે અને તેમાં આસક્તિથી ન બંધાય તે યોગબલવાળો પુરુષ અષ્ટસિદ્ધિરૂપ ઐશ્વર્યનો અધિકારી થાય છે. અને ત્યારે જ તે પાંચ જેને વશ વર્તે છે, અર્થાત્ પંચતન્માત્રાસહિત પંચભૂત જેને વશ વર્તે છે એવા સિદ્ધના પદને પામે છે. તે સિદ્ધના પદને પામેલા આ લોકના સિદ્ધાશ્રમોમાં રહેતાં કાલે કરીને સ્વતંત્ર એવા સિદ્ધલોકમાં મળી જ્યાં ત્યાં વિચરે છે." આ પ્રકારે બોલીને પછી ચાલતાં ઉપર ઉપર જવાના માર્ગમાં ગયા, પણ ત્યાં મારા જોવામાં કંઇ આવ્યું નહિ. અંતે અમે તે તે ઉપર ચઢતા જઇને તેના ઉપરના છેલ્લા શિખરમાં એક ગુપ્ત બારી હતી તેમાંથી બહાર નિકળ્યા. ત્યારે તેમણે કહ્યું કે "જો નરેશ! આ દ્વારે આપણે નિકળ્યા એટલે હવે કોઇપણ ભયનું સ્થલ નથી. આ શરીરરૂપ ગુહામાંથી પણ જે પુરુષ ગુપ્ત રહેલા ઊર્ધ્વ માર્ગથી નિકળે છે તેને પછી ભય

દુ:ખનું કંઇપણ કારણ રહેતું નથી. હવે જા તારા સાથીઓને મળ, અને તારા રાજ્યભવનમાં જા. અને પછી જે કર્તવ્ય હોય તે કરીને સ્વતંત્ર ઇચ્છાપ્રમાણે વિચરજે." મેં પ્રણામ કરી પૂછ્યું કે " આપ કોણ છો ? મેં સમુદ્રમાં જોયું તે સર્વ શું હતું? આપનાં દર્શન મને શું પુણ્યથી થયાં છે ? મારે શું કરવાનું છે ? અંતે મારી શી ગતિ થશે ? અને પુન: આપ મને ક્યાં અને ક્યારે મળશો ? " આ સાંભળીને તે બોલ્યા, " હું કોણ છું, સમુદ્રમાં તેં શું જોયું છે, શા નિમિત્તે હું તને મળ્યો છું, અંતે તારી શી ગતિ થશે તથા પુન: હું તને ક્યારે મળીશ, એ આદિ તારે જાણવાયોગ્ય જે જે છે તે તે સર્વ સમય આવવાથી તું તારી મેળે જાણીશ. અને તારે જે કરવાનું છે તે મેં તને કહ્યું છે. અને તે વિનાનું જાણવાનું તું જાણે છે. માટે જા સુખી થા " એમ બોલીને આકાશમાં અલ્પ કાલમાં ન દેખાય એમ ચાલતા થયા. હું નિરાશ થઇ વિચાર કરતો શિખરથી નીચે ઉતરી આવ્યો અને સમુદ્રની પેઠે આ પણ એક સ્વપ્નસરખું થઈ ગયું એમ માનીને મારા સાથીઓસહ હું મારા સ્થાનમાં આવ્યો. પેલી રાજકન્યાનું તેના પિતાએ આગ્રહ જણાવ્યાથી મારા પુત્રસાથે લગ્ન કર્યું, અને ક્રમવડે જેમ દીર્ઘ પ્રવાસે જનાર પુરુષ પોતાના વિસ્તારવાળા વ્યવહારને તથા ગૃહના પથરાયલા પદાર્થોને સમેટે છે તેમ મેં મારા વ્યવહારને વૃત્તિમાંથી સમેટવા માંડ્યો. પુત્રને રાજ્યાધિકાર આપ્યો. સર્વ વ્યવહારમાં તે કુશલ નીવડ્યો હતો, તોપણ યોગ્ય વિચારો હું તેને જણાવતો રહ્યો. અદૃષ્ટગતિથી આયુષ્યના અવધિએ મારી સ્ત્રીએ દેહ ત્યજ્યો અને તે પછી તેની ઉત્તરક્રિયા થઇ રહ્યા પછી મેં મારા પુત્રને કહેવાયોગ્ય કહીને અરણ્યમાં એકાંતવાસાર્થે પ્રયાણ કરવામાં તેની પ્રસન્નતા મેળવી લીધી. તે પછી નિકળવાના સમયે નગરની સર્વ પ્રજા ખિન્ન હૃદયથી મારી પાછળ નગરબહિર્ વિદાય કરવાને આવેલી, તેમાંના અગ્રણી મનુષ્યોને સંબોધીને તે સર્વને આ પ્રકારનાં હિતકર વચનો મેં કહ્યાં. " હે સજ્જનો ! આ અનંત આકાશપ્રતિ દૃષ્ટિ નાંખો, અને તે પછી આ આપણા શરીરને પણ જુઓ. આ અનંત આકાશમાં આપણું શરીર ગણવા જતાં કોઇપણ પ્રમાણમાં નથી. આ આપણાં શરીરોજેવા ક્ષુદ્ર પદાર્થો આ અનંત આકાશમાં પ્રતિક્ષણે અસંખ્ય ઉપજે છે અને નાશને પામે છે. એ પ્રકારના ઉપજતા અને ખપતા આ વિશ્વપ્રપંચને જોતાં જાણતાં છતાં આપણે અવિદ્યાબલથી ઢંકાયલા અજ્ઞાનવશ વર્તીએ છીએ. અને મિથ્યાભિમાનથી આપણે

આપણુને મોટાં માનીએ છીએ. આ સંસારમાં યોગ્ય પ્રકારે કરવાનું કરીને અને મેળવવાનું મેળવીને જેઓ નિશ્ચિંત થઈ બેસે છે તેજ ખરું જોતાં મોટાપણાને પામી શોભે છે. તે વિનાના અન્ય આ અસંખ્ય દેહધારીઓ તો જન્મીને અજ્ઞાનમાં વીંટાઇને ન કરવા યોગ્ય કરીને પામવાયોગ્ય ન પામતાં ન પામવાયોગ્ય નીચાપણાને પામીને, દુઃખમાંજ વિશ્રાંતિ વિનાના ભ્રમે છે. અને મરણાંતે જન્મ અને જન્માંતે મરણને પ્રાપ્ત થયાં કરે છે. આ જગત્‌માં ખરો જન્મેલો તે જ મનાય છે કે જે દુઃખરૂપ જન્મનાં કારણોનો ઉચ્છેદ કરે છે. અને ખરું જોતાં મરણને પામેલો પણ તે જ છે કે જે પુનઃ પુનઃ આવી પ્રાપ્ત થતાં દુઃખરૂપ મરણનાં કારણને સદાકાલમાટે ટાળીને સ્વતંત્ર થઈ અવિક્રિય સ્વરૂપને ૧ મી રહે છે.

આ લોકમાં જેમ પોતાના ખરા અધિકારને કે સ્વરૂપને ન જાણનાર અજ્ઞાનવશ વર્તતાં બાલકો રમત રમે છે. તેમાં એક રાજા થાય છે, અને બીજાં પ્રજા થાય છે અને તે એકબીજાને તે પ્રમાણે માનતાં રમત રમે છે તેમ આ આપણે પણ અજ્ઞાનવશ રહ્યાં રાજા-પ્રજાપણાના અધિકારથી રમત રમ્યાં છીએ. હવે મને મારા કર્તવ્ય કાર્યનું ભાન થયું છે. તેથી આ રમત છોડીને હું જાઉંછું; અને તમે તમારા કર્તવ્યના ભાનને પામો ત્યાંસુધી આ રમતને રમતાં રહેજો.

વિવેકી મનુષ્યો! જેમ નાટકના ટોળામાં રમતાં નાટકનાં પાત્રો પોતપોતાના વેષને યોગ્ય પ્રકારે ભજવે છે અને રસનિષ્પત્તિ કરેછે તેમ આ વ્યવહારનાટકમાં પણ તમે તમારા કાઢેલા વેષને યોગ્ય પ્રકારે ભજવીને રસનિષ્પત્તિ કરજો. અને નીરસતા પ્રતીત થયે આ વ્યવહારનાટકનો અંત આણજો તથા તે સમયે આ સર્વ દુઃખદ વેષના અવધિને પામજો. જેમ નાટકનાં પાત્રો યોગ્ય પ્રકારે વેષ ભજવતાં નથી તો રસનો આવિર્ભાવ થતો નથી તેમ જ આ વ્યવહારનાટકનાં પાત્રો પણ પોતાના વેષને વિવેકનીતિધર્મઆદિથી યુક્ત એવા યોગ્ય પ્રકારથી ભજવતાં નથી તો તેમને પણ પ્રાપ્ત કરવાયોગ્ય રસનો આવિર્ભાવ થતો નથી. માટે જ્યાંસુધી આ વ્યવહાર-નાટકને ભજવવા ઇચ્છો ત્યાંસુધી યોગ્ય પ્રકારે ભજવતા રહેજો.

આ જે જે દેખાય છે તે તે સર્વ કાલાંતરે વિલયને પામે છે તેથી વિકારી છે માટે આસક્તિથી નિરંતર સેવવાયોગ્ય નથી. નિરંતર સેવવાયોગ્ય તો જે સદા એકરસ નિર્વિકાર વસ્તુ છે તે જ છે. પરંતુ સર્વ જીવોને ઉત્તમ સંપત્તિના અભાવે તે વસ્તુસ્વરૂપને સેવવાનો અધિકાર હોતો નથી. તેથી જ્યાંસુધી પોતાનો ઊંચો અધિકાર

નથી એમ સમજાય ત્યાંસુધી સઉએ વિરાગાદિ સંપત્તિ પ્રાપ્ત થવા અર્થે વિવેકથી વ્યવહારને જ સેવવો એ જ ઉત્તમ નિયમ છે.

મેં મહાત્માના અનુગ્રહથી સમુદ્રમાં પ્રવેશીને દૃઢ અનુભવ કર્યો છે કે દૃશ્યપ્રતિનો મોહ જ આ જીવને અધોગતિ કરાવનાર છે માટે તમારે સઉ વ્યવહાર સેવતાં સદા મોહનો જય કરવા યત્ન રાખવો.

આ આપણા અંતર્માંથી પ્રકટીને ઇન્દ્રિયદ્વારા વ્યાપાર કરનાર વૃત્તિઓ બે પ્રકારની હોય એમ મને ભાસે છે. એક તો અવિદ્યારૂપ બલથી પ્રવર્તતી મલિન અને બીજી વિદ્યાબલથી પ્રવર્તતી શુદ્ધ વૃત્તિ છે. મલિનવૃત્તિ તો આ અધોગતિના કારણરૂપ વ્યવહારમાં જીવને યોજે છે, અને બીજી શુદ્ધ તો ઊર્ધ્વ ગતિના કારણરૂપ વ્યવહારમાં યોજે છે. મલિનવૃત્તિ ઉત્તરોત્તર માલન વ્યવહારથી અંતર્માં મલિનત્વને વધારે છે અને શુદ્ધ વૃત્તિ શુદ્ધ વ્યવહારદ્વારા ઉત્તરોત્તર સત્વસંશુદ્ધિ કરી અંતર્ની શુદ્ધિને વધારે છે. તેથી સદા મલિન વૃત્તિના નિરોધપૂર્વક શુદ્ધવૃત્તિથી શુદ્ધ વ્યવહારને સેવતા રહેજો.

મેં આ સંસારમાં સુખના અનુભવને અર્થે આજપર્યંત નાના પ્રકારથી વિષયોને સેવ્યા તથા વિવિધ યત્ન કર્યા, પણ જેના અંતમાં શાંતિ અને તૃપ્તિ જ પ્રાપ્ત રહે એવો કોઇ પણ વિષયવ્યવહાર અનુભવ્યો નથી. માટે હે સજ્જનો! જે કરવાથી વા ભોગવવાથી અંતમાં સદા શાંતિતૃપ્તિ પ્રાપ્ત રહે એ જ ઉપાયોને વિચારીને સેવતા રહેજો.

આ વિશ્વપ્રપંચ જેના ઉપર કાલચક્ર નિરંતર ભ્રમ્યા કરેછે તેમાં રહીને તે કાલચક્રથી નિરંતર રક્ષાવા અર્થે જે મનુષ્ય યત્ન ન કરે તેના જેવું અસાવધ તથા દોષપાત્ર અન્ય કોઇ નથી. તેથી સદા કાલનું ભય રાખીને સદાચરણને સેવતાં મહાકાલરૂપ મહેશ્વરના સ્વરૂપમાં ચિત્તને સ્થિર કરવા ઉદ્યુક્ત રહેજો.

જીવનપર્યંત પણ ખરું જોતાં જે નિરુપાધિ અખંડ સુખના સાધનરૂપ નથી એવા સ્ત્રીપુત્રધનગૃહક્ષેત્રસ્વજનાદિને વિષે જ આસક્ત રહીને જે પુનઃ આ જીવકૃત કોઈ ઉપાયથી પણ પાછું વળતું નથી એવું અમૂલ્ય આયુષ્ ખોઇ નાંખશો નહિ પણ તે આયુષ્ જેવડે ગયું પણ સફલ ગણાય છે એવા ઇષ્ટારાધનમાં તત્પર રહેજો આ જગતમાં મનાયલા સુખના સાધનરૂપ વિદ્યા સ્ત્રી ધન સુત ગૃહ તથા અન્નવસ્ત્રાદિને ઉત્તમ પ્રકારે પ્રાપ્ત કરવાને સર્વને ઇચ્છા છે. તથાપિ સર્વને તે શા હેતુથી મળતાં નથી અને મળે છે તેને શા કારણથી મળે છે તેનો યોગ્ય વિચાર શાસ્ત્રીય દૃષ્ટિથી કરીને જેવડે તે પ્રાપ્ત થાય છે એવા પુરુષાર્થને સાધજો. તથા આ લોકમાં ચિરકાલ જીવવાની સર્વને

આશા છતાં જીવી શકાતું નથી અને ઇચ્છાવિના મરણને સ્વીકારવું પડે છે તો એ જીવનમરણ શાથી મળે છે અને શાથી ટળે છે તેનો યોગ્ય પ્રકારે નિશ્ચય કરીને જે ઉપાયથી આયુષાદિ ઇષ્ટની વૃદ્ધિ અને મરણાદિ અનિષ્ટની નિવૃત્તિ થાય તે ઉપાયને જાણીને તેને સેવતા રહેજો.

કોઈ એક શરીરમાં કોઇ એક સ્થાનમાં, અને કોઇ એક સમયમાં જ ઇષ્ટપ્રાપ્તિ અને અનિષ્ટનિવૃત્તિ થાય એ જ કંઈ અંતિમ પુરુષાર્થ છે એમ નથી પણ અનિષ્ટની આત્યંતિકી નિવૃત્તિ અર્થાત્ સદા ઇષ્ટપ્રાપ્તિ અને અનિષ્ટની નિવૃત્તિ રહે એવું જે મેળવવુ તે જ પરમપુરુષાર્થ છે માટે પરમપુરુષાર્થસિદ્ધિપર્યંત કર્તવ્યનો અવધિ નથી આવ્યો એમ જાણી મુખ્ય કર્તવ્યમાં વૃત્તિને જોડતા રહેજો.

જીવન્મુક્તિના અનુભવને અર્થે આ મમત્વપૂર્વક સેવાતા વ્યવહારથી છૂટીને હું એકાંતમાં જાઉં છું એ મારું દૃષ્ટાંત જોઇને તમારે સર્વને આ કાલે એ જ કર્તવ્ય છે એવો અયોગ્ય નિશ્ચય કરવો નહિ. કારણ કે અધિકારવિના જે જે યોગ્ય મનાયલી પ્રવૃત્તિ છે તે પણ અનર્થ આપનારી હોય છે. માટે સઉએ પોતપોતાના અધિકારનો નિશ્ચય કરીને તેમાં ઘટે તેવી પ્રવૃત્તિ કરવી. હું અનુભવથી કહું છું કે જ્યાં સુધી આ વ્યવહારને સેવતાં વ્યવહારમાં મનાયલાં સર્વ સુખનાં સાધનોમાં વિરાગ એટલે અસ્પૃહા ઉપજે નહિ તેમ જ તે સર્વ સાધનરૂપ પદાર્થો દુઃખના બીજરૂપ હોવાથી ઉપાદેય એટલે મેળવવાયોગ્ય નથી પણ હેય એટલે ત્યજવાયોગ્ય છે એવો દૃઢ નિશ્ચય અંતરમાં બંધાય નહિ ત્યાંસુધી કોઇને પણ એકાંતસેવનનો અધિકાર મનાતો નથી. માટે યોગ્યતાપર્યંત વ્યવહારને પ્રમાદરહિતપણે સેવજો. જન્મમરણરૂપ સ્વભાવવાળા આ શરીરમાં રહીને શરીરીઓએ પ્રમાદ સેવવો ઉચિત નથી. કારણ કે પરમપુરુષાર્થને સાધી લેવામાં અનુકૂલ એવું આ મનુષ્યશરીર પુનઃ પુનઃ પ્રાપ્ત થાય છે જ એવો નિયમ નથી. તેથી સદા દુર્લભ એવા આ મનુષ્યશરીરને પ્રાપ્ત તમે પ્રમાદરહિતપણે પરમપુરુષાર્થને સાધવાના નિશ્ચયવાળા થઇને યોગ્ય સાધનોને સેવજો.

ઘણાં મનુષ્યો પોતાના દુર્બલસંસ્કારવશાત્ ઈશ્વરના અભાવ આદિ દુષ્ટ નિશ્ચયોને સાધે છે, અને તે નિશ્ચયારૂઢ થયેલાં તે દુષ્ટ મનુષ્યો દુષ્ટાચારને સેવતાં દુષ્કર્મરૂપ સંપત્તિને મેળવીને ઉત્તરોત્તર અધોગતિના ક્રમને પામે છે, તેથી પુણ્યબલવાળાં તમે તેવા દુષ્ટ નિશ્ચયોને ન અનુસરતાં યોગ્ય વિચારથી ઈશ્વરભક્તિદ્વારા તથા સદા-

ચારદ્વારા ઉત્તરોત્તર ઊર્ધ્વ ગતિને સાધજો. મારા કલ્યાણની ઇચ્છાવાળા તમે મારા પ્રતિના પ્રેમથી તમારા અંતરમાં ઉપજતા ક્લેશને ક્રમવડે નિવારણ કરજો, અને તમે સર્વ પોતપોતાના કલ્યાણના માર્ગમાં વૃત્તિને જોડજો.

આ સંસારમાં અનેક જન્મને પામીને પણ જ્યારે આ સંસારના વિષયપદાર્થની પ્રબલ આસક્તિથી મનુષ્ય મૂકાય છે ત્યારે જ મુક્તત્વના અધિકારને પામે છે. માટે કાલાંતરે પણ જે સેવ્યા વિના દુઃખનો અંત આવતો નથી એવાં મુક્તિસુખનાં સાધનોને આગ્રહથી સેવવા વિચારજો.

આ ભૂલોકમાં વસનારાં તમે આ લોકના જ શ્રેષ્ઠ સુખની ઇચ્છામાં આયુષ્યને ગાળશો નહિ. જો ઉત્તમોત્તમ વિષયસુખની જ ઇચ્છા તમને પીડતી હોય તો આ લોકથી અધિક ઉત્તમ ઉત્તમ વિષયભોગો અન્ય પુણ્યપ્રધાન લોકોમાં ભોગવવાના હોય છે તેથી આ લોકમાં મોટાં પુણ્યકર્મોને કરી કરીને તે પુણ્યવડે પ્રાપ્ત થતા અન્ય ઉત્તમ લોકના ઉત્તમોત્તમ વિષયોને પ્રાપ્ત કરનાર થજો અને અંતમાં વિષયવાસનાના ક્ષયવડે પ્રાપ્ત થતા અપ્રતિમ વિષયાતીત સ્વરૂપસુખને પામતાં નિત્યતૃપ્ત રહેજો.

કોઇનું પણ અહિત ન કરવાથી તથા ન ઇચ્છવાથી તેમ જ સર્વનું કલ્યાણ ઇચ્છવાથી આપણા અંતઃકરણની ઉંચી સ્થિતિ થાય છે તેથી પરસ્પરના દ્વેષનો ત્યાગ કરીને પોતપોતાના હિતને સાધવા અધિકાર મેળવજો.

અંતમાં મારે એ જ કહેવાનું છે કે આ જગતમાં ગમે તેવે માર્ગે ધન મેળવીને સારું સારું ખાઇ પી ઓઢી પહેરીને અને યોગ્યાયોગ્ય વિચારવિના વિષયો ભોગવીને મરવુ એ જ તમારું કર્તવ્ય નથી. પણ આ જન્મમાં પોતાના પ્રાપ્ત વર્ણાદિધર્મોનું પાલન કરતાં. ઇષ્ટપરાયણ ચિત્ત કરતાં, નીતિધર્મવડે અન્યસાથે વર્તતાં, ઉત્તરોત્તર ઉંચા અધિકારને સાધી દુઃખમાત્રથી મુક્ત થતાં આ જન્મમૃત્યુરૂપ સંસારને તરવો એ જ તમારૂં ખરું કર્તવ્ય છે.

આમ છતાં પણ જ્યાંસુધી અંતઃકરણ શુદ્ધ થાય ત્યાં સુધી અંતરશુદ્ધિઅર્થે પ્રતિપાદન કરાયલાં સાધનોને સેવવાં ઉચિત ગણ્યાં છે.

સઉથી પ્રથમ મનુષ્યે પોતાના વર્ણાશ્રમધર્મનું પાલન કરવું એ આપ્તવાક્ય છે. તેમ કરતાં મનની શુદ્ધિ થયે તથા દૃઢ વિરાગ થયે આત્મસુખાર્થે શ્રીસદ્ગુરુનો પ્રધાનપણે આશ્રય કરવો.

ઘણા મનુષ્યો એમ સમજે છે કે દોષના કોષરૂપ ગૃહસ્થાશ્રમમાં

રહીને અંતઃકરણની શુદ્ધિ કરી શકાય નહિ તથા અંતરના દોષોનો જય પણ કરી શકાય નહિ તથા જ્ઞાનને પણ પ્રાપ્ત કરી શકાય નહિ. પણ એ તેમનું સમજવું અયોગ્ય છે. ખરું જોતાં ગૃહસ્થાશ્રમ જ પ્રાણિઓને મુખ્ય સાધનરૂપ છે. અને ગૃહસ્થના સંસર્ગીઓ જ તેને ગુરુવત્ ક્ષણે ક્ષણે બોધ આપનાર કારણરૂપ વિવિધ નિમિત્તથી થાય છે, તેથી કલ્યાણની ઇચ્છાવાળાએ પ્રથમ તો પ્રધાનપણે સજ્જનની વા સત્પુરુષની સંગતિનો આશ્રય મેળવીને ગૃહસ્થાશ્રમને જ વિધિવડે સેવવો.

મેં આ ક્ષણપર્યંત જે મેળવ્યું છે તે ગૃહસ્થાશ્રમમાં રહીને જ મેળવ્યું છે અને હવે મારા એ આશ્રમની સમાપ્તિનો સમય આવ્યો છે. તેથી જ હું એથી ઉપરતિને પામુંછું. મુક્તત્વ તો ગૃહસ્થાશ્રમમાં જ પ્રાપ્ત કરી શકાય છે, તથા જીવન્મુક્તિનું સામાન્ય સુખ પણ ગૃહસ્થને પ્રાપ્ત થાય છે. માત્ર જીવન્મુક્તિનું વિશેષ સુખ જે નિઃસંગ અવસ્થામાં પ્રાપ્ત થાય છે તે અર્થે જ અધિકારપ્રાપ્તિપછી મનુષ્યે એકાંત વિચરવું કે વસવું હોય છે. માટે તમે સર્વ પોતાના અધિકારને જાણી આશ્રમને વિધિવડે સેવીને ઇન્દ્રિયોના તથા અંતઃકરણના જયને પામજો.

આ સંસાર જે મનુષ્યાદિ પ્રાણીનો તથા પદાર્થોનો સમુદાય છે તેમાં પ્રાણિઓનો કે પદાર્થોનો સંબંધ સદા એક સરખી રીતે નીભતો નથી. તેથી પ્રાણીપદાર્થોના સંયોગવિયોગથી તેમાં જ ચિત્ત રાખીને મિથ્યા કલેશને અનુભવવો નહિ, પણ ગત પદાર્થોનું વિસ્મરણ કરીને વા તેનું શુભ ઇચ્છીને અન્ય જે જે વિદ્યમાન હોય તેનાથી આવશ્યક વ્યવહાર ચલાવતાં નિર્મોહ થવું.

વારંવાર બહુ કહ્યાથી શું છે ? સૂક્ષ્મમાં એ જ કહુંછું કે યોગ્ય વિચારવર્તનથી આ જગત્પ્રવાસના અવધિને પામજો. અને હું આદિ દૂર ગયલાના સ્મરણથી શોકને વશ થશો નહિ. હવે તમે સર્વ મારી આજ્ઞાથી આપઆપણા ગૃહપ્રતિ પ્રસન્નતાપૂર્વક જાઓ.

આપ્રમાણે બોલીને હું સર્વને નમસ્કાર કરીને તથા સર્વના નમનને સ્વીકારીને ત્યાંથી આગળ ચાલતો થયો. અને મારી આજ્ઞાનુ પાલન કરનારા તે સર્વ પોતાના ગૃહપ્રતિ જવાને પાછા વળ્યા.

ત્યાંથી રાત્રદિવસ માર્ગને કાપતો હું આ દિશામાં વહ્યો આવું છું. મેં સમુદ્રના ઉદરમાં કરેલા અનુભવથી મોહને જિત્યો છે તેથી વસુધાઉપરના ક્ષુદ્રપદાર્થો મને મોહવશ કરવા સમર્થ થતા નથી. હું આ રાત્રદિવસમાં જ્યારે જ્યારે મારા અંતઃકરણનો દ્રષ્ટા થાઉંછું ત્યારે

ત્યારે તે શાંત હોય છે, તેથી હું પરમસંતોષને પામું છું. હવે મને પામવાયોગ્ય કંઈ ભાસતું નથી, તેથી હું તૃપ્ત થયોછું. મને શોકનો કોઈ હેતુ હવે પ્રાપ્ત નથી તેથી હું અખંડઆનંદમગ્ન છું.

આટલું બોલીને મૌન ધરી રહેલા તે મહાપુરુષપ્રતિ જોતો વીરવિજય બોલ્યો, હે ભગવન્ ! આપનું ચરિત્ર શ્રવણ કરતાં મને વિલક્ષણ આનંદ થયો છે તથા અપૂર્વ બોધ પણ મળ્યો છે. તથાપિ એ જાણવાની મને ઇચ્છા રહીછે કે આપે સમુદ્રમાં જોયલા પ્રસંગસંબંધમાં તથા મહાત્માના સંબંધમાં કારણાદિ જાણવાને તે મહાત્માને પૂછેલું ત્યારે તેમણે કહેલું કે તે સર્વ વાર્તા સમય આવ્યે તમે તમારી મેળે જાણશો, તો તે સર્વ વાર્તાને હવે આપ જાણી ચૂક્યા છો કે કેમ ? જો જાણી હોય તો કૃપા કરીને મને શ્રવણ કરાવો.

આ સાંભળીને મહાત્મા બોલ્યા, તે સર્વ જાણવાયોગ્ય મેં જાણ્યું છે. અને જે મેં જાણ્યું છે તે સર્વ તમે પણ તમારા યોગ્ય અધિકારના સમયમાં જાણશો. તેથી મારે આ ક્ષણે તે કથન કરવાયોગ્ય નથી. એટલું બોલીને તે પુરુષ ત્યાંથી ઉઠીને ચાલતા થયા.

વીરવિજય તે મહાત્માના ચાલતા થયા પછી સાનંદાશ્ચર્યથી વિચાર કરવા લાગ્યો કે હવે આ મહાત્માની પાછળ મારે જવું એ કલ્યાણકારક નથી. કારણ કે જો તેમ થવું યોગ્ય હોત તો તેઓ મને સૂચના કરત, માટે મારે તો હવે મારો અંતરાત્મા જેમ પ્રેરે તેમ ચાલવાનું તથા તે કહે તેમ વિચારી વિચારી કરવાનું છે,

આપ્રમાણે વિચારીને પોતે આરંભેલી દિશા સાધીને ત્યાંથી ચાલવા માંડયું. ચાલતાં આ પ્રકારનાં વચનો ઉંચે સ્વરે બોલવા લાગ્યો.

સોરઠા.

છે આ જગમાં સર્વ, (પણ) ભાગ્યહીનને નવ મળે,
સુભાગીને શુભ પર્વ, ક્ષણ ક્ષણ આવી મળી ટળે.
વસુધામાં બહુ રત્ન, સ્થલ સ્થલમાં મળી આવતાં,
પણ જાણ્યું વિણ યત્ન, સઉ જન સહજ ન ફાવતાં.
જે આ સઉ દેખાય, તે નથી સુખ એ જાણીયું,
પણ જેથી પેખાય, તે સુખસ્વરૂપ પ્રમાણીયું.
ભલે ગમે તે થાય, પણ ધાર્યું કરવા ધસું,
છોને દેહ વિલાય, પણ નિશ્ચયથી નવ ખસું.
સમર્થ છે જગરાય, હુંથી કાંઈ ન નીપજે,
તો પણ પ્રેર્યું કરાય, તેથી ઇષ્ટ જ ઉપજે.
નિશ્ચય છે દેવેશ, આપ બલે યોગ્ય જ થશે,

આ દ્રુપદ ધરી વેશ, જ્યાં જ્યાં પ્રેરો ત્યાં ધસે
સાચું પામી ઈશ! છે આ જગથી વિરમવું,
માટે અર્પી શીશ, સુખદુઃખ દો તે જ ખમવું.
ધારો જે પ્રભુ આપ, તે દઈ આ ઉરઠારજો,
આ ભવથી ભયતાપ, સમૂલ ટાળી તારજો,

આ આદિ વચનો ઉચ્ચરતો શ્રીવીરવિજય માર્ગ કાપતો ચાલ્યો. એની ચાલવાની દિશા અને પેલા મહાત્માની ચાલવાની દિશા જૂદી હોવાથી આગળ એકબીજાને મળે એવો સંભવ ન હતો. તેથી વીરવિજય એકલો ભયરહિતપણે વેગથી ચાલવા લાગ્યો. અરણ્યમાંથી રાત્રિ થતાં પૂર્વે નિકળી જવાની આશાથી વિરામ લીધા વિના ત્વરાથી પગલાં ભરવાં લાગ્યો.

વીરવિજયની સાયંકાલ થતાં વસતિવાળા સ્થાનમાં જઇ પહોંચવાની આશા પૂર્ણ થઈ નહિ અને ક્રમથી દિવસનો અંત આવ્યો. સૂર્ય અસ્ત થયા. દિશાઓમાં રાત્રિના આગમનપૂર્વે પ્રસરતું ભય પ્રસરવા લાગ્યું. રાત્રિમાં થતી વનની ગર્જનાનો આરંભ થયો. પ્રાણિઓના વિવિધ પ્રકારના શબ્દો સંભળાવા લાગ્યા, પરંતુ મરણને ઉત્સંગે મસ્તક સમર્પી વિચરનાર વીરવિજય લેશ પણ ભયને અનુભવતો ન હતો. ચિત્તની પ્રસન્નતાને અનુભવતો માર્ગ કાપતો જતો હતો. આગળ ચાલતાં એકાએક સ્ત્રિયોનો સમુદાય મળીને તાળી દઇને ગરબા ગાતો હોય એવું સંભળાવા લાગ્યું. બહુ પ્રિય પ્રતીત થતા તે સ્વરને સાંભળીને માર્ગમાં ઉભો રહ્યો અને જે દિશામાંથી તે સ્વર આવતો હતો તેનો નિર્ણય કર્યો. તે દિશા પોતાના ચાલવાના માર્ગમાં જ છે એમ જણાવાથી આગળ સમીપ કોઇ ગ્રામ હશે એ અનુમાનથી ચાલવા લાગ્યો. આગળ ચાલતાં તેને સ્વર સ્પષ્ટ થવા લાગ્યો, પણ ગ્રામ આવતું જણાયું નહિ બહુ આગળ જતાં તેને એક વિસ્તારવાળું સરોવર જોવામાં આવ્યું એ સરોવરસમીપ આવ્યો ત્યારે એને એ સરોવરના સામા તટઉપર એક મોટું મંદિર હોય એવું ભાસ્યું. અને તે મંદિરમાં અથવા તેની આગળ કોઇ સ્ત્રિયો ગાય છે એમ ભાન થયું. એટલે તે સરોવરની પાળે પાળે આગળ ચાલ્યો. સરોવર મોટા વિસ્તારવાળું હોવાથી તે માર્ગ કાપતાં તેને વિલંબ થયો પણ આશ્ચર્યથી જોવાની લાલસાવાળો તે ત્વરાથી ચાલતો હતો. જ્યારે તે પોતાનો મંદિરપર્યંતનો માર્ગ કાપી રહેવા આવ્યો ત્યારે રાત્રિના મધ્યનો સમય તેને આકાશપ્રતિ જોતાં ભાસ્યો. તેણે થોડા અંતરથી જોયું તો ત્યાં આસપાસ ગ્રામ હોય એવું જણાયું નહિ પણ માત્ર

એક દિવ્યસરખું ભવન જણાયું. તેમાં વિલક્ષણ પ્રકાશ જણાતો હતો. એ ભવનના નીચલા મંડપમાં સ્ત્રિયોનું યૂથ ચક્રાકારે ફરતું તાળી દઇને ગાતું જણાયું. જેમ જેમ તે સમીપ ગયો તેમ તેમ તેને સર્વ સ્પષ્ટ જણાવા લાગ્યું. મહામૂલ્યવાળા અલંકારો તથા વસ્ત્રોથી શોભતી દિવ્યરૂપવાળી અને એક સરખી પ્રથમાવસ્થાવાળી સ્ત્રિયો તેને દેખાઇ. તે કોણ હશે એ જાણી શકયો નહિ પરંતુ આ મનુષ્યજાતિની સ્ત્રિયો હશે કે કોઇ શક્તિઓ મનુષ્યશરીરને ધરી આ આનંદને અનુભવે છે એવા સંશયને વશ થયો. તેથી થોડે અંતરે ઉભો રહીને જોવા સાંભળવા લાગ્યો. આ સમયે વીરવિજયને સ્વર્ગસદનના આનંદસમ આનંદનો અનુભવ થતો હતો. ચાલતાં અને ઉભા રહેતાં ઘણો સમય જવાથી શ્રમિત થયેલો તે પાસેના એક વૃક્ષસમીપ બેઠો અને શું શું થાય છે તે જોતો હતો. અચલ નિશ્ચયવાળો તે વીરવિજય તે સ્થાનમાં બેશીને જોતો પોતાના પ્રવાસને સાર્થક માનતો હતો. જ્યારે મધ્યરાત્રિ વ્યતીત થઇ ત્યારે તેમણે તે ગાવાની ક્રિયા બંધ કરી અને સર્વ સ્ત્રિયો એક બીજીથી હસીને વાર્તા કરવા લાગી અને પરસ્પરના હાથમાં તાળી લેવા આપવા લાગી. તેમણે શી વાર્તા કરી તે વીરવિજય જાણી શકયો નહિ. પણ પછી અલ્પસમયમાં તેમાંથી એક મોટેથી બોલી કે આ આપણાં ચરિત્રને તથા ગાનને આપણી બાંધેલી મર્યાદામાં આવીને બેશીને જુએસાંભળે છે તે પુરુષ કાલ આપણા આવતાંસુધી આ મર્યાદામાં જ સ્થિર રહેજો. તે પછી તે સ્ત્રિયો એક ક્ષણમાં આકાશમાર્ગે ગતિ કરતાં અદૃશ્ય થઇ. વીરવિજય તે બોલેલા શબ્દને સાંભળીને અને તેમના આકાશગમનને જોઇને તે સ્ત્રિયો મનુષ્યજાતિની નથી એમ જાણીને આશ્ચર્યને તથા આનંદને અનુભવવા લાગ્યો અને વિચારવા લાગ્યો કે અરે ! આ સ્થાન જ મારા મનોરથ પૂર્ણ કરનાર છે કે શું? આ મારા અંતરૂમાં વિલક્ષણ આનંદનો ભાસ થાય છે. દક્ષિણાંગસ્ફુરણાદિ શુભ ચિહ્નો પ્રતીત થાય છે. મારો થાક ટળી ગયો છે. મને ક્ષુધા તૃષા તથા નિદ્રા પણ પીડતી જણાતી નથી. હે ઇશ્વર ! આપ જ આ વિશ્વરૂપ તંત્રને ચલાવનાર છો. નિમિત્ત કારણને આધારે આપની સત્તા જ પ્રાણિપદાર્થને સ્થાનાંતરસ્થિત્યંતરને પ્રાપ્ત કરે છે. આપ કે જે સ્વભાવથી કોઇના મિત્ર કે શત્રુ નથી તે મને તો કોઈ પણ નિમિત્તથી મિત્રસમ ભાસો છો. અરે! હું અલ્પમતિ હીનસામર્થ્યવાળો આપને મિત્ર માનવાને સમર્થ નથી. હું તો સદા આપના દાસપણામે જ યોગ્ય છું. તથાપિ આપનો મારા પ્રતિ થતો અનુગ્રહ જાણીને હું આપને મિત્રરૂપ સમજું છું. સ્થલે સ્થલે અને

સમયે સમયે આપે મારૂં મિત્રની પેઠે કે પુત્રની પેઠે કે પ્રિય દાસની પેઠે રક્ષણુ કર્યું છે તેથી આપ જ મારા ખરા પિતા મિત્ર કે સ્વામી છો એમ માનવામાં મને સંશય નથી. ઘણા મંદમતિ મનુષ્યો આ અપારસરખા સંસારસમુદ્રના સ્વરૂપને અંશતઃ પણ જાણુતા નથી છતાં આ સંસારસાગરના આધારરૂપ આપની અવજ્ઞા કરે છે. પ્રસંગે આપના અત્યંતાભાવને સ્વીકારે છે. અને તે નિશ્ચયને અનુસરતાં અંતમાં કર્તવ્ય ન કરતાં અધોગતિ જે અનિષ્ટ છે તેને પામે છે. હે ઈશ! મહાસંકટના સમયમાં પણ સદા આપની સંમુખ મારી વૃત્તિ વેગ કરજો, અને આ ઉપાધિના અંતમાં આપ જ મારું પરમપ્રાપ્તવ્ય સ્વરૂપ હોજો. આ વિશ્વમાં આ ક્ષણપર્યંત ભ્રમણમાં પડેલા મને જે જે પ્રકારે હિતમાં યોજવો ઘટે તેમ યોજીને અંતે આપસ્વરૂપથી અભેદપણે સ્થાપજો. હે દાતા ! આપના મહિમારૂપ આ સંસારને ત્યજવાની અને અયોગ્ય માર્ગે વિષયોને ભજવાની દુષ્ટ વૃત્તિયોનો મારામાં ઉદય કરશો નહિ. જે જે સમયે જે જે પ્રકારે આપની સત્તાવડે વા મને પૃથક્ પ્રાપ્ત થયેલ સંસ્કારસત્તાવડે મારી પ્રવૃત્તિ થાય તે તે સમયે તે તે પ્રવૃત્તિને યોગ્ય રૂપે કરવાકરાવવામાં આપ સહાય થજો.

આ સંસારમાં ઘણા મંદપુરુષાર્થી, પ્રમાદી જીવો વિષયવાસનાનો યોગ્ય પ્રકારે જય કર્યાવિના જ આપના અનુગ્રહને પ્રાપ્ત કરાવનાર મનાયલા ત્યાગને સેવવા ઇચ્છે છે, તથા ત્યાગિના વેષને કાઢે છે. અને પછી સેવવો બહુ કઠિન એવો જે ત્યાગ તેને ન સેવતાં રાગને સેવીને નિંદ્ય આચારવિચારને સેવે છે અને તે વડે અંતમાં આપની અકૃપાના પાત્ર થઈને કેવલ દુઃખને અનુભવાવનાર અધોગતિને પામે છે. એ પ્રકારની અસત્કૃતિના અધિકારને હું ન પામું એ જ મારી દીનપણે આપના પ્રતિ પ્રાર્થના છે. આ શરીરરૂપ વ્યાપારગૃહમાં મને મૂકયો છે તો એ ગૃહમાં વ્યાપારનાં જે જે સાધનો છે તે તે સાધનોવડે યોગ્ય વ્યાપારોને કરીને વ્યાપારમાત્રથી નિવૃત્ત થવાના યોગ્ય સમયે યોગ્ય પ્રકારે હું વ્યાપારરહિત થઇ સ્વરૂપાવસ્થાન કરું એ જ મારી વૃત્તિમાં પ્રકટ થતો ભાવ છે. સર્વ સ્થલે રક્ષણ કરનારા તથા હિતને જ સધાવનારા આપ મને દુષ્ટ મનને અધીન થવા દેશો નહિ. હે વિશ્વેશ્વર ! આપની સત્તાથી પ્રવૃત્તિધર્મને પામેલો હું જો યથાઘટિત પ્રવૃત્તિ કર્યા વિના જ પ્રમાદવશ થઇ ક્રિયારહિત થવા પ્રયત્ન કરૂં તો આપનો અપરાધી થાઉં, એમાં સંદેહ નથી, તેથી જે પ્રકારે આપના અપરાધિપણાને ન પમાય અને આપના અનુગ્રહને પમાય તે પ્રકારે જ આપ આ અંતરને પ્રેરજો.

આ પ્રકારે અંતરૂમાં ઇષ્ટસાથે વિચારવાર્તા કરતો વીરવિજય આસપાસ જોતો રાત્રિને વ્યતીત કરવા લાગ્યો. જોયલા આશ્ચર્યરૂપ પ્રસંગનું વિસ્મરણુ થતું નથી તેથી ત્યાંથી આગળ જવા વૃત્તિ થતી નથી. પણુ એ વૃક્ષતળે રાત્ર ગાળવી કઠિન સમજીને ઉઠીને આસપાસ શયન કરવાજેવા સ્થાનની શોધ કરવા લાગ્યો. સરોવરની પાળ સુંદર હતી, તથાપિ ત્યાં એક પાસે અમાપ જલ હોવાથી નિદ્રાવશ થયા પછી જલમાં કદાચિત્ પડાય તો વૃથા પ્રાણુની હાનિ થાય એ વિચારથી ત્યાંથી આગળ ચાલ્યો. અને જે મંડપમાં સ્ત્રિયો ગાન કરતી હતી તે મંડપમાં જો મને કોઇ પ્રતિબંધ ન કરે તો જઇને શયન કરું એવો નિશ્ચય કર્યો, અને ભયરહિત થઇને ત્યાં ગયો. જઇને જોતાં ત્યાં કોઇ પણ જણાયું નહિ તેથી નિઃશંક થઇને ત્યાં સૂતો. મંદિરમાં પ્રવેશવાનાં સર્વ દ્વારો બંધ હતાં તેથી અંદર શું છે તે જાણી શક્યો નહિ. પણ શંકારહિત થઇને તે મંડપમાં જ એક કોણે શયન કર્યું. પરંતુ આવતા વિચારના પ્રવાહથી તે તત્કાલ નિદ્રાવશ થયો નહિ. સૂતાં સૂતાં બોલતો કે હે ઈશ! હું મૃત્યુનું પણ ભય ધરતો નથી તથાપિ હું પાપનું ભય ધરું છું. હું ત્રિલોકીના રાજ્યની સ્પૃહા કરતો નથી પણ આપવડે સ્થપાયલા ધર્મના પાલનની સ્પૃહા કરું છું. હું આપના સમગ્ર ઐશ્વર્યને પામવાની કામનાને સેવતો નથી, પણ માત્ર આપને જ પામવાની કામનાને સેવું છું. જેથી આ વિશ્વમાં અથવા બહિર્ અન્ય કોઇને શરણુ હું થતો નથી, પણ આપને જ શરણુ થયો છું. માટે મારું રક્ષણુ તથા તરણુ આપનેસ્વાધીન છે, એમ દૃઢપણે માનીને હું નિર્ભયપણે અત્ર સૂતો છું. આપ્રમાણે કેટલાંક વચનો વદીને સ્વસ્થ થતો વીરવિજય અલ્પ કાલમાં નિદ્રાવશ થયો. સૂર્યોદય થતા પૂર્વે જાગ્યો અને ત્યાંથી ઉઠીને સરોવરના જલથી દંતધાવનાદિ કાર્ય કરીને તે સરોવરમાં ઇષ્ટસ્મરણપૂર્વક સ્નાન કરવા લાગ્યો. રુડી રીતે સ્નાન કરી જલથી બહાર આવતાં તે પોતાના શરીરને દિવ્યસરખું અનુભવવા લાગ્યો. બહુ તેજસ્વી ત્વચા ભાસવા લાગી. અને ઉત્તમ અંગબલ શરીરનાં સર્વ અંગોમાં પ્રતીત થવા લાગ્યું. અંતરૂમાં ઉત્સાહ ઉપજતો ભાસ્યો. વિલક્ષણુ આનંદ ઉરમાં વર્તતો પ્રતીત થયો. આ સ્નાનથી એકાએક વિલક્ષણુ ફેરફાર થવાથી આશ્ચર્યને પામ્યો. અધિક શુદ્ધ ઓજસ્ના પ્રભાવે ત્રિભુવનને તુચ્છ લેખવવા લાગ્યો. મહા બલિષ્ઠ મસ્તિષ્ક જેને પ્રાપ્ત થયું છે એવો તે પ્રલયસમયના રુદ્રની પેઠે સર્વસૃષ્ટિસંહાર કરવામાં પણ પોતાને સમર્થ સમજવા લાગ્યો.

આ પ્રકારે જેનાં અંતર્ બહિર્ તનુ સરોવરના જલમાં સ્નાન કરવાથી બદલાયાં છે એવો તે વીર પુરુષ **વીર**વિજય સરોવરથી બહાર આવીને આસપાસ જોવા લાગ્યો તો એક સુંદર અને વિસ્તારવાળું વન ઉપવનસરખું દેખાયું. તેમાં પ્રવેશ કરીને જોયું તો વિવિધ જાતિના વૃક્ષો એકે કાલે ફલ પામેલા જણાયા. તેમાંથી ઉત્તમોત્તમ ફલોને ઇચ્છાપ્રમાણે ખાતો **વીર**વિજય તે ઉપવનમાં વિચરવા લાગ્યો. આખો દિવસ તે ઉપવનમાં ફર્યો પણ તે શ્રમિત થયો નહિ, તેમ જ તે ઉપવનના અવધિને પણ પામ્યો નહિ. ત્યારે આશ્ચર્યથી બોલવા લાગ્યો કે અરે! હું આ મૃત્યુલોકમાં ભૂતલઉપર છું કે સ્વર્ગસદનમાં છું? આ સરોવર તે દેવલોકનું છે કે શું? અને આ ઉપવન તે ઇંદ્રનું નંદન નામનું ઉપવન કહેવાય છે તે છે કે શું? અહો! આશ્ચર્ય છે કે હું કોઈ પણ મોટા પુરુષપ્રયત્ન વિના જ આ ઐશ્વર્યને પામ્યો પ્રતીત થાઉં છું! પણ ખરેખરું જોતાં આ ઐશ્વર્ય શું છે? કંઈ જ નથી. અને આ જે મને પ્રાપ્ત થયું ભાસે છે એથી પણ કંઈ આશ્ચર્ય પામવા સરખું નથી. કારણ કે **વિશ્વપતિના** અનુગ્રહથી તો તેરૂપ ૮/ થવાય છે. જો આ મને તે **મહેશ્વરે** જ અનુગ્રહ કર્યો છે તો તેમણે કરવાયોગ્ય અનુગ્રહનો તો આ અનુગ્રહ અંશમાત્ર પણ નથી. માટે હે મન! તું મિથ્યા હર્ષથી મને છળીશ નહિ, મોહવશ કરીશ નહિ, દુરાશાપાશથી બાંધીશ નહિ, અને મારા અચલ નિશ્ચયથી મને ભ્રષ્ટ કરીશ નહિ. હે મન! તારે તો હવે બહુ સાવધાન રહેવાનું આવ્યું છે. જો તું અસાવધ થઇશ તો મને અનર્થ ને પ્રાપ્ત કરીશ. માટે લોભથી મુક્ત રહેજે. મોહશોકાદિનો પણ સ્પર્શ થવા દઇશ નહિ. અભિમાનને તથા ગર્વને દૂરથી ત્યજજે. અને સૂક્ષ્મમાં કહું છું કે સર્વ દોષોથી તું દૂર રહેજે. આ આદિ વચનોને વદતો વિવિધ કામનારૂપ તરંગથી સંસ્કારસાગરમાં ઉછળતા મનને ધૈર્ય તથા બોધ દેતો, સૂર્યાસ્તસમયે પાછો સરોવરના તીરે આવ્યો. જલપાન કર્યું. નિત્યકર્મ કરી અદર્શ થતા **શ્રીસૂર્યભ**ગવાન્‌ને નમસ્કાર કરીને પછી રાત્રિનો આરંભ થયા પશ્ચાત્ આગલી રાત્રે બેઠો હતો તે સ્થાનમાં તત્પશ્ચાત્ શું થાય છે તે જોવાના નિશ્ચયથી બેઠો. ચપલ વેગવાળો કાલ ક્ષણાદિ પ્રમાણથી વ્યતીત થતો તોપણ આતુરતાવાળા **વીર**વિજયને તે કાલ જાણે બહુ મંદવેગથી વ્યતીત થતો હોય એમ ભાસતું હતું.

કાલની ગતિએ કાલ વ્યતીત થતાં જ્યારે એક પ્રહર રાત્ર વ્યતીત થઈ ત્યારપછી એકાએક તે સરોવરપાસેના મંદિરમાં પ્રકાશ

જણાવા લાગ્યો. અને થોડીવારમાં તો તે મંદિરમાં નીચેઉપર સ્ત્રિયોની આવજા થતી જણાઈ. તે સ્ત્રિયો ચપલતાથી આવજા કરતી હતી, તેથી જાણે કોઈ મોટું કાર્ય ધારેલા સમયમાં સાધવાનું હોય અને તે સમય બહુ પાસે આવતો જતો હોય તેવું અનુમાન થતું હતું. બહુ ત્વરાથી આવતી જતી તે સ્ત્રિયો અલ્પ સમયમાં નીચેના મંડપમાં એકઠી થઈ. અને પછી ઉચ્ચ સ્વરે મંગલગીતો ગાવા લાગી. કેટલીક વાર ત્યાં ઉભા રહી ગાયા પછી તે સર્વ મળીને જે દિશામાં વીરવિજય બેઠો જોતો હતો તે દિશામાં ચાલવા લાગી. વીરવિજય સાવધાન હતો અને પોતાના મનોરથ પૂર્ણ થવાના અનુમાન સાધતો હતો તેવામાં પોતાના પ્રતિ આવતા યુવતિઓના યૂથને જોઇને એક પક્ષથી સંતોષને તથા આનંદને અનુભવવા લાગ્યો, અને યોગ્ય કારણને યથાર્થ ન જાણનાર તે અન્ય પક્ષથી સંશયને તથા અસંતોષને પણ અનુભવવા લાગ્યો. એટલામાં તો તે સ્ત્રિયોનું ટોળું ગાતાં ગાતાં વીરવિજયસમીપ આવી ઉભું અને તેમાંથી એક પ્રધાનસરખી જણાતી સ્ત્રીએ કહ્યું, હે રાજકુમાર! સાવધાન થાઓ. તમારાં સત્કર્મનો ઉદય થયો છે. અમારી સાથે આ મંદિરમાં ચાલો. આજ તમારા પૂર્ણભાગ્યનો ઉદય થનાર છે. હવે ભય કે શંકાને સેવશો નહિ. આ સાંભળતાં જ સર્વ સંશય ત્યજીને નિઃશંકપણે વીરવિજય આગળ ચાલ્યો. સ્ત્રિયોએ તેને પુષ્પ તથા મોતીવડે વધાવ્યો. પછી તે મંદિરના બહિર્ના મંડપમાં આવ્યાં. ત્યાં તેને વિવાહસમયે કરવાયોગ્ય સર્વ આચાર કરીને મંગલસ્નાન કરાવ્યું. પછી ઉત્તમોત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરાવ્યાં, અને એક દિવ્યઆસને ઉભો રાખ્યો. આ કાર્ય કરતાં મધ્યરાત્રિનો સમય થયો. પેલી પ્રમુખ સ્ત્રીએ વીરવિજયને કહ્યું, હવે સાવધાન રહેજો. ભય પામશો નહિ. એટલું બોલી રહેતાં તત્કાલ એક મોટી ગર્જના થઈ. કડકડાટ શબ્દ થયો એ શબ્દ ત્રિલોકમાં સંભળાય એવો હોવાથી આ ભૂમંડલ ભયભીત થઈ ગયું. એ રાત્રિના સમયે શય્યામાં સૂતેલાં તથા આસને બેઠેલાં કે માર્ગમાં ઉભેલાં કે ચાલતાં રાજાથી રંકપર્યંતનાં સર્વ મનુષ્યો તથા અન્ય પ્રાણિઓ પોતપોતાના સ્થાનથી ભ્રષ્ટ થઈ પડ્યાં અને ભયને પામવા લાગ્યાં. કોઈએ જાણ્યું, અવશ્ય આ બ્રહ્માંડ ભાગવાનો સમય આવ્યો. કોઈએ માન્યું, આ ભૂમિ રસાતલ જવા લાગી. કોઇએ ધાર્યું, આ નક્ષત્રમંડલ તથા સૂર્યચંદ્રસહિત આકાશ ઉપરથી ત્રુટી નીચે પડવાનું થયું છે. કોઇએ કહ્યું કે મહાપ્રલયનો સમય આવ્યો છે. કોઈએ કહ્યું, પ્રલયકાલના મેઘની કોપવડે કરેલી આ ગર્જના થઈ

છે. કોઈ કહે, પ્રલયકાલના અગ્નિ કોપ્યા છે. કોઈ કહે પ્રલયસમયના મરુત્ કોપ્યા છે. કોઈ કહે, મહામાયાશક્તિનો કોપ થયો છે. કોઈ કહે, દૈવકોપસરખું ભાસે છે. ભૂમંડલમાં સર્વ મનુષ્યોમાં સ-જ્જનો જેઓ ઈશ્વરને તથા દૈવી સત્તાને માનનાર આસ્તિક હતા તે તો ઈશ્વરનું તથા પોતપોતાના ઉપાસ્ય દેવતાનું સ્મરણ કરવા લા-ગ્યા. અને કાલસ્વભાવાદિને કારણ માનનાર તેમ જ અન્ય અનીશ્વ-રવાદી નાસ્તિકો તો ગભરાટથી સ્ત્રીપુત્રધનાદિમાં વૃત્તિ રાખતા ભયથી કંપવા લાગ્યા અને આ અકસ્માત્ શાથી થયો તે ન જાણવાથી મુંઝાતા કાલથી વા સ્વભાવથી આ થયું હશે એમ માનતા અનેક વિચારમાં પડ્યા. પદાર્થવિચાર કરનારામાંના કોઈએ ધાર્યું કે મોટો જ્વાલાગિરિ ફાટયો હશે, અને તેનાં મોટાં શિખરો ત્રુટી પડ્યાં હશે. કોઇએ માન્યું, પૃથ્વીમાં કાંઈ ધાતુ આદિની કે કોઈ રસાદિ પદાર્થની ખાણમાંથી આ ભૂકંપજેવો કંપ અને મોટો ભડાકો થયો છે, અને એથી કોઈ સ્થલે પૃથ્વી પણ ફાટી હશે. ખગોલવેત્તામાંના કોઈ કહે કે કોઈ ધૂમકેતુ આપણી પૃથ્વીજોડે અથડાયો હશે. અને કોઈ કહે કે આ ગ્રહોમાંના કોઈ પરસ્પર અથડાયા હશે અને તેથી આ પૃ-થ્વીને પણ આચકો લાગ્યો હશે. અથવા વિજળી પણ કોઈ સ્થલે પડી હશે. આ આદિ અનેક વિચારના મનુષ્યો વિવિધ પ્રકારે વાર્તા કરવા લાગ્યા પણ જ્યાં ત્યાં પાપાત્મા પ્રાણિઓને હૃદયમાં ફડફડાટ થઇને મોટું ભય ઉત્પન્ન થયું. સર્વ સ્થલે આપ્રમાણે અવ્યવસ્થા થઇ, તે સમયે વીરવિજય સાવધાન ઉભો હતો. એ કડકડાટની સાથે એક કન્યા હસ્તમાં ખડ્ગ ધરીને વીરવિજયની સંમુખ આવીને ઉભી રહી, અને આપ્રમાણે બોલી.

હે નરેશાધિપતિ! આપ ત્રિલોકીને વશ વર્તાવવા અર્થે, સર્વ રાજાઓના ઈશ થવાઅર્થે, અને જ્યાં જ્યાં દૃષ્ટિ કરો ત્યાં ત્યાં વિજય પામવાઅર્થે આ મારા દક્ષિણ પાણિને ગ્રહણ કરો, મારા પતિ થાઓ અને આ ત્રિભુવનવિજયીખડ્ગને મારા હસ્તમાંથી પ્રાપ્ત કરો. હે સિદ્ધપદાધિકારિન્! અનેક જન્મના ઉત્તમ પ્રયત્નવડે પ્રાપ્ત કરેલી દૈવી-સંપત્તિવાળા મહાધીર પુરુષ જે આપ, તેમને જ હું પ્રાપ્ત થવા યોગ્ય છું; અન્ય જીવોને તો મારાં દર્શન પણ દુર્લભ છે. હે મહાત્મન્! આ ખડ્ગ હસ્તમાં ગ્રહીને જ્યાં જ્યાં દૃષ્ટિ કરો ત્યાં ત્યાં દૃષ્ટિમર્યાદામાં રહેલા શૂર પુરુષો પણ હતવીર્ય થઈ શરણ થશે, અને સંમુખ યુદ્ધની ઇચ્છાથી આવેલા પરાભવને પામી હણાશે. ઇંદ્રાદિ દેવો પણ આ ખડ્ગ-ધારી આપને અભ્યુત્થાનથી સંમાન આપી પોતાના અર્ધ આસને

બેસાડશે. સૂક્ષ્મમાં એ જ કે હુંસહિત આપને આ ત્રિલોકીમાં કોઇ પણ પરાભવને પમાડે એવું નથી. માટે સત્વર મારો પાણિ ગ્રહો, પતિ થાઓ, અને આ ખડ્ગને મારા હસ્તમાંથી ગ્રહણ કરો. જ્યાં સુધી આ શરીરથી આપ સંસારને સેવશો તથા વૃત્તિથી પણ વ્યવહારને સેવશો ત્યાં સુધી આ ખડ્ગસહિત હું આપને પ્રાપ્ત રહીશ, અને જ્યારે આપ મારી તથા ખડ્ગની સ્પૃહાથી રહિત થયેલા મને તથા ખડ્ગને પ્રિય ગણુશો નહિ ત્યારે હું, આ ક્ષણે આપની સંમુખ ઉભેલા અને આપને અર્પાતા આ દેહને યોગાગ્નિવડે દગ્ધ કરીને આ ભૂલોકથી નિવૃત્ત થઇશ. આ પ્રકારના નિયમથી યોગ્ય અધિકારને પ્રાપ્ત આપને જ વરવાયોગ્ય જે હું તેના આપ પતિ થાઓ, પાણિ ગ્રહણ કરો, અને મહાકષ્ટવડે પ્રાપ્ત થનાર આ વિજયી ખડ્ગને સ્વીકારો. આપનાં, ક્લેશમાં દિનરાત્રને ગાળતાં માતાપિતાઆદિ સ્વજનોના સંતોષને અર્થે, આપના કરેલા સંકલ્પની પૂર્ણતાઅર્થે, આ સંસારપ્રવાસની સમાપ્તિઅર્થે, અને દિગ્વિજયવડે અનુપમ યશને પ્રાપ્ત કરી વિશ્વમાં કૃતાર્થતાની સિદ્ધિઅર્થે, હું કે જે આ કાલે અન્ય કોઇને પ્રાપ્ત થવાયોગ્ય નથી તેનો પાણિ ગ્રહો, મારા પતિ થાઓ, અને આ અભ્યુદય અર્પનાર દૈવી ખડ્ગને ધારણ કરો. ઉત્કૃષ્ટ સત્ત્વબલવાળા મહાપુરુષ આ ખડ્ગને હસ્તમાં ધારણ કરવાથી આકાશગમન કરવા સમર્થ થાય છે, તથા લોકલોકાંતરમાં તથા ત્રિલોકીનાં સર્વ દુર્ગમ સ્થાનોમાં પ્રવેશવાને સમર્થ થાય છે, જરાવસ્થા તથા વ્યાધિથી મુક્ત રહે છે, વિલક્ષણ તેજબલ અને આનંદને અનુભવે છે, અને ભયમાત્રથી મૂકાય છે. માટે સર્વ સંપત્તિરૂપ આ ખડ્ગને સ્વીકારવા અર્થે આપ મને સ્વીકારો, મારો પાણિ ગ્રહો, અને મારા પતિ થાઓ.

આ પ્રકારે બોલીને મૌન રહેલી તે કુમારિકાને નિર્નિમેષ દૃષ્ટિથી જોયા કરતો **વીર**વિજય પ્રસન્ન ચિત્તથી પ્રહર્ષને શમાવતાં આ પ્રકારે બોલ્યો, જેણે મને સ્વપ્નમાં પોતાનું રૂપ દેખાડી મોહવશ કરી આટલો કાલ આ ભવાટવીમાં ભ્રમણ કરાવ્યું છે તે આ સમયે આવી પ્રાપ્ત થયેલી તું દેવીને હું સ્વીકારીશ. જેને પામવાના સંકલ્પને વશ વર્તતો હું રાજ્ય, ગૃહ તથા વિભવાદિને ત્યજીને અને માર્ગમાં પ્રાપ્ત થતાં સુખને પણ ન સ્વીકારીને આ સ્થલે કષ્ટને સહન કરતો આવ્યો છું તે મારા સંકલ્પની સિદ્ધિઅર્થે આજે હું તને સ્વીકારીશ. કોઈ પણ ઉપાધિરૂપ પદાર્થ આ વિશ્વમાં પામવાયોગ્ય નથી એવો મારો નિશ્ચય હવે પછીના સંબંધમાં બંધાઈ ચૂક્યો છે તોપણ મેં પ્રયત્નવડે પ્રાપ્ત કરેલા બલરૂપ અથવા આજપર્યંત આ સંસારચક્રમાં ભ્રમીને સાધેલા

મારા ઐશ્વર્યવડે મને પ્રાપ્ત થવા યોગ્ય સ્વભાવસત્તારૂપ હે દેવિ! હું તને આજે સ્વીકારીશ. જેને પામવાવડે હું ત્રિભુવનને વશ વર્તાવવા સમર્થ થનાર છું, જેનાવડે હું આ ત્રિલોકીમાં મારે માટે વિદ્યમાન એવાં સર્વ પ્રકારનાં ભયદુ:ખને નિવારવા સમર્થ થનાર છું, જેની પ્રાપ્તિથી હું આ અનંતસરખા સંસારપ્રવાસને ગોક્ષુરમાત્ર અંતવાળા પ્રદેશના પ્રવાસસમ અંતવાળો અનુભવનાર છું અને જેના સંબંધથી હું અંતમાં કૃતકૃત્ય થવાની સાક્ષાત્ યોગ્યતાને પામનાર છું તે સર્વ સામર્થ્યની અધિષ્ઠાત્રીરૂપ દેવિ! હું તને આજે સ્વીકારીશ. યોગ્ય સમયે પ્રાપ્ત થનારી અને યોગ્ય સમયે નિયમથી નિવૃત્ત થનારી હે દેવિ! હું કે જે આ સંસારમાં નિયમથી વર્તનાર, નિયમથી વ્યવહાર કરનાર, 'અને નિયમથી જ પરમપ્રાપ્તવ્યની સિદ્ધિઅર્થે આ પ્રપંચથી નિયમિત સમયે નિવૃત્ત થનાર છું તે મારા કર્તવ્યની સિદ્ધિઅર્થે યોગ્ય સમયપર્યંત તારા સહવાસાર્થે આજે નિઃશંકપણે તને સ્વીકારીશ. કદાચિત્ પણ ન નિવારણ કરી શકાય એવા મારા કૃતનિશ્ચયને જાણનારી તથા તે મારા નિશ્ચયના નિર્વાહમાં અનુરાગવાળી હે દેવિ! તું તે મારા નિશ્ચયની સિદ્ધિઅર્થે ઉચિત વ્યવસ્થાને કર એટલે હું આ ક્ષણે જ તારો પાણિ ગ્રહું, તારો પતિ થાઉં, અને આ તારા હસ્તમાં ધારણ કરેલા **ત્રિભુવનવિજયી ખડ્ગ**ને હું ધારણ કરું.

આ પ્રકારનાં **શ્રીવીર**વિજયનાં વચનો શ્રવણ કરીને તત્ક્ષણ તે કન્યાએ પોતાના સમીપ ઉભેલી સ્ત્રિયોપ્રતિ જોયું એટલે ક્ષણવારમાં પેલા મંદિરમાં આણી રાખેલી પેલી રાજકન્યાને લાવીને એ દૈવી કન્યાની પાછળ ઉભી રાખી તેને જોઇને સાનંદાશ્ચર્યસરખી પ્રતીતિ કરાવતા **વીર**વિજયે તે કન્યા તે પૂર્વની રાજકન્યા જ છે એવો વાર્તા પૂછી નિર્ણય કરીને પશ્ચાત્ પ્રસન્ન મુખવડે સર્વ સ્ત્રિયોએ વદેલા જયજયકારસહ દૈવી કન્યાનો પ્રથમ હસ્ત ગ્રહ્યો, ખડ્ગ પોતાના હસ્તમાં લીધું અને પછી અન્ય ક્ષણે તે રાજકન્યાનો પાણિ ગ્રહ્યો. આ સમયે દિશાઓ જાણે જયજયકારના ઘોષ કરતી ગર્જતી હોય એવું સ્પષ્ટ ભાન થતું હતું.

બે સ્ત્રિયોના પાણિ ગ્રહણ કરેલા તે **શ્રીવીર**વિજયને તથા બંને શક્તિરૂપ દેવીઓને સર્વ સ્ત્રિયોએ આગળ કરીને માંગલિક શબ્દોના ઉચ્ચારણપૂર્વક સમીપના મંદિરમાં પ્રવેશ કર્યો.

॥इति श्रीत्रिभुवनविजयिखड्गे पूर्वधारारूपः पूर्वार्धः समाप्तः॥

સૂચના.

શ્રી શ્રેયઃસાધકઅધિકારિવર્ગદ્વારા પ્રકટ થયેલા ગ્રંથો.

શ્રીનૃસિંહવાણીવિલાસ પ્રથમ પુસ્તક—(જ્ઞાનનાં, અનુભવનાં, અને ઉપદેશનાં અપૂર્વ પદ આદિનો સંગ્રહ) મૂલ્ય ૦–૮–૦ ટપાલખર્ચ ૦–૧–૦

શ્રી નૃસિંહવાણીવિલાસ દ્વિતીય પુસ્તક—(પ્રથમ પુસ્તક પ્રમાણે એમાં જ્ઞાનનાં, અનુભવનાં, અને ઉપદેશનાં સુંદર પદોના સંગ્રહ ઉપરાંત ઈશ્વર અને ગુરુસ્તુતિનાં અપૂર્વ ગૌરવ અને લાલિત્યવાળાં અનેક પદોનો સમાવેશ કર્યો છે) મૂલ્ય રૂ. ૧–૦–૦ ટપાલખર્ચ ૦–૨–૦

શ્રીનૃસિંહવાણીવિલાસ તૃતીય પુસ્તક—(ઉપર પ્રમાણેજ) મૂલ્ય ૦–૬–૦ ટ. ખ. ૦–૧–૦

શ્રીભામિનીભૂષણાંતર્ગત પદ્યસંગ્રહ. પ્રથમ પંચ અલંકારાંતર્ગત—મૂલ્ય ૦–૬–૦ ટ. ખ. ૦–૧–૦

શ્રીનૃસિંહવાણીવિલાસ તૃતીય પુસ્તક તથા **શ્રીભામિનીભૂષણાંતર્ગત પદ્યસંગ્રહ** (એકઠું બાંધેલું પુસ્તક) મૂલ્ય ૦–૧૨–૦ ટ. ખ. ૦–૨–૦

શ્રીસુરેશચરિત્ર (પૂર્વાર્ધ)—સાધકઅવસ્થાથી તે સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવાપર્યંતની નાટકના રૂપમાં અતિ અદ્ભુત પ્રક્રિયા. મૂલ્ય રૂ. ૧–૮–૦ ટ. ખ. ૦–૨–૬

શ્રીસિદ્ધાન્તસિન્ધુ પ્રથમ રત્ન–(કર્મ અને ઉપાસનાથી અંતઃકરણની શુદ્ધિ પ્રાપ્ત કરયા વિના વેદાંતના અધ્યયનથી, જ્ઞાનપ્રાપ્તિદ્વારા મોક્ષ ન થતાં ઉલટી ભ્રષ્ટતા અને પતિતતા હાલ અનેક સ્થલે જોવામાં આવે છે. તેવા અનર્થકર માર્ગથી અધિકારિઓને ઉગારી, તેમને સદ્ધર્મમાં સ્થાપી, કર્તવ્યનો યથાર્થ ઉપદેશ આપી, વેદાંતના શુદ્ધ સ્વરૂપનું અનુશાસન કરનાર આ એક જ ગ્રંથ છે.) મૂલ્ય રૂ. ૧–૮–૦ ટ. ખ. ૦–૨–૦

શ્રીભામિનીભૂષણ પ્રથમ અલંકાર
શ્રીભામિનીભૂષણ દ્વિતીય અલંકાર
શ્રીભામિનીભૂષણ તૃતીય અલંકાર
શ્રીભામિનીભૂષણ ચતુર્થ અલંકાર
શ્રીભામિનીભૂષણ પંચમ અલંકાર

} સ્ત્રિયોને યથાર્થ ગૃહિણી ધર્મમાં સ્થાપનાર તથા પુરુષોને યથાર્થ ગૃહસ્થ ધર્મમાં સ્થાપનાર, તેમ જ મનુષ્યદેહમાં કર્તવ્યપ્રાપ્તવ્યનાં સ્વરૂપ તથા સાધનાદિને જનરુચિને વિશેષ પ્રીતિકર થઈ પડે એવી રીતે વર્ણવનાર આ સ-

માન એકે ગ્રંથ પૂર્વે થયો નથી, હાલ થતો નથી, અને ભવિષ્યમાં થવો સંભવતો નથી. એને અવલોકનાર તથા શ્રવણ કરનાર અનેક સ્રીપુરુષોના ગૃહસ્થાશ્રમ સુધરી ગયાનાં દૃષ્ટાન્તો વિદ્યમાન જ છે, અને વર્તમાનમાં અનેકના ગૃહસ્થાશ્રમ હજી સુધરતા જ જાય છે. પ્રથમ ચાર અલંકારનું પ્રત્યેકનું મૂલ્ય રૂ. ૧-૦-૦ ટ. ખ. ૦-૧-૬ પંચમાલંકારનું મૂલ્ય રૂ. ૧-૪-૦ ટ. ખ. ૦-૨-૦

શ્રીસદ્બોધપારિજાતક પ્રથમ પલ્લવ—**પરમાત્માશ્રીમન્નૃસિંહાચાર્યજી**એ શ્રેયઃસાધકઅધિકારિવર્ગના સાધકો તથા અન્ય સજ્જનોપ્રતિ પ્રસંગોપાત્ત લખેલાં પત્રોમાંનાં સુબોધક વચનોનો સંગ્રહ. મૂલ્ય ૦-૮-૦ ટ. ખ. ૦-૧-૦

સન્મિત્રનું મિત્રપ્રતિ પત્ર (પ્રથમ પત્ર)—વાસનાક્ષય તથા મનોજયનિમિત્ત શ્રેયઃસાધકને નિરંતર મનન કરવાયોગ્ય પત્રના રૂપમાં એક અનુત્તમ નિબંધ. મૂલ્ય ૦-૬-૦ ટ. ખ. ૦-૧-૦

શ્રીપંચવરદવૃત્તાન્ત (પ્રથમ તથા દ્વિતીય સમાગમ)—એમાં સાધકાવસ્થાથી તે જીવન્મુક્તિ પ્રાપ્ત કરવાપર્યંતનાં સાધનવિચારાદિનું સર્વોત્કૃષ્ટ પ્રકારે પ્રતિપાદન કર્યું છે. સાધકોને અનિવાર્ય ઉપયોગનોછે. મૂલ્ય ૦-૧૨-૦ ટ. ખ. ૦-૧-૦

શ્રીત્રિભુવનવિજયીખડ્ગ—મૂલ્ય રૂ. ૧-૪-૦ ટ. ખ. ૦-૨-૦

શ્રીમહાકાલ (માસિક)—વાર્ષિક ઉપહાર રૂ. ૨-૦-૦

શ્રીમહાકાલનાં પ્રસિદ્ધ થયેલાં આઠ વર્ષનાં આઠરૂપ-પ્રત્યેક રૂપના રૂ. ૨-૦-૦

ઉપરના ગ્રંથો નીચે લખેલે સ્થલે મળશે.

વડોદરા—**પરમાત્માશ્રીમન્નૃસિંહાચાર્યજી**ના આશ્રમમાં વ્યવસ્થાપક, મહાકાલ. અથવા શ્રીયુત ત્રિકમલાલ અચરતલાલ.

અમદાવાદ—રા. રા. છગનલાલ મનસુખરામ **પરમાત્માશ્રીમન્નૃસિંહાચાર્યજી**ના આશ્રમમાં. પંડિતજીની પોળ રાયપુર.

સુરત—રા. રા. નાથાભાઈ ફકીરભાઈ કીનખાબવાળા. **પરમાત્માશ્રીમન્નૃસિંહાચાર્યજી**ના આશ્રમમાં મહીધરપુરા, જદાખાડી.

મુંબઈ—રા. રા. મોતીરામ મંછારામ માસ્તર ગોકુળદાસ તેજપાળ એંગ્લોવર્નાક્યુલર સ્કુલ. ભુલેશ્વર.

વીરમગામ—રા. રા. ઈશ્વરભાઈ જીવાભાઈ સોલ્ટ એજંટ.

ભાવનગર—રા. રા. જેકીશનદાસ જેઠાભાઈ કણીયા બી. એ. સંસ્કૃત પ્રોફેસર. સામળદાસ કોલેજ.